
# પંચાસ્તિકાયસંગ્રહ પ્રકાશ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચન

ભાગ ૪



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પંચાસ્તિકાયસંગ્રહ પ્રકાશ

## (ભાગ–૪)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો)


પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૭૫

વીર સંવત ૨૫૪૫

ઈ. સન ૨૦૧૯

**પ્રકાશન**
તા. ૧૫-૯-૨૦૧૯, ભાદરવા વદ ૧
શ્રી ક્ષમાવણી પર્વ

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ પરંતુ પુણ્યમાં સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ આદિ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

'શ્રી સમયસાર' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રકાશ્યું છે. 'શ્રી પ્રવચનસાર'માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર સંઘર્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ, જ્ઞેયતત્ત્વ અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. 'શ્રી નિયમસાર'માં મોક્ષમાર્ગનું સ્પષ્ટ સત્યાર્થ નિરૂપણ છે. 'શ્રી પંચાસ્તિકાયસંગ્રહ'માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા 'શ્રી અષ્ટપાહુડ' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા વિભિન્ન ગાથાઓ ઉપર થયેલા ઉપલબ્ધ પ્રવચનોને એકત્રિત કરી શબ્દશઃ ગ્રંથ લિપિબદ્ધ કરવામાં આવેલ છે. પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રના પ્રારંભમાં જ આચાર્યદેવ કહે છે, કે આ શાસ્ત્ર સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોનું પ્રતિપાદક, ચતુર્ગતિનાશક અને નિર્વાણનું કારણ છે. આમ ચાર અનુયોગમાં કોઈપણ અનુયોગ હો પરંતુ ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે, એમ છેલ્લે ૧૭૨ ગાથામાં કહીને બધાય અનુયોગનો સાર કહ્યો છે. નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગની સંધિ કરીને અતિ સ્પષ્ટ વિવેચન કરવામાં આવેલ છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે પંચાસ્તિકાયસંગ્રહ ગ્રંથ ઉપરના વિભિન્ન ગાથાઓ ઉપર થયેલ ઉપલબ્ધ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પંચાસ્તિકાયસંગ્રહ ગ્રંથ ઉપરના સંકલિત પ્રવચનો પણ પહેલા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થયેલ છે. આ પ્રવચનો પાછળથી પ્રાપ્ત થયેલા પ્રવચનો છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.


સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૪ | ૩૦.૦૪.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૦૧ |
| ૦૫ | ૦૧.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૧૭ |
| ૦૬ | ૦૨.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૩૨ |
| ૦૭ | ૦૩.૦૫.૧૯૬૩ | ગાથા-૧૭૨ | ૪૭ |
| ૦૮ | ૦૪.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૬૧ |
| ૦૯ | ૦૫.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૭૫ |
| ૧૦ | ૦૬.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૮૮ |
| ૧૧ | ૦૭.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૧૦૩ |
| ૧૨ | ૦૮.૦૫.૧૯૬૨ | ગાથા-૧૭૨ | ૧૨૦ |
| ૧૩ | ૨૧.૦૪.૧૯૫૨ | ગાથા-૧૦૩, ૧૦૪ | ૧૩૭ |
| ૧૪ | ૨૬.૧૦.૧૯૫૮ | ગાથા-૧૫૯ | ૧૫૧ |
| ૧૫ | --- | ગાથા-૧૬૦ | ૧૬૫ |
| ૧૬ ** | ૧૯.૦૬.૧૯૫૨ | ગાથા-૧૭૨ | ૧૭૪ |
| ૧૮ | ૨૦.૦૬.૧૯૫૨ | ગાથા-૧૭૨ | ૧૯૦ |
| ૧૯ | ૨૧.૦૬.૧૯૫૨ | ગાથા-૧૭૨ | ૨૦૯ |
| ૨૦ | ૨૩.૦૬.૧૯૫૨ | ગાથા-૧૭૨ | ૨૨૮ |
| ૨૧ *(૮૦૮) | ૨૩.૦૩.૧૯૬૯ | ગાથા-૧૬૩ | ૨૪૬ |
| ૨૨ * (૮૦૯) | ૨૪.૦૩.૧૯૬૯ | ગાથા-૧૬૩ | ૨૫૮ |


નોંધ :— પ્રવચન ૧ થી ૩માં અવાજ અસ્પષ્ટ હોવાને કારણે લેવામાં આવેલ નથી.

* વેબસાઈટ પ્રમાણે

** પ્રવચન નં. ૧૬ અને ૧૭ સરખા હોવાથી પ્રવચન નં. ૧૬ લેવામાં આવેલ છે.

ॐ

परमात्मने नमः।

# પંચાસ્તિકાયસંગ્રહ પ્રકાશ

(ભાગ-૪)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો)

નોંધ :— પ્રવચન ૧ થી ૩ નો અવાજ ખરાબ હોવાને કારણે લેવામાં આવેલ નથી.

ચૈત્ર વદ ૧૧, સોમવાર, તા. ૩૦.૪.૧૯૬૨
ગાથા—૧૭૨, પ્રવચન-૪

આ એક પંચાસ્તિકાય સંગ્રહ નામનું શાસ્ત્ર છે. સવારમાં સમયસાર ચાલતું હતું. એ પણ સર્વજ્ઞ ભગવાન પરમાત્મા દેવાધિદેવ જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં જ્ઞાનનો પર્યાય એટલો નિર્મળ પૂરો થયો, જેમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાના જ્ઞાનમાં જણાણા. એમાં આ પંચાસ્તિકાય અને ષટ્દ્રવ્ય એમના જ્ઞાનમાં જોયા અને જાણ્યા, એવા કહ્યા. એનો આ કુંદકુંદાચાર્ય મહારાજ, પંચ અસ્તિકાય એટલે જીવ, પુદ્ગલ, એક આકાશ, ધર્માસ્તિ અને અધર્માસ્તિ એવા એ પાંચ છે. એ બધા પહેલા સિદ્ધ થઈ ગયેલા છે. આ તો છેલ્લી ગાથા—૧૭૨ લેવાની છે.

એ પંચાસ્તિકાયનું ઘણું સ્વરૂપ વર્ણવીને અથવા ષટ્દ્રવ્યનું સ્વરૂપ—પાંચ (અસ્તિકાય) એ અને છઠ્ઠો કાળ એક પદાર્થ છે. કાળ નામના અસંખ્ય અણુઓ જગતમાં એક પદાર્થ અનાદિ સ્વતઃ સ્વાભાવિક દ્રવ્ય છે. એ બધું વર્ણન કરીને સારરૂપે હવે મોક્ષમાર્ગનો સાર

શું છે? જ્યારે છ દ્રવ્યો એટલે વસ્તુઓ અને પાંચ અસ્તિકાય...

આચરણ એટલે સ્થિરતા એને મોક્ષમાર્ગ તરીકે પંચાસ્તિકાયમાં પાછલા અધિકારમાં વર્ણન કર્યું. હવે એનો સાર શું છે એનું બધાનું તાત્પર્ય ઈ વાત કરે છે. ૧૭૨.

**तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।**
**सो तेण वीदरागो भविओ भवसायरं तरदि।।१७२।।**

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨.**

આ શ્લોક છે. એનો વિસ્તાર તો ઘણો ઘણો છે આમાં. પણ અહીંયા માંગણી થઈ, લાલચંદભાઈ વગેરે. એટલે આ ૧૭૨ ચાલે એટલી કરીએ. નવરંગભાઈ!

મુમુક્ષુ :— એમાં કાંઈ વાંધો નહિ. ભલે થોડી ચાલે.

ઉત્તર :— હવે એની ટીકા જરી સાંભળવા જેવી છે મધ્યસ્થ રીતે. આમાં નિશ્ચય અને વ્યવહારમાં ઝઘડા છેને અત્યારે. નિશ્ચય એટલે સત્ય માર્ગ અને વ્યવહાર એટલે આરોપિત માર્ગ એક ઉપચારિક માર્ગ. ભગવાન આત્મા એના સત્યના સત્‌માં અંતર દૃષ્ટિ આપીને જે શક્તિની વ્યક્તતા સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની નિર્મળ નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ થાય; પરિણતિ એટલે પર્યાય, એ એક જ મોક્ષમાર્ગ ખરેખર છે. પણ સાથે એ નિશ્ચય મોક્ષમાર્ગની સાથે એક પૂર્ણ નિશ્ચય દશા જ્યાં ન પ્રગટે ત્યાં સાથમાં વ્યવહાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ એની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ અથવા શ્રાવકને યોગ્ય એને બાર વ્રત અને ભક્તિનો રાગ અને શાસ્ત્ર તરફના વલણવાળું શાસ્ત્રનું જ્ઞાન, એવા રાગની ભૂમિકા નિશ્ચય મોક્ષમાર્ગની અંદર આવે છે. એને પણ ક્યાંક વ્યવહાર મોક્ષમાર્ગ તરીકે વર્ણન કર્યું છે. તો હવે બેનો મેળ શું છે એનો અહીંયા સાર કહે છે.

'ટીકા :— **આ, સાક્ષાત્ મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે...**' એક પંક્તિમાં... આ—વસ્તુ કહે છે તેનું વાચ્ય અંદર. સાક્ષાત્ એમ શબ્દ પડ્યો છે. સાક્ષાત્ એટલે તાત્કાલિક મોક્ષનો માર્ગ. સાક્ષાત્. આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય એની અંતરની રમણતા શ્રદ્ધા, જ્ઞાન સહિત એ સાક્ષાત્ આત્માની પૂર્ણ નિર્મળ આનંદદશારૂપી મોક્ષ, આત્માની પૂર્ણ નિર્મળ શુદ્ધ અવસ્થારૂપી મોક્ષ એના કારણરૂપે માર્ગ નામ આત્માની મોક્ષના કાર્યના કારણરૂપ પર્યાય. કનુભાઈ! બધું ઝીણું પડે એવું છે આ. માંડ માંડ આ કાને પડે. વળી જ્યાં બીજા જાય ત્યાં બીજું સાંભળે. ત્રીજે જાય ત્યાં ત્રીજું સાંભળે. એ બેચરભાઈ કહેતા. પહેલા એક ફેરી શરૂઆતમાં બેચરભાઈ સોનગઢ આવ્યા હતા ને. તમે આમ કહો, બીજે જાઈએ ત્યાં બીજું કહે. અમારે તો બેય બાજુ થપ્પડ ખાવી. આ બેચરભાઈ ગુજરી ગયા ને. (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે. હીરાભાઈના મકાનમાં હતા ને આવ્યા. આ તત્ત્વની વાત સત્યની સરાણે ચડાવી નથી અને સત્યનું શું સ્વરૂપ છે એને સાંભળવામાં આવ્યું નથી. આ તો જેને

જન્મ-મરણ રહિત થઈને અમર આત્માની દશા પ્રગટ કરવી હોય એને માટે આ વાત છે. બાકી જેને આ ચોર્યાશીના અવતારમાં સ્વર્ગ ને શેઠાઈ ને નરક ને નિગોદ દશા ને એવા હેરાન થવાના પંથ ને માર્ગ તો અનાદિ કાળથી કરતો આવે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— દેવલોક પણ અહીં કહેશે, કહેશે. જુઓ! છેલ્લે આવ્યું છે. દેવલોક પણ રાગના અંગારાથી શેકાયેલી દશા છે દેવલોક. જુઓ! છેલ્લે છે. જુઓ! '**રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો...**' છેલ્લી લીટી ૧૭૧ ગાથાની છેલ્લી લીટી. '**અંદરમાં સંતપ્ત (—દુઃખી, વ્યથિત) થાય છે.**' શું કહે છે? આ શેઠાઈ ને સ્વર્ગ બે એક જાત છે. ઓલામાં જરીક કાંઈક વધારે પુણ્ય આદિ. પણ બધા પૈસાવાળા અબજોપતિઓ કે સ્વર્ગના દેવો એને સામગ્રી જે મળી તેના લક્ષે રાગથી શેકાતા. જેમ શક્કરિયા ભઠ્ઠીમાં શેકાય એમ એ અજ્ઞાની રાગથી શેકાતા દુઃખથી સંતપ્ત સ્વર્ગમાં પડ્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ આ પૈસાવાળા કે રાજા ને શેઠિયા જે કહેવાય પુણ્યના ફળ, એ સંયોગમાં લક્ષ કરીને કષાયનો કણ રાગ, મજા છે અમને આ છે, એવા કષાયના તૃણથી દઝાયેલા, સળગાયેલા, બળતા.. આગળ કહેશે હજી. કળકળાટ અગ્નિમાં—રાગની અગ્નિમાં શેકાય છે. મૂળજીભાઈ! હેં દામોદરભાઈ! તમને પૈસાવાળા માણસ કહે છે, લ્યો. પૈસાવાળા તમે પહેલા હતા સૌથી. પૈસા હવે વધી ગયા બીજા ઘણાય. કહો, સમજાણું કાંઈ? બહુ આવે તો ઝાઝા વધી ગયા બીજા પાસે. એટલે એની પાસે જરી... બીજા બહુ વધી ગયા ઘણા એના કરતાં. કરોડોપતિ. એ તો બધી વાતું છે.

કહે છે કે ભગવાન આત્મા આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદના રસનો કંદ છે. એમાંથી જેટલો ખસે છે, ખસે છે, હઠે છે અને પરપદાર્થનું લક્ષ કરે છે એટલો રાગથી શેકાય છે. રાગથી બળે છે આકુળતાપણે પણ એનું એને ભાન નથી. આકુળતાને કોની સાથે મિંઢવે? (સરખાવે?) આત્મા આનંદસ્વરૂપ છે એમ જો ભાન થાય તો તો ઓલા રાગની આકુળતાને આનંદની સાથે મેળવતાં આ દુઃખદાયક અને આ સુખદાયક એમ લાગે. પણ એકલી આકુળતા જ વેદે છે અનાદિનો. નરકમાં હો, બટાટા, શક્કરકંદે હો, શેઠાઈએ હો કે સ્વર્ગે હો. રાગરૂપ અંગારાથી શેકાતો. એ કષાયકણ છે. પછી પાપનો ભાવ હો કે પુણ્યનો, દયા, દાન, વ્રત, તપનો રાગભાવ હો એ પણ એક વિકલ્પ છે, એ પણ એક રાગ છે, કષાયનો કણ છે. એનાથી શેકાતા થકા અંદરમાં સંતપ્ત.

અંદરમાં કેમ લીધું છે? બહારમાં તો આમ જાણે.. ઓ..હો..હો..! હીરાના સિહાંસન ઉપર બેઠો હોય. ખમ્મા અન્નાદાતા! હજારો સૂર્યના તેજ કરતાં જેનો .. શરીરનો પ્રકાશ પડે આમ અંદર. બહારના દેખાવ અને દેદાર જાણે કોઈ ઓ..હો..હો..! વૈકુંઠ ... અજ્ઞાનીનું. સમજાણું કાંઈ? પણ અંદરમાં એ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એને ખોઈને, ભૂલીને, સંસરીને એમાંથી ખસીને સંસાર-સંસરણ ઈતિ સંસારઃ, ભગવાન આનંદમૂર્તિ પ્રભુ સત્ શાશ્વત આનંદ ને જ્ઞાનનું

ધામ એમાંથી સંસરીને—ખસીને—હઠીને જે પુણ્ય ને પાપના વિકલ્પો—લાગણી ઉઠાવે છે એ અંગારાથી શેકાય છે. સમજાણું કાંઈ? એને મૂર્ખાઓ સુખી કહે. જે ગાંડાની ઈસ્પિતાલમાં હોય એ ગાંડા ગાંડાને વખાણે. સમજાણું કાંઈ? ...ભાઈ! ગાંડાની ઈસ્પિતાલમાં હોય એક ગાંડો બીજાનો કહે, ઓહો..! ડહાપણ તમારું બહુ લાગે છે. એમ ગાંડાની ઈસ્પિતાલમાં બધા ગાંડાના વખાણ (કરે). શામજીભાઈ!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે અને એમ છે. પ્રભુભાઈ! તમારા ગાયનમાં નહોતું આવ્યું એમાં? ગાયન પહેલું બોલ્યા હતા. કોણ જાણે કોણે.. મેં જોયું હતું ખરું. પ્રભુભાઈ એ મુકી કે ઓલાએ મુકી ઈ ખબર ન પડી. આ તમારા ઓલાના.. એ.. રતિભાઈ! એમાં 'વાહ વાહ રે અમીરી સંતન કી, વાહ વાહ રે અમીરી સંતન કી, વાહ વાહ રે અમીરી. જ્ઞાન ભક્તન કી..' એણે તો હરિભક્તની કહી છે. સમજાણું કાંઈ? અમીરી તો એને કહીએ. આ અમીરી નહિ. આ ધૂળની અમીરીમાં આકુળતાથી બળી ગયા છે. ભગવાન આનંદ ને શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ એમાં અંદર ડોકિયું મારીને જે અંદર પાતાળમાં તાગ લાવે (તે અમીર છે). સમજાણું કાંઈ? આ કૂવામાં નથી પડતા માણસ? ચંદુભાઈ! અહીં તો તમારે શહેરમાં ઓછા હોય, અમારે ગામડામાં બહુ હોય. છોકરા આમ ઊભો કોશિયો પડે એમ કહેવાય એને. જેમ કોશ પડે ને કૂવામાં? એમ પડે. ઊભો કોશ. તાગ લઈ આવ્યો કે નહિ? હેઠેથી તાગ લઈ આવ. હાથ કાઢીને બતાવે, જુઓ! આ હેઠળી રેતી.

મુમુક્ષુ :— વેળુ ભરી આવે.

ઉત્તર :— વેળુ ભરી આવે. ઈ ગામડામાં હોય.

એમ આ આત્મા ચૈતન્યની શક્તિનું સત્ત્વ આનંદ શુદ્ધ છે એને વર્તમાન દશામાં એકાકાર અંદરમાં થઈને તાગ લઈ આવે. આત્મા અનાકુળ અને આનંદનું ધામ છે. એક અંશની પ્રગટતા, આનંદ અને શુદ્ધતાની એક અંશની પ્રગટતા એ આવો આત્મા ત્રિકાળ પૂર્ણાનંદ અને શુદ્ધ છે એમ એનો તાગ લાવે એ પર્યાયની અમીરી કહેવામાં આવે છે. એ અમીરી છે. બાકી તો બધી રાંકાઈ અને ભિખારાવેડા છે. સમજાણું કાંઈ? ભિખારા કહ્યા, ભાનુભાઈ! પચાસ-પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા. રાંકા ભિખારા. મોટો માંગણ છે.

કીધું હતું એક ફેરી. કૃષ્ણકુમાર આવ્યા હતા ને? કૃષ્ણકુમાર છેને? સોનગઢ આવ્યા હતા. કીધું, થોડું માંગે એ નાનો માંગણ, ઝાઝુ માંગે એ મોટો માંગણ. જેને બાર મહિને પચાસ હજાર જોઈતા હોય એ નાનો માંગણ. પાંચ લાખ જોઈતા હોય એ મોટો ભિખારી. કાંતિભાઈ! માગે છે, જોવે છે, જોવે છે. નથી જોઈતું. મારી પુંજી મારી પાસે છે. હું સચ્ચિદાનંદ પ્રભુ છું. મારી શાંતિનો સાગર અંતરથી શ્રદ્ધા-જ્ઞાન કરતાં ઉછળે છે. આ એને માંગણ નહિ પણ અમીર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવી અમીરી એટલે કે સાક્ષાત્ મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ? જેના ફળમાં કેવળજ્ઞાન અને

અનંત આનંદ. જે પીપર પચાસ પહોરી થઈ, શક્તિમાં ચોસઠ હતી અને પ્રગટ થઈ ને ચોસઠ જ્યારે પૂરી થાય ત્યારે એનું પૂર્ણ ફળ આવ્યું કહેવાય. એમ ભગવાન આત્મા પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના રાગને છોડી અંતર ચૈતન્યના સાગરને સંભાળવા જાય અને ત્યારે તેની અંતરમાં શાંતરસનો કંદ પ્રભુ એમાંથી અવિકારી શાંતિની દશા જે પર્યાયમાં—અવસ્થામાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ જેની દશા થાય, એને સાક્ષાત્ મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ શબ્દ કેમ પડ્યો છે? જોડે હજી પૂર્ણ વીતરાગ અને પૂર્ણ કેવળજ્ઞાન ન થાય ત્યાં આગળ એક વિકલ્પો એવી લાગણી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન એની શ્રદ્ધા (હોય છે). પણ ઓલું નિશ્ચય હોય તો. પરસ્પર સાપેક્ષ છે વ્યવહારે. ભાઈ! વ્યવહારે સાપેક્ષ. નિશ્ચયથી સાપેક્ષ નથી. સાંભળો! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના ચૈતન્યની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનની કળામાં આવ્યો તે અંદર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા—રમવું—ચરવું એ સાક્ષાત્ તત્કાલિક કાર્યના કારણરૂપે થઈને પરિણમી રહ્યો છે. પણ તેના સ્થાનમાં આવું તત્ત્વ જેણે પૂર્ણ જાણ્યું, પૂર્ણ પામ્યા, પૂર્ણ અનુભવ કર્યો એવા દેવને માને એ પણ એક શુભરાગ ને વિકલ્પનું સ્થાન છે. એના સાધક સંતોને પણ માને એ પણ એક શુભ વિકલ્પનો ભાગ અને સ્થાન છે. એના કહેલા, સર્વજ્ઞના કહેલા આવા પંથને પામીને કહેલા એના શાસ્ત્રને પરસન્મુખ થઈને આ સાચા એમ જાણે અને માને એ પણ એક શુભરાગની લાગણીરૂપ વૃત્તિ છે. એને ઉપચારે, આરોપે, નિમિત્તથી મોક્ષમાર્ગ છે એમ કહેવામાં આવે છે. છે ઈ બંધમાર્ગ. એ રાગનો વિકલ્પ છે બંધમાર્ગ. પણ આ મોક્ષમાર્ગને આમ જ્યાં અંતર આત્મામાં નજરું કરીને શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના નિર્વિકલ્પ નામ રાગ વિનાની આત્માની પરિણતિ નામ પર્યાય નામ દશા શરૂ થઈ એની સાથે નિમિત્ત આવો રાગ હોવાથી આનામાં આ નિમિત્તને વ્યવહારે ગણવાથી એને મોક્ષમાર્ગનો આરોપ આપ્યો છે. ખરેખર એ મોક્ષમાર્ગ છે નહિ. પણ એવી મોક્ષમાર્ગની ભૂમિકા જ્યાં સાચી પ્રગટી ત્યારે વ્યવહાર આવે તો આવો જ હોય. સાચા સંતો, સાચા દેવો, સાચા શાસ્ત્રો, એણે કહેલા સાચા તત્ત્વો, એણે કહેલા સાચા દ્રવ્યો, એણે કહેલા માર્ગના ભેદનો વિકલ્પ અને શુભરાગ એને આવ્યા વિના રહે નહિ. પણ છે તો એ અંગારા. આરે..! આકરું ભાઈ! સમજાણું કાંઈ? અરે..! એના ચૈતન્યના પંથ-રાહ એણે સાધુ થઈને, ત્યાગી થઈને, હજારો રાણી છોડીને ન જાણ્યો. સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં આવે છેને એક? નથી આવતું શ્રીમદ્‌માં?

યમ નિયમ સંયમ આપ કિયો
પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો
દઢ આસન પદ્મ લગાય દિયો.

મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો. પંચ મહાવ્રત અનંત વાર પાળ્યા, નિયમો પાળ્યા.

સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે
ઉરસે હી ઉદાસી લહી સબપૈ

ઉરસે ઉદાસ. પણ એ અસ્તિ તત્ત્વ ચિદાનંદની ભૂમિકા શું છે તેને પહોંચ્યો નહિ.

વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો
અબ ક્યોં ન બિચારત હૈ મનસે
કછુ ઔર રહા ઉન સાધન સે?

આ બધા સાધન નહિ. અહીં સાધન કહેશે, હોં! નિમિત્તથી. પણ એ ખરેખર સાધન નથી.

'વહ સાધન બાર અનંત કિયો, તદપિ...' વ્રત ને નિયમ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને કરુણા ને કોમળતાના ભાવ અનંત વાર કર્યા. નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો. એ દેવના મિથ્યાદષ્ટિના શુભ પરિણામની પરાકાષ્ટાનું એક ફળ છે. ત્યાં પણ દરેક પ્રાણી અનંત વાર ગયો છે. પણ એને જન્મ-મરણના આરા આવ્યા નહિ. સમજાય છે કાંઈ?

એ વાત અહીંયા આચાર્યદેવ (કહે છે). સાક્ષાત્ મોક્ષમાર્ગ. ઓલો વિકલ્પ હતો એની સાથે. ઓલો તો એકલો વિકલ્પ હતો અજ્ઞાનીને તો. એ શુભરાગમાં જ ધર્મ અને મોક્ષ માનીને એમાં અનાદિથી ચોંટ્યો હતો. પણ ધર્મીજીવને જે આત્માના સ્વભાવનું અંતર્મુખનું ભાન, શ્રદ્ધાન અને રમણ (થયા) એ સાક્ષાત્ મોક્ષમાર્ગ (થયો). જે આત્માની પૂર્ણ આનંદની દશાનું કારણ થાય. માર્ગ કહો, કારણ કહો, ઉપાય કહો. એનો સાર, એનો સાર, એનું સૂચન. સાક્ષાત્ મોક્ષમાર્ગના સારનું સૂચન. એ '**સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ...**' શાસ્ત્રનું તાત્પર્ય શું છે? હજારો, લાખો, કરોડો શાસ્ત્ર નીકળ્યા, ભગવાને કહ્યાં. દ્રવ્યાનુયોગ કહ્યા, ચરણાનુયોગ કહ્યા. દ્રવ્યાનુયોગ એટલે જેમાં અધ્યાત્મ અને તત્ત્વની વાત હોય એનું કહ્યું. જેમાં આચરવું પુણ્ય શું અને પાપ છોડવું શું એનું કહ્યું. પુણ્ય-પાપના ફળ કથાનુયોગમાં વર્ણવ્યા. અને કરણાનુયોગ સૂક્ષ્મ દરેક પદાર્થની વર્તમાન પરિણતિ નામ પર્યાય નામ અવસ્થાનું જેમાં ઘણા સાક્ષાત્ ભગવાને ભાળ્યું એનું કથન (જેમાં હોય) એને કરણાનુયોગ (કહે છે). પણ બધાનું તાત્પર્ય શું? એનો સાર શું? બેયને વલોવતા વલોવતા એનો સાર શું? કહે છે કે મોક્ષમાર્ગના સાર એના સૂચન દ્વારા. સૂચન તો એ કરશે અહીંયા.

'**શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે...**' શાસ્ત્રના તાત્પર્યનો અહીંયા ઉપસંહાર નામ છેડો લાવ્યા છે. '(**અર્થાત્ અહીં સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે**).' આ શાસ્ત્રને ત્યાં કહીને પૂરું કર્યું છે. હવે કહે છે, જુઓ! સમજાણું આમાં કાંઈ?

'**સાક્ષાત્‌મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે.**' આ શબ્દ ઉપાડ્યો. સાક્ષાત્ આત્માની પૂર્ણાનંદ દશારૂપી મોક્ષ.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવ દેવાધિદેવ પરમાત્માએ નિર્ગ્રંથ પંથમાં રાગની રુચિ છોડીને રાગની અસ્થિરતા છોડવાના પંથમાં જે સર્વસ્વ માર્ગ બતાવ્યો તે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. પોતાની પૂર્ણ શક્તિની પૂર્ણ પ્રગટતા એનું નામ મોક્ષ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ'. એવી પૂર્ણ દશાને જે કારણે પમાય તેને મોક્ષનો માર્ગ કહો, પંથ કહો, કારણ કહો, ઉપાય કહો. એ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં અગ્રેસર કોણ છે? મોઢા આગળ કોણ છે? ત્યારે ઓલો પાછળ પાછળ છે. એમ. વ્યવહાર મોક્ષમાર્ગની વાત કરી છે. ઈ છે બંધમાર્ગ. પણ નિમિત્ત દેખીને પાછળ પાછળ એની વાત થોડી સમજાવી છે કે એ ભૂમિકામાં અવિરોધ રીતે નિશ્ચયની સાથે વ્યવહારનો ભાગ વિકલ્પની જાત કેવી હોય એટલું. આદરણીય નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ. નિશ્ચય વ્યવહારનયે જગત ભરમાયો હૈ. નિશ્ચય અને વ્યવહારમાં ભ્રમણા અનાદિ કાળની. વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર... દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપ વ્યવહાર છે. વ્યવહાર કરતાં કરતાં (થાય). કારણ કે એને સાધન કહ્યું છે અને નિશ્ચયને સાધ્ય કહ્યું છે. માટે કરતાં કરતાં થાશે. (એવી) ભ્રમણામાં અનાદિથી અજ્ઞાની પડ્યો છે.

સાધન તો વ્યવહારથી કહ્યું એટલે અભૂતાર્થ દૃષ્ટિથી કહ્યું છે. એવા સાધન તો અનંત વાર કર્યા. છતાં સાધ્યને પામ્યો નહિ. માટે ઈ સાધન છે નહિ. સમજાણું કાંઈ? ભારે પણ. ખાલી થઈ જવું પડે એને હોં! આવે છે ભલે. કોથળો તોળાણો ચોખામાં. કીધું હતું ને? ચાર મણ અને અઢી શેર ચોખા તોલાણા. ચોખા હતા ચાર મણ અને અઢી શેર હતો કોથળો. પણ એ જે ભાવ હોય એ ભાવે તોળાય સાથે. પાંચ રૂપિયાના. પહેલા તો અઢીના ને બેના ચોખા હતા ને મણના. આખી ગુણ તોળાય તો એ કોથળા સહિત તોળે. ઓલો મજૂર બોલે. અમારે ન્યાં દુકાનની જોડે હતોને. એક દુકાન હતી. ત્યાં મજૂર બોલતા, ચાર મણ ને અઢી શેર. કીધું, આ તો કોથળા સહિત તોળતા લાગે છે. ખાવામાં ચાર મણ કામ આવે અને અઢી શેર તૂટ્યા. ચાર મણ રાંધ્યા. પણ હતો ચાર મણ અને અઢી શેર. અઢી શેર તો કોથળો હતો. એ કાંઈ ચોખાને ઠેકાણે રંધાય નહિ.

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ તો ચોખા છે. આ

એની સાથે આવો વ્યવહારનો વિકલ્પ ઉઠે એ કોથળો છે. બેયને તોળ્યા કે બેય મોક્ષમાર્ગ છે. એક વ્યવહાર અને નિશ્ચય. સમજાણું કાંઈ? બેનું માપ કર્યું જ્ઞાને કે આ નિશ્ચય છે અને આ વ્યવહાર છે. એમ માપ કર્યું--સમ્યક્ પ્રમાણ કર્યું. પ્ર-માણ—પ્ર-વિશેષે, માણ—માપ—જ્ઞાન કર્યું કે આ નિશ્ચય અને વ્યવહાર. પણ એ વ્યવહાર કોથળો છે. ચોખા ખૂટે તો કોથળો રંધાય નહિ. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે, સાક્ષાત્ મોક્ષમાર્ગ. ઓહો..! પરમાત્મ પોતાનું સ્વરૂપ, એનો જે માર્ગ પૂર્ણ દશાને પામવાનો, એમાં અગ્રેસર—અગ્ર મુખ્ય ઈશ્વર. ખરેખર વીતરાગભાવ છે. વિકલ્પની લાગણીનો ભાવ તે મોક્ષમાર્ગનો અગ્રેસર નથી. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એના તરફની જેટલી વીતરાગી દૃષ્ટિ, અકષાય સ્વભાવ ત્રિકાળ છે એવી અકષાય દૃષ્ટિ, અકષાય જ્ઞાન, અકષાય રમણતા એ એક જ મોક્ષમાર્ગમાં સાક્ષાત્ અગ્રેસર વીતરાગપણું છે. વીતરાગ એટલે નિર્વિકારી પરિણતિ, નિર્વિકારી દશા. નિર્વિકાર જેવો સ્વભાવ છે એવી દશા અંદરમાં નિર્વિકારી પ્રગટ થાય એ એક જ મોક્ષનો માર્ગ સાક્ષાત્ છે. ચંદુભાઈ!

'**તેથી ખરેખર અર્હંતાદિગત રાગને...**' જુઓ, આવ્યું. એમાં આવ્યું નાખ્યું પાછું. અર્હંતાદિગત રાગને. હજી આત્માની પરિણતિ—અવસ્થા શુદ્ધ ચૈતન્યની સન્મુખ થઈને અવિકારી એટલે વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થાય એ અગ્રેસર મોક્ષમાર્ગ. પણ એની જોડે જ્યાં સુધી કેવલ્ય ન થાય ત્યાં સુધી અર્હંતાદિગત. અર્હંતાદિ(ગત) રાગ, અર્હંતાદિ—અરિહંતનો, સિદ્ધનો, પાંચ પદનો, પાંચ નવકાર પદનો, નીચે એનો અર્થ છે. '**અર્હંતાદિગત રાગ—અર્હંતાદિ પ્રત્યેનો રાગ;**' પંચ પરમેષ્ઠી પરમેશ્વર પ્રત્યેનો પ્રેમ. '**અર્હંતાદિવિષયક રાગ;...**' પંચ પરમેષ્ઠીને લક્ષમાં લઈને ઉત્પન્ન થતો રાગ. '**અર્હંતાદિનો રાગ.**' એ પંચ પરમેષ્ઠીનો અને દયા આદિનો રાગ. '(**જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે, તેમ અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે**).' આકરી વાત છે જરી. નવરંગભાઈ!

આત્મા વિજ્ઞાનઘન અવિકારી વીતરાગસ્વરૂપ છે. વીતરાગ નામ જેમાં જરીયે દોષ નથી. કષાય નથી, પુણ્ય નથી એવું ચૈતન્ય. એવા ચૈતન્યધામની રમણતા, શ્રદ્ધા અને જ્ઞાન ઈ એક જ સાક્ષાત્ મોક્ષની પર્યાયનું કારણ છે. માર્ગ એક જ છે. પણ વચમાં આ આવે છે. '**અર્હંતાદિગત રાગને પણ. ચંદનવૃક્ષસંગત...**' શું કહે છે? આત્માનો સ્વભાવ એવી શીતળતા, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે અંતર સ્વભાવને આશ્રયે પ્રગટે એ તો શીતળ, શીતળ ચંદન જેવું છે. પણ જોડે વિકલ્પ ઉઠે છે એ વ્યવહાર જેને કહે, દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના ભાવ, આ ભક્તિ, પૂજા, દાન, દયા ને જાત્રા એની વૃત્તિ જે ઉઠે એ ચંદનના ઝાડમાં અગ્નિ પેઠી છે. છેને? જુઓ! '**ચંદનવૃક્ષસંગત...**' એટલે ચંદનના વૃક્ષમાં મળેલી અગ્નિ. '**અગ્નિની માફક,**

**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ...**' એવા શુભભાવ વડે સ્વર્ગાદિ અને ધૂળાદિ મળે, આ શેઠાઈ આદિ મળે.

'**અગ્નિની માફક, દેવલોકાદિ...**' દેવલોક આદિ કેમ કહ્યું? કોઈ રાજા થાય, કોઈ ચક્રવર્તી થાય. પુણ્યના ફળ તરીકે દેવ, બળદેવ થાય, વાસુદેવ થાય. કહે છે કે એ શુભભાવ જે વચમાં આવ્યો, પંચ પરમેષ્ઠીનું સ્મરણ, ભક્તિ, પૂજા, દાન, દયા અને વ્રતાદિનો ભાવ એ ચંદનવૃક્ષમાં રાગનો અંગારો પેઠો છે, કહે છે. બાબુભાઈ! આકરી વાત છે આ જરી. જૂના કાને સાંભળીને .. રાખ્યો હોય ને. એ અંદરથી ખસવું... ગ્યાસતેલનો શીશો હોય છેને? વચમાં નહિ આમ ઊંડો? સાફ કરતાં કરતાં વાર લાગે. કારણ કે એમાં તો તેજાબ નાખે તો (ગંધ જાય). ઓલું હોય ને આમ? ઉપસેલો હોય. હવે એ ઉપસેલાની ચારે કોર ગ્યાસતેલ ચોંટ્યું હોય. એ સરિયે નીકળે નહિ ઊના પાણી નાખે તોય. એને તો તેજાબ અંદર જ્યારે પડે ફડાક દઈને (ત્યારે ગંધ જાય). કાંતિભાઈ! શું આ દાખલો શું હશે આ? સિદ્ધાંત શું પણ એનો હવે?

જે આમ પકડી રાખ્યું છેને કે આ રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, આ ક્રિયાથી ધર્મ થાય ને વ્રત પાળતાં પાળતાં (ધર્મ થાય). એવી જે ગંધ પેઠી છે અંદર મિથ્યાત્વની. સમજાય છે કાંઈ? એને ગમે એટલા ઉપદેશના માથે ઝાપટા પાણીના પડે, ઈ કાઢે નહિ. સમજાણું કાંઈ? શામજીભાઈ! ઓલી અંબાજી-બંબાજી તો ક્યાંય રહી ગઈ, હોં! એની તો વાતેય ન મળે અહીં તો. ઈ જાણે કે પૈસા આપી દે કોઈ. ઘણાને એમ હોય છેને? દેવી આપી દેશે ને સૂરધન આપી દેશે. ધૂળેય નથી. ચાર ગતિમાં રખડતો જીવ છે. અરે..! ભગવાન! તને તારી દિવ્યશક્તિની ખબર નથી.

દિવ્ય એવો દેવ પ્રભુ આત્મા, એ દિવ્ય શક્તિ જેને પ્રગટ થઈ તેની શ્રદ્ધા, જ્ઞાનના વલણમાં રહે તોપણ નિશ્ચય સહિતના ભાનવાળો જીવ પણ આવો રાગ તે અંગારા સમાન છે. આહા..હા..! બહુ આકરું માણસને પડે. પ્રભુભાઈ! શું હશે? ક્યાં ગયા રતિભાઈ? આ તો કહે છે, રાગ પુણ્ય છે તે અંગારો છે. એમ કહે છે. ફળ નહિ. એ જેના કારણે મળ્યો એવો શુભરાગ. વિકલ્પ ઉઠે આમ દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, નામના સ્મરણનો, જાપનો.. આહા..હા..! એકાકાર લીન થઈ ગયો હોય જાણે... આમને આમ વિકલ્પ.. વિકલ્પ.. વિકલ્પ.. ગુણ-ગુણીના ભેદ આદિનો વિકલ્પ રાગ.

કહે છે કે એ ચંદનવૃક્ષના અગ્નિની માફક. દેવલોક અને મનુષ્ય આદિના '**ક્લેશની પ્રાપ્તિ વડે...**' એ ક્લેશ મળ્યો. સ્વર્ગ મળે એટલે ક્લેશ મળ્યો. આહા..હા..! આખી દૃષ્ટિફેરે. ઓલો કહે કે પૈસા મળ્યા. એક જણો કહેતો હતો, પણ મહારાજ! તમે આવું કહેવા કરતાં પુણ્યથી મળશે, વચ્ચે સ્વર્ગમાં સુખી થશે અને પછી જશે મોક્ષ.

મુમુક્ષુ :— ભગવાન પાસે જાશે.

ઉત્તર :— અરે..! ક્યો ભગવાન પાસે? રાંકો થઈને નિગોદમાં જાશે. સાંભળને! ભગવાન પાસે ક્યાંથી જાતો'તો ઈ. અને બહારના ભગવાન પાસે જાય તો સમવસરણમાં અનંત વાર જઈ આવ્યો. પણ એ વિકલ્પ ઉઠે છે રાગ તેને સાધન માનીને, રુચિ માનીને લપટાણો છે ત્યાં. જાશે લપટીને નિગોદમાં. એક શરીરમાં અનંત આત્માઓ અને જેનું વેદન કેવળી જાણે અને એ વેદે. એ વેદે અને કેવળી જાણે. એટલી પરાધીન દશા. બટાટા, શક્કરકંદ, લીલ, ફૂગના જીવો અનંત છે એની દુઃખની દશા ભગવાન જાણે અને ઈ વેદે.

જેને રાગના વિકલ્પની લાગણી એનાથી ધર્મ અને સંવર, નિર્જરા અને શુદ્ધિ થાય એમ માનનારા મિથ્યાત્વના સેવન કરી, વિપરીત અભિપ્રાયનું સેવન કરી, વિપરીત અભિપ્રાયનું ફળ-તાત્પર્ય છેડે (અંતે) તો નિગોદ છે. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે, અરે..! એવા દેવલોક ને સ્વર્ગાદિના ક્લેશની પ્રાપ્તિ.. આ વાત કોની સામે છે? મિથ્યાદષ્ટિની નહિ. મુનિ ભાવલિંગી સંત છે કે સમ્યગ્દષ્ટિ ચોથે, પાંચમે. એને આત્માનું ભાન ખીલ્યું છે. સાક્ષાત્કાર ચૈતન્યનો થયો છે. કળા ખ્યાલમાં આવી ગઈ કે આ ચેતનપ્રભુ પરમાત્મા છે. એમાં ઠર્યે પરમાત્મા પ્રગટ થઈ શકશે. એમ ભાન થયું પણ જ્યાં એને રાગનું ઉત્પન્ન થવું, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું ભણતર એવો રાગ આવે ખરો, આવ્યા વિના રહે નહિ પણ છે અંગારા જેવો. ભારે આકરું. એ અંગારો આત્માની શીતળતાને સહાય થાય, સમજાણું કાંઈ? એને કોઈ દિ' ચૈતન્યના વિશ્વાસમાં શું ભાવ છે, ચૈતન્ય શું છે, એનું નિર્લેપપણું ત્રિકાળ શું છે કોઈ દિ' સાંભળ્યું નથી અને એને બેઠું નથી. પછી મરી જાય સાધુ થઈને પંચ મહાવ્રત પાળીને. આ તો અત્યારે પાંચ મહાવ્રતેય ક્યાં હતા. પહેલા નવમી ગ્રૈવેયકે ગયેલો દ્રવ્યલિંગી સાધુ થઈને, ત્યારે જે હતો શુભભાવ એવો શુભભાવ અત્યારે કોઈને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એના પાલનમાં જે શુભભાવ હતો પુણ્યનો એણે કંઈ આત્માને પ્રાપ્ત ન કરાવ્યો. એ રાગના અંગારાએ પ્રાપ્ત ન કરાવ્યો. જેનાથી આત્મા નિર્વિકલ્પ દષ્ટિથી પ્રાપ્ત થાય એને આવો રાગ આવે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આવ્યા વિના રહે નહિ અને લાભદાયક જરીયે નહિ. કારણ કે કેટલાક પાછા નિશ્ચયાભાસી એમ સમજી જાય કે બસ, આપણે એ નહિ.. નહિ.. નહિ. એ મૂઢ જીવ છે. એ મિથ્યાત્વને સેવી રહ્યો છે. અને વિકલ્પ આવે અને માને કે આ મને સંવર, નિર્જરા અને શુદ્ધિનું કારણ છે, ધર્મ થશે એ પણ મિથ્યા વિપરીત માન્યતાને ઘૂંટી રહ્યો છે. સમજાણું કાંઈ? દુર્ગાદાસજી! શું છે? જુઓ! થઈ જાઓ સાધુ અને થઈ જાઓ ત્યાગી. પંચ મહાવ્રત ધારણ કરો. ઓઘા ને પાતરા લ્યો. અરે.. ભગવાન! હજી તો ઓઘા, પાતરા કોને ન હોય અને કોને હોય અને સાધુ ઈ વાત આઘી રહી. હજી એ વાતું તો ક્યાંય આઘી રહી. દૂર રહી. પણ હજી સમ્યગ્દર્શનની ભૂમિકામાં મુનિપણાની દશા કેવી હોય, કેવલની દશા કેવી હોય, એના સંયોગમાં કેવા નિમિત્ત હોય અને એ પ્રકારના શુભરાગની જાત એને

કેવી હોય એની પણ જેને શ્રદ્ધા ને જ્ઞાનની ખબર નથી, એની તો અહીં વાત લેતા નથી. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, જેની પ્રભુતા, પરમેશ્વરતા જે શક્તિના ગર્ભમાં પડી છે. એને શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જન્મે એટલે કે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય. જન્મે એટલે કેવળજ્ઞાનની ઉત્પત્તિ. એના કારણરૂપ સાક્ષાત્ સ્વભાવનો, ચૈતન્યના દ્રવ્ય-ગુણની શુદ્ધિની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિ થાય. એ તો મોક્ષનું કારણ સાક્ષાત્ છે. જોડે રાગ રહે એની વાત કહે છે.

**'અત્યંત અંતર્દાહનું કારણ સમજીને,...'** ધર્મીજીવે... પહેલો એનો ખ્યાલ તો કરે, ખ્યાલ તો કરે. બીજો કહે, ઈ ધર્મીની વાત છે. અમારે શું? પણ આ પ્રમાણે માર્ગ છે એમ તારે સમજવા જેવું છે. સમજાણું કાંઈ? કહે છે, એવો પંચ પરમેષ્ઠી... એ વાત થઈ હતી હતી એક ફેરી ચોડીની વાત કરી હતી. નહિ ભાઈ? (સંવત) ૨૦૧૬ની સાલમાં. ૨૦૧૬માં ચોડી ગયા હતાને? ચોડી. આ ચોડી છેને? ત્યાં. વડિયા પાસે ચોડી. ન્યાં ગયા હતા ત્યારે બધા આવ્યા હતા. બગસરાવાળા નરભેરામ શેઠ ને બધા ઘણા આવ્યા હતા. બપોરે વાત ઘણી થઈ. બધા કણબી હતા. સ્વામિનારાયણ. ખેતરમાં હતા. રાત્રે પુસ્તક લઈને આવ્યા. અઘાતગતિ નામનું પુસ્તક. એમાં એવું લખેલું. વાંચે પણ સમજાય નહિ. એમાં એવું લખેલું કે આ ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો, નિયમ કરો, સ્મરણ કરો, ભગવાનના જપ કરો, ભાગવત વાંચો અને સાંભળો અને એના વ્રત ને નિયમ પાળો. એના ફળ સંસાર છે. એનું ફળ સંસાર રખડવાનું છે. ઓલા માને કે અમે ભગવાનની ભક્તિ કરીએ છીએને. અમને બેસતું નથી. પણ વાંચો કીધું, બરાબર વાંચો. આપણને કાંઈ ખબર નહિ. અઘાતગતિ એ પુસ્તકનું નામ.

અરે..! તારી અઘાતગતિ પ્રભુ! આવા વિકલ્પના શુભરાગ ભક્તિ ને વ્રત ને નિયમ ને બહુ નામ લખ્યા હતા. નામસ્મરણ ને જાપ ને ભક્તિ ને આ દયા ને દાન ને.. એ બધાનું ફળ અહીં છે. અહીં છે એટલે મુક્તિ વિનાનું પરિભ્રમણ ફળ એને છે. સમજાય છે કાંઈ? ઓહો..! આવું અમારામાં? કીધું, બપોરે કહેવાઈ ગયું હતું. તમે નહોતા. એ તો કણબી ખરાને. ઓલામાં બહાર ખેડમાં પડ્યા હતા. આ વાણિયાને સાંભળવા મળે નહિ. કનુભાઈ!

કહે છે, અરે.. ભગવાન! ભગવાન કહે છે, અરે.. ભગવાન! ચૈતન્યના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના ભાનમાં રહેલો જીવ પણ જ્યાં સુધી એ પંચ પરમેષ્ઠી પ્રત્યે, નવ તત્ત્વના ભેદ પ્રત્યે.. છેને? એના પહેલા એ બધું આવી ગયું છે. સમજાણું કાંઈ? ૧૭૧માં આવી ગયું.

अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेण।
जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि।।१७१।।

એના પહેલા ૧૭૦માં આવ્યું છે. '**सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स। दूरतरं णिव्वाणं**' ૧૭૦માં આવ્યું છે. નવ પદાર્થ ભગવાને જે કહ્યા... ૧૭૦ ગાથા, તીર્થંકરને માનવા, ત્રણ લોકના નાથ કેવળીને માનવા '**अभिगदबुद्धि**' એના તરફ બુદ્ધિનું વળવું, શ્રુતરુચિ- એમના કહેલા શાસ્ત્રોની, એમણે કહેલા શાસ્ત્ર. જે પરંપરાથી ચાલ્યા આવ્યા એની રુચિ '**दूरतरं णिव्वाणं**' એને નિર્વાણ (થતો નથી). જ્યાં સુધી આવો રાગ છે ત્યાં સુધી મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! પણ આ તમે માંગ્યું છે. ૧૭૨ ગાથા. એમાંથી આવે છે.

આહા..હા..! અરે.. પ્રભુ! તારા પંથની શ્રદ્ધા તો સમ્યક્ કર અને એમાં ગોટા વાળી તારા આરા કોઈ દિ' આવશે નહિ. દુનિયા માનશે, હોં! દુનિયા કહેશે કે ઓહો..હો..! શું પણ ધર્મી! સમજાણું કાંઈ? આમ વ્રત પાળે, આખી જિંદગીના બ્રહ્મચર્ય પાળે અને જીવને દુઃખ ન થાય એવો ભાવ રાખે અને આહા..હા..! શું માણસ તે ભગત છે, ભગત છે. સાંભળ રે સાંભળ બાપા! એ તને રાગ થયો એનાથી ધર્મ માને, મોટો ઠગત છો. પ્રભુનો ભગત તું નથી.

અહીં તો એની વાત નથી લીધી. એકલા મિથ્યાદષ્ટિ રાગ ને પુણ્યને ધર્મ માનનારા એની વાત સંભારી નથી. પણ ધર્મીજીવને રાગ વચ્ચે સ્વભાવનો આશ્રય લીધો છતાં રાગ આવે, એ રાગ અંતરદાહનું કારણ છે, અંતર બળતરાનું કારણ છે. હવે બળતરા ક્યાંથી માને? અંતરદાહનું કારણ શું કરવા લીધું છે? બહાર આમ જુઓ તો ઓહો..હો..! શાતા મળે, પુણ્યના ફળ આમ જુઓ તો ખમા.. ખમા! એક માંગે ત્યાં એકવીશ. ધૂળ એવા રાગી જીવને કહે છે કે અરે..! સમ્યગ્દષ્ટિ જીવ અને તને આવો રાગ થાય, એ અંતરદાહનું કારણ છે, હોં! આહા..હા..! ભારે વાત પણ. આ બળખો ગળે ઉતારવો. એણે અનંત કાળમાં એ ઉતાર્યો નથી. અને આ રીતે કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ એને પણ એણે ઓળખ્યા નથી. અને બીજી રીતે માને ને મનાવે, એની વાતું રાખીને આ વાત સાંભળે, એની વાત રાખીને સાંભળે એટલે ક્યાંય મેળ ખાય નહિ. સમજાણું કાંઈ? માલમાં ભેળસેળ નથી કરતાં? વાણિયા ચોખામાં શું નાખે? કણકી. ચોખામાં નાખે કણકી, મરચામાં નાખે.. મરચા હોય ને મરચાના કોથળા, એમાં વચમાં નાખે અધમણ બી. બી નાખે. ઓલો ફાડે ... પણ અંદર બી નાખ્યા હોય અધમણ. ચાર મણનો કોથળો હોય મરચાનો, કોથળા ખોલે ત્યાં અધમણ બિયા (નિકળે). વાણિયા બરાબર માલ લેવા આવ્યો હોય ને.. હોય ને એની? શું કહેવાય? બંબી. ઈ બંબીને વચમાં આમ આમ મારે. ઈ આવડતવાળો ખરોને. એટલે આમ મારે એટલે આમ આમ તારે એટલે આખા ચોખા તરવાય. જુઓ, આ ચોખા. મોહનભાઈ! ઓલો હુશીયાર હોયને બીજો, ઈ મારે બંબી આડી આમ. એટલે જેવા હોય એવા નિકળે, અડધી કણકી અને અડધા ચોખા. પણ તમે આ બતાવ્યું ને? તમને બતાવ્યું હશે. ન્યાં એમ હશે, અહીં જરી આમ હશે. બધે આમ છે, સાંભળને. તારી બંબીમાં આમ આમ તારવતો હતો, તું આમ આમ કરતો હતો

અંદર. બંબી મારી આમ આડી અને આમ આમ તારવતો હતો. એટલે કણી ન આવે અને ચોખા તરવાઈને આવે. જુઓ, આ ચોખા. આમ મારીને આવ્યું ત્યાં અડધી કણકી અને અડધા ચોખા.

એમ અજ્ઞાનીને એ આડોડાઈ કરીને અમારી વાત સાચી છે અને આ પણ સાચી છે. એમ માનીને બધું સાચું ખતવે છે. પણ જ્યાં બરાબર જોવા જાય એની બંબી મારીને સીધું સીધી રીતે (તો) એની ઊંધી શ્રદ્ધા અને ઊંધા જ્ઞાનમાં આ શ્રદ્ધાનો ક્યાંય મેળ આવે નહિ. કણકીનો ખીચડો. આ તો કણકી કહી, બાકી કાંકરાનો ખીચડો છે. સમજાણું કાંઈ? શું થાય? ઈ પણ પરમેશ્વર છેને! એની અશુદ્ધતા ભી બડી. એમ કહે છે આચાર્યો. અરે..! અશુદ્ધતા ભી બડી કિ અનંત તીર્થંકર આવે તો ન સમજ. અને તારી શુદ્ધતા ભી બડી કિ અનંત પ્રતિકૂળ પરિષહ પડે તો ચગ (ચળે) નહિ. તારી શું વાત. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. એ ઊંધો પડ્યો. સવળા પડેલા તીર્થંકરના સમીપમાં જાય (તોપણ) છોડે નહિ. તાકાતવાળો છેને? મકોડો છે તે ચોંટે તો ટિંગા ઢીંઢા ને બે છૂટા પડે તોપણ મૂકે નહિ. એમ અનાદિ કાળનો અજ્ઞાની પોતે માનેલી વાતને તૂટી જાય ચોર્યાશીમાં મરીને. ના, એમ નહિ, એમ નહિ, એમ નહિ. કાંઈક તો હશે હોં! એ બધી વાત. આ બધા લાખો, કરોડો માનતા હશે તો કાંઈ બધા ખોટા હશે?

મુમુક્ષુ :— વિચારવા જેવું..

ઉત્તર :— વિચારવા શું, કીડીના નગરા ઘણા હોય. ઈ નગરા માણસ ન કહેવાય. કીડીના નગરામાં.. નગરા સમજાય છે? શું સમજો છો? એ.. દુર્ગાદાસજી! કીડીના નગરા સમજો છો? કીડી નથી નિકળતી? ચીંટિયાં. લાખો, કરોડો કીડી નિકળે ને. મનુષ્ય એટલા ન હોય. કીડી મનુષ્ય થઈ જશે? સંખ્યા ઘણી છે. ભગવાન આત્માના માર્ગના સત્ય સિવાય વિપરીત માર્ગની કીડીયું ઉભરાણી છે. સમજાણું કાંઈ? એણે કોઈ દિ' સત્યના માર્ગની રાહ, શું સત્ય છે એણે શ્રદ્ધા અને જ્ઞાનમાં કોઈ દિ' લીધા નથી.

આચાર્ય કહે છે, અરે..! ધર્મીજીવોએ એ પંચ પરમેષ્ઠી અને નવ પદાર્થ પ્રત્યેનો રાગ **'અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી...'** જુઓ, હવે શું કહે છે? **'સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન...'** વિરજીભાઈ! આ મહાજન શબ્દ કીધો હતો એક ફેરી. (સંવત) ૧૯૮૫ના ચોમાસામાં. લાઠી આવ્યા હતા. આ મહાજન શબ્દ પડ્યો છેને? મહાજન. હે મહાજન! આ જીવરાજજી મહાજન કહેવાયને? ઈ શબ્દને ઉદ્દેશીને એક ફેરી વાત કરી હતી એણે. આ મહાજન છે. બીજો મહાજન નથી. હે મોટા આત્મા! **'મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી,...'** પહેલા રાગ હોય ખરો પણ છોડવા જેવો છે, હેય છે, ઝેર છે, આદરણીય નથી એમ શ્રદ્ધાને નિર્મળ કરી અને પછી જ્ઞાનમાં જાણે કે આ હેય છે અને ચારિત્ર માટે તેને છોડીને ઠરે. સમજાણું કાંઈ?

એ '**સઘળાય પ્રત્યેના...**' સઘળામાં શું બાકી રહ્યું? સઘળા પ્રત્યેના રાગને છોડી. સઘળો એટલે? પણ એ તો સમ્યગ્દર્શન છે, સમ્યક્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે એને કહે છે કે તને જે હજી રાગ થાય, શ્રદ્ધામાં તો છોડવાલાયક જાણ્યો છે, જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણ્યો છે, હવે ચારિત્ર તરીકે ઠરવા માટે તેને છોડીને ઠર. ઉત્કૃષ્ટ વાત મુનિની લીધી છેને. મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે. એના ગૌણ પેટામાં બધા સમ્યગ્દૃષ્ટિ આદિ આવી જાય.

કહે છે કે સઘળાય પ્રત્યે. પણ ભઈ આ રાગ તો કાંઈક ઠીક છે એટલું તો કહો. મૂળજીભાઈ! બાપનો રાગ છોડવો, બાયડીનો છોડવો, વેપારનો છોડવો પણ પંચ પરમેષ્ઠી અને નવ પદાર્થનો રાગ? એલા પણ પરમેશ્વર ભગવાનને સ્વમુખે કોળિયો ગોઠતો નથી? માણસ કહેને કે ભઈ, ખાનારને મોઢા સામું કોળિયો આવે, પહેલો કાંઈ આમ ન જાય. ભગવાન કહે છે કે, અમારી ભક્તિ તો તને લાભદાયક છે એમ કહે? નહિ. રાગ આવે ખરો, ભક્તિ આવે ખરી, પ્રેમ આવે ખરો પણ તે રાગ છોડીને સ્વરૂપમાં સ્થિરતા કરીશ ત્યારે તારું કલ્યાણ છે, એ રાગથી કલ્યાણ જરીયે નથી. નહિતર તો એમ કહે, મૂક પૈસા તારું કલ્યાણ થાશે, અમને જમાડીશ તો તારું કલ્યાણ થાશે. પેટમાં નાખ અમારા સીધા તારા. સીધા, આ સીધું નથી કરતા? લાડવા પા શેર ઘી ને ફલાણો ગોળ.. ધૂળેય નથી. સાંભળને હવે. તારા સીધા તો ધૂળ છે. સંતોને ધર્માત્મા સંતને સમ્યક્જ્ઞાની સંતને, નિર્ગ્રંથ મુનિઓને આહાર દેવાનો વિકલ્પ પણ રાગ અને અંગારા જેવો છે. હોય છે. આહા..હા..! એવા મિથ્યાદૃષ્ટિને પોષવાનો ભાવ એ તો મહા મિથ્યાત્વના ઘૂંટણ ને અફીણના કસુંબા છે. કસુંબા સમજાય છે? અફીણ હોય ને, એને ઘોળે સારી રીતે. મનુભાઈ! બધા કાઠી ને ગરાસિયા બેઠા હોયને? લ્યો, બાપા, લ્યો બાપુ! થોડો કસુંબો. કસુંબો જાણે શું હશે? ઓલો ઘોળીને સરખો કરે. રૂપાની રાબ. સોંઘુ મળેને. બધું સાંભળેલું છે હોં! ... એક બાવો બોલતો હતો, રૂપાની રાબ ભાઈ! આ શું કહે છે આ? આ રીબડા છેને? રીબડા નથી વચ્ચે (આવતું)? (સંવત) ૧૯૭૧ની સાલની વાત છે. એક બાવો હતો વૃદ્ધ, મરી ગયો બિચારો. રૂપાની રાબ. પણ જો એને એમ કહે કે અફીણ ઊતરી ગયું. તો સીધુ ઉતરી જાય. ચડ્યો, ચડ્યો, ચડ્યો એમ જો કહે તો ચડે અફીણ. આ ભારે વાત. ભગવાન આત્મા એ ચૈતન્યના સ્વભાવની સન્મુખ દૃષ્ટિ અને અનુભવ હોવા છતાં અનુભવી પંચ પરમેષ્ઠી ને નવ તત્ત્વને કહેલા શાસ્ત્રને રુચવે છે એટલો પણ રાગ છે. આહા..હા..!

'**સાક્ષાત્ મોક્ષનો અભિલાષી...**' એટલે? મોક્ષમાર્ગ પ્રગટ્યો છે પણ અભિલાષ હવે એકદમ પૂર્ણ થવાને માટે છે. એવા મહાજને '**સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ,...**' એ વિકલ્પ જે ચારિત્રના દોષરૂપ પરસમયની પ્રવૃત્તિ છે એ સ્વસ્વભાવની પ્રવૃત્તિ નથી. ચારિત્રવંતને સંતને છઠ્ઠી ભૂમિકામાં ગુણસ્થાનમાં મુનિ વર્તતો હોય, આત્માનુભવ (હોય). રાગને હેય જાણી કણને છોડવા માગે છે એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટી

છે, એને કહે છે કે અરે..! આત્મા! તારી પૂર્ણ મુક્તદશા જો તારી જોઈતી હોય તો એ રાગને છોડી દે. છોડે ક્યારે? છોડે એટલે કે આ રાગ છોડું, એમ છૂટે? **'અત્યંત વીતરાગ થઈ,...'** એમ. સ્વભાવ તરફ વીતરાગની અવિકારી પરિણતિમાં ઢળતો છૂટી જશે. એમાં રાખવાની બુદ્ધિ તો છે નહિ પણ અસ્થિરતાની આવી એ સ્વભાવમાં સ્થિરતા થતાં છૂટી જશે. એમ કર તો સાક્ષાત્ તારો મોક્ષ થશે. નહિતર મોક્ષ થશે નહિ. સમજાણું કાંઈ? આ તો પંચાસ્તિકાયના ૧૭૨નો સાર છેને આખો બધો. બધા શાસ્ત્રોનો સાર. લાખ, કરોડ શાસ્ત્ર કહ્યા હોય ભગવાનના મુખે. પણ બધાનો સાર—એ ત્રિકાળ ચૈતન્ય તરફનું ઢળવું અને રાગ ને નિમિત્તની ઉપેક્ષા કરવી. પછી મહાવ્રત ને પંચ પરમેષ્ઠીનો રાગ હોય તોપણ ઉપેક્ષા કરવી અને સ્વભાવની અપેક્ષા કરવી. એ વીતરાગપણે ઢળવું અને રાગને છોડવું, એ સર્વ શાસ્ત્રોનો સાર છે. સમજાણું કાંઈ? આ રીતે જાણે નહિ, માને નહિ, ઓળખે નહિ એને ઠરવાનું ત્રણ કાળમાં બની શકે નહિ.

જેમાં **'અત્યંત વીતરાગ થઈ,...'** શું કહે છે? અકષાયી થઈ. શ્રદ્ધા-જ્ઞાને અકષાયી થયો, સ્વરૂપે અકષાયી થઈ **'જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે...'** આહા..હા..! સમજાણું? જુઓ, ભવસાગર. ચોર્યાશીના અવતાર. પછી દેવનો અવતાર હોય તોપણ બળબળતા દુઃખસુખના કલ્લોલ ઊછળે છે, અંગારા ઊછળે છે સ્વર્ગ અને શેઠાઈમાં. **'અને જે કર્માગ્નિ વડે તપ્ત,...'** છે. જેનું ફળ કર્મ અને એની અગ્નિ વડે દાઝેલા છે, **'કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે...'** કકળાટ. પાણીનો જેમ કલ્લોલ ઉઠેને. પછી કકળાટ .. પડેને. **'કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને...'** આ ભવસાગરની વ્યાખ્યા કરી. એને **'પાર ઊતરી,...'** જા. એમ પહેલા જ્ઞાન અને શ્રદ્ધામાં નક્કી કર. સમજાણું કાંઈ? હજી તો ભવ કરવા છે ને એના ભાવ. ભલે એકાદ ભવ વધારે થાય પણ બીજાનું કલ્યાણ કરી દઉં, કલ્યાણ કરી દઉં. હજી એને ભવની વાસના મિથ્યાત્વની પડી છે.

અહીં તો સમ્યગ્દૃષ્ટિને ભવ નથી પણ છતાં થોડો રાગ રહે, કહે છે કે એ રાગના ફળ તરીકે બળબળતા દુઃખસુખના કલ્લોલ ઊછળે છે. દુઃખસુખના કલ્લોલ. સુખ એટલે આ લોકોની કલ્પનાનું સુખ, હોં! આનંદની વાત નથી ત્યાં. અમે સુખી છીએ, એ બળબળતો કલ્પનાનો વિકલ્પ ઉઠે છે અને દુઃખી નરક અને નિગોદ. અતિશયતાથી અને કર્માગ્નિ વડે દાઝેલા **'કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી...'** અતિશય એટલે વિશેષતા **'ભયંકર...'** કકળાટ જેમાં જળસમૂહમાં પડ્યો છે. કર્માગ્નિ વડે તપ્ત એટલે પાણી જેમ અગ્નિથી તપ્યું હોય એમ કર્માગ્નિ વડે આ સંસાર તપી રહ્યો છે. **'એવા ભવસાગરને પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી,...'** એ તો નાસ્તિથી વાત કરી. ત્યાંથી ખસી ભગવાન શુદ્ધસ્વરૂપ પરમામૃત—પરમ અમૃતનું ધામ એવા સમુદ્રમાં પેસી **'શીઘ્ર નિર્વાણને પામે છે.'** આવા જીવો

અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામીને મુક્ત દશાને પામે છે. પણ આ રીતે પ્રાપ્ત અને જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતા કરે એને. બીજી રીતે તે પમાતું નથી....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ ૧૨, મંગળવાર, તા. ૧.૫.૧૯૬૨
ગાથા-૧૭૨, પ્રવચન-૫

આ પંચાસ્તિકાય સમયસાર શાસ્ત્ર છે. પંચાસ્તિકાય સમયસાર શાસ્ત્ર. સમય નામ આત્મપદાર્થની વ્યાખ્યા અથવા સમય નામ છએ દ્રવ્ય અને પંચાસ્તિકાયની જેમાં વ્યાખ્યા છે એને પંચાસ્તિકાય કહેવામાં આવે છે.

૧૭૨ ગાથામાં સાર વર્ણવે છે કે આ બધા શાસ્ત્રનો સાર શું? અનેક શાસ્ત્રો કહ્યા, રચ્યા, સંભળાવ્યા... એનો સાર શું? એ કહે છે કે વીતરાગ થઈ... છેલ્લું આવ્યું છે. છેને અંદર? '**અત્યંત વીતરાગ થઈ,...**' આત્મામાં જે ત્રિકાળ આનંદ અને શુદ્ધતા પૂર્ણ ભરપૂર અંદર શક્તિપણે પડી છે એને સંયોગનો આશ્રય છોડી, પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગનો આશ્રય, લક્ષ, અવલંબન છોડી ચિદાનંદ પ્રભુ ભગવાન પૂર્ણાનંદથી ભરેલો આત્મા નિજપદ છે એને અવલંબીને જે કંઈ નિર્વિકલ્પતા એટલે વીતરાગી અવિકારી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થાય એ મોક્ષમાર્ગ અને સર્વ શાસ્ત્રનો સાર છે. વિકાર અને સંયોગી નિમિત્ત ચીજ, એની ઉપેક્ષા કરાવી અને એક બાજુ ચૈતન્ય ભીંત આનંદકંદ ધ્રુવ ભગવાન એનું અવલંબન લેવડાવી, એમાં વીતરાગતા પ્રગટ થાય એ મોક્ષમાર્ગ છે અને એ સર્વ શાસ્ત્રનો સાર છે. સમજાણું કાંઈ? માથે આવી ગયું હતું.

'**અત્યંત વીતરાગ થઈ,...**' '**શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી શીઘ્ર નિર્વાણને પામે છે.**' એ વાત આવી ગઈ છે. '**—વિસ્તારથી બસ થાઓ.**' હવે આચાર્ય જરી વિસ્તાર કરવા માગે તો છે.. ભાઈ! વિસ્તાર કરવા માગે છે પણ વિસ્તારથી બસ થાઓ એટલે કે હવે કહ્યું છે એનું ટૂંકુ કહીશું, એથી વધારે વિસ્તારથી બસ થાઓ. '**જયવંત વર્તો વીતરાગપણું...**' એટલે જેમાં ભગવાન આત્મા એકલો જ્ઞાનમાં ભાસે, શ્રદ્ધામાં પ્રતીતમાં આવે અને દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગથી છૂટો પડી સ્વરૂપની રમણતારૂપ વીતરાગતાની પર્યાય પ્રગટ કરે એ વીતરાગપણું જયવંત વર્તો. સમજાય છે કાંઈ?

'**કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી...**' જે સાક્ષાત્ મોક્ષ એટલે પૂર્ણ આત્માની નિર્મળ આનંદદશા એને પામવાનો આ સ્વભાવ વીતરાગી દશા એ પામવાનો એક જ માર્ગ અને સાર છે. વચમાં પૂર્ણ થયા પહેલા દયા, દાન, વ્રતાદિના એને અવિરોધપણે એવા વિકલ્પો હોય છે. એ આગળ આવશે. સમજાય છે કાંઈ? એને નિમિત્ત તરીકે અનુકૂળતાના એ વિકલ્પો હો, પણ એ કંઈ મૂળ સાર નથી. એનાથી પમાતું નથી. ચૈતન્યબિંબ ગોળો આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ અંતર્મુખની દૃષ્ટિએ જે પ્રતીતમાં આવ્યો, જ્ઞાનમાં આવ્યો અને રમણતા થઈ એ એક જ વીતરાગી દશા, એક જ મોક્ષનો માર્ગ અને સર્વ શાસ્ત્રોનું એ તાત્પર્ય છે. સમજાય છે

કાંઈ?

એ **'વીતરાગપણું કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.'** એ શાસ્ત્રનો સાર છે. શાસ્ત્રનું તાત્પર્ય ઈ છે કે ચૈતન્યના વીતરાગી ભાવ પ્રત્યે એની પ્રગટ દશા થાય અને પ્રગટ રમણતા થાય એ એક જ શાસ્ત્રને કહેવું અને તાત્પર્ય છે. હવે તાત્પર્ય શબ્દ આવ્યો એટલે તાત્પર્ય બે પ્રકારના છે.

**'તાત્પર્ય દ્વિવિધ હોય છે :'** બે પ્રકારે છે, સાર બે પ્રકારે છે. **'સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય.'** સૂત્ર.. નીચે છે બગડો. **'એકેક ગાથાસૂત્રનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે અને આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્રતાત્પર્ય છે.'** સૂત્રતાત્પર્ય—એક એક ગાથામાં કીધું હોય કે પંચ પરમેષ્ઠી પ્રત્યેનો રાગ, એ ચંદનવૃક્ષમાં જેમ અગ્નિ લગાડે અને એ દાઝે, એનો અર્થ કે એ રાગ છોડવા જેવો છે. એમ ગાથાદીઠ તો કહ્યું હતું. પરંતુ હવે સર્વ સૂત્રના તાત્પર્યરૂપે કહીએ છીએ કે સૂત્રતાત્પર્ય... **'સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :—'** જુઓ! આખો ગાથાનો વિસ્તાર હવે.

**'સર્વ પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી...'** હેતુ તો આ. **'સર્વ પુરુષાર્થોમાં સારભૂત...'** પુરુષ+અર્થ એટલે આત્માનું પ્રયોજન. પુરુષોના ચાર વિભાગ છે, પુરુષાર્થના. નીચે છે. ધર્મ નામ પુણ્ય, અર્થ નામ લક્ષ્મી, કામ નામ વિષય અને ચોથો મોક્ષ. એ ચાર પ્રકારનો પુરુષાર્થ છે. વીર્ય ફોરવે છે ચારમાં, એમ. પરંતુ સર્વ પુરુષના પ્રયોજનમાં મોક્ષ સારભૂત, તાત્ત્વિક પુરુષ નામ આત્માનું અર્થ નામ પ્રયોજન છે. પુણ્યનો પુરુષાર્થ એ તો આત્માને નુકસાનકર્તા છે. શુભભાવનો પુરુષાર્થ. સમજાય છે કાંઈ? જેને ધર્મ પુરુષાર્થ લોકો કહે, વ્યવહારધર્મ. નિશ્ચય આત્માના શુદ્ધ જ્ઞાનાનંદની, સ્વસંવેદનજ્ઞાન થતા પૂર્ણ એની વીતરાગતા અવિકારતા પ્રગટી નથી એથી સાથમાં શુભરાગ હોય છે. એ શુભરાગ પુણ્યપુરુષાર્થ છે. એ આત્માને પ્રયોજન છે નહિ. એ પ્રયોજન નથી. લક્ષ્મીનો પુરુષાર્થ કે રળું, આમ કરું, આમ કમાઉં એ પાપપુરુષાર્થ છે. શાંતિભાઈ! પાપપુરુષાર્થ છે આ. બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ પેદા કરે અને માને કે આહા..! અમે પુરુષાર્થ (કર્યો). એ વૃત્તિ ઉઠે છે કે આમ લક્ષ્મીને રળું એ પાપપુરુષાર્થ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિના પરિણામ એ પુણ્યપુરુષાર્થ છે. બેય નિંદનીક છે.

અને ત્રીજો વિષયભોગની વાસનાનો પુરુષાર્થ એ પણ પાપપુરુષાર્થ છે. એટલે અર્થ અને કામ બે અશુભભાવના પુરુષાર્થ છે અને દયા, દાન, વ્રત, તપના વિકલ્પો તે શુભભાવનો પુરુષાર્થ છે. પણ એ ત્રણેય હીન છે. એ આત્માનું એ પ્રયોજન સિદ્ધ કરતું નથી. ચોથો પુરુષાર્થ મોક્ષ કે જે આત્માની પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ આનંદના પ્રયોજનને, આનંદની દશાના (પ્રયોજનને સિદ્ધ કરે છે). દરેક પ્રાણી સુખને ઈચ્છે અને દુઃખથી ડરે. જ્યારે એને

સુખની પૂર્ણાનંદની પ્રાપ્તિ એવો જે મોક્ષ એ જ આત્માનો ખરો પુરુષનું પ્રયોજન અને અર્થ છે. સમજાય છે આમાં કાંઈ? આ પૈસાનો પુરુષાર્થ કહે છે.. ક્યાં ગયા? એ.. રતિભાઈ! પૈસાનો પુરુષાર્થ કહે છે કે પ્રયોજન નહિ એમ કહે છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— મુનિની વાત ક્યાં હવે. આ તો આત્માનું હિત કરવું હોય એને. આત્માનું હિત કરવું હોય એને ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ છે, સુખાનંદ સ્વરૂપ છે એનું જેને સુખની પ્રાપ્તિનું પ્રયોજન હોય એને ધર્મ, અર્થ અને કામ તે ખરેખર પ્રયોજનભૂત નથી. પ્રભુભાઈ! બરાબર હશે આ? મોહનભાઈ! છતાં પણ ન્યાં જ મંડ્યા છે વધારે.

અહીં તો કહે છે કે પહેલી સમજણના ધોરણને તું ચોખ્ખું કર. સમજણના ધોરણને તું ચોખ્ખું કર. કે જે શુભ પરિણામ દયા, દાન, વ્રત, તપના આવે.. એ આગળ કહેશે હોં! એ ખરું પ્રયોજન આત્માનું નથી. પૈસાને પેદા કરવાનો ભાવ.. પેદા ભાવથી કરે છે કે નહિ એ પ્રશ્ન અત્યારે નથી. એ તો પુણ્ય હોય એ પ્રમાણે મળે. પણ એ પુરુષાર્થ એની ગતિ રાગમાં જાય છે, આમ સટ્ટો કરું ને આ ફલાણું કરું ને આ ઢીકણું કરું. રતિભાઈ! ગતિ તો રાગની જાય છે કે નહિ? ત્યાં વિકલ્પ ઉઠે છે એટલે. એ રાગ તે પાપરાગ છે અને એ પ્રયોજન આત્માનું નથી, હોં! એમાં તો ગુમડા થાય છે, કહે છે. રોગના મોટા ગુમડા થાય. ભરનિંગળ. કોઈ દિ' એનો અંત આવે નહિ. એવા પાપનો પુરુષાર્થ, પૈસાનો અને ભોગનો અને ત્રીજો પુણ્યનો—ધર્મનો. ધર્મ એટલે પુણ્ય. એ ત્રણે પુરુષાર્થથી આત્માનું ખરું પ્રયોજન છે નહિ.

મોક્ષ એ પુરુષ અર્થ, પુરુષનું પ્રયોજન ખરું. મોક્ષ જ સારભૂત અને તાત્ત્વિક પુરુષ નામ આત્માનું અર્થ નામ પ્રયોજન છે. એ '**સર્વ પુરુષાર્થોમાં...**' સર્વ એટલે ચાર લીધા. એમાં '**સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી...**' અમે તો આત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિ કેમ થાય એવા તત્ત્વનું પ્રતિપાદન કરવાના કારણે આ પ્રતિપાદન કરીએ છીએ. '**જેમાં પંચાસ્તિકાય...**' એ વર્ણન કરતાં જેમાં આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એવા પંચાસ્તિકાયનું સ્વરૂપ—સ્વભાવ શું એ કહ્યું. '**ષટ્દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન...**' કર્યું. છ દ્રવ્યો. એ '**વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે,...**' છ વસ્તુ. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ (આદિ) એ અત્યારે સિદ્ધ ન થાય. બધી વાત પહેલી કહેવાઈ ગઈ છે. લોજીક, ન્યાય યુક્તિથી બધી વાત કહેવાઈ ગઈ છે. એ બધા દ્રવ્યોનો--પદાર્થોનો સ્વતઃ સ્વભાવ શું છે એ બધી કહેવાઈ ગયેલી વાત છે.

હવે કહે છે, '**નવ પદાર્થના વિસ્તૃત કથન** વડે...' આમાં નવ તત્ત્વની વાત કરી છે. જીવ, અજીવ, પુણ્ય-પાપ, (એ) બે મળીને આસ્રવ, સ્વભાવ અટકે તેને બંધ, દ્રવ્યબંધ જડ અને એની શુદ્ધતાની સ્વભાવમાંથી એકાગ્રતા પ્રગટે, શુદ્ધતાની સંવર, શુદ્ધતાની વૃદ્ધિ

એટલે ધર્મ થાય તે સંવર શુદ્ધતાનો, એની વૃદ્ધિ થાય તે નિર્જરા, એની પૂર્ણતા થાય તે મોક્ષ. એવા નવ તત્ત્વના વિસ્તારથી કથન કહેવાણું. એમાં '**બંધ-મોક્ષના સંબંધી (સ્વામી)**,...'નું વર્ણન કહેવાઈ ગયું. સમજાણું કાંઈ? બંધ-મોક્ષનો સંબંધ. બંધનો સ્વામી કોણ? પુણ્ય અને પાપ એવો ભાવબંધ જે વિકાર એનો સ્વામી ચૈતન્ય છે. એના સંબંધમાં એ થાય છે. અને જડબંધ જે થાય કર્મનો એનો સ્વામી જડ છે, એનો સ્વામી ચૈતન્ય નથી. સમજાણું કાંઈ આમાં?

આ વિસ્તાર તો જરી આખા પંચાસ્તિકાયને સમયસાર કહેવામાં આવ્યું છે અને એનો સાર આમાં વીતરાગપણે વર્ણવવામાં આવ્યો છે. એટલે કહે છે, નવ તત્ત્વના પદાર્થનું વિસ્તૃત કથન દ્વારા જેમાં બંધ-મોક્ષના સ્વામી વર્ણવ્યા, એકલો આત્મા અનાદિથી મોક્ષસ્વરૂપ જ છે એમ નથી. એની પર્યાયમાં—હાલતમાં રાગ ને વિષય કષાય એવા જે ભ્રમણાના પરિણામ એમાં અટકેલો એ બંધભાવ છે, ભાવબંધ છે. એ ભાવબંધ ચૈતન્યના અધિકારથી થાય છે, એમાં જડનો અધિકાર છે નહિ. સમજાણું કાંઈ? એ નિમિત્ત પામીને કર્મના રજકણો જડપણે બંધાય એ જડની અવસ્થાનો સ્વામી જડ છે. એવા કથનો બંધ અને મોક્ષના સ્વામીના કથનો આવી ગયા છે. ..ભાઈ!

'**બંધ-મોક્ષનાં આયતન**...' આયતન છેને પાઠમાં તો? ઠેકાણા એટલે કે ભાવ. બંધ અને મોક્ષના ભાવ. ઓલા બંધ-મોક્ષના સ્વામીની વાત થઈ ગઈ. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ (છે). છતાં પુણ્ય-પાપના, દયા, દાન, કામ, ક્રોધના પરિણામમાં અટક્યો તે ભાવબંધનો સ્વામી ચૈતન્ય છે. અને જડબંધની નિમિત્ત દશા જે થાય એ જડની અવસ્થાનો સ્વામી જડ, એનો સ્વામી આત્મા નહિ. એમ ભિન્ન ભિન્ન વ્યાખ્યા કહેવાઈ ગઈ. પાછું ટૂંકુ એનું કહેવાયેલાનું કરી નાખે છે.

બંધ-મોક્ષના ભાવ. બંધ-મોક્ષના આયતન, બંધ-મોક્ષના ઠેકાણા. ઠેકાણા એટલે ક્યાં રહે છે મોક્ષ એ અહીં વાત નથી. એનો ભાવ એનું ઠેકાણું. બંધ એનો વિકારભાવ એ એનું સ્થાન અને ભાવ છે. અને મોક્ષની નિર્મળ દશા પૂર્ણાનંદી મોક્ષનો ભાવ અને મોક્ષનું આયતન છે અને મોક્ષનું સ્થાન છે. સમજાણું કાંઈ? મોક્ષનું સ્થાન મુક્તિશિલા ઉપર રહે છે ઈ અહીં વાત નથી. બંધવાળા જીવ નિગોદમાં રહે છે ને હેઠે રહે છે ને ઓલા ઉપર રહે છે એમ નહિ. અહીં તો આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. એની ભાવદશા, ભાવકલંક પ્રચુર વિકારદશા મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, શુભ-અશુભભાવ એ એનો બંધભાવ છે. એ બંધભાવ છે અને એનાથી છૂટી આત્મા પૂર્ણાનંદની પૂર્ણ શુદ્ધતાને પામે એ આત્માનો મોક્ષભાવ છે. શું કીધું ...ભાઈ? શેમાં આનંદ? અનંત આનંદ છેને. અનંત આનંદ છે.

મુમુક્ષુ :— કલંક..

ઉત્તર :— કલંક, હા ઠીક. અરે..! વિકારભાવ તો કલંક છે કે નહિ? વિકારભાવ તો

કલંક છેને. એકેન્દ્રિય જીવ જે બટાટા, શક્કરકંદમાં પડ્યા છે. ભગવાન ગોમ્મટસારમાં કહે છે, ભાવકલંક પહુરા. એ આત્મા તો ભગવાનસ્વરૂપ છે પણ એના ભાન વિના ભૂલેલો ભગવાન, એ વિકારની લાગણીઓ શુભ ને અશુભની એકત્વબુદ્ધિથી પડ્યો ભાવકલંક પ્રચુર છે. કલંક છે. ભગવાન આત્મા માથે વિકારભાવ એ કલંક છે. એ કલંકની પ્રચુરતાને કારણે તે નિગોદની દશા સેવી રહ્યો છે. કર્મને કારણે નહિ. જડ જડમાં છે, એને કારણે આત્મામાં નહિ. પણ આ વાતમાં તો ઘણા સિદ્ધાંતો નક્કી કરાવે છે. પણ આપણે થોડું થોડું લઈ જવું છેને. સમજાણું કાંઈ?

આવી પર્યાય હલકી છે, હલકી દશામાં આવો વિકાર ભાવબંધ રૂપે છે. એ ભાવબંધ એ એનો ભાવ અને આયતન ને ઠેકાણું છે. એનું ઠેકાણું કર્મમાં અને જડમાં રહ્યું નથી. એ ભાવબંધને ગુલાંટ મારીને અબદ્ધસ્પૃષ્ટ આત્મા પ્રભુ બિરાજે છે એમ દૃષ્ટિ ને સ્થિરતા દ્વારા જે પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય એ આત્માનો મોક્ષ—ભાવમોક્ષ, પર્યાયમોક્ષ, મોક્ષરૂપી આયતન-મોક્ષ ઠેકાણું-મોક્ષસ્થાન. એ મોક્ષસ્થાન છે. મુક્તિશિલા ને ઉપર એ તો પછી રહેવાની નિમિત્તની રહેવાની (વાતું છે). સમજાણું કાંઈ?

**'અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યાં છે.'** ત્રણ વાત લીધી બંધ-મોક્ષમાં. પહેલા બંધ અને મોક્ષ. બે પર્યાયોના બંધ-મોક્ષના સ્વામી કોણ? પછી બંધ-મોક્ષના ભાવ કોણ? અને બંધ-મોક્ષના ભેદ કેટલા? બંધના દ્રવ્ય અને ભાવ બે ભેદ છે. એક જડબંધ છે પરમાણુનો, એક વિકારી ભાવબંધ છે. એના મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ વગેરે પેટાભેદ થાય છે. મોક્ષના ભેદ—એક દ્રવ્યમોક્ષ, ભાવમોક્ષ. પરમાણુ કર્મથી છૂટે એ દ્રવ્યમોક્ષ કહેવાય. આત્મા અશુદ્ધતાથી છૂટીને પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ કરે એને ભાવમોક્ષ કહેવાય. એ મોક્ષના ભેદો વર્ણવ્યા. પંચાસ્તિકાયમાં એનું ઘણું બધું વર્ણન આવી ગયું છે.

હવે આવ્યું જે વર્ણવવું છે ઈ. એ વર્ણવ્યુ તો છે કહે છે. **'નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે...'** નિશ્ચય મોક્ષમાર્ગ એટલે આત્મામાં પૂર્ણાનંદ તરફની જે પુરુષાર્થની ગતિ એવો જે સ્વભાવ એમાં ઢળ્યો છે ભાવ-શ્રદ્ધા, જ્ઞાન અને અવિકારી દશા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને તેમાં વચ્ચે સાચા સંતો, ગુરુ, દેવ અને શાસ્ત્ર એવી શ્રદ્ધા આદિનો રાગ.. એ આવશે વિસ્તાર, એને વ્યવહાર મોક્ષમાર્ગના ઉપચાર તરીકે કથન આવી ગયા છે. **'જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે...'** સાચો વ્યવહાર અને સાચો નિશ્ચય. સાચો વ્યવહાર અને સાચો નિશ્ચય. એનું કથન કરવામાં આવ્યું છે. એ અવિરુદ્ધમાં એનો અર્થ લેશું વિશેષ.

**'સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે...'** ભગવાનની વાણી ત્રિલોકનાથના જેટલા શાસ્ત્ર એના હૃદય—પેટ એકલો અવિકારી ભાવ આત્મામાં પ્રગટ કરવો અને વિકારથી હઠવું એ આખા સર્વ શાસ્ત્રના કેવળીઓના અને શાસ્ત્રના એ હાર્દ

નામ પેટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી વાત કરી કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું. પણ સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગતા અકષાય દશા. અકષાય એટલે વિકાર રહિત જેવું એનું સ્વરૂપ છે એવી જેની શક્તિની વ્યક્તતા-પ્રગટતા, અવિકારી વીતરાગદશા પ્રગટ થાય એ જ સાક્ષાત્ સમસ્ત વીતરાગે કહેલા શાસ્ત્રોનું હૃદય છે. એ એનું હૃદય છે. હવે આ લોકો કહે કે વ્યવહાર વચ્ચે આવે ઈ એનું હૃદય છે. મૂળજીભાઈ! બાપુ! આવે એ તો બરાબર સિદ્ધ કરશે. જુઓ! આવે એ તો બરાબર સિદ્ધ કરશે. પણ એ કંઈ હૃદય નથી. હૃદય જો હોય તો સર્વજ્ઞ વીતરાગ અલ્પજ્ઞ ને સરાગ છોડીને સર્વજ્ઞ ને વીતરાગ થયા કેમ? પરમાત્મપદ પામ્યા એ અલ્પજ્ઞ અને રાગ એનો અભાવ કરીને સર્વજ્ઞ અને વીતરાગ અવિકારી પૂર્ણાનંદને પામ્યા. એ વાત જ જગતની પાસે પ્રસિદ્ધ કરીને એમનું હૃદય વીતરાગી વિજ્ઞાનઘન હતું. એ જ વીતરાગ અને વિજ્ઞાનઘનમાં વાળવા એનું આખું હૃદય શાસ્ત્રની કુંચી. અનેક હજાર, લાખ શાસ્ત્રના કથન હો.

ચાર પ્રકારના કથનો છે. એક અધ્યાત્મનું કથન, એક ચરણ, કરણાનુયોગ, ચરણનું એટલે કે પુણ્ય-પાપનું કથન, એના ફળનું કથન અને એક સૂક્ષ્મ દરેક તત્ત્વના વર્તમાન પરિણામ કેવા હોય, ત્રિકાળ કેવા હોય એનું કથન, એ બધાનું તાત્પર્ય, શાસ્ત્રનું હાર્દ આત્માને પરથી પાછો વાળી આ સ્વભાવ તરફ વાળવો એ એનું હાર્દ છે. સમજાણું કાંઈ?

**'એવા આ ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું,...'** જુઓ! આ ભાગવત વંચાય છે. સમજાણું કાંઈ? આ પરમેશ્વર શાસ્ત્ર. જુઓ! નીચે અર્થ કર્યો છે. પારમેશ્વર એમ છેને? પરમેશ્વર કરતાં પારમેશ્વર (કહ્યું). પરમેશ્વરનું શાસ્ત્ર છે આ. પરમેશ્વરનું આ શાસ્ત્ર છે. વીતરાગ ભગવાનનું શાસ્ત્ર આ ભાગવત શાસ્ત્ર છે. દૈવી અને પવિત્ર શાસ્ત્ર છે. એટલા નામ છે એના. સમજાય છે કાંઈ? આત્માની સર્વજ્ઞશક્તિ જે પડી છે અંદરમાં એને પ્રગટ કરવાની દશાનું વર્ણન જેમાં છે એવા પરમેશ્વરી ભાગવત શાસ્ત્ર આને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.'** ખરેખર મુનિઓ ને પરમાત્મા ને કેવળીઓએ એ બધા વિકલ્પની દશાઓ અને નિમિત્તના સંગનું લક્ષ છોડાવી અને ત્રિકાળ ભગવાન આનંદ તરફના લક્ષમાં જોડાવી અને શ્રદ્ધા કરીને ઠરાવી અને વીતરાગભાવ પ્રગટ કરે એ એક જ તેનું હાર્દ અને પેટ છે. ચાર અનુયોગને તપાસો તો આ દષ્ટિએ શાસ્ત્રનું હૃદય વીતરાગતા એમાંથી નિકળશે. એમાં બીજો રાગ કરવો અને એવું નિકળશે નહિ. રાગ આવે એની અનુકૂળતાનું જ્ઞાન કરવાનું નિકળશે. પણ ક્યાંય રાગ કરવો અને પુણ્ય કરવું અને આ કરવું એવું શાસ્ત્રના હૃદયમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે આ વીતરાગપણાને...'** હવે આવ્યું જુઓ! **'વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટ સિદ્ધિ થાય છે,...'** હવે આચાર્ય જરી (કહે છે), ભગવાન આત્મા એ શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ જે રીતે સર્વજ્ઞે જોયો એવો આત્મા દષ્ટિમાં લીધો,

પ્રતીતમાં લીધો એનું જ્ઞાન કર્યું અને એમાં રમણતાની વીતરાગી ચારિત્ર દશા થઈ. એ તો નિશ્ચય. એ વીતરાગપણાને એવો જે વીતરાગભાવ એને '**વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટ સિદ્ધિ થાય,...**' શું કહે છે? હવે જરી આચાર્ય અલૌકિક રીતે વાત (કરે છે). નિમિત્ત કેવું હોય અને વિકલ્પની જાત ત્યાં કેવી હોય એ વર્ણવે છે.

ભગવાન આત્મા જ્યારે સર્વજ્ઞપદના ભાવને પ્રાપ્ત કરવા સર્વજ્ઞપદ શક્તિમાં ઢળ્યો, શક્તિ તરફ ઢળ્યો ત્યારે સમ્યગ્દર્શન ને ચારિત્રના અંશ નામ થયા એ તો નિશ્ચયમોક્ષમાર્ગ. એની સાથે અવિરોધપણે વ્યવહાર માર્ગ હોવો જોઈએ. એટલે? કે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય, આખા ચૈતન્યતત્ત્વની પ્રતીત, અનુભવ ને જ્ઞાન (થાય) અને એના શ્રદ્ધામાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ આવે, રહે એ બેનો મેળ નથી. તો એને નિશ્ચય રહેશે નહિ અને વ્યવહાર એનો છે નહિ. સમજાણું કાંઈ?

કેસર લેવા જાય તો એના ડબ્બા અને બરણીઓ હોય, કોથળા ન હોય. એટલો નિમિત્તમાં ફેર પડે છે. એમ જેને ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ જેવો સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે કહ્યો એવી જેને શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું, એવો જે નિશ્ચય મોક્ષમાર્ગ થયો તો એને વિરોધ ન આવે એવો અવિરોધી વ્યવહાર હોય. કોઈ કહે કે અમને સમ્યગ્દર્શન થયું અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને છે અને એનો રાગ હોય એ મિથ્યાદૃષ્ટિ છે. એને નિશ્ચયનું ભાન નથી અને એને વ્યવહાર હોઈ શકતો નથી. ન્યાલચંદભાઈ! સમજાણું કાંઈ? નિશ્ચયની દૃષ્ટિ અને જ્ઞાનની જ્યાં સાચી દશા થઈ તો સત્ય જે સ્વરૂપ છે પૂર્ણાનંદ, એની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયું તો સત્ય પરમેશ્વરે જે એક સમયમાં ત્રિકાળ જ્ઞાન વીતરાગ પરમાત્મા નિર્દોષ પરમાત્માને શ્રદ્ધવાનો એને રાગ હોય. પણ જે કુદેવ જેણે અલ્પ જ્ઞાનમાં સર્વજ્ઞ મનાવ્યું હોય, રાગની દશા વર્તતી હોય અને વીતરાગ અથવા નિર્દોષતા મનાવતા હોય, એની પણ શ્રદ્ધાનો રાગ ભેગો હોય (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ?

અથવા ઈ સાચી શ્રદ્ધાનું જ્ઞાન અને ભાન થયું તો કુશાસ્ત્ર કે જેમાં એકાંત તત્ત્વનું કથન છે, જેમાં વાસ્તવિક અનેકાંત સ્વરૂપની ગંધ છે નહિ, એવા શાસ્ત્રને પણ સાચા માનતો હોય અને નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો એ બેને અવિરોધ કહેવાય? ત્રણ કાળમાં (કહેવાય)૭ નહિ. સમજાય છે કાંઈ? આ તો ભઈ ૧૭૨મી ગાથામાં વિશેષ નિશ્ચય અને વ્યવહારની સંધિનું અવિરોધપણું શું છે, એ જો સમજે તો એને વીતરાગતા સાચી થાય અને એ રાગનો ભાગ છે તેને વ્યવહારથી જાણવા લાયક છે એમ જાણવામાં આવે. સમજાણું આમાં કાંઈ?

પંચાસ્તિકાય કહ્યું હતું ને? છ દ્રવ્ય કહ્યા હતા ને? એવા કહેનારા અને એવા જાણનારા જે સર્વજ્ઞ છે અને એવા સ્વરૂપને જાણીને સ્વરૂપના સાધનારા ગુરુ છે, એવા શાસ્ત્ર જેણે સ્વતંત્રતાના જે રીતે અનેકાંત છે એને દાંડી પીટીને કહ્યા છે, એ શાસ્ત્રને માનવાનો ભાગ, એ ગુરુને અને દેવને માનવાનો રાગ નિમિત્તપણે નિશ્ચયના ભાનના કાળમાં અવિરોધપણે એવો

રાગ એને હોય. પણ એના રાગમાં કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર પણ સાચા અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સાચા એવો વિકલ્પ અને માન્યતા હોય અને કહે કે અમારો વ્યવહાર આવો. નિમિત્ત આવું ગમે તે જાતનું હોય, નિશ્ચયમાં અમારે ભૂલ નથી. તો કહે છે કે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને નિશ્ચય અને વ્યવહારના અવિરોધની ખબર નથી. સમજાણું કાંઈ આમાં? અમરચંદભાઈ! ભારે વાત બહુ. આમાં તો બહુ સમજવું પડે. સમજવું સમજવું. પણ છે કોણ તું? સમજણનો પિંડ તે તું. છો કોણ તું પણ? સમજણનું સત્ત્વ તે આત્મા. એટલે એને સમજવાની જ ક્રિયા બાકી રહે છે, બાકી કાંઈ એનું હોતું નથી. પણ તે સમજણની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનમાં એમ કહે કે અમને નિશ્ચય સમ્યગ્દર્શન તો છે પણ હજી અમને ગમે તે સંપ્રદાયમાં અમને સર્વજ્ઞ સિવાયના સાચા તત્ત્વો કહેનાર સિવાયના, કે એના, કુશાસ્ત્ર હોય એની પણ અમને શ્રદ્ધા તો છે, એમાં પણ શ્રદ્ધા તો અમને છે. મૂળજીભાઈ! વ્યવહાર જોઈએ ને? વ્યવહાર જોઈએ ને? એ વ્યવહાર છે અમારી પાસે.

મુમુક્ષુ :— એ વ્યવહાર જ નથી.

ઉત્તર :— એ વ્યવહાર નથી અને એવો હોય ત્યાં અંદર નિશ્ચય નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ઝીણું તો પડે એવું છે ભઈ આ. પણ હવે વાત તો જે હોય એ આવશે. નહિ હોય એ કંઈ આવે એવી નથી. સમજાણું કાંઈ?

આ '**વીતરાગપણાને...**' એટલે સમ્યગ્દૃષ્ટિ એવો જે આત્માનો ભાવ અને સમ્યક્જ્ઞાન એવો જે આત્માનો ભાવ, અને સ્વરૂપની રમણતા એવો ચારિત્રભાવ એને અને વ્યવહારને અવિરોધ (છે). આ તો ચોથા ગુણસ્થાનની વાત કરી. પાંચમું ગુણસ્થાન જ્યારે આત્માની વિશેષ દશા થાય ત્યારે... નીચે કર્યું છે. ભાઈએ પંડિતજીએ અર્થ કર્યો છે. જુઓ નીચે. બગડો. અવિરોધના અર્થમાં કર્યું છે. '**છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય...**' છઠ્ઠું ગુણસ્થાન એટલે? આત્મજ્ઞાન સમ્યગ્દર્શન અનુભવ થયો. આ આત્મા પૂર્ણાનંદ પ્રભુ એવો સાક્ષાત્કાર પ્રતીતમાં આવ્યો જ્ઞાન દ્વારા. એમાં એ ઉપરાંત સ્વરૂપની સ્થિરતાની શાંતિનો અંશ પણ ઉગ્ર વધ્યો. એને પંચમ ભૂમિકા, ગુણસ્થાનની પાંચમી ભૂમિકા કહે છે. રતિભાઈ! શ્રાવકની. આ બધા શ્રાવક હશેને પાંચમા ગુણસ્થાનવાળા?

મુમુક્ષુ :— વ્યવહારે.

ઉત્તર :— વ્યવહારે ધૂળેય નથી. વ્યવહાર કેવા? એની સાથે તો મંડાય છે આ. નિશ્ચય વિનાનો વ્યવહાર નહિ અને નિશ્ચયમાં વ્યવહાર અનુકૂળ હોય તો આવો જ હોય એ વર્ણવવા માટે આખી આ ગાથા છે. ગાથામાં તો વીતરાગપણું વર્ણવ્યું છે. પણ અમૃતચંદ્રાચાર્યે નિશ્ચયની વીતરાગ શ્રદ્ધા અને વીતરાગી ગુણસ્થાન અંશે પંચમ પ્રગટ્યું તો એને અને મુનિપણું પ્રગટ્યું અંદર, છઠ્ઠી ભૂમિકા, સ્વરૂપની દશાના આરોહણમાં આનંદની ઉગ્રતાની છોળું આવી અંદર, ભૂમિકા છઠ્ઠી સંતની મુનિની. જેના આત્મામાં આનંદ ભર્યો છે. એકાકાર થઈને છોળ પર્યાયમાં

કાંઠે આવી આનંદની. એવી છઠ્ઠા ગુણસ્થાને મુનિ યોગ્ય શુદ્ધ પરિણતિ. જુઓ! છઠ્ઠા ગુણસ્થાનવાળા સંતને મુનિ યોગ્ય શુદ્ધ પરિણતિ એટલે વીતરાગી આનંદની દશા હોય.

'**નિરંતર હોવી તેમ જ...**' એ નિશ્ચય. '**મહાવ્રતાદિ સંબંધી શુભભાવો...**' એને તો અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-એવો જ વિકલ્પ ઉઠે. સમજાય છે કાંઈ? અહિંસા—છ કાયના જીવને ન મારું અને છ કાયના જીવની દયાનો વિકલ્પ ઉઠે, બસ એટલું પાળી શકું એ પ્રશ્ન નથી. પણ એ છ કાયની દયાનો વિકલ્પ ઉઠે એ અવિરોધપણે છઠ્ઠા ગુણસ્થાનનો વ્યવહાર છે. અને ભગવાને કહેલા ષટ્દ્રવ્ય અને પંચાસ્તિકાય, નવ પદાર્થ એને પ્રરૂપે, કહે, એને જાણે એવા જ્ઞાનનો ભાગ તે નિશ્ચય જ્ઞાનના ભૂમિકામાં અનુકૂળરૂપે શુભભાવનો ભાવ એને આ અનુકૂળ છે. એથી બીજા જ્ઞાન ઊંધા માન્યા હોય, આ પણ સાચો, આ પણ સાચું, અને વ્યવહાર એ બધો રાગમાર્ગ છે અને એનાથી નિશ્ચય પમાય છે, એના તો વ્યવહાર અને નિશ્ચય બેય જૂઠા છે. નવરંગભાઈ! એ ઝીણું છે આમાં. ભાનુભાઈ! એમ કાંઈ પત્તો ખાય એવું નથી. પેલા પૈસા ઝટ આવી ગયા એમ આ નથી મળે એવું. પૈસા તો મફતના જ મળે એવા છે ઘણાયને. સમજાણું આમાં? અમારે ગોકુળભાઈ છે એક. છેને ચુડાવાળા. ગોકુળદાસ શિવલાલ. પૈસા થઈ ગયા પચાસ-સાંઈઠ લાખ અત્યારે. પહેલા એકદમ થઈ ગયા હતા થોડામાંથી એકદમ વીસ લાખ. પછી બૈરાંએ કહ્યું બેને, અહીં સોનગઢ આવનારા ને, મહારાજ ધર્મનું કહે છે. કાંઈક ધર્મ તો કરો. પૈસા ક્યાં હું લેવા ગયો હતો? પૈસા કેમ આવી પડ્યા? એમ ધર્મ કર્મમાં હશે તો આવી પડશે. એ પછી મારી પાસે વાત કરી કે આમ બોલે છે આ તો. હવે ધૂળમાં.. ધર્મ કર્મમાં લખ્યો છે? કર્મની માટી પડી છે એ નિમિત્ત તો કોને થાય? પૈસા આવે, જાય, બાયડી-છોકરા આવે જાય એમાં નિમિત્ત થાય. ધર્મ-બર્મ ક્યાં કર્મમાં લખ્યો હતો?

ધર્મ તો આત્માના પુરુષાર્થના પ્રયત્ન પરાયણથી પ્રગટ થાય છે. એ કંઈ કર્મમાં માંડ્યું હોય ને અમારા કર્મમાં હશે તો ધર્મ થાશે. મૂઢ છો. કર્મ તો માટી પડી છે ધૂળ. એમાં તો પડી છે પુણ્ય-પાપના રસ દેવાની શક્તિ. આ સંયોગો મળે ને ટળે, એમાં નિમિત્ત થાય. એનામાં ધર્મ દેવાની શક્તિ પડી છે (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ.

આચાર્ય કહે છે, અહો..! અમૃતચંદ્રાચાર્ય વીતરાગી નિર્ગ્રંથ મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અમૃતના ઝુલે ઝુલતા સાતમી ભૂમિકા ઘડીકમાં આવતી, અપ્રમત્ત દશા. ઘડીકમાં વિકલ્પ ઉઠતો તો છઠ્ઠે (આવતા). એ કહે છે કે ભૂમિકાને અવિરોધ એનો વ્યવહાર હોય. નવરંગભાઈ! હોય એની વાત છે, હોં! આદરણીય કે એ પ્રશ્ન નથી અહીં અત્યારે. સમ્યગ્દૃષ્ટિ નામ ધરાવે અને સર્વજ્ઞ ત્રિલોકનાથે કહેલા શાસ્ત્રો, એમણે કહેલા દેવ અને એમણે કહેલા ગુરુ સંત મુનિ નિર્ગ્રંથ એના વિના માન્યતા બીજી હોય અને અહીં નિશ્ચય સમકિત હોય (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં બને નહિ. સમજાણું કાંઈ?

આવો જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ અને એમણે કહેલા શાસ્ત્રના ભણવાનો વિકલ્પ શુભભાવ અને એમણે કહેલા મહાવ્રત—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એક પણ વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ ઉઠે નહિ અને નગ્નપણું આદિ રહે એવો શુભ વિકલ્પ ઉઠે એ નિશ્ચયની ભૂમિકાને યોગ્ય આ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઓલી નિશ્ચયની એકલી વાત હોય તો સારી લાગે. એની સાથે વ્યવહારના કેવા વિકલ્પની જાત હોય એમ અહીં જણાવવા માંગે છે. એ જાતમાં-ભાતમાં ફેર હોય અને કહે કે અમને છઠ્ઠું ગુણસ્થાન છે, અમે મુનિ છીએ કે શ્રાવક છીએ અને સમ્યગ્દષ્ટિ છીએ, ભ્રમમાં પડેલો ભ્રમને ઝુલે ઝુલનારો છે. દામોદરભાઈ! આ શું કહેવાય છે? દામોદરભાઈ! અવિરોધ. નિશ્ચય અને વ્યવહાર અવિરોધ હશે? છે તો વિરોધ. નિશ્ચયથી તો વિરોધ પણ એ ભૂમિકા જ્યાં મુનિની અંતર દશા છઠ્ઠી ભૂમિકા વર્તે એને **'મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય-વ્યવહારના સુમેળનું ઉદાહરણ છે.'** એનો મેળ એટલો છે. ત્યાં એવા જ રાગનો ભાગ હોય. મહાવ્રતાદિ આદિ શબ્દ છેને? એમાં એ બધા વિકલ્પો—વસ્ત્ર લેવા, પાત્ર લેવા, છોડવા, મૂકવા એ મુનિની દશામાં એ વિકલ્પનો અભાવ હોય છે. એવી દશામાં એ વિકલ્પ હોય નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. ચંદુભાઈ! કઠણ ભારે. એકલો માલ વર્ણવે તો ઠીક પડે પણ કોથળો પણ માલવાળો હોય તો કોથળો આવો હોય. કેસરના કાંઈ એ આ બારદાન કોથળા શેના? શણના, શણના કોથળે કેસર લેવા જાતા હશે કોઈ? અને શણનો કોથળો કંઈ કેસરની કિંમતમાં ગણાતો હશે? એમ ભગવાન આત્મા કેસર સમાન શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એની સાથે વ્યવહારનો અવિરોધ નામ મેળ હોય તો આવા વિકલ્પનો અહિંસા પૂર્ણ, પરની દયાનો વિકલ્પ, સત્યનું યથાર્થ સ્થાપન કે બોલવું, અસત્યનું છોડવું એવા વિકલ્પો એને હોય. પરિગ્રહનો ત્યાગ, અપરિગ્રહપણે નગ્ન આદિ પણે રહેવું એવી છઠ્ઠી ભૂમિકાની શુદ્ધ પરિણતિની દશા હોય તેને આવો શુભભાવ સુસંગત અને વ્યવહારે મેળવાળો છે. ભારે સમજવાનું. પણ આમાં કેટલું સમજવું? સવારની વાતુંનો પાર નહિ. બપોરે કેટલા પ્રકાર. રતિભાઈ! પકડાય આવી બધી વાત? પકડાતી હશે? હા પાડે છે. પહેલેથી તો સારું કર્યું. પકડાય એવી છે. સમજાય એવી નથી એમ શેની? પણ એ તો હા પાડી, પહેલેથી હા પાડી. પ્રભુભાઈ! સમજાય એવી છે કે નહિ? સમજાય એવું છે. સમજાય એવું છે ઈ સમજાવાય છે. સમજાવાય એવું ન હોય એ સમજાવાય?

અહીંયા ભગવાન અમૃતચંદ્રાચાર્ય એની નિશ્ચય નિશ્ચયની વાતું કરનારા તો ઘણા થયા છે હમણાં. સમજાણું? કે નિશ્ચય આને કહેવાય. ચંદુભાઈ! પુસ્તકો એટલા બધા (બહાર) પડી ગયા, ત્રણ લાખ, સવા ત્રણ લાખ. એક એક વાતનો ફોડ પાડીને. અને વાંચી વાંચીને વાતું કરનારા ઘણા નીકળ્યા પણ નિશ્ચયની સાથે વ્યવહારના મેળની ખબર ન મળે તેનું નિશ્ચય પણ ખોટું છે. સમજાણું કાંઈ?

કહે છે, આત્માની પવિત્ર દશા એવો જે અવિકારી ભાવ જે અંશે પ્રગટ થયો એની છઠ્ઠી ભૂમિકા મુનિની એની સાથે સુસંગત મેળવાળો તો અહિંસા આદિનો ભાવ, જૂઠું ન બોલવું કે પરિગ્રહ ન રાખવો, વસ્ત્ર આદિ ન રાખવા, નિર્દોષ આહાર લેવાની વૃત્તિનો વિકલ્પ એવા શુભરાગનો શુદ્ધ પરિણતિ સાથે મોક્ષમાર્ગ નિશ્ચયની સાથે આવા રાગની ભૂમિકાનો મેળ છે. એથી બીજો રાગ માને કે આવો રાગ પણ હોય, ગમે ઈ જાતનું નિમિત્ત હોય, (એમ નથી). એ નિમિત્ત કહો કે વ્યવહાર કહો. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપાદાનની પરિણતિ જ્યારે આટલી ચાલે ત્યારે એને નિમિત્તમાં આવો જ શુભરાગ હોય, એ નિશ્ચય અને વ્યવહારનો સુસંગત અવિરોધ ભાવ છે. એથી વિરોધભાવ કરે વ્યવહારમાં કે વ્યવહાર ગમે ઈ જાતનો હોય, નિશ્ચય આવું હોય, (એ) મૂઢ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! પક્ષની વાત તો નહિ હોય ને આ? અરે.. ભગવાન! સત્યની વાતું આટલી આટલી થાય એમાં વ્યવહાર કેવો હોય એમાં પક્ષની વાત ખતવે તો તને સત્‌ની પણ ખબર નથી. સમજાણું આમાં કાંઈ? એ વ્યવહારના સુમેળનું ઉદાહરણ છે મુનિને. નિર્ગ્રંથ મુનિદશા થઈ જાય. બાહ્યમાં નિર્ગ્રંથ દિગંબર દશા થઈ જાય. અંદરનો વિકલ્પ એ જાતનો શુભ હોય, નગ્ન હોય. આ દશાનો વિકલ્પ. એવા વિકલ્પને અને નિશ્ચય શુદ્ધ પરિણતિને વ્યવહાર સાથે મેળ છે. બીજા સાથે મેળ છે નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં બીજી રીતે નિશ્ચય અને વ્યવહારનો મેળ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? હેઠે બીજું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્યારે શેની વાતું ચાલે છે આ? બધું સમજવું પડશે. ઓલી નિશ્ચયની વાતું આવે ત્યારે કહે, આહા..હા..! પણ નિશ્ચય સાથે વ્યવહાર કેવો હોય એનો મેળ ન હોય તો એ નિશ્ચય જ નથી. એ મૂઢ છે. એના સત્યના પડખે ચડેલો પરમ સત્ય પરમેશ્વર એવો પરમાત્મસ્વભાવ ભગવાન આત્માનો એને પડખે ચડેલો, રાગના પડખેથી ખસી ગયો પણ પૂર્ણ પડખે આવ્યો નથી ત્યારે તેના વ્યવહારના વિકલ્પ કઈ જાતના હોય એનું વર્ણન ભગવાન અમૃતચંદ્રાચાર્ય સર્વજ્ઞના શાસ્ત્ર અને સર્વજ્ઞના ભાવ અનુસાર કરે છે. સમજાય છે કાંઈ આમાં? આ ભારે વાત. જરી બહુ પણ અંદર ઊંડા ઉતરે અને વિચારે ત્યારે આનો મેળ ખાય એવો છે.

નીચે બીજું. '**પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય...**' શ્રાવક. શ્રાવક એટલે વાડાની રીત નહિ. ભગવાન ચૈતન્યમૂર્તિના આનંદને પકડીને અનુભવ થયો સમ્યગ્દર્શનનો, એ ઉપરાંત બીજા કષાયનો અભાવ કરી સ્વરૂપની સ્થિરતાની શાંતિનો, આનંદનો ભાગ જેને અંદર ભજ્યો એને પંચમ ગુણસ્થાનની શુદ્ધ પરિણતિ દશા કહે છે. એને '**શુધ્ધપરિણતિ નિરંતર હોવી...**' પાછી નિરંતર. એની સાથે '**દેશવ્રતાદિસંબંધી શુભભાવો...**' બાર વ્રત કહેવાય છેને? એના શુભભાવ. છ કાય, પાંચ ઇન્દ્રિયો અને મન એ બારને રોકવાનો અને એને પાળવા માટે અવ્રતને છોડીને વ્રત પાળવાનો જે શુભ વિકલ્પ છે એની મર્યાદા પ્રમાણે એની

હદવાળો એ શુભરાગ એને નિશ્ચય સાથે સુસંગત હોય છે. બીજો એમ કહે કે અમને પંચમ ગુણસ્થાન થયું અને અમે કષાય બોકડા કાપીએ છીએ. કારણ કે એ તો જડની ક્રિયા છે. અમારે અને એને શું સંબંધ છે? આત્મા પરને અડતોય નથી. સાંભળ, સાંભળ! સમજાણું કાંઈ? એવી ક્રિયાના નિમિત્તના સંગમાં જે રાગ તીવ્ર છે એવા રાગને અને નિશ્ચય સમ્યગ્દર્શનને ત્રણ કાળમાં મેળ હોઈ શકે નહિ. એવી ક્રિયા એના નિમિત્ત સંબંધમાં પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એને કારણે ન હોય. રાગ રાગને કારણે ન હોય પણ રાગ હોય તો આવી જાતનો હોય. કસાઈ પણ હોય, બોકડા કાપતો હોય અને ભગવાનનો ભગત! સમજાણું કાંઈ? એ વાત ત્રણ કાળમાં હોઈ શકે નહિ.

ભગવાન એવો આત્મા, એનો ભગત એટલે સમ્યગ્દૃષ્ટિ થાય એને એવા વિકલ્પની માંસ ખાવાની, દારૂ પીવાની.. સમજાય છે? શિકાર કરવાની, માંસ વેચવાની એવી વૃત્તિનો ત્યાં અંદર સહજપણે અભાવ જ હોય. હોય તો બાર વ્રતાદિના ભાવોના શુભરાગની વૃત્તિ હોય. પણ કોને? ઓલો નિશ્ચય હોય તો. નિશ્ચય ન હોય અને એકલા બાર વ્રતના વિકલ્પ પણ એ નિશ્ચય વિનાના વૃથા વ્યર્થ છે. એને ચાર ગતિમાં રખડાવવા માટે છે. અને નિશ્ચયનું ભાન થયું ત્યાં આવો શુભરાગ પંચમ ગુણસ્થાનને યોગ્ય એને હોય જ. આડા અવળા બીજા ન હોય. એ વાત સિદ્ધ કરવા આ વાત લેવામાં આવી છે. સમજાણું કાંઈ? મૂળજીભાઈ!

'**તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.**' દાખલો છે. એ કહે કે અમને તો મુનિપણું આવ્યું છે. મુનિપણું? કોને માને છો? તારા ગુરુ કોણ હતા? ગુરુ ગમે એવા હોય. અમારે મુનિપણું આવ્યું છે. મૂઢ છો કાંઈક. છેતરપિંડી માંડી લાગે છે કાંઈક. એના ગુરુ પણ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રવાળા હોય. એની શ્રદ્ધાનો એને રાગ અને ભક્તિનો ભાવ હોય અને આત્માનું ભાન હોય તો વ્યવહાર અને નિશ્ચયને સુમેળ છે. નહિતર મેળ છે નહિ. મેળ નથી તો બેય (ખોટા છે). દહીં મળે છેને? આ દહીં નથી મળતું? મેળવણ. નહિતર થઈ જાય પાણી એકલું. એમ નિશ્ચય સાથે આવા વ્યવહારનો મેળ ન હોય તો થઈ જાય એકલું પાણી—મિથ્યાદૃષ્ટિપણું. એને દૃષ્ટિ સાચી રહે નહિ અને એને વ્યવહાર તો હોય નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન કહે અને અનંત જ્ઞાનીની અશાતના કરતો હોય. સર્વજ્ઞ માર્ગની, સર્વજ્ઞ પંથે ચાલેલા સંતોની અનાદર, અશાતના કરવાનો રાગ હોય અને સમ્યગ્દર્શન હોય, બે વાતને ત્રણ કાળમાં મેળ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પૈસાની જવાબદારી નથી માનતા? પૈસા આટલા રાખવા ને છોકરાને ... મોટરા ફલાણા રાખવા ને ઢીકણા રાખવા ને ફલાણું.. સાચવજો, ધ્યાન રાખજો. અમારે શેઠ હતો ઈ સાંજે જાય તો.. દુકાન ભાડે આપી હોય, પણ દિવાળીએ ઉઘાડી રાખીશ નહિ.

ઓલું સળગે તો ઘર-મકાન જોડે સળગી જાય તો? ઉંદર-બુંદર ત્યાં છે કે નહિ તારા ઘરમાં? દિવાસળી રાખીશ નહિ. દિવાસળી બાકસ આમ સળગી જશે તો ઘર સળગશે, અમારું ઘર સળગશે જોડે. ભાડે મકાન આપે એને સંભાળ કરવાનું કહેતા જાય. ભાનુભાઈ! નવરંગભાઈ! આપ્યું હોય ભાડે. ઘર પોતાનું જોડે હોય. તારે વેપાર શું છે? દિવાસળીનો ને બધાનો. પણ દિવાસળી ખુલ્લી ન રહી જાય, ધ્યાન રાખજે. રાત્રે કોઈ ઉંદરડો આવીને આમ કચડશે અને ભડકો ઉઠ્યો કાગળનો તો સળગશે તારું પણ ભેગું અમારું. એટલી જવાબદારી ભાડાવાળા માટે પણ સમજે છે. અહીં કાંઈ ન મળે. એ તો ફક્કડબાજ. નિશ્ચય આમ છે અને વ્યવહાર આમ છે ને ફલાણું આમ છે અને ઢીકણું આમ છે.

અરે..! સાંભળ રે સાંભળ! ગૃહીત મિથ્યાદષ્ટિ. જેને ગૃહીત મિથ્યાદષ્ટિ એટલે અનાદિનું મિથ્યાત્વ તો પડ્યું છે. પણ વ્યવહાર નિશ્ચયની સાથે કેવો હોય એની શ્રદ્ધાના ભાન નથી ઈ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? ગૃહીત એટલે? મિથ્યાત્વને પુષ્ટ કરનાર છે. ગૃહીત એટલે શું? મિથ્યાભાવને પુષ્ટ કરનાર છે. સમ્યક્ ભાવ-બાવ એની પાસે છે નહિ. ભગવાન અમૃતચંદ્રાચાર્ય સર્વજ્ઞના પેટ અને શાસ્ત્રના હાર્દ ખોલીને નિશ્ચય જેની દષ્ટિ, જ્ઞાન અને રમણતા હોય એને યોગ્ય જ એને રાગની મંદતાના શુભભાવ આવે. આવે ખરા, હોય ખરા, ન હોય એમ માને તોપણ મૂઢ છે. અને આવે એને બીજી જાતના આવે તોપણ મૂઢ છે. અને આવે એને ઉપાદેય માને તોપણ મૂઢ છે. ઘણા પ્રકાર પણ આમાં. યાદ કેટલા રાખવા આમાં? છગનભાઈ!

ભગવાન! તારામાં તો તાકાત કેટલી છે. કેટલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંયોગોમાં આવ્યો. એ બધી સ્મૃતિમાં અંદર પડ્યું છે, લ્યો! આ જાતિસ્મરણ આદિ થાય છે એ ક્યાંથી થાય છે? એ સ્મૃતિમાં (પડ્યું છે). આમ અંદર જાય ત્યાં ફડાક.. અહીં હતો, આ ક્ષેત્રે, આ દ્રવ્યે, આ સ્થિતિએ, આ સંયોગે. એવી તાકાત યાદ (શક્તિ)ની છે. કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે અને આ યાદગીરીની તાકાત નથી એ તો પોતાની માન્યતાથી માનીને બેઠો છે.

આચાર્ય કહે છે, વ્યવહાર અને નિશ્ચય. નિશ્ચય એટલે સાચું. મોક્ષમાર્ગનું સ્વરૂપ અંદર શુદ્ધતા. વ્યવહાર એટલે આરોપિત રાગ. પણ એ બેને અનારોપ અને આરોપનો મેળ હોવો જોઈએ. સમજાણું કાંઈ? એવા વડે '**અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે,...**' જુઓ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સર્વજ્ઞપદે બિરાજમાન સ્વરૂપ એની દષ્ટિ ને જ્ઞાનની રમણતા થઈ એવા નિશ્ચય સાથે એને યોગ્ય જ વ્યવહાર હોય તો એને ઈષ્ટની સિદ્ધિ થાય. નહિતર અનિષ્ટની સિદ્ધિ થાય છે. સમજાણું આમાં કાંઈ? ભઈ, અમે સમ્યગ્દષ્ટિ તો છીએ પણ અમે કેવા ફલાણાને માનીએ, હનુમાનને માનીએ, અંબાજીને માનીએ, શિકોતેરને માનીએ, અમારે દીકરો થાય એમ માનીએ, શીતળા પાસે જઈને માનીએ. એવી માન્યતાનો

રાગ હોય અને અમારે ધર્મની શ્રદ્ધા છે (એમ માને તો) મૂઢ છે. એની એને ધર્મની શ્રદ્ધાનું નિશ્ચય ભાન એમાં વ્યવહાર કેવો હોય એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

પહેલો કોથળો લઈને આવ્યો હોય તો મરચા લઈને આવ્યો હશે એમ માને. કેસર લઈને આવ્યો હશે એમ માને? આ કોથળો માથે નથી ઉપાડતા? કોથળો કરેને? ગામડામાં પહેલા કોથળા કરતા. મરચા વેચતા ને? મરચાનો કોથળો કરે. ... કરતાં. તે દિ' તો ચાર-છ પૈસામાં, બે આનામાં ઘણું (આવતું). કોઈ કોથળો લઈને આવે તો માણસ શું માનતા હશે? મરચા હશે. લીલા હશે કે સૂકા હશે. કે શાક લઈને આવ્યો હશે. પણ કેસર લઈને આવ્યો હશે એમ થાય? એમ જેના વર્તમાન વ્યવહારમાં સત્ય માર્ગથી વિરુદ્ધ શ્રદ્ધા, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહારના આચરણના રાગનો ફેર છે એ કંઈ નિશ્ચયનું કેસર લઈને આવ્યો છે એમ કોઈ માની શકતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત પણ ભાઈ! આવી વાત લાલચંદભાઈએ માંગી કે અમારે આ સાંભળવું છે. ભલે ચંદુભાઈએ કીધું હશે. સમજાણું કાંઈ આમાં?

બાપા! અરે..! શાક કપાતું હોય તો છરી નિમિત્ત હોય. ધોકો નિમિત્ત હોય? ધોકાથી કંઈ એવું થાય? ભૂક્કો થાય. એ કાંઈ કપાઈને કટકા થાય? ઝીણા ઝીણા કરવા હોય આમ સરખા. આ દૂધીના ને કરે છેને? ટિંડોરાના ગોળ ચક્કર ધોકાથી થાતા હશે? કાર્ય તો થાય પણ નિમિત્ત હોય એવી જાતનું કે જેમાં આ જાતનું હોય એને અનુકૂળ નિમિત્ત હોય. ધોકો નિમિત્ત હોય અને ભૂક્કો થાય, કટકા ઝીણા સરખા પડે એવું હોઈ શકે નહિ. શાંતિભાઈ! સમજાય છે આમાં? આમાં સમજાય છે એટલે ઓલું બધું મૂકી દઈને આ બીજા વાત છે કાંઈક. એમ. આહા..હા..!

પ્રભુ! તારા પંથે પડવું હોય તને તો સત્યના પંથને ચડનારો એને સત્યના જ નિમિત્તોના વિકલ્પ આવે. સાચા દેવની ભક્તિ, સાચા ગુરુની શ્રદ્ધા, સાચા શાસ્ત્રનું બહુમાન, સાચા શાસ્ત્રનું બહુમાન, ખોટા શાસ્ત્ર અને ખોટા દેવ-ગુરુનું બહુમાન વર્તે અને કહે કે અમને સમ્યગ્દર્શન છે, મોટો મૂઢ જીવ છે. મિથ્યાદૃષ્ટિ ગૃહીત મિથ્યાત્વને સેવનારો છે. ન્યાલભાઈ! રાજકોટમાં આવી ચોખવટ પહેલા નહોતી આવી હોં! બધી નિશ્ચયની વાતું આવે એટલે બધી સારી લાગે આમ પાધરી. એક કહેતા અમારે, ઓલા બાબરાવાળા છેને? નરભેરામભાઈ. નિશ્ચયની વાત સારી. બપોરે દાનની વાત આવે ને, પૈસો કાઢવો, રાગ (ઘટાડવો), ઈ બરાબર ઠીક પડતું નથી. નિશ્ચયની વાત આવે ને, આપણે અને પૈસાને કાંઈ સંબંધ નથી. રાગને સંબંધ નથી. હવે આપણે પૈસા ખરચવા શું કરવા? રાખો. બપોરે કહેવાય કે રાગ ઘટાડે. જેને અરાગી આત્માની શ્રદ્ધા-જ્ઞાન થાય, જેમાં કષાયનો કણ નથી એની પ્રતીતિ આવે, એને રાગની મંદતા દાનાદિમાં થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એ વાત આકરી પડે છે બપોરની. બોલકા છેને એટલે જરી.. સવારની વાત સારી. કંઈ કરવું (નહિ), દેવું-લેવું નહિ, દેવા-લેવાનો ભાવ

પણ આત્માનો નહિ. ઈ બહુ સારી વાત છે. અરે.. ભગવાન! આ..હા..હા..!

ચક્રવર્તીઓ સમ્યગ્દષ્ટિ આમ મુનિને ભાળે, આમ ઝૂકી જાય, આહા..હા..! ભરત ચક્રવર્તી છ ખંડના ધણી. છન્નુ કરોડ જેને ઘરે ગામ. છન્નુ હજાર સ્ત્રી. સોનાના આમ ઓલા નાખ્યા હોય. હીરા, માણેકની તો જેને મોજડીઓ આમ ચાલતી હોય. ચમક ચમક વીજળીની પડતી હોય આમ. આમ ખાવાના ટાણા હોય, સમ્યગ્દષ્ટિ આત્માનું ભાન છે, અરે..! કોઈ મુનિ અમારે ઘરે (પધારે). અરે..! આ કોળિયા આ પેટમાં જાય એ કરતાં મુનિ અમારે (આંગણે પધારે). એ ભાવ વીતરાગીની ભક્તિનો આવ્યા વિના રહે નહિ. ખબર છે કે અમે ચરમશરીરી છીએ. આ ભવમાં અમારો મોક્ષ છે. ભગવાને કહ્યું અને અમને ખબર છે. અમે મોક્ષગામી (છીએ) અને આ છેલ્લો દેહ છે અમારે. છતાં જ્યાં સુધી સાધકદશાની અપૂર્ણ દશામાં હતા એને આવો રાગ ભક્તિનો (આવ્યા વિના રહે નહિ). અરે..! એ તો શુભભાવ છે, એ તો પુણ્યબંધનું કારણ છે. પણ કોણ ના પાડે છે, સાંભળને! પણ એ આવ્યા વિના રહે નહિ. અને જો ન આવે તો મિથ્યાદષ્ટિ છે અંદર. સમજાણું કાંઈ? એ અંદરમાં મિથ્યાત્વને ઘૂંટી રહ્યો છે. શુભરાગની મર્યાદા આવા વ્યવહારની ન હોય અને માની બેસે કે અમે સમ્યગ્દષ્ટિ છીએ, એ બીજે રવેડે ચડી ગયો છે. સમજાણું આમાં કાંઈ?

એટલે કહે છે, બહુ વાત સરસ લીધી છે. ઓ..હો..હો..! નિશ્ચયને અનુકૂળ વ્યવહાર ત્યાં હોય. પ્રતિકૂળ એની દશાની ભૂમિકાથી વિરુદ્ધ ભાવ ત્રણ કાળમાં હોય નહિ. વિરુદ્ધ ભાવ હોય તો ત્યાં દૃષ્ટિ સાચી રહેતી નથી. મુનિની દશામાં પણ વસ્ત્ર આદિ બાહ્ય પદાર્થોને લેવાની વૃત્તિ હોય અને છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધ પરિણતિ રહે, ત્રણ કાળમાં રહે નહિ. અને માને તો એ મિથ્યાદષ્ટિના મિથ્યાભાવને ઘૂંટી રહ્યો છે. સમજાણું કાંઈ? ન્યાલચંદભાઈ! ઓ..હો..!

એ વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ. પાછું એમ. '**અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે. બીજી રીતે થતી નથી.**' અસ્તિ-નાસ્તિ કરી. '**વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી.**' હવે એને નિશ્ચય અને વ્યવહારની સંધિનો મોટો વિસ્તાર કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ ૧૩, બુધવાર, તા. ૨.૫.૧૯૬૨
ગાથા-૧૭૨, પ્રવચન-૬

આ પંચાસ્તિકાય સમયસાર એક શાસ્ત્ર છે. અધ્યાત્મ શાસ્ત્ર. એમાં આત્માનું હિત કરનાર એની દૃષ્ટિ, એનું જ્ઞાન, એનું વર્તન સત્ય કેવું હોય અને સત્યની પરિપૂર્ણતા પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી એને વચમાં ભક્તિ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પની જાત, રાગની જાત કેવી હોય એનું આ સરવાળે બેના સારરૂપ આ કથન ચાલે છે. ઝીણું તો પડે એવું છે. અનાદિ એણે કોઈ દિ' પરિચય અને અભ્યાસ કર્યો નથી. આ સંપ્રદાયમાં જન્મીને ત્યાગી થઈને પણ મૂળ તત્ત્વ શું છે એને સમજ્યા વિના એની શાંતિ અને શાંતિમાં પણ જ્યાં સુધી પૂર્ણ શાંતિ ન હોય ત્યારે વચમાં એને શુભરાગ, શુભરાગની વાસિત બુદ્ધિ કેવા પ્રકારની કેટલી હોય એનું વ્યવહારુ જ્ઞાન અને ત્રિકાળી ચૈતન્ય ભગવાન એના શુદ્ધતાને અવલંબીને જે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના અંશો વીતરાગી નિર્દોષ પ્રગટ થાય તે નિશ્ચય સત્ય છે અને વચમાં જે રાગાદિ ભક્તિની વાસના આદિ આવે તે વ્યવહારરૂપ ઉપચાર છે. પણ એ વ્યવહાર કેવો હોવો જોઈએ અને નિશ્ચય કેવો હોય તો એને વ્યવહાર કહેવાય, આ એ અધિકાર ચાલે છે. સમજાય છે કાંઈ?

અહીં સુધી આવી ગયું આપણે. આત્માનો જે સ્વભાવ શુદ્ધ વીતરાગી વિજ્ઞાનઘન આનંદ એનું સ્વરૂપ છે. એની દશામાં વિકારની લાગણીઓ શુભાશુભ ભાવની છે. એની રુચિ છોડીને જેણે ભગવાન આત્માના અંતર ભેટા કર્યા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા.. સમજાય છે કાંઈ? એવી જે વીતરાગ શ્રદ્ધા અને જ્ઞાનદશા એ બધા શાસ્ત્રનો સાર છે. બધા શાસ્ત્ર સર્વજ્ઞના કહેલા ત્રિલોકનાથ દેવાધિદેવ એના મુખમાંથી વાણી નિકળી એ બધા શાસ્ત્રનો એક સાર, સંયોગથી હઠી પુણ્ય-પાપના વિકલ્પની રાગની લાગણીથી ખસી અને જ્ઞાનાનંદ સ્વરૂપ પૂર્ણ ચિદ્ઘન છે એના લપેટમાં એમાં એકાકાર થવું એટલે કે ત્યાં નિર્દોષ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એટલે વીતરાગતા પ્રગટ કરવી એ સર્વ શાસ્ત્રોનો સાર છે.

પણ એવું ચૈતન્યતત્ત્વ જે છે, વસ્તુ સ્વભાવ શુદ્ધ અને આનંદ, એની અંતર દૃષ્ટિ થઈ અભેદ, અભેદ એટલે કે જે જ્ઞાનની વર્તમાન દશા એકલા પુણ્ય અને પાપના રાગમાં ભેદવાસિત હતી, મિથ્યાત્વ વાસિત બુદ્ધિ હતી, એ બુદ્ધિને-વર્તમાન જ્ઞાનની દશાને અંતર ચૈતન્ય તરફ વાળી અભેદપણું જેવી શક્તિ—વસ્તુ છે એના તરફ એકાકાર કરીને પુણ્ય અને પાપના વિકલ્પની રુચિનો નાશ કરી અને રુચિ સ્વભાવ સાથે અભેદ થઈ એને પ્રથમ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. બહુ વ્યાખ્યા પણ ઝીણી, ભાઈ! શરતું પણ બહુ પાછી એમાં. આ ડૉક્ટર એમ કરતા હશે ને? આંખમાં આમ શરત છે ને ફલાણું છે ને ઢીકણું છે. આમાં

આ છે. મોતિયા આટલા દિ'નો છે. પછી પાકશે ત્યારે ઉતારશે, ફલાણું છે. અત્યારે તો જોકે કાચોય ઉતારે છે. પ્રવિણભાઈ! અહીં તો કાચોને કાચો કાપી નાખવાની વાત છે.

ભગવાન ચૈતન્યમૂર્તિ એને અનાદિનો પુણ્ય અને પાપ અને પરપદાર્થની એકતાબુદ્ધિ એવી લાગી છે કે જેને એમાંથી ખસવું અનંત કાળમાં અનંત વાર ત્યાગ કર્યા, મુનિપણું લીધું, સાધુ થયો બાહ્ય ક્રિયાકાંડનો પણ એ રાગથી બહિર્મુખથી લાગણી જે વૃત્તિ શુભ અને અશુભ લાગણી ઉઠે છે એનાથી ખસી જ્ઞાનાનંદ ભગવાન ઉપર એકાકાર થવું, એ એણે એક સેકંડ પણ અનંત કાળમાં કર્યું નથી.

હવે કર્યું હોય એને પણ... સમજાય છે? એ નિશ્ચય ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદકંદ પ્રભુ એનો અંતર દૃષ્ટિએ ભેટો કર્યો, સ્વરૂપનું ભાન થયું, દશામાં સ્વરૂપનો અનુભવ થયો પણ હજી વર્તમાન જ્ઞાનની દશા રાગની લાગણીથી સર્વથા છૂટી નથી. રાગ અને વિકારની રુચિથી છૂટી. પણ રાગની અસ્થિરતાના અંશો હજી પૂર્ણ નિર્દોષતા પ્રગટ કરી નથી એથી એને રાગની વાસના ઉત્પન્ન થાય છે. એ ચારિત્રદોષ છે. પણ એ રાગની વાસના ચૈતન્યસ્વભાવની અભેદ અનુભવની દૃષ્ટિ થયા છતાં કેવી રાગની લાગણી હોય કે જેથી વસ્તુની દૃષ્ટિનો નિશ્ચય અને એની સાથે તે તે ભૂમિકાને યોગ્ય રાગની લાગણીની ઉત્પત્તિ બેનો સુમેળ કેવો હોય, એનું આ કથન ચાલે છે. સમજાણું કાંઈ?

એ વાત કીધી કે વીતરાગતા તે શાસ્ત્રનું તાત્પર્ય છે. સ્વરૂપ આનંદકંદમાં ઝુલવું, અંદર દૃષ્ટિ કરવી અને સ્થિરતા કરવી એ સર્વ શાસ્ત્રનો સાર છે. પણ એ વીતરાગતા પ્રગટ થવા છતાં, સ્વભાવનું ભાન થવા છતાં નિશ્ચયની સાથે વ્યવહારની લાગણી કેવી હોય એનો જો સુમેળ ન સાધે તો એનો નિશ્ચય રહે નહિ અને એનો વ્યવહાર પણ સાચો હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ત્યારે કહે છે કે '**(ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :—)**' અવિરોધ. નિશ્ચય દૃષ્ટિ આત્માની કે હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું. રાગાદિ મારી ચીજમાં નથી. પરવસ્તુ તો પૃથક્ જ કામ કરી રહી છે. એમ ચૈતન્યને ભેદજ્ઞાન દ્વારા રાગથી, પુણ્યના વિકલ્પથી છૂટો પડીને ચૈતન્યની સાથે લીનતા દૃષ્ટિની, જ્ઞાનની કરી. છતાં અસ્થિરતાનો રાગનો મેળ એની સાથે કેવો હોય એ ભગવાન અહીંયા સમજાવે છે.

'**અનાદિ કાળથી...**' શબ્દ પડ્યો છે પહેલો. સામા મિંઢવે (મેળવે) ત્યારે ચોપડા સામે રાખે છેને બેય તારા લખ્યા એમાં મારા લખ્યા આમ નિકળે અને તારા લખ્યા એમ નિકળે. જો તો ખરો. ભાનુભાઈ! ન્યાં નક્કી કરે પણ અહીં નક્કી કરવું હોય કે સર્વજ્ઞ પરમાત્માના શાસ્ત્રમાં શું મેળ છે અને મારી દૃષ્ટિની સાથે રાગની કેવી જાત, એનો સુમેળ છે એનો એણે વિચાર કર્યો નથી. '**અનાદિ કાળથી...**' ભગવાન આત્મા '**ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' શું કહે છે? અનાદિ કાળથી પ્રભુ ચૈતન્ય એને જ્ઞાનની વર્તમાન દશામાં ભેદ છે, ભેદ પડ્યો છે. રાગ ને પુણ્ય ને વિકલ્પ એવો ભેદ. ચૈતન્ય તરફની અભેદતા દૃષ્ટિ હોવા

છતાં અનાદિ કાળની હજી અસ્થિરતાની ભેદબુદ્ધિ અંદર પડી છે. આ શું વળી? શું કીધું સમજાણું આમાં કાંઈ?

**'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...'** ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે એનો અર્થ શું? કે જ્ઞાનમૂર્તિ પ્રભુ એના જ્ઞાનની વર્તમાન દશામાં અનાદિ કાળથી રાગની અસ્થિરતાનો ભાવ અનાદિથી ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના વિકલ્પની લાગણી એની વર્તમાન દશામાં અનાદિ કાળથી ચાલી આવે છે. એવા ભેદવાસિત બુદ્ધિ હોવાને કારણે. આ કારણ આપ્યું. **'પ્રાથમિક જીવો...'** એટલે કે સમ્યગ્દ્રષ્ટિ જીવો. મુનિ કહો કે સમ્યગ્દ્રષ્ટિ કહો. સમજાણું કાંઈ? સમ્યગ્દ્રષ્ટિ પ્રાથમિક જીવો એટલે કે છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ પણ પ્રાથમિક દશામાં કહેવામાં આવે છે. શું કીધું સમજાણું કાંઈ આમાં?

ભગવાન આત્મા.... અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. વસ્તુ તો સમ્યગ્દર્શન પામ્યો કે રાગથી ભિન્ન અને પુણ્ય-પાપની ક્રિયાકાંડથી ચૈતન્ય પ્રાપ્ત થાય એ ત્રણ કાળમાં થાય નહિ. એમ આત્માને વર્તમાન દશાથી ત્રિકાળને એકાકાર કરીને અનુભવ અને પ્રતીત થઈ પણ એને હજી વ્યવહાર કેવો હોય? કેમકે અનાદિથી દૃષ્ટિ તો છૂટી પણ રાગની અસ્થિરતા હજી છૂટી નથી. જો રાગની અસ્થિરતા છૂટે તો પૂર્ણ સર્વજ્ઞ થઈ જાય. એટલે સર્વજ્ઞ પરમાત્મા થવા પહેલા એની પ્રાથમિક ભૂમિકાવાળા. ચોથા સમ્યગ્દ્રષ્ટિવાળા, પાંચમાવાળા કે છઠ્ઠાવાળા. અહીં મુનિની પ્રધાનતાથી મુનિનું કથન (ચાલે છે).

**'પ્રાથમિક જીવો...'** એટલે કે જેને અંતર વીતરાગ અવિકારી દશા પૂર્ણ થઈ નથી અને અવિકારી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાના અંશો પ્રગટ્યા છે. સમજાણું કાંઈ? ભારે વાત આ. કઈ જાતની આ વાત? ધર્મમાં તો કાં તું એમ કર કે પૂજા કરો, વ્રત કરો, દાન કરો, મંદિર બે, પાંચ, દસ બંધાવી આપો. જાઓ કલ્યાણ (થઈ જશે). ધૂળમાંય નથી, સાંભળને હવે. લાખ, કરોડ મંદિર બને એ તો એને કારણે બને. એ જડ છે. એ તો પરવસ્તુ છે. પરવસ્તુને શું આત્મા બનાવી શકે છે ત્રણ કાળમાં? બનવાના કાળે તે સ્થિતિ ઊભી થઈ જાય છે. એ વખતના જીવનો શુભરાગ કેવો હતો એનું જ્ઞાન કરાવવા એમ કહેવાય કે આણે આ બનાવ્યું. બનાવે બનાવે કોઈ ત્રણ કાળમાં પર અવસ્થાને બનાવી શકતું નથી.

અહીં તો કહે છે, એ તો એક કોર વાત રહી પણ રાગ ને પુણ્યના દયા, દાન, વ્રત, તપના વિકલ્પની વાસના એ વાસના ને જેમ ચૈતન્યની દશાને એક માની છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ ધર્મને પહેલે રસ્તે પણ આવ્યો નથી. હવે અહીં તો કહે છે, ધર્મને પહેલે રસ્તે આવેલો છે એને વ્યવહાર કેવ હોય, એની સુસંગતતા નિશ્ચયની સાથે વ્યવહારનું સુસંગત—સુસંગતતા મેળ કેવો હોય એનું આ કથન કરવામાં આવે છે.

**'પ્રાથમિક જીવો...'** એટલે કે સમ્યગ્દ્રષ્ટિ અથવા છઠ્ઠા ગુણસ્થાનવાળા સંતો જેને આત્માના આનંદની દશાનો વ્યક્તપણાનો આનંદ વેદનમાં સ્વ આશ્રયના અનુભવથી આવ્યો છે.

'**વ્યવહારનયે...**' એ જીવને વ્યવહાર એટલે વર્તમાન જ્ઞાનનો અંશ જે વર્તમાનમાં ભેદ ઉઠે છે રાગનો એને જાણનાર નયની અપેક્ષાએ. ભઈ ધ્યાન રાખે તો સમજાય એવું છે. આ તો માખણની ચીજ ગોખે કાંઈ ચાલે એવું નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જેને પૂર્ણ વીતરાગતા-અવિકારતા, નિર્દોષિતા પ્રગટ થઈ. એને વિકલ્પ નામ રાગ વિનાની વાણી નિકળી ગઈ, ધ્વનિ ઉઠી ગઈ. ૐ ધ્વનિ ઉઠી અને એને કારણે શાસ્ત્રો એમાંથી બાર અંગ રચાઈ ગયા. એ બાર અંગની અંદર ભગવાન આમ કહે છે કે હે જીવ! જ્યારે આત્મા સર્વજ્ઞે કહેલો અને જેવો છે એવો, એકરૂપ ચૈતન્ય ભગવાન અભેદ દૃષ્ટિ કરી. પણ અભેદ દૃષ્ટિ કરી પણ પૂર્ણ અભેદ થયો નથી. એવી '**ભેદવાસિત બુદ્ધિ હોવાને...**' કારણે ધર્મીજીવને—સમ્યગ્દૃષ્ટિ જીવને, મુનિને ભાવલિંગી સંતને જેને આત્માના છઠ્ઠી-સાતમી દશાઓ ભૂમિકા થાય. ઝુલે ઝુલે છે ઝુલણે. ઘડીકમાં અપ્રમત્તનો આનંદ, ઘડીકમાં વિકલ્પ ઉઠે છે, શ્રવણ કરું કે કહું. એવી જે દશા મુનિની સંતની એને પણ હજી ભેદવાસિત બુદ્ધિ રહી ગયેલી છે. ભેદવાસિત બુદ્ધિ એટલે દૃષ્ટિ નહિ. સમજાણું કાંઈ? દૃષ્ટિ તો તોડી નાખી છે. રાગ અને સ્વભાવ બે એક, એમ જે માન્યા હતા... રાગ એટલે આસ્રવ, પછી દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજાનો વિકલ્પ રાગ ઉઠે છે એ તો આસ્રવ છે. આસ્રવ એટલે જે વડે નવા આવરણો આવે છે. એ કંઈ ધર્મ છે નહિ. એવા રાગના ભાગને અરાગી ચૈતન્યની અંતર્મુખ થઈને જેણે એકતા તોડીને ભેદજ્ઞાન કર્યું છે. પણ હજી સર્વથા ભેદવાસિત બુદ્ધિ ગઈ નથી.

ભેદવાસિત એટલે? હજી અસ્થિરતાના, ચારિત્રની રમણતાના અંદર ખામીના અંશને લઈને અને તે પણ ભાઈ! પોતાની પ્રભુતાની શક્તિ ફોરવી (છે). એના પહેલા આવી ગયું છે, જુઓ! ૧૭૦માં છેને? ૧૭૦ ગાથામાં છે. '**જે જીવ...**' ૧૭૦. અહીં ઈ કહેવું છે. એ માટે આ વાસના રહી ગઈ છે. એમ. વાસના કેમ રહી છે? '**જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો,...**' ભગવાન આત્માના આનંદમાં પ્રયત્ન પરાયણ થયો થકો '**અચિંત્ય સંયમ-તપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં...**' અચિંત્ય સ્વરૂપની રમણતા અને શાંતિનો સંયમ ધારણ કર્યો છતાં '**પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...**' કર્મને કારણે નહિ. એ ભેદવાસિત બુદ્ધિ રહી છે એ કર્મને કારણે નહિ. પોતાની પ્રભુશક્તિ જે છે એને '**પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિને ઉત્પન્ન કરી નહિ હોવાથી...**' શું કીધું?

ભગવાન આત્મા પોતાના આનંદને સ્પર્શી ગયો, વેદનને. સમ્યગ્દર્શનના અનુભવના ભાનમાં. પણ પરમવૈરાગ્ય આરોહણ સ્વરૂપમાં જે સ્થિર થવું જોઈએ એવા પરમ વૈરાગ્યપરાયણ જે પ્રભુત્વ શક્તિ એટલી પ્રગટ કરી નહિ હોવાને કારણે. સમજાણું કાંઈ? એને રાગનો ભાગ ઉત્પન્ન થાય છે. ધર્મીને, મુનિને અને સમ્યગ્દૃષ્ટિને. ચંદુભાઈ! કર્મનું કારણ નહિ. છેને? ખુલાસો

ભાઈએ કર્યો છે. જુઓ! નીચે પ્રભુશક્તિની વ્યાખ્યા કરી છે. એટલે શું કીધું? પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાને કારણે. ભાન થયું સમ્યક્ ચૈતન્યનું પણ પ્રભુત્વશક્તિની આરોહણ વૈરાગ્ય, પરમ વૈરાગ્ય ઉદાસ થઈને અંદર સ્થિર થવું જોઈએ એ પ્રગટ શક્તિ કરી નથી તેથી **'પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે,...'** પીંજણ પીંજણ. આ પીંજણ શું કહેવાય? પીંજારા એની રગ હોય છેને? એમાં જરી રૂની પુંજ હોય તો સરખુ રૂ ચોખ્ખું ન થાય. એનો ઓલો તાર હોય ને? ટાંક ટાંક. તમારી ભાષા અમને બરાબર ક્યાંથી યાદ રહે? ઓલી ટાંકમાં રૂ નાખીને આમ આમ કરેને. પછી એની ... તો હોયને. આમ મારે. પણ એની સાથે જરી રૂ વળી ગયેલું હોય, ચોંટ્યું હોય તો ચોખ્ખું રૂ સાફ થાય નહિ. એ તાર ચોખ્ખો ન થાય અને તાર ચોખ્ખો ન થાય તો રૂ પણ ચોખ્ખું નિકળે નહિ. એટલું જરી ખામીવાળું નિકળે. છેને ન્યાય?

**'પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે,...'** એને નવ પદાર્થનો વિકલ્પ ઉઠે છે. જીવ આને કહેવાય, અજીવ આને કહેવાય, દયા, દાનના વિકલ્પને પુણ્ય કહેવાય. આ હિંસા, જૂઠા, વિષયના ભાવને પાપ કહેવાય. એવી રાગની લાગણી સમ્યગ્દૃષ્ટિને પણ પૂર્ણ પ્રભુતાની પ્રગટ શક્તિ કરી નથી માટે એને ઉઠે છે. અને પંચ પરમેષ્ઠીની પ્રીતિ. સાચા અરિહંત, સિદ્ધ ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, સંત એ પાંચ પ્રત્યે પ્રીતિની લાગણીનો રાગ એ જીવની પ્રભુત્વશક્તિ એણે પ્રગટ કરી નથી માટે એ રાગની લાગણી ઉત્પન્ન થયા વિના રહે નહિ. એને પંચ પરમેષ્ઠી પરમાત્મા ઉપર પ્રેમ ઉછળે છે, પણ છે એ રાગ. સમજાય છે કાંઈ? એ રાગ છે તે પુણ્યબંધનું કારણ છે. પણ એ રાગ પ્રભુત્વશક્તિ જેટલી પર્યાયમાં—અવસ્થામાં વૈરાગ્યથી અંતરમાં આરોહણ થવું જોઈએ એટલું કર્યું નથી તેથી આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? આ એ વાત કરે છે અહીં જુઓ!

**'અનાદિ કાળથી ભેદવાસિતબુદ્ધિ...'** અનાદિ કાળનો એવો અર્થ ન લેવો કે મિથ્યાદૃષ્ટિ છે એની આ વાત ચાલે છે. અહીં તો અનાદિ કાળની રાગથી સર્વથા એકતા તૂટીને એકલો વિકાર રહિત થઈ ગયો એવું છે નહિ. સમજાણું કાંઈ? **'પ્રાથમિક જીવો...'** એટલે કે આત્માના જ્ઞાનમાં આવ્યા, એ આત્માનો ધર્મ પ્રગટ થયો પણ હજી અનાદિ કાળની રાગમાં અસ્થિરતાનો ભાગ જે પડ્યો એને છોડવા હજી સમર્થ નથી, તાકાત એટલી નથી એથી એને **'ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને. બધી ભાષા ગ્રીક લેટિન જેવી લાગે એવી છે. અર્થ આવે છે હવે. શું કહે છે?

ધર્મીજીવ પણ આત્માના શુદ્ધ ચૈતન્યનું ભાન ને અનુભવ ને સાક્ષાત્કાર સમ્યગ્દર્શન થયો છતાં સ્વરૂપની વિશેષ ચારિત્રદશા પણ કેટલીક પ્રગટ હોવા છતાં એને ભિન્નસાધ્યસાધન ભાવ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. ભિન્નસાધ્યસાધન એટલે? નીચે અર્થ છે જુઓ! ત્રગડો છેને ત્રગડો. ઓલા બગડાનું ક્યાં ગયું? માથે ગયું હશે. અવિરોધપણે છેને એ તો? બગડાનું કાલે ગયું. હવે ત્રીજો આવ્યો છે. **'મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને...'** નીચે નોટ. **'મોક્ષમાર્ગપ્રાપ્ત**

**જ્ઞાની જીવોને...**' એટલે? કે વિકારની રુચિના પંથે પડેલો એ તો એકલો બંધમાર્ગના પંથે દોરાઈ ગયો છે. એને મોક્ષમાર્ગ છે નહિ. પણ વિકારની પુણ્ય-પાપની, દયા, દાન, વ્રતાદિની લાગણીની રુચિ છોડી મુક્ત સ્વભાવ આત્માનો એની રુચિ, દૃષ્ટિ કરી અને મોક્ષના માર્ગ છૂટવાના પંથે પ્રયત્ન પરાયણ થયો એવા જીવને '**પ્રાથમિક ભૂમિકામાં,...**' પૂર્ણ નિર્દોષ પ્રગટ થવા પહેલાના કાળમાં '**સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે...**' એના ધ્યેયમાં શું છે? અત્યારે ધ્યેય દ્રવ્ય એમ લેવું નથી અત્યારે. દ્રવ્ય ધ્યેય જે સમ્યગ્દર્શનનું છે, એ અત્યારે વાત નથી. અત્યારે નિર્મળ પૂર્ણ દશા થઈ નથી, એ પૂર્ણ નિર્મળ દશા એનું સાધ્ય છે. મૂળજીભાઈ!

સમ્યગ્દર્શનનું સાધ્ય અને ધ્યેય તો દ્રવ્ય છે—વસ્તુ છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થ ચૈતન્ય ત્રિકાળ જ્ઞાનની મૂર્તિ સ્વભાવનો સાગર એકરૂપ એ સમ્યગ્દર્શનનો આશ્રય અને સમ્યગ્દર્શનનું ધ્યેય છે અને સમ્યગ્દર્શનનું એ સાધ્ય છે. એ વાત અત્યારે નથી કહેવી. એ સાધ્ય તો પ્રગટ્યું છે પણ પૂર્ણ સાધ્ય જે નિર્મળ મોક્ષદશા, કેવળજ્ઞાનની દશા એ સાધ્ય જે છે સમકિતીને, મુનિને એ દશા હજી પ્રગટી નથી. છતાં એ '**સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત...**' પરિણત એટલે અવસ્થાએ થયેલ '**આત્મા છે...**' શુદ્ધ દશાએ પરિણમેલો આત્મા તે સાધ્ય સમકિતીને છે—જ્ઞાનીને છે '**અને તેનું સાધન...**' તેનું સાધન. આ ભિન્નસાધ્યસાધનનો અર્થ ચાલે છે. '**વ્યવહારનયે...**' વ્યવહારનયે સાધન એટલે કે ઉપચારે આરોપે સાધન. ખરું સાધન નહિ. દામોદરભાઈ! કેટલા બોલો આમાં સમજવા. ધર્મને સમજવા માટે આટલું? અરે.. પ્રભુ! પણ એટલી ભૂલને પંથે પડ્યો છેને. એ બધી ભૂલોને ટાળવા આ પ્રકાર એને સમજ્યા વિના ટળશે નહિ. એટલા ભૂલના ખીચડા કર્યા છે કે ધર્મ પામેલા જીવને પણ પછી કહેશે, ગમે એવો વ્યવહાર હોય, ગમે એવો રાગ હોય, ગમે એવું નિમિત્ત હોય. અરે..! સાંભળને. તને ધર્મ પામેલ કોણ અને એને સાધન શું એની તને ખબર નથી.

કહે છે કે જેને અમે સાધન કહીએ છીએ, સમ્યગ્દૃષ્ટિ જીવને, આત્મભાની જીવને સાધ્ય તો પૂર્ણ અરાગી દશા (છે) પણ તેનું વ્યવહારે સાધન, ઉપચારે સાધન, નિમિત્ત તરીકે સાધન, આરોપે સાધન '**(આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ)...**' શું કીધું? ભગવાન આત્મા અવિકારી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાના અંશને પ્રગટ કર્યો. એ શુદ્ધિની સાથે સાથે રહેલો '**ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે.**' એને વ્યવહાર સાધન દેવ-ગુરુ, સર્વજ્ઞ પરમાત્મા, સાચા ગુરુ અને સાચા શાસ્ત્ર, એની શ્રદ્ધાનો વિકલ્પ નામ રાગ, એને વ્યવહારે નિશ્ચય સાધ્ય તો સર્વજ્ઞપદ છે, વ્યવહારે એનું સાધન ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યા છે. નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.**' એટલે શું? કે નિશ્ચય નામ સત્ય દૃષ્ટિથી જોઈએ તો સમ્યગ્દર્શનનું ધ્યેય તો શુદ્ધ દ્રવ્ય ત્રિકાળ ભાવ છે પણ એની

દશાની શુદ્ધતાના ધ્યેયમાં આ જાય છે એટલે એને શુદ્ધ પરમાત્મદશા તે એનું સાધ્ય છે અને ઓલો વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વ્યવહારે એનું સાધન છે. નિશ્ચયમાં નહિ. નિશ્ચય એટલે? સ્વભાવની દૃષ્ટિ થઈ છતાં પૂર્ણ શુદ્ધનું સાધ્ય જે નિશ્ચયથી છે એનું નિશ્ચય સાધન એ સ્વભાવ તરફની અરાગી વીતરાગી દશા થવી તે એનું નિશ્ચય સાધન છે. પણ એવા સાધનની ભૂમિકામાં એને આવા જ વિકલ્પો સાચા હોય. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર. નવ પદાર્થ ભગવાને કહેલા એના ભેદનો વિકલ્પ, વિચાર ચાલે એને વ્યવહારે, પૂર્ણ શુદ્ધ સાધ્ય એવું સિદ્ધપદનું એને વ્યવહારે સાધન ઉપચારથી કહેવામાં આવે છે. ખરું સાધન તો રાગ રહિત અંતરના શુદ્ધ અવલંબનથી નિર્મળાનંદની દશા જેટલી પ્રગટ થતી જાય એ પૂર્ણ સાધ્યનું સાધન છે. પડખા ઘણા પણ આમાં. સમજાણું કાંઈ?

આ બહારના સાધન તો ક્યાંય ગયા. આહા..હા..! પણ અંદરમાં ભગવાન ચૈતન્યની જાતને સંભાળતો, શુદ્ધ ચૈતન્યને અવલંબતો, જે ધર્મદશાનો ભાવ પ્રગટ્યો. એ જ દશા પૂર્ણ સાધ્ય સિદ્ધપદ પરમાત્મપદનું એ સાધન છે. નિશ્ચયથી, ખરેખર, યથાર્થ, વ્યાજબી રીતે. પણ હજી પૂર્ણ નથી એટલે ભેદવાસિત બુદ્ધિ કહેવામાં આવી છે. ત્યાં વાસના જરી વૃત્તિ ઉઠે છે. એ કેવી? ઈ કહેશે. એ વાસનાને પૂર્ણ સાધ્યનું વ્યવહાર સાધન આરોપે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વ્યવહારનયે ધર્મીજીવને '**ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને...**' સુખે કરીને એટલે? નીચે અર્થ કર્યો છે, જુઓ! સુગમપણે, સહજપણે, કઠિનતા વિના. નીચે નોટ ચોગડાની. '**(જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના શ્રદ્ધાનાદિ કરેલ છે...**' ભગવાન ચૈતન્ય એકરૂપ સ્વરૂપ છેને. એવા સામાન્ય ધ્યેયને અંતર ઉપર પકડીને. જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન અને સમ્યક્જ્ઞાની થયો છે એવા જીવોને '**(તીર્થસેવનની પ્રાથમિક દશામાં...**' હજી એને વિકલ્પ ઉઠે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રેમ, પ્રમોદ આવે છે. એને અહીંયા વ્યવહાર '**તીર્થસેવનની પ્રાથમિક દશામાં (—મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે...**' જેટલી અરાગી રાગની વાસના રહિત જેટલી ચૈતન્યના શુદ્ધતાની શક્તિને અવલંબી શુદ્ધતા, નિર્મળતા, નિર્દોષતા, પરમાનંદતા પ્રગટી છે એ તો નિશ્ચય. એની સાથે સાથે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો હોય છે. એને વ્યવહાર રત્નત્રયના વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રના, સાચા દેવ, સાચા ગુરુ અને સાચા શાસ્ત્ર. એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના વિકલ્પ હોય તો એ વ્યવહાર પણ નથી અને એને અંદર નિશ્ચય પણ હોતો નથી. સમજાણું કાંઈ આમાં?

બહુ સમજવું પડે પણ આમાં. પણ સમજ્યા વિના ચાલતું હશે? શાક લેવા જાતો હશે, ન્યાં જઈને ઊભો રહે અને કહે કે શાક આપજો બે રૂપિયાનું. શું કહે ઓલા? મૂર્ખો છો. શું લેવા આવ્યો છો? શાક. મારા બાપાએ કીધું છે કે બે રૂપિયાનું શાક આપજો. આ પચ્ચીસ

જાતના શાક પડ્યા છે, ક્યુ પણ? ઈ ક્યુની મને ખબર નથી. રતિભાઈ! શું કરે? મૂર્ખ છો પણ. શાક તે કઈ જાતનું પણ? ભઈ, આ જેઠ મહિનો ચાલે છે, કેરી આવી છે માટે મારા બાપે કારેલા કીધા છે. આ પચ્ચીસ જાતમાંથી. પેલો રસ વાયડું કરેને, એટલે કડવા ભેગા કારેલા લાવ. હા, હવે ખરું. બધામાંથી તારવીને કારેલા લીધા. પણ મૂર્ખ કહે કે મને શાક આપજો. ઓલો આપશે વાલોર. એલા રસ સાથે વાલોરનો મેળ ન હોય પણ. ચંદુભાઈ! પચ્ચીસ જાતના શાક પડ્યા છે. મારા બાપે કીધું છે, લ્યો આ રૂપિયાનું શાક આપજો. પહેલા રૂપિયાનું થાતું. તમારે તો હવે બહુ મોંઘું પડે છેને. પહેલા તો ચાર પૈસે મળતું ને બે પૈસે મળતું. શાક આપજો. પણ ક્યુ? મને ખબર નથી. મૂર્ખો છો? શું લેવા આવ્યો તું? ચોખા લેવા જાય તો કઈ જાતના? કુલફાના, વાંસાવડના, રંગુનના? ઈ કાંઈ મને ખબર નથી. આ પાંચ રૂપિયાના ચોખા આપો. શું કહેવાય એને? દામોદરભાઈ! મૂરખ કહેવાય?

એમ અહીં કહે કે મારે ધર્મ જોઈએ છે. ક્યાં થાય ને કેમ થાય અને ક્યાં છે? ઈ મને ખબર નથી. મૂરખ લાગે છો. સમજાય છે કાંઈ? સમજ્યા વિના ધર્મ ક્યાંથી થાતા હતા તારી પાસે? ભગવાન આત્માની દુકાન જે ચૈતન્ય આનંદકંદની પડી છે અંદર એનું જ્ઞાન કર કે મારે ધર્મ જોઈએ છે. એની પાસે જા. એ.. ભાનુભાઈ! ભઈ અહીં વાત તો બધી આવે, હોં! ઉપચાર પણ આવે કે મૂઢ છો. મૂર્ખ. છોકરાને નથી કહેતો એનો બાપ? સમજતો નથી? મૂરખ છો? આટલી આટલી વાત કરી, મનહર કંઈ ગણતો જ નથી. એમ સર્વજ્ઞ જ્ઞાનીઓ જગતની દયા કરીને કહે છે કે અરે..! આત્માઓ! અરે..! અનાદિ કાળના રખડતા રેલમાં જેમ રજકણો છૂટા પડશે, રખડીને ક્યાંય ચાલ્યો જઈશ. તારું તત્ત્વ શું છે એના જ્ઞાન ને ભાન વિના બહારની પ્રવૃત્તિ કરીને મરી ગયો અનંત કાળથી પણ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નહિ. અને કેમ થાય, ક્યાંથી થાય, કેમાંથી મળે એની ખબર ન મળે. અમારે સમ્યગ્દર્શન જોઈએ છે. લ્યો, ક્યાંથી પણ મળે? કોણ જાણે? આપોને અમને સમ્યગ્દર્શન. ચોપડી આપે, ચોપડી. જાઓ, અમે તમારા ગુરુ, ભગવાને કહેલા શાસ્ત્ર, અમને માનો ઈ તમારું સમ્યગ્દર્શન. અમરચંદભાઈ! ચોપડીમાં આદર, લખ એમાં. હવે મને બાર વ્રત આપજો. સમકિત તો થઈ ગયું એને. મૂઢ, કાંઈ નથી થયું, સાંભળને! ગુરુ પાસે સમકિત છે તારું? તારી તો તારી પાસે છે. ચૈતન્ય જાત અંદરમાં પડી એને અવલંબીને સમ્યગ્દર્શન થાય એવી તો જેને ખબર નથી અને મારે સમ્યગ્દર્શન જોઈએ છે.

અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન પામેલ જીવ પણ જ્યાં સુધી પૂર્ણ વાસના ટળે નહિ, એને શુદ્ધિના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેમાંથી મળ્યું—દ્રવ્યમાંથી એના ભાન સહિત હોવા છતાં હજી એને ભેદરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો વિકલ્પ બરાબર આવ્યા વિના રહે નહિ. એને વ્યવહાર સાધન તરીકે કહેવામાં આવે છે. '**કારણ કે અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે...**' જુઓ! અમારે પંડિતજીએ ખુલાસો

કર્યો છે આ. આ પંડિત બેઠા સામે, જુઓ! કહો, સમજાણું કાંઈ? આ પંડિતજી આમ નાના છે, પાતળા છે જરી. આમ બેઠા છે. બુદ્ધિ ઉઘાડ ઘણો છે. કહો, સમજાણું કાંઈ?

**'અનાદિ કાળથી જીવોને...'** જુઓ! એમણે આ બધા અર્થો કર્યા છે, ટીકામાંથી સંસ્કૃતમાંથી. સંસ્કૃતમાં હુશિયાર છે. સંસ્કૃત, વ્યાકરણ, અંગ્રેજી, કવિત્વ, લેખક, વક્તા જે કહો એ બધું છે એની પાસે. સમજાણું કાંઈ? બોલે તોય વક્તા એવા, લખે તો એવા, કવિત્વ કરે તો એવા, સંસ્કૃતમાં એવા, વ્યાકરણમાં એવા, અંગ્રેજી પુસ્તકમાં વાંચે તો ગુજરાતી સીધું કરે. આ તો ગુજરાતી વાંચે તો અંગ્રેજીને અર્થ કરે છે. ખબર ન પડે. એમણે આ અર્થ ભર્યા છે. પૂર્વાપર વિરોધ રહિત મેળ કરીને. સમજાણું કાંઈ? એ તો પછી એમ કહે કે, તમારી પાસે સાંભળ્યું હતું અને કર્યું. એ પછી પ્રશ્ન. અહીંયા મેળ તો એણે જે શાસ્ત્રમાં લખેલું છે એનો મેળ કેમ થાય એની સંધિ કરી છે.

**'અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત...'** વાસિત એટલે ગંધ હજી રાગની છે. રાગની એકતા તૂટી પણ રાગનો અભાવ સર્વથા થયો નથી. સમજાણું કાંઈ? એ કસ્તુરીની ગંધ બેઠી છે. ભાઈ કહેતા હતા ને? વિરજીભાઈ. વિરજીભાઈ એક ફેરી દાખલો આપતા હતા. કસ્તુરી કોઈ મૂકી ગયો. કેટલી? શેર, દોઢ શેર હશે. એક ડબ્બો. વર્ષ, બે વર્ષ રહી હશે. કેટલા વર્ષ? કાંઈક કહેતા હતા એક ફેરી. પટારામાં. લેવા આવ્યો, લઈ ગયો કસ્તુરી. લઈ ગયા પછી આખા પટારાના જેટલા ઓલા... સમજ્યાને? ચોપડા હોય (એનું) પાનું ફેરવે ત્યાં કસ્તુરીની ગંધ આવે. કેટલું રહ્યું હશે? વિરજીભાઈ! કેટલા વર્ષ સુધી ત્યાં કસ્તુરીની (ગંધ) રહી ગઈ. ઈ લઈ ગયા તોપણ ગંધ રહી ગઈ. છ મહિના. ઈ પટારામાં છ મહિના સુધી કસ્તુરી કોઈ મૂકી ગયો હશે. આ સારા ઘર છે. પણ ઈ તો ઉઘાડે ને ગંધ આવે.

એમ ભગવાન આત્મા અનાદિ કાળનો પુણ્ય ને પાપની વાસનાની ગંધ એવી બેઠી છે એને કે મિથ્યાત્વદશામાં એ પુણ્ય અને પાપની ક્રિયા જ મારું કાર્ય છે. એ જ મારો ધર્મ છે. એ ઉપરાંત હવે કસ્તુરી ઉપડી ગઈ, થોડી ગંધ રહી ગઈ. એટલે કે રાગ ને પુણ્યની, વિકલ્પની લાગણી એ મારું તત્ત્વ નહિ, એ તો મલિન તત્ત્વ છે. દશા મારામાં થાય. હું નિર્મળ ચિદાનંદ છું. એમ પરથી ભેદ પાડી સ્વભાવની એકતાનો અભેદ પ્રગટ કર્યો. પણ છતાં હજી રાગની ગંધ રહી ગઈ છે. મુનિઓ થાય, ભાવલિંગી સંત જ્ઞાની જંગલમાં વસે. જેની દશામાં અમૃતના ઝોલા ખાતા હોય અમૃત. ઘડીકમાં અમૃત—અતીન્દ્રિય આનંદનો અનુભવ મુનિને આવે અને ઘડીકમાં રાગનો વિકલ્પ ઉઠે, અહો..! પરમાત્મા એની સ્તુતિ કરે. ભક્તિ કરે જંગલમાં. કેમકે હજી ભેદવાસિત રાગની લાગણી ઉત્પન્ન થયા વિના ભૂમિકા રહેતી નથી. એ ભૂમિકા હજી અધુરી છે. પોતાનો પુરુષાર્થ ઉગ્ર કરીને ઠર્યો નથી.

**'ભેદવાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન**

છે).' સમ્યક્ ભાન થયું, આત્માનુભવ થયો કે રાગ વિનાની ચીજ આ તો. આ તો જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે. એવું સાક્ષાત્ સમ્યગ્દર્શનમાં થયું અને સ્વરૂપની રમણતા પણ કેટલીક મુનિઓને ચારિત્રની થઈ પણ હજી અચારિત્રનો રાગનો ભાગ થોડા બાકી રહે છે. એનો એકદમ નાશ થવો પુરુષાર્થની ઉગ્રતા વિના કઠણ છે. માટે તેને રાગ આવ્યા વિના રહેતો નથી.

'**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' છેને? સુગમપણે, સહજપણે જ્ઞાતા-દ્રષ્ટાના ભાસની પરિણતિ દશામાં, આવો રાગ શુભનો એને આવે એને બેનું બરાબર જ્ઞાન કરતો, સ્વભાવ તરફ ઢળતો '**તીર્થની શરૂઆત કરે છે...**' એ ભેદના વિકલ્પમાં ઊભો છે અને તરવાનો પ્રયત્ન તો અંદર શરૂ છે. '**(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે).**' હવે દાખલો આપે છે જુઓ! હવે સિદ્ધ કરે છે. એને શું હોય છે વિકલ્પ? કેવી જાતનો રાગ હોય છે? સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો અને એ ઉપરાંત ચારિત્રની રમણતા પણ થઈ. છતાં હજી ઓલી રાગની લાળ તૂટી નથી. લાળ એટલે અસ્થિરતાની તૂટીને સ્થિર થવું જોઈએ એ તૂટી નથી. માટે એને કેવા વિકલ્પો સમ્યગ્દ્રષ્ટિને—ધર્મીને આવે? આવી જાતના આવે, બીજા એને હોય નહિ. એમ વ્યવહાર અને નિશ્ચયનો સુસંગત મેળ બતાવે છે.

'**(૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે,...**' આ વિકલ્પ ઉઠે. શું ઉઠે? છે રાગની વાસના. ભાન છે કે એ વાસના મારી ચીજ નહિ. છતાં વિકલ્પની લાગણીમાં અહો..! આ નવ તત્ત્વો સર્વજ્ઞે કહ્યાં. આ જીવ છે, જડ પર છે, પુણ્ય-પાપ આસ્રવ મલિન છે એવા નવ તત્ત્વોમાં એ નવની શ્રદ્ધા કરવાલાયક છે એવો વિકલ્પ ઉઠે. ભાન તો થયું છે એ તત્ત્વોનું. પણ નવના ભેદની શ્રદ્ધાના વ્યવહારશ્રદ્ધાનો રાગ એને ઉઠ્યા વિના રહેતો નથી. નવ સિવાય આ એક તત્ત્વ શ્રદ્ધવા યોગ્ય છે એવો વિકલ્પ એને ન હોય. સમજાણું કાંઈ? એક જ આત્મા હોય જગતમાં અને નવ (ભેદ) નથી એવો વિકલ્પ હોય તો તો ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે અને વ્યવહાર પણ એને હોતો નથી. ઓહો..! સમજાય છે કાંઈ? બહુ પણ જરી.. એનો મેળ જરી...

'**આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે,...**' છ વસ્તુ છે જગતમાં. એ છ દ્રવ્યની પણ શ્રદ્ધાનો જેને રાગ નથી, છ દ્રવ્યનું પણ જેને ભાન નથી એને છમાંથી તારવીને એકલાનું ભાન હોઈ શકે નહિ. છ દ્રવ્યને જ માનતો નથી એને એક તત્ત્વ આખું એનાથી ભિન્ન છે એને માનવાની તાકાત એને હોઈ શકે નહિ. કેમ? કે એના જ્ઞાનની વર્તમાન દશાની પણ તાકાત એટલી છે કે પોતાને જાણે અને છને જાણે એવી એની તાકાત છે. એ તાકાતને ના પાડે કે છ દ્રવ્યો ન હોય, છ વસ્તુ ન હોય. સમજાય છે? તો તો એને એક વસ્તુ પરથી નિરાળી એની શ્રદ્ધા ને જ્ઞાન એને કોઈ દિ' થઈ શકે નહિ.

છ દ્રવ્ય તે શ્રદ્ધવાયોગ્ય છે. છ દ્રવ્યરૂપી એને તત્ત્વાર્થ કહ્યા છે મૂળ તો. ભાઈ! કહ્યા છેને? નિયમસારમાં કહ્યા છે અને આમાં પણ કહ્યા છે. આમાં પણ કહ્યા છે. આમાં ક્યાંક

આવે છે, જુઓ! એમાં પણ આવે છે. શેમાં આવે છે? ૨૩૭ પાને ક્યાંક આવે છે. ૨૩૭ પાને. ત્યાં પણ ઈ શબ્દ પડ્યો છે. જુઓ! 'અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષને પામ્યો થકો. અહીં કોઈ કહે કે આ ભેદવાસિત બુદ્ધિ છે તો મિથ્યાત્વવાળાની છે એમ વાત નથી.' ૨૩૭ પાનું. 'આ આત્મા ખરેખર કોઈ પ્રકારે અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહાર મોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિ સંબંધી તત્ત્વાર્થ અશ્રદ્ધાનના...' આ તો ધર્માદિને પણ તત્ત્વાર્થ શબ્દ કહ્યો છે. ત્યાં પણ કહ્યો છે નિયમસારમાં. શું કહ્યું?

સર્વજ્ઞ પરમાત્માએ એક સમયના પૂર્ણ જ્ઞાનમાં જગતની છ ચીજો જોઈએ છે. અને એનો વિસ્તાર કરો તો જડ અને ચૈતન્ય બે જ અને એની સંયોગે ઉત્પન્ન થતી પર્યાયો-હાલતો પાંચ. એવા સાત. અને એક આસ્રવના બે ભાગ જુદા પાડી નાખો તો પુણ્ય અને પાપ. એવા નવ પદાર્થનું અસ્તિત્વ વિદ્યમાન છે. છ દ્રવ્યનું અસ્તિત્વ જગતમાં વિદ્યમાન છે. એવું પ્રથમ જ્યાં જ્ઞાન ન હોય અને એને એકલા આત્માનું જ્ઞાન થઈ જાય અને છ દ્રવ્ય નથી અને એકલાનું જ્ઞાન થાય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? આ નિશ્ચયની વાતું સાંભળીને કેટલાકને ભેગું શું છે એની ખબર નથી એને. સમજાણું કાંઈ?

એક તત્ત્વનું, સચ્ચિદાનંદ પ્રભુ એનું ભાન થવા છતાં એના જ્ઞાનની દશા પૂર્ણ નથી માટે એને આવા વિકલ્પની લાગણી (આવે છે). છ દ્રવ્ય છે, નવ પદાર્થ છે, એ શ્રદ્ધવા લાયક છે. એથી વિરુદ્ધ ભાવ તે શ્રદ્ધવા લાયક નથી. એ પછી આવશે, પછી આવશે. કહો, સમજાણું કાંઈ? આ શ્રદ્ધવાયોગ્ય છે એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. કેમ? કે પરમતત્ત્વનું તત્ત્વ એવો જે આત્મા એનું ભાન થયા છતાં આવા વસ્તુ જગતની અંદર સત્‌દેવ, સત્‌ગુરુ, સત્‌શાસ્ત્ર એની શ્રદ્ધાનો રાગ એ ભૂમિકાએ આ શ્રદ્ધવાયોગ્ય છે, આ ગુરુ માનવાયોગ્ય છે, આવું ચારિત્ર માનવાયોગ્ય છે, આવું જ્ઞાન—કેવળજ્ઞાન માનવાલાયક છે એવા વિકલ્પો આવ્યા વિના રહેતા નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ. કેટલી પણ આમાં. અમરચંદભાઈ! સમ્યગ્દર્શન ઘણે ઠેકાણે ગોતતા હતા. કહેતા હતાને? શું હશે આ? ઘણા સમ્યગ્દર્શન મનાવે. આમ થયું. ભગવાન અમે. દેવ, ગુરુ, શાસ્ત્રને માનો ને, જાઓ સમ્યગ્દર્શન (છે). ધૂળમાંય નથી. સાંભળને હવે. ધૂળમાંય નથી એટલે શું? લોકોત્તર પુણ્ય પણ તને બંધાશે નહિ. ધૂળ એટલે લોકોત્તર પુણ્ય. સમજાય છે કાંઈ?

સમ્યક્ ચૈતન્યને માનવાવાળાને છ વસ્તુ જગતમાં છે, એ છને ન માને અને ન જાણે અને આત્માનું જ્ઞાન થઈ જાય, એમ ત્રણ કાળમાં બને નહિ. અને આત્માનું જ્ઞાન થાય એને હજી છ દ્રવ્યના ભેદને વિચારવાના વિકલ્પો આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? એવા વિકલ્પને અને નિશ્ચય દૃષ્ટિની શુદ્ધતાને વ્યવહારથી સુમેળ છે. વ્યવહારથી સુમેળ છેને? નિશ્ચયથી મેળ નથી. સમજાણું કાંઈ? એમને એમ કોઈ માની લે કે, અહં બ્રહ્માસ્મી, અમે પૂર્ણ થઈ ગયા. જાઓ! પૂર્ણાનંદ થઈ ગયો. બનારસીદાસને જરી એવું થઈ ગયું હતું ને? નિશ્ચયનું

બહુ થયું. નગ્ન થઈને કોટડીમાં ફરે ચાર જણા. થઈ ગયા મુનિ. અરે..! એમ ન હોય મુનિપણા. નાગા તે મુનિપણા થઈ ગયા? લુગડાં છોડી દીધા એટલે? નાગાની વાત તો આપણે હતી ને (સંવત) ૧૯૯૫માં બહુ. અમારે એક મકનભાઈ હતા. હોંકારીયા. એ અહીં નથી આવ્યા. હોંકારીયા હતા ઈ. બહુ સાંભળ્યું એટલે એને થઈ ગયું. વિચારમાં બહુ ઊતરી જાય. ચાર ચાર પહોર. ૧૯૯૫ની સાલમાં મોહનભાઈના મકાનમાં હતાને જ્યારે? પછી એને પાવર ફાટી ગયેલો. એવો પાવર ફાટ્યો કે રાત્રે નાગા થઈને આવ્યા મારી પાસે. અરે..! આમ ન હોય નાગા. એ નાગાની જાત બીજી અને અંતરની જાત બીજી. અંતરના ભાન પછી સ્વરૂપના આનંદનો ઉછાળો આવે ત્યારે સહેજે વસ્ત્ર, પાત્ર છૂટીને એની નગ્નદશા થઈ જાય. એને વ્યવહારે નગ્ન કહે. આવા નાગા તો ઢોરેય ફરે છે. સમજાણું કાંઈ? આ ૯૫માં બની ગયેલું બરાબર હોં! બનારસીદાસની કોટડીમાં ચાર નાગા ફરે. થઈ ગયા અમે સાધુ. પણ નાગા થયા એટલે સાધુ થઈ ગયા? પહેલી લાગણી લુગડાની નહિ, પણ લાગણીના લુગડા એ ચૈતન્યમાં લાગણી નથી એમ લાગણીને તોડ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ તો મુનિપણું તો ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

કહે છે, આ શ્રદ્ધવાયોગ્ય છે. એવો વિકલ્પ એ ભૂમિકામાં (આવે). છ દ્રવ્યને શ્રદ્ધવાયોગ્ય. બીજું નહિ. '(૨) **આ અશ્રદ્ધેય છે,...**' એનાથી વિરુદ્ધ તત્ત્વાર્થ કહેતા હોય, વસ્તુ કહેતા હોય તો એ શ્રદ્ધવાયોગ્ય નથી. એવા અસ્તિ-નાસ્તિના શુભરાગ એ ભૂમિકામાં તેને લાયક-યોગ્ય, શુદ્ધના અંશની સાથે આવ્યા વિના રહેતા નથી. છતાં છે ઈ બંધનું કારણ. છે બંધનું કારણ. સંવર, નિર્જરાનું, શુદ્ધતાનું કારણ નથી. પણ શુદ્ધતા પૂર્ણ થઈ નથી ત્યારે આવા જ જ્ઞાનના પ્રકારના વિકલ્પો ઉઠે, બીજા એને હોઈ શકે નહિ.

'(૩) **આ શ્રદ્ધનાર છે...**' જુઓ! ચાર ભાગ પાડશે. નવેય પદાર્થો, છયે દ્રવ્યો શ્રદ્ધવાયોગ્ય છે, એથી વિરુદ્ધ હોય એ શ્રદ્ધવાયોગ્ય નથી. એ બે બોલ થયા. છે રાગ. આત્મા એનો શ્રદ્ધા કરનાર છે. એ ભેદ પડ્યો ને? આત્માનો શ્રદ્ધનાર છે. એ પણ હજી રાગ થયો. શ્રદ્ધનાર છે. '**અને (૪) આ શ્રદ્ધાન છે;...**' આ નવને, છ દ્રવ્યને માનવું એ શ્રદ્ધાન છે. એ પર્યાય શ્રદ્ધાન છે. એવા ચાર પ્રકારના ભેદ પડીને રાગની વૃત્તિ ઉઠે છે, એને વ્યવહાર શ્રદ્ધાનો વિકલ્પ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભઈ, આ ફેરી તો લાલચંદભાઈએ માંગણી કરી હતી કે આ (લેવું). પછી ઈ જ આવેને. બીજું શું આવે? જે હોય એમાંથી આવે કે નહિ? કહો, સમજાણું આમાં?

ચાર બોલ થયા. વસ્તુ એક ને ચાર પડ્યા એ તો વિકલ્પ ઉઠ્યો. વસ્તુ તો એક. દૃષ્ટિનો વિષય અને સમ્યગ્દર્શનમાં એકલું ચૈતન્યતત્ત્વ. પણ પૂર્ણ અભેદ થયો નથી, પૂર્ણ એકાકાર થયો નથી એટલે પૂર્ણ નિર્દોષ થયો નથી. એટલે સદોષતાના વિકલ્પની જાત આવી હોય છે, બીજી એને હોતી નથી. પછી ગમે એવા દ્રવ્ય હોય અને ગમે એવું હોય, અમારે શું?

નિશ્ચય પામ્યા એટલે (થઈ ગયું). કેટલાક વળી આ વાંચીને એવું માને છે. સમજાય છે?

એક આવ્યો હતો. .. લઈને. મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. નિશ્ચય થયા પછી માંસ ખાવું, દારૂ પીવો કે આમ કરવું કે તે કરવું, બાયડીના પરિચયમાં રહેવું એ ક્યાં નડે છે સમકિતને? અરે..! સાંભળને હવે, મરી જઈશ. સમજાણું કાંઈ? પાવર ફાટ્યા ઊંધા. હવે અમારે શું? નિશ્ચયમાં તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ભોગવતું નથી. હવે આપણે સ્ત્રીના પરિચયમાં રહીએ. પરીક્ષા કરે કેટલાક. સ્ત્રીના પરિચયમાં... અરે..! મૂર્ખા ઝેરની પરીક્ષા ન હોય. આ ઝેર મારી નાખે એવું હશે કે નહિ? સમજાય છે કે નહિ? મારી નાખે એવું હશે? એવી પરીક્ષા કરનારો રહેશે કોણ? ખાઈશ ત્યાં મરી જઈશ. એમ સ્ત્રી આદિના સંગમાં... ભગવાને ભલે નવ વાડ કીધી, પણ પરદ્રવ્ય નુકસાનકર્તા નથી. માટે એનો સંગ (કરાય). સંગ કરવાનો ભાવ તેં કર્યો કે કો'કે કરાવ્યો? એ સંગ કરવાના ભાવની રુચિ કેમ તને થઈ? સમજાણું કાંઈ? મરી જઈશ. ન્યાં કાંઈ પોપાબાઈના રાજ નથી.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ. હવે માંસ ખાય, દારૂ પીવે, વ્યવહાર ગમે એવો હોય, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ભલે માનતો હોય, તો એને સમકિતને શું વાંધો? મરી જઈશ હવે. સમકિત-ફમકિત નથી તારી પાસે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ઘણા માણસ આવે ભઈ. અહીં તો ઘણા લાખો (આવી ગયા). બહાર વાત ગઈ, ત્રણ લાખ, સવા ત્રણ લાખ પુસ્તકો (છપાઈ ગયા). કેટલાય નિશ્ચયાભાસ થઈ ગયા. ભાન ન મળે. અને કેટલાક વ્યવહારથી તો અનાદિના પડ્યા છે. વ્યવહારથી થાશે અને કરતાં કરતાં થાશે. એ અભવિ જેવા મૂઢ જીવ છે. પણ આ નિશ્ચયની વાતું સાંભળીને... છગનભાઈ! સ્થાનકવાસી સાધુ હતા. પછી થઈ ગયા દેરાવાસી. દેરાવાસી થયા પછી આ વાંચ્યું. વાંચીને પાવર ફાટ્યો. મારી પાસે કહેવા આવ્યા. નિશ્ચયમાં આવું હોય પછી એને વ્યવહાર શું? અરે..! સાંભળ રે સાંભળ. જેને નિશ્ચયનું આવું ભાન હોય એને રાગની મંદતાના કેટલા પ્રકાર હોય. સાધુ થઈને સ્ત્રીનો પરિચય કરું અને એને આમ કરું. મરી જઈશ. તારી શ્રદ્ધા પણ ખોટી અને તારો વ્યવહારેય ખોટો. સમજાણું કાંઈ? પણ એકલા બહારથી નવ વાડ પાળે અને બ્રહ્મચર્ય પાળે માટે ધર્મ થઈ ગયો, એ પણ મૂઢ અને મૂર્ખા છે. સમજાણું કાંઈ? બે બાજુની તરવાર ચાલે. બે ધારી. બે ધારી નથી, તરવાર એક છે બે થઈને. બે ધારી થઈને એક છે. સમજાણું કાંઈ?

માખણ કાઢવા વખતે દોરી નથી રાખતા? દોરી. દોરી બે ન હોય. દોરી એક હોય. છેડા બે હોય એના. આ છેડો તાણે ત્યારે ઓલો છેડો પોચો મૂકે અને આ તાણે ત્યારે ઓલો પોચો મૂકે. પણ બે ઈ રીતે કરે તો માખણ નિકળે. એમ જ્યાં વ્યવહારનો નિષેધ કર્યો કે પરદ્રવ્ય નુકસાનકર્તા નથી. આવ્યું ને? આમાં નથી આવ્યું? આપણે સમયસારમાં આવી ગયું નિર્જરામાં. અરે..! જ્ઞાની. પરદ્રવ્યને ભોગવવાથી મને નુકસાન થાય, પાપ માને તો મૂઢ તારી દૃષ્ટિ મિથ્યા થઈ જશે. માટે ભોગવ પરદ્રવ્યને. એમ લખ્યું છે કળશમાં. આરે..! નિર્જરા

અધિકારમાં છે. શું કરવા લખ્યું છે? તને ખબર નથી. એ નિઃશંકતા પરદ્રવ્યથી ભિન્નતા કરવા માટે લખ્યું છે. પણ પરદ્રવ્યને ભોગવવાનો ભાવ થાય અને તું કહે કે હું પરદ્રવ્યને ભોગવું છતાં પાપ નથી. મરી જઈશ, ક્યાંય છેડા નહિ આવે તારા. સમજાણું કાંઈ? ક્યાં ગયા રતિભાઈ? રતિભાઈ સમજાય છે કે નહિ આ? બધું સમજવું પડશે, બધું આ. સમજ્યા વિના એક્કેય આરા આવે એવું નથી. લોઢાના પૈસાએ કાંઈ મળે એવું નથી. ધૂળધાણી. શું કીધું આ?

આહા..હા..! ચાર ચાર બોલ લેશે એક એકમાં. છ વસ્તુનો વિકલ્પ ઉઠે, નવ તત્ત્વનો વિકલ્પ ઉઠે કે શ્રદ્ધવાયોગ્ય છે. બીજું નહિ. એ શ્રદ્ધા કરનારો પણ હું છું અને શ્રદ્ધા એક પર્યાય છે રાગની, વ્યવહારની. સમજાય છે? નિશ્ચય ત્રિકાળ શ્રદ્ધા આ છે એવો વિકલ્પ ઉઠે એ પણ વ્યવહાર છે. આહા..હા..! ભગવાન ચૈતન્યજ્યોત છેને. એની દૃષ્ટિ થઈ, અભેદ થયો પણ સર્વથા અભેદ ન થયો એટલે આવી ભેદની વિકલ્પની દશા એને હોય. એ સિવાય બીજી હોય તો એનો નિશ્ચય પણ ખોટો અને એનો વ્યવહાર પણ ખોટો.

બીજો બોલ. '(૧) **આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે,...**' છ વસ્તુ ને નવ તત્ત્વ જાણવાયોગ્ય છે. એ જાણવાયોગ્ય છે. એ સિવાય બીજા જ્ઞેયો અજ્ઞાનીએ કહેલા એ જાણવાયોગ્ય છે નહિ. ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય પરમાત્માએ જે વસ્તુની સ્થિતિને જેમ અનેક પ્રકાર કીધું એ જ જાણવાયોગ્ય છે, એ સિવાય બીજા જાણવાયોગ્ય નથી. એવો વિકલ્પ ઉઠ્યા વિના રહે નહિ. કેમ કે પ્રભુત્વશક્તિ હજી આત્મામાં ઢળી નથી. પૂર્ણ પ્રગટ થઈ નથી. એટલે આવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. આવું આવતું હશે? આ જાણવાયોગ્ય છે અને આ જાણવાયોગ્ય નથી. નિશ્ચય થયું પછી શું? ભાઈ! નિશ્ચય થયું આત્માનું ભાન. પણ હજી સ્થિરતાનો નિશ્ચય નથી. પૂર્ણ સ્થિરતા થઈ નથી એટલે આવો રાગ આવ્યા વિના રહેતો નથી. અને એમ કહે કે આવો રાગ અમને આવતો નથી, અમે તો એકલી વીતરાગતામાં રહીએ છીએ.

એક સાધુને કહ્યું હતું. સાંભળેને કે અહીં નિશ્ચયની વાતું બહુ ચાલે છે. એટલે એક નગ્ન સાધુ આવ્યો. હમ મુનિયોંકો વ્યવહાર કા ક્યા કામ હૈ? ઓ..હો..! અમને મુનિઓને વ્યવહારનું શું કામ છે? પાવર ફાટ્યો લાગે છે કીધું આનો. હજી નિશ્ચયનું ભાનેય ન મળે. અમારે વ્યવહારનું શું કામ છે? કામની કોણ ના પાડે છે? સાંભળને. પણ આત્માનું ભાન થયા છતાં એની મર્યાદાવાળા રાગનો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. છતાં તે હેય છે, બંધનું કારણ છે, આવ્યા વિના રહે નહિ. છોડવાલાયક છે. કેમ છોડતો નથી? સાંભળને હવે. પુરુષાર્થ સ્થિરતાનો નથી તેથી છૂટતો નથી. પણ છોડવાયોગ્ય હોવા છતાં એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. ચંદુભાઈ! ભારે વાત ભાઈ.

આ નિશ્ચય અને વ્યવહારમાં ભારે સંધિ. કાં એકલો નિશ્ચય હોય અને કાં એકલો વ્યવહાર હોય. ના, ના. એમ ન હોય, ભાઈ! એકલું નિશ્ચય સત્ય તો સર્વજ્ઞને થઈ ગયું પૂર્ણ. એકલો વ્યવહાર તે મિથ્યાદૃષ્ટિને રહ્યો. નવરંગભાઈ! એકલી નિશ્ચય દૃષ્ટિ ને અનુભવની સ્થિરતા સર્વજ્ઞ

પરમાત્મા અરિહંતને થઈ. એને વ્યવહાર-ફ્યવહાર હોય નહિ. નય નથીને. એને નય ક્યાં છે? એ તો પ્રમાણ થઈ ગયું. એકલો વ્યવહાર અનાદિનો મિથ્યાદૃષ્ટિને હોય. આવા પ્રકારના વિકલ્પો. એને ધર્મ માને અને એને સર્વસ્વ માને. અહીં તો આત્માના ભાન સહિતના નિશ્ચયની ભૂમિકામાં આવા વિકલ્પની મર્યાદા આવ્યા વિના રહેતી નથી. એવું જ ત્યાં નિમિત્ત વિકલ્પનું હોય. બીજા રાગની મંદતાનો બીજો વિકલ્પ એ જાતનો હોઈ શકે નહિ.

**'જાણવાયોગ્ય છે,...'** ભગવાને કહેલા પદાર્થો જાણવાયોગ્ય છે અને ભગવાન સર્વજ્ઞ સિવાયના બીજા તત્ત્વો અજ્ઞાનીએ કહ્યા તે અજ્ઞેય નામ જાણવાલાયક નથી. જ્ઞેય તરીકે જ્ઞાન એ નહિ. પણ જાણવા માટે એટલે આ પણ ઠીક છે એમ જાણવાલાયક નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભેદવાસના ઉઠે એટલે નવ તત્ત્વનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન, વ્યવહારુ જ્ઞાન એવો અંદર પ્રયત્ન એ જાતનો શુભમાં આવે. સમજે કે અરે..! મારી કચાશ છે, હોં! અરે..! મારી ઉગ્રતા પુરુષાર્થની અંદર ઠરી નથી હોં! એ કારણે છે. આ કારણ કાંઈક કર્મનું જોર છે માટે મને આ વાસના વિકલ્પની શુભની ઉઠે છે એમ ધર્મી માનતો નથી. સમજાણું કાંઈ? આ જાણવાલાયક નથી.

**'(૩) આ જ્ઞાતા છે...'** આત્મા એનો જાણનાર છે. એ વસ્તુને શાસ્ત્રજ્ઞાનને કે નવને જાણનાર આત્મા. અને જણાય તે પર. અને જે જ્ઞાન, આ જ્ઞાન છે. એને જાણે તે જ્ઞાન છે. એવા ભેદ પડ્યા ને? જ્ઞાતા આત્મા, જાણે તે જ્ઞાન, આ જાણવાયોગ્ય અને આ જાણવાયોગ્ય નહિ. એવો રાગનો વિકલ્પ ઉઠે તેને વ્યવહારજ્ઞાનના વિકલ્પની વાસના કહેવામાં આવે છે. પણ શું કરવા ઉઠાવવા એવા વિકલ્પ? અરે..! સાંભળને. તને ભાન નથી. મુનિ છઠ્ઠે ગુણસ્થાને આનંદમાં વર્તતા હોય છે. એને પણ આવા વિકલ્પ આવ્યા વિના રહે નહિ. તું ક્યાં આગળ વધી ગયો ગણધરથી પણ? ઓલો કહે, અમે તો એકલા આત્મામાં રહેશું. અમારે વિકલ્પ-ફિકલ્પનું કામ નથી. બહુ સારી વાત છે. મિથ્યાત્વને ઘૂંટ. સમજાય છે કાંઈ? મિથ્યાશ્રદ્ધાને રગડ. બાકી બીજું કાંઈ છે નહિ. ચંદુભાઈ!

વસ્તુની દૃષ્ટિ થયા પછી પણ, અરે..! ચારિત્રની રમણતાના કલ્લોલમાં પડ્યો છતાં આમ છઠ્ઠે જ્યાં આવ્યો (ત્યાં) આવા વિકલ્પ ઉઠ્યા વિના રહે નહિ. એવો રાગ આવ્યા વિના રહે નહિ. ગણધરને આવ્યા વિના રહે નહિ. આહા..હા..! ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના જેણે અંતર્મુહૂર્તમાં પુરુષાર્થથી કરી એવાઓને પણ આ વિચાર આવ્યા વિના રહેતા નથી. ભગવાનની દિવ્યધ્વનિ સાંભળતો હોય આમ બરાબર. ગણધર, હોં! આહા..! વાહ! એ બધો વિકલ્પની ભૂમિકા છે તો આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એ ચાર થયા જ્ઞાનના. પણ છે ભેદ. જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય જાણવાલાયક, નહિ જાણવાલાયક. એવા ચારનો ભેદ વિકલ્પ. એવી જાત એને વિકલ્પની આવે પણ બીજી જાત આવે નહિ.

હવે ત્રીજામાં ચારિત્રની વાતના ચાર ભેદ છે. થઈ ગયો વખત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ ૧૪, ગુરુવાર, તા. ૩.૫.૧૯૬૨
ગાથા-૧૭૨, પ્રવચન-૭

... ભગવાન આત્મા... ૨૩૭ પાનું, બીજી લીટી, ગુજરાતી. (ધર્મી) જીવને અશુદ્ધતા પણ હજી દશામાં ઉત્પન્ન થાય છે એ કેવા પ્રકારની થાય છે અને એને શુદ્ધતા કેવી હોય, એને નિશ્ચય અને વ્યવહારનો મેળ અને સુસંગતનો અધિકાર ચાલે છે. સમજાય છે કાંઈ? એ આવ્યું, અનાદિ કાળથી ભેદવાસિત. પહેલા આવી ગયું ને કે '**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' એટલે? અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ અહીં નથી લેવો. સમજાણું કાંઈ? વ્યવહાર પણ એને આવે કે જેને... અધિકાર છે ઈ, ૨૩૭માં છેને? ક્યાંક છે. ૨૩૭ પાને છે, જુઓ! અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહાર મોક્ષમાર્ગને પામ્યો થકો. બીજી લીટી છે ૨૩૭ પાનું. શું કહ્યું?

ભગવાન આત્મા.. ૨૩૭ પાનું, બીજી લીટી, ગુજરાતી. કેવો છે આત્મા? અનાદિ અવિદ્યાના નાશ દ્વારા. એટલે વ્યવહાર રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એવો વ્યવહાર અજ્ઞાનીને હોતો નથી. જેણે ભગવાન આત્મામાં અવિદ્યા નામ અજ્ઞાનપણું. પૂર્ણાનંદના સ્વભાવની સાવધાની કરીને ... સાવધાનપણું એટલે તેના પ્રત્યેની રુચિ છોડીને, જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્માનો આશ્રય લઈને અજ્ઞાનનો જેણે નાશ કર્યો છે. એવો જ્ઞાની વ્યવહાર મોક્ષમાર્ગ પામ્યો થકો. એને વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ?

જેને હજી પુણ્ય ને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મને ધર્મ છે અને ધર્મનું કારણ છે એવી માન્યતાવાળા જીવ તો અનાદિ મિથ્યાદૃષ્ટિ છે. તે જાતના વર્ગમાં પડ્યા છે. એને નથી નિશ્ચયનું ભાન અને તેથી તેને વ્યવહાર પણ હોતો નથી. સમજાણું કાંઈ આમાં? સંભળાય છે? થોડુંઘણું સંભળાય છે. એટલે કે એણે પહેલું નક્કી કર્યું હોય કે જે કોઈ શાસ્ત્ર, ગુરુ કે દેવ જેણે આ આત્માના પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ કરી, પ્રાપ્ત કરવા મથ્યા છે અને જેણે કહ્યું છે, એમાં આ આવ્યું હોય કે શુભાશુભના રાગ રહિત તારી પૂર્ણાનંદની મૂર્તિ ચૈતન્ય ભિન્ન છે. રાગ પણ છે, સંયોગ પણ છે, સ્વભાવ પણ છે. ત્રણની જેણે અસ્તિ સાબિત કરી હોય અને અસ્તિમાંથી એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને તારી વસ્તુને અવલોકન કરી શકાય છે. એવી જેણે દશામાં પલટો ખાઈને આમ કરી શકાય, આમ થઈ શકે એવા એમાં નવેય તત્ત્વો સિદ્ધ થાય છે. એમ કહેનારા જે દેવ હોય, એમ માનનારા ગુરુ હોય, એમ કહેલા શાસ્ત્રોમાં આ વિધિ અને રીત હોય એ પહેલી એની માન્યતામાં વાત આવી ગયેલી હોય છે. ચંદુભાઈ!

એ સિવાય કોઈ વિરુદ્ધ કહેનારા હોય, એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માનીને જેણે શ્રદ્ધામાંથી

છોડી દીધા હોય. સમજાણું કાંઈ? જે કોઈ એમ કહે કે અમારા સંગને લઈને તમને ધર્મ થશે. તમારામાં રાગની મંદતા કરતાં કરતાં એ દયા, દાન, વ્રતના પરિણામથી તમને કલ્યાણ થશે. એવા કહેનારાઓને જ્યાં સુધી સંમત થાય, એને ઠીક માને, એને અનુમોદન આપે ત્યાં સુધી તો એની શ્રદ્ધામાં વ્યવહાર ગૃહીત મિથ્યાત્વના કણ બધા ઊભા છે. સમજાણું આમાં કાંઈ? બહુ ઝીણું પણ આમાં. એ ગૃહીત મિથ્યાત્વને જેણે છેદ્યો છે. કેમ કે જે ધર્મ પમાડવાની વાત કહેનાર હોય એણે આટલી તો વાત પહેલી સત્યપણે કબુલી હોય. પૂર્ણ શુદ્ધ ચૈતન્ય સ્વતંત્ર પદાર્થ પલટો મારે એવી એ ચીજ છે. વિકાર એનામાં છે, સંયોગ પણ વિકારનું એક નિમિત્ત છે, અંતર. બાહ્ય નિમિત્તો પણ ચીજો છે. એ બધાની અસ્તિ સિદ્ધ કરવાવાળું અને એ અસ્તિમાંથી ભેદ પડવાવાળી વાત હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભેદ. આવા અસ્તિપણે સિદ્ધ કરીને પછી એને ભેદ પડાવવાની વાત કરતો હોય. પણ એને રાગને રાખીને કલ્યાણ થાય, નિમિત્તના લક્ષે કલ્યાણ થાય એવા માનનારા છે એને તો અસ્તિપણે શું છે અને ભેદ કેમ પાડવા એની પણ એને ખબર છે નહિ. સમજાય છે કાંઈ? આ એક કસોટીથી પરીક્ષા કરવાની એક રીત છે. એ વાત પહેલી આચાર્યદેવ કહી ગયા છે બધી. સમજાણું કાંઈ?

હવે જ્યારે આત્મા એ અજ્ઞાનનો નાશ કરીને એટલે કે અનાદિ કાળથી એવા એને ગુરુ, શાસ્ત્ર અને દેવ તરીકે કહેનારા મળ્યા, એને શ્રદ્ધા તરીકે એના શ્રદ્ધાનો આશ્રય છોડી દીધો એણે. સમજાય છે કાંઈ? અને જેની શ્રદ્ધામાં એવા દેવ, ગુરુ, શાસ્ત્રની માન્યતાનો વિકલ્પ છે અને છતાં તે વિકલ્પથી કલ્યાણ નથી એમ જેણે વિકલ્પથી ભેદ પાડ્યો છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવને—આનંદના સાધકજીવને અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એને આકુળતાના અંશથી જુદો પાડનારા મળ્યા અને પાડ્યું પોતે. પણ જે ભેળસેળ કરાવનારા મળ્યા.. ન્યાય સમજાય છે આમાં કાંઈ? ન્યાલભાઈ! ભેળસેળ કરનારા મળ્યા, ભેળસેળ કરાવનારા શાસ્ત્ર મળ્યા અને ભેળસેળ કરનારાઓ એને કહે કે આ અમારા દેવ આવું કહે છે. એવી જે શ્રદ્ધાવાળા છે એની તો અહીં વાત જ છે નહિ. એ શ્રદ્ધાને તો પહેલી એણે છોડી દીધી હોય છે. પછી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જે અસ્તિપણે બધું સ્થાપી, સ્વભાવ, વિભાવ, નિમિત્ત, બાહ્ય નિમિત્ત બધું છે એમ સ્થાપીને એમાંથી એકપણું તારવવાની વાત કરી છે. સમજાણું કાંઈ?

રાગના વિકલ્પથી, સંયોગથી અને અંતરંગ કર્મના નિમિત્તથી ભગવાન આત્મા નિરાળી ચીજ છે એમ જેણે શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા સ્વરૂપે સાધક કર્યો છે અને સર્વજ્ઞે એ રીતે જોઈને સાધક થઈને સિદ્ધ થયા છે. એટલા વિવેકી જીવને પછી અંદરમાં જ્યારે રાગથી છૂટો પડ્યો ત્યારે આત્મા આનંદકંદ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે, મારામાંથી જ મારું મોક્ષપદ પ્રગટ થશે. બીજેથી થશે નહિ. એમ એણે અંદર ધામમાં દૃષ્ટિ મૂકીને નક્કી કર્યું કે

આમાં ઠરીશ તો ચારિત્ર થશે અને આમાં ઠરીશ તો કેવળજ્ઞાન થશે. એમ સર્વજ્ઞો, ગુરુ અને શાસ્ત્ર કહેવા માંગે છે. એમ પોતાને અંદરમાં ભાસ થયો છે.

એવા ભેદજ્ઞાની અથવા સમ્યગ્દૃષ્ટિ અથવા સંતોને નિશ્ચયનું આવું ભાન અને પ્રગટ દશા હોવા છતાં એને પૂર્ણ વીતરાગી અવિકારી નિર્દોષ દશા નથી થઈ એથી વચમાં આવા વિકલ્પો વ્યવહારના આવ્યા વિના રહેતા નથી. શેના? શેના? આ શ્રદ્ધવાયોગ્ય છે એવો વિકલ્પ ઉઠે છે એને. રાગ, રાગની વૃત્તિ ઉઠે છે. વૃત્તિથી ભિન્ન છું એવું ભાન વર્તે છે. પણ હજી વૃત્તિ ઉઠે છે વિકલ્પના વાસનાની. અહો..! પૂર્ણાનંદ આત્મા શ્રદ્ધા કરવા લાયક છે ઈ શ્રદ્ધાઈ ગયો છે. સમજાય છે કાંઈ? અને સાચા દેવ, ગુરુ ને શાસ્ત્ર ને નવ તત્ત્વોની, જીવ અને જડ બે, અને સંયોગ અને વિયોગે થતી પાંચ દશાઓ. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ. આસ્રવ કહો તો પુણ્ય-પાપ એમાં સમાડી દઈએ. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એવી અવસ્થાઓ પાંચ અને બે વસ્તુ. એવું જે છે આ શ્રદ્ધવાયોગ્ય છે અને એ સિવાય વિરુદ્ધ હોય ઈ શ્રદ્ધવાયોગ્ય નથી. એવો એને વિકલ્પ આ જાતનો આવ્યા વિના રહેતો નથી. એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ આપવામાં આવે છે. એ ભિન્નસાધ્યસાધન થયું.

એટલે કે આત્માનું સાધન તો શુદ્ધ ચૈતન્ય છું, તે તરફ સાધે છે. અને પૂર્ણ સાધ્ય જે કેવલજ્ઞાન અને પરમાનંદ તે તેના ધ્યેયમાં છે. પણ એ ધ્યેયમાં ખરું સાધન તો શુદ્ધ સ્વભાવ તરફ ઢળીને એકાગ્રતા થવી તે છે. પણ આવા વિકલ્પો પણ ભિન્ન સાધન તરીકે, ભિન્ન સાધ્ય અને સાધન તરીકે વ્યવહારે કહેવામાં આવે છે. એવું સાધન એને ઉત્પન્ન થયા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? ઘણા બોલો પણ આમાં યાદ રાખવા.

'(૩) **આ શ્રદ્ધનાર છે,...**' ભગવાન આત્મા શ્રદ્ધા કરનાર છે. ભેદ પડ્યો છેને ભેદ. આત્મા શ્રદ્ધા કરનાર છે. આ શ્રદ્ધવાયોગ્ય છે અને તેથી વિરુદ્ધ વાત કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રે કહેલી અને એ પોતે શ્રદ્ધવા લાયક નથી એવા વિકલ્પની લાગણી, પુણ્યની શુભની, કષાયના મંદની આવે તેને વ્યવહારે વ્યવહારે શુદ્ધ પરમાત્મદશાના સાધ્યનું સાધન કહેવામાં આવે છે. ભારે ભાષા બધી ગ્રીક લેટિન જેવી. ઓલી તો ... તસ્સ મિચ્છામી દુક્કડમ. જાઓ. છે કાંઈ? ચંદુભાઈ! એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા.... પણ તારો જીવિયા, વહોરિયા આત્મા કેમ થાય એની તને ખબર છે?

ભગવાન જ્ઞાનાનંદ ચૈતન્યાનંદ પ્રાણ એમાં રાગની વૃત્તિ ઉઠે શુભની, એ પણ ચૈતન્ય ભાવપ્રાણને હણનારો હિંસાભાવ છે. સમજાય છે કાંઈ? એને જીવિયા વહોરિયા કરી રહ્યો હોય, એને જો જીવાડવો હોય, એના ચૈતન્ય ભાવપ્રાણની સત્તાની સંભાળ કરવી હોય તો પહેલું તો અજ્ઞાન-રાગની પૃથકતા કરી સ્વરૂપનું ભાન થયું એની વધારે સંભાળ કરવા હવે આગળ જાય છે ત્યારે વચમાં આવું પૂર્ણ શુદ્ધતાના વ્યવહાર સાધન તરીકે નિશ્ચય સાધન તો સ્વરૂપની એકાગ્રતા થાય છે પણ વ્યવહાર આરોપ અથવા નિમિત્ત સાધન તરીકે એક

આવા વિકલ્પો જ્ઞાનીને પણ આ જાતના હોય છે, બીજી જાતના હોતા નથી. એવો એને વિવેક કરીને સમજાવે છે.

ભગવાન આત્મા નવ પદાર્થની જેવી સ્થિતિ—સ્વરૂપ છે, સદ્‌ભાવ છે નવેય. તેને તે શ્રદ્ધવાલાયક છે. એનાથી વિરુદ્ધ શ્રદ્ધવાલાયક નથી. ભગવાન આત્મા શ્રદ્ધનાર છે અને શ્રદ્ધાન પર્યાય એ શ્રદ્ધાન છે. આવા વિકલ્પની લાગણી છે પુણ્યબંધનું કારણ, છે બંધનું કારણ છતાં ભિન્ન સાધ્યસાધનના વ્યવહારમાં એને આરોપ આપવામાં આવે છે કે આ પણ એક સાધન છે, ઉપચારી સાધન છે, ખરું સાધન છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું માને? ધૂળ? ગુરુએ કીધું શું માન્યું? પણ ખબર વિના. ઓલો આપે કારેલા અને માંગે દૂધી. હું કહું એ માન. લે. શું પણ? ન્યાં તપાસે છે કે નહિ? નહિ, અમે દૂધી લેવા આવ્યા છીએ, કારેલા નહિ. કડવા નહિ, મીઠા લેવા આવ્યા છીએ. સમજાણું કાંઈ? એમાં કહે છેને શું કાંઈક? ફલાણું બહુ છે ને શું કહેવાય તમારે? વિટામીન ને ફલાણું એવું આવે છેને? શું ડૉક્ટર? આમાં વિટામીન વધારે છે, દૂધીમાં આમ છે, ઢીકણામાં આવે છે. વાતું કરે લોકો, સાંભળેલી. આપણને ક્યાં બહુ ખબર છે. ફલાણામાં વિટામીન હોય માટે દૂધીનું શાક વધારે ખાવું, ઢીકણું આમ કરવું, ફલાણું આમ કરવું, મારે ગોળા અનેક પ્રકારના ડૉક્ટરો પણ. ઓલો કહે કે, દૂધી લેવા આવ્યો છું. સવા પાંચ શેર દૂધી જોઈએ છે, બીજી કોઈ ચીજ નહિ. ઈ પરખીને લ્યે છે કે નહિ? કે પરખ્યા વિના?

એમ ભાવનું અંતર ગુરુ કહે, સર્વજ્ઞ કહે, શાસ્ત્ર કહે ઈ શું કહેવા માગે છે એ ભાવનો ખ્યાલ આવ્યા વિના... એ તો હમણાં જ વંચાઈ ગયું છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ભાઈ! શિષ્યે એમ પ્રશ્ન કર્યો છે, તમે કહો છો એમ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં સાતમા અધ્યાયમાં પાછળના ભાગમાં. કે અમે તો ભગવાન કહે ઈ સાચું એમ માનીએ તો શું વાંધો? અહીંયા છે કે નહિ? સમજાણું કાંઈ? નથી. આ છેને આ. સમજાણું કાંઈ? આ મોક્ષમાર્ગ પ્રકાશક છે, લ્યો. એમાં સાતમા અધ્યયનમાં આવી ગયું છે. સાતમામાં છેને, છેલ્લું. આ કીધું, જુઓ! ૨૬૩ પાને છે.

'**પ્રશ્ન :— જો જિનદેવ અન્યથાવાદી નથી...**' શિષ્યે પ્રશ્ન કર્યો. તમે કર્યો એવો. '**તો જેવો તેમનો ઉપદેશ છે તેમ જ શ્રદ્ધાન કરી લઈએ, પરીક્ષા શા માટે કરીએ?**' જુઓ! આ પ્રશ્ન છે. મોક્ષમાર્ગ પ્રકાશક ૨૬૩ પાનું. આ હજારો પુસ્તકો છપાઈ ગયા છે અને હજી ત્રણ હજાર નવા છપાવાના છે. સમજાણું કાંઈ? આ કાયદો આપે કે નહિ કાંઈ? ન્યાલભાઈ! વકીલ કહે, આ ઠેકાણે આ કાયદો લખેલો છે. આ ૨૬૩ પાનું, મોક્ષમાર્ગ પ્રકાશક. ભાઈએ—મૂળજીભાઈએ પ્રશ્ન કર્યો એવો પ્રશ્ન છે. મહારાજ! ભગવાન કહે ઈ સાચું, ગુરુ કહે સાચું. અમારે પરીક્ષા શું કરવી? સાંભળ!

'ઉત્તર :— **પરીક્ષા કર્યા વિના એવું તો માનવું થાય કે—જિનદેવે આ પ્રમાણે કહ્યું છે તે સત્ય છે' પરંતુ તેનો ભાવ પોતાને ભાસે નહિ,...'** ભાવ ભાસે નહિ માટે તારી શ્રદ્ધા કરેલી બધી ખોટી છે. સમજાણું કાંઈ? **'અને ભાવ ભાસ્યા વિના...'** ભાવભાસન એટલે? એ ભાવનું જ્ઞાન. ભાવનો ખ્યાલ આવે નહિ કે આ ચીજ આ અને આ ચીજ આ. એવા ખ્યાલ વિના **'શ્રદ્ધાન નિર્મળ થાય નહિ,...'** દાખલો આપે છે. 'કારણ કે—**જેની કોઈના વચન દ્વારા પ્રતીતિ કરી હોય તેની અન્યના વચન વડે અન્યથા પણ પ્રતીતિ થઈ જાય...'** બીજો કહે તો બીજું થઈ જાય, ત્રીજો કહે તો ત્રીજું થઈ જાય. એ **'વચન વડે કરેલી પ્રતીતિ શક્તિ અપેક્ષાએ અપ્રતીતિ સમાન જ છે;...'** સમજાણું કાંઈ? એઈ..! ભાનુભાઈ! આ પુસ્તક આ ચોપડાના નામાના, કાયદા. અરે..! કાયદા ત્રિકાળ સત્ય સિદ્ધ થઈ ગયેલા છે. એમ ન ચાલે. વચનની પ્રતીતિ બીજો વચન બીજું કહે ત્યાં ફરી જાય. શક્તિ અપેક્ષાએ એના જ્ઞાનના ખ્યાલમાં આવ્યા વિના એ પ્રતીતિ અપ્રતીતિ જ છે. એને પ્રતીતિ કહેવામાં આવતી નથી. સમજાણું કાંઈ? ઘણી વાત લીધી છે એણે. **'જેનો ભાવ ભાસ્યો હોય તેને અનેક પ્રકાર વડે પણ અન્યથા માને નહિ, માટે ભાવભાસન સહિત જે પ્રતીતિ થાય તે જ સાચી પ્રતીતિ છે.'**

ત્યારે વળી બીજો પ્રશ્ન (કરે છે), હમણાં તમે કીધો ઈ. **'અહીં કહેશો કે—પુરુષની પ્રમાણતાથી વચનની પ્રમાણતા કરીએ છીએ.'** સાચા ગુરુ અને એનું વચન પ્રમાણ. **'પરંતુ પુરુષની પ્રમાણતા પણ સ્વયં તો થતી નથી, પહેલાં તેના કેટલાંક વચનોની પરીક્ષા કરી લઈએ ત્યારે પુરુષની પ્રમાણતા થાય છે.'** બીજાથી આ સાચો, શી રીતે તેં નિર્ણય કર્યો? એના વચનના ભાવમાં બીજા કરતાં ફેર ક્યાં છે? અને સાચી શ્રદ્ધાનું શું સ્વરૂપ કહે છે? એવા વચનના પ્રમાણમાં પ્રતીતિ આવ્યા વિના પુરુષ પ્રમાણે વચન (પ્રમાણ) એ પણ નક્કી થાય નહિ. સમજાણું કાંઈ? આ મોક્ષમાર્ગ પ્રકાશક બહુ... હમણાં અહીં તો નથી ને આપણે? કેવા? રાતા. ચાર રૂપિયાના. અહીં નથી લાવ્યા? એકાદ પુસ્તકનો નમૂનો લાવવો હતો બતાવવા. ક્યાં છે? ચાર રૂપિયાનું એક પુસ્તક બે રૂપિયે વેંચાય છે. કોઈપણ રીતે પ્રચાર સત્ય શું છે, લોકો વાંચે. આમ જુઓ તો પુસ્તક એમ લાગે કે આનો બાઈન્ડિંગનો સવા રૂપિયો બેસે. એવું પુસ્તક. લોકોને—અગિયારસો છપાયા... સટોસટ ખપી ગયા. મૂળજીભાઈ! પેલું સાડા ત્રણનું પુસ્તક હતું તો પોણા બેએ ખપ્યા હતા એકવાર. સમયસાર. યાદ છે? પછી ઠપકો આપ્યો હતો મેં થોડોક. ખબર છે? શેઠિયાઓ તમે બધા અડધી કિંમતમાં લઈ જાઓ છો? એ (સંવત) ૧૯૯૪ની સાલ. એ.. દામોદરભાઈ! ૯૪ના માગશર સુદ-૧૦ સ્વાધ્યાય મંદિરનું મુહૂર્ત થયું ને? પછી એંસી પુસ્તકો ન્યાંથી મંગાવ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર.. શું કહેવાય ઈ? મણિલાલ રેવાશંકર. એના તરફથી એંસી બાકી હતા એની પાસે. બે મફત મોકલ્યા અને એંસી સાડા ત્રણ રૂપિયે મોકલ્યા હતા. પોણા બેએ વહેંચ્યા. સાધારણ

તો લે, મૂળજીભાઈએ પોણ બેએ લીધેલું. સમજાણું કાંઈ? પણ ખબર તો હોય કે નહિ તે દિ'ની? ચંદુભાઈ! એ પડ્યું હશે ન્યાં ઘરે એને.

અહીં કહે છે, ઘરનો દાગીનો લેવા જાય, છોડીનો કે બાયડી માટે, તો એક દાગીનો પાંચ વહુરુઓમાં ખપતો હશે? પાંચેના જુદા જુદા રાખે. આ તો એક પુસ્તક રાખો આપણે ઘરમાં, સોંઘુ મળે ઈ. જુઓ, કિંમત એને. પાંચ છોકરાની પાંચ વહુરુઓ હોય તો પાંચેના દાગીના જુદા. એ દાગીના સહિયારા ન રાખે. નરભેરામભાઈ! આ પુસ્તક સત્ય એની કિંમત કેટલી એને? આ એક લાવો. અડધી કિંમતે મળે છે. આ બે રૂપિયાનું પુસ્તક. જુઓ, આ મોક્ષમાર્ગ પ્રકાશકનો આધાર આપ્યો ને. ૨૧૩ પાનામાં છે આ. ચાર રૂપિયાનું પુસ્તક બે રૂપિયે અગિયારસો એકદમ ખપ્યા. ત્રણ હજાર નવા છપાવવાના છે. આ વસ્તુ શું છે, માર્ગ શું છે, વાંચે, વિચારે, કંઈ ગુરુગમ કરે તો એને ખબર પડે. આ તો ન જોવા ચોપડા, ન વાંચવું અને જય નારાયણ! ભગવાન કહે ઈ સાચુ અને ગુરુ કહે ઈ સાચુ એમ ચાલે નહિ. પરીક્ષા કરીને તત્ત્વોને કસોટીએ ચડાવવા જોઈએ. સમજાણું કાંઈ? આ તો જરી તમને ખ્યાલ આવે. ઓહો..! આ બે રૂપિયાનું! અંગ્રેજી હોય તો પંદરેય ન મળે ભાઈ આ. પાના એના જુઓ, બાઈન્ડીંગ જુઓ આ. સવાનું તો આ હશે અને બે રૂપિયે (વેંચ્યા). સટોસટ ખપી ગયા અગિયારસો વળી નવનીતભાઈ કહે બીજા છપાવો. અડધી કિંમતે અમે પૈસા આપશું. સમજાણું કાંઈ? ઈ વાત આવી આમાં ભેગી બધી. કિંમત છેને એને કિંમત. કેટલી કિંમત? ઓહો..હો..!

શ્રીમદ્ રાજચંદ્રને જ્યારે પહેલું સમયસાર મળ્યું, સમયસાર મળ્યું.. ઈ ભાઈ કહેતા હતા. નહિ? ઓલા મનસુખભાઈ. મનસુખભાઈ નહિ પણ ગિરધરભાઈ. ગિરધર મનસુખ. ગિરધરભાઈ નહિ? ઈ કહેતા હતા કે ત્યાં મારા બાપ હાજર હતા. એમના પિતાશ્રી. આમ સમયસાર મળ્યું, આમ જ્યાં પાનું જોયું. એલા રૂપિયા થાળી ભરીને લાવ. થાળી ભરીને રૂપિયા લાવ. કેટલા? આ તો ઘણા વર્ષની વાત છેને. તે દિ' તો સોંઘુ હતું ને. એક થાળી ભરીને રૂપિયા લાવ. રૂપિયો મોટો થઈ ગયો. તે દિ' તો મોટો હતો. અત્યારે નાનો થઈ ગયો. હવે નાનો આટલો ત્રણ આનાનો. ખોબો ભરીને... કેટલી કિંમત? પ્રશ્ન નહિ. ચીજ આવી સત્ય જેમાં પીરસાણું, ભગવાન ત્રિલોકનાથના પેટ જેમાં ખોલીને મૂક્યા, ખોબો ભરીને ઓલાને (રૂપિયા આપ્યા). સમજાણું કાંઈ?

જેને સત્ય જોઈએ છે એના સત્યના નિમિત્તો શાસ્ત્ર આદિની પણ એને પૂજ્યબુદ્ધિ બહુમાન હોવું જોઈએ. કુશાસ્ત્ર અને કુ...નું બહુમાન એને છૂટી જવું જોઈએ. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના જ્ઞાનની પર્યાયમાં વિચાર કરે છે કે અરે..! આવા સત્યને જાણવા જોઈએ. નવ તત્ત્વોને બરાબર જ્ઞાન કરવું જોઈએ. છ દ્રવ્યનું બરાબર જ્ઞાન કરવું જોઈએ. એવો વિકલ્પ. આ જ્ઞેયથી વિરુદ્ધ હોય તે જાણવાલાયક નથી એવા વિકલ્પ આવ્યા વિના રહે નહિ. આ જ્ઞાતા ભગવાન

આત્મા જાણનારો છે અને એનું આ જ્ઞાન છે. ઈ બધો ભેદથી વિચાર કરે છે એને રાગના અંશને, ત્રિકાળ શુદ્ધ સાધ્ય છે એને આ વ્યવહારે ભિન્ન સાધન કહેવામાં આવે છે. એવા ઉપચારના કથનોમાં આવા જ એના વિકલ્પો હોય છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી આવ્યું છે.

હવે અહીં, '**આ આચરણીય (આચરવાયોગ્ય) છે,...**' એમ વિકલ્પ ઉઠે છે. ધર્મીને ભાન થયું આત્મજ્ઞાન, છતાં હજી વીતરાગ દશા પૂર્ણ નથી થઈ એથી અંદર, અરે..! આત્માના આનંદમાં આચરવા જેવું છે. એવો વિકલ્પ. અથવા પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો વ્યવહારે આચરવા જેવા છે એવો વિકલ્પ સમ્યગ્દૃષ્ટિ અથવા મુનિઓને પણ આવ્યા વિના રહે નહિ. '**આ આચરણીય (આચરવાયોગ્ય) છે,...**' જ્ઞાનાચાર, દર્શનાચાર, જ્ઞાનનું બહુમાન, દર્શનનું બહુમાન, ચારિત્રનું બહુમાન, તપનું બહુમાન. સાચું તપ તો સ્વરૂપમાં રમણતા આનંદ કરવો તે. પણ એને વિકલ્પમાં એવું આવે કે અહો..! સ્વરૂપના તપનમાં રહેવું એ તપ છે. એવો વિકલ્પ પણ એને આવ્યા વિના રહેતો નથી. એ વિકલ્પમાં એમ માને છે કે અહો! સ્વરૂપમાં ઠરવા લાયક છે. ભેદ પાડીને વિકલ્પ કરે છે. વિષય આગળ હેઠે કહેશે. અહીં ભેદ પાડીને વિચાર કરે છે. વિષય—વ્યવહાર વિષય પછી કહેશે. ભિન્ન વિષયવાળા પછી કહેશે.

આ આચરવાયોગ્ય નથી. '**(૨) આ અનાચરણીય છે,...**' ભાઈ! એવો વિકલ્પ આવે. અરે..! પાપના ભાવ આદરવા યોગ્ય નથી. અને સર્વજ્ઞ સિવાય અજ્ઞાનીએ કહેલા આચરણો એ આચરવા લાયક નથી. ઓહો..! દુર્ગાદાસજી! આ નોળી કર્મ ને ફલાણા કર્મ ને કરે છેને માણસ? આ કરે તો આમ થાશે ને આમ કરશે તો પ્રાણાયામ કરશે તો મન ઠરશે. ધૂળેય નહિ ઠરે, સાંભળને. સમજાણું કાંઈ? એ બધું એણે કર્યું છે. ગોટા. કહે છે કે ભગવાન આત્મા પ્રાપ્ત શ્રદ્ધા, જ્ઞાનમાં મેળવ્યો છતાં અને હજી પૂર્ણ રમણતા ન હોય ત્યારે અમુક જાતના આચરણમાં અજ્ઞાનીઓ કહે એ આચરવા લાયક નથી અને જ્ઞાનીઓએ કહેલો આત્માનો સ્વભાવ એની સાથે શુભરાગ આદિ આચરવા લાયક છે. એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. અથવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ એવા વિકલ્પ આવે છે, ત્રિલોકનાથ સર્વજ્ઞના વિરહે પરમાત્માની મૂર્તિ એની પૂજ્યબુદ્ધિ, એવો વિકલ્પ એને આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? એનાથી વિરુદ્ધ વાત કહેનારા હોય તો એ વાત આચરવા લાયક છે નહિ. એવો વિકલ્પ સમ્યગ્દૃષ્ટિને અંતરના ભાનની ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

'**(૩) આ આચરનાર છે...**' આચરનાર તો આત્મા છે. સ્વરૂપની સ્થિરતા, એનો આચરનાર પણ આત્મા અને વિકલ્પની લાગણી એવી આવે વ્યવહારે એનો આચરનાર પણ આત્મા છે. એનો આચરનાર કોઈ બીજો છે નહિ. બીજો આચરાવનાર છે નહિ. આ તો બહુ સૂત્ર ટૂંકા કહ્યા છેને. શાસ્ત્રનો જેટલો વ્યવહાર છે, શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રનો અને એનાથી વિરુદ્ધનો બેનો આમાં વિવેક કરીને વિકલ્પ આવો આવે એમ જણાવ્યું છે.

'(૪) **આ આચરણ છે;...'** અરે..! સ્વરૂપમાં આનંદમાં રહેવું એ નિશ્ચય આચરણ છે. અને એમાં ન ઠરી શકે ત્યારે પંચ મહાવ્રતના વિકલ્પો, અઠ્યાવીસ મૂળગુણની વિરતિઓ, ભક્તિનો ભાવ એ વ્યવહારે આચરણને યોગ્ય છે, એ આચરણ છે એવો વિકલ્પ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. આથી વિરુદ્ધ જાતના આવે એ તો નથી એને વ્યવહાર, નથી એને નિશ્ચય. દામોદરભાઈ! ભારે વાત ભાઈ! ઘણું પણ આમાં ટૂંકુ પડે. સંસારનું પણ ભણવા જાય તો સાત ચોપડી, એમ.એ, બી.એ. એલ.એલ.બી પણ ભણે છે કે નહિ? કે ભણ્યા વિના થઈ જતો હશે પાધરો વકીલ? ન્યાલભાઈ! ભણ્યા વિના થઈ જતો હશે? એ તો ધૂળની કેળવણી છે. અનાદિ કાળથી એવી કેળવણી શીખતો આવ્યો છે.

ભગવાનને કેળવણીમાં નાખવો અંદરમાં.. આહા..! કહે છે, પ્રભુ! તારી જાતની ભાત પડી ભાનમાં પણ એની જાતની ભાતના કાળમાં આવા વિકલ્પોની જાત એને આવ્યા વિના રહે નહિ. આહા..હા..! શેની વાત ચાલે છે આ? ભિન્નસાધ્યસાધન. એટલે કે રાગ છે તે પૂર્ણ શુદ્ધતામાં ભિન્ન છે. તેથી ભિન્ન સાધનને સાધ્ય જે નિર્મળ શુદ્ધ એનાથી જુદી જાત છે. આ એને સાધ્યનું સાધન છે એમ કહેવું એ ભિન્ન સાધ્યસાધન વ્યવહારથી કહેવામાં આવે છે. અરે..! વ્યવહાર ને નિશ્ચય ક્યાં ક્યાંય મેળ ન મળે.

એમ '(૧) **કર્તવ્ય (કરવાયોગ્ય),...'** છે. આ કરવાયોગ્ય છે. ખરેખર તો આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચયથી કરવાલાયક છે. નિયમસારમાં આવે છેને? ભાઈ! શું આવે છે? **'णियमेण च जं कज्जं'**. નિયમથી કરવાલાયક છે. મૂળ પાઠમાં નિયમસારના એક પદમાં આવે છે આટલું. ભગવાન આત્મા અખંડાનંદની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિયમથી કરવાલાયક છે. કરે છે, પણ કરવાલાયક છે એવો વિકલ્પ ભેદમાં ઉઠ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! બહુ સમજવું પડે પણ આમાં. કરવાયોગ્ય છે. એ ભૂમિકાને યોગ્ય આચરણમાં ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયા, ઉપર ભૂમિકાએ જાય તો વ્રત વગેરેના વિકલ્પો વ્યવહારે કરવા લાયક છે. નિશ્ચયથી સ્વરૂપના આચરણમાં આનંદમાં રહેવું એ કરવાલાયક છે એવો વિકલ્પ ઉઠે છે.

'(૨) **અકર્તવ્ય,...'** છે. અરે..! આત્માને આ ભૂમિકામાં તીવ્ર રાગાદિની, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા અકર્તવ્ય છે. એ કર્તવ્ય છે નહિ. '(૩) **કર્તા...'** આત્મા કર્તા છે. ભેદ પડ્યો. કરવાલાયક અને નહિ કરવાલાયક ને કર્તા હું એ ભેદનો વિચાર આવે એ વિકલ્પનું સ્થાન છે. રાગની ઉત્થાનની વૃત્તિ છે એને અહીંયા ભિન્ન સાધન તરીકે કહેવામાં આવે છે. એવા વિકલ્પો અજ્ઞાનીને ન હોય અને એવા વિકલ્પો કેવળીને ન હોય. વિકલ્પ સમજાય છે કાંઈ? રાગની વૃત્તિ. એવી વૃત્તિ આ ભૂમિકામાં આવ્યા વિના રહે નહિ. એ નિશ્ચય અને વ્યવહારનું સુસંગત, સુમેળ કરાવવા માગે છે. કહો, દામોદરભાઈ! ઓહો..હો..! ગુરુનો એને વિનય હોય. 'તે તો પ્રભુએ આપિયો' એમ બોલે. આહા..! પ્રભુ મને આત્મા આપ્યો. એવા

વિકલ્પમાં ગુરુ અને જ્ઞાની પ્રત્યે બહુમાન આવ્યા વિના રહે નહિ. એવો વિકલ્પ એને આવ્યા વિના રહે નહિ. ખોટુ બોલતો હશે? એ ચૈતન્યના ઉગ્ર ભાનમાં જ્યાં આવ્યો, એને ઓહો..!

નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, ગોમ્મટસારમાં (કહે છે), મહામુનિ ભાવલિંગી સંત, ભાવલિંગી એટલે? કેવળજ્ઞાનના કારણરૂપ જ્યાં આત્માના આનંદના ચિહ્નો અંતર પ્રગટ્યા છે. શુદ્ધ આનંદની ચારિત્રદશા જ્યાં પ્રગટી છે. છે એમ એકવાર વિકલ્પથી બોલે છે. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી. ગોમ્મટસાર. મોટા આવડા અક્ષરનું. શું થયું ઓલા ગોમ્મટસારનું પછી શું થયું? ગોમ્મટસાર મળ્યું કે નહિ? નથી? તમારે ઘરેય નથી? મોટું આવડું. જોવું હતું આ તો. શુદ્ધાશુદ્ધ દેશનો... સાર. નહિ હોય. આવા શહેરમાં ન હોય. ત્યારે શું તમે પૈસાવાળા શેઠિયા...? એ.. રતિભાઈ! મોટું પુસ્તક આવે છે. આવડા આવડા પાંચ પુસ્તક આવે છે. સો રૂપિયાનું એક તે દિ' મળતું, હોં! આવડા મોટા અક્ષરનું. એમાં એ શ્લોક છે.

મુનિ પોતે કહે છે કે અહો..! ધન્ય ગુરુ! અભયદેવ છે ને કાંઈક? અભયદેવ, અભયદેવ. અભયદેવ. એમ કાંઈક છે. અભયદંડી. હે ગુરુ! તારા પ્રતાપે અમે આ સંસારસમુદ્રને પાર ઉતરી ગયા છીએ. ચંદુભાઈ! છેને? અભયનંદી નામ? અભિનંદન, અભિનંદન. એ હશે કાંઈક ભાષા ગમે ઈ. પણ એ મૂળ પાઠમાં છે. મૂળ શ્લોક. આવડા મોટા અક્ષર, આવડા આવડા. ઓલો મુનિ પોતે ગુરુ આચાર્ય, તારા પ્રતાપે હે નાથ! સંસારસમુદ્રથી પાર થઈ ગયો છું. હવે અમારે સંસાર છે નહિ. એવો વિકલ્પ એ ભૂમિકામાં સ્વભાવનું સાધન કરતાની દશામાં બહુમાન આવું આવ્યા વિના રહે નહિ. વળી એક કોર કહે કે કોઈથી તરાય નહિ. ગુરુની આજ્ઞાથી પણ કાંઈ તરાય નહિ. એક કોર આમ કહે. સાંભળને! એ તો સ્વભાવનો આશ્રય કર્યા વિના તરાય નહિ ત્રણ કાળમાં. પણ જ્યારે તર્યો ત્યારે નિમિત્ત કોણ હતું એના બહુમાનનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? શ્રીમદ્ કહ્યું નહિ?

માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય,
જાતા સદ્ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય.

સમજાણું કાંઈ? 'માનાદિક નિજ શત્રુ તે નિજ છંદે ન મરાય, પણ જાતા સદ્ગુરુ શરણમાં...' હે પ્રભુ! આત્મા આપ્યો નાથ! અમને આ આત્માની નહોતી ખબરું, એ ખબરું કરાવી. અમે તર્યા. પ્રભુ! તમે તરણતારણ. એમ કહીને આખો આત્મા આપ્યો એમ કહે. આહા..હા..! બહુમાનનો વિકલ્પ ઉઠતા માન ગળી જાય. એ વિના માન ગળે નહિ, અભિમાન ગળે નહિ, ક્રોધ ટળે નહિ, માયા જાય નહિ, લોભના ભૂક્કા થાય નહિ. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! ધર્મીજીવને આ કર્તવ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ કે સ્વરૂપની સ્થિરતા આદિ. અકર્તવ્ય છે તીવ્ર વિકાર આદિ અકર્તવ્ય છે. નિશ્ચયમાં વિકાર પણ કર્તવ્ય નથી, વ્યવહારે કર્તવ્ય છે. કર્તા ભગવાન આત્મા છે ઈ પરિણામનો. શુભ કે શુદ્ધનો કર્તા આત્મા છે, બીજો કોઈ કર્તા નથી. અને કર્મરૂપ.. કર્મ એટલે કાર્ય, કર્મ એટલે કાર્ય. કરવાલાયક

ભાવ, નહિ કરવાલાયક ભાવ એનો મેળ કરે છે. અને હું કર્તા અને આ મારું નિર્મળ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનાદિ કાર્ય. અથવા વ્યવહારે પંચ મહાવ્રતના પરિણામ આદિ દયા, દાનાદિ રૂપ શુભભાવ એ મારું વ્યવહારે કર્મ. કર્મ નામ કાર્ય.

ચાર ભેદ પડી ગયા. એક કર્તવ્ય, એક અકર્તવ્ય, એક કર્તા, હું બીજો કોઈ નહિ. આહા..હા..! એ શુભભાવનો પણ કર્તા હું અને શુદ્ધનો કર્તા પણ હું. કર્મ કર્તા નહિ અને બીજો કોઈ કર્તા નહિ. એવા વિકલ્પો જ્ઞાનીને આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એવા કર્મરૂપ **'વિભાગોના અવલોકન વડે...'** ચાર. કરવાલાયક, નહિ કરવાલાયક, કર્તા અને કર્મ અને માથે કીધા ઈ બધા બોલ. વિભાગ. એ બધાની વહેંચણીરૂપ અવલોકન વડે અંદર જોવે, પોતાના જ્ઞાનની દશા અને વિકલ્પો આવા ઉઠે. એ દ્વારા જેમને સુંદર **'ઉત્સાહ ઉલ્લસિત થાય છે...'** તીક્ષ્ણ શબ્દ છેને? ભાઈ! સુંદર. તીક્ષ્ણનો અર્થ કાઢીને સુંદર. પાઠમાં **'पेशलोत्साहाः'** છે સંસ્કૃત. **'पेशलोत्साहाः'** એટલે **'पेशल'**નો અર્થ તીક્ષ્ણ કર્યો છે એમ નહિ પણ **'पेशल'** એટલે સુંદર ઉત્સાહ. સમજાણું કાંઈ? **'पेशल'** સંસ્કૃતમાં શબ્દ છે. એનો અર્થ મનોહર કાં સુંદર શબ્દ થાય છે.

કહે છે, ધર્મીજીવ આવા વિકલ્પની લાગણીમાં ઊભો છે. નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ થયો છે. છતાં આવા રાગની ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા, અશ્રદ્ધાના વિકલ્પ ઉઠે છે. સુંદર ઉત્સાહ ઉલ્લસિત થાય છે. સુંદર ઉલ્લાસ ઉલ્લસિત થાય છે. ભગવાન પ્રત્યે, ગુરુ પ્રત્યે, શાસ્ત્ર પ્રત્યે, સત્ય માર્ગ પ્રત્યે એને ઉલ્લાસ આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? છે વિકલ્પ, છે રાગની વૃત્તિનું ઉત્થાન. પણ એ સ્વભાવના ભાનના કાળમાં એ પૂર્ણ ન થાય ત્યાં સુધી આવું ન આવે એમ માને એ પણ મૂઢ છે. અને આવું આવે એને ધર્મ માને તોપણ મૂઢ છે. અને આવું આવે એને ન જાણે તોપણ મૂઢ છે. જાણેલો પ્રયોજનવાન છે. આવા જ ભાવ હોય, બરાબર જ્ઞાની જાણે. જાણ્યા વિના રહે નહિ. ભારે વાતું ભાઈ! પણ આમાં કેટલી વાત યાદ રાખવી? ઘરની દુકાનમાં પાંચ હજાર ચીજ હોય તો ત્રણ ગણા ને ચાર ગણા ભાવ ખ્યાલમાં હોય એને. શું? આ પાંચ વર્ષ પહેલા પચ્ચીસ ગુણ એલચીની આવી હતી. એ માયલી ત્રણ પડી છે જુઓ ઓલી વખારમાં. એ આ આનાની શેરે આવી હતી. અત્યારે આ ભાવ વર્તે છે, મોંઘવારી આ છે. હવે આ ભાવે વેંચવાની છે. એક એકની ત્રણ-ચાર પટી ભાવ લક્ષમાં હોય એને. દુકાનમાં પાંચ હજાર ચીજ હોય તો બધાના ભાવની ખબર હોય એને. ભાનુભાઈ! ધૂળમાં વેપાર એનાથી ચાલતો નથી. એ તો પુણ્ય હોય તો ચાલે. પણ એને ગરજમાં જ્ઞાનમાં ઈ આવ્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્માનો જેને વેપાર કરવો છે એને બધા પડખા નિશ્ચયના, વ્યવહારના, ઉપાદાનના, નિમિત્તના, પર્યાય—હાલતના, દ્રવ્યના, ગુણના, ક્યા ક્યા પ્રકાર કઈ ભૂમિકામાં હોય એનું બધું એને જ્ઞાન કરવું પડશે. નહિતર ગોટો ઉઠશે અને સાચાપણું પ્રાપ્ત થશે નહિ.

એ સુંદર '**ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો)...**' પ્રાથમિક એટલે સમ્યગ્દૃષ્ટિ અથવા મુનિ ભાવલિંગી છઠ્ઠે ગુણસ્થાને પ્રાથમિક કહ્યા છે. શું કીધું? હજી સ્વરૂપમાં ઠર્યા નથીને નિર્વિકલ્પપણે, વીતરાગપણે એથી એને પ્રાથમિક સમ્યક્ આત્માનું ભાન, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની ચારિત્રની રમણતા અપૂર્ણ, એવા ચારિત્રવંતને પ્રાથમિક જીવો કહ્યા છે. ઓલામાં હતું ને શરૂઆતમાં? '**ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...**' પહેલું હતું, પહેલી લીટી. અને અહીં પાછા સમજાવવા માટે પંડિતજીએ વચમાં ખુલાસો કર્યો. પ્રાથમિક એટલે મિથ્યાદૃષ્ટિ નહિ. પ્રાથમિક એટલે કે હજી અંતર સ્વરૂપની સાધનદશામાં પૂર્ણ સાધન થયું નથી એવા જીવને, આવા ભાવ '**ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે;...**' ધીમે ધીમે અશુભરાગ ટળતો જાય છે અને શુભરાગ ઉત્પન્ન થતો જાય છે. એક એ અર્થ. બીજો—એવા શુભ વિકલ્પના કાળમાં એ અંતરમાં શુદ્ધતાની વૃદ્ધિ સ્વભાવને આશ્રયે થાય છે. એમાં નિમિત્ત પડે એટલે એનાથી ઉઘડતો જાય એમ આરોપથી કથન કરવામાં આવે. ઈ શું વળી પાછું? વાંચવામાં પણ સમજવું પડે.

કહે છે, આ શુભરાગ એ ધીમે ધીમે મોહમલ્લ... મોહમલ્લ શબ્દે અહીંયા મિથ્યાત્વની વાત નથી. મોહમલ્લ શબ્દે અહીંયા રાગ અને દ્વેષના વિકલ્પો છે, એને વ્યવહારે ધીમે ધીમે એ રાગાદિને ઉખેડતા (જાય છે), વ્યવહાર દ્વારા ઉખેડે છે એમ જે કથન કર્યું છે એ સ્વરૂપની એકાગ્રતા દ્વારા પૂર્ણને સાધી રહ્યો છે. ખરેખર તો એ પૂર્ણને અંદર શુદ્ધિની વૃદ્ધિ સ્થાપે છે. પણ જોડે એ છઠ્ઠી ભૂમિકા મુનિની હોય એને આવી જાતના વિકલ્પ હોય, એ વિકલ્પથી ઓળખાય કે આવી એની શુદ્ધ પરિણતિ હોય. એવું ઓળખાવનાર નિમિત્ત છે. એ નિમિત્તથી ઉખડે છે એમ આરોપથી કથન કરવામાં આવે છે. ભારે વાતું પણ ભાઈ.

શુદ્ધિ તો સ્વભાવ ચૈતન્યમાં જેટલો ઝુલે છે, એકાગ્રતાએ શુદ્ધિ થઈ, વૃદ્ધિ થઈ, પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષને સાધી રહ્યો છે. પણ એવી શુદ્ધિ આ ભૂમિકાએ છે એને આ વિકલ્પ આવા હોય છે, અઠ્યાવીસ મૂળગુણ, એક વાર આહાર, ઊભા ઊભા આહાર, નગ્નપણું દશા વગેરે. એ વિકલ્પો એમ બતાવે છે નિમિત્ત કે ત્યાં નૈમિત્તિક આવી ચીજ છે એમ નિમિત્ત પ્રસિદ્ધ કરે છે. નિમિત્ત પ્રસિદ્ધ કરે છે તેને નિમિત્તથી ઉખેડે છે રાગ એમ આરોપ દેવામાં આવ્યો છે. શું કીધું પણ આ? ભારે ધર્મને સમજવો આમાં.

જુઓ! આત્મવસ્તુ છે પદાર્થ અનાદિઅનંત ચૈતન્ય ધ્રુવ છે. એમાં અનંત શક્તિઓ (છે). એની અંદર અનુભવ દૃષ્ટિ થઈ કે આ આત્મા. આ પુણ્ય-પાપ ભિન્ન, નિમિત્ત ભિન્ન, સંયોગ ભિન્ન એ ભાન થયું એનામાં જેટલી અંતર દશામાં એકાગ્ર થતો જાય, શુદ્ધતા શુદ્ધતાની વૃદ્ધિ થઈ જાય છે એ પૂર્ણ શુદ્ધતારૂપી મોક્ષનું ખરું સાધન એ છે. પણ એ સાધનને પ્રસિદ્ધ કરવામાં વર્તમાન આવી જાતના વિકલ્પો મુનિ હોય એને વસ્ત્ર નહિ, પાત્ર નહિ, નગ્ન દશા, નિર્દોષ આહાર, એને માટે કરેલો આહાર (લ્યે નહિ), એવી વૃત્તિઓની વિકલ્પની જાત એમ

પ્રસિદ્ધ કરે છે કે અહીં નૈમિત્તિક શુદ્ધ પરિણતિ આવી જાતની હોય ત્યાં આવા વિકલ્પો હોય છે. નિમિત્ત પ્રસિદ્ધ કરે છે કે આવી પરિણતિ જેને શુદ્ધ હોય એને આવી જાતના વિકલ્પ હોય, એવી શુદ્ધતાને પ્રસિદ્ધ કરે છે. એટલે ખરેખર તો શુદ્ધતાની વૃદ્ધિ સાધ્યને સિદ્ધ કરે છે પણ તે નિમિત્ત આને જણાવે છે એટલે સીધુ આમ ન કહેતા, આનાથી મોહ ઉખડતો જાય છે એમ ઉપચારથી કથન કર્યા છે. ઓહો..હો..! વાંચવામાં પણ પાછી ભૂલ પોતાને વળી. એમાં કઈ દૃષ્ટિએ વાંચવું એ પણ પાછી આંખ્યું જોઈએ, કહે છે. સમજાણું કાંઈ?

દાખલો નહોતો એક? એનો બાપ મૂકી ગયેલો પચાસ લાખ. પચાસ લાખ હવે અત્યારે ક્યાં તમારે... તમે હેઠા રહી ગયા, પહેલા તો તમે જ પૈસાવાળા કહેવાતા ને. કહો, સમજાણું કાંઈ? પણ આ તો પચાસ લાખ.. અત્યારે મોટી મોટી લાખોની વાતું ચાલે છે. ઓલો મૂકી ગયેલો. પછી કાંઈ ન મળે. બધા મરી ગયા. છોકરો એકલો નાની ઉંમરનો દસ વર્ષનો. પછી એની ટ્રસ્ટી કરી હોય, એ વખતે તો ટ્રસ્ટી નું નામ નહોતું પણ એના મામાને સોંપ્યું હતું કે અમુકને સોંપ્યું હતું. મારા બાપાએ આમાં પચાસ લાખ મૂક્યા છે અને એમાં લખ્યું છે કે શંકરના મંદિરના માથે ગભારો હોય ને? એનો છાંયો પડે ત્યાં મેં દાટ્યા છે. માથે ગભારો હોયને? એ ગભારામાં મેં દાટ્યા છે. લીધુ મંદિર જોડે બે લાખનું, જે હોય, પચાસ હજારનું. ખોદાવ્યું ત્યાં. નિકળ્યું નહિ. એના બાપના મિત્ર પાસે જાય છે. બાપુજી! મારા બાપે આ લખ્યું છે આમાં હોં! હેં! ગભારામાં દાટ્યા છે એણે. ગભારો ખોદીને જોયો, હેઠે જોયું, ન નિકળ્યું. અરે..! તારો બાપ કાંઈ કો'કને ઘરે દાટવા જાય? તને ખબર નથી? તારો બાપ... એ મારો મિત્ર હતો, મને ખબર નથી? ત્યારે બાપુજી શું કરવું એમાં? બાપુજી જ કહે ને મિત્રને. આ ચૈત્ર સુદ આઠમ લખી છે અને આઠ વાગે ગભારામાં દાટ્યા એમ લખ્યું છે. એ તારા ફળિયામાં એ સૂર્યનો તડકો આઠ વાગે જ્યારે ગભારાના પ્રમાણમાં આવે એમાં દાટ્યા છે એમ એમાં લખ્યું છે. તારો બાપ કો'કને ઘરે દાટવા જાતો હશે? નરભેરામભાઈ! પણ સમજણ વિના ખોદીને બધું કંઈક કરી નાખ્યું. ખોદી નાખ્યું અને પાઈએ ન નિકળી. હેરાન થઈ ગયો સમૂળગો. ભાઈ! તારા બાપને અમે જાણીએ, એ તો ડાહ્યો હતો. લૌકિક ડાહ્યાની વાત છે, હોં! આ ધર્મની વાત નથી. રખડવાના ડાહ્યા. સંસારના ડાહ્યા એટલે સંસારમાં ઊંડા ઉતરવાના. અહીં કહે છે કે ડાહ્યો હતો. એમ ન ખોદવા જવાય. ત્યારે શું બાપુજી? તારું ફળિયું એવડું મોટું છેને. અને મંદિર આમ ઉગમણું છે અને ફળિયું આમ છે. સવારે ઉગે ત્યારે તડકો તારા ચોકના ફળિયામાં આવે. એને બરાબર આઠ વાગે કરી લેજે. ન્યાં ખોદજે. ખોદ્યું ને પચાસ લાખ નિકળ્યા. અર્થ પણ આવા કરવા. લખ્યાના અર્થ બીજા.

એમ અહીંયા આ રાગને લઈને વીતરાગતા વધતી જાય. ખોદીશ નહિ રાગને. સમજાણું કાંઈ? અહીં તો એ જાતમાં શુદ્ધતાની આત્માની શક્તિનું ભાન થઈ અને શુદ્ધતા અંતરમાં

વધારતો જાય છે અંતરને અવલંબે ત્યારે, એ દશાને ઓળખવાને લાયક એને આવા વિકલ્પની જાત હોય છે, એ ઉપરથી ઓળખવું કે એની શુદ્ધની પરિણતિ આવી હોવી જોઈએ. એ શુદ્ધ પરિણતિને ઓળખાવવાના નિમિત્તને એનાથી મોહ ઉખડતો જાય એમ આરોપ દેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ!

મોહમલ્લનો અર્થ પણ રાગ, હોં! મિથ્યાત્વ નહિ. ધીમે ધીમે ઉખેડતો જાય છે એટલે રાગને મૂળમાંથી ખોદતો જાય છે. રાગને ખોદતો જાય ઓલો રાગ. વિકલ્પ ઉઠ્યો એ રાગને (ખોદે છે)? અરે.. ભગવાન! એનાથી તો કાંઈ થાય નહિ. પણ નિમિત્તનું જોડે સાધન હતું એનાથી આરોપ કરીને આ કથન કર્યા છે. હવે એવી દશાવાળો આત્મા પોતાના સ્વરૂપના સાધનમાં પડ્યો, વ્યવહાર સાધન આને ગણવામાં આવ્યું.

'**કદાચિત્ અજ્ઞાનને લીધે...**' અજ્ઞાનને લીધે એટલે? મિથ્યાત્વને લીધે એમ નહિ. પણ '**(—સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે)...**' આત્મામાં જ્ઞાનનો આનંદનો ઉપયોગ જ્યાં નથી, પોતાના આનંદનો ઉપયોગ જ્યાં નથી એવા આનંદનો ઉપયોગ, હોં અંદર. રમણતા નથી ત્યારે એને '**મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી...**' જરી કષાય અને પ્રમાદને વશ ધર્મી પણ થઈ જાય છે. નબળાઈને લઈને. જુઓ, આ પ્રમાદ ને કષાયને વશ થવાથી. કર્મે એને વશ કરાવ્યો કે એમ છે નહિ. બહુ સમજવાની વાતું પણ આમાં. હળવે હળવે તો લઈએ છીએ, ભઈ. આ એકદમ તો લેતા નથી. જરી માંગણી કરી છે અહીંયા લાલચંદભાઈએ પછી એણે વાત તો સમજવી પડશે કે નહિ? ઘરના છોકરાને સૌ ડાહ્યા કહે. કહો, સમજાણું કાંઈ?

'**મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી...**' એટલે શું કીધું? કે ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા અને શુદ્ધ છે એવો અનુભવ થઈ ગયો પણ સ્વરૂપની સ્થિરતા નથી એટલે કષાય અને જરી પ્રમાદને વશ પર્યાયમાં થઈ જાય છે એટલી પોતાની નબળાઈ છે. એટલી નબળાઈ (રહેવાનું કારણ) પ્રભુશક્તિ એટલી ફોરવી નથી. પહેલી વાત કહી ગયા છે. પ્રભુશક્તિ જો એટલી થઈ ગઈ હોય તો સ્વરૂપમાં ઠરી જાય. પણ એટલી ઠરવાની શક્તિ નથી પણ ભાનની ભૂમિકામાં ઊભો છે. ઈ અજ્ઞાનને લીધે મદને વશ થઈ '**પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં...**' જરી રાગ, પ્રમાદ આવી જાય છે. સ્વભાવને ભૂલ્યા વિના, સ્વભાવને ભૂલ્યા વિના. સ્વરૂપની વીતરાગતા નથી એટલે જરીક શિથિલતા આવી જાય છે.

'**પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે;...**' ગુરુ પાસે જાય, પ્રભુ! આ પ્રમાદ આવ્યો, હોં! એ ધર્મી છે. ભારે વાત. જરી રાગને વશ થઈ ગયો, પ્રમાદને વશ થયો, ગુરુ પાસે જાય છે, પ્રભુ! મને દંડ આપો. પ્રાયશ્ચિત્ત આપો, પ્રભુ! મને પાપ લાગ્યું. અરે..! પણ ક્રમબદ્ધમાં આ ક્યાં? એઈ..! પ્રભુભાઈ! શું કીધું આ?

વળી ક્રમબદ્ધમાં આ ક્યાં આવ્યું? તમે કહો કે ક્રમે ક્રમે થાય છે, ફેરફાર નહિ. વળી આ ક્યાંથી આવ્યું? અરે.. પ્રભુ! સાંભળને! એ ક્રમબદ્ધમાં આવો જ એને નિયમ હોય છે કે આત્માનું ભાન હોવા છતાં રાગાદિને જાણનાર રહેવા છતાં, રાગની ભૂમિકા એની દશા પ્રમાણે વિશેષ રાગ આવી જાય ત્યારે એને વિકલ્પ પણ એવો આવે એના ક્રમમાં. ગુરુ પાસે જઈ કહે, પ્રભુ! મને દંડ આપો. મને દંડ આપો, ન્યાયથી દંડ આપો. ઓહો..હો..! સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાની, સમ્યક્ ધર્મી એને પણ અંદર રાગનો ભાગ જરી આવ્યો, પ્રમાદવશ થઈ ગયો. પ્રભુ! મને દંડ આપો. એવો એના ક્રમમાં, એની ભૂમિકાના વધવાના કાળમાં આ સ્થિતિ આવ્યા વિના રહેતી નથી.

'**ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે...**' ન્યાયમાર્ગ એટલે? એ ભૂમિકાને યોગ્ય જે શુદ્ધતા જોઈએ એટલી શુદ્ધતામાંથી જરીક પ્રમાદ કંઈ આવ્યો. '**ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે;...**' પ્રચંડ દંડનીતિ પ્રભુ! પ્રાયશ્ચિત્ત આપો. પાંચ અપવાસ, દસ અપવાસ, તમને ઠીક પડે એમ. મારી ભૂલ થઈ છે. ભાન રહ્યું છે પણ ભૂલ થઈ છે. ભાન છે કે ભૂલ થઈ છે. ભાન છે કે હું જ્ઞાતા અને આનંદકંદ છું. પણ સ્વરૂપની સ્થિરતાનો કાળ મને જે છે એટલી મને પુરુષાર્થની કચાશ છે. માટે આ પ્રમાદ છે. દંડ માંગે દંડ. ચંદુભાઈ! શું આ સવારની વાત સાથે...? અરે..! ભગવાન! બધો મેળ છે. પણ કંઈ સમજવા માગે એને મેળ ખાયને? ન સમજવા માગે એને મેળ ન ખાય. એ જાતના વિકલ્પની જાત આવે છે એમ અહીંયા આચાર્યદેવ જ્ઞાન કરાવવા માગે છે.

'**ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત્ત દેતા થકા...**' પોતે પ્રાયશ્ચિત્ત લે. અરે..! અમને આ ભૂમિકામાં જરી ક્રોધની તીખાશ આવી ગઈ, જરી માનનો અંશ આવ્યો, જરી કપટ અને રાગ પ્રભુ થયો, હોં! અમારે આ શોભે નહિ, હોં! એમ કરીને દોષને અનુસાર. જેવો દોષ તેને અનુસાર '**પ્રાયશ્ચિત્ત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે;...**' ઉદ્યમવંત વર્તે છે સ્વભાવમાં અને તે પ્રકારના વ્યવહારના ઉલ્લાસમાં. ભારે સંધિ ભાઈ! આ વસ્તુના માર્ગની રીત અને પડખું આ જાતનું છે. એથી આડીઅવળી કોઈ રીત કરવા માગે તો એ નથી સમજતો નિશ્ચયને, નથી સમજતો એ વ્યવહારને. બેને જેમ છે તેમ જાણ્યા વિના એના માર્ગની શુદ્ધિ અને સ્વભાવ તરફ એનું વલણ હોઈ શકે નહિ.

'**વળી,...**' એટલી ભેદની વાત કરી હતી. હવે એ ભિન્ન વિષયવાળાં શ્રદ્ધા-જ્ઞાનનો વધારે ન્યાય મૂકે છે કે ભિન્ન વિષય છે. નિશ્ચય દૃષ્ટિ અને સમ્યક્જ્ઞાનનો વિષય તો આત્મા છે. અને વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર વર્તન એનો વિષય પરવસ્તુ છે, એનો વિષય સ્વ કઈ રીતે છે એ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ ૦૦), શુક્રવાર, તા. ૪.૫.૧૯૬૨
ગાથા–૧૭૨, પ્રવચન-૮

... એમાં આ ચાલતો અધિકાર નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગનું શું સ્વરૂપ છે એ કહેવામાં આવે છે. ચાલે છે? સમજાણું કાંઈ? ઝીણી વાત તો છે જરી. અનંત કાળથી આ દેહમાં રહેલું ચૈતન્યતત્ત્વ, એની અંદરમાં અનંત આનંદ અને શાંતિનો સ્વભાવ ભરપૂર અંદર ભરેલો છે. પણ એણે અનંત કાળમાં જે વર્તમાન જ્ઞાનની દશા, પ્રગટ જ્ઞાનની અવસ્થા વર્તે છે એમાં એણે સ્વને વિષય, જ્ઞાન દ્વારા સ્વને વિષય—ધ્યેય સાધ્ય તરીકે અનંત કાળમાં એણે એક સેકંડમાત્ર કર્યું નથી. શું કીધું?

આ દેહાદિ, આ વસ્તુ તો ભિન્ન—જુદી છે, માટી છે. એક અંદર ચૈતન્યતત્ત્વ જેને કહીએ—જાણક તત્ત્વ, એ તત્ત્વમાં ભાવરૂપે અનંત અનંત બેહદ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ ભરેલા છે. એ તો ઘણી વાર દાખલો આપીએ છીએ ને. પીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ પીપરને દાણે દાણે પડી છે અને લીલો રંગ અંદર પડ્યો છે. એમ અનંત અનંત શક્તિઓ પીપરના દાણાના મધ્યમાં શક્તિરૂપે—સત્ત્વરૂપે છે. એમ આ ભગવાન આત્મા એના અંતરના ધ્રુવમાં સદૃશ્ય શક્તિમાં, સામાન્ય સ્વભાવમાં બેહદ જ્ઞાન, બેહદ આનંદ, અપરિમિત વીર્ય અને બેહદ અંદર દૃષ્ટાશક્તિ પડેલી છે. જયંતિભાઈ! સમજાય છે કાંઈ? પણ તેનો વિષય એણે અનંત કાળમાં પરિભ્રમણ કરનારે એક સેકંડ પણ એનો વિષય કર્યો નથી.

વિષય એટલે શું? જેમ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એને જેમ વિષય કહેવામાં આવે છે. ઈ કેમ શેના? કે પોતે પરલક્ષ જ્યારે કરે છે અને રાગ કરે છે ત્યારે એ વિષયોને વિષય કહેવામાં આવે છે. એમ પરલક્ષી વિષયોને લક્ષમાં લઈને પુણ્ય અને પાપ અને પરમાં સુખ છે એવી ભ્રમણાની માન્યતા અનંત કાળથી કરતો આવે છે એથી એ દુ:ખી અને ચોર્યાશીના અવતારમાં રઝળી રહ્યો છે. એને એક સેકંડમાત્ર પણ જ્યારે સત્ સમાગમ પામીને આ આત્મપદાર્થ વસ્તુના સ્વભાવથી એનો સ્વભાવ છે શુદ્ધ ચૈતન્ય, આનંદ આદિથી ભરેલો છે. એની વર્તમાન જ્ઞાનની દશાને વર્તમાન હાલતને અંતર્મુખ વિષય કરતાં સામાન્ય એકરૂપ ચૈતન્ય છું, પૂર્ણ આનંદ અને અભેદ છું એવી વર્તમાન દશાને અંતરમાં વાળતા એ સામાન્ય નામ ચૈતન્યનું એકરૂપ જેનો વિષય બને, આ વિષય બનાવીને જે સમ્યગ્દર્શન થાય એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવો વિષય અનંત કાળના ચોર્યાશીના અવતારમાં અનેક અવતાર કર્યા. નિર્ધનના, સધનના, રાંકાઈના, રાજાઈના, નરકના અને સ્વર્ગના. એના ભવો કર્યા અને એ ભવના કારણરૂપ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ પણ અનંત વાર કરી ચૂક્યો પણ તેના દુ:ખના અંત

આવ્યા નહિ. આ પૈસા-બૈસા મળે અને આ બધું સાધન મળે તો દુઃખનો અંત આવે એમ હશે કે નહિ? મૂળજીભાઈ! ક્યાં ગયા? માને છે? અરે..! ધૂળમાંય નથી, સાંભળને. તારા પૈસાના કટકા કરીને જો, ક્યાં સુખ છે એમાં? પૈસામાં નથી, શરીરમાં નથી, વાણીમાં નથી, આ અંદરમાં પાપના ભાવ—હિંસા, જૂઠા, ચોરી, વિષયના થાય એમાં નથી. આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જપનો વિકલ્પ અને લાગણી ઉઠે એમાં પણ સુખ નથી. એ પોતે જ આકુળતા છે. વિકલ્પ જે ઉઠે છે—રાગ, એ ત્રિકાળ શુદ્ધ શક્તિ પરમાનંદની મૂર્તિ એની ઊલટી દશા, એને રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવ કહેવામાં આવે છે. એ ભાવ પોતે દુઃખરૂપ છે. એનો વિષય અનંત કાળથી બનાવ્યો છે. પણ ચૈતન્ય ભગવાન પૂર્ણ શાંતિનો સાગર પોતાના પૂર્ણ આત્મરસથી ભરેલો એનો એણે વિષય એટલે કે લક્ષ એટલે કે ધ્યેય એટલે કે અંતર્મુખમાં તેને લક્ષમાં લેવું, એ વાત અનંત કાળમાં એણે કરી નથી. સમજાણું કાંઈ?

આ ભિન્ન વિષય આવે છેને ભાઈ જરી. એટલે એનો આ પહેલો ઉપોદ્‌ઘાત થાય છે. સમજાય છે કાંઈ? એવો આત્મા અનંત કાળે નહિ બનાવેલો સ્વને વિષય, સ્વને ધ્યેય એટલે કે વર્તમાન દશાને અંતર્મુખમાં વાળીને જે પરમાનંદનું મૂળ એકરૂપ આત્મા છે એને વાળીને અનુભવ કર્યો ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન કહેવામાં આવે છે. ત્યારથી એની ધર્મની શરૂઆત, ત્યારથી એને શાંતિની શરૂઆત, ત્યારથી એને સ્વતંત્રતાની પ્રસિદ્ધિ, ત્યારથી એને આત્માની પ્રસિદ્ધિ થાય છે. સમજાય છે કાંઈ?

ઈ કેમ પ્રાપ્ત થાય? એ પ્રાપ્ત થાય પોતાના સ્વરૂપ તરફની દૃષ્ટિનું સાધન કરતાં થાય. બાકી કોઈ કારણે થતું નથી. સમજાણું આમાં કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાનની વર્તમાન દશાને... દાખલો આપ્યો હતો ઘણીવાર. તત્ત્વજ્ઞાન તરંગિણીનો નહોતો આપ્યો? લાકડુ ને નખ ને... આ શરીરને ઠંડુ અને ઊનું જોવું હોય, કે સુંવાળુ અને કર્કશ જોવું હોય તો આ લાકડીથી નહિ જોવાય. લાકડીથી નહિ ખબર પડે કે આ સુંવાળું ને કેવું છે. ખબર પડશે? આ વધેલા નખને અડાડો આમ આમ તો નહિ ખબર પડે કે ટાઢું ને ઊનું ને સુંવાળુ અને કર્કશ છે. ત્યારે એ શરીરની ઠંડી કે ઉષ્ણતા, સુંવાળપ કે કર્કશાઈ એ એનો અવયવ જે આ આંગળી છે, આ એનો અવયવ છે, આંગળી, હાથ આખા શરીરનો એક ભાગ છે. એ આંગળી દ્વારા, અવયવ દ્વારા અવયવી આખી ચીજને અવયવ દ્વારા જો આમ સ્પર્શ કરશે તો એને ખ્યાલ આવશે કે આ શરીર ટાઢું છે, ઊનું છે, કર્કશ છે કે ભારે છે. નવનીતભાઈ! સમજાય છે કાંઈ? આ દૃષ્ટાંત.

હવે એનો સિદ્ધાંત. ભગવાન આત્મા.. જેમ આ શરીર વસ્તુ છે એમ આત્મપદાર્થ અનાદિઅનંત અનંત ગુણનો પિંડ, અવયવી અવયવી એટલે અનંત ગુણનો પિંડ એવો એક અવયવી પદાર્થ છે. એની વર્તમાન જ્ઞાનની દશા પ્રગટરૂપે જે વર્તે એ એનો અવયવ છે. એ સિવાય આત્માને શરીર, મન, વાણી, એની ક્રિયા દ્વારા આત્માનો અનુભવ કરવા માગે,

ત્રણ કાળમાં કરી શકશે નહિ. સમજાણું કાંઈ? શરીર લાકડી છે આ તો. જેમ આ લાકડીથી ટાઢું, ઊનું ખ્યાલ ન આવે, એમ શરીર દ્વારા, એની ક્રિયા દ્વારા, એના રૂપાંતર દ્વારા આત્મા શું ચીજ છે, એની પ્રતીત અને અનુભવ એના દ્વારા થઈ શકે નહિ.

બીજી વાત. લાકડીથી આવીએ નખ (ઉપર). આત્મામાં શુભ અને અશુભ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજા વગેરે જે વૃત્તિ શુભની ઊઠે કે હિંસા, જૂઠું, ચોરી, અશુભની લાગણી થાય એ વધેલા નખ છે. એ નખ દ્વારા પણ એટલે શુભ અને અશુભભાવ દ્વારા પણ આત્મા કોણ છે એનું એને ભાન ને ધ્યેય પકડી શકશે નહિ. સમજાય છે કાંઈ? રતિભાઈ! ભારે ઝીણું આ. આ બધું કબુલ કરવું, સટ્ટામાં તો મજા પડે અંદરથી. ફડાક ફડાક અંદરથી આમ થાય ને.. હુશિયાર માણસ કહેવાય, લ્યો. ન્યાં તો ડાહ્યા માણસ કહેવાય. અહીં કહે છે કે હુશિયારી... ઓલા ડાહ્યા કહેતા? એક ડાહ્યાભાઈ હતાને? ભાઈ! વાંકાનેરના હતા. પેલા નાટક પાડતા, નહિ? એ નાટક અમે જોવા ગયેલા. ભરૂચની અંદરની વાત છે. (સંવત) ૧૯૬૬ની સાલની. ડાહ્યાભાઈ ધોળશા નાટક (પાડતા).

અમારી દુકાન પાલેજમાં હતીને તો એક વાર સાધુ ભરૂચમાં આવેલા. ન્યાં લેવા ગયેલા. વખત ગાળવો ક્યાં? તો નાટક જોવા ગયા હતા. ડાહ્યાભાઈનું. ૬૬ની સાલની વાત છે. ૧૯૬૬. ફાવાભાઈ હતા. ક્યાં ગયા ફાવાભાઈ? ફાવાભાઈ સાથે હતા. ક્યાં ગયા? સાંભળતા નથી લાગતા. આવ્યા નથી? એમ હોય? આવ્યા તો છે આના માટે. આવ્યા હશે. ક્યાંક બેઠા હશે. એ ડાહ્યાભાઈ જ્યારે મરવા પડ્યા.. નાટક બહુ બનાવેલા, મરવાનું જ્યારે ટાણુ આવ્યું, ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ કે આ આત્મામાં એકાકાર થઈને સમાધિ આનંદે મર તો તું ડાહ્યો કહેવાય. નહિતર તો તું મૂરખ છો. નવરંગભાઈ! ડાહ્યા તારું ડહાપણ. તેં આ બધા નાટકો (પાડ્યા)... આઠ દિ'માં ત્રણ નાટક પાડતા. એક એક નાટકના એક એક રાતના પંદરસો, બે હજાર રૂપિયા આવતા. આ તો ૬૬ની વાત છે. અત્યારે બહુ મોંઘુ થઈ પડ્યું ને બધું. સમજાણું કાંઈ?

એમ આત્માને કહે છે કે હે ડાહ્યા આત્મા! આ તારું ડહાપણ ત્યારે કહીએ કે એ પુણ્ય ને પાપના વિકલ્પની લાગણી, દયા, દાન, વ્રતની એની રુચિ છોડી, એ વધેલા નખ છે એનાથી આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન થઈ શકશે નહિ. શરીરની ક્રિયાથી નહિ થાય, પુણ્ય-પાપના ભાવથી નહિ થાય. એ આત્મા વસ્તુ ચિદાનંદમૂર્તિ છે એનો વર્તમાન પ્રગટ જ્ઞાનનો અંશ છે, એ અંશને અંતરમાં વાળતા એ એના અવયવને અવયવી ઉપર લઈ જતાં આત્માનો સાક્ષાત્કાર અને અનુભવ થઈ શકે છે. એ સિવાય કોઈ બીજો એનો ઉપાય નથી. સમજાણું કાંઈ? એ સિવાય બીજી કોઈ વાતું કરતા હોય એ બધી પાખંડ અને અજ્ઞાનની દશાની વાતું છે. આનાથી ધર્મ થાય ને ફલાણાથી ધર્મ થાય, દયા પાળીએ, વ્રત પાળીએ, દાન કરીએ તો ધર્મ થાય. બધે ગપ ગોળા છે. ભાનુભાઈ!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ન્યાયથી તો વાત કરીએ છીએ. શુભ અને અશુભની વૃત્તિઓ ઉઠે છે એ તો વિકાર છે, બેકાર છે. ચૈતન્યની શાંતિ અને આત્માના અનુભવ માટે તે બેકાર છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાનની દશાને અંતર્મુખ વાળીને '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ એક સમયમાં સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ વસ્તુ છું, એકરૂપ છું એમ અંતરમાં સહજ પર્યાયને વાળતા, પર્યાયવાન દ્રવ્યનું ભાન થાય એને ભગવાન સ્વવિષય બનાવીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, સ્વવિષય બનાવીને સમ્યક્જ્ઞાન પ્રગટ કર્યું, સ્વવિષય બનાવીને ચારિત્ર પ્રગટ કર્યું. એને ભગવાન ધર્મ કહે છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ!

એવી દશા થયા છતાં, હવે એને આત્માના વિષય સિવાય ભિન્ન વિષયના પદાર્થનું લક્ષ થઈને એને રાગાદિની વાસના ઉઠે છે. એને અહીંયા વ્યવહાર તરીકે શુદ્ધ આત્માના સાધનમાં એ રાગને જે સ્વપર પ્રત્યયી વિકાર છે, પોતાનો આત્મા અટક્યો છે અને કર્મનું એમાં નિમિત્ત છે. એવી વિકૃત દશાનો રાગ, એ રાગનો વિષય પરપદાર્થ છે. એવો રાગ ધર્મીજીવને આત્મભાન થયા છતાં પૂર્ણ વીતરાગ અને અરાગી દશા ન થાય ત્યારે તેને આત્મા વિષય સિવાય પરવિષયનો રાગ પણ આવ્યા વિના રહેતો નથી. દામોદરભાઈ! શું કહે છે? જુઓ! અહીં સુધી આવ્યું આપણે.

'**સતત ઉદ્યમવંત વર્તે છે;...**' ત્યાં સુધી આવ્યું છે. ધર્મીજીવ... છેને નીચે લીટી? ૨૫૫ પાનું. ગુજરાતીમાં નીચેની બે લીટી ઉપર. હેઠે નોટ છે ઈ નહિ. ઝીણા અક્ષર નહિ. કહે છે, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ એમ ફરમાવે છે અને એમ છે કે અરે..! આત્મા! તારી ચીજ ઉપર અંતર નજર કરીને જે તારો અનુભવ થાય એ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાએ સ્વને વિષય બનાવ્યો છે. સ્વને ધ્યેય બનાવ્યું છે, સ્વને લક્ષમાં લઈને તે શુદ્ધ દશા પ્રગટ થઈ છે. એ ખરેખર શુદ્ધપર્યાય દશા થાય એ જ એક સાચો મોક્ષનો માર્ગ છે. પણ વચમાં આવો એક પરવિષય રાગ આવ્યા વિના રહેતો નથી. ચંદુભાઈ!

'**વળી,...**' '**अथ**' શબ્દ પડ્યો છેને ભાઈ એમાં? '**अथ**' છેને '**अथ**'. '**सन्तोऽथ**'. સંસ્કૃતમાં છેને? ભાઈ! હિંમતભાઈ! '**વળી, ભિન્નવિષયવાળાં...**' વિષય તો ભાઈ, આ તો અનાદિથી કાં એકલા નિશ્ચયનું ભાન કર્યા વિના એમને એમ માની બેઠા કે અમને આત્મા સમજાણો અને જ્ઞાન થયું ને આનંદ થયો. એ પણ એક ગપ અનાદિથી ભ્રમણાનું અંદર ચાલ્યું આવે છે. અને કાં દયા, દાન, વ્રત, તપ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા એને સમકિત માનીને પરિભ્રમણ કરી રહ્યો છે. સમજાણું કાંઈ? આપણે તો પરમાત્મા સાચા, દેવ સાચા, ગુરુ સાચા, શાસ્ત્ર સાચા. જય ભગવાન! ત્વમેવ સચ્ચં. તમે કહો ઈ સાચું. ઈ આપણે શ્રદ્ધા રાખો અને એ શ્રદ્ધા ધર્મ. એમ અજ્ઞાનીએ અનાદિ કાળથી માની રાખ્યું છે. એ ધર્મ નહિ. સાચા દેવ, સાચા ચારિત્રવંત ગુરુ અને સાચા શાસ્ત્ર એની શ્રદ્ધાનો ભાગ પણ રાગનો ભાગ

છે. એ ધર્મ નહિ. એ આત્માની સ્વતંત્રતાના શાંતિની જાહેરાત નહિ, એ તો વિકારની જાહેરાત છે. પણ જ્યાં સુધી આત્મામાં શુદ્ધ ચૈતન્યના પૂર્ણ ધ્યેયને અંતર એકાગ્ર ઉગ્રપણે થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ શરૂઆત આનંદની ધ્યેય પકડીને કરી છતાં પૂર્ણ આનંદ ન થાય ત્યારે ભિન્ન વિષય વચમા આવ્યા વિના રહેતો નથી. નવરંગભાઈ!

એમાં ત્રણ વાત સિદ્ધ થાય છે કે અનાદિથી અજ્ઞાનીએ રાગ ને દયા, દાન ને વ્રત, તપના વિકલ્પ જે થાય એને સાધન માનીને ધર્મ માન્યો છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અને આત્માના અંદરના નિશ્ચયના ભાન વિના અમે આત્મા જ્ઞાની છીએ, આનંદ છે, અમને સમ્યક્ થયું છે, એવી કલ્પનાના ઘોડે ચડ્યો એ પણ મૂઢ જીવ અનાદિથી પરિભ્રમણ કરી રહ્યો છે. પણ કોઈ મહા પળે, મહા આત્માના સાધનના સંપન્નપણે અંતર્મુખ દૃષ્ટિ થઈ અને એના તળિયા જોયા. લોકમાં નથી કહેતા? એક ફેરી વાત કરી હતી. અમારે ગામડામાં ન્યાં.. ગામડુ છેને ન્યાં તો ઉમરાળા, પાંચ હજારની વસ્તી. છોકરાઓ રમવા જાય. ઊભો કોશિયો કોણ પડે છે છોકરાઓ? નાની ઉંમરમાં, આઠ-દસ વર્ષની ઉંમર. એટલે શું કે હેઠેથી તાગ લઈ આવો. કૂવામાંથી તળિયે તાગ. હવે મોઢુ તો બહાર કાઢવું મુશ્કેલ પડે. પણ આમ પડે અને તાગ લઈને હાથ લાંબો કરે. ત્યારે જાણે કે હેઠે લઈ આવ્યો તાગ. જયંતિભાઈ! તમારે શહેરમાં ક્યાં હતા એવા? ગામડામાં ભાઈ એવું બહુ હતું. ઊભો કોશિયો એટલે આમ ઊભો પડે, ફડાક દઈને. અને ઠેઠ જઈને બહાર હાથ કાઢે. આ તો બધા કરેલા ને જોયેલા, હોં નજરે. ન્યાં છેને એક ઉતારા પાસે બહાર. હેઠે કૂવો છે ન્યાં. ઓલો ઉતારો નહિ આપણે ઉતરતા? ભગવાનને લઈ જતા. પહેલા તો (સંવત) ૨૦૦૦માં ઉતારામાં ઉતર્યા હતા ને. હેઠે કૂવો છે ન્યાં.

એમ ચૈતન્ય કૂવો. ભગવાન આત્મા અંતર્મુખની દૃષ્ટિ કરતાં એ ચૈતન્ય આનંદ અને શુદ્ધ તેનો તાગ લાવે. સમજાણું કાંઈ? એનો તાગ એટલે એમાં શક્તિ જે છે એમાં એકાગ્ર થતાં એના આનંદની શક્તિમાંથી સત્ત્વનો આનંદનો એક અંશ બહાર આવે. આનંદનું પરિણમન થાય. શુદ્ધ શ્રદ્ધાનું પરિણમન, પરિણમન એટલે અવસ્થા થાય. અને સ્વરૂપની રમણતા, અંદર શુદ્ધતાની રમણતાની ચારિત્રની નિર્મળ દશા થાય એનું નામ સાચો મોક્ષમાર્ગ અને ધર્મ. સમજાણું કાંઈ? પણ અનાદિથી અજ્ઞાની, વ્યવહારથી નિશ્ચય થાશે, વ્યવહારથી નિશ્ચય થાય એમ વ્યવહારની પક્કડ છોડતો નથી. એ મૂઢ જીવ છે. અને નિશ્ચયના ભાન વિના એ વ્યવહારના વિકલ્પો પણ આવે એને કરતો નથી અને અશુભમાં જાય છે, એ તો પાપની પ્રવૃત્તિ કરીને નરક અને નિગોદમાં જશે.

અહીં તો હવે નિશ્ચય અને વ્યવહારની સંધિ કરે છે. ભગવાન આત્મા પોતાના ધ્યેયને અંતર્મુખ થઈને ધ્યાન દ્વારા, ધ્યેયને ધ્યાન દ્વારા ધ્યાતાને પકડ્યો. અરે..! ભારે ઝીણી વાતું પણ આમાં. નવરંગભાઈ! ભગવાન આત્મા ચીજ... જે લગડી સોનાની છે આખી, એમ

શુદ્ધ સુવર્ણ આત્મા, સ્ફટિક જેવો આત્મા. સ્ફટિકની જેમ મૂર્તિ હોય, આવે છેને? એક દાખલો આવે છે. સ્ફટિકની મૂર્તિ. મેલ નિકળી ગયા અને આવે છેને ક્યાંક? સ્ફટિકનો સ્તંભ. સ્ફટિકના સ્તંભનો દાખલો આવે છે, આમાં જ ક્યાંક આવે છે. સ્ફટિક મેલ વિના થઈ જાય. મેલ ઉપર ચોંટ્યો હોય અને મેલ વિનાનો થઈ જાય. એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના ભાવ એ મેલ છે. ચૈતન્ય વસ્તુ સ્ફટિક—ચૈતન્ય સ્ફટિક, આનંદ સ્ફટિક એવી દેહ પ્રમાણે ચૈતન્યમૂર્તિ છે. હાડકા અંદર લક્ષમાંથી કાઢી નાખો, પુણ્ય-પાપના વિકલ્પો લક્ષમાંથી કાઢી નાખો, એકલો ચૈતન્ય સ્ફટિક આનંદમય મૂર્તિ છે. એને અંતરમાં પકડતાં જે અનુભવ અને આનંદ આવે એને ધર્મ કહે છે. એ સ્વવિષયથી ધર્મ થયો. પણ હજી પરવિષયવાળા એને રાગ ભાગ રહી જાય છે. આ એ વાત કરે છે, જુઓ!

'**ભિન્નવિષયવાળાં...**' છેને? '**શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે (—આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે...**' એટલે હવે એની વ્યાખ્યા કરવી પડશે. નીચે અર્થ છે, જુઓ! '**વ્યવહાર—શ્રદ્ધાનજ્ઞાનચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે;...**' નીચે નોટ. શું કીધું? પહેલી જે વાત કરી એ નિશ્ચયની એટલે સાચી. સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને સાચો અનુભવ. હવે એ પૂર્ણ અનુભવ નથી ત્યારે એને વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્રના વિષયો આત્માથી જુદા છે. એટલે? '**કારણ કે વ્યવહારશ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે,...**' શું કહે છે ધ્યાન રાખો. વર્તમાન નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય તો અભેદ ચૈતન્ય આત્મા છે. હવે એમાં જ્યારે નવ પદાર્થ ભગવાને કહેલા—જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપ, આ જ્ઞાયકભાવ તે જીવ, અજીવ તે પર, દયા, દાન, વ્રતના પરિણામ તે પુણ્ય, હિંસા, જૂઠું, ચોરીના ભાવ તે પાપ. એ વૃત્તિઓ તત્ત્વ છે. એ બે થઈને આસ્રવતત્ત્વ (છે). આત્મા એકલો જ્ઞાયકભાવ. સ્ફટિક જેમ રંગમાં અટકેલી રંગદશા દેખાય, એમ શુદ્ધતામાં જે રાગનું અટકવું દેખાય એ ભાવબંધ છે. અને આત્મા એ રાગથી ખસીને એકાકાર થઈ જેટલી શુદ્ધતાનો અંશ પ્રગટ થાય એ સંવર. વિશેષ શુદ્ધતા થાય એ નિર્જરા. પૂર્ણ શુદ્ધતા થાય એ મોક્ષ. એ નવના ભેદનો વિષય અને વિચાર કરે ત્યારે રાગ ભાગ હોય છે. એ રાગની શ્રદ્ધાને અહીંયા વ્યવહાર શ્રદ્ધા કહે છે. એના વિષયો નવ પદાર્થ છે. શું કીધું આમાં? રતિભાઈ! આ તો કહે, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, થઈ ગયું સમ્યગ્દર્શન. સાંભળને! હજી નવ તત્ત્વ કોને કહેવા એ નામેય નહિ આવડતા હોય કેટલાકને તો. શ્રીમદ્ લખ્યું છે કે નવ તત્ત્વના નામેય આંગળીને ટેરવે ગણાય એટલા માણસ નિકળે. તે દિ'ની વાત છે આ તો. સાંઈઠ વર્ષ પહેલાની. હવે કાંઈક જુદું છે. સમજાણું કાંઈ? અહીં કહે છે, એક ચૈતન્ય વસ્તુ પોતાના પરમાનંદથી...

કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં.
અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં.

મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,
સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩. (જીવદ્વાર)

એવા શુદ્ધ ચેતના સિંધુ—સાગર, એની અંતરમાં દૃષ્ટિ કરીને સ્વવિષય બનાવીને જે સમ્યગ્દર્શન થયું, સ્વને વિષય બનાવીને સમ્યક્જ્ઞાન એનું જ્ઞાન થયું અને સ્વમાં રમણતા, ચરતા આનંદ કરતાં જે શાંતિ આવી, એ તો સ્વવિષયને બનાવીને આવી. એને નિશ્ચય મોક્ષમાર્ગ કહીએ. એને સાચો મોક્ષમાર્ગ કહીએ. પણ તેના નિમિત્ત તરીકે વચમાં આત્માથી ભિન્ન વિષય એ વ્યવહારશ્રદ્ધાનો વિકલ્પ ઉઠે રાગ, એનો વિષય નવ પદાર્થ છે. એક નહિ. એક તત્ત્વ તો સમ્યક્ નિશ્ચય દર્શનનો વિષય છે. ભારે વાત. શું કીધું?

આ ચૈતન્યમૂર્તિ સ્ફટિક જેવો ભગવાન પૂર્ણાનંદ આદિ અંત વિનાની ચીજ, એમાં અંતર વિષય, અંતર્મુખ અંતર્મુખ એના ધ્યેયને પકડતા એકલો આવે છે આત્મા. એકલો આવે શ્રદ્ધા અને જ્ઞાનમાં. એને સ્વવિષય કરેલું સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. હવે એને રાગ ઉઠે છે ત્યારે નવ તત્ત્વની શ્રદ્ધા રાગનો વિષય થાય છે. ઝીણી વાત છે, ભાઈ! ચાલતા માર્ગમાં આ વચ્ચે આવી વાત. ઘડ બેસવી એને કઠણ પડે. આ શું? ભઈ, અમે તો એમ માનીએ કે નવ તત્ત્વ માનીએ તે સમ્યગ્દર્શન. ચંદુભાઈ! બાપા! નવ એટલે ભેદ આવ્યો. આ જીવ છું, આ અજીવ છે, આ દયાના પરિણામ પુણ્ય છે એવા ભેદનો વિચાર ઉઠ્યો એ રાગ છે. એ રાગને વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે. એ શ્રદ્ધાનો વિષય નવ તત્ત્વ છે. એ બંધનું કારણ છે. પણ પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી શુદ્ધતાના ભાનની ભૂમિકામાં આત્માથી ભિન્ન વિષયવાળા વ્યવહાર શ્રદ્ધાનનો ભાગ આવ્યા વિના રહેતો નથી. એ નવ પદાર્થ તે વ્યવહાર શ્રદ્ધાનનો વિષય.

વ્યવહાર જ્ઞાનનો વિષય અંગ, પૂર્વ. શું કહે છે? આ શાસ્ત્રનું જ્ઞાન કરવું. અંગ એટલે અગિયાર અંગ, બાર અંગનું જ્ઞાન છે. પ્રવચનરૂપી પુરુષ એના અંગો ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? જેમ આ શરીર, એના હાથ, પગ, આંગળા એના અંગ કહેવામાં આવ્યા છે. એમ પ્રવચનરૂપી પુરુષ એના અગિયાર અને બાર અંગો—અવયવ ગણવામાં આવ્યા છે. એવા અંગ અને પૂર્વનું જ્ઞાન એ જ્યાં લક્ષમાં લે, એ રાગનો ભાગ એનો વિષય અગિયાર અંગ અને નવ પૂર્વ છે. સમજાણું કાંઈ? શું કહ્યું આમાં?

સમ્યક્જ્ઞાનનો વિષય તો સ્વઆત્મા છે. પણ વચ્ચે રાગની વૃત્તિ ઉઠી, શાસ્ત્રને ભણવાની, શાસ્ત્રનો ખ્યાલ કરવાની એવો રાગનો ભાગ પર વિષયને બનાવી શાસ્ત્રનો અભ્યાસ કરે એને વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. કે જે પુણ્યબંધનનું કારણ છે. ઉત્તમચંદભાઈ! શાસ્ત્રનું ભણતર પુણ્યબંધનું કારણ. આહા..હા..! ત્યારે ભણવું નહિ ને હવે? ભગવાન! એવો રાગ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિશ્ચયના ભાનની ભૂમિકા અનુભવ પ્રગટ્યો છતાં ચાર જ્ઞાનના ધરનાર, ચૌદ પૂર્વના ભણનાર એવા ગણધરો, ગણધર સંતોના ધરનારા

મહા મુનિ વજીર, ધર્મરાજા તીર્થંકરના વજીર એવા ગણધરને પણ એવો ભણવાનો રાગ ઉઠે. આ અગિયાર અંગ ભગવાન આમ કહે છે, છ દ્રવ્ય કહે છે, નવ તત્ત્વ કહે છે. ઊર્ધ્વમાં મોક્ષ છે, નિગોદ લોકમાં છે વગેરે વગેરે. એવા અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન, અંગ અને પૂર્વ બેય લીધા છે, એ પર તરફના વલણનો ઝોંક એ રાગ છે. એ વ્યવહારજ્ઞાન છે. એ વચમાં આવ્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારથી નિશ્ચય પમાય છે એ અહીં વાત (એમ) નથી. ત્રણ કાળમાં (એમ) નથી. પણ નિશ્ચયના ભાનની ભૂમિકાની પૂર્ણ દશા પ્રાપ્ત ન હોય ત્યારે શાસ્ત્રના ભણતરનું જ્ઞાનીને પણ ગણધરદેવ ભગવાનની વાણી છૂટે ત્રિલોકનાથની ૐ ધ્વનિ ઉઠે. સમવસરણમાં ઇન્દ્રો હાજર હોય. સંતોના ટોળા આત્મજ્ઞાની, ધ્યાની (હોય). ધ્વનિ ઉઠે ૐ.

'ૐ કાર સુની ધ્વનિ અર્થ ગણધર વિચારે' એ ૐનો ધ્વનિ સંતો વિચારે. શું કહ્યું? એના પડખા એટલા બધા પ્રગટ કરે, જેમાં બાર અંગની રચના કરે. એવા અગિયાર અંગ અને બાર અંગનું જ્ઞાન તરફ વલણ, એ વ્યવહારુ જ્ઞાન કહેવાય. એ વ્યવહારુ જ્ઞાનનો વિષય જ અંગ અને પૂર્વ છે. એ વિકલ્પ છે. એ રાગની વૃત્તિનું ઉત્થાન છે તે પુણ્યબંધનનું કારણ છે. પણ એ વચમા આવ્યા વિના રહેતું નથી.

ત્રીજો, એ વચમાં રાગની વૃત્તિ ઉઠે. પૂર્ણ વીતરાગ નથી એટલે એવો સ્વપર પ્રત્યયી વિકાર આવે. મુનિની સેવા, મુનિની વૈયાવચ્ચ, મુનિનું શ્રવણ કરવું કે મુનિઓને સંભળાવવું એવા અથવા ધર્મકથા કહેવાનો રાગ, સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ અને જ્ઞાનીને પણ ઉઠે. પણ એ ઉઠે છે એ રાગ છે. ધર્મ નથી. ધર્મનું કારણ નથી. પણ આવ્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? બહુ મેળ કરવો.. અહીં તો નિશ્ચય અને વ્યવહારનો સુમેળ કરવાની વાત ચાલે છે. કે નિશ્ચય એટલે સાચા તત્ત્વનું ભાન, જ્ઞાન અને રમવું. એટલે ચરવું અંદર એને ચારિત્ર કહે છે. એની સાથે આવા વ્યવહાર—અંગ અને ઉપાંગનું જ્ઞાન આવ્યા વિના રહેતું નથી.

ત્રીજું. '**વ્યવહારચારિત્રનો વિષય આચારાદિસૂત્રકથિત મુનિ-આચારો છે.**' એ પંચ મહાવ્રત. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એવો વિકલ્પ ઉઠે. કોઈ જીવને- છ કાયના જીવને ન મારું, બીજાની દયા પાળું. એ રાગ ભાગ છે. ધર્મ નહિ. જૂઠું ન બોલું. એવી વૃત્તિ ઉઠે. સત્ય બોલું એ રાગ ભાગ છે. એ વૃત્તિનું ઉત્થાન છે, ઉઠે છે. નિર્વિકલ્પ ભગવાન સ્વરૂપના ભાનમાં ઠરતો નથી એટલે એને આવી લાગણી આવ્યા વિના રહેતી નથી. નિમિત્તને સાથે ગણીને નિશ્ચય અને વ્યવહારનું જ્ઞાન કરવું એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભઈ, આ ફેરી તો રાજકોટે આ માંગણી કરી હતી. લાલચંદભાઈએ. કે અમારે તો આ સાંભળવું છે, ૧૭૨. અમરચંદભાઈ! રાજકોટ જેવા શહેરમાં પણ એ વાતને કોઈ એમ કહે કે આ તો બહુ ઝીણું પડે, ભાઈ! અને સટ્ટાના વેપારમાં ઝીણું પડતું નથી

ન્યાં કાંઈ. બધા ભેગા થઈને મગનભાઈ ને રસિકભાઈ ને.. કરતા હતા કે નહિ અંદર ગપ્પા? ન્યાં સૂક્ષ્મ વિચાર કરે. ટોન જુઓ, ટોન જુઓ. આ રૂખ શું છે, ટોન શું છે, એમ રાડેરાડ પાડે. અમારા ગિરધરભાઈ હતાને. ઈ ટોન બહુ કહેતા. એને બાર મહિને સો રૂપિયા જોઈએ. સો રળે સટ્ટામાં. સો રળે, સો જોઈએ. બસ, એટલું જ (બીજું) કાંઈ નહિ. એકલા માણસ હતા વાંઢા. અને એવા સપના પણ આવતા એને, કે એ સપનું આવે એવું સટ્ટામાં ફળે. સપના એવા આવતા, હોં! આ રૂખ આ છે. શિવલાલભાઈ! ઓલા ગિરધર વોરા. ટોન ટોન વારંવાર કરે. મેં કીધું, આ ટોન ટોન શું કરો છો? રૂખ જોઈએ, ટોન જોઈએ. ક્યો વેપાર, કેમ પ્રકાર, ફલાણો પ્રકાર. ન્યાં ટોન જોવે, આત્મામાં ટોન ક્યો છે ખબર છે? ભગવાન જાણે ભાઈ! આપણો અવતાર તો આ દુનિયામાં જરી માન ને સ્થાન ને બીજા કરતાં અધિકપણે રહીએ, એ જીવ્યા જાણ્યું અને મર્યા પણ જાણ્યું. જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું. જીવી જાણ્યું એટલે રળીને. અને મરી જાણ્યું એટલે શું? કે મરતા મરતા કોઈને પાણી પાવલુ પીવાની જરૂર પડે નહિ, રાત્રે ઉજાગરા કરવા પડ્યા ન હોય કુટુંબને તો લોકો કુટુંબ બોલે કે મરી જાણ્યું. અમારી ગરજ પણ ન પડી. અમને ઉજાગરા ન કરાવ્યા. અને મરી ગયા વહેલા ઝટ. ભાનુભાઈ! જીવી પણ જાણ્યું. રળી દીધું, ખાધા, પૈસા, બંગલા કર્યા. જીવી જાણ્યું. મરી જાણ્યું અમને તકલીફ ન આપી મરતાં. હાર્ટ ફેઈલ થઈ ગયું અને તે પણ કેવી રીતે? આહાર-પાણી કર્યા પછી. એટલે સાંજના આહાર-પાણી .. ની વચ્ચે મર્યા, મરી પણ જાણ્યું, ભાઈ! કોઈને એક ટંક પણ આહાર દૂર કર્યો નહિ. ધૂળેય જીવી જાણ્યું નથી અને મરી જાણ્યું નથી. તને જીવનની ખબર નથી.

જીવનની શોધન દશા ભગવાન પરમાનંદને શોધ્યા વિના, અંતર્મુખના અવલોકન કર્યા વિના તારા જીવનમાં બધે મીંડા વળ્યા છે. બરાબર હશે આ? ક્યાં ગયા પ્રભુભાઈ? એ.. રતિભાઈ! આહા..હા..! પ્રભુ! પ્રભુને પ્રભુ કહે છે, હે પ્રભુ આત્મા! તારા અંતર્મુખની નિર્વિકલ્પ દશાની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એને શુદ્ધ દશા, શુદ્ધ પરિણતિ, શુદ્ધ અવસ્થા કહે છે. એ તો ખરેખર મોક્ષનું જ કારણ છે. વચમાં એવી દશાના કાળમાં ભિન્ન વિષયવાળા—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અઠ્યાવીસ મૂળગુણ મુનિના એવા વિકલ્પનો રાગ આવ્યા વિના રહે નહિ. પણ એ આત્માથી પર વિષય છે. પરને ન મારું, આની દયા પાળું, આને દુઃખ ન દઉં, આની ભક્તિ કરું, આની પૂજા કરું, એ બધા રાગનો વિષય પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? અને ધર્મની દશાનો વિષય આત્મા છે. બે ભિન્ન વિષયવાળા.. નીચે આવી ગયું ઈ.

'**શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે...**' એટલે રાગ દ્વારા, ભેદ દ્વારા '**(—આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે...**' એ વ્યવહારથી કથન છે. એટલે કે શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં સંસ્કાર વધતા જાય છે શુદ્ધિથી. એને જોડે આવા વિકલ્પને દેખીને નિમિત્તનું જ્ઞાન કરાવવા આ

સંસ્કાર આનાથી આરોપાતા જાય છે એમ વ્યવહારથી કથન કર્યું છે. એ કાઢ્યું છે. હેઠે નાખ્યું છે કે નહિ? પંડિતજીએ નાખ્યું છે. એમ છે. ક્યાંથી કહ્યું?

અગિયારમી ગાથા, સમયસાર. જે આખા વસ્તુના તત્ત્વને સ્પર્શીને કથન કરનારી. **'ववहारोऽभूदत्थो'** સમયસારની અગિયારમી ગાથા. જેટલો પરલક્ષી રાગ થાય, એ નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાનો રાગ, એ શાસ્ત્રના જ્ઞાનનો રાગ અને પંચ મહાવ્રતના ને અઠ્યાવીસ મૂળગુણના પૂજા, ભક્તિ, દાન, દયા એવા પરિણામ જે અભૂતાર્થ છે. એ આત્માનું ખરું તત્ત્વ નથી અને એને આશ્રયે આત્માને ધર્મ થતો નથી. વ્યવહાર તે અસત્યાર્થ છે. **'भूदत्थमस्सिदो खलु सुद्धणओ भूदत्थ'**. **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ'**. શુદ્ધ જ્ઞાનનો અંશ ત્રિકાળ વસ્તુને પકડે છે. એ એક જ સત્ય અને યથાર્થ કહેનાર છે. **'भूदत्थमस्सिदो खलु'** ત્રિકાળ ભગવાન આત્માના સ્વભાવનો આશ્રય પકડતો સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. આવા વ્યવહારને પકડતો સમ્યગ્દર્શન થઈ શકતું નથી. એ ગાથા બધે અડીને વાત કરવી. વ્યવહાર અસત્યાર્થ છે. વ્યવહારના કથન અન્યથા કહેનારા છે. એ જરીક છળ દેખીને, જરીક નિમિત્ત દેખીને આરોપ કરીને કથન કરે કે મારાથી લાભ થાય. એમ કહેનારનું કથનનું રહસ્ય, એનાથી છે નહિ. લાભ તો અંદર શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન એનાથી શુદ્ધિની વૃદ્ધિ છે. પણ એના પ્રસંગમાં આવો જે રાગ આવે એનાથી થાય એમ અન્યથા કથન કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? આરે..! કેટલી વાતું આમાં. જગતે ધર્મની કોઈ દિ' ધર્મની .. સાંભળી નથી, કોઈ દિ' સમજવાના પડખા પણ સેવ્યા નથી. શું ચીજ છે? આમ વાડામાં જન્મ્યા, ભગવાન સાચા. ભગવાને દયા પાળવાનું કહ્યું અને કાં ત્યાગ કરવાનું કહ્યું. લ્યો, આ શીખ્યા. શેનો ત્યાગ? જડનો? ધૂળેય ચારિત્ર નથી. અચારિત્ર મિથ્યાદૃષ્ટિ છે. શેના ચારિત્ર? પરનો ત્યાગ એ ચારિત્ર કોણે કહ્યું? ત્રણ કાળમાં છે નહિ. પરને આત્માએ ગ્રહણ કર્યો છે? આત્માના જ્ઞાનમાં પર વસ્તુ પેઠી છે કે જેથી છોડે? એ ચીજ તો છે ઈ છે અરૂપી. એણે પરને કોઈ દિ' પકડ્યું નથી કે પરને છોડવું (આવે). પરને છોડું એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. પાપદૃષ્ટિની અધર્મ દૃષ્ટિની એ દૃષ્ટિ છે. એ.. રતિભાઈ! ... મજા આવી, પૈસા-બૈસા સંઘરવાની. છોડી શકાય નહિ. એમ હશે? પણ સંઘરી શકે છે કોણ ત્રણ કાળ ત્રણ લોકમાં? એને વિકલ્પની મમતા આવે કે સંઘરું. એથી સંઘરાય? ત્રણ કાળમાં નહિ. એને કારણે લક્ષ્મી આવે અને એને કારણે જાય. બાયડી એને કારણે આવે અને એને કારણે જાય. આ રોગ એને કારણે આવે અને એને કારણે જાય. એ પરવસ્તુ છે. એ આત્માથી આવે નહિ અને આત્મા એને ટાળી શકે નહિ. બહુ વાત આકરી.

ગ્રહણ-ત્યાગ આત્મામાં પરનો માને તો ગ્રહું ને છોડું, ગ્રહું અને છોડું મિથ્યાદૃષ્ટિપણે ત્યાં ચોંટી રહ્યો. ગ્રહણ-ત્યાગ આત્મામાં છે નહિ. એવા આત્માના જ્ઞાનના ભાન વિના અરે..! રાગને ગ્રહું અને રાગને છોડું એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ભગવાન

આત્મા એ સ્વરૂપમાં રાગને ગ્રહું, રાગપણે ઉત્પન્ન થાઉં કે રાગને છોડું, રાગનો ત્યાગ કરું (એ) વસ્તુમાં નથી. કોનો ત્યાગ કરીશ? સમજાણું કાંઈ? રાગના ત્યાગના કર્તાપણાનું નામમાત્ર છે. વસ્તુ ભગવાન આત્મા રાગના ત્યાગનો કર્તા પણ માને એ મિથ્યાદષ્ટિ છે, પાપદષ્ટિ છે, અધર્મદષ્ટિ છે. એને ત્યાગ છે એમ માનવું એ મોટો પાપ ભાવ છે. સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન આત્મા...! રાગનો ત્યાગ કરું. પણ રાગ કે દિ' અંદર ગરી ગયો છે? ચૈતન્યબ્રહ્મ આનંદમૂર્તિ એવા સ્વભાવમાં રાગનો સ્પર્શ ત્રણ કાળમાં નથી. એ રાગ અને સ્વભાવ બે વચ્ચે અત્યંત અભાવ છે. શું કીધું? પરવસ્તુનો તો ચૈતન્યના તત્ત્વમાં અભાવ છે પણ સંસારનો જે વિકલ્પ અને પુણ્ય-પાપનો ઉદયભાવ એ સ્વરૂપમાં અત્યંત અભાવ છે, અત્યંત અભાવ છે. એવી અંતર દષ્ટિ કર્યા વિના આને ત્યાગુ અને મૂકું, એ મિથ્યાદષ્ટિની કલ્પનાની ભ્રમણા છે. સમજાણું કાંઈ? ભાનુભાઈ! આમાં ધ્યાન તો બહુ રાખે. પણ ઓલા લાકડા ઘણા ગર્યા હોયને ઘણા કાળના. આ સાંભળ્યું ન હોય. ભાનુભાઈ! સાંભળ્યું ન હોય આ. જે માલ ઘરમાં હોય ને, એ ખૂટ્યો હોય ને ઈ માલ હોય તો તો ખાનામાં નાખે. પણ ખાનુ જ ન મળે, માલ નવો આવે એ નાખવો ક્યાં? જૂનો માલ કાઢી નાખે અને નવા માલના ખાના નવા તૈયાર કરે. સમજાણું કાંઈ? અરે..! અનાદિની એટલી પક્કડ ઊંધી, મૂળ તત્ત્વને ભૂલીને કે એના પડખા એને સમજાવવા કઠણ પડે. અને એમ કહેવાય કે અરે..! પણ રાગ છોડવો નહિ? રાગ છોડવો નહિ? હાય.. હાય..! ફાવાભાઈ! ક્યારે આવ્યા? હમણા દેખાણા. હમણા સંભાર્યા હતા. રામજીભાઈ કહે તડકાને લઈને નહિ આવ્યા હોય. સમજાણું આમાં? શું ઓલી વાત હતીને? તે દિ' તમને યાદ કર્યા હતા. ઓલા ભરૂચના ડાહ્યાભાઈ ધોળશા. મીરાબાઈનું નાટક જોવા નહોતા ગયા આપણે? બહાર. ભરૂચના સ્ટેશને ઓટલે સૂતા હતા. ઓલા આવ્યા હતા. અમે બેય જણા સાથે હતા. મીરાબાઈનું નાટક હતું. કીધું, ચાલો આજે સૂવા કરતાં ન્યાં જઈ આવીએ. બહુ પણ વૈરાગ્યવાળું હોં! વૈરાગ્ય બહુ બતાવે બચારા ભક્તિ-બક્તિ... અહીં હતા કે નહિ ત્યારે? હતા? લે. આટલું આંધળું છેને. તો આ તો સાંભળે જ ક્યાંથી? ઠામડા યાદ આવ્યા હશે ન્યાંના, ઓલા ભંગાર. આ ભંગારને કાઢવાની તો વાત ચાલે છે.

ભગવાન આત્મા એ ચૈતન્યમૂર્તિમાં રાગનો ત્યાગ હું કરું એ એની બુદ્ધિ રાગ ઉપર જાય છે અને રાગ ઉપર જતાં, અંશ ઉપર જતાં આનો ત્યાગ કરું એ લાભ થશે, એવી માન્યતાને મિથ્યાદષ્ટિપણું ને પાપદષ્ટિ અને અધર્મદષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ રાગનો ત્યાગ કેમ થાય? કે રાગ વિનાની મારી ચીજ નિર્મળાનંદ પૂર્ણ છે એવી દષ્ટિ સ્વના ધ્યેયથી કરી અને પછી સ્વરૂપમાં સ્થિર થાય, રાગની ઉત્પત્તિ ન થાય એને ત્યાગ કર્યો એમ કથનમાત્ર કહેવામાં આવે. સમજાણું આમાં? જયંતિભાઈ! રાગનો ત્યાગ કરું એ માન્યતા પણ કહે છે ભારે. ત્યારે હવે આ બાયડી, છોકરાનો ત્યાગ કરો, આનો ત્યાગ કરો, હવે

ત્યાગી થઈ ગયો. ધર્મનો. ધર્મનો ત્યાગ કર્યો છે, તને ભાન નથી ધર્મ કેમ થાય ઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બાયડી છોડી દીધી એ માન્યતાનું ફળ નિગોદ. મિથ્યાત્વ છેને? મિથ્યાત્વનું ફળ નિગોદ છે. પોતાની ઋદ્ધિની પર્યાયને હિણી કરી અને પોતે જીવ છે એમ એને ખબર નહિ રહે, બીજા (પણ એને) જીવ છે એમ કબુલશે નહિ. એવી સ્થિતમાં જશે. કેમ? કે સત્ય વાતને આળ આપી છે. સત્યને આળ આપી છે. આત્મા ભગવાન રાગનો ત્યાગ કરી શકે એવી ચીજ જ એનામાં નથી. છતાં હું રાગ કરી શકું એવી માન્યતા એ સત્યના સ્વરૂપને આળ દીધા છે. આળ એટલે અભ્યાખ્યાન આપ્યું છે. આળના ફળ હળવે હળવે જ્ઞાનની દશા હિણી થઈ એ બટાકા અને શક્કરકંદમાં જવાનો. જેમાં એની જીવની કબુલાત એને નથી અને બીજા પણ કબુલ કરી શકશે નહિ કે આમાં જીવ? આમાં જીવ? અરે..! એમાં જીવ છે. સમજાણું કાંઈ? રતિભાઈ! વાત તો ભઈ આવે ત્યારે તો...

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વળગવાનો ક્યાં પ્રશ્ન છે? વળગી રહે છે ક્યાં? વળગી ક્યાં રહે છે? માને છે કે વળગ્યો છું. કર્મને, પરને વળગ્યો છું એમ માને છે. ઈ ક્યાં વળગ્યા છે? ધુમાડા ક્યાં હાથમાં પકડ્યા જાય છે? પકડ્યા જાય છે? એમ પરચીજ શું પકડી જાય છે? આવે ને જાય એને કારણે. આ તો માન્યતામાં ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદથી ભરેલું ... એને આસ્રવતત્ત્વનો ત્યાગી હું થાઉં, આનો ત્યાગ કરું એવી બુદ્ધિ પરમાં જતાં, અંશબુદ્ધિમાં આવતા, અંશીને ખોતા મિથ્યાત્વભાવ થાય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, એવા ભિન્ન વિષયવાળા રાગનો ભાગ તો ધર્મીને આવે અને એનાથી સંસ્કાર પડે એ વ્યવહારના કથનો પણ એવા આવે. '**એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા...**' એ છેલ્લું પદ. ભિન્નસાધ્યસાધન એટલે શું? કે એવો જે વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, અગિયાર અંગ આદિનું જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ એ રાગ છે. એ વિકાર તે સાધન પર છે. અને આત્માની શુદ્ધિ તે નિર્મળ ભિન્ન છે. નિર્મળ શુદ્ધિમાં મલિન પરિણામથી સાધન કહેવું એ ભિન્ન સાધ્યસાધનભાવવાળો વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? એણે મૂળ પડખા જોયા નથી. સમજાણું કાંઈ?

હીરાની કિંમતુ ટાંકે માણસ. 'પરખ્યા માણેક મોતિયા, પરખ્યા હેમ કપુર પણ એક ન પરખ્યો આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ'. મૂઢ થઈ ગયો, મૂઢ થઈ ગયો. મોટા મોટા બેરિસ્ટર નામ ધરાવતા હોય, વકિલાત નામ ધરાવતા હોય, મહિના-મહિનાના પાંચ પાંચ હજાર રૂપિયા એક દિવસના લેતા હોય. મૂઢ છે, મૂઢ છે. ચૈતન્યહીરો જેને પરખનારા જગતની ચીજને પરખનારો પોતે, એની પરીક્ષા ન કરી તો કર્યું શું તે? ભાનુભાઈ! શેના ધંધા છે? સોના,

ચાંદીના. ધૂળના છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. કહે છે કે એને જગતના ધંધાની બધી પરીક્ષાઓ કરી. આમ જોવે ને આમ જોવે. સમજાણું? આત્મા શું ચીજ છે, એની કોઈ દિ' પરીક્ષા સરાણે ચડી નથી. અહીં કહે છે, ભિન્નસાધ્યસાધન. છેલ્લો ટૂકડો. એટલે શું? કે આ વ્યવહારરત્નત્રયનો જે રાગ કીધો, છે એવા. નવની શ્રદ્ધા—નવ તત્ત્વની, પણ વિકલ્પ છે. અગિયાર અંગનું જ્ઞાન અને દયા, દાનના ભાવ, પંચ મહાવ્રતના ભાવ કે રાગ એ ભિન્ન સાધન છે અને સાધ્ય નિર્મળ ભિન્ન છે. એ ભિન્ન સાધ્ય નિર્મળનું આ સાધન કહેવું, રાગની પર્યાયને નિર્મળ નિર્વિકારી શુદ્ધ પર્યાયનું સાધન કહેવું એ વ્યવહારના કથન અભૂતાર્થના કથન છે. એ સાચા કથન નથી. વિરજીભાઈ!

'**પોતાના આત્માને વિષે...**' હવે જરી ન્યાય આપે છે. '**ધોબી દ્વારા...**' આ વ્યવહારરત્નત્રય દ્વારા. ચંદુભાઈ! '**શિલાની સપાટી ઉપર...**' શિલાની સપાટી. શિલા હોય ને? એની સપાટી ઉપર. કાંઈ ખૂણે મારતો હશે? સપાટીમાં (મારે). '**ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા,...**' આપણી ગુજરાતી ભાષા, સાદી કાઠિયાવાડી ભાષા. ઝીંકવામાં આવતા. શું કીધું? ધોબી પત્થરની શિલા ઉપર લુગડું ઝીંકે આમ. ન્હાતી વખતે બે પગ વચ્ચે રાખીને આમ ઝીંકે છે કે નહિ? વચ્ચે જોર આવે ઓલાને. એટલે બે પગ વચ્ચે રાખીને કરે છે કે નહિ? પથરો ન હોય ત્યાં શું કરે? ઊભા ઊભા પછી આમ આમ કરે છે કે નહિ? શું કહે એને? તમારે ક્યાં હોય પણ ઘરે એવું. આ તો કૂવે ન્હાવા જાય ત્યાં હોય. ઊભો ઊભો ઝીંકે લુગડાને. એટલે જોર પડે તો એમાં તાણાવાણામાં મેલ હોય ને ઈ છૂટો પડી જાય. હેતુ તો ઈ છે. છૂટો પડે. પછી પાણીમાં આમ તરવડે એટલે પાણીથી મેલ છૂટો પડી જાય.

એમ ધોબી શિલાની પાટમાં ઝીંકવામાં આવતું '**નિર્મળ જળ વડે પલાળવામાં આવતા....**' પાછું ઝીંક્યા પછી... આપણી કાઠિયાવડી ભાષા છે કાંઈક. ઈ પાણીમાં આમ કરે. શું કરે? તારવે, તારવે. પાણીમાં તારવે. મેલ છૂટો પડેને. પછી પાણીમાં આમ આમ તારવે. '**ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા...**' કે પછાડવામાં આવતા '**નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક—થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને,...**' એ વસ્ત્રમાં શિલા ઉપર આમ પછાડે ને. એ દ્વારા જાણે અહીં મલિનપણું છૂટે છે. એમ વ્યવહાર દ્વારા, છૂટે છે તો નિશ્ચય દ્વારા. વિરજીભાઈ! ભારે કથનો પણ ભાઈ! આ મુંઝવણના ઘર જગતને. એના હાર્દ—હૃદય જોતા ન આવડે અને વાણીને એકલી જુઓ પણ કઈ નયનું કથન છે આ (એ સમજે નહિ).

એ ધોબી જેમ શિલા ઉપર મારે અને મેલ તોડે, એમ નવ તત્ત્વની વ્યવહારશ્રદ્ધા, વ્યવહારુ જ્ઞાન અંગનું, વ્યવહારુ પંચ મહાવ્રત એના દ્વારા આત્માની થોડી થોડી શુદ્ધિ વધારતો જાય.

નવનીતભાઈ! પાઠ એવો છે. એ વ્યવહારનયે કથન છે. થાય છે તો પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનના જોરે શુદ્ધતા થતી જાય છે. એની પાસે રહેલા આવા શુભ વિકલ્પથી શુદ્ધિ વધે છે એમ વ્યવહારનયના આરોપિત કથન દ્વારા ઉપચાર જણાવ્યો છે. સમજાણું કાંઈ?

સોનું એમાં કુધાતુ હોય, અગ્નિ વડે કરીને કુધાતુ છૂટી પડે છે એમ કહેવાય. ખરેખર તો એમ નથી. સોનું જ પોતાની યોગ્યતાથી શુદ્ધ ધાતુપણે પરિણમતું કુધાતુથી છૂટુ પડતું જાય છે. પણ અગ્નિથી છૂટુ પડ્યું એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા પોતાની પરમ પવિત્રતામાં એકાકાર થતો, શુદ્ધતાને વધારતો, આનંદની શુદ્ધિને વધારતો એની જોડે આવા વ્યવહાર વડે વધારે છે એમ નિમિત્તથી કથન કરવામાં આવે છે. સમજાણું? પોતાથી શુદ્ધ થતું જાય છે—ઉપાદાનથી. અગ્નિના નિમિત્તથી નહિ.

મુમુક્ષુ :— તેજાબ.

ઉત્તર :— તેજાબથી નહિ. એ સોનાના રજકણોની પર્યાય નિર્મળ પોતાને કારણે થતી જાય છે. તેજાબ-ફેજાબથી નહિ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ધૂળેય બાળતો નથી. તેજાબ અડતોય નથી. એ વાત બહુ ઝીણું છે, એ વાતું બહુ ઝીણું. તેજાબ એક ચીજને બીજી ચીજ અડે, ત્રણ કાળમાં બનતું નથી. એ વાત ઝીણી છે.

અહીં તો આટલું કરે. હવે એ વ્યવહારને છોડીને અંતરમાં જાય છે—સ્થિર (થાય છે), એનું થોડું વર્ણન છે, લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ સુદ-૧, શનિવાર, તા. ૫-૫-૧૯૬૨
ગાથા-૧૭૨, પ્રવચન-૯

આ પંચાસ્તિકાય સમયસાર શાસ્ત્ર છે. પંચાસ્તિકાય સમયસાર. એનું નામ એમ છે. એમાં ૧૭૨મી ગાથા. નિશ્ચય અને વ્યવહારનો સુમેળ કોને કહેવો એ વાત ચાલે છે. આમાં મોટા ગોટા છે. અહીંયા વાંચવામાં પણ એટલા ગોટા વાળ્યા છે. છે? જુઓ, ૨૫૬ પાને આવ્યું છે. શું કહે છે? અહીં સુધી આવ્યું. વિશુદ્ધિ પ્રાપ્ત કરીને. ત્રીજી લીટી. શું કહ્યું ત્યાં? પહેલું. પછી નિશ્ચયની વાત ચાલે. એકલો નિશ્ચય પછી આવશે.

આ આત્મા જે ખરેખર શરીર, વાણીના સંયોગ ને કર્મ ને પરપદાર્થથી તદ્દન જુદો, ત્રિકાળ જુદો અને એની વર્તમાન દશામાં શુભ અને અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના ભાવ થાય એનાથી પણ એ જુદો. એટલે કે પરવસ્તુના અને પુણ્ય-પાપના ભાવથી શૂન્ય અને જ્ઞાન, દર્શન ને આનંદથી ભરેલો પૂર્ણ. સમજાય છે કાંઈ? એવી અંતર્મુખ દૃષ્ટિ કરીને જે નિશ્ચય દૃષ્ટિ—સમ્યગ્દર્શન આત્માનો અનુભવ જેને કહે એવી શ્રદ્ધા અને જ્ઞાન થયું ત્યારે પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ નથી ત્યાં સુધી એને વચમાં જીવાદિ નવ તત્ત્વોના વિચારોનો વિકલ્પ, શાસ્ત્રના ભણતરનો ભાવ અને શ્રાવક અથવા મુનિને યોગ્ય જે ત્યાં બાર વ્રતના ભાવ અને પંચ મહાવ્રતના ભાવ, એવા ભાવ હોય તેને વ્યવહાર વ્યવહારનયનો વિષય કહેવામાં આવે છે. પંડિતજી! ભાષા સમજમેં આતી હૈ ન?

એ વ્યવહાર નિશ્ચય સ્વરૂપને પ્રાપ્ત કરાવે એમ નથી. આ લખાણ એવી જાતનું આમાં આવ્યું છે કે જાણે આત્મા પોતાના શાંત અનાકુળ ચૈતન્યના સ્વભાવને સંભાળતો હોય અંદરથી, અંતરના અવલોકન અને નિરીક્ષણમાં જે આત્માનું જ્ઞાન અને દર્શન ને ભાન થયું એ તો નિર્વિકલ્પ સમ્યક્ શુદ્ધ માર્ગ છે. એ જ ખરેખર આત્માના પૂર્ણાનંદની દશારૂપ જે મુક્તદશા તેને પામવાનો ઉપાય છે. પણ વચમાં રાગનો ભાગ આવ્યા વિના રહેતો નથી. એ રાગને વ્યવહાર કહી અને એ દ્વારા ધીમે ધીમે જાણે શુદ્ધિને વધારતો હોય એમ અહીંયા ટીકામાં કથન આવ્યું છે. સમજાણું કાંઈ? એ કથન વ્યવહારનયનું છે. એટલે કે.. નીચે છે, ઈ બધું આપણે આવી ગયું છે. નીચે કથન છે. જુઓ! ૨૫૬ પાને નીચે નોટ.

'જેવી રીતે ધોબી...' ધોબી. ધોબી કહે છેને તમારે? શું? કપડા ધોવાવાળો. **'પાષાણશિલા, પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુદ્ધિ કરતો જાય છે. તેવી રીતે પ્રાક્પદવીસ્થિત જ્ઞાની...'** પ્રાક્ નામ નીચલી દશામાં આત્માનું ભાન છે કે હું જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ છું. પણ સ્વરૂપમાં ઠરી શકવાની તાકાત નથી. એવા જીવને પ્રાક્પદવીસ્થિત કહેવામાં આવે છે. નીચલી પદવીમાં સ્થિત કહેવામાં આવે છે. પણ નીચલી પદવી પણ છે તો સમ્યક્જ્ઞાન

સહિતની. જે કોઈ અનાદિથી જેવા અશુભરાગની ક્રિયાને કારણે મને ધર્મ થશે, એવી માન્યતાવાળાને તો પહેલી પદવી કહેવામાં આવતી નથી. એ તો મિથ્યાદષ્ટિની પદવી છે. એ તો પાપદષ્ટિની પદવી છે. પણ ભગવાન આત્મા એ શુભરાગની ક્રિયા જે અંદરમાં દેખાય એનાથી હઠીને ભગવાન ચૈતન્યની જાતની શ્રદ્ધા, અનુભવ કર્યો એને એ કાળમાં જે આ નવ પદાર્થનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન કે નવ પદાર્થની શ્રદ્ધા એવો વિકલ્પની વૃત્તિનું ઉત્થાન થાય. એ વ્યવહાર વ્યવહારનયે શુદ્ધિનું કારણ છે એમ કહેવામાં આવ્યું છે. ભારે ગડબડ ભાઈ! થોડું વાંચ્યું ભાઈ! આ માસિક ભાઈનું આવ્યું ને. કો'ક કો'ક લેખ એમાં એવા છે.

એ પહેલી પદવીસ્થિત ધર્મી **'ભેદરત્નત્રય વડે...'** ભેદરત્નત્રય એટલે? આ જે કહ્યું ઈ. સ્વરૂપના ભાન હોવા છતાં સ્વરૂપમાં ઠર્યો નહિ. નિર્વિકલ્પ અનુભવ, જ્ઞાતા આત્મા, જ્ઞેય સ્વ અને જ્ઞાન પોતાનું. એવા જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રિપુટીને એકરૂપ ન કર્યું હોય જ્યાં સુધી સ્થિરતામાં. દષ્ટિએ તો એકવાર કર્યું હતું. શું કીધું સમજાણું? સમ્યગ્દર્શનની દષ્ટિમાં પહેલા આત્મા જ્ઞાતા, એની જ્ઞાનપર્યાય અને આત્મા તે જ્ઞાનનું જ્ઞેય. એવા ત્રણ ભેદને પણ ટાળીને અભેદ આત્માની દષ્ટિ, અનુભવ થવો એને પહેલી પદવી સમ્યગ્દર્શન અને જ્ઞાનની કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પણ હજી અંદરમાં રાગની વૃત્તિ ઉઠે છે એને ટાળીને એકલી સ્થિરતા, સ્વરૂપ ચિદાનંદમૂર્તિ જેના ધ્યાનમાં જગતમાં શું છે અને વિકલ્પ શું છે એ પણ છૂટી ગયા છે. એકલા આનંદકંદની કેલી કરે છે. નવનીતભાઈ! આવે છેને છ ઢાળામાં? જ્ઞાતા ભેદ ન કાંઈ. છ ઢાળા મોઢે છે (એમને). દૌલતરામની.

એટલે કે ભગવાન આત્માનું ભાન વિકલ્પ નામ રાગ રહિત પહેલો અનુભવ થયો કે આ તો ચૈતન્યપિંડ જ છે. જ્ઞાનનો પુંજ જ છે. એવું ભાન થયા વાળાને જ્ઞાનની પહેલી પદવી કહેવામાં આવે છે. તેથી તેને હજી એને વ્યવહારરત્નત્રયનો રાગ, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર મહાવ્રતના પરિણામ આવે, આવે, હોય. તે **'ભેદરત્નત્રય વડે પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુદ્ધિ કરતો જાય છે...'** એમ કહેવામાં આવ્યું છે. એમ વ્યવહારનયે કહેવામાં આવ્યું છે. ઉપચાર કથને કહેવામાં આવ્યું છે. ખરેખર એમ છે નહિ.

**'પરમાર્થ એમ છે કે તે ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને શુભ ભાવોની સાથે...'** એ શુભ વિકલ્પ ઉઠે છે રાગ, એની સાથે **'શુદ્ધાત્મસ્વરૂપનું આંશિક અવલંબન વર્તતું...'** હતું. ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ધ્યેય સામાન્યપણે જે એકરૂપ દષ્ટિમાં વર્તતો હતો, અવલંબનમાં, વર્તમાન દશાને અવલંબન ત્રિકાળનું. ભારે વાત. વર્તમાન દશા ચાલે તેને અવલંબન ત્રિકાળ દ્રવ્યનું. અખંડ જ્ઞાયકમૂર્તિ આત્માનું અવલંબન જે વર્તતું હતું એ શુદ્ધ શ્રદ્ધા અને જ્ઞાન હતું. એ અવલંબન ઉગ્રપણે અંદર વર્ત્યું. સમજાણું કાંઈ? શું આ વાત છે પણ? કઈ જાતની આ વાત? રતિભાઈ! કાલે રાત્રે ખેલો માંગતા હતા કાંઈક. તમારા શબ્દ પણ અમને આવડે

નહિ. આનંદનો અંશ બતાવો થોડો. તો પછી ખેલો કરીએ. આ રૂપિયા ભેગા થયા ને. એમ કે આનો ખેલો કરીએ. માંગણી તો સારી હતી. એ વાત વાતમાં ખોટી નથી. પણ વાતને માટે પ્રયત્ન અનંતગુણો જોઈએ.

આ જગતના બધા પદાર્થો મારામાં નથી એમ ભૂલી જઈ અને પુણ્ય અને પાપના વિકલ્પ ઊઠે એને ભૂલી જઈ, અંતર આનંદના ધામમાં અંતર્મુખ થઈ, એકાકાર થઈ, સ્વભાવને ધ્યેય કરી એકાકાર થઈને જે આનંદ આવે એ જ્ઞાન થાય અને જે શ્રદ્ધા થાય તેને નિશ્ચયરત્નત્રય, યથાર્થ ધર્મ, મોક્ષનો ઉપાય કહેવામાં આવે છે. એ જ આલંબન વધતું વધતું... પહેલું થોડું આલંબન લીધું હતું અંદર સામાન્યનું. વધારે ઉગ્રપણે અંદરમાં ઠરતા...

મુમુક્ષુ :—

ઉત્તર :— ચોથા ગુણસ્થાનથી થાય છે. અહીંયા છઠ્ઠાની વાત ચાલે છે. ચોથા ગુણસ્થાનથી ઈ વાત ચાલે છે. અહીંયા છઠ્ઠા ચારિત્રથી વાત ચાલી.

મુમુક્ષુ :—

ઉત્તર :— નહિ, એ વળી ચારિત્ર સહિત. ઈ ચારિત્ર સહિત. સમજાય છે કાંઈ?

પહેલા આત્મામાં એક સેકંડના અસંખ્ય ભાગમાં એની વર્તમાન જ્ઞાનનો ચાલતો પ્રવાહ, પર્યાયનો—હાલતનો—દશાનો. એકાકાર દૃષ્ટિના શુદ્ધઉપયોગ..શુદ્ધઉપયોગ એને યોગ્ય શુદ્ધનો વેપાર અંતર્મુખ થયા વિના નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન અને સ્વરૂપાચરણની સ્થિરતા કદી અભેદના અવલંબન વિના પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? બહુ મોંઘુ સમ્યગ્દર્શન કર્યું, એમ કેટલાક માણસ કહે છે. પણ ઈ કહે છે કે બહુ મોંઘુ કરી નાખ્યું. સોનગઢનું સમકિત મોંઘુ અને ક્યાંકનું સમકિત સોંઘુ, એમ બે ભાગ હશે?

ભાઈ! એ તારી ચીજમાં એક સેકંડના અસંખ્ય ભાગમાં આમ ચૈતન્ય ધાતુ, આનંદભાવ અને પૂર્ણ વીર્ય નામ બળનો સ્વભાવ એવું એકરૂપ અંતરમાં દૃષ્ટિના આધાર વિના દૃષ્ટિને આધાર આવો એકાકાર મળ્યા વિના, એકપણાનો આધાર મળ્યા વિના એકાગ્ર થાય નહિ. અને એકાગ્ર એક ઉપર લક્ષ જાય ત્યારે થાય. એમાં ત્રણપણું રહે પહેલા કે હું આ એક જાણનાર છું, આ જ્ઞાન છે, હું પોતે મારી વસ્તુને જાણનાર જ્ઞેય તરીકે જાણું. એવો ભેદ વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે, ધર્મ નથી. સમજાય છે કાંઈ? એ દૃષ્ટિ છોડીને ભગવાન ચૈતન્ય ધ્રુવ ધાતુ અનાદિઅનંત જ્ઞાન છે તે એકરૂપ એને અવલંબીને જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એના ત્રણ ભાગ (વિકલ્પ) છૂટી અને નિર્વિકલ્પ અભેદનો અનુભવ થાય એને પ્રથમ ધર્મ સમ્યગ્દૃષ્ટિની દશા કહેવામાં આવે છે.

એ પછી આવી દશા થયા છતાં એને શુભરાગની વૃત્તિ ઉઠે. એનાથી શુદ્ધિ થાય એમ વ્યવહારનયથી કહેવામાં આવે. પરમાર્થથી એમ છે નહિ. બહુ કઠણ પડે. આ કરતાં કાંઈ... નરભેરામભાઈ! નરભેરામભાઈ કહે છે, કાંઈ કૂણા થાય, દયા, દાન, ભક્તિ કરે, પૈસા-બૈસા

ખર્ચે તો એટલો કૂણો તો થાય, તો આગળ ચાલે. બંધમાં. અનાદિ કાળનો બંધ કરતો આવે એ બંધમા. આ તો વકીલ છે તો ખુલાસો કરે છે. ખુલાસો કરેને. સમજાય છે કાંઈ? અંદરમાં ...

કહે છે, પહેલા એક ક્ષણમાં... દ્રવ્યસંગ્રહમાં ૪૭ ગાથામાં આવ્યું છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**'. અંદર ધ્યાન.. એ સિદ્ધ ભગવાનને ભૂલી જાય. પંચ પરમેષ્ઠીના સ્મરણને ભૂલી જાય. એ પંચ પરમેષ્ઠીની જે દશાઓ મારા દ્રવ્યમાંથી આવે છે, એવો હું દ્રવ્ય છું. એવા પરમાત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ પડે તે અભેદ થઈ જાય, ભાન રહે નહિ. ભાન રહે નહિ અને ભાન થાય. શું કહ્યું આ વળી? એ રાગ ને પરનું ભાન રહે નહિ અને આત્માનું ભાન થાય. અંતરમાં જ્ઞાન એકાકાર થાય, એને ભગવાન અભેદ દૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાન અને સ્વરૂપમાં કાંઈક ઠર્યો એટલું સ્વરૂપનું આનંદનું આચરણ થયું એને નિશ્ચય અને સત્ય પંથ કહે છે. એ એક જ માર્ગ સત્ય છે. પણ વચમાં આવો રાગ આવ્યો એનાથી આ શુદ્ધિ વધે એ વ્યવહારથી કહેવામાં આવે છે.

પરમાર્થથી જોઈએ તો શુભભાવની સાથે શુદ્ધાત્મ સ્વરૂપનું આંશિક આલંબન વર્તતું હતું. શું કીધું? શુદ્ધ ધ્યેય આત્મા. એનો થોડો આધાર અને થોડું લક્ષ હતું. એ ઉગ્ર થતું વિશેષ શુદ્ધિ કરતું જાય. અંતરમાં એકાકાર વધતો જાય. શુદ્ધ સામાન્ય ઉપર એકાકાર ત્રાટક કરતો જાય. ત્રાટક સમજાય છે કાંઈ? એક વસ્તુ ઉપર લક્ષ રાખીને બીજી કલ્પના છૂટી જાય. ત્રાટક આમ એકાકાર. એમ આત્માના એક સ્વરૂપમાં એટલો ઉગ્રપણે ત્રાટક કરે—એકાકાર થાય. માટે ખરેખર તો શુદ્ધાત્મ સ્વરૂપનું આલંબન કરવું તે શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે. એ અંદરમાં એકાકાર વધારે થવું એ જ શુદ્ધાત્મ પ્રગટ થવાનું સાધન છે. અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે. વ્યવહાર સાધન તો ઉપચાર કહેવામાં આવે છે. જયંતિભાઈ! સમજાય છે આ?

અંતર ચૈતન્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ એની કળા ખિલવી જોઈએ. ચંદ્રની બીજ જે ઉગી એ ચંદ્રનો એક અંશ—ભાગ છે. એમાંથી ત્રીજ, ચોથ, પાંચમ પણ એ ચંદ્રનો ભાગ વિકાસ થવો જોઈએ. એમ ભગવાન આત્મા ચૈતન્યની મૂર્તિ પ્રભુ અનંત ગુણનું ધામ, અનંત શક્તિનું વિશ્રામ સ્વામી એવો આત્મા એની વર્તમાન દશામાં અંતરનું ઉગ્ર આલંબન લ્યે તો શુદ્ધિની વૃદ્ધિ થાય. '**સાથે રહેલા શુભભાવોને શુદ્ધિની વૃદ્ધિનું સાધન કહેવું એ માત્ર ઉપચાર કથન છે.**' માત્ર વ્યવહાર કથન છે. '**શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવે શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન (—શુદ્ધાત્મસ્વરૂપનું યથોચિત આલંબન) પ્રગટ કર્યું હોય.**' શું કહે છે? કે એવા શુભભાવની જે વૃત્તિ—નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, અહિંસા, દાન, દયાના ભાવ એને પણ વ્યવહારનો આરોપ એને આવે કે એનાથી રહિત ચૈતન્યની શુદ્ધિની શક્તિની

વૃદ્ધિ અંદર કરી હોય. એણે નિર્મળ દશા અને નિર્મળ આનંદની દશા પ્રગટ કરી હોય એવા નિશ્ચયવંતને ઓલા શુભભાવમાં વ્યવહારનો આરોપ આવે છે. અજ્ઞાનીના શુભભાવને વ્યવહાર પણ કહેવાતો નથી. સમજાણું કાંઈ આમાં? પણ દુનિયા સાથે મેળ કેમ ખાય આ?

ત્યાગી અને પંડિત મોટા મોટા (એમ કહે છે), નહિ, આમ કરીએ તો આમ થાય, વ્યવહાર કરીએ તો નિશ્ચય પમાય. પંડિતજી! અરે.. ભગવાન! વ્યવહાર તો જોગની ક્રિયા શુભાશુભ પરિણામની છે અને નિશ્ચય તો આત્માના શુદ્ધોપયોગની પરિણતિ અને એની ક્રિયા છે. બે ક્રિયાની જાત જ જુદી છે. બહુ ઝીણું હોં આમાં. ભાનુભાઈ! ઓલા એમ કહે, વ્રત પાળો, અપવાસ કરો, આ શું? ગયું ને આ? વર્ષીતપ. વર્ષીના તપ કરે ને આ અપવાસ કર્યા છ મહિનાના એકાંતરા, જાઓ! થઈ ગઈ નિર્જરા. એ કાળ ગયો તારો. નિર્જરા-ફિર્જરા નથી. સમજાય છે કાંઈ? સમૂળગું મિથ્યાત્વને પાકુ કર્યું છે. કંઈક રાગની મંદતા કદાચિત્ થઈ હોય એવા અપવાસના કાળમાં (તો) પુણ્ય બાંધે અને એને ધર્મ માને. એટલે આસ્રવતત્ત્વને સંવર માને. એટલે નવ તત્ત્વમાં એક એકની વિપરીત માન્યતા એની. સમજાણું કાંઈ? લોકોનો પ્રવાહ એવું કરે એને સારું માને. અને ન્યાં પાણી પાવા જાય. વર્ષીતપ કરે એટલે પાણી પાવા જાય. માસીની દીકરી, માસી હોય, ફઈ-ફૂવાએ કોઈએ કાંઈક કર્યું હોય તો પાણી પાવા જાય. લ્યો આ પાણી. તમે પાપ કર્યા એનું અમે અનુમોદન આપીએ છીએ. નરભેરામભાઈ! ગળે ઊતરવું કઠણ આમાં. ક્યુ પાપ?

રાગ મંદ કર્યો હોય આહારમાં, એ પુણ્ય છે. પણ એને એમ માને છે કે અમને સમ્યગ્દર્શન છે અને અમે ધર્મ કરીએ છીએ, અમે ચારિત્રમાં આવ્યા. કારણ કે તપ છે તો સમ્યગ્દર્શન વિના હોય નહિ. એટલે તપ કર્યો એટલે સમ્યગ્દર્શન તો હોય. એમ અજ્ઞાની માનીને એને ધર્મ માને અને તેની પુષ્ટિ બીજા આપે, બહુ સારું કર્યું તમે, હવે લાવો ઉજાળીએ તમારા તપને. પાંચ-પચ્ચીસ હજાર પૈસા પ્રમાણે ખર્ચે માણસ તો. બેય મિથ્યાત્વના પોષક છે. સમજાણું કાંઈ? વિપરીત માન્યતા જે અનંતગુણું પાપ, સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગુણું છે. સાત વ્યસન. સાત વ્યસન નથી કહેવાતા? શિકાર કરવો, પરસ્ત્રી (ગમન કરવું) વગેરે. એના કરતાં પણ આ વિપરીત માન્યતા કે જે કરે રાગની મંદતા, આવે નહિ આહાર એને કારણે અને એને માને કે મેં આહાર છોડ્યો અને મારી ક્રિયા ધર્મની છે. એમ માનનારની મિથ્યાશ્રદ્ધાનું પાપ, એ શિકાર કરનાર અને માંસ ખાનાર ને પરસ્ત્રી લંપટીના પાપ કરતાં અનંતગુણું પાપ છે આ. જયંતિભાઈ! છે કે નહિ આ? શું છે આ?

આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. આ નવા છપાઈ ગયા છે, ભાઈ! જુઓ, આ નવા. વાત કરી હતી ને? નવા મોક્ષમાર્ગ પ્રકાશકમાં બે રૂપિયામાં અપાય છે. ચારની કિંમતનું બેમાં અપાય છે. નવનીતભાઈ તરફથી અડધી કિંમતે ત્રણ હજાર છપાય છે.

અહીંયાં જુઓ લખ્યું છે આમાં, જુઓ! '**જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે**

**પહેલાં મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવવામાં આવે. માટે મિથ્યાત્વને...'** ઊંધી માન્યતાને **'સાત વ્યસન આદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે.'** ૧૯૮ પાનું. મોક્ષમાર્ગ પ્રકાશક, નવું કે જૂનું, ૧૯૮ પાનું. કાયદા છે અહીંયા. સમજાણું કાંઈ? પણ એ કિંમત નથી. માણસને મિથ્યા વિપરીત માન્યતા-એમાં આખો મેરુ ચૈતન્ય છે એ લૂંટાઈ જાય છે એની એને કિંમત નથી. કાંઈક ક્રિયાઓ થઈ રાગની મંદતા, ધર્મ કર્યા અમે ધર્મ કર્યા અને ઓલા બીજાએ ધર્મ કરાવ્યા. અને આ ધર્મકર્તાને અમે અનુમોદન આપ્યા. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વનું પાપ સાત વ્યસન કરતાં અનંતગુણું શાસ્ત્રમાં કહ્યું છે. નવરંગભાઈ! એની કિંમત ન મળે.

એમ અહીંયા વ્યવહાર રાગની ક્રિયાથી કરતાં કરતાં અમને કલ્યાણ થશે. એ મહામિથ્યાત્વનું શલ્ય છે. અહીંયા તો એ શલ્ય ટાળી અને નિશ્ચયના ભાનમાં દૃષ્ટિ અને અનુભવ થયો એના શુભભાવને વ્યવહારે આરોપે કહેવામાં આવ્યું કે આ એક મોક્ષનો માર્ગ (છે). છે બંધનો માર્ગ પણ વ્યવહારનું કથન જ અન્યથા આવે. હોય બંધ એને મોક્ષનો માર્ગ કહે. નિશ્ચય તે જેમ છે તેમ કહે. નિશ્ચય અને વ્યવહાર. વ્યવહાર—એક દ્રવ્યના બીજા દ્રવ્યને, એક દ્રવ્યના બીજા ભાવને, એક દ્રવ્યના કાર્યને બીજા કારણથી થાય એમ કહેવું તે અન્યથા વ્યવહારનયનું કથન છે. અને એમ માને તો તે મહા મિથ્યાત્વ નામ આત્માની શ્રદ્ધા ઊંધી કરીને આત્માનું ખૂન કરી રહ્યો છે. આત્મહનો ભવંતિ. આત્માને હણી રહ્યો છે. બંધ અધિકારમાં છે. બહુ કઠણ, બહુ કઠણ માણસને.

અરે.. પ્રભુ! તારા માર્ગ કોઈ નિરાળા છે. અરે..! ચૈતન્ય! તારા ધામમાં તો શાંતિ અને અનાકુળતા છે. એ તે અનાકુળતા કંઈ પુણ્યના પરિણામથી પ્રાપ્ત થતી હશે? ખાય લસણ અને કસ્તુરીના ડકાર—ઓડકાર આવે એમ કોઈ દિ' બનતું હશે? ખૂબ લસણ ખાય, ખૂબ લસણ. આ ઢોકળામાં નથી ખાતા વાણિયા? ચોખાના ઢોકળા કરે અને એમાં લસણનો મસાલો પાથરે માથે. ન્યાં કાંઈ રૂપાના પાથરતા હશે? તમારા સાલમપાકમાં રૂપાના ને સોનાના પાંદડા નાખે. ઢોકળામાં ઈ નાખતા હશે? ઢોકળામાં ઈ મસાલો હોય લાંબો માથે આમ પથરાયેલો સરખો. એ ગળા સુધી ખાધા હોય, ઓ.. કસ્તુરીનો ઓડકાર આવ્યો. આવતો હશે?

એમ રાગની મંદતાના શુભભાવની દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ એની ક્રિયા લસણના ખાધા જેવી છે અને એમાંથી ધર્મનો ઓડકાર આવે, એ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. પણ ધર્મની દશામાં આત્માના નિશ્ચયના જ્ઞાન અને ભાનમાં પણ એ રાગની દશા એવી વ્યવહારની, પંચ મહાવ્રતની, દયા, દાનના રાગનો ભાગ આવ્યા વિના રહે નહિ. એ બંધનું કારણ છે એમ ધર્મી જાણે.

અહીં એમ કહેવામાં આવ્યું કે એનાથી શુદ્ધિ થાય. એ કથન વ્યવહારનું છે, એ પરમાર્થનું કથન નથી. હવે એ જ **'પોતાના આત્માને...'** ત્રીજી લીટી. વ્યવહારનો રાગ એમાં અશુભ

ટળે છે અને વ્યવહારથી એમ કહેવામાં આવ્યું કે કષાયની મંદતા એ અકષાયની દૃષ્ટિવાળાને, સ્થિરતાવાળાને કંઈ શુદ્ધિનું કારણ છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું. ખરેખર એમ છે નહિ. હવે '**તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે,...**' છે પંડિતજી? શું કહે છે? પહેલા નિશ્ચય અને વ્યવહાર બેની વાત કરી. હવે એ વિકલ્પનો ત્યાગ કરી અભિન્ન.. આત્મા પૂર્ણ શુદ્ધતા પામે તે સાધ્ય છે અને સ્વરૂપમાં શુદ્ધતાની એકાગ્રતા કરે તે સાધન છે. પૂર્ણ શુદ્ધતા તે સાધ્ય અને રાગની મંદતા તે સાધન એનો અભાવ કરે છે. શું કીધું? સમજાણું કાંઈ?

નિશ્ચયનયે પોતાના ચૈતન્યની જાત ઉપર અંતર એકાકાર થતાં '**ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે,...**' રાગની ક્રિયાનો જે મંદ ભાવ હતો, એને જે વ્યવહારે સાધન કહેવામાં આવતું હતું એને છોડીને, '**દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું...**' ભગવાન આત્મા પોતાની દૃષ્ટિમાં આત્મા લીધો, જ્ઞાને આત્મા લક્ષમાં લીધો અને રમણતા આત્મા ઉપર રમી. સ્થિરતા આત્માના ધામ ઉપર રમવા માંડી. એને અહીંયા સમાહિતપણું—અભેદપણું—એકપણું એમ કહેવામાં આવે છે. એ '**(અભેદપણું) જેનું રૂપ છે,...**' જુઓ! આ ભાષા ભાઈ! ઓલો વ્યવહાર સાધ્યસાધન એનું ખરું રૂપ નહોતું. શું કીધું? વાત જ પણ આ કઈ જાતની? સંસારમાં ચાલે નહિ, ધર્મસ્થાને જાય તો આ વાત મળે નહિ. નવનીતભાઈ! જ્યાં હોય ત્યાં આ કરો, આ કરો, આ કરો ને આ કરો. આ કરો તો પામશો. દુકાને બેઠા કરતાં કાંઈક કરો ને સારું તો થાય છે. એમ કરતાં કરતાં થાશે. એવી વાતું મળે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મ રુચિ હીન, ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?' જેવું કૂવામાં હોય એવું અવેડામાં આવે. ઉપદેશ એ ચાલે. જે એને બેઠો છે. ભાઈ! કરો કાંઈક બાપા! વ્રત, નિયમ, પચ્ચખાણ, ત્યાગ, વૈરાગ્ય કાંઈક કરો તો હળવે હળવે આગળ જવાશે. રાગને કરો તો હળવે હળવે અરાગમાં જવાશે. એ વાત તદ્દન પાખંડ અને અજ્ઞાનની છે. સમજાણું કાંઈ?

અહીં ધર્મીજીવને જ્યાં સુધી ઉગ્ર પ્રભુત્વશક્તિનું કાર્ય ઉગ્રપણે નહોતું, અંતરમાં એકાકાર થવાની શક્તિ નહોતી ત્યાં સુધી સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ પૂરતી તો એકાગ્રતા હતી અને આ સાધન જે રાગાદિનું કહ્યું એવો ભાવ હતો, એને છોડી દઈને હવે સ્વરૂપમાં ઠરે છે. એકાકાર થાય છે. પૂર્ણ શુદ્ધને અવલંબીને એકાકાર થાય છે. એવા જીવને દર્શન, જ્ઞાન, ચારિત્રનું સમાહિતપણું. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ત્રણની આત્મામાં એકતા કરતો, ત્રણને અભેદપણે કરતો. ચંદુભાઈ! આ તમારું રાતનું નિયમસારનું હતું ને? ભેદ ઉપચારમાંથી અભેદ ઉપચાર અને અભેદ ઉપચારમાંથી અભેદ અનુપચાર. એ બધું ઈનું ઈ.

ભગવાન આત્મા એ વિકલ્પ તો હોય નીચલી દશામાં. પણ હવે આગળ વધાય કેમ એની વાત ચાલે છે. એ પણ લક્ષને છોડી અને જે થોડી એકાગ્રતા સ્વભાવમાં ચૈતન્યના ધામમાં એકાગ્રતા થોડી કરી હતી એ વધારે એકાકાર થઈ અને દર્શન સમ્યક્, સમ્યક્જ્ઞાન અને

સમ્યક્ સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર. વેશ ચારિત્ર નહિ, પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ. '**દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે,...**' જુઓ! સમજવું હજી તો કઠણ શાસ્ત્રની ભાષા. ભગવાન આત્મા પોતાના આત્માનો અનુભવ અને દૃષ્ટિ કર્યા છતાં એને વ્યવહારનો રાગ વર્તે એ એનું રૂપ નથી. એ દર્શન, જ્ઞાનનું એકરૂપ સમાધિનું નથી. એ તો કુરૂપ છે, વિકૃત છે. પાણીમાં જેમ શેવાળ, પાણીમાં જેમ શેવાળ એમ ચૈતન્યના નિર્મળ પાણીમાં, જળથી ભરેલો ભગવાન એમાં એ વિકલ્પ ઉઠે તે શેવાળ જેવો છે. સમજાણું કાંઈ? એ શેવાળને, પાણી પીનાર જરી હઠાડી, થોડું પાણી તો પીધું હઠાડીને, એમ રાગની એકતા તોડી અને સ્વભાવની એકતા કરી એટલો તો અનુભવ થયો. હવે આગળ વધવા માટે ઓલો જે રાગ વ્યવહાર વચમાં આવતો હતો એને છોડી ચૈતન્યના એકાકાર સ્વભાવમાં અભેદ, આ દર્શન, જ્ઞાન, ચારિત્ર (ભેદ) નહિ એ તો આત્મા તરફમાં એકાકાર નિર્વિકલ્પ અભેદ અનુભવમાં ગયો એ '**જેનું રૂપ છે.**' આ એનો માર્ગ છે.

'**સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે...**' જુઓ આવ્યું. પહેલા કહે કે વ્યવહારના સંસ્કાર આરોપાતા જાય છે. અહીં કહે છે કે એ વ્યવહાર ક્રિયાકાંડનો આડંબર છે. આહા..હા..! શું કીધું? એ નિશ્ચયના ભાનની ભૂમિકામાં પણ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અપરિગ્રહ, વ્યવહાર સમિતિ, ગુપ્તિના રાગની વૃત્તિ ઉઠે એ બધો રાગની ક્રિયાનો આડંબર છે. એવા સકળ ક્રિયાકાંડ. સાંજે પડિકમણું કરું, સવારે આ કરું એ વૃત્તિ ઉઠે છે. એ બધો ક્રિયાકાંડ છે. પુણ્યબંધનું કારણ છે. એવા ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિ. આડંબર, વૃત્તિ ઉઠે એ મોટો કષાયનો આડંબર છે. અહીં શુભભાવની ક્રિયાને ક્રિયાકાંડનો આડંબર કહેવામાં આવ્યો છે. ક્રિયાને? દેહની ક્રિયાની વાત નથી. અંદર ભાવ શુભ થાય, પાપના ભાવ થાય એ તો પાપ જ છે, પણ રાગની મંદતા દયા, દાન, વ્રતના ભાવ થાય એ પણ ખરેખર તો દૃષ્ટિની અપેક્ષાએ એ પણ પાપ છે. આરે..! ભારે કઠણ.

'પાપ પાપ તો સહુ કહે, પણ પુણ્યને પાપ અનુભવીજન કહે'. આવે છેને? શેમાં ખબર છે? યોગીન્દ્રદેવ. યોગસાર. પાપના પરિણામને પાપ તો (સહુ કહે છે). હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ છે. એ તો સાધારણ લોક પણ કહે. પણ અનુભવીજન-અંતરના અનુભવમાં રમનાર આત્મા, એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, તપના અહિંસાના થાય એ પણ આનંદના લુંટનારા છે. ખરેખર તે પણ પાપ છે. ભારે મગજને કઠણ પડે આમાં. શું કહેવાય? હુમલો, હુમલો. હુમલો કીધું ને ભાઈ? શું કીધું? બળવો, બળવો. ઓલા તમારે હતા ને અહીં? દયાશંકરભાઈ છેને? આ જૂનાગઢમાં. ઈ ત્યાં અઢાર દિ' રહ્યા હતા, ઘણા વર્ષ પહેલાં. આ તમારી વાત બળવો કરે એવી છે. બળવો બધા સામે. પણ વાત સાચી છે. કહ્યું હતું એણે. અઢાર દિ' સવાર, બપોર, રાત ચર્ચા ખુબ (ચાલી). વેદાંત ને તત્ત્વ ને દ્રવ્ય ને પર્યાય ને એટલી ચર્ચા. બે વખત વ્યાખ્યાન ને રાત્રે ચર્ચા. વાત નકાર

થાય એવી નથી. પણ જગતની સામે મોટો બળવો છે. જગત ક્યાં બેઠુ અને ક્યાં માને છે, એને ઉઠાવીને ક્યાં લઈ જવું એ વાત એના કાળજે બળવો લાગે કે હાય.. હાય..! અમને લુંટી લ્યે છે. અમે કાંઈક કરીએ છીએ. કરે શું? એ આવ્યા વિના રહે નહિ. ત્યારે કોઈ કહે, એમ ન કરવું અમારે? એ રાગને કાળે એવા દયા, દાન, વ્રતના ભાવ આવ્યા વિના રહે નહિ, આવ્યા વિના. કરે ક્યાં? છતાં એ રાગને પુણ્યબંધનનું કારણ જાણી, પહેલી દશામાં એ આવે એટલે વ્યવહારથી કરે એમ કહેવામાં આવે. પણ પછી એને છોડીને ઠરે ત્યારે મુક્તિને પામે. એના અવલંબને પામે અને એના આધારે પામે એ ત્રણ કાળમાં બનતું નથી.

તેથી કહે છે, જુઓ! દર્શન, જ્ઞાન અને ચારિત્ર જે મોક્ષનો માર્ગ 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'. ભગવાન આત્માની અંતર્મુખની પ્રતીતિ, અંતર્મુખનું જ્ઞાન, અંતર્મુખની રમણતા એ ત્રણનું એકરૂપ થાય તેને દર્શન, જ્ઞાન, ચારિત્રનું અભેદ આત્માનું એને રૂપ કહેવામાં આવે છે. '**સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે...**' અંદરના વિકલ્પો જ ખસી ગયા. સ્વરૂપમાં જ્યાં ઉગ્ર થયો અને આત્માની શ્રેણી શુદ્ધ અને અંદર એકાકાર કરી તેથી એને સર્વ વિકલ્પો, ભગવાનની આજ્ઞાના વ્યવહારના વિકલ્પો (છૂટી ગયા). બીજાની વાતેય અહીં નથી. સર્વજ્ઞ ભગવાને જે વ્યવહારની આજ્ઞાનો ભાવ કહ્યો એ પણ અભૂતાર્થ છે. એક અનુભૂતિ આત્માની કરવી તે ભૂતાર્થની આજ્ઞા છે. નવનીતભાઈ! મોટા સમાજની સાથે આ વાતને મૂકવી. હજી ઓલામાં ગોટા વાળ્યા છે થોડા. કે આમ કરવાનું કહે છે, ઈ પણ હજી વ્યવહાર કરવાનું કહે છે. કરવાનું ક્યાં, આવે છે, સાંભળને! એમ કરીને હજી સંતોષ ભાવે. ઓલામાં તો વળી કાંઈક વ્યવહાર... વ્યવહાર યોગની ક્રિયા, શુદ્ધઉપયોગ આત્માની ક્રિયા. બેની સંધિ જોઈએ. બે વિના થાય નહિ. વ્યવહારથી કહેનારા છે એ પણ નિશ્ચયને તો સમજે છે. અને આ નિશ્ચયના કહેનારા વ્યવહાર આવો હોય એને પણ સમજે છે. બેય કહીને બધાને સરખું લગાડ્યું છે. અરે.. પ્રભુ! આહા..હા..!

એની પામરતાને કારણે જે રાગ ભાગ આવે એને વ્યવહાર કહેવાય. પણ નિશ્ચયના અંદરમાં એકાકાર થયા વિના એને વ્યવહારનો આરોપ પણ આપી શકાતો નથી. આ ઈ હવે વ્યવહાર છોડવાની વાત કરે છે. જે નિશ્ચયના ભાનમાં આવ્યો, એકલો જ્ઞાતાનો સાક્ષાત્કાર થયો. સમ્યગ્દર્શનમાં આત્માનુભવ થયો. કેવળજ્ઞાન તે હું એમ ભાન થયું. શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ્યું. એક સમયની પર્યાય ને જ્ઞાનના અંશને માનતો, શ્રદ્ધાએ ત્રિકાળ હું જ્ઞાનમૂર્તિ છું એમ માન્યું. શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું. એવા કેવળજ્ઞાનની પ્રતીતવાળો સમ્યગ્દષ્ટિ જીવ અનુભવની દૃષ્ટિવાળો ધર્મી, ઓલા વિકલ્પના જે વ્યવહાર હતા (એનાથી) ખસીને સ્વરૂપમાં ઠર્યો એથી બધા ક્રિયાકાંડની નિવૃત્તિને લીધે '**નિસ્તરંગ...**' ઓલા વિકલ્પ ઉઠે ઈ તરંગ હતા, તરંગ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યની વૃત્તિ ઉઠે એ તરંગ હતો. એ મલિન તરંગ.

પહેલેથી એણે નક્કી તો કરવું પડશેને? કે આ આત્મામાં એકાકાર થાય તેટલો ધર્મ છે. જેટલો રાગ ભાગ આવે એ ધર્મ છે નહિ. અને એને છોડીને ઠરીશ ત્યારે તને ચારિત્ર થશે. એ વિના ચારિત્ર પણ ત્રણ કાળમાં હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? એ નિસ્તરંગ.. ઓલાને તરંગ કહ્યા. વિકલ્પ ઉઠતા અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના, એ વૃત્તિ ઉઠતી એ ચૈતન્યમૂર્તિ એ ચિત્તના પ્રસારમાં વિસ્તાર પામતો (ત્યાંથી) ખસીને અંતરમાં એકાકાર થાય તો તેને કલ્યાણ થાય. સમજાય છે કાંઈ? બહુ વાતમાં ફેર પણ હોં! બહાર જાય તો બીજા ઈ કહે, ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. આ સમજે નહિ સ્યાદ્વાદમાં. જય ભગવાન! તુંબડીમાં કાંકરા. એ તે (એમ જાણે કે) કાંકરા નાખ્યા છે, સૂકા ખખડે છે તો રૂપિયા હશે અંદર. એમ જેને સત્ય અને આરોપિત કથનની ખબર નથી (ઈ એમ જાણે કે) ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. વ્યવહારથી થાય અને પરમાર્થથી થાય. અનેકાંત માર્ગ વીતરાગનો છે. અનેકાંત એટલે? ફૂદડીવાદ? સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાથી કલ્યાણ થાય અને રાગના વિકલ્પ-વ્યવહાર આવે એનાથી કલ્યાણ ન થાય એનું નામ અનેકાંત, એનું નામ સ્યાદ્વાદ કથન છે. ભારે વાતમાં ફેર.

અરે...! ભગવાન! તારે આવા જન્મ-મરણના આરા લાવવા હોય તો આ માર્ગ વિના (છૂટકો નથી). બાકી લહેર કરવી હોય દુઃખમાં... દુઃખમાં લહેર કરવી હોય.. ત્યારે આ બધા શું માને છે? શુભભાવમાં લહેર છે એમ માને છે કે નહિ? છે તો આકુળતા. શુભભાવ થાય, અશુભભાવ છે ઈ તીવ્ર આકુળતા, શુભભાવ ઈ મંદ આકુળતા. પણ મંદ આકુળતાને હિતકર માને એ મિથ્યાત્વની તીવ્ર આકુળતા (છે). સમજાણું કાંઈ? આ તો સત્યની સરાણે ચડેલી વાત છે. સમજાણું કાંઈ? ઓલા સરાણિયા હોય છેને? સરાણિયા. બાઈ હાંકતી હોય. ઓલો કાઢે ને? આમ આમ કરતી હોય. અને ઓલો સરાણિયો હોય ને? ઈ છરી—ચાકુને આમ ઘસતો જોતો જાય. કેટલું ઉઘડ્યું અને કેટલું બાકી રહ્યું? ધાર કેટલી ઝીણી થઈ? જોવે છે કે નહિ? આ સરાણિયા છરી—ચાકુના આવે છેને?

એમ અહીંયા ભગવાન ચૈતન્યની ધાતુ એકાકાર થઈને કેટલી ઉજળાઈ થઈ અને રાગનો ભાગ બાકી કેટલો મેલનો રહ્યો એમ જ્ઞાની જોતો જાય છે. સમજાણું કાંઈ? એ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન એમ કહ્યું છેને? વ્યવહારે જાણેલો તદાત્વે, સ્વકાળે જાણેલો પ્રયોજનવાન છે. જાણવામાં બરાબર આવે છે. જાણ્યા વિના, વ્યવહારને જાણ્યા વિના એકલું નિશ્ચયનું જ્ઞાન કરે તે સાચું જ્ઞાન નથી. વાત તો ઊંચી તો લાગે પણ છે આ પહેલા નંબરની. સમજાણું કાંઈ? આ પહેલે નંબરને આ રસ્તે ચડ્યા વિના એક્કેય મીંડા એકડા વિનાના ગણવામાં આવશે. દામોદરભાઈ! પણ આ તો મોટી વાત લાગે, હોં! અરે.. પણ હજી અમે...

વાત એની ચાલે છે કે પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કર. પહેલામાં પહેલો પ્રયત્ન તારો એ હોવો જોઈએ. બીજા પ્રયત્ન પછી. પહેલો ભગવાન આત્મા અભેદ અખંડાનંદ છે એની દૃષ્ટિનો અનુભવ પહેલો કરવો જોઈએ. એ પહેલું કર્યા પછી દશા કઈ વધે છે એની અહીં વાત ચાલે

છે. પછી પણ એ વ્યવહાર ક્રિયાકાંડના રાગને છોડી, ભાવને હોં! શુભને. '**નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે...**' પરમચૈતન્યશાળી. ઓલો પુણ્યશાળી હતો વ્યવહારે. નિશ્ચય તે ધર્મશાળી હતો. હવે એકલો ચૈતન્યશાળી થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા પ્રકાશનો પુંજ એકલો. એ સૂર્ય ચૈતન્યનો એના અંદરમાં એકાકાર થઈને અનુભવ કર્યો પછી આ વિકલ્પો જે ઉઠતા વ્યવહારના—દયા, દાન, વ્રતના (તેને) છોડીને એકલો ચૈતન્યશાળી થયો. ચૈતન્ય.. ભાગ્યશાળી કહે છેને માણસ? પુણ્યવંતને ભાગ્યશાળી કહે. આ તમારા જેવાને માણસો, પૈસાવાળાને. માણસો કહે એમ કહું છું ને તમને. ભાગ્યશાળી કહે. પાંચ-પચ્ચીસ લાખ હોય, દસ લાખ હોય, પેદા થતા હોય.. ઓહો..! બાપા! ભાગ્યશાળી છે. કહે છે કે બાપા! ભાગ્યશાળી કર્મના કહે છે, એમ અહીંયા વિકલ્પ વિનાના આત્માની સ્થિરતાવાળાને ચૈતન્યશાળી કહે છે. એ ઉદય આવ્યો એટલે ધૂળમાં આવ્યો. અને એને લઈને આ ધૂળ દેખાણી. મળી નહિ. દેખાણી એની નજરમાં. એ.. આવી. વળી જ્યાં પાપનો ઉદય આવે તો ફૂ.. થઈને ચાલી જાય. કરોડોપતિઓ નિર્ધન થઈ ગયા. સમજાય છે કાંઈ? જેને આમ એવા ધંધા ચાલતા કે લાખો પાકતા, દસ દસ લાખની પેદાશ. એ બધા પાપના ઉદય આવે તો હેઠે બેસી ગયા. એના કર્યા રળાણા નથી અને એના કર્યા ગયા નથી. એ પૂર્વના પુણ્યને કારણે આવે ને જાય. એનો રાગ જે થાય એ બંધનું કારણ થાય. એવા જીવને દુનિયા ભાગ્યશાળી કહે છે.

અહીં ધર્મીને ઓલા પુણ્યનો વિકલ્પ છૂટી અને સ્વરૂપની એકાગ્રતા થાય એને ભગવાન ચૈતન્યશાળી કહે છે. એ ચૈતન્યશાળી! ભારે છેને શબ્દ, જુઓ! પરમ ચૈતન્યશાળી ભાઈ! એમ લીધું. એકલો ચૈતન્યશાળી નહિ. સમ્યગ્દર્શન અને જ્ઞાનની ભૂમિકામાં રાગ આવતો ત્યાં સુધી ચૈતન્યશાળી અને રાગ બે હતા. સમજાણું કાંઈ? એને છોડીને એકલા ચૈતન્યગંજમાં પૂર્ણનો આનંદનો ગંજ પ્રભુ, કમળ આખું આનંદનું એમાં એકાકાર થઈને એ ચૈતન્યશાળી થયો. આત્મજ્ઞાનીની ઉગ્ર દશા વીતરાગ થઈ ગઈ. ત્યારે તે મોક્ષ થવાને લાયક થયો કહેવાય. ઓલો વ્યવહાર આવતો જ્યાં સુધી એનાથી કાંઈ લાભ થાય એમ તો હતું નહિ. સમજાણું કાંઈ?

'**પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે...**' બે વાત. કેવો થયો? બે વાત કેમ કહે છે? જે જ્ઞાનની દશા જરી રાગવાળી હતી, વ્યવહારવાળી ત્યાં સુધી પરમ ચૈતન્યશાળી નહોતો અને ત્યાં સુધી એને નિર્ભર આનંદ નહોતો. થોડો આનંદ હતો. આત્માના ભાનની જેટલી શક્તિની વ્યક્તતા થઈ એટલો આનંદ હતો અને શુભભાવ હતો તે આકુળતા હતી. ઓલો વ્યવહારભાવ જે હતો—દયા, દાન, વ્રતનો જે ભાવ હતો—એ આકુળતા હતી. એ વિકલ્પને છોડીને જ્યારે નિર્વિકલ્પના આનંદમાં જાય છે ત્યારે પરમ ચૈતન્યશાળી અને નિર્ભર આનંદથી સમૃદ્ધ (થયો). પૂરા આનંદથી સમૃદ્ધિવાળો. લ્યો આ

સમૃદ્ધિ. મૂળજીભાઈ! આ સમૃદ્ધિ. ધૂળમાંય આ બહાર સમૃદ્ધિ નથી. વિષ્ટાના ઓટલા ઉપર જેમ બેસાડ્યો હોય એમ આ લક્ષ્મીના ઢગલા ઉપર બેઠો છે, અમે લક્ષ્મીવાળા છીએ.

ભગવાન આત્મા ચૈતન્યની અનંત શક્તિઓના પિંડમાં પેઠો,.. મૂળજીભાઈ! એ તમને કહેતા પહેલા, હવે પૈસાવાળા (બીજા થઈ ગયા). પહેલા તમને કહેતા હતા. એવું સાંભળેલું. આપણને ક્યાં ખબર છે? મુંબઈથી આટલા લાખ લઈ આવ્યા. એમ પહેલું સાંભળેલું. વાત તો કરે કો'ક. (સંવત) ૧૯૭૬ની સાલથી સાંભળીએ છીએ. બેય ભાઈઓને એટલા પૈસા પેદા થયા... આંકડો કહેતા હતા. એ તો તમને ખબર હોય, અમને શી ખબર હોય. માણસ કહેતા કે સોળ લાખ કે અઢાર લાખ લઈને વયા આવ્યા. સોંપી દીધું. બેય એવા. બેય જણા હોં! ૭૬ની સાલમાં. દામોદરભાઈ તે દિ' ભેગા હતાને. પછી બીજા વધારે થયા. એમ કહે છે. ગુમડાવાળા. સમજાણું કાંઈ? એ બધા ગુમડા (છે).

ભગવાન આત્મા... એક કળી જેમ વનસ્પતિની હોય અને ખીલીને હજાર પાંખડીએ ખીલે, એમ ભગવાન આત્મા પહેલો કળી સમાન ખીલ્યો થોડો અને કાંઈક ખીલવું બાકી રહ્યું. એમાં એને લઈને અપૂર્ણતા ખીલવટની હતી, જ્યાં પૂર્ણ ખીલવટ થઈ ત્યાં અપૂર્ણ જે વિકલ્પ હતો તેનો નાશ થઈ અને આત્માની પૂર્ણ ખીલવટ થઈ. એ કળીમાં જેમ પૂર્ણતા હતી એ શક્તિરૂપે હતી એ પ્રગટ થઈ. એને પરમ ચૈતન્યશાળી કહેવામાં આવે છે. વીતરાગી કહેવામાં આવે છે અને એને આનંદથી નિર્ભર-સમૃદ્ધ એમ કહેવામાં આવે છે. આહા..! અતીન્દ્રિય આનંદની સમૃદ્ધિ વધી ગઈ હવે. ઓલો વિકલ્પ હતો જ્યાં સુધી પંચ મહાવ્રત આદિના, એ આકુળતા હતી. એ સમૃદ્ધિનું રૂપ નહોતું. એ કુરૂપ હતું. સમજાણું કાંઈ? એનાથી ખસી અને નિર્વિકલ્પ ચારિત્રના આનંદમાં જ્યાં ગયો..

'**એવા ભગવાન આત્મામાં...**' દેખો! એવો ભગવાન આત્મા '**વિશ્રાંતિ રચતા થકા...**' લ્યો ઓલો રાગને રચતો અને રાગ જે થતો હજી પંચ મહાવ્રતનો એટલી વિશ્રાંતિ નહોતી, એટલો હજી થાક હતો. આરે.. આરે.. ભારે ભાઈ! સમજાણું કાંઈ? એ સંસારની વિકૃતિની આકુળતાથી જેને નિકળીને વિશ્રાંતિ લેવી હોય, એ ચૈતન્યના ધામમાં પેસે વિશ્રાંતિ મળે એવું છે. વાત કેમ આવે? પણ કોઈ દિ' પ્રયાસ કર્યો હોય ત્યારે ને. સાંભળ્યા ભેગું લાવ.. રતિભાઈ! એને માટે ઘણી સમજણ, ઘણો સત્‌સમાગમ, ઘણી પાત્રતા, ઘણી પ્રયત્નની દિશા ક્યાં વાળવી એ બધી ગતિ એને ખ્યાલમાં આવવી જોઈએ. એ વિના એ ખ્યાલ આવે નહિ.

ભગવાન આચાર્યદેવ અમૃતચંદ્રાચાર્ય કહે છે, મુનિ હતા. દિગંબર સંત જંગલમાં આત્માના આનંદમાં ઝુલતા વિકલ્પ ઉઠ્યો એમાં લખાણું. કહે છે કે એ વિકલ્પ તૂટીને જ્યારે ઠરીએ ત્યારે આત્મામાં વિશ્રાંતિ રચાય અને થાક ઊતરી જાય. શેનો થાક હશે આમાં? શુભભાવનો થાક લાગ્યો. એ પણ થાક છે, આકુળતા છે. ભગવાન આત્મા પોતામાં જ્યાં અંદર ગરકાવ (થયો), અનુભવ ઉપરાંત સ્થિરતામાં ગરકાવ ઠરે છે. અહીં તો પૂર્ણ વાત કરવી છેને. શરૂથી

તે પૂર્ણ. ત્યારે '**વિશ્રાંતિ રચતા થકા...**' એમ કેમ કહ્યું છે? આત્મામાં અભેદપણે વિશ્રાંતિ રચતા થકા. ઓલો વિકલ્પ હતો એનાથી રચતા થકા એમ નહિ. સમજાણું કાંઈ? વિકલ્પ હતો વ્યવહારનો માટે વિશ્રાંતિ રચે છે એમ નહિ. પોતાના સ્વરૂપમાં અંતરમાં અનુભવમાં જે પહેલું આવ્યું હતું કે આ આત્મા પવિત્ર છે—શુદ્ધ છે, એમાં ઠરું તો કેવળ થશે. એમ જે ખ્યાલમાં દૃષ્ટિમાં આવ્યું હતું એમાં વિશ્રાંતિ લેતો. અંદર સ્થિરતાની શાંતિની વિશ્રાંતિની રચતો થકો. પોતાના પુરુષાર્થથી તે નિર્મળ શાંતિને રચતો થકો. એમાં વ્યવહારના આલંબનથી વિશ્રાંતિ રચાય કે કર્મ કાંઈક માર્ગ આપે તો વિશ્રાંતિ રચાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ,...**' અભેદ એટલે ઐક્યસ્વરૂપ '**નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર-આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા, ક્રમે સમરસી ભાવ સમુત્પન્ન થતો જતો...**' આહા..! એ આત્મામાં ઝુલતો, ઓલા વિકલ્પથી—રાગથી ખસતો ક્રમે ક્રમે તેમાં વીતરાગભાવની રચના ઉત્પન્ન થાય છે. એ સમતારસના નિર્વિકલ્પરસના પાન કરતો. વિકલ્પ હતો એ તો ઝેર હતું. અહિંસા, સત્ય, દત્તના ભાવ થતા એ ઝેર હતું. આમાંથી ખસીને જ્યાં અંતરમાં એકાકાર થાય ત્યારે ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો. ક્રમે ક્રમે અરાગી, અકષાયી વીતરાગભાવ ઉત્પન્ન થતો જતો હોવાથી. ક્રમે ક્રમે શાંતિ અને અરાગી દશા ઉત્પન્ન થવાથી '**પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી...**' પરમ અકષાય વીતરાગભાવને પ્રાપ્ત કરી '**સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.**' લ્યો. સમજાણું કાંઈ? આ બધી વિધિ કીધી. સાંભળવામાં આવે નહિ. સાંભળતા પણ આમાં કઈ વાત છે? આવું ક્યાંય (સાંભળવા મળતું નથી).

એક પંડિત હતો. ઘણા વર્ષ પહેલા આવેલો. ઓલો નહિ? ક્યાંનો? નેમચંદભાઈના ગામનો. કિશનગઢનો પંડિત. ભણેલા શાસ્ત્રો. પહેલું વ્યાખ્યાન સાંભળ્યું તો આ કોને સંભળાવે છે? શું કહે છે આ? આવી વાતું કરાય? પંડિત ભણેલો, હોં! ભણેલો. બીજી વાર જ્યારે બીજું વ્યાખ્યાન સાંભળ્યું.. આ કાંઈક કહે છે. ત્રીજી વાર સાંભળ્યું ત્યારે કહે, આમાં કાંઈક સમજવા જેવું લાગે છે. ચોથી વાર સાંભળ્યું ત્યારે કહે, અમારી ધારણા અત્યાર સુધી ખોટી હતી. આ નહિ, આ કાંઈક બીજી વાત કહે છે.

અનંત કાળમાં નહિ સાંભળેલું, અનંત કાળમાં નહિ જાણેલું, અનંત કાળમાં નહિ અનુભવેલું, અનંત કાળમાં નહિ પરિચય કરેલી વાત પહેલી મોંઘી તો લાગે પણ એ કર્યા વિના, અનુભવ્યા વિના એને ત્રણ કાળમાં શાંતિ મળે એવી નથી. બહારથી માની બેસે એટલે મળી જાય એવું ત્રણ કાળમાં બનતું નથી. એ ક્રમે કરીને આત્માના ધ્યાનમાં શુભરાગથી ખસીને ઠરતો જાય. તેમ પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષનો સાક્ષાત્ આત્મા અનુભવ કરે. શરૂથી માંડીને પૂર્ણતાની વાત આમાં કરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ સુદ-૩, રવિવાર, તા. ૬-૫-૧૯૬૨
ગાથા-૧૭૨, પ્રવચન-૧૦

આ પંચાસ્તિકાય સમયસાર શાસ્ત્ર છે. કેટલાકને વળી આ પંચાસ્તિ, અસ્તિ અને કાય શું? એવો એક પ્રશ્ન ઉઠ્યો હતો. આ આત્મા પદાર્થ છે. એમાં અનંત અનંત શક્તિઓ— ગુણ છે. એમાં અસંખ્ય એના પ્રદેશ છે.

જેમ સોનાની સાંકળી હોય, એમાં સોનાના મકોડા જેમ પાંચસો હોય. એ સાંકળી એકરૂપ કહેવાય. એના મકોડા અંશ અંશ તરીકે પાંચસો કહેવાય. અને એના મકોડા દીઠ સોનું ચીકાશ, વજન અને સુંવાળપ એ એની શક્તિ કહેવાય. સાંકળી એ પદાર્થ, મકોડા એ એનું ક્ષેત્ર નામ પ્રદેશ, અંશ ક્ષેત્રનો અંશ, અને તેની શક્તિ એની અંદર પીળાશ, ચીકાશ, વજન એ ગુણ અને તે સાંકળીની વર્તમાન અવસ્થાની પર્યાય તે તેનો કાળ કહેવાય.

એમ આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં વસ્તુ—પદાર્થ છે. એ પદાર્થ દ્રવ્ય કહેવાય. એમાં અનંત જ્ઞાન, દર્શન આદિ શક્તિ તે તેનો ભાવ કહેવાય. અને તે પહોળો કેટલો છે? એક પોઈન્ટ આ પરમાણુ છેલ્લો કટકો લઈએ એનાથી એને આમ માપ કરીએ તો એના અસંખ્ય અંશરૂપ પ્રદેશો મકોડાની પેઠે (રહેલા છે). મકોડામાં ફેર એટલો કે એક મકોડો બીજામાં આમ સંકળાયેલો હોય છે, સાંકળીમાં. આમાં એમ નથી. આમ અસંખ્ય અંશ સંકોચ વિકાસ થાય એવી શક્તિવાળા અસંખ્ય પ્રદેશ છે. અભ્યાસ ન હોય એટલે સામે પ્રશ્ન કાલે ઉઠ્યો હતો. આ અસ્તિકાય શું તમે (કહો છો)? પંચાસ્તિકાય. એમાં ધર્માસ્તિ ને અધર્માસ્તિ ને.. બહુ એવું લેતા નથી શબ્દાર્થ. કારણ કે એ ઝીણું પડે. તાત્ત્વિક વધારે લઈએ છીએ. સમજાણું કાંઈ?

આત્મા અસ્તિ છે. વસ્તુ તરીકે શક્તિ તરીકે, ક્ષેત્ર તરીકે અને વર્તમાન દશા તરીકે અસ્તિ. અને એના અસંખ્ય પ્રદેશ છે એ કાય છે. જેમ આ શરીરના ઘણા રજકણોનો સમુદાય તેને કાય કહીએ. પણ આ રજકણો છૂટા પડે છે, એનો અંશ છૂટો પડતો નથી. સંકોચ, વિકાસ થાય. રબરને તાણીએ તો વિકાસ થાય, સંકોચ થાય. એમ આત્મા અસંખ્ય અંશરૂપ મકોડાની પેઠે પ્રદેશ એકસાથે સંકળાયેલા છે. જ્યારે એ હાથીના ભવમાં જાય ત્યારે એ હાથીના પ્રમાણમાં પહોળા થાય. કીડીમાં જાય તો કીડીના પ્રમાણમાં પહોળા થાય. પાંચસો મકોડાની સાંકળી મોટાના ગળામાં નાખે તો થોડા સળા એના હોય. અને નાનાની ડોકમાં નાખે તો ઘણા સળા હોય. વસ્તુ તો એની એ છે. સમજાય છે કાંઈ?

એમ આ જગતની અંદર અસ્તિ અને ઘણા પ્રદેશના અંશવાળું તત્ત્વ એવા પાંચ છે. પાંચ છે. એટલી બધી વાત અત્યારે અહીં ન થાય. એક એક વાતને યુક્તિ, લોજીક, ન્યાયથી

સિદ્ધ કરી શકાય એવી વસ્તુ છે. તર્કથી સ્પષ્ટ કરીને એ વાત કેમ છે (એ સિદ્ધ થઈ શકે એમ છે). પણ અહીં તો રાત થોડી ને વેશ ઝાઝા. નવનીતભાઈ! અને વળી નવરંગભાઈ કહે કે, આ બધું એકલું વ્યવહારનું ન રહી જાય. વળી કાંઈક નિશ્ચયની થોડી સંધિ થઈ જાય એમ પણ ભેગુ માંગે. એટલે અહીં તો એટલો અર્થ અત્યારે છે—અસ્તિ અને કાય. એમ બે કહેવાનો આશય શું છે?

આત્મા છે અને તે એક અંશ પૂરતો નથી. જુઓને! અહીંયા પણ આત્મા, અહીંયા આત્મા. હવે અહીંનો ભાગ અહીં નથી અને અહીંનો ભાગ અહીં નથી. એમ એના સર્વજ્ઞ જ્ઞાનગમ્ય અસંખ્ય અંશરૂપી ભાગ તેને પ્રદેશ કહેવામાં આવે છે. વસ્તુ અંખડ છે. પણ સંકોચ વિકાસ થવાની તાકાતમાં અસંખ્ય પ્રદેશ આ રીતે છે. એને અસ્તિકાય કહેવામાં આવે છે. એ જગતમાં એવા અસ્તિકાય પાંચ છે. અને એક અસ્તિ છે પણ કાય નથી. એવા કાળ અસંખ્ય અણુઓ દ્રવ્ય છે. એ છએ મળીને જગતમાં છ પદાર્થ ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જોયા, એવા છે, એવા યુક્તિ અને તર્કથી સ્પષ્ટથી ન્યાયથી સિદ્ધ થઈ શકે છે. સમજાણું કાંઈ? અસ્તિકાય, સાંભળ્યું હતું ન્યાં કોઈ દિ'? ભાનુભાઈ!

આ વાત અસ્તિકાયની છે. એમાં આત્માની વાત અત્યારે ચાલે છે. ભગવાન આત્મા એની અંતર મૂળ ભાવ—સ્વભાવ—શક્તિ—ગુણ એ તો બેહદ આનંદશક્તિ, શ્રદ્ધાશક્તિ, ચારિત્રશક્તિ, શાંતશક્તિ એવી અનંત શક્તિનો પિંડ વસ્તુ છે. એ સ્વભાવને ભૂલી એની વર્તમાન દશામાં—હાલતમાં જે કંઈ પુણ્ય ને પાપના ભાવ થાય તે વિકાર છે. શરીર અને કર્મ એ ચીજ તદ્દન ભિન્ન કામ કરી રહી છે. એને આત્મા સાથે કાંઈ સંબંધ છે નહિ.

હવે અહીંયા અધિકાર એ આવે છે કે '(કેવળવ્યવહારાવલંબી...' માથે વાત કરી એ નિશ્ચય અને વ્યવહારની સંધિની કરી. એટલે? કે આત્મ વસ્તુ અનંત આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો દરિયો. એ દરિયો એમ જોવાય નહિ, હોં! એ એના અંતર સ્વભાવના ન્યાયના અપરિમિત હદની શક્તિને એના જ્ઞાનના માપમાં પ્રમાણથી દેખે તો જણાય.સમજાણુ કાંઈ? આ મોતી છેને? મોતી. મોતીમાં આમ દરિયો ઉછળે. જોયા છે કોઈ દિ'? ઊંચા મોતીમાં ઝળક ઉઠે, ઝળક. એવી ઝળક.. એક વાણિયો હતો તે ખૂણામાં મોતી લઈ, છૂટું પડી ગયું અને એકાદ મોતી ખૂણે બાંધી આમ ગામડે ચડી ગયો. ત્યાં એને ખ્યાલ આવ્યો કે મોતી અહીં બાંધ્યું છે. પટેલને કહે, પાણી લાઓ. બ્રાહ્મણને ન્યાં. ત્યારે તો બધું એવું હતું ને. અત્યારે તો પટેલના પણ પાણી છે. એ વખતે તો પટેલ બ્રાહ્મણને ત્યાંથી પાણી લાવે. તો વાણિયા પીવે. લઈ આવ્યા. ત્યાં પોતે આમ ખોલીને જોવા મંડ્યો વાણિયો. ઓહો..! ત્યાં પટેલ પાણી લઈને આવ્યા. પટેલ! પાણી બહુ આમાં. ઓલી ઝળક ઉઠેને મોતીમાં, ઝળક. ઝળક કહે છેને? ચમક.. ચમક.

મુમુક્ષુ :— ઈ પાણીવાળું જ કહેવાય.

ઉત્તર :— પાણીવાળું કહેવાય. એટલે ઓલો પટલે કહે, સાહેબ! પાણી આમાં હોય તો પાણી મંગાવ્યું શું કરવા? આ તમારું ઓલું નથી આવતું? ઓઢવાનું લુગડું. શું કહેવાય? ભાઈ! વાયલ. વાયલ જોઈ છે? વાયલ. વાયલના આમ પાતળા આમ આમ જુઓ તો એમાં દરિયા મોજા ઉઠતા હોય. વાયલ જોયું છે કે નહિ? જોયું તો હોય કે નહિ અમે? પાતળા વાયલમાં મોજા ઉઠતા હોય. એનો ઘટ તો એટલો દોરાવાર છે. દોરાવાર ઘટ છે, કાંઈ લાંબુ ઘટ નથી. પણ આમ દરિયાના મોજા ઉઠે. આમ પાતળું. આમ આમ કરે તો અંદરથી. એમ આ મોતીમાં ઝળક ઉઠે પાણીની એટલી ઝલક. ઓહો..! ઊંચું મોતી. મોતીની તો પ્રતિમાઓ થાય છે મોટી મોટી. મોટા મોતીની પ્રતિમાઓ. પ્રતિમા હોં! ભગવાનની પ્રતિમા મોટી. શ્રવણબેલગોલામાં છે.

અહીં કહે છે, પટલે કહે છે, સાહેબ! ત્યારે પાણી કેમ મંગાવ્યું? ત્યારે ઓલો વાણિયો જરી લડાવવા (કહે છે), અરે.. પટેલ! આમાં તો દરિયો ઉછળે છે, હોં! મારી પછેડીનો છેડો બોળું અને પાણી દેખાય તો માનું. અરે.. પટેલ! એ પછેડીના છેડે એના માપ ન હોય. એના માપ આંખના જ્ઞાનમાં એની કિંમતના પ્રમાણમાં એના ચમકનું માપ આવે. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા.. આ તો દૃષ્ટાંત કીધો. દેહથી બિરાજમાન ચૈતન્યમોતી દેહમાં દેહ પ્રમાણે ભિન્ન તત્ત્વ ભગવાન, એની શક્તિ અનંત જ્ઞાન, આનંદ આદિની ચમક બેહદ મોજા ઉઠે એવી એની ચમક છે. સમજાય છે કાંઈ? પણ એ બહિર્બુદ્ધિ પુણ્ય ને પાપના ક્રિયાકાંડના ને દેહાદિની ક્રિયા દ્વારા એનું માપ કરવા જાય તો પછેડીએ જેમ મોતીનું માપ કરવા જાય એવું થાય. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યપ્રભુ જુઓને! એક સેકંડના અસંખ્ય ભાગમાં વર્તમાનમાં પણ રાગવાળું જ્ઞાન વર્તમાન દશાનું વ્યક્ત હોવા છતાં તે અનાદિનો હું છું, અનંત કાળનો છું એટલું અનાદિનું જ્ઞાન એના વર્તમાન જ્ઞાનની વ્યક્તતાના અલ્પ જ્ઞાનમાં પણ એ વાત આવી જાય છે. શક્તિની વાત નહિ અત્યારે. શક્તિ તો અંદર પૂર્ણ છે. પ્રગટ જ્ઞાનમાં પ્રગટ અંશ જે એની દશામાં વર્તે છે, અનાદિ છું, અનંત (કાળ) રહીશ, અનંત જગતના તત્ત્વો છે, ક્ષેત્ર અનંત છે, આ ચૌદ બ્રહ્માંડ, આ ચૌદ બ્રહ્માંડ એ તો બહુ થોડુ નાનું છે, અસંખ્ય યોજનમાં. ચારે બાજુ આકાશ ખાલી.. ખાલી.. ખાલી.. ખાલી ક્યાંય પાછળ ક્યાંય વંડી ને વાડ નથી. એમને એમ અમાપ... અમાપ.. અમાપ.. અમાપ.. અમાપ દશે દિશામાં આ ચૌદ બ્રહ્માંડ ચૌદ રાજૂલોક કહેવાય એ તો અનંત ખાલી આકાશના અનંતમા ભાગમાં એક રાઈ જેટલું છે. ચારે બાજુ આકાશ અમાપ. પછી..? પછી..? પછી? પછી શું પણ? પછી શું? અનંત જોજન, અનંત જોજન, અનંત ક્રોડો જોજન પછી? ખાલી.. ખાલી ને ખાલી. ક્યાંય પછીનો પછવાડું આવે નહિ.

એવા અનંત આકાશને પણ વર્તમાન જ્ઞાનના ખ્યાલમાં રાગવાળું જ્ઞાન પણ ખ્યાલમાં લઈ લ્યે છે. સમજાય છે કાંઈ? એવા ત્રણ કાળ આમ વર્તે છે. જગતના અનંત તત્ત્વો છે. એક એક તત્ત્વમાં અનંતી શક્તિઓ છે. એ વર્તમાન જ્ઞાનના પ્રગટ એક અંશમાં પણ ખ્યાલમાં આવી જાય છે. એના પ્રગટ એક અંશમાં આટલા ખ્યાલની તાકાત, એના અંતરના સ્વભાવની બેહદની તાકાત એ તો અંતર દૃષ્ટિથી માપી શકાય એવું છે. સમજાણું કાંઈ?

એવા આત્માને પોતાના વસ્તુના સ્વભાવને અંતર અવલંબીને ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, એને અંતરમાં એકાકાર થઈને જે આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ને શાંતિ પ્રગટ થાય એને અહીંયા નિશ્ચય સત્ય અને નિશ્ચય ધર્મ કહેવામાં આવે છે. સત્ય ધર્મ. એ ત્રિકાળ સત્ય પરમાત્મસ્વરૂપ પોતાનું, એના આશ્રયે જે શુદ્ધતા અને પવિત્રતા અંતરમાં એકાગ્ર થઈને જે શક્તિમાંથી પ્રગટતાના અંશો શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ને આનંદના પ્રગટ થાય એને આત્માનો નિશ્ચય ધર્મ, સત્ ધર્મ, અનઉપચારી ધર્મ, વાસ્તવિક ધર્મ, વાસ્તવિક મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે.

એવા કાળમાં હજી આત્મા સિવાય બીજા છ પદાર્થો છે એના પણ વિકલ્પ અને વિચાર ઉઠે એવા રાગને વ્યવહાર માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા નિશ્ચયના ભાનમાં જે કંઈ અધૂરાશને કારણે રાગની વૃત્તિના વિચારમાં જ્ઞાન રાગમિશ્રિત જ્ઞાન, છ (દ્રવ્યો) આત્મા સિવાય બીજા, અરે..! સાક્ષાત્ પરમાત્મા સિદ્ધ કે અરિહંતનો વિચાર સુદ્ધા રાગ છે. પંડિતજી! કેમ કે આત્મા જ્ઞાનાનંદ સ્વઆશ્રય સ્વભાવથી ભરેલો એનો આશ્રય જેટલો લીધો એટલી શાંતિ અને એટલું સત્. એણે જેટલો પરપદાર્થનો આશ્રય લઈને વૃત્તિ ઉઠાવી એને રાગનો ભાગ, પુણ્યનો ભાગ, વ્યવહાર ધર્મનો ભાગ એને કહેવામાં આવે છે. પણ જેને આ નિશ્ચય સત્ પ્રગટ્યું હોય એને ઓલા વ્યવહારને વ્યવહાર તરીકે, ઉપચાર તરીકે ધર્મ કહેવામાં આવે. ખરેખર તો એ છોડવાલાયક છે. એને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે તે પરમાત્મપદને પામે છે. એ વાત આવી ગઈ છે. એ વાત આવી ગઈ.

'**(હવે કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—)**' આ રીતે જેને વર્તે એને તો નિશ્ચય અને વ્યવહાર, સત્ય અને આરોપિત બે ભાવ એની પાસે હોય એનું એ બરાબર જ્ઞાન કરે છે. એ વ્યવહાર આવે એનો આશ્રય કરીને લાભ માને એવા જીવની વાત ચાલે છે હવે. શું કહ્યું? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ સત્ શાશ્વત આનંદનો કંદ પ્રભુ આત્મા, જેમ ગોળનો રવો મોટો હોય, કોલ્હાપુરનો ઊંચો ધોળો ને મીઠો આવે છેને? બરફી જેવો નથી કહેતા તમારે? બરફી જેવો ગોળ છે એમ કહે માણસ. બહુ ઊંચો હોય ત્યારે મલાવે જરે. એને ચિરાડ મારે તો એમાંથી તડકો લાગે તો એમાંથી ગોળ જ ઝરે. એમાંથી કાંઈ ન્યાં કાળીજીરીનો ભુક્કો ઝરે એમ નહિ. એમ ભગવાન આત્મા આનંદનો એક મોટો પિંડ છે. અરે.. આ શું પણ? એ

આનંદનો પિંડ છે, જ્ઞાનનો પુંજ છે. એમાં જેટલી એકાગ્રતાના ભાવને ગોઠવે એટલું આત્મામાંથી આનંદનું ઝરણું બાહ્ય પ્રગટ થાય. સમજાય છે કાંઈ? આહાહા..! એ આત્મા જેટલો જ્ઞાનમાં એકાગ્ર થાય એટલું સમ્યક્જ્ઞાન એના સામર્થ્યવાળું એની દશામાં પ્રગટ થાય. એવું પ્રગટ થાય અને જોડે રાગ પણ હોય તો તો એ નિશ્ચય અને વ્યવહારનો એ ભૂમિકાના પ્રમાણમાં રાગ હોય તો બેને સુમેળ વ્યવહારે છે એમ કહેવામાં આવે છે.

પરંતુ જેઓ કેવળ વ્યવહારાવલંબી (અર્થાત્) એકલા રાગને અવલંબીને (પ્રવર્તે છે) '**તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે...**' અનાદિથી અજ્ઞાની એ રાગ ઉઠે એનાથી મારું કલ્યાણ થશે, એ રાગ છ પદાર્થનો વિચાર, છ પદાર્થનું જ્ઞાન અને દયા, દાનના વ્રતના શુભભાવ એને પકડીને 'મારું કલ્યાણ થશે' એવા માનનારને વ્યવહારના અવલંબનવાળા મૂઢ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. કેવા હોય ઈ? '**ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે...**' એટલે? નીચે ખુલાસો કર્યો છે પણ એમાં ઉપરથી લઈએ. એ રાગભાવ જે ઉઠે વૃત્તિ, એ મારું સાધન. અને અંદરમાં શુદ્ધતા પ્રગટે એ એનું સાધ્ય. એવા રાગ વડે મને સાધ્ય શુદ્ધતાની દશા પ્રગટ થશે. એમ અંતરમાં માનતા, અવલોકન કરતાં, એમાં ઠરતાં અમે ધર્મી છીએ એમ અજ્ઞાની અનંત કાળથી માની રહ્યો છે. સમજાણું કાંઈ?

એ '**ભિન્નસાધ્યસાધનભાવના...**' એટલે? એ વૃત્તિ ઉઠે છે, પરપદાર્થના અવલંબનવાળી એવા શુભભાવને સાધન માની. એ શુભભાવ છે, પુણ્યભાવ છે એ કરશું તો અંદરમાં આત્માની શાંતિ અને ધર્મ થશે. એમ અવલોકનવાળા, એમ અવલોકન કરનારા કે પરમાત્માની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની, એના ભક્તિના રાગથી, એ ભક્તિનો એક રાગ ભાગ છે, એનાથી મારું કલ્યાણ થશે એમ માનનારા વ્યવહારના રાગને અવલંબીને લાભ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યા નામ પાપદૃષ્ટિ છે, અધર્મ દૃષ્ટિવાળા છે. એ કેવા હોય એની આ વાત ચાલે છે. નવનીતભાઈ! જગતની સાથે (મેળ ખાવો મુશ્કેલ).

અત્યારે ઝઘડા ચાલ્યા છે ઝઘડા. વળી ભાઈ શિખામણ આપે છે કે નિશ્ચય અને વ્યવહાર સમયસાર પ્રમાણે સમજીને નક્કી કરો તો પંડિત પણ અવગત કરશે કે તમારી વાત બરાબર છે. આ..હા..હા..! શું કહેવાય નિશ્ચય અને ક્યાં કહેવાય વ્યવહાર? ચોખા વિનાના કોથળા ચોખામાં ખપે. કેસર વિનાના ડબ્બા કેસરમાં ખપે. એમ ભગવાન આત્મા વસ્તુના સચ્ચિદાનંદ આનંદના સ્વભાવને સ્પર્શ્યા વિના એકલા આવા પુણ્યભાવની ક્રિયાને, ડબો છે, એને ધર્મ માને એ અનાદિના મૂઢ, અજ્ઞાનભાવમાં રઝળી રહ્યા છે. એ શું કરે છે? હવે એની ક્રિયા કેવી હોય છે એ બતાવે છે.

'**(૧) ફરી ફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,...**' શું કહે છે જરી? છ દ્રવ્ય છે. એમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ એવા અરૂપી દ્રવ્યો છે. એમ અનંત આત્માઓ અને પરમાણુઓ (છે). એના શ્રદ્ધાન (અર્થાત્) એ છ છે, છ

છે. એમ શ્રદ્ધાનરૂપી અધ્યવસાન. રાગમાં એકાકાર થતાં તેમનું ચિત્ત લાગ્યા કરતું. આત્માના જ્ઞાનાનંદને છોડી અને એકલા વ્યવહારની ક્રિયાકાંડની રાગમાં છ વસ્તુની શ્રદ્ધાનમાં ચિત્ત લાગ્યા કરતું હોવાથી. એ અશુભથી, અશુભપ્રવૃત્તિથી બચે છે પણ શુભ પ્રવૃત્તિના પુણ્ય પરિણામને સાધન માનીને, ધર્મ માનીને બેઠા તે પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એને આત્માના તત્ત્વના સ્પર્શની ખબર નથી. સમજાણું કાંઈ?

'**હોવાથી,...**' એમ કરીને આગળ કહેશે. અશુભથી નિવર્તે છે પણ શુભ પ્રવૃત્તિમાં (લાગે છે). શુભ પ્રવૃત્તિ દેહની નહિ. અંદરમાં ઉઠે રાગ કે આ છ દ્રવ્ય છે, અનંત આત્માઓ છે, સિદ્ધ ભગવાન છે, પરમાત્મા છે, પૂર્ણાનંદ છે, મુનિ છે, એમ વૃત્તિ પરદ્રવ્ય તરફ ઝુકવાવાળી એને ભગવાન શુભભાવ કહે છે. એમાં ચિત્ત લાગ્યું કરતાં. એમાં ચિત્ત લાગ્યા કરે અનાદિથી. સમજાણું? ભગવાનનું સ્મરણ કરે. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન. તારો ભગવાન તો અહીં છે. ઈ ભગવાન તો વિકલ્પ ઉઠે ત્યારે યાદ આવે. સમજાણું કાંઈ? ઘણા કરે છેને? જાપ.. જાપ.. જાપ. ૐ.. ૐ.. ૐ.. જાપ.. જાપ કરતાં કરતાં (થઈ જશે). ધૂળમાંય ન થાય, સાંભળને! જાપ તો વૃત્તિના રાગનું ઉત્થાન છે. એ રાગને સાધન માની અને આત્માનો સાક્ષાત્કાર ને સમ્યગ્દર્શન થાય કે ધર્મ થાય એ માનનારને, આ વ્યવહારના રાગના આલંબન કરનારા ભવસાગરમાં ડૂબનારા વર્ણવ્યા છે. પંડિતજી! પછી?

'**(૨) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા...**' શાસ્ત્રની વાતને વાંચ્યા જ કરે, વાંચ્યા જ કરે અને સંકલ્પ, વિકલ્પ ઉઠ્યા જ કરે. શાસ્ત્રના પાના ફેરવ્યા કરે અને એના ઉપર લક્ષ દે. દ્રવ્યશ્રુત—દ્રવ્ય એટલે આ શાસ્ત્ર, પાના, પુસ્તક એના ઉપર એનું લક્ષ (રહ્યા કરે). '**સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે...**' વૃત્તિ ઉઠે. આ આમ છે ને આ આમ છે, આમ છે ને આમ છે.

સબ શાસ્ત્રન કે નય ધારી હૈયે,
મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયે,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

સમજાય છે કાંઈ?

અબ ક્યોં ન બિચારત હૈ મન સે,
કછુ ઔર રહા ઉન સાધન સે,
બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે,
મુખ આગલ હૈ કહ બાત કહૈ.

પણ અજ્ઞાનીને અનાદિ કાળથી એવા પોષક—અજ્ઞાનના પોષક ઉપદેશ અને અજ્ઞાનના પોષક ઉપદેશના કરનારા મળ્યા, એથી એને એમ કે શાસ્ત્રના પાના ફેરવીએ, ભણીએ એમાંથી

આત્માનું કલ્યાણ થઈ જશે. એ શાસ્ત્ર પર વસ્તુ છે—પાના. એના તરફના ઝુકાવવાળું જ્ઞાન એ રાગવાળું પુણ્યબંધનું કારણ છે. આહાહા..! એવા **'સંસ્કારથી ઊઠતા...'** સંસ્કાર કેમ કહે છે? ભણ્યો હોય એમાં ધારણ રહે અને ધારણામાં વિકલ્પ ઊઠ્યા જ કર્યા કરે. **'વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી...'** શું કહે છે? ચૈતન્યની વૃત્તિમાં શુભરાગ અનેક પ્રકારના શાસ્ત્રના ભણતર તરફના ઝુકાવવાળા ઉઠે છે. એને ધર્મનું સાધન અજ્ઞાની માને છે. ત્યારે ન ભણવુંને હવે? ઈ વાત નથી. સાંભળને!

અહીં તો કહે છે, ચૈતન્ય ભગવાન જ્ઞાતા આનંદકંદના આશ્રયને છોડી એકલી આવી વિકલ્પજાળમાં જ કલ્યાણ અને હિતકર માનીને પડ્યો એ સંસારમાં રખડનાર છે. એને આત્માની શાંતિ અને સ્વતંત્રતાની પ્રસિદ્ધિ થશે નહિ. ધર્મનું ભાન થઈને પછી ઠરી ન શકે ત્યારે એ છ વસ્તુની શ્રદ્ધાનો વિચાર, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. પણ ધર્મી એને પુણ્યબંધનનું કારણ માને, ધર્મનું કારણ માને નહિ. ભારે વાતું પણ. આ તો અગમનિગમની વાત. અરે..! ભગવાન! તારા પંથ તો કોઈ (અલૌકિક જ હોયને)!

અરે..! મુક્તિ થવી એટલે? આત્માની શક્તિમાંથી પરમ આનંદ એની દશામાં ઉભરાઈને આનંદ આવવો, એ અતીન્દ્રિય આનંદનો અનુભવ એનું નામ મુક્તિ. અને એ અતીન્દ્રિય આનંદને ભૂલીને આવા રાગ ભાગમાં રહીને અમે કાંઈક સાધીએ છીએ એમ માનનારા બંધનની સંસારદશામાં પડ્યા છે. પણ આત્માનો દ્રવ્યસ્વભાવ—વસ્તુસ્વભાવનો આશ્રય લઈ જેટલી વીતરાગતા અને નિર્દોષતા પ્રગટ થઈ એ ધર્મ. એમાં ઠરી શકતો નથી એટલે આવા વિકલ્પો આવ્યા વિના રહે નહિ. એને જ્ઞાની પુણ્ય માને. અજ્ઞાની એ વિકલ્પને ધર્મનું સાધન માની, 'આ કરશું તો ધર્મ પામશું, આ કરશું તો અંતર જ્ઞાન સ્વનું થશે, આ પરનું જ્ઞાન કરશું તો સ્વનું જ્ઞાન થશે'. એમ માનનારા આખી ભીંતને ભૂલે છે. અમરચંદભાઈ! કેટલાક ઠોઠ નિશાળિયા હોય અને ભણવું ન હોય એને આ ઠીક લાગે. નહિ? એ વાત આવશે.

ભાઈ! એ આત્મા ચૈતન્ય ભગવાનને અવલંબીને સમ્યક્જ્ઞાન થાય. એ વખતે એને પૂર્ણ કેવળજ્ઞાન નથી એટલે શાસ્ત્રને સાંભળે, વિચારે, મનન કરે એવા વિકલ્પો એને આવ્યા વિના રહે નહિ. પણ તેને તે ઉપેક્ષા કરવા લાયક અને હેય તરીકે જાણે. આદરણીય તરીકે જાણે નહિ. અજ્ઞાની એને આદરણીય તરીકે જાણીને પડ્યો છે. અને નિશ્ચયાભાસવાળો એવા વિકલ્પ આવે તો અરે..! વિકલ્પ (છે), અરે..! વિકલ્પ (છે). નથી થતો નિર્વિકલ્પમાં પરિણતિ, નથી થતા શુભરાગમાં શાસ્ત્ર ભણતરના વિકલ્પો. ફક્ત એને પ્રમાદના શુભભાવ આવી ભ્રષ્ટ થતો, ભ્રષ્ટ થઈને નરક, નિગોદમાં ચાલ્યા જાશે. નિશ્ચયથી ભ્રષ્ટ છે, વ્યવહારથી ભ્રષ્ટ છે. બેયથી ભ્રષ્ટ થઈને પાપના પરિણામમાં જશે. એને તો શુભભાવ પણ થશે નહિ.

અહીં તો શુભભાવવાળો શાસ્ત્રના ભણતરમાં રોકાણો. પણ આ જ્ઞાનાનંદ જેમાંથી જ્ઞાન ઝરે એવો ચૈતન્ય હીરો એના તરફના ઝુકાવ વિના શાસ્ત્રના ભણતરના પોથાનો પંડિત થયો.

આમ ધારાવાહી શાસ્ત્ર બોલે. ગાથા બોલે, શ્લોક બોલે. શું છે પણ હવે? એ તો વાણી છે આ તો. આ અંદરમાં કદાચિત્ તેના તરફના ઉઘાડનો ભાવ એ પણ પરજ્ઞેયને પકડવાનું જ્ઞાન છે. એ સ્વજ્ઞેયને પકડવાનું જ્ઞાન નથી. આહાહા..! ભગવાન! તારું સ્વજ્ઞેય પરમાત્મપદ અંદર પડ્યું છે. એને જે જ્ઞાનની દશા પકડે તે જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય. અને તે અધૂરી દશામાં શાસ્ત્ર ભણે, વાંચે, પૂછે, પ્રશ્ન કરે એવો રાગ એને આવ્યા વિના રહે નહિ. પણ એને ધર્મી પુણ્યબંધનું કારણ જાણે. અજ્ઞાની એને ધર્મનું કારણ જાણે છે. આ મોટો ફેર. વ્યવહાર આવે ખરો. ત્યાં એ લોકો કહે છે કે વ્યવહાર આદરણીય છે. વ્યવહાર હોય તો ત્યાં નિશ્ચય રહે છે. એ વાત ખોટી છે. સ્વસ્વભાવને આશ્રયે જે સત્ પ્રગટ્યું છે, તે સ્વસ્વભાવને આશ્રયે આવ્યું છે. એ કાંઈ રાગના ભાગને લઈને પ્રગટ થાય છે એમ છે નહિ. ભારે ઊંડાણની વાત.

હેઠે લખ્યું છે જુઓ ઈ. '**કેવળવ્યવહારાવલંબી આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા...**' શું? '**ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે**' નોટ કરી છે નીચે. નીચે નોટ છે. આ તો ઉપરથી વાત કહી ગયા છે. એ તો એ શાસ્ત્રના ભણતર અને છ વસ્તુના વિચારમાં પ્રવીણ, પ્રવીણ ચતુર, નિપુણ. બસ! એટલું આપણે થયું એટલે આપણું કલ્યાણ થઈ ગયું. એમ માનનારા અંતરના નિધાનની દૃષ્ટિને ચૂકે છે અને પર ઉપર દૃષ્ટિ રાખીને ધર્મ માની રહ્યા છે. સમજાણું કાંઈ?

બે વાત. પહેલી દર્શનની કીધી, બીજી જ્ઞાનની કીધી. ત્રીજી હવે ચારિત્રની. '**સમસ્ત યતિ-આચારના...**' અહીં મુનિને ઉદ્દેશીને વાત છેને મૂળ તો. મુનિ ભાવલિંગી સંત હોય, આત્માના આનંદમાં ઝુલતા હોય, અતીન્દ્રિય આનંદ જેને ઉછળતો હોય. આ..હા..હા..! જેવો પરમાત્માને આનંદ છે એવો આનંદ આત્માના અંતર સ્વભાવમાં શક્તિરૂપે સત્ત્વ છે. એને એકાકારના મધ્ય બિંદુમાં દૃષ્ટિ આપતા મધ્ય દરિયેથી પાણી આવીને જેમ ભરતી આવે... સમજાણું કાંઈ? એ ભરતીના ટાણા જ્યારે દરિયામાં હોય, એ વખતના ૧૧૮ ડિગ્રીના તડકા એને ઓટ ન લાવી શકે. સમજાણું કાંઈ? અને જ્યારે દરિયામાં ઓટના કાળ હોય ત્યારે એ પચાસ-પચાસ ઈંચ (વરસાદ) એક દિ'માં પડે એ એને... સમજાણું કાંઈ? ભરતી ન લાવી શકે. એને કારણે પાછો જાય અને એને કારણે ઊછળીને આવે.

એમ ભગવાન આત્મા. મધ્ય બિંદુ એના ધ્રુવમાં બેહદ જ્ઞાન અને આનંદ છે. એની અંતરમાં મધ્ય બિંદુમાં દૃષ્ટિ આપતા એની વર્તમાન દશામાં ભરતી થાય આનંદ અને શાંતિની. એ વખતે કદાચિત્ શાસ્ત્રનું જ્ઞાનેય ન હોય, છ દ્રવ્યના વિકલ્પ પણ ન હોય, અંદર શાસ્ત્રના ભણતર નાખ્યા ન હોય. પણ અંદરના મધ્ય બિંદુથી ભરતી આવી એને કોઈ રોકવા સમર્થ છે નહિ. અને.. નવનીતભાઈ! પ્રશ્નનો ઉત્તર થયો આ. અને એ આત્મા મધ્ય બિંદુમાં દૃષ્ટિ ન મૂકે—ધ્રુવમાં (અને) એકલા શાસ્ત્ર ભણતર અને બહારના પ્રવર્તનના વિકલ્પમાં રહે અને

ભરતી આવે (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? રતિભાઈ! સમજાય છે કે નહિ આમાં? ક્યાં ગયા પ્રભુભાઈ? આ પ્રભુની વાત ચાલે અહીં તો.

અરે..! પ્રભુ! તારી લીલા અરે..! તને ઓળખતા ન આવડી, હોં! અહીં રાગની ક્રિયામાં રોકાય અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. બીજા કરતાં વધ્યા છીએ, મોટા પંડિત છીએ, સંસ્કૃત ને વ્યાકરણ ને ન્યાય ને શાસ્ત્રો ને ધાતુ ને ઉપધાતુ ને કુધાતુ ને એના વ્યાકરણ ને વિભક્તિ શીખી શીખીને મોટા દરિયા જાણે ફાટ્યા. અરે..! સાંભળને હવે. એ બધા પરલક્ષી પરને જાણવાના વિકાસ છે. એ જ્ઞાન સ્વને જાણવામાં કામ કરતું નથી. સમજાણું કાંઈ? એવા એકલા શાસ્ત્રના ભણતરના ઝુકાવથી અંતરના ચૈતન્યનો ઝુકાવ મને પ્રગટ થશે એમ માનનારને રાગના અવલંબનવાળા વ્યવહારુ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે.

અનેક '**આચારના સમુદાયરૂપ તપમાં...**' તપ એટલે ચારિત્ર એનું, ક્રિયા. વ્યવહારની ક્રિયા. આ ખપે ને આ ન ખપે, આ ખવાય ને.. આવે છે વિશેષ. એવા '**તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલ...**' લ્યો. કર્મકાંડની ધમાલ. આહા..હા..! આચાર્યે સંસારથી પાર રહીને જંગલમાં અમૃતના ઘૂંટડા પીતા પીતા જગતને જરી સમજાવ્યું છે. અરે..! જગતના પ્રાણીઓ! તમારા ચૈતન્યના નિધાન ઉપર તમે જોયા વિના એકલી ક્રિયાકાંડની ધમાલમાં આમ ખવાય ને આમ ન ખવાય ને આમ પીવાય ને આમ ન પીવાય.. નવરંગભાઈ! આમ પાણી ગળાય ને આમ ન ગળાય ને જાડુ ગરણુ જોઈએ ને આ જોઈએ. ગરણુ સમજાય છે કે નહિ? આ પાણી ગળવાનું. શું કહે? શું કહે છે તમારે? છનના. પાણી ગળે ને કપડા દ્વારા? આમ ખપે, આ એકેન્દ્રિયના જીવ છે એ અમને ન ખપે. એણે ચામડાનું આ બાંધ્યો છે એ આહાર અમને ખપે નહિ. એવી ક્રિયાકાંડની રાગની ધમાલમાં પડ્યા છે. રાગની ક્રિયાકાંડ એ બધા પુણ્યના ભાવ છે. આ .. છે, આ કલ્પે ને આ ન કલ્પે, ને આ ખપે એ બધા વિકલ્પની જાળ છે. આહા..હા..! એમાં ધમાલમાં પડેલા ચોવીસ કલાક કર્મકાંડ.. કર્મકાંડ.. કર્મકાંડ. કર્મકાંડ એટલે શુભભાવ. સમજાણું કાંઈ? અને કર્મકાંડમાં જ્ઞાનકાંડ ભાળતા આવા કર્મકાંડની ક્રિયાઓ ધમાલ.. ધમાલ જાણે. શરીર સૂકાઈ જાય ને આ થઈ જાય ને પરસેવા ઉતરે ને આહા..હા..! અઠમ કર્યા હોય ને પાણી આમ પેટમાં મળી જાય. આહા..હા..! બાપુ! અમે બહુ સહન કરીએ છીએ. ધૂળેય નથી, સાંભળને હવે. એમાં જરી તને રાગની મંદતાનો ભાવ અપવાસમાં થયો હોય એ કર્મકાંડની ધમાલ છે. સમજાણું કાંઈ? એમાં ધર્મ-બર્મ છે નહિ.

મુમુક્ષુ :—

ઉત્તર :— એ મિથ્યાત્વનો ભાવ વિકારનો વધે. આ એની વાત તો ચાલે છે અહીંયા. એ રાગ મંદ પાડ્યો હોય અને એને માને ધર્મ. એને માને ધર્મનું કારણ. તો વિપરીત માન્યતાનું મહાન પાપ પુષ્ટ અને ટકાઉ તત્ત્વ થાય કે હવે નિગોદમાં જવાની તૈયારી (થઈ ગઈ). ઓલી ફેરી નહોતું કહ્યું? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે એક

ત્રાંબિયાના તેર'. એમ જગતની સાથે વાતે વાતે ફેર છે. સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ અને સંતો જે ભાવને અંતરમાં વેદી રહ્યા છે, જાણી રહ્યા છે એનાથી જગતના ભાવ તદ્દન ઊંધા છે. એ ઊંધાને, ધમાલને, એ ધર્મ માની રહ્યા છે. સમજાણું કાંઈ? એ અપવાસ કર્યા ને પછી પરસેવા ઊતર્યા ને વળી ત્રણ-ત્રણ દિ'ના અપવાસ થાય, વળી માથુ જરી દુઃખે, વળી જોવા આવે, સૂંઠ-બૂંઠ ચોપડે, ચોથા આરાના મહિનાના અને આપણા પાંચમા આરાના ત્રણ દિ'ના અપવાસ. તારા ત્રણ અને ચોથા આરાને ક્યાંય મેળ નથી, સાંભળને હવે. ઝેરની સાથે અમૃતનો કાંઈ મેળ હશે? આ ઝેરનું બિંદુ પાંચ મણ છે, અમૃતનો એક એનાથી આ ઘણા ગુણું. પણ જાતને ગુણાકાર હોય, કજાતને ગુણાકાર હોય નહિ. પુણ્યની ક્રિયાના ભાવને તું અમૃતના ભાવ આત્માના આનંદની સાથે, ધર્મની સાથે મેળવે છે એવા ઝેરને અમૃતની સાથે મિંઢવણી (સરખામણી) કરવા જેવું નથી. સમજાણું કાંઈ? ભાનુભાઈ! 'વાતે વાતે ફેર, આનંદ કહે પરમાનંદા' આ એવું છે. આનંદમૂર્તિ ભગવાન પરમાનંદ ત્રિકાળ શક્તિને કહે છે કે આ જેટલા રાગના ભાગ થાય એ બધા મારાથી ફેર છે. એનાથી કલ્યાણ માનનારા એ બધા મૂઢ ને ત્યાગી હોય તો ધર્મના ત્યાગી છે. એ પાપના અને પુણ્યના ત્યાગી નથી. સમજાણું કાંઈ? મોટી દૃષ્ટિના ફેરે સૃષ્ટિ અજ્ઞાનની ઉત્પન્ન થાય એની એને ખબર પડતી નથી. આહાહા..! આવું પણ આ અતડા થઈ જઈએ જગતની સાથે. એ.. ક્યાં ગયા નેમિદાસભાઈ? અતડા થઈ જઈએ. શું કરવું? નાત-જાતમાં રહેવું અને આવું માનવા જાઈએ તો ઓલા બધા કહે, આ તો ભ્રષ્ટ થયા. અરે.. ભગવાન! બાપા! તારી ચીજને સંભાળ કરતાં દુનિયા આખી ડોલી જાય ઊંધે, એને કોણ નડતર કરનાર છે?

ભગવાન આત્મા શાંતિનો સાગર (છે) એવી શ્રદ્ધાના ભાનમાં આ રાગને કારણે બિલકુલ ધર્મ ન થાય. મોટો સંત મહાત્મા કહેનારો હોય તોપણ એને અહીંયા વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવમાં, એના મૂઢના વર્ગમાં નાખ્યા છે. જૈની નહિ, અજૈની. જૈન ક્યાં વાડો હતો? રાગને અને સ્વભાવને એકતા માનનારા તેને જૈન કહેતા નથી. રાગની ક્રિયા (કરે) અને આત્માના નિર્મળ સ્વભાવની વીતરાગતા તેને કારણે પ્રગટે (એમ માને) એ રાગના ભગત છે, એ રાગના સેવક છે, આ રાગના દાસાનુદાસ છે. એ જૈનના દાસ નથી. આકરી વાત લાગે. નવનીતભાઈ! હવે પછી કેટલું? આ એક છે ને બે દિ' છે હવે. આ કહે કે ઝટ લેવું. પણ અહીં લેવાય ત્યારે લેવાય ને. શી રીતે આવે એમાં? કહો.

એ તપના પ્રવર્તન, એ અપવાસના પ્રવર્તન અને બાહ્ય ત્યાગના રાગ ઘટાડવાના પ્રવર્તન, એની ધમાલમાં '**તેઓ અચલિત રહેતા હોવાથી,...**' શુભભાવમાંથી ચળે નહિ, હોં! એ ભાવ શુભ શુભ. એકલી ક્રિયાકાંડ કરે અને અંદર શુભેય ન હોય એની અહીં વાત નથી. જેને રાગની મંદતાનો વિકલ્પ તો શુભ છે, અશુભની પ્રવૃત્તિથી અંદર પરિણામમાં ઘટ્યા. ઈ છેલ્લું છેને, ભાઈ! પાછળ છે. છેલ્લો સરવાળો. આ બધા એનાથી એનાથી કરીને... જુઓ!

**'આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે—જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ—શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે...'** બરાબર પકડી રાખી છે. છેલ્લે છે. ૨૫૮ પાને છેલ્લે. **'સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી...'** જ્ઞાનચેતનાને જરા પણ જાણતા નથી. સમજાણું કાંઈ? જગતના પ્રવાહના લોઢ સાથે આ લોઢ તો અથડાય એવો છે. અથડામણી ઊભી કરે એવી છે.

કહે છે, એવા તપના બહારના વ્યવહાર ક્રિયાકાંડના ધમાલમાં તું આખી જિંદગી ગાળ, હરામ એને લઈને ધર્મ થતો હોય તો. આ..હા..હા..! છ છ મહિનાના અપવાસ, બાર બાર મહિનાના અપવાસ, આ વર્ષીતપ કરીને સૂકાઈ જાય. ઉજવે એ તો ઠીક. એ તો પાંચ-દસ હજાર પૈસા હોય તો ઉજવે. ઉજવે કોણ? એ તો રાગ મંદ હોય ને કદાચિત્... આ તો કહે છે, એ બધી પરલક્ષી ક્રિયામાં જે રાગ થાય એ રાગને લઈને આત્માને લાભ થાય, એવા (માનનારા) જીવો અનાદિ કાળથી મિથ્યાદષ્ટિપણાને, પાપદષ્ટિને ઘૂંટી રહ્યા છે. અધર્મદષ્ટિને કરી રહ્યા છે. રાડ નાખે એવું છે, હોં! ભાનુભાઈ!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— અહીં ઉજવાય. બહારમાં ક્યાં ઉજવવાનો હતો? ધૂળમાં?

ભગવાન આત્મા સોનામાં જેમ ગેરુ લાગીને સોનું જેમ ઓપે, એમ ભગવાન ચિદાનંદ પ્રભુ તપયંતે વિજયંતે ઈતિ તપ. ચિદાનંદ ભગવાનના આનંદમાં એકાકાર થઈ એની દશામાં જીવનો વિજય થાય અને રાગનો નાશ થાય એવી આત્માની નિર્વિકારી દશાને ભગવાન તપયંતે ઈતિ તપ કહેવામાં આવે છે. આ તો બધી લાંઘણું છે. વિષય કષાય આહારો ત્યાગો .. વિજ્યતે, શેષમ લંઘન ... વિષય કષાય આહારો ત્યાગો વિજયતે, ઉપવાસો .. શેષ લંઘન.. એ વિનાની લાંઘણ જ્ઞાનીઓ કહે છે. વિષય નામ પર તરફનું લક્ષ છૂટી અને રાગના પુણ્યના પરિણામ છૂટી અને અંતરના ધ્યેયને વિષયને પકડી, નિર્વિકલ્પ આનંદ ને શાંતિ અવિકારી અભેદ દશા થાય, એને ભગવાન તપ અને તપસ્યા કહેવામાં આવે છે. એ તપ કંઈ શરીરમાં ને રાગમાં રહેતો નથી. ઓહો..હો..! એક ફેરી કહે, આ ઊભા ઊભા લાખોપતિની વહુ આ વર્ષીતપ કરે એ તો ઊભા ઊભા મોક્ષ જાશે. આ (સંવત) ૧૯૯૦ની સાલની વાત છે. અને આ કહે છે કે લ્યો, એ તો તપ રાગ અને એને ધર્મ માને ઈ મૂઢ. સમજાણું કાંઈ? અરે.. ભગવાન! એવી વ્યવહારની વિકલ્પોની દશાઓ અરે..! એ તો નવમી ગ્રૈવેયક ગયો જ્યારે સ્વર્ગમાં, એના ભાવની શુક્લલેશ્યા નામ ઉજળા શુભરાગના ભાવ એવા હતા કે એ અત્યારે હોઈ શકે નહિ. એવા ભાવવાળાને પણ ધર્મ ન થયો. અરે.. પ્રભુ! શું થાય? કોને ક્યાં કહે? અને કોણ એને સાંભળે? સમજાણું કાંઈ? પણ હજી કાળ એટલો સારો છે કે હવે તો જરી સાંભળવા તૈયાર પણ થયા છે. હવે જિજ્ઞાસાનો ઝોંક જગતને વધ્યો છે કે આ શું કહે છે પણ આ? દાંડી પીટીને કહે છે. કાંઈ ખાનગી નથી. પુસ્તકો ત્રણ લાખ,

સવા ત્રણ લાખ બહાર પડી ગયા છે. સવા ત્રણ લાખ. કેટલાક કહે, આવો વ્યવહાર એ રાજમાર્ગ છે. અને એ રાજમાર્ગ તો ત્યાં આત્માનું જ્ઞાન થાય. મૂઢમાં મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

**'તેઓ અચલિત રહેતા...'** પાછા અચલિત. શુભભાવમાં તો ચળે નહિ, હોં! અશુભભાવમાં આવી જાય તો એને વ્યવહારની ક્રિયાકાંડમાં ગણ્યા નથી. **'(૧) ક્યારેક કાંઈકની (કોઈ બાબતની) રુચિ કરે છે,...'** આ..હા..હા..! શું ભગવાન! શું કેવળજ્ઞાની! એમ રુચિ (કરે). પણ એ તો વિકલ્પ છે. એ પણ એક રાગ છે. **'(૨) ક્યારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે...'** વળી ક્યાંકનો વિકલ્પ કરે કે ઓહો..! શું ફલાણા પુરુષ થઈ ગયા અને શું ફલાણું ક્ષેત્ર, તીર્થક્ષેત્ર! ગિરનાર અને સમેદશિખર. શું છે? એનો વિચાર પણ એક રાગનો વિકલ્પ છે. ક્યારેક ક્યારેક કેમ કહ્યું છે? ખંડ ખંડ આને વેદાય છે. કાંઈ અખંડ ઉપર દૃષ્ટિ નથી. એટલે ક્યારેક ક્યાંકની રુચિ કરે. વાહ દેવ, વાહ ગુરુ, વાહ શાસ્ત્ર! ક્યારેક ક્યાંકના વિકલ્પો કરે રાગના. **'(૩) ક્યારેક કાંઈક આચરણ કરે છે;...'** લ્યો, દર્શન, જ્ઞાન, (ચારિત્ર) થઈ ગયું. સમજાણું કાંઈ? ક્યાંક વળી આચરણ (કરે). આમ ન ખપે, આ લે, આ દેવું બરાબર, શુભભાવ કરવા, બરાબર આચરણ કરવું, એમાં ભેદ રહે નહિ. બરાબર એમાં ભંગ ન પડે. એવું બધું કરે એ બધો શુભભાવ છે. જ્ઞાનને માટે સામાન્ય દર્શન અને ચારિત્ર માટે કહ્યું.

હવે વિશેષ જ્ઞાનના બોલ કહીને .. નાખે છે. **'દર્શનાચરણ માટે—તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે,...'** આમ જાણે કષાય મંદ ને આંખ્યું મીચી હોય ને જાણે.. ઓ..હો..! આ તો કષાય મંદ ઘણો લાગે છે. પણ એ બધી કૃત્રિમતા શુભરાગની છે. સમજાય છે કાંઈ? એ કંઈ આત્માનું પ્રશમપણું નથી. **'કદાચિત્ સંવેગ પામે છે,...'** સંવેગ. અરેરે..! સંસાર બધો ખરાબ, હોં! બધો સંવેગ. જાણે વૈરાગ્ય બતાવે. પણ એ પણ એક શુભરાગ છે. એ આત્માનો ભાવ નથી. આત્મા જ્ઞાતા-દૃષ્ટાના અવલંબન વિના રાગના અભાવની પ્રતીતિ એને થાય નહિ. અને આ રાગમાં સંવેગ કરે છે. ક્યારેક **'અનુકંપિત થાય છે,...'** અનુકંપા. આ શ્રદ્ધાના ગુણ લીધા ઓલા. અનુકંપા. અરે..! આ પ્રાણી દુઃખી (છે), હોં! અનુકંપા આવે. પણ એ પરજીવની અનુકંપા એ પણ એક રાગની વાસના છે. સમજાણું કાંઈ? પરજીવને દુઃખીને (જોઈને) ધ્રુજારો આવે એ રાગની વૃત્તિનું ઉત્થાન છે, એ શુભ છે. એને ધર્મના કારણ માને એ આત્માની હિંસા કરે છે. જગત સાથે ક્યાંય મેળ ખાય (એવું નથી). નેતરની સોટી અને સુતરનો દોરો, બેને વણીને? દોરડું કરવું હોય તો એના દોરડા ન થાય. એ તો સુતરની સુતરની દોરી હોય તો દોરડા થાય. એમ અનાદિની અજ્ઞાનીની બહિર પદાર્થના લક્ષે ઉત્પન્ન થતી લાગણી, એ નેતરની સોય. અંતરના સ્વભાવનું સુતર સમ્યક્ એના જ્ઞાનને આની સાથે મેળવે, ક્યાંય મેળ ખાય એવું નથી. સમજાણું કાંઈ?

અનુકંપા કરે અનુકંપા. આ..હા..! બીજાને (લાગે), વાહ દયા, વાહ! અને સમકિતદર્શનનું એ લક્ષણ છે. શમ, સંવેદ, નિર્વેગ, અનુકંપા અને આસ્થા. એમ ચાર લક્ષણ બનાવીને જાણે અમે સમ્યગ્દ્રષ્ટિ છીએ. અરે.. હાલ હાલ હવે. એવી અનુકંપા તો અનંત વાર અભવિએ પણ કરી. એ તો રાગના વિકલ્પનું ઉત્થાન, પર ઉપરનો ઝોંક છે. ચૈતન્યની જાતની એ વાત નથી. સમજાણું કાંઈ? અરે..! આ ભારે ભાઈ. આમ તો બીજાને કહે આ..હા..હા..! ઘણા જીવોની દયા પાળી દઈએ. કોણ પાળે? એ જગતના તત્ત્વ છે કે નહિ? એના દેહનો સંયોગ એનું આયુષ્ય હશે તેમ રહેશે. શું તું જીવાડી દ્યે છે એને? અને એના આયુષ્યની મુદત પૂરી થયે દેહ છૂટી જશે, ફડાક દઈને. શું તું મારી શકે છે બીજાને? શું હશે મૂળજીભાઈ! આહા..હા..! ભાવ કર (તો કર) તું મિથ્યા ભ્રમણાના. બીજાને જીવાડું ને બીજાને મારું. બીજાના તત્ત્વની દશાનો અધિકાર તારામાં નથી અને મારું ને જીવાડું માન, એ મોટી મિથ્યા ભ્રમણામાં અજ્ઞાનને ગોઠવી નાખ્યું છે, ગોઠવી દીધું છે. એને ભ્રમણામાં મિથ્યાત્વનો લાભ થાય છે. સંભળાય છે કે નહિ આમાં? મગનભાઈ! મગનભાઈને કાને ઓલું છેને. ઉદાણી.

અનુકંપા. આહાહા..! એક જણો કહે, પાણીમાં જો માખી પડી હોય અને આપણે ન કાઢીએ તો સમકિત વયું જાય. પણ કાઢે-બાઢે કોણ? એ તો દેહની ક્રિયા થવાની હોય તો થાય. અને અનુકંપાનો ભાવ આવે, આવે ખરો. પણ એ રાગ છે, એ ધર્મ નહિ. પરની દયાનો ભાવ તે ધર્મ નહિ. આત્માની દયાનો ભાવ તે ધર્મ. આરે..! કઈ દયા આત્માની? અહિંસા પરમો ધર્મ. જે અહિંસા ભગવાન ચિદાનંદની મૂર્તિ એના લપેટમાં અંદર એકાકાર થાય અને ભ્રમણા અને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થાય અને અભ્રમ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતાની દશા ઉત્પન્ન થાય તેને ભગવાન અહિંસા પરમો ધર્મ કહે છે. આવું કરતાં નથી આવડ્યું અનંત કાળમાં? પરની દયા ને પરની અનુકંપા. કરે તો ક્યાં, એને ભાવ આવે. એ ભાવને ધર્મના કારણ માની અજ્ઞાની વ્યવહારાવલંબી મૂઢ થઈ રહ્યો છે. સમજાણું આમાં?

**'કદાચિત્ આસ્તિક્યને ધારે છે,...'** એક એક બોલ જુદો જુદો સ્થાપે છે. આસ્થા. આહાહા..! ભગવાને કહ્યું આ બધું સાચું છે, હોં! છ દ્રવ્ય સાચા, અનંત આત્મા સાચા, પરમાણુ સાચા. પણ એ આસ્તિક્ય તો પરદ્રવ્યની આસ્થા છે. એમાં સ્વદ્રવ્ય આવ્યું નહિ. અને સ્વદ્રવ્યના આવ્યા વિના પરની આસ્થા એ પણ શુભરાગનું જ કારણ છે. સમજાણું કાંઈ? પછી? **'શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે,...'** ભગવાનના માર્ગમાં શંકા ન કરવી, હોં! નવ તત્ત્વો, છ દ્રવ્ય કીધા એમાં શંકા ન કરવી. **'કાંક્ષા,...'** એના સિવાય બીજાની ઈચ્છા ન કરવી. દુગંછા. મુનિ દિગંબર સંત આનંદકંદમાં ઝુલતા એના શરીર મેલા દેખીને દુગંછા ન કરવી. એવા ભાવમાં રહેલો પ્રાણી પણ રાગવાળો છે. સમજાણું કાંઈ? મૂઢદષ્ટિ. મુંઝાય નહિ. આહાહા..! ભગવાને કહ્યા એ છ દ્રવ્ય, નવ તત્ત્વ વગેરે મોક્ષમાર્ગ વ્યવહાર એમાં મુંઝાય નહિ. એને **'અટકાવવા**

**અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે,...**' કટિબદ્ધ આમ તૈયાર રહે. ફેરફાર ન થાય. ભગવાને કહેલા માટે માથા આપીએ. બીજું ન માનીએ. એ બધો પરપદાર્થના ઝોંકનો વિકલ્પ ધર્મ નથી. આહાહા..! છે કે નહિ? પંડિતજી! આવી વાત આવી છે.

'**ઉપબૃંહણ,...**' બીજાને ધર્મમાં વધારવા એવો શુભરાગ. બીજા ધર્મથી પડ્યા એને સ્થિતિ કરવી એ શુભરાગ. ધર્મી ઉપર પ્રેમ કરવો એ શુભરાગ. પ્રભાવના બહારની. પૈસા ખર્ચી મંદિરો કરવા, આ કરવું ને હાથીને હોદ્દે કાઢે. આમ જુઓ કાલાવડ.. કાલાવડ શું કહેવાય ઈ? કાલબાદેવી. તમારા કાલબાદેવી રોડમાં નહિ? બે હાથી નીકળ્યા હતા આમ. લોકો કહે, ઓહો..! આહા! સો વર્ષમાં આવું નહોતું થયું. પણ એ તો બહારની ક્રિયા છે. કીધું ને? કોઈ દિ' સો વર્ષમાં કાલબાદેવીમાં હાથી નહોતો નીકળ્યો. એ વખતે બે હાથી (નીકળ્યા) અને સોનાના ઓલા ઈંદોરથી આવેલા. સર હુકમીચંદને ઘરે. અને માણસ તે ઉમટ્યું. એમાં હું સાથે. ઉમટ્યા ત્યાં લાખો માણસ માથેથી જોવે, આ છે કોણ? એક અંગ્રેજી બાઈ ને ઈ નીકળ્યા. છે કોણ? આ ગામમાં આવો અધ્યાત્મિક કોઈ કે જેને પંદર પંદર હજાર માણસ તો એક કલાક, બે કલાક દિવસના નવરા થઈને સાંભળે. સવારમાં એક કલાક. ફોટા પાડી ગયા પછી અંદર. મારી સાથે ઓલા ભાઈ સાથે હતા શેઠ. કેવા? તોલારામ સાથે હતા. મહારાજ! આવી.. આહાહા..! બહારમાં બધા માણસ જોવે. આવું મારા લાડનુંમાં કરી દ્યો ને. કીધું, આ શેઠેય સમજતો નથી. આ (સંવત) ૨૦૧૫ની સાલની વાત છે અને ૧૪ની સાલમાં એણે ચૌદ લાખનું મંદિર કરાવેલું. લાડનુંમાં ત્રણ ભાઈએ એના બાપના નામનું ચૌદ લાખનું મંદિર અને મોટા ખર્ચ (કરાવેલા). પણ આ શોભા દેખીને એને એવું થયું, મહારાજ! અરે..! બાપુ! કર્યા થાય? એ તો બહારની પ્રવૃત્તિના યોગ હોય તો એ થાય છે. કોણ કરે અને કોણ મૂકે? સમજાણું કાંઈ? આહાહા..! શુભરાગ આવે. એ વિકલ્પ છે પુણ્યનો, પ્રભાવનાનો પણ એ બંધનું કારણ છે. એ પણ સ્વરૂપમાં સ્થિરતા ન હોય તો આવ્યા વિના રહે નહિ. પણ એને જ ધર્મ અને પ્રભાવના થઈ માટે ધર્મ થયો એમ માની લ્યે એને મિથ્યા અભિપ્રાય, સત્યના ખૂનના અભિપ્રાયનો લાભ થાય છે. સમજાણું કાંઈ?

'**વારંવાર ઉત્સાહને વધારે છે છે;...**' વારંવાર ઉત્સાહ વધારે, શ્રદ્ધાને માટે બધું. '**જ્ઞાનાચરણ માટે—સ્વાધ્યાયકાળને અવલોકે છે,...**' જ્ઞાનના ભણવા માટે '**બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે,...**' ગુરુનો વિનય, શાસ્ત્રનો વિનય, હાથ અડવા દે નહિ, થૂક અડવા દે નહિ. સમજાય છે? આ શાસ્ત્ર વાંચતા વાંચતા કેટલાક આમ નથી કરતા? થૂંક અડાડે. પાનું ઊંચું ન થાયને, હાથે ચોંટે. પણ એ તો શાસ્ત્રની અશાતના છે. પાપભાવ છે. સમજાણું કાંઈ? એ ભાવ પણ ન કરે. એમ કહેવું છે અહીં તો. બરાબર જાળવે. પાનું ફેરવવું હોય તો હાથ ચોખ્ખો (રાખે), હાથમાં પાણી-બાણી અડ્યું હોય, મેલ અડ્યો હોય કે પરસેવો અડ્યો હોય ઈ એને અડાડે એમ નહિ. એમ કહેવા માંગે છે. '**બહુ પ્રકારે વિનયને વિસ્તારે**

છે,...' પણ એ બધો શુભરાગ છે. એવો ધર્મીને આત્માના દ્રવ્યના આશ્રયે પ્રગટેલી દશાના કાળમાં અધૂરા વખતે હોય ખરો. પણ એ ધર્મનું કારણ છે અને આત્માના આનંદની વૃદ્ધિનું કારણ છે એમ એ માનતો નથી. અજ્ઞાની આવા ભાવને ધર્મનું કારણ માને છે. વિનય મૂલો ધમ્મો. આવો વિનય કરીએ. પણ એ તો વિકલ્પ છે. હોય ખરો, આવ્યા વિના રહે નહિ. પણ એને તું ધર્મ માની લ્યે અને આનાથી આગળ વધાય અને સ્વદ્રવ્યમાં જઈ શકાય એમ માન્યતા તે વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું?

**'દુર્ધર ઉપધાન કરે છે,...'** અપવાસ કરે ઘણા ભણવા માટે. એકાંતરા, લુખ્ખા, પંદર પંદર દિ'ના અપવાસ કે દોઢ દોઢ મહિનાના ઉપધાન, એમાં રાગની મંદતા કરતો હોય તો પુણ્ય થાય. એને લઈને ધર્મ થાય અને આત્માની અશુદ્ધિ ગળે એમ માન્યતા તે મૂઢ અને મિથ્યાદૃષ્ટિની છે. આખી દુનિયાની ક્રિયાકાંડમાં આ બધો સમાવેશ કરી દીધો. એથી વળી આગળ કઈ જાત રહેતી હશે? બાપુ! આખો આત્મા નિર્વિકલ્પ રહી જાય છે. **'સારી રીતે બહુમાનને પ્રસારે છે,...'** શાસ્ત્રનું બહુમાન કરે. કાળે .. બહુમાન છેને ભાઈ એનું. કાળે.. કાળમાં સ્વાધ્યાય. સ્વાધ્યાયનો ભાવ, આ વિનય અને ઉપધાન. બહુમાન.

**'નિહ્નવદોષ અત્યંત નિવારે છે,...'** જેની પાસેથી સાંભળવાનું જ્ઞાન મળ્યું હોય એને બરાબર મને. બરાબર છે, મને અહીંથી મળ્યું છે. પણ એ બધો શુભભાવ છે. સમજાણું કાંઈ? એવા શુભભાવથી આત્માનું કલ્યાણ માને એને અહીં મૂઢમાં ગણવામાં આવ્યા છે. **'અર્થ, વ્યંજન અને તદુભય...'** શબ્દો શીખે, શબ્દોના અર્થને શીખે અને બેયને ભેગા (શીખે)...

વૈશાખ સુદ-૪, સોમવાર, તા. ૭-૫-૧૯૬૨
ગાથા-૧૭૨, પ્રવચન-૧૧

આ પંચાસ્તિકાય નામનું શાસ્ત્ર છે. સર્વજ્ઞ ભગવાન, આ આત્માનો જે જ્ઞાનસ્વભાવ અંતરમાં છે એને અંતરમાં એકાગ્રતા પ્રાપ્ત કરીને જેણે સર્વજ્ઞપદ નામ ત્રણ કાળ અને ત્રણ લોક જાણ્યા, એના મુખથી નીકળેલી વાણીને શાસ્ત્ર કહેવામાં આવે છે. એ શાસ્ત્રમાં આવ્યું એક પંચાસ્તિકાય સંગ્રહ નામનું શાસ્ત્ર છે.

આપણે ચાલતો અધિકાર એ આવે છે, ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા દેવાધિદેવ, જેણે રાગ ને અજ્ઞાનને જીતીને વીતરાગ, અવિકારી અને સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું એમની આજ્ઞામાં શું છે એ અહીં વાત ચાલે છે. કહે છે કે અનાદિના કેટલાક જીવો, આત્મા એક સમયમાં પૂર્ણ આનંદ અને શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ છે એની અંતરમાં નિર્વિકલ્પની પ્રતીત અને શ્રદ્ધા કરતા નથી. પણ... સમજાણું કાંઈ?

વ્યવહારાવલંબી જીવની આચરણવૃત્તિ અને શ્રદ્ધાવૃત્તિ કેવી છે એનું વર્ણન ચાલે છે. આ આત્મપદાર્થ એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શાંત અને અનાદિઅનંત આનંદની મૂર્તિ છે આત્મા. સત્ જ્ઞાન અને આનંદ, સત્તાનંદ એવું એનું શુદ્ધ પવિત્ર અંતર ધ્રુવ અનાદિઅનંત સ્વરૂપ છે. એની અંતરમાં સન્મુખ થઈને ચૈતન્ય આનંદ ને જ્ઞાતા-દ્રષ્ટા છું એમ પ્રતીત ન કરતાં અનાદિ કાળથી પરવસ્તુ છે, ભગવાન છે, સર્વજ્ઞ છે, પંચ પરમેષ્ઠી છે એની આસ્થા કરે છે તે રાગનો ભાગ છે. અને એ રાગ વડે સમ્યગ્દૃષ્ટિ હું છું એમ માને છે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત. જગતના ચાલતા પ્રવાહથી બીજી વાત છે. શ્રદ્ધા માટે ફક્ત સર્વજ્ઞે કહેલા છ તત્ત્વો—છ દ્રવ્યો, નવ તત્ત્વો એની ભેદવાળી શ્રદ્ધા એ રાગનો ભાગ છે. એ પ્રવૃત્તિમાં રાગને અવલંબીને એને એ ધર્મ માને છે. એ દૃષ્ટિમાં પાપદૃષ્ટિ છે. એની દૃષ્ટિમાં ધર્મ દૃષ્ટિ આવી નથી.

આગળ વધીને શાસ્ત્રજ્ઞાન કરે. શાસ્ત્રના સ્વાધ્યાય કરે, વિકલ્પ કરે, શાસ્ત્રના પર્યટન કરે એ પણ એક રાગ ભાગ છે. શાસ્ત્ર તરફના વલણવાળું જ્ઞાન એ પણ એક રાગ ભાગ છે. વાસના છે, વૃત્તિ છે, પુણ્યાસ્રવ છે. એટલે કે એનાથી પણ નવું આવરણ આવે એવો ભાવ (છે). એને એ અનાદિથી શાસ્ત્રના ભણતર તરફના ઝુકાવ ભાવને આત્મજ્ઞાન માની ત્યાં રોકાયેલો છે એ વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ છે. એની દૃષ્ટિ સાચી નથી.

હવે જરી ચારિત્ર માટે આવ્યું છે અત્યારે તો. છે? જુઓ! **'ચારિત્રાચરણ માટે...'** અનાદિનો અજ્ઞાની પોતાના આનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં ચરવું, રમવું અંતરમાં આનંદમાં એવા ચારિત્રને ન જાણતો, ન માનતો, ન ઓળખતો, નહિ પ્રગટ કરતો ફક્ત **'હિંસા,...'**

આ પરજીવની હિંસાની નિવૃત્તિથી મને અહિંસાનું ચારિત્ર થાય છે એમ અજ્ઞાની અનાદિથી માની રહ્યો છે. બહુ ઝીણી વાત છે. ..ભાઈ! ચાલતી વાતથી આખી.. જુઓ! હિંસા. કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી. એકેન્દ્રિયની, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. એની હિંસા ન કરવી એવી જે વૃત્તિ અને તેની દયા પાળવી-ભાવ, એવા ભાવને ભગવાન રાગ અને પુણ્યબંધનનું કારણ કહે છે. એને અજ્ઞાની ચારિત્ર માને છે. પંડિતજી!

હિંસાથી નિવૃત્તિ. જુઓ! હિંસાથી સર્વ નિવૃત્તિરૂપ. પંચ મહાવ્રત. એ મારે અહિંસા મહાવ્રત થયું એમ અજ્ઞાની માને છે. પરજીવ પ્રત્યેના ઝોંકનો ભાગ—એને ન મારું, એની દયા પાળુ, એને સુખી કરું કે દુઃખી ન કરું એવી વૃત્તિ ઉઠે છે એ એક વાસના રાગનો ભાગ છે. એ હિંસાની નિવૃત્તિના પરિણામ રાગનો ભાગ છે. જેને વ્યવહાર અહિંસા કહીએ એ પુણ્ય પરિણામ છે. ધર્મ નહિ, ચારિત્ર નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? પણ છતાં એ હિંસાથી '**સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે,...**' હિંસાને છોડી, જૂઠું છોડી... જૂઠું બોલવું નહિ, સત્ય બોલવું. પણ ઈ સત્ય બોલવું એ પણ એક વિકલ્પ ને રાગ છે. અસત્યનો ત્યાગ અને સત્યનું બોલવું એ પણ વિકલ્પ એક રાગાંશ વૃત્તિ છે. એને અજ્ઞાની ચારિત્ર પાળીએ છીએ એમ માને છે. પ્રકાશચંદજી!

અસ્તેય. અસ્તેય એટલે ચોરીનો અભાવ. ચોરી ન કરું કોઈની એવી વૃત્તિ ઉઠે એ પણ એક રાગનો ભાગ છે. એને અજ્ઞાની ચારિત્ર પાળીએ છીએ એમ માને છે. એ ચારિત્ર નહિ. એમ **અબ્રહ્મ**. વિષયનો ત્યાગ, સ્ત્રીનો વિષયનો ભોગનો ત્યાગ. એના ત્યાગની વૃત્તિ જે થાય અને બ્રહ્મચર્ય પાળું શરીર દ્વારા એ પણ એક રાગનો ભાગ, વૃત્તિનું ઉત્થાન છે. એ પુણ્ય ભાગ છે, એ ધર્મ નહિ, ચારિત્ર નહિ. ભારે વાત.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પગથિયું. એના રહિત એ પગથિયું. એ ઝેરનું પગથિયું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુણ્ય માને એ ઝેર છે. પુણ્યમાં માને છે ધર્મ. એ ચારિત્ર માને છે કે અમે ચારિત્ર પાળીએ છીએ અને બીજા પણ એને ચારિત્ર પાળનારા માને છે. એ બધી ઝેર દૃષ્ટિ છે, પાપ દૃષ્ટિ છે. દૂધપાકમાં સાકર પડે કે કંઈ મીઠુ પડે? મીઠુ નખાય દૂધપાકમાં સહેલું કરવા માટે? એમ ચૈતન્યની જે અંતર જ્ઞાનાનંદ જ્ઞાન.. જ્ઞાન.. શાસ્ત્રના પાના નહિ, અંતર આત્મા ચૈતન્યપ્રકાશ સ્વરૂપ છે આત્મા. એ ચૈતન્યપ્રકાશની અંદર પ્રતીત, અનુભવ કરીને એમાં અંતરમાં રમણતા, આનંદમાં સ્થિરતા, આનંદમા ઝમવટ થવી એને આ ભગવાન ચારિત્ર અને તેને સંવર, નિર્જરા નામ મોક્ષનો માર્ગ કહે છે. પણ અજ્ઞાની અનાદિ કાળનો બાહ્ય ત્યાગ કરીને દયા પાળવી, વ્રત પાળવા, બ્રહ્મચર્ય પાળું, સત્ય બોલું, અસત્ય ન કરું અને પરિગ્રહ રહિત થાઉં. સર્વ પરિગ્રહ છોડી દઉં અને એકલો રહું. એ પરિગ્રહનો ત્યાગ એ પણ એક

વૃત્તિ રાગની છે. પરિગ્રહને રાખવો, હિંસાનો ભાવ એ પાપ છે. ત્યારે હિંસાની નિવૃત્તિ અને અસત્યનું બોલવું એ પાપ અને અસત્યની નિવૃત્તિ એ પુણ્ય. ચોરીનો ભાવ એ પાપ, ચોરીની નિવૃત્તિ તે પુણ્ય. બ્રહ્મચર્યનો ભાવ એ પુણ્ય અને વિષયનો ભાવ એ પાપ. પરિગ્રહને રાખવાનો ભાવ એ પાપ અને છોડવાનો ભાવ એ પુણ્ય. એવા પુણ્ય ભાગને અનાદિ કાળથી, અમે ધર્મ કરીએ છીએ, અમે ચારિત્ર પાળીએ છીએ, અમે મહાવ્રત પાળીએ છીએ. જુઓ, મહાવ્રત શબ્દ પડ્યો છે.

એ '**સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા...**' એ રાગની લાગણીમાં તલ્લીન થઈ ગયા છે. ભગવાન આત્મા રાગથી પાર ચિદાનંદની મૂર્તિ છે. એવા સ્વભાવની પ્રતીત કરતો નથી, એનું સ્વનું આત્માનું જ્ઞાન કરતો નથી અને આત્મામાં ઠરવાની, આનંદની પ્રગટ દશા ચારિત્રની કરતો નથી અને પંચ મહાવ્રતના ભાવને ચારિત્ર માની બેઠા છે. એ મૂઢ વ્યવહાર દૃષ્ટિના અવલંબી એને પાપ દૃષ્ટિવાળા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુણ્ય એ પાપ નથી, પુણ્યને ધર્મ માને એ પાપ છે. એમાં તલ્લીન થઈને એમ માને છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. એવી માન્યતાને પાપદૃષ્ટિ કહેવામાં આવે છે. આરે.. ભારે વાત.

એણે આત્માની જાત શું છે એની સાંભળી નથી. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી, શું કર્યું તીર્થ ને તપ કરવા થકી, શું કર્યું વ્રત ને જપ કરવા થકી'. એ બધા વિકલ્પ અને રાગનો ભાગ, બંધનનું કારણ, સંસાર ફળે તેનું એ કારણ છે. ધર્મ નહિ. ઓહો..હો..! આ પાપ કરીએ છીએ એ કરતાં નિવૃત્તિ લઈને બેઠા એ તો કાંઈક ચારિત્રવાળા હશે કે નહિ? પ્રભુભાઈ! હેં રતિભાઈ! અહીં ભગવાન ના પાડે છે કે બાપુ! તને ખબર નથી. પ્રભુ! તારી પ્રભુતા જ્ઞાન ચૈતન્યબિંબમાં સમાઈ ગઈ છે. એ વિકલ્પો ઉઠે છે, શુભ કે અશુભ, હિંસાનો ભાવ અશુભ, દયાનો ભાવ શુભ, જૂઠાનો ભાવ અશુભ-પાપ, સત્ય બોલવાનો ભાવ પુણ્ય, ચોરી કરવાનો ભાવ પાપ, ચોરીને છોડવાનો ભાવ વિકલ્પ પુણ્ય, વિષય સેવવાનો ભાવ પાપ, વિષયથી નિવર્તવાનો બ્રહ્મચર્ય પાળવાની વૃત્તિનો ભાવ પુણ્ય. પરિગ્રહ રાખવાનો ભાવ પાપ. ભાનુભાઈ! આ પૈસા સંગ્રહીને બેઠા છોને. મમતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પગથિયું આ છે. ઉપર ચડવું હોય તો હેઠે પહેલું પગથિયું ઉતરવું કે ઉપર ચડવાનું હોય? બસ, ચડવાનું આ છે. એ રાગ છે એ ધર્મ નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પણ એ રાગ છે. ન હોય તો શું. એ રાગ રાખે નહિ, પણ એનું સ્વરૂપ જ રાગ છે. હજી પોતે જ રાગ છે. ન રાખે તો ક્યાં જાય? અહિંસા પાળું પરની એ

જ રાગ છે. ઝીણી વાત નથી એણે કોઈ દિ' સાંભળી. અનંત વાર નવમી ગ્રૈવેયકે જૈન ત્યાગી થઈને ગયો. ચામડા ઉતરડીને ખાર છાંટ્યા. ક્રોધ ન કરે. પણ દૃષ્ટિ મિથ્યા. કારણ કે ઓલી ક્રિયાકાંડ કરું છું એ મારો ધર્મ છે. એમાં રાગની વાસનાને ધર્મ માને છે. આહા..! પ્રકાશચંદજી! ભારે ખળભળાટ.

અહીં જુઓ આ ટીકાના શબ્દો છે સંસ્કૃતના. નવસો વર્ષ પહેલાના. અને એના ભાવ બે હજાર વર્ષ પહેલાના કુંદકુંદાચાર્યના. એના ભાવ અનાદિના સર્વજ્ઞો કહેતા આવે છે. તે આ વાત કહેવામાં આવે છે. છે શબ્દો? પુસ્તક-બુસ્તક છે કે નહિ? નવરંગભાઈ! શું કીધું? હિંસાનો ભાવ, ચોરીનો, જૂઠાનો, વિષયનો, પરિગ્રહનો એનાથી સર્વવિરતિરૂપ—એના નિવર્ત્યો એવા પંચ મહાવ્રતના પરિણામ, પંચ મહાવ્રતના ભાવ એ આસ્રવ અને બંધના કારણરૂપ ભાવ છે. એમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે. તલ્લીન. એ અમારા આચરણ અને એ અમારો ધર્મ. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

ધર્મીજીવને જ્ઞાનાનંદ ચિદાનંદનો સાક્ષાત્કાર આત્માનું ભાન થવું, આત્મજ્ઞાન થવું. એ પુણ્ય-પાપના વિકલ્પની લાગણી મારા સ્વરૂપમાં નથી. એમ ચૈતન્યનું ભાન થઈ, ચૈતન્યનો અનુભવ થઈ અને ચૈતન્યના આનંદમાં લીન થઈને જે શાંતિ અને અવિકારી દશા પ્રગટ થાય એ એક જ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. એવા ધર્મીજીવને આવા પંચ મહાવ્રતના વિકલ્પો આવે ખરા પણ એને એ પુણ્યબંધનનું કારણ જાણે, એને ચારિત્ર અને ધર્મ માને નહિ. સમજાણું કાંઈ? બહુ ફેર પણ ઘણો ફેર. બહારની ક્રિયાથી નિવર્ત્યો અને બીજાની જ્યાં દયાઓ પાળી અને કાંઈક કર્યું એટલે થઈ ગયા ધર્મ. અરે.. ભગવાન! તેં ધર્મની વાત સાંભળી નથી. ધર્મ હોય તો ક્યાંથી? પણ ધર્મ કોને કહેવો? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' ચોથી ગાથામાં આવે છેને? ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું કુંદકુંદાચાર્ય ફરમાવે છે. અરે.. આત્મા! પંચ મહાવ્રતના ભાવ એ રાગની કણિકા છે, એ ધર્મ નહિ એ વાત તું અનંત વાર કરી ચૂક્યો છે, ભોગવી ચૂક્યો છો. એ વાતનો અનુભવ તને રાગના પંચ મહાવ્રતનો થઈ ચૂક્યો છે. પણ એનાથી પૃથક્ ભગવાન ચૈતન્ય આનંદ છે એની તેં રુચિ, દૃષ્ટિ અને અનુભવ કોઈ દિ' કર્યો નહિ. એથી તારે માટે સ્વભાવ દુર્લભ થઈ પડ્યો છે. સમજાણું કાંઈ? દુનિયા જ્યાં પાંચ મહાવ્રત પાળે.. એ તો હજી ઠેકાણા નથી અત્યારે તો. એ બધું સમજવા જેવું. બહુ સ્પષ્ટ કરીએ ત્યારે થાય.

અહીં તો કહે છે કે કદાચિત્ કોઈ પ્રાણીને ન મારે આમ, એકેન્દ્રિયના જીવને, લીલોતરીને ન હણું, જૂઠું ન બોલાય, વસ્તુમાં આમ હોય અને આમ સત્ય (હોય), વ્યવહારુ સત્ય, ચોરી નહિ, બ્રહ્મચર્ય તે નવ વાડે (પાળે), ઈન્દ્રાણી ઉપરથી ચળાવવા આવે ને ન ચળે એવું બ્રહ્મચર્ય (પાળે). પણ એ વિષયની નિવૃત્તિ અને બ્રહ્મચર્ય પાળું એવી રાગની પ્રવૃત્તિ છે એક. આહા..હા..! સમજાણું કાંઈ? જેને જગત અને અજ્ઞાની આત્માઓ એમ માને કે

આ તો ચારિત્ર પાળે છે, આ તો વ્રત પાળે છે. એ બધા ચારિત્ર નથી પણ અચારિત્ર અને અવ્રત છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે (—યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે,...'** શું કહે છે? અમે ગુપ્તિ પાળીએ છીએ એમ કહે છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આવે છેને? અમે મન, વચન ને કાયાને ગોપવીએ છીએ. બહારમાં પ્રવૃત્તિ જવા દેતા નથી. એમ અશુભભાવ થવા દેતા નથી. ગોપવું છે અશુભને પણ થાય છે અંદર શુભરાગ. મનને, વચનને અશુભમાંથી પાછા વાળતા જેને વ્યવહાર ગુપ્તિ કહે, એમાં તો શુભભાવનો વિકલ્પ છે. વાસના-રાગની ગંધ છે. એને અજ્ઞાની આત્માના ગુપ્તિરૂપ સંવર અને નિર્જરાનું કારણ, શાંતિનું કારણ માને છે. એ બધા વ્યવહારના અવલંબી મિથ્યાદૃષ્ટિ અને પાપદૃષ્ટિ છે. દૃષ્ટિમાં મોટો ઉગમણો આથમણો ફેર છે. સમજાણું કાંઈ? બહુ ફેર પણ. ગળે ઉતરવું કઠણ પડે પહેલું આ. આટલું તો બિચારા કરીને.. પણ શું કર્યું આટલું એટલે?

ચૈતન્ય જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ છે આત્મા તો. અનાદિઅનંત જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા છે. એ જ્ઞાનને અંતર પકડ્યા વિના આવી જે લાગણીઓ ઉઠે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની, બધોય પુણ્યભાવ છે. બધો સંસાર ભાગ છે. બધો અહીં ને અહીં સંસાર ફળે એવી એ કારણ દશા છે. સમજાણું કાંઈ? કહ્યું નહોતું એક ફેરી? (સંવત) ૨૦૧૬ની સાલમાં જ્યારે તોરી ગયા ત્યાં. અગાધ નામનું પુસ્તક.. કણબીઓ હશે સ્વામીનારાયણ (માનનારા). દિવસે વ્યાખ્યાન થઈ ગયું. આ તોરી તોરી અહીં છેને. વ્યાખ્યાન થયેલું.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— તોરીમાં આવ્યા હતા. આ રતિભાઈ આવ્યા હતા, ક્યાં ગયા? વયા ગયા હશે. ઈ આવ્યા હતા પોરબંદરથી રતિભાઈ આવ્યા હતાને. આવ્યા હતા ત્યાં. ૨૦૧૬ની સાલમાં ગયા અને બપોરે વ્યાખ્યાન થયું. માણસ તો બહુ આવે. નામ પ્રસિદ્ધ છે. એટલે માણસ તો અપાસરામાં સમાય નહિ એટલું. ઓલા કણબી બિચારા જંગલમાં. રાત્રે આવ્યા, મહારાજ! અમારી પાસે એક પુસ્તક છે—અગાધગતિ. એમાં શું લખ્યું છે ઈ ખબર પડતી નથી. વાંચ્યું તો બહુ. એમાં એવું લખ્યું છે. કીધું, વાંચો. રાત્રે આવેલા. અમે દિવસે રહી ગયા, હોં! એમાં એવું લખેલું કે આ જેટલા દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, નામભક્તિ, ભગવાનનો જાપ જેટલા ભાવ થાય એનું ફળ સંસાર છે. એના ફળમાં ક્યાંય ધર્મ અને મુક્તિ નથી. ખૂબ લખેલા, ઘણા બોલ લખેલા. સમજાણું કાંઈ? આ શું કહે છે?

કીધું, ઈ કહે છે કે, એ બધો રાગનો ભાગ છે. એમાં આત્માનો ધર્મ છે નહિ. અરે..! અમે તો કેટલી વાર વાંચતા. અગાધગતિ નામનું પુસ્તક. પણ અમને તો આના અર્થ (આવડે નહિ). આનું ફળ અહીં છે, એનું ફળ અહીં છે, એનું ફળ અહીં છે એમાં બહુ લખેલું.

અહીં એટલે અહીંને અહીં મળશે. એમાં આત્માનો લાભ મળશે નહિ. પંડિતજી! એક પુસ્તક હતું. સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતના પરિણામ આત્મામાં અહિંસા, સત્ય, દત્તના (પરિણામ) એ પણ આસ્રવ મલિન વિકાર છે, મેલ છે. પાણીમાં જેમ શેવાળ છે એમ ભગવાન આત્મામાં એ વૃત્તિ ઊઠે એ પણ એક શેવાળ છે. આહાહા..! આ તો બધા સાધારણ પ્રાણી બિચારા કાંઈક કરીને.. જય મહારાજ! જય ચારિત્ર! આ તો ચારિત્રના પાળનારા, બાપા! પાંચ મહાવ્રતના પાળનારા. પાંચ મહાવ્રત એટલે રાગ. અને રાગ એટલે મલિન ભાવ. મલિન ભાવ એટલે પુણ્યબંધનું કારણ. એને પાળનારા એટલે આત્માને ટાળનારા. સમજાણું કાંઈ? એ.. સમજાય છે કે નહિ? એઈ.. મણિભાઈ! હરિભાઈ છે કે નહિ જોડે? જુઓ, આ સમજવા જેવી વાત છે. જય નારાયણ! વાડામાં પડ્યા ને જય ભગવાન! કાંઈ ખબરું ન મળે. વાણિયા વેપાર કરવામાં તો નાની મોટી કુંચીઓ કાઢે અંદરથી. આમ છે ને તેમ છે ને આ પૈસા થયા ને ધૂળ થઈ ને આ કરોડ થયા ને બે કરોડ થયા ને પાંચ કરોડ થયા. ધૂળમાં છે હવે, સાંભળને! એ તો પૂર્વના પુણ્યને લઈને ધૂળ આવે ને જાય. એમાં તારું ડહાપણ ન્યાં કામ કરતું હતું. જેમાં ડહાપણ કામ કરવું જોઈએ, ધર્મની પરીક્ષા એ પરીક્ષાની ખબર ન મળે. પાંચ મહાવ્રત જ્યાં પાળે ત્યાં આહા..હા..! અમારા ઈ ગુરુ. જય મહારાજ! ... એ.. ભાનુભાઈ! કહે છે, અરે..! તને ચારિત્રની દશા કેવી હોય અને એ શ્રદ્ધાવંત કેવો હોય એની તને ખબર જ નથી.

અહીં ભગવાન ત્રિલોકનાથ દેવાધિદેવ જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એ ભગવાન ફરમાવે છે કે તારા અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો ભાવ એ બધો પુણ્ય આસ્રવ અને બંધનું કારણ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ એ પાપાસ્રવ અને બંધનું કારણ છે. આ પુણ્યાસ્રવ અને બંધનું કારણ છે. પણ બેય બંધના કારણ અને બેય ધર્મ નહિ. ભારે વ્યાખ્યા ધર્મની, ભાઈ! વીતરાગના ઘરની સાંભળવા પણ મળે નહિ કોઈ દિ'. એમને એમ વર્ષ ગુમાવ્યા કેટલાય. ભાનુભાઈ! જય નારાયણ! ત્વમેવ સચ્ચં... મા હણો, મા હણો, મા હણો એ જિનવાણી પાઠ. પેલા કહે, આહાહા..! અહીં કહે છે કે મા હણો, મા હણો તારો ભાવ એ પણ રાગ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં એ વૃત્તિનું ઉત્થાન રાગનું થાય છે. એને તું ચારિત્ર માન અને એને તું ધર્મ માન (તો) મોટી પાપદૃષ્ટિ અનંત સંસારનું વૃદ્ધિનું કારણ છે. સમજાણું કાંઈ?

પછી પાંચ સમિતિ. ઈર્યા—જોઈને ચાલવું આમ જોઈને. કોઈ જીવને દુઃખ ન થાય. એ પણ રાગનો ભાગ છે. પુણ્યભાવ છે. **ભાષા** વિચારીને બોલવું. એ પણ એક રાગ ભાગ પુણ્યાસ્રવ, ચારિત્ર નહિ. નિર્દોષ આહાર-પાણી લેવા. એને માટે કરેલા ન લ્યે, એવો ભાવ પણ પુણ્યાસ્રવ અને અધર્મ છે. અધર્મ આવ્યો વળી. આકરું પડ્યું જરી. પુણ્ય કહેતા હતા ત્યાં સુધી વાંધો નહિ, પણ ધર્મથી વિરુદ્ધ તે અધર્મ. આહાહા..! સમજાણું કાંઈ? **એષણા**–

પોતાના શરીરના નભાવ માટે પોતા માટે નહિ કરેલા એવા આહારને નગ્ન મુનિ દિગંબર હોય, જંગલમાં વસતો હોય અને આવી એષણાથી આહાર લેતો હોય તોપણ તે રાગનો ભાગ છે. પુણ્યાસ્રવ છે. ચારિત્ર નહિ. રાગથી અંદર પૃથક્ થઈને આનંદકંદમાં લીન થાય અને આત્માની શાંતિનો અંતર અનુભવ અને વેદન કરે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ચારિત્ર હોય. એ વિના સમ્યગ્દર્શન ને ચારિત્ર હોય નહિ. એ વિના સમ્યગ્દર્શન, ચારિત્ર હોતા નથી. અહીં તો પ્રરૂપે કે આ પાળો તો ધર્મ થશે, મને અને તમને બેયને. મિથ્યા પાપદૃષ્ટિનું સેવન અનંત કાળથી ચૈતન્યને ભૂલીને કરતો આવે છે.

**આદાનનિક્ષેપ.** વસ્તુને જોઈ મૂકે. લેવા-મુકવામાં ધ્યાન રાખવું. પણ એ પણ એક રાગ છે. ઉત્સર્ગ. શરીરની ચીજ આદિ કોઈ છોડી દેવી. વિષ્ટા, પેશાબ નાખતા ધ્યાન રાખવું એ પણ રાગ છે. એવા '**પ્રયત્નને અત્યંત જોડે છે;...**' અત્યંત જોડે છે. એમાં જ એના રાગમાં લીનતા છે. વ્યવહારાવલંબી છે, નિશ્ચયનું ભાન એને છે નહિ. સનાતન સત્ય ભગવાન આત્મા જે આનંદથી ભરેલો પ્રભુ, એના સ્પર્શને કરતો નથી અને આવી ક્રિયાકાંડના રાગને તે ચારિત્ર માની બેઠો છે. સમજાણું કાંઈ? એ ચારિત્રની વ્યાખ્યા થઈ. ચંદુભાઈ!

હવે અજ્ઞાની તપ કરવા માંડ્યા. '**અનશન,...**' આજે મારે એક અપવાસ, બે અપવાસ, પાંચ અપવાસ, પચ્ચીસ અપવાસ કરે એ પણ રાગનો ભાગ છે. આહારને ખાવાની લાગણી એ પાપ, શરીરને પોષવાની. અને આહાર કરવો નથી બે દિ', પાંચ દિ', પંદર દિ', મહિનો એ પણ અનશન (અર્થાત્) અશનનો અભાવ, એવી વૃત્તિ ઉઠે એ પણ એક શુભરાગ છે. એ શુભરાગને તે તપ માને છે. એ તો હમણા વીતી ગઈ. કાલ નહિ? ત્રીજ. ચારે કોર ધમાલ થાતી હશે, બાયડીઓએ વર્ષીતપ કર્યા હશે તો. ઓહો..હો..! ધણી ગાંડા, છોકરા ગાંડા. એઈ..! ભાનુભાઈ! પૈસા પ્રમાણે પાછું ખરચવું જોઈએ. ઉજમણું કરવું જોઈએ. નહિતર લાંઘણું કરી હતી આ? એમ બોલે બાયડ્યું અંદરમાં. માણસ મરે ને? હાથ ઉપડે નહિ બાયડ્યુંનો તો એમ બાયડ્યું બોલે અંદર, લાકડા ભાંગ્યા છે આ? હાથ કેમ ઉપડતો નથી છાજિયા. એમ લ્યે. .. તપની ક્રિયામાં રાગની મંદતા હોય અને એના ઉજમણા કાંઈક કરે ત્યારે એનો તપ થયો કહેવાય. છાજિયા છે, બાપા! તને ધર્મનું ભાન નથી.

મુમુક્ષુ :— સાવ ન કરે એના કરતાં..

ઉત્તર :— .. એનો ઉત્તર મળશે. શું કરે છે ઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ના, તપ જ નથી. એ માને છે મૂઢ. ગુમડાને નિરોગતા માને છે. આહાર ન કરવાની વૃત્તિ પણ એક પુણ્ય રાગનું ગુમડુ છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ધર્મ-બર્મ નથી. એ પણ રાગ ઘટાડવા માટે કરે તો. માન માટે કરે, આબરુ

માટે કરે અને અમારા અપવાસ થયા, એ ઉજવણું ન કરો તો અમારૂ લાંઘણ કહેવાય એવા ભાવે કરે તો એ બધું પાપ છે. સમજાણું કાંઈ? અને એનો ધણી પણ આ કારણે કરે,.. આપણે પચાસ લાખના, સાંઈઠ લાખના આસામી કહેવાઈએ, અને બાયડીએ અપવાસ કર્યા, શાસ્ત્રને હિસાબે તો બધી લાંઘણ છે, એણે અપવાસ કર્યા અને જો પાંચ-પચ્ચીસ હજાર ન ખર્ચીએ તો કુચાળા કરશે આખુ કુટુંબ. ક્યાં સળગ્યા? તમારી પાસે સાંઈઠ લાખ પડ્યા છે અને કાંઈ નહિ? આ બાયડીએ લાંઘણું કરી. ચારે કોરના ઝપાટા વાગે. હાલ ભાઈ ખર્ચીએ. એવા ખાતર ખર્ચવાનો ભાવ પણ પાપ છે. પણ રાગની મંદતાના ભાવથી કદાચિત્ કરે તોપણ તે પુણ્ય છે, ધર્મ નહિ. બાપુ! ધર્મની ચીજ કંઈ બીજી છે. અનંત કાળમાં એક સેકંડ પણ ધર્મ કર્યો નથી. સમજાણું કાંઈ?

અનંત અનંત કાળ થયો. આવું અનંત વાર કરી ચૂક્યો છે, હોં! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. અનંત વાર કરી ચૂક્યો આત્મા. પાપેય કરી ચૂક્યો અને આવા પુણ્ય પણ કરી ચૂક્યો. પણ એ પુણ્યની પાછળ ભગવાન ચિદાનંદ બિરાજે છે એની દૃષ્ટિ અને અનુભવ કોઈ દિ' કર્યો નહિ અને એના વિના ક્યાંય જન્મ-મરણના આરા અને કર્મના ક્ષપણ થાય, એ ત્રણ કાળમાં બનતું નથી.

**'અનશન, અવમૌદર્ય,...'** બે કોળિયા ઓછા ખાવા, ચાર કોળિયા ઓછા ખાવા. એક જણાએ પ્રશ્ન પૂછ્યો હતો, મહારાજ! ત્રણ રોટલી ખાઈએ તો પાપ અને બે રોટલી ખાઈએ તો ધર્મ થઈ જાયને? હમણાં પ્રશ્ન કર્યો હતો. સમજાણું? ક્યાંકનો માણસ હતો. પણ રોટલો કોણ ખાય? એ તો જડની ક્રિયા છે. આ ડાચા-બાચા હલે એ તો માટી છે. એ ક્યાં આત્મા હતો? આત્મા તો અંદર જ્ઞાનપ્રકાશનો પુંજ આત્મા. એ રાગ કરે કે મેં ખાધું, મેં છોડ્યું. એ રાગ કરે. આ જડની ક્રિયા અજ્ઞાની પણ કરી શકતો નથી. એ તો સવારમાં ખૂબ ચાલે છે. સવારમાં ચાલે છે કે નહિ? પણ તત્ત્વોની ભિન્નતા અને ભિન્નતામાં રહેલું રહસ્ય શું છે તેની એણે અનંત કાળમાં ખબરું લીધી નથી. બે કોળિયા ઓછા, ચાર કોળિયા ઓછા એ ધર્મ નથી. એ તો પુણ્યની વૃત્તિનો શુભભાવ છે.

**'વૃત્તિપરિસંખ્યાન,...'** અમુક ઘરે જ લેવાય, અમુક શેરીમાં જવાય. એવો નિયમ લે એ પણ એક શુભરાગ છે. **'રસપરિત્યાગ,...'** દૂધ, દહી, ખાંડ, સાકર, ગોળ, પકવાન ખાવાના છોડી દે એ પણ એક શુભરાગ છે, ધર્મ નહિ. આત્મા આનંદરસ છે ચિદાનંદ એની દૃષ્ટિમાં અંતર જઈને અનુભવ ન કરે ત્યાં સુધી આવા રસના ત્યાગના ભાગને પણ પુણ્ય પરિણામ અને આસ્રવ કહેવામાં આવે છે.

**'વિવિક્તશય્યાસન...'** જ્યાં સ્ત્રી, પશુ, નપુંસક રહેતા હોય ત્યાં ન રહે. એકાંતમાં રહે. એવી પણ વૃત્તિ તેને પુણ્યાસ્રવ અને રાગ કહે છે. **'અને કાયક્લેશ...'** અપવાસ આદિ કરી, આસન લગાવીને શરીરમાં બહુ કષ્ટ કરે, એમાં રાગની મંદતા હોય તો પુણ્ય થાય. એને

તપ કહેવામાં ન આવે. એમાં 'સતત ઉત્સાહિત રહે છે,...' નિરંતર. અપવાસ કરું, દુકાન છોડું, આ કરું. પણ આત્મામાં પરનો ગ્રહણ ત્યાગ છે જ નહિ ત્રણ કાળમાં. આત્માએ પરને કંઈ પકડ્યો નથી. એ તો જ્ઞાનમૂર્તિ આત્મા પકડે કોને? માન્યતામાં રાગ કરે અને વિકાર કરે. એણે કંઈ પરવસ્તુ પકડી નથી કે એને છોડવી છે. એણે પકડ્યો છે કે આ મેં છોડ્યું અને આ મેં મૂક્યું, એવો મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવને અંતર આત્માના ભાન દ્વારા છૂટી શકે છે. બાકી બીજો કોઈ એનો ઉપાય છે નહિ. સમજાણું આમાં કાંઈ?

આ તપ.. તપ. ત્યારે ઓલા વાતું કરે. અરે..! મહાવીર ભગવાને તપસ્યાઓ કરી હતી. એ મફતમાં કર્મ નહોતા ગળ્યા. સખ કરીને ખાધું નહિ, પાણી કરીને પાણી પીધા નહિ, સખ કરીને સુતા નહિ. ત્યારે પેલા કહે, હા. ત્યારે દુઃખી હશે એ વખતે ભગવાન. અરે..! સાંભળને હજી તને સખ કરીને સૂતા નહિ, અન્ન કરીને અન્ન ખાધા નહિ ને પાણી કરીને પાણી પીધા નહિ. વર્ષીતપ નથી. પણ ઈ માને એવા નહિ. ઈ આવે છે, જુઓ તો ખરા. ઈ આવે છે વાત. ઓલા લડાવે વાત અને ઓલા કહે, હા, હા! બાપા! ત્યારે બાર વર્ષ સુધી તપ કર્યા. ત્યારે કેવળજ્ઞાન પામ્યા. વાતું કરે કે તપથી ધર્મ ન થાય. અરે..! સાંભળને. ભગવાને એવા તપ કર્યા નહોતા.

એણે તો આનંદમૂર્તિ પ્રભુ ચૈતન્યને અંદર પકડી અતીન્દ્રિય આનંદના સ્વાદની આગળ ઈચ્છા ઉત્પન્ન ન થઈ અને આહાર ન આવ્યો એને લોકો તપ કહે. અહીં ઈચ્છા ઉત્પન્ન ન થઈ અને આનંદના, અતીન્દ્રિય આનંદના સ્વાદની લહેજતમાં એ ઈચ્છા જ ઉત્પન્ન ન થઈ. એવી આનંદની દશાની ઓપિત દશાને ભગવાન તપ અને તપસ્યા કહેવામાં આવે છે. આરે..! વ્યાખ્યા પણ (જુદી). ક્યાં તપ, એ તો લાંઘણું છે બધી. આ તો અનાદિ કાળનો.. અત્યારની તો વાતેય ક્યાં છે.

અનંત વાર એવા શુભરાગ કર્યા, એને બાર-બાર મહિનાના અપવાસ, બાર-બાર મહિનાના અપવાસ. ઈ અપવાસ, ઉપવાસ નહિ. ઉપવાસ એટલે? આહાર તો એને કાળે ન આવે, ઈચ્છાની ઉત્પત્તિ નહિ, એટલેથી નહિ, અતીન્દ્રિય આનંદના ધામમાં આત્મા એકાગ્ર થતાં અતીન્દ્રિયના આનંદનો એવો સ્વાદ આવે કે આખું જગત લૂખું લાગે. એવા અતીન્દ્રિય આનંદની શોભાની દશા અંતર્મુખ થઈને પ્રગટ કરે એને તપ કહેવામાં આવે છે. બીજાને લાંઘણું કહેવામાં આવે છે. એ.. મગનભાઈ! કોઈકે ઘરે બાયડીએ કર્યું હોય અને પછી ઉજમણા કર્યા હોય એને આકરુ લાગે એવું છે આ બધું. ચોંટીયા ભરે એવું. અમારે મોહનભાઈ છે કે નહિ? નથી આવી શક્યા. ધ્રોળવાળા નહિ? મોહન રાવજી... જાડા શરીરે એવું કરે તો માંડ શરીર સરખું રહે. એક દિ' ખાય અને એક દિ' અપવાસ. અરે..! પણ એ ક્યાં અપવાસ (છે)? તને ખબરું નથી, ભાઈ! સમજાણું કાંઈ?

'આસ્રવ બંધ વિભાવ કરું લોચિયા ...' એ તો વિકલ્પનો રાગ તે આસ્રવ એટલે નવા

આવરણનું કારણ. એ વિભાવ છે. 'આસ્રવ બંધ વિભાવ કરું લોચિયા.. ભૂલ્યો મિથ્યા વાત દોષ જું પર ભણી' પોતાની દૃષ્ટિના દોષમાં એવા વિકલ્પની લાગણીને હું ધર્મ માનતો, આસ્રવ માનતો, બંધ માનતો, વિભાવ માનતો, વિભાવને ધર્મનું કારણ માનતો. પ્રભુ! હું ભૂલ્યો હતો. મને ભૂલાવનાર કોઈ હતું નહિ. અને એ ભૂલવણીમાં, રાગની કરણીમાં હું ધર્મ માનતો હતો. એ મિથ્યાત્વ ભાવ હતો. એમ ભગત વીતરાગ પાસે વિનંતી કરે છે. સમજાણું કાંઈ?

આ અધિકાર તો માંગ્યો હતો એ અત્યારે આવ્યો છે. અરે..! સાંભળે તો ખરો. કોઈ દિ' એને કાને વાત પડે નહિ. એ કે દિ' વહેંચણી કરે અંદર? એ દેહાદિની ક્રિયા જુદી. આ માટી છે, ધૂળ છે, માંસ, હાડકા, અજીવતત્ત્વ છે. એથી આત્મા જુદો. પણ આવા પંચ મહાવ્રત અને આવા તપના વિકલ્પો ઉઠે એ વિકારની વાસનાથી ભગવાન અંદર ભિન્ન છે. એને સ્પર્શ્યા વિના, એની દૃષ્ટિ કર્યા વિના, એનો અનુભવ થયા વિના આવા બધા તપ કરે તે બધા સંસાર ખાતે છે. ચાર ગતિમાં ફળશે. એને આત્માનું ફળ આવશે નહિ. સમજાણું કાંઈ? ઓહો..!

**'સતત ઉત્સાહિત રહે છે, પ્રાયશ્ચિત્ત,...'** કંઈક પાપ લાગ્યું હોય તો કહે, મહારાજ! એક ઉંદરડી મરી ગઈ, હોં! આ ઠેકાણે આ મરી ગયું. મને પ્રાયશ્ચિત્ત આપો. ઈ માને કે ધર્મ કરીએ છીએ, પ્રાયશ્ચિત્ત લઈએ એટલે. એ પ્રાયશ્ચિત્ત પણ રાગ છે. સાંભળને! સમજાણું કાંઈ? એ **'વિનય,...'** સાચા સંતો, ગુરુ, દેવ, શાસ્ત્ર એનો વિનય કરવો એ પણ એક પુણ્યનો ભાગ છે. એ પાપ નહિ, પણ પુણ્ય છે. આત્માનો અંદર ચિદાનંદ અખંડાનંદ પ્રભુનો વિશેષે નય નામ જ્ઞાન કરીને અંતર ઠરવું એને પરમાર્થે વિનય કહેવામાં આવે છે. પણ આ બહારનો વિનય કરીને માને કે અમે (વિનય કરીએ છીએ). વિનય ધર્મનું મૂળ છે અને એનાથી ધર્મ થશે. અરે.. ભગવાન! બહારના વિનયનો વિકલ્પ એ તો પુણ્યાસ્રવ છે. એનાથી પુણ્ય બંધાશે અને એમાંથી એના ફળમાં પછી આ ધૂળ-બૂળ આ મળે છેને આ શેઠિયાઓને (એ મળશે). ભાનુભાઈ! શું મળ્યું તમને? મમતા. ધૂળેય નહિ. ધૂળ તો કાનપુર રહી ગઈ, જ્યાં મકાન હોય ત્યાં. અમને આ, એવી મમતા મળી. એ ધૂળનું મળવું, એ આવા રાગના ફળમાં પુણ્યબંધ થાય, મળે. આત્માને નુકસાન કરે. આહા..હા..! મૂળજીભાઈ!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— રાજી નથી થતા અંદરમાં? છોકરા ન્યાં ધંધો કરો. અમે બેઠા. નિરાંતે બેઠા એટલે વાંધો નહિ હવે. રળવાની જરૂર નહિ. ઓલા રળે છે. સંતોષ વર્તે છે રાગનો. રાગનો, હોં! ઓલા રળે ઈ ઠીક, રળે ઈ ઠીક. ન રળે તો ઠીક પડે નહિ. ધ્યાન રાખ્યું નહિ. કેમ બરાબર રળ્યા નહિ? એટલે ભલે ન્યાં ન કરતા હોય પણ બધી દોરી હાથમાં હોય. કાગળિયા-બાગળિયા લખીને બધા તાજા રાખે નામ.

એક શેઠિયા હતા તો ટેલિફોન અહીંને અહીં રાખે. નિવૃત્તિએ બેઠા હતા, નિવૃત્તિ લઈને.

દુકાને શું થયું? ન્યાં શું થયું? કાંઈ નિવૃત્તો નથી, સાંભળને! નિવૃત્તિ લઈને બેઠો હોય તો રાગનો ભાગ પુણ્યનો છે ઈ. આ તો હજી બધી દુકાનું ત્યાં ચાલે, એનું વ્યવસ્થિત ખાતું સવારથી સાંજ સુધી ધ્યાન રાખે. ભાનુભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપ છે એમ. આ તો કહે છે કે એનાથી નવરો થયો. મોહનભાઈ જુઓ, દુકાન ઉપર બેસે છે કે નહિ? એઈ..! બેય ભાયું ક્યાં ગયા? એવું સાંભળ્યું છે કે મોહનભાઈ બરાબર દુકાને બેસે છે. લોઢાના તાર... હવે નહિ જતા હોય. શરીર નબળુ પડી ગયું. કો'ક કહેતું, હોં! બધી વાતું અમારી પાસે બહુ આવે. ઓલા લોઢાના સરિયા નથી કાંટાવાળા? વાયરના બાંધવાના કાંટ. આમ છે ને તેમ છે, ભાવ યાદ. બધું કરે. છોકરા કરે. છોકરા કરે તો ઠીક છે. એવો ભાવ રહે ઈ પાપ છે. ધીરુભાઈ! બરાબર હશે? છોકરા પાસે હા પડાવીએને એના બાપની.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધર્મ નહિ. પર તરફના લક્ષવાળો, પરદ્રવ્યનો અનુસરણ કરનારો ભાવ તેને રાગ કહેવામાં આવે છે. સાક્ષાત્ ત્રણ લોકના નાથ પરમાત્મા બિરાજતા હોય સમવસરણમાં, એનો વિનય કરે એ રાગનો ભાગ પુણ્યનો છે. ધર્મ નહિ. આહા..! પણ આત્મા સ્વ વસ્તુ અખંડાનંદ પ્રભુ છે. એનો અંતર આશ્રય લીધા વિના જેટલો પર વસ્તુના આશ્રયમાં ઝુકાવ (થાય) એ બધો રાગ છે. પાપનો રાગ સ્ત્રી, પુત્ર, વેપારના ધંધે વળે. પુણ્યનો રાગ તો વિનય દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ રાગ છે. ધર્મીને આવો રાગ આવ્યા વિના રહે નહિ. પણ તે રાગને પુણ્યબંધનનું કારણ જાણે અને ધર્મ તો રાગ રહિત મારા સ્વરૂપમાં જેટલી સ્થિરતા થાય આનંદમાં તે મારો ધર્મ. અજ્ઞાની અભિપ્રાયમાં ફેર માને છે કે આ મારો ધર્મ છે. અમે તો વિનય કર્યા. તરી જશું હવે. ધૂળમાંય તરીશ નહિ, સાંભળને! આરે.. આરે..! ભારે આકરી વાતું પણ આ.

વસ્તુ સ્થિતિ ચૈતન્યપ્રભુ એ તો જ્ઞાનનો નિર્વિકલ્પ કંદ છે. એ પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે એ એનો વર્તમાન ક્ષણિક અપરાધ છે. મૂળ સ્વરૂપમાં નથી. મૂળ સ્વરૂપની દૃષ્ટિ છોડી અને આવા પુણ્ય ભાગને વિનયાદિ ભાગને કલ્યાણનું કારણ માને એ વ્યવહારના અવલંબી જીવો પાપદૃષ્ટિવંત, મિથ્યાદૃષ્ટિવંત, અધર્મ દૃષ્ટિવંત છે. એને આત્માનો કંઈ પણ ધર્મનો લાભ થવાનો નથી. સમજાણું કાંઈ? પ્રકાશચંદજી! પંડિતોને કેટલાકને તો આકરું પડી જાય અંદર. કેટલાકને કહું છું, હોં! આહાહા..! આ વાત ક્યાં અત્યારની છે. આ તો સંસ્કૃતમાં હજારો, લાખો વર્ષથી અનાદિ કાળથી ચાલતી આવે છે. સંસ્કૃત ટીકામાં છે. સંસ્કૃત આવડતું હોય એ પણ વાંચી શકે છે. કેમકે એ વાતનું મૂળ ભેદજ્ઞાન અનંત કાળમાં એક સેકંડ પણ એણે કર્યું નથી. એવી ક્રિયાકાંડના રાગના વલણની વૃત્તિને જ એણે ધર્મ માન્યો છે. અને આવા તપ કર્યા એટલે અમને નિર્જરા નામ કર્મ ગળશે. ધૂળમાંય નહિ ગળે, તારા કાળ ચાલ્યા જાશે. સમજાય છે કાંઈ? કઠણ વાત પણ બહુ, ભાઈ! સમજાણું આમાં?

**'વિનય, વૈયાવૃત્ય,...'** આ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા. સાચાની સેવા, હોં! એ ભાવ પણ રાગ છે. કારણ કે ઝોંક જાય છે પર તરફના વલણમાં આમ જાય છે. એ ભાગને ધર્મ ન કહેવાય. એવો ભાવ આવે ખરો, સમ્યગ્દૃષ્ટિ ધર્મીને પણ. પણ એ રાગને ધર્મ ન માને. અજ્ઞાની એમ માને કે આ આપણે સેવા કરીએ, સાચા સંતો ગુરુ, દેવ એની સેવામાં અમને ધર્મ થાય. મૂઢ છે. કહો, આ બીજી સેવા-ફેવામાં શું હશે આ બધું? અરે.. ભગવાન! પણ ભારે જગતની રીત. કરી શકતો નથી, હોં! એ વાત નથી. પરનું કરી શકતો નથી. પણ એના ભાવમાં આવે કે આની સેવા કરું. એ ભાવ પણ એક રાગ છે, પુણ્યાસ્રવ અને વાસના છે. એ આત્માની મૂળ ચીજ નથી. એ વાસનાને મિથ્યાદૃષ્ટિ એમ માને કે અરે..! ઘણાની સેવાના ભાવ કર્યા, આપણું તો કલ્યાણ થઈ જશે. નહિ? ઘણાની સેવાઓ કરી, બાપુ! એ બધા ગરીબ નારાયણો છે. એની આંતરડી આપણે જો બરાબર સરખી કરીએ તો આપણને લાભ થાય.

અરે.. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ બીજા આત્માઓને દુઃખ થવું કે સુખ થવું એની કલ્પનાને કારણે એમાં છે. કાંઈક સારા સંયોગ આપ્યા આહાર-પાણી માટે એને દુઃખ મટ્યું અને સુખ થાય એમ છે નહિ. ભગવાન આત્માઓ બધા ચિદાનંદની મૂર્તિ છે. એ આનંદમાંથી ખસી પ્રતિકૂળતામાં દુઃખ છે એમ માને છે એ કલ્પના એનું દુઃખનું રૂપ છે. એ કલ્પનાના દુઃખરૂપને તે ટાળી શકે અને તે કરી શકે. બીજો કરે નહિ અને બીજો ટાળી શકે નહિ. ઓહોહો..! બહુ ફેર પણ ભાઈ! હવે અમારે કરવું કે નહિ? કહે છે ને, કરવું ક્યાં? તમે કરી ક્યાં શકો છો પરની ક્રિયા? આવો ભાવ આવે છે એની મર્યાદા પુણ્ય જેટલી છે, ધર્મ નહિ. આટલી વાત જણાય. સમજાણું કાંઈ?

આ કાળના માણસ સાથે આવી વાતું કરવી? ઢેબરભાઈ! કાલે આવ્યા હતા. ભાઈ! કહે છે. પણ હું બરાબર સૂઈ ગયો હતો. ઢેબરભાઈ મળવા આવ્યા હતા. હું બરાબર સવા અગિયારે ન્યાં ગયો અને ઈ અહીં આવ્યા હશે. એની સાથે બહુ વાતું ચાલે છે અમારે, ઘણી વાત. એક ફેરી પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૨૦૧૫ની સાલના વર્ષ બેસતાએ, પોણો કલાક ત્યાં આવ્યા. સણોસરા ગયા હતા. પેલા એક નહોતા આવ્યા? શું કહેવાય? વિનોબા ભાવે. સણોસરા. ૧૫ની સાલની કારતક સુદ એકમ. ન્યાં આવ્યા હતા. પછી પોણો કલાક આવ્યા હતા. મહારાજ! આ શરીરનો સદુપયોગ કેમ કરવો? એવો પ્રશ્ન કર્યો. રામજીભાઈ હતા, નારણભાઈ હતા. શું કહો છો? કીધું. આ શરીર જડનો ઉપયોગ આત્મા કરી શકે? આ માટી છે. અજીવ જગતના તત્ત્વો છે. એના આમ હલનચલનની ક્રિયા આત્મા કરી શકે, ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. પક્ષઘાત થાય ત્યારે ઘણી ઈચ્છા રહે છે. જુઓને, એક બેનને જોઈએ છીએ ને. આજે જ ગયા હતા. સોમચંદ ખારા. એમના દીકરા મનુભાઈ. એના ઘરે એવી બિચારી ઓલી છે. આહાહા..! અહીંથી હેઠલું બધું ખલાસ. પક્ષઘાત તો થાય માણસને

પણ આમ થાય. કાં અડધું અંગ આમ, કાં અડધું અંગ આમ. આને તો એવો પક્ષઘાત અહીંથી, અહીંથી હેઠલા અંગની કાંઈ ખબર ન મળે. કાંઈ કરતાં કાંઈ. અહીંથી અહીં સુધી જુઓ તો વાતચીત કરે, બોલે. આજે સવારમાં ગયા હતા. સોમચંદભાઈ.. મહારાજ! આજ પછી... પહેલા ત્રીજે દિ'એ હું ગયો હતો. મહારાજ! મારે શું કરવું? બિચારા. પાંત્રીસ વર્ષની, છત્રીસ વર્ષની. કેટલી ઉંમર હશે? નાની હશે. નાની ઉંમર. બાઈ હુશિયાર છે, હોં! અને ઉત્સાહ છે એને. આટલું દોઢ વર્ષથી પણ દીનતા એના મોઢામાં હું જાઉં ત્યારે નહોતી. આમ મને પગે લાગે. મહારાજ! બેન! બા! શરીરની ક્રિયા આત્માના અધિકારની નથી, હોં! આહા..! આટલું હેઠેથી વિષ્ટા જાય કે પેશાબ એની કાંઈ ખબર નથી. ફક્ત અહીં મોઢેથી ખાઈ શકે. બરાબર બોલે. વાંચે. અહીંથી આટલું બધું ખલાસ. હેઠે કાંઈ ન મળે. ભગવાન! એક વિચાર તો કર, પ્રભુ! આત્મા જો પ્રેરક થઈને જડના કામ કરી શકતો હોય તો એ વખતે કરવા જોઈએ. પણ ન બેસે. અભિમાન એટલા થઈ ગયા છેને.

શરીરના કાર્યો હાલવા-ચાલવા, એનાથી ભગવાન ભિન્ન છે. ભગવાન આત્મા રાગ કરે તોપણ દેહના કામ ન કરી શકે અને જ્ઞાન કરે તોપણ દેહના કામ ન કરી શકે. એ જડના કામ પક્ષઘાત કાળે પ્રત્યક્ષ દેખાય છે. અહીં ખબરેય ન પડે, હોં! અરે..! અહીં પેશાબ જાય છે કે ખોરાક... કાંઈ ન મળે. આહા..હા..! એલા! ચૈતન્ય ભગવાન બિરાજમાન ભગવાન દેહમાં અને દેહના કણને ફેરવી શકે નહિ. હાથ-પગ ઊંચો કરી શકે નહિ. આહા..હા..! પણ જ્યારે કરે ત્યારે એને માને કે મારાથી આ થયો. એલા, બાપુ! તારાથી થાય તો પક્ષઘાત કાળે થતો નથી. એનું કારણ એ કે એને કારણે થાતો અને એને કારણે અટક્યો છે. તારે કારણે થાતો અને તારે કારણે અટક્યો છે એમ છે નહિ. પણ આ અભિમાન એવા દોડધામે ચડ્યો છેને. વેગે રાગના, વિકારના. બેસે નહિ. અરે.. પણ આ? આ? એ તો બેનને જોવે ત્યારે ખબર પડે. મને તો અંદરથી.. આહા..હા..! બેન! આત્મા જ્ઞાન અને આનંદ છે, બા! એનો વિચાર કરજે. બીજું શું કહીએ? સમજાણું કાંઈ? આ પાંત્રીસ વર્ષની ઉંમરુ જુવાન. બાઈ નમણા શરીરના છે અને બોલે-ચાલે હુશિયાર છે. બોલે એમાં કાંઈ ફેર નહિ, જરીયે નહિ. અડધા અંગવાળાને તોતડું તોતડું થઈ જાય. આને કાંઈ નહિ. હેઠેથી બધું અંગ ખલાસ. એ ક્યાં ખાય છે એની ખબર નથી. અંદરમાં પેશાબ ક્યાં જાય અને વિષ્ટા ક્યાં જાય?

અરે..! આત્મા આ જડના ભરોસા કરીને મારે કારણે ચાલે અને મારે કારણે રોગ મટે, હું ધ્યાન રાખું તો શરીર સરખું રહે, એ તારી દૃષ્ટિ મોટી પાપની છે. ભાનુભાઈ! અહીં તો ભઈ મોટો રેચ છે આકરો. આ ડૉક્ટરો ઈંજેક્શન નથી આપતા? રતિભાઈ! એ ઈંજેક્શન આપે, હોં! અહીં ખોસે ને અહીં ખોસે. બે વાર જોયું ને. પેલો ચિટનીસ આવતો હતો ને? એક અહીં ખોસે ને એક અહીં ખોસે. મોતિયો ઉતારવા. મનસુખભાઈના, મનસુખલાલ તારાચંદ નહિ? લીંબડીવાળા કરોડપતિ. મનસુખલાલ તારાચંદ. આ અઢાર લાખનું કરાવે છે

ને હમણાં. સુરેન્દ્રનગરમાં ઓલું શું કહેવાય? આંખનું મોટુ. એને કહ્યું હતું, શું કરો છો તમે? ધૂળ. કરોડ રૂપિયા મારી પાસે થયા, આમ થયા. ધૂળેય થઈ નથી હવે. એ તો પૂર્વના પુણ્યના રજકણો ફળ્યા ત્યારે આવ્યા. તમે શું કર્યું? ધૂળ કરે. આ રાગ વર્તમાન કરો છો કે આનું કરી દઉં ને આનું કરી દઉં. એ પણ પુણ્ય છે, ધર્મ નહિ. હવે એને લાગે છે કે વાત તો આ સાચી લાગે છે. અત્યાર સુધી તો જાણે.. અને ડૉક્ટરોને બહુ એવું હોય, ઓનરરી કામ કરે ને સેવા કરીએ, અમારે તો બે લાભ, સેવાનો લાભ મળે અને પૈસા પણ મળે. રતિલાલભાઈ!

અરે.. ભગવાન! પ્રભુ! તું ક્યાં છો? અને તારા કાર્ય ક્ષેત્રની મર્યાદા કેટલી છે? એ તને તારી ખબરું નથી, બાપા! આ શરીર માટીના કામ એ માટીના પૂતળા, એમાં રોગ થાય, નિરોગ થાય, હાલે, ચાલે, ગતિ થાય, અટકી જાય એ બધા કાર્ય જડના છે. આત્માનું એ કાર્ય કિંચિત્ ત્રણ કાળમાં નથી. આહા..હા..! હજી આનું બેસે નહિ, એને ઓલા પુણ્યનો ભાવ આ દયા, દાન ને આ. તપનો ભાવ એ પુણ્ય છે, ધર્મ નહિ.. આહા..હા..! એ તો ગળે ઉતરવા (કઠણ પડે). પ્રકાશચંદજી! હજી આ મોટા લોથ છે, આ મોટી લોથ મારે લઈને ચાલે. અરે.. ભગવાન! આ પક્ષઘાત ત્યારે ઈ આમ આમ થાશે. બીજો હાથ આમ આમ કરે ત્યારે થાય. એ તો જડની પર્યાય. પર્યાય એટલે હાલત, હાલત એટલે કાર્ય, કાર્ય એટલે એના કામ. પણ કેમ બેસે? કંઈ સાંભળ્યું નથી, વિચાર્યું નથી. સમજાણું કાંઈ? આવા પક્ષઘાતના કેસ જોવે તો ખબર પડે જરી. આહાહા..! શું થાય? કેમ કરવું? શું કહીએ? માતા! આત્મા જ્ઞાન અને આનંદ છે. એ જ્ઞાન અને આનંદની નજરું કરો, બાપા! બીજું કાંઈ એ આત્મા પરનું કરે એ વસ્તુમાં છે નહિ. પણ એ રોગ આવે ત્યારે આમ (ન કરી શકે). પણ નિરોગતા હતી ત્યારે તો અમે કરી શકતા ને આમ ધમાધમ? હરામ કરી શકતો હોય તો, આ દેહની આંગળી અને પાંપણ ઊંચી નીચી થાય ઈ. આ પાંપણના ઊંચા-નીચાના કામ આત્મા અજ્ઞાનભાવે માને. કરી શકે નહિ ત્રણ કાળમાં. એ વાત સવારમાં ખૂબ આવે છે. સમજાણું કાંઈ?

હવે એની દૃષ્ટિ કહે કે આ તપસ્યાઓ કરવી ને આ મહાવ્રત પાળવા, એ બધો રાગ. એ તો કઠણ, કઠણ બહુ કઠણ. મોટા માંધાતા જ્યારે શાસ્ત્રના ભણેલા હોયને, એને પણ એમ કહે કે આ રાગ. અને એમાં ધર્મ માન તો મૂઢ, મિથ્યાદૃષ્ટિ, પાપી. પડે કઠણ હોં! ખાર છાંટીને કોરડા મારે સામે... ખાર સમજ્યા? ખાર છાંટેને. કોરડા સામે મારે એવું આ લાગે એવું છે. માને છે મફતનો એટલે લાગે છે. એને તો સુંવાળપ લાગવી જોઈએ. અરે..! અમે તો આત્મા છીએ ને. અમારા ક્ષેત્રમાં અમારી સત્તામાં અમારા કામ અજ્ઞાનના કે રાગ-દ્વેષના થાય. બાકી રાગ-દ્વેષ અને અજ્ઞાન ટાળીને સ્વભાવમાં આવીએ એટલું કાર્ય કરી શકે. પરના ક્ષેત્રમાં ક્યાંય ત્રણ કાળ ત્રણ લોકમાં કરી શકે એ વાત વસ્તુના સ્વભાવમાં નથી. ભગવાને જોઈ નથી, ભગવાને કહી નથી, એમ થતી નથી. સમજાણું કાંઈ?

કહે છે, આહા..! એ '**વૈયાવૃત્ય,...**' આ તો વૈયાવૃત્ય શબ્દ આવ્યોને એટલે જરી

લંબાણું. પુરષોત્તમભાઈ! ઘણા સેવાભાવી જીવ હોય ને. એને એમ થઈ જાય, આપણે બહુ સેવા કરી, બહુ સેવા કરી. એક જણો મરતો હતો. મહારાજ! મને કાંઈક ત્યાગ કરાવો. તમારે ત્યાગ? તમે તો બહુ સેવાઓ કરી છે, બહુ પરોપકાર કર્યા. હવે તમારે નહિ. ધૂળનાય કર્યા નથી. સાંભળને. શેના પરોપકાર તું કહે છે? શું પરના કાર્ય આત્મા કરી શકે છે? સુખ-દુઃખના ટાળવા માટે સંયોગી ચીજ ત્યાં જાય એ તારા અધિકારની વાત છે? વિકલ્પ આવે તને, રાગ આવે. પણ એટલા ખાતર તું બીજાની સેવા કરી દો છો, અને બીજાને દુઃખથી ટાળીને સુખી કરી શકું છું એ તારી ભ્રમણાના ભરોસે ચડેલો આત્માને ભૂલી ગયો છો. સમજાણું કાંઈ? ચંદુભાઈ! શું હશે આ? અત્યારે હા હો ને હરિફાઈની દુનિયામાં આવી વાતું સભામાં મૂકવી. પણ સત્ય આ ત્રિકાળ છે. તારી માન્યતા અસત્યની લાખો, કરોડો માને એટલે શું થયું? વસ્તુનું સ્વરૂપ સત્ય આ રીતે છે. એમ એને ન માને અને આવા સેવા આદિના ભાવને ધર્મ માને, પુણ્ય છે. પાપના ભાવ ન હોય, પુણ્ય છે. પ્રવિણભાઈ! બરાબર હશે આ? ઓલા ગારિયાધાર ગયા હતા ફરવા ને એ તો અહીં દુકાન સરખી ચાલે. ઈંજેક્શન લેવા ગયા હતા ને? આ શું કહેવાય છે હમણાં? વસ્તી ન ઊપજે ને કાંઈક કહે છેને? ન્યાં ગયા હતા. ગારિયાધાર છેને. અમારે એક જોડે. પ્રવીણભાઈ. આ ચત્રભુજ વકીલના દીકરાના દીકરા. અમરેલી. એ તો અમારા જૂના જાણીતા છે. ઘોડિયામાં સૂતા ત્યારથી મેં એને જોયા છે. (સંવત) ૧૯૮૬ની સાલમાં. ૮૬ની સાલમાં એનો જન્મ છે. ઘોડિયામાં સૂતા હતા ને અમે વ્હોરવા ગયા હતા. આટલા વર્ષ થયા. કેટલા થયા? ૩૨ થયા ૩૨. ૩૨ થયાને? ખબર છેને બધી ઠેઠની. સમજાણું કાંઈ?

અરે.. ભગવાન! તું આ કોણ અને કોની સેવા કરવા મથ્યો? ત્યારે અમારે ન કરવી? પણ એ તો દેહની ક્રિયા થવાની હોય તો થાય. રાગ ભાગ આવે પણ એ રાગ પુણ્યનું કારણ છે, આત્માના કલ્યાણને માટે એ ચીજ નથી. એવી માન્યતા ન કરે તો એ દૃષ્ટિના પાપને સેવે છે. ભારે ભઈ. આ રાજકોટ જેવા શહેરમાં અને આ બધા સુધરેલમાં આ વાતું મૂકવી. દયાશંકરભાઈ કહેતા. દયાશંકરભાઈ નહિ આ? જૂનાગઢવાળા વકીલ. અહીં આપણે હતાને પ્રધાન તરીકે અહીં રહેતા હતા. અઢાર દિ' રહી ગયા હતા, સોનગઢ. દસ વર્ષ પહેલા, બાર વર્ષ પહેલા. ખૂબ ચર્ચા. વાત સોના સો ટકા જેવી છે સાચી. પણ જગતની સામે તો આ મોટો બળવો છે. સમજાય છે કાંઈ?

કાંઈક પરિચય કરે, વિચાર કરે તો એના તત્ત્વની મર્યાદા અને જડ તત્ત્વની મર્યાદામાં ભિન્નતા છે. ભિન્નના કામ ભિન્ન કરે એ તો નહિ, તો તેં કર્યું શું પરનું? તને સેવાનો ભાવ આવ્યો. એ ભાવ પર તરફના લક્ષવાળો છે, પુણ્યબંધનું કારણ છે. પુણ્યબંધનું. બાયડી, છોકરાને રાખવાનો ભાવ કે પૈસા રાખવાનો ભાવ પાપ. આ ભાવ પુણ્ય છે. પણ છે તો બેય બંધના કારણ. એમાં ધર્મનું કારણ એક્કેય છે નહિ. સમજાણું કાંઈ?

પછી 'વ્યુત્સર્ગ,...' કાયોત્સર્ગ ... આવે છેને? કર્યું છે કે નહિ મોઢે? ... પણ શું.. ઠાણેન? એ કાયા તો જડ છે. એને શું તું આમ કરી શકે છે? એ તો જડ છે. એમાં વિકલ્પ ઉઠ્યો જરી કે આમ સ્થિર થાઉં. એ વિકલ્પ ઉઠ્યો એ રાગ છે, પુણ્ય છે. ધર્મ નહિ, એનું નામ કાયોત્સર્ગ નહિ. કાયોત્સર્ગ તો એને કહીએ કે દેહના અને પરના કામ હું કરી શકતો નથી એવું ભાન. અને રાગ ઉઠે છે આ વિકલ્પ કરું, એ પણ પુણ્યબંધનું કારણ, એ મારું કર્તવ્ય નહિ. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપમાં ઠરું એટલે રાગ અને પરથી છૂટ થઈને સ્વરૂપમાં રમે આનંદમાં એવી દશાને ભગવાન કાયોત્સર્ગ કહે છે. આમ હાથથી નહિ. આ હાથ તો જડ છે, આ તો માટી છે. મરવા ટાણે નથી કરતા? મરી જાય પછી આમ બે હાથ રાખે. આ તો... આમ સરખો નહિ રહે એ વખતે. પછી દોરો બાંધે. અહીં દોરી બાંધેને? સરખું આમ બાંધવા માટે. આ મડદા બાપા! જીવતા મડદા. ભગવાન! તારી ચૈતન્યની જાગૃત જાત, એનાથી આ જાત જુદાં કામ કરે છે. એ કામ મારા કાર્ય છે એ વસ્તુમાં છે નહિ.

અહીં તો કહે છે, કાયોત્સર્ગ મેં કર્યો શરીર દ્વારા. મૂઢ છો. અને એની વૃત્તિ ઉઠવી પુણ્ય છે. સમજાણું કાંઈ? **'સ્વાધ્યાય,...'** શાસ્ત્રનો સ્વાધ્યાય. એઈ..! ચંદુભાઈ! શાસ્ત્ર વાંચવા, એના પ્રશ્નો પૂછવા, એના ઉત્તર દેવા એ બધો પુણ્યભાવ છે. ધર્મ નહિ. સ્વ અધ્યાયમાં ધર્મ છે. ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એનામાં એકાકાર થઈ સ્વનું અંતર જ્ઞાન અને આનંદ કરે એને ખરી સ્વાધ્યાય અને એને ધર્મ કહેવામાં આવે છે. આ વાંચન કરવું ને પ્રશ્ન-ઉત્તર કરવા એ જાણે ધર્મ છે એમ છે નહિ. બહુ વાતમાં ફેર, ભાઈ! 'આણંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે ન મળે ને એક ત્રાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે કે વાતે વાતે જગતની સાથે અમારે ફેર છે. સમજાણું આમાં?

**'સ્વાધ્યાય અને ધ્યાન...'** એ ધ્યાન. એવું ધ્યાન કરું છું, ધ્યાન કરું છું, ધ્યાન કરું છું. એ રાગ છે, વિકલ્પ છે, આત્મા નહિ, ધર્મ નહિ. સમજાણું કાંઈ? હું તો બસ ધ્યાન કરું. આંખ્યું વીંચી.. કહેશે હમણા પછી. નિશ્ચય અધિકાર કહેશે ત્યારે. ઈ પણ રાગ છે. ઈ રાગનો ખ્યાલ આવે છે, ઈ કંઈ વસ્તુ નથી. ધ્યાન અજ્ઞાનીનું. આમ એકાગ્ર થઈને બેસે અને માને કે અમે કાંઈક ધ્યાન કરીએ છીએ. એ વિકલ્પને ધ્યાન માને એ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :— શુભરાગ..

ઉત્તર :— ઈ શુભરાગ કહો કે પુણ્ય કહો કે રાગ કહો, બધું એક જ છે. ધ્યાનમાં શુભરાગ ઉઠે ઈ...

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ધ્યાન ક્યાં હતું? સમ્યગ્દર્શન વિના ધ્યાન હોઈ શકે નહિ. શું કીધું? સમ્યક્ નામ આત્મા રાગથી નિરાળો એના અનુભવ વિના એકાગ્રતા ક્યાં કરવી એની તો ખબર નથી. શેના ધ્યાન કરશે? સમજાય છે કાંઈ? હજી ચીજ કોણ છે? વિકાર કોણ છે? એના

ભેદજ્ઞાન કર્યા નથી અને ધ્યાન કરવા બેસે અને વિકલ્પમાં ધ્યાન માને, એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. એ વ્યવહારાવલંબી જીવ છે. એને બધી ખબરું હોય અંદરમાં હોં! કે આમ કરું છું, આમ કરું છું. સામાન્ય ચૈતન્યમૂર્તિ એકરૂપ છે એનું ધ્યાન વધારે કાળ ટકી શકે નહિ. એટલે એમાં વિચારો બીજા આવ્યા કરે અને એને ધ્યાન માને, મિથ્યા ભ્રમ છે. ભારે વાત ભઈ. ધ્યાન સુધીના રાગને..

એવા '**પરિકર વડે...**' આવી બધી સામગ્રીમાં. સમૂહ, સામગ્રી વડે '**નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે;...**' અંતઃકરણને અશુભમાં જવા દેતો નથી. પણ આવા જે પંચ મહાવ્રત, તપના ભાવ એવા શુભભાવથી આત્માને અશુભથી પાછો વાળો એ પુણ્યબંધનું કારણ છે. એને ધર્મ માનનારા અનાદિ કાળના માનતા આવ્યા છે. એને રખડવાનો અભિપ્રાય છે. આત્મા એનાથી પૃથક્ છે એનું ભેદજ્ઞાન કર્યું નથી.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ! )

વૈશાખ સુદ-૫, મંગળવાર, ૮-૫-૧૯૬૨
ગાથા—૧૭૨, પ્રવચન-૧૨

... એમાં છેલ્લી ગાથા. ૧૭૩ છે, એમાં સારમાં આ છેલ્લી ગાથા છે. નિશ્ચય અને વ્યવહારની સંધિ અને અસંધિ એનો આ અધિકાર છે. એટલે શું?

આ આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ એનું ત્રિકાળ સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ છે. એના જ્ઞાનની જે અંતર ક્રિયા, જ્ઞાનમાં જ્ઞાનને એકાગ્ર કરીને શુદ્ધ નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની દશા પ્રગટ કરવી એ નિશ્ચય નામ સત્ય મોક્ષનો પંથ છે. સમજાય છે કાંઈ? શું આમાં મોં-માથું હાથ આવે બહારમાં ક્યાંય? તેથી અહીં વ્યવહારાવલંબી જીવની વાત લીધી છે.

ભગવાન આત્મા જ્ઞાનના પ્રકાશના સ્વભાવના બેહદ શક્તિરૂપ મૂર્તિ આત્મા છે. એના અંતરમાં જ્ઞાનને અંતર ખોલવામાં, જ્ઞાનને અંતર ખોલવામાં રાગ અને જ્ઞાન, રાગની જે દશા હોય છે, દયા, દાન, વ્રતાદિના વિકલ્પો રાગ અને જ્ઞાન, એ બેની અનાદિની જે એકતા (બુદ્ધિ) છે એ સંસાર, એ મિથ્યાત્વ, એ અજ્ઞાન, એ ભ્રમણા (છે). એ રાગ અને જ્ઞાનમૂર્તિ ત્રિકાળ ચૈતન્યપ્રભુ અને રાગ વિકલ્પ મલિન, પછી દયા, દાન કે વ્રત શુભ આદિ ગમે તે હો. બેની ભિન્નતા ભાસ્યા વિના રાગથી છૂટો ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત જ્ઞાયકભાવથી બિરાજમાન છે. એવું અંદર ભાન કર્યા વિના એકલા દયા, દાન, વ્રત, તપ, જપના ભાવને શુભને કરે અને એ મારા કલ્યાણના સાધન અને ધર્મના સાધન છે એમ માને, એ જીવ આત્માની ભ્રમણામાં પડેલો છે. એને ધર્મ થતો નથી. સમજાય છે કાંઈ?

એ નિશ્ચય એટલે કે સત્ય. એટલે કે ત્રિકાળ ચૈતન્યના પ્રકાશની અંદર એકાગ્રતા કરતાં જે નિર્મળ વીતરાગી, અવિકારી સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિની રમણતારૂપ દશા થાય એ સત્ય ધર્મ અને સત્ય મોક્ષનો માર્ગ છે. એને પ્રગટ કર્યા વિના, એના ભાનના પ્રયત્ન ને પરાયણ વિના એકલા શાસ્ત્રના સ્વાધ્યાય કરે, શાસ્ત્ર કહે એવા તત્ત્વોને માને અને શાસ્ત્ર કહે એવા વ્યવહારુ પંચ મહાવ્રતના ભાવ પાળે, કરે એ ધર્મ માને એ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. કાલે પાંચ મહાવ્રતનું આવ્યું હતું. તમે નહોતા. કાલે હતા? આજે સવારે નહોતા. સમજાણું કાંઈ? પૂછતા હતા.

અરે.. પ્રભુ! તારી પ્રભુતા તો નિર્લેપ, નિર્વિકાર રાગ રહિત ચૈતન્યદ્રવ્ય તત્ત્વ સ્વભાવ પડ્યો છે. એવા સ્વભાવની અંતર્મુખ દૃષ્ટિ, અંતર્મુખ દૃષ્ટિ બહિર્મુખ... રાગ, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાપ આદિનો રાગ એ બહિર્મુખ વૃત્તિ છે, પુણ્યબંધનું કારણ છે. એનાથી ખસી જ્ઞાનાનંદ ભગવાનમાં એકાકાર થઈ, રાગથી હઠી ચૈતન્ય ભગવાનની શક્તિમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દૃષ્ટા, અનંત વીર્ય એ સત્ત્વમાં પડ્યું છે અંદર, એમાં એકાકાર થઈને

શુદ્ધ આત્માના આનંદના વેદનના અંશને પ્રગટ ન કરે અને આ બધા મહાવ્રત પાળે, અહિંસા પાળે, દત્ત પાળે, બ્રહ્મચર્ય શરીરનું પાળે, સ્ત્રીનો ત્યાગ કરે એ બધા ભાવ તે બંધના કારણ અને પુણ્ય છે. એમાં આત્માને કંઈ ધર્મ-બર્મ છે નહિ. સમજાણું કાંઈ?

હવે આપણે અહીં સુધી આવ્યું છે. સ્વાધ્યાય કરે, તપ કરે એ બધું આવી ગયું હતું ને કાલે? હવે '**વીર્યાચરણ માટે...**' ત્યાંથી લીધું છે. નીચેથી છઠ્ઠી લીટી. છે? ૨૫૮ પાનું. એને બતાવો ભઈ. ભાનુભાઈએ ઓલા ચોપડા બહુ જોયા. ખબરેય નહિ હોય. છે? ક્યાં છે? શબ્દ શું છે? જુઓ! એમ છે એમ નહિ ચાલે. '**વીર્યાચરણ માટે...**' ત્યાંથી શરૂ થાય છે. અજ્ઞાની આત્માના અવિકારી આનંદકંદની દૃષ્ટિ અને અનુભવ કર્યા વિના એનું જે વીર્ય નામ બળ—શક્તિ છે, વીર્ય એટલે કે આત્માની શક્તિ જે વીર્ય છે.. વીર્ય રેત નહિ શરીરની, આત્માનું અંદર જે બળ છે એનું આચરણ કરવા માટે અજ્ઞાની શું કરે છે? '**કર્મકાંડમાં સર્વ શક્તિ વડે વ્યાપૃત રહે છે;...**' એ દયાના ભાવ, હિંસાને છોડવાના ભાવ, સત્ય બોલું, વિચાર કરું, બ્રહ્મચર્ય પાળું એવા અનેક પ્રકારના રાગ. સ્વાધ્યાય કરવી, તપ કરવા, અપવાસ કરવા એવી રાગની વૃત્તિ જે છે એ કર્મકાંડ છે. કર્મકાંડ નામ બંધના કારણનો એ ભાવ છે. આહા..હા..! એ આત્માના બળને કર્મકાંડમાં સર્વ શક્તિ એમ પાછું. જરીયે સ્વરૂપના આનંદમાં દૃષ્ટિ અને નિર્વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચાર છોડી અખંડાનંદ પ્રભુ ચિદાનંદની અનુભવની દૃષ્ટિ કરી હોય, અને પછી જરી પુરુષાર્થમાં રાગની મંદતાના ભાવ શુભ હોય તો એ બંધનું કારણ છે અને આત્મા તરફના સ્વભાવની એકાગ્રતાનો સ્વભાવ જેટલો પ્રગટ્યો છે એ મોક્ષનું કારણ છે. પણ એ અંતરના સ્વભાવને સ્પર્શ્યા વિના એ બળને વ્રત પાળવા ને અપવાસ કરવા ને જાપ કરવા ને હોમ કરવા ને એકાકાર વિકલ્પમાં થઈને જેટલી એની શક્તિ તે પ્રમાણે કર્મકાંડમાં જોડાઈ ગયો છે.

'**વ્યાપૃત રહે છે;...**' જુઓ નીચે. રોકાયેલ, ગૂંથાયેલ, મશગૂલ, મગ્ન. બસ, આ કરું. વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ એમાં મશગૂલ થઈ ગયો છે. એ મૂઢ જીવ છે, તેને રાગ વિનાની ચીજનું આત્મજ્ઞાનનું ભાન નથી. સમજાણું કાંઈ? આમ તો નરસિંહ મહેતાએ નથી કહ્યું? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી, શું કર્યું તારા તીર્થ ને તપ ને જપ કરવા થકી?' આ ભગવાનની ભક્તિ ને જાપ બધા થોથા છે. શુભરાગ છે. પુરષોત્તમભાઈ! સમજાણું કાંઈ?

અહીં સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં અને સંતોના હૃદય જે અધ્યાત્મ આનંદમાં રેલમછેલ હતા, એની વાણીમાં વિકલ્પ આવતાં એમ આવ્યું, અરે.. આત્માઓ! શું છે અનાદિનો તારો ઝોંક? તારા બળને બધી ક્રિયાકાંડના શુભભાવમાં તેં વાળી દીધો છે. એમાં ધર્મ-બર્મ જરીયે કિંચિત્ પણ છે નહિ. બહાર તૂટી મરે, મરી જાય, એના શરીરમાં જીર્ણતા થાય, અપવાસ કરે, સમજાય છે? હાડકા ગળી જાય એવા અપવાસ (કરે). મરી જાને, કહે છે. પણ એ

બધી રાગના મંદની ક્રિયા એ ધર્મ-બર્મ નહિ. જયંતિભાઈ!

કહે છે, જેણે એ બધા પુણ્યભાવની ક્રિયાકાંડ જાપ, દયા, દાન, વ્રત, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારુ શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રત—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એવી વૃત્તિ ઊભી કરી. એમાં મશગૂલ અને લીન થઈ ગયેલો છે. કેવો છે ઈ? '**આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે...**' શું કહે છે? એ તો શુભરાગ છે કર્મ રાગચેતના છે, એ કંઈ આત્માના જ્ઞાનની ચેતના અને આત્મધર્મ છે નહિ. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાતા-દષ્ટા આનંદનો કંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એના ઉપર નજરું ન મળે, શ્રદ્ધા ન મળે, આનંદનો અનુભવ ન મળે અને આ રાગની ક્રિયામાં કર્મચેતના—રાગરૂપી ભાવ શુભમાં એમાં ચેતાઈ ગયો, એકાકાર થઈ ગયો છે. એની જેને મુખ્યતા દષ્ટિમાં છે.

'જોકે...' એવા શુભભાવમાં એકાકાર થતા '**અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના વગેરે પાપના પરિણામ, પાપના ભાવ અત્યંત છૂટી ગયા છે પણ આ પુણ્યના ભાવમાં મશગૂલ થઈ ગયો છે. સમજાણું કાંઈ? અશુભકર્મપ્રવૃત્તિ. અશુભકર્મપ્રવૃત્તિ એટલે હિંસાના, જૂઠાના, ચોરીના, વિષયના, .., દિલગીરીના, શોકના, બીજાને દુઃખ દેવાના, મશ્કરીના ભાવ, ઠઠાના એવા પાપભાવ જેને છૂટ્યા છે. પણ '**તોપણ—શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે...**' પણ એ દયા, દાન, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અવપાસ એની જે વૃત્તિઓ શુભ એને પકડી રાખી છે કે આ જ મારું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? બહુ પણ વાત... એણે અનંત કાળમાં એના ચૈતન્યના તળિયા, એનો તાગ એણે કોઈ દિ' લીધો નથી. ઉપરટપકે આ દયા ને વ્રત ને ભક્તિ ને જાપ.. કર્યા જ કરે. બહુ તો અંદર રાગના પરિણામ ફરે. ધૂળ છે, કહે છે કે એ કંઈ મૂળ ધર્મ છે નહિ. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? એ શુભ પરિણામમાં બરાબર પકડીને બેઠો છે. અશુભથી અત્યંત નિવર્તેલો છે. આ શુભમાં પકડીને બેઠો છે. એ શુભ અને અશુભ બેય બંધનના કારણ છે. શ્વાસ ઊડી જાય એવું છે આમાં. ભાનુભાઈ! આ બધા વાણિયા ને આ બધું માનીને એવા બેઠા હોયને, ... આહાહા..! શું આપણે અહિંસા પાળીએ છીએ, આપણે દયા પાળીએ છીએ અને મોટો ધર્મ કરીએ છીએ. ધૂળમાંય નથી ધર્મ. સાંભળને!

મુમુક્ષુ :— બીજાને..

ઉત્તર :— બીજાને બનાવે. પણ પોતે હોય એવો બનાવે ને. અફિણીઓ કાઠી, ગરાસિયા જે અફીણ પીવે એનો કસુંબો કરીને લ્યો, લ્યો એમ કહે કસુંબા. રૂપાની રાબું, બાપા! એમ કરીને ચડાવે ઓલાને. એમ અજ્ઞાનીએ શુભભાવની ક્રિયાકાંડમાં ધર્મ માન્યો છે, બીજાને કહે, કરને, ઈ સારો એ ધર્મ છે. અને એવા કરતા હોય એને કહે, વાહ વાહ, ત્યાગી! બહુ સરસ કરે છે. એ પાખંડને પોષણ કરે છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આકરી વાતું બહુ પણ ભાઈ! બાપુ! આ સત્યની જીત અને સત્યના રાહ આવા છે. એને કોઈ દિ' સાંભળવા

મળ્યા નથી એટલે વિચારની સરાણે એને ચડાવ્યા નથી. સરાણે ચડાવ્યા નથી કે ક્યો ભાવ ધર્મ અને ક્યો ભાવ પુણ્ય.

અહીં આચાર્ય કહે છે, અરે..! '**શુભકર્મપ્રવૃત્તિને જેણે બરાબર ગ્રહણ કરી છે...**' બરાબર એટલે એમાં ક્યાંય અશુભભાવ આવે એમ નહિ. બરાબર અહિંસાના ભાવ, સત્યના ભાવ, દત્તના, બ્રહ્મચર્યના, અપરિગ્રહના. એક લંગોટી ન રાખે એવો ભાવ શુભ. એવો શુભ. અને જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર લેવા વગેરે. એની ક્રિયાકાંડમાં ક્યાંય શુભમાં ભૂલ હોય એમ નહિ. એવા શુભભાવની ક્રિયાને બરાબર ગ્રહણ કરી છે. '**એવા તેઓ...**' એવા અજ્ઞાનીઓ વ્યવહારના ક્રિયાકાંડમાં ધર્મ સમજનારા, માનનારા '**સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી...**' અશુભભાવ એ તો નિવર્ત્યો પણ શુભ વિકલ્પના લક્ષવાળો. કોઈ એમ કહે કે પણ તમે એને રાગ કેમ કહો છો? અહિંસા કરવી, સત્ય બોલવું, બ્રહ્મચર્ય (પાળવું)... પણ બાપુ! એનું લક્ષ જાય છે પર ઉપર ઈ. એ જ્ઞાન એકરૂપ નથી રહેતું, જ્ઞાન ચકરાવો ખાય છે. વળી ઈ શું કીધું? સમજાણું કાંઈ?

એક મોટો સોલિસીટર હતો. એણે ઘણા વર્ષ પહેલા પૂછ્યું હતું. (સંવત) ૧૯૯૭ની સાલમાં. પરની દયા ને સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, જોઈને ચાલવું એમાં રાગ ક્યાંથી આવ્યો? એ તો આત્માનું જ્ઞાન છે. અરે..! સાંભળને! અશુભભાવ પાપના જેમ પરલક્ષ છે કે આને મારું કે આને આમ કરું, એવો પરલક્ષી છે, એમ અહિંસા પણ આની દયા પાળું, આને દુઃખ ન દઉં, સત્ય બોલું એ બધા પરલક્ષી ભાવ જ્ઞાનનું એકરૂપ છે એમ રહેતું નથી. જ્ઞાન ચકરાવો ખાય છે. આમ ફરે છે, ફૂદડીની જેમ ફરે છે ફડાક દઈને. જ્ઞાન રાગમાં ભમરી ખાય છે. આહા..હા..! પણ ઈ શી રીતે એને ગળે (ઊતરે)? કોઈ દિ' પગથિયા ઝાલ્યા નથી, એ રસ્તો લીધો નથી. કોર્ટે નવા માણસને જાવું પડે તો, કેમ પૈસો ભરવો? ક્યા માણસ પાસે... આ શું કહેવાય? તમારે લખાવે ને? રિપોર્ટ. અરજી લખાવે ને ઈ બધા શબ્દો હોય ને ઈ બધા વકીલો બેઠા હોય, ચા-પાણી લેનારા એને શું દેવું, કોને લેવું, શું કહેવું? (એની ખબર ન હોય). અને ઘણી વાર અથડાણા હોય એ ગયા હોય તો તરત ફાટ ફાટ ઉપર ચડીને.. એઈ..! વકીલ! અહીં આમ કરજે, ફલાણું કરજે. કાંઈ ડર નહિ. અભ્યાસ ન મળે. નવા કણબી હોય તો બિચારા.. હવે તો ડર રહ્યો નથી. હવે તો બધા થઈ ગયા પાવરધા. પહેલામાં એવું હતું. આમ કણબીને ન્યાં જાવું હોય તો (એમ થાય) શું કરવું આ? એમ અજ્ઞાનીને ક્યે પગલે જતા ધર્મ થાય? અને ક્યા પગલાથી છૂટું? એ મોં-માથું હાથ આવે નહિ. સમજાણું આમાં?

એ અહીં આચાર્ય કહે છે કે અરે.. આત્મા! અનાદિ કાળનો સાધુ થયો, ત્યાગી થયો, મુનિ થયો અને બાર-બાર મહિનાના અપવાસ, બાળ બ્રહ્મચારી રહ્યો. હજારો રાણીનો ત્યાગ. પણ એ હજારો રાણીના ત્યાગમાં મેં બ્રહ્મચર્ય અંગીકાર કર્યું એવો શુભરાગ તે ક્રિયા ધર્મની

નથી. સમજાણું કાંઈ? એવા રાગની પ્રવૃત્તિમાં જોકે એણે અશુભરાગની વાસના ઘટાડી છે. પણ શુભરાગની વાસનાને બરાબર ગ્રહણ કરી છે. એ '**સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી...**' પણ એ શુભ અને અશુભની વિકલ્પની વાસનાઓ છે એનાથી ખસી, એનાથી ખસી ચૈતન્ય જ્ઞાનાનંદ દરિયામાં ડૂબકી એણે કોઈ દિ' મારી નથી. સમજાણું કાંઈ? આ તમારે નથી આ? જુઓને! રસ્તામાં નીકળ્યા હતા તો કેટલાક જાતા હતા. ક્યાં ગયા? પ્રવીણભાઈ આવ્યા છે કે નહિ? ત્યાં તમારે તળાવ-બળાવ છે કે શું છે? ન્હાવા જાય છે બહારમાં. હમણાં બધું એવું થયું છેને. બાથરૂમ. જુઓને, ઘરમાં હતા તો બહાર નીકળ્યા. હાલો, જંગલ બહાર ન્હાવા. એમાં ડૂબકી મારે. ડૂબકી મારે અને આમ તરે ત્યારે એને સરખું આવે.

એમ અહીં ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પમાં ડૂબકી મારી રહ્યો છે અનાદિનો એમાંથી નીકળીને ચૈતન્ય જ્ઞાનાનંદ આત્મા ક્રિયાકાંડના રાગથી રહિત છે એવા ચૈતન્યની જ્ઞાનચેતના એણે કોઈ દિ' પ્રગટ કરી નથી. માટે તેને ધર્મ ને શાંતિ કોઈ દિ' થતી નથી. સમજાણું કાંઈ? એ શ્રીમદ્‌નું કહ્યું હતું એકવાર.

યમ નિયમ સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો મુખ મૌન રહ્યો
દઢ આસન પદ્મ લગાય દિયો.

જપ ભેદ જપે તપ ત્યોં હી તપે,
ઉર સે હી ઉદાસી લહી સબ પૈ,
ઉર સે ઉદાસી લહી સબ પૈ,
સબ શાસ્ત્રન કે નય ધારી હૈયે,

મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો
અબ ક્યોં ન બિચારત હૈ મનસે,
કછુ ઔર રહા ઉન સાધન સે.

આહા..હા..! આ સાધન તો થોથા છે તારા. ઓલા વળગે પાછા. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,' ત્યાં વળગાડે ઓલા. ત્યાગ વૈરાગ્ય કર્યા વિના જ્ઞાન ન થાય એમ શ્રીમદ્ કહે છે. અરે.. સાંભળને! હજી તને ખબર નથી. ઈ બીજું કહે છે. એ તો ચિત્તમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને નવ તત્ત્વના ભેદના વિકલ્પની કષાયની મંદતા ન હોય એવો વ્યવહાર એનો ન હોય તો એને છોડીને નિશ્ચય થાય એમ બની શકે નહિ. અશુભભાવ ને કુદેવ,

કુગુરુ, કુશાસ્ત્ર ને તત્ત્વના વિરોધ ભાવની શ્રદ્ધા હોય એમાંથી અંદરમાં આવી શકે એમ બની શકે નહિ. વૈરાગ્યની વ્યાખ્યા કરી જરી. સમજાણું કાંઈ? પણ એકવાર ન્યાં કહ્યું કે આના ચિત્તમાં જેણે રાગની વૃત્તિ છેદી નથી, અસ્થિરતા તીવ્ર ઘટાડી નથી, નવ તત્ત્વના વાસ્તવિક પદાર્થોના વિકલ્પના આંગણામાં આવ્યો નથી, એને આંગણું ઓળંગીને અંતરમાં જાવું એવો અનુભવ એને થતો નથી. સમજાણું કાંઈ? ત્યારે ઓલા ત્યાગ વૈરાગ્ય શેનો લ્યે? બાહ્યનો ત્યાગ ને બાહ્ય બધા સાધન છે, એમ કહે છે. ધૂળેય કહેતા નથી. સાંભળને. આ શું કહે છે ત્યારે?

'યમ નિયમ સંયમ આપ કિયો' યમ પંચ મહાવ્રત પાળ્યા અનંત વાર. નિયમ પાળ્યા. બાર મહિને કોઈ અભિગ્રહ ધારણ થાય તો લે. મોતીબાઈ હોય, મોતીચુરનો લાડવો ખાતી હોય, મોતીચુરનો ઓલો સાડલો આવે છેને? એ પહેરેલો હોય. એનું ફળિયું તૂટી ગયું હોય. એમાં મોતી ખૂણે બાંધ્યું હોય એ બાઈ આપે તો લઉં. એવા અભિગ્રહ ધારણ કર્યા. અને પૂર્વના પુણ્યને કારણે એ પણ છ મહિને, બાર મહિને ફળ્યા. એવા ક્રિયાકાંડના ભાવ પણ અનંત વાર દરેક પ્રાણી પરિભ્રમણના કાળમાં કરી રહ્યો છે અને કર્યા છે. ફળ્યું નહિ કાંઈ, આત્મા હાથ આવ્યો નહિ એમાં. એ તો રખડવાના ભાવ હતા. સમજાણું કાંઈ?

'વહ સાધન બાર અનંત કિયો' વહ સાધન બાર. આવા અનંતી વાર કર્યા. પર

તદપિ કછુ હાથ ન હજુ ન પર્યો,
અબ ક્યોં ન વિચારત હૈ મનસે,
કછુ ઔર રહા ઉન સાધન સે.
બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે,
મુખ આગલ હૈ કહ બાત કહૈ.

એ ભગવાન જ્ઞાતા ચિદાનંદ મૂર્તિ જ્યાં જ્યાં રાગ થાય, બધું થાય તેને જાણનારો મુખ્ય પડ્યો છે બધે. રાગ થાય દયાનો, આ થયું, આ થયું. પણ જાણનાર કોણ ત્યાં? બધે ઠેકાણે તે જ્ઞાન સોંસરવી દશા પડી છે. એવા જ્ઞાનને અંતર પકડ્યા વિના એનું કલ્યાણ અને સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થાતું નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અરે.. જીવ! તું આવા વ્યવહારુ ભાવ પણ અનંત વાર કરી ચૂક્યો. પણ એ ક્રિયાકાંડનો આડંબર શુભભાવનો છે. આહા..! આડંબર છે. એનાથી '**પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' એ શુભરાગ વાસનાવૃત્તિ પરસન્મુખ ઝુકતી. જ્ઞાન ચકરાવો ખાય છે પર તરફમાં. ચિત્તનો પ્રસાર થાય છે. એનાથી ખસી એકલો ચિદાનંદ જ્ઞાનકંદ આત્મા આનંદની મૂર્તિ છે એમ રુચિને, રાગની રુચિ ને આશ્રય ને અવલંબન બહિર્મુખની લાગણીની રુચિ છોડી અંતર્મુખ ચૈતન્યમાં જ્ઞાનનું જ્ઞાન થઈને એકાગ્રતાનો આનંદનો અંશ આવે, એવી જ્ઞાનચેતનાને જરા પણ પ્રયત્નથી કરતો નથી. સમજાણું કાંઈ? રતિભાઈ! રતિભાઈ માંગે છે બહુ મોટું. કાલે પણ

બહુ માંગતા હતા. એકદમ ખેલો કરી લેવો છે. કાલે તો બહુ માંગતા હતા. એકદમ આપી દો આ. મોહનભાઈ! તમારા ચિરંજીવી માંગે એકદમ, બહુ આપી દો. પૈસા પણ અધૂરા ક્યાં ગોઠે છે એને. આ પણ .. લાવો લાવો આખું. પણ એ આખું ક્યારે મળે? એ ચિદાનંદ ધ્રુવ ધાતુ અનાદિઅનંત જેણે ચૈતન્યની ધારણા કરી એ વસ્તુ ત્રિકાળ પડી છે. એને આ પુણ્ય-પાપના વિકલ્પનું... આમાં છે, પહેલા આવી ગયું હતું ને? ૨૫૬ પાને. ૨૫૬માં આવી ગયું. '**સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે...**' ૨૫૬માં આવ્યું હતું. વચમાં છે, પાંચમી લીટી. આડંબરની નિવૃત્તિ. એ પુણ્યના વિકલ્પ છે, ક્રિયા છે, પુણ્યના પાપનો આડંબર છે. એની નિવૃત્તિમાં અંદર ચિદાનંદની દૃષ્ટિ થાય, એ વિના એના આશ્રયે થાય એ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? આ ભાનુભાઈ પૂછતા હતા. કાંઈક સાધન છેને? આ કીધું, જુઓ! ૨૫૬ પાને છે. જુઓ! એ વચમા છે, જુઓ, પાંચમી લીટી. સમજાણું? '**સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે નિસ્તરંગ પરમ ચૈતન્યશાળી...**' એવો જ્ઞાનાનંદ ભગવાન. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, સેવાની વૃત્તિથી પાર અંદરમાં પડ્યો છે. એવા ચિદાનંદને ક્રિયાકાંડના આડંબરથી ખસી અને અંતરની જ્ઞાનચેતનામાં એકાકાર થવું, જેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહે છે. એવું જરા પણ કરતો નથી. એ માહાત્મ્ય અંદર.. એના પછી એક આવે છે, પાછળ એક છે. ભાઈ! ૨૬૨. નિશ્ચય અને વ્યવહારની સંધિ કરી છેને.

'**ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા...**' એમાં પણ પાંચમી લીટી છે, બીજા પેરેગ્રાફની. જુઓ! '**પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા...**' એટલે? જે કંઈ શુભભાવ દયા, દાન, વ્રત, તપ, જપનો આવે એનું માહાત્મ્ય ઊડાડતો. એમાં માહાત્મ્ય છે નહિ. વસ્તુ ચિદાનંદ રાગ રહિત પડી છે એનું માહાત્મ્ય કરતો અને શુભ ક્રિયાકાંડના શુભ પરિણામનું માહાત્મ્ય નિવારતો એ આત્મા ચૈતન્યમાં એકાકાર થાય તેને ધર્મ થાય છે. ભારે. કંટાળા જેવી વાત લાગે માણસને, હોં! ના પાડે છે, હોં! રતિભાઈ! ના પાડે છે. ના, કંટાળો આવે એવું નથી, કહે છે. સાચી વાત છે.

આ કંટાળો આવે એવું નથી. આમાં કંટાળો ઊતરે એવું છે. અનાદિના કંટાળા એ વિકલ્પના ભાવની જાળમાં કરોળિયો જેમ ગુંચાઈ જાય પોતાની જાળમાં, એમ રાગની વૃત્તિઓ કર્મકાંડ ચોવીસ કલાક મશગૂલ. હોં! આમ જીર્ણ થઈ જાય. અપવાસ કર્યા ને આ કર્યા ને તે કર્યા, આજે અઠમ છે ને બાપા! માથા દુઃખે છે. આજ થોડું ખાધું છે ને પચતું નથી ને આ છે. અને એવી ક્રિયાકાંડમાં મશગૂલ (રહે છે). એ બધા રાગના રાગીઓ રાગમાં મશગૂલ થયા તે મૂઢ જીવ છે. એ રાગનું માહાત્મ્ય વારતા...

સમ્યક્દૃષ્ટિ જીવ, એ શુભભાવનું માહાત્મ્ય.. છેને માહાત્મ્ય અંદર? '**(શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય**

**નહિ અર્પતા),...'** ઓહો..! શુભભાવ આવ્યો, બહિર્મુખ થયો. આ દયા ને આ વ્રત. વાહ રે વાહ! એ તો મૂઢ એને માહાત્મ્ય આપે છે. શુભભાવની ક્રિયાના પરિણામને મૂઢ જીવ માહાત્મ્ય આપે છે. ધર્મીની દૃષ્ટિ શુભભાવના માહાત્મ્યથી ખસી અને ચિદાનંદ આત્મા જ્ઞાતા-દૃષ્ટાના માહાત્મ્યમાં જાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન ને આત્માનો સાક્ષાત્કાર થાય છે. આને સમ્યક્‌જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આડંબર છે કે બીજું શું છે? રાગનો આંડબર છે. એ રાગનો ધુમાડો છે. એ ધુમાડામાં ચૈતન્ય એક કોર સંતાઈ ગયો. આ લાપસી-બાપસી રાંધતા નથી? હવે તો બધા લાકડા થઈ ગયા બીજી જાતના. પહેલા તો લાપસી રાંધે ત્યારે ધુમાડો નીકળે ચારે કોર. લીલા લાકડા હોય, સાંઠ્યું લીલી હોય. લાપસી રંધાય છે કે નહિ? ઈ તો અટવાઈ ગઈ વચમાં. ધુમાડાની આડે દેખાય નહિ, આ શું રંધાય છે ઈ. એમ રાગનો ધુમાડો અસંખ્ય પ્રદેશે ઉઠે એની આડમાં ચૈતન્ય કોણ છે એ અટવાઈ ગયો. સમજાણું કાંઈ?

અરે.. ચૈતન્યપ્રભુ! તારામાં સામર્થ્ય એટલું છે, એ રાગના કણને, બહિર્મુખ વૃત્તિને છેદ, એની રુચિ છોડ અને ચૈતન્ય ભગવાન.. આવે છેને સમયસારમાં પણ? ભૂતાર્થ પરિગ્રહેણ. આત્મામાં ઈ તાકાત છે કે રાગની વૃત્તિને છેદીને ચૈતન્યના જ્ઞાનાનંદમાં પ્રવેશ કરે, એકવાર પણ એ જ્ઞાનચેતના પ્રગટ કરે તો ખબર પડે કે પરમાત્મા જ હું છું. મારે સ્વરૂપમાં ઠરતા હવે હું પરમાત્મા થોડા કાળમાં થઈ જવાનો. એવું એને ભાન થાય તેને ધર્મક્રિયા કહેવામાં આવે છે. આરે..! આ બધા.. સાંજે ટોકરા વગાડે ને આરતીઓ કરે. અને કહે, અમે ધર્મ કરી આવ્યા, ધર્મ કરી આવ્યા.

મુમુક્ષુ :– નિર્જરા.

ઉત્તર :– નિર્જરા એટલે કર્મ ખર્યા એમ કહે છે. હાલ રે હાલ પાખંડ. એ તો કર્મ બંધાણા છે. આવે ખરો, ભાવ હોય ખરો. પણ એ ભાવ પાપને બચવા પૂરતાની દશા છે. પણ એને ધર્મને કારણે આ ભાવ આવે અને આ ધર્મનું કારણ થાય એ ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ડૉક્ટર આવ્યા નથી આજ. શું કીધું આ?

જેમને દર્શનજ્ઞાન.. શું કીધું? ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી. એ વિકલ્પની જાળ એનાથી પાર, આડંબરથી પાર. એ આડંબરના ધુમાડામાં પેઠો છે. એ ધુમાડો છે, મેલ છે, ઝેર છે, વિકાર છે. પાખંડ એટલે અજ્ઞાનને પાખંડ કહે છે અહીંયા. એ રાગને ધર્મ માનનારા પાખંડી છે. એ આત્માને ખંડી નાખે છે અને આત્માને તોડી નાખે છે. સમજાણું? મહા હિંસા માનનારો છે ઈ. એ રાગની વૃત્તિથી ધર્મ થાય, એ અહિંસામાં ધર્મ માનતો નથી પણ રાગથી લાભ માનનાર હિંસામાં ધર્મ માની રહ્યો છે. પરની હિંસાની અહીં વાત નથી. ભગવાન

જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્ય ભાવપ્રાણ, જેના ત્રિકાળ જ્ઞાતા-દ્રષ્ટા, આનંદ જેના પ્રાણ છે, આનંદ જેનું સત્ત્વ છે. એમાં રાગથી લાભ માનનારા ચૈતન્ય આનંદપ્રાણને લૂંટે ને કાપે ને છેદી નાખે છે. બરાબર સરખાઈ વિના ઓલાને ગરે નહિ સરખું. આ કચડ પછડ, લથડ પથડ કરેને. આમ થાય ને (તેમ થાય).

ત્રણ કાળ ત્રણ લોકમાં ભગવાન આત્મામાં એ શુભરાગની ક્રિયાકાંડ વડે કરીને અંદરમાં પડ્યો આત્માને લાભ થાય (એમાં) સંસાર ફળે, આ રાગ ફળે, આ ધૂળ મળે. આ શેઠાઈ જે કહેવાય દુનિયાની, દુનિયાની એ મળે પણ શ્રેષ્ઠતા ચૈતન્યની એનાથી મળે નહિ. અને શેઠિયા-બેઠિયા પણ પુણ્યના વૈભવને લઈને મળ્યા અને પૂર્વે પુણ્યના અહંકાર કર્યા હતા. એટલે વૈભવ ટાણે પણ એની ચેતના અહંકારમાં દોરાઈ જશે. જો રાગનો ત્યાગ કરીને ચૈતન્યનું ભાન નહિ કરે તો. શું કીધું? પૂર્વે જ્યારે એણે રાગના મંદતાના દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ કરેલા એનો અહંકાર હતો કે આ મારું કર્તવ્ય છે. એવા પુણ્યના ફળમાં બંધ પડ્યો અને બંધના ફળમાં ધૂળ મળી બહારની, રાજ અને શેઠાઈ જેને દુનિયા કહે છે, એના એને અભિમાન થયા વિના રહેશે નહિ. અમે શેઠિયા, અમે રાજા, અમે મોટા, અમે મોટી સંપદાવાળા. ધૂળેય નથી. સાંભળને! એ તો માટી બધા વિષ્ટાના પોટલા છે. ચંદુભાઈ! આકરા હોં!

એક ફેરી ઓલા દરબાર આવ્યા હતા ને, દરબાર. કૃષ્ણકુમાર વ્યાખ્યાનમાં. ભાવનગર દરબાર. પછી કહે, વાત નિકળતા નિકળતા કહ્યું, આ તો મહારાજ એમ કહે છે, થોડું માંગે એ નાનો માંગણ, ઝાઝું માંગે એ મોટો માંગણ—ભિખારી. મહિને પચાસ જોવે એ થોડો માંગણ, પણ મહિને પાંચ લાખ જોવે અને બાર મહિને સાંઈઠ લાખ (જોવે છે), મોટો ભિખારી (છે). સમજાણું કાંઈ? અરે..! આ તો કહે રાજા પણ ભિખારી. ભિખારીના બાપ છે ઈ બધા. બાપેય ન હોય કદાચ ભિખારીનો, સારો પણ હોય. સમજાણું કાંઈ?

અહીં ચૈતન્યની બાદશાહીના ભાનમાં આ રાગનો શુભનો કણ ઉઠે એની અભિલાષા નથી. તો એના ફળમાં પુણ્ય અને એના ફળમાં ધૂળ, એની અભિલાષા ધર્મીને ધર્મની ભાવનામાં હોતી નથી. સમજાણું કાંઈ? આહા..! આ પૈસા તો પ્રાણ કહેવાય છે. નહિ? શું કહેવાય છે? અગિયારમો પ્રાણ. ધન અગિયારમું પ્રાણ. અનાજ અગિયારમો પ્રાણ અને પૈસો બારમો પ્રાણ. લ્યો ઠીક. પૈસો બારમો. કારણ કે પૈસાથી અનાજ મળે અને અનાજથી આ શરીર પોષાય. ભારે પણ ઊંધે રસ્તે. પ્રાણ છે બાપા! પૈસો ન હોય તો મરી જઈએ. નિર્ધન સદા દુઃખી. નિર્ધન સદા દુઃખી, સધન સદા સુખી. ધૂળમાંય નથી, સાંભળને.

ચૈતન્યના આનંદકંદનું ધન જેણે અંતરમાં (પ્રાપ્ત કર્યું), પુણ્યના વિકલ્પની રુચિને છોડી અને જ્ઞાનની દશાના આનંદમાં ઝુકાવ કર્યો છે એવો કણ પણ જેને, અકષાયની દૃષ્ટિ અને સ્થિરતા થઈ એ જગતમાં સધન છે. બાકી બધા રાંકા અને ભિખારી છે. એમ હશે? જયંતિભાઈ! વાત પણ.. કોરડા આકરા પડે છે માણસને, હોં! એમાં ઉઘાડા શરીર હોય ને કોરડા પડે

માથે. લુગડા હોય તો તો ઠીક માથે. એટલો તો ઝાલે. અરે.. ભગવાન! તેં તારા તત્ત્વની સાચી વાતું સાંભળી નથી. એ કોરડા મારે છે અહીં તો ધર્માત્મા જ્ઞાની. અરે..! તું ક્યાં ગયો? રાગની ક્રિયાની પામરતામાં તું પ્રભુતા કરવાનું માની રહ્યો છો? રાગના શુભ પરિણામ તો પામરતાના પરિણામ છે. એનાથી પુણ્ય બંધાય અને એમાંથી ધૂળ મળે. એ પામરતામાં પ્રભુતા ભાળી રહ્યો છો? એ પામરતાની પાર (નોખો) અંદર ચિદાનંદ ભગવાન છે એની શ્રદ્ધા ને જ્ઞાન ને પ્રભુતાને પ્રગટ કરતો નથી. એને દર્શન, જ્ઞાન, ચારિત્ર—આત્મા આનંદમૂર્તિ એની પ્રતીતિ અંતરમાં, આત્માનું જ્ઞાન સ્વસંવેદન, સ્વસંવેદનજ્ઞાન અને ચારિત્ર નામ સ્વરૂપના આનંદમાં રમવું, એની એક પરિણતિરૂપ જ્ઞાનચેતના. ત્રણેને ભાઈ, જ્ઞાનચેતના કીધી.

રાગ પુણ્ય છે ઈ કર્મચેતના. વિકારી ભાવનું ચેતાવું. એ સંસારનું કારણ. એનાથી રહિત ભગવાન આત્મા ચિદાનંદની અખંડ મૂર્તિ એની પ્રતીતિ અનુભવમાં વેદીને..

વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવૈ વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજૈ, અનુભવ તાકો નામ.
અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

ભગવાન આત્મા, એ પુણ્ય-પાપની વૃત્તિઓથી ખસી અને આત્માના આનંદનો અનુભવ, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એવી જ્ઞાનચેતનાને વિકારના પુણ્યની રુચિની આડમાં કોઈ દિ' સ્પર્શતો નથી અને પામતો નથી. અધર્મમાં પડ્યો ચાર ગતિમાં રખડશે. હા આવે છે ને? હા. ભાનુભાઈ!

'**જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' એમ નથી કહ્યું અહીં કે કર્મનું જોર હોય તે આત્મા જ્ઞાનચેતના કેમ પ્રગટ કરી શકે? અરે.. ભગવાન! કર્મ-ફર્મ રહ્યા જડમાં. તારા ચૈતન્યના અંદર કર્મ ક્યાં છે? એ તો નાસ્તિ છે. વસ્તુ વસ્તુમાં છે અને પર વસ્તુ તેનામાં નથી. ભગવાન ચિદાનંદ સ્વતંત્ર અનાદિઅનંત છે. કર્મના રજકણો ભલે હોય, એ તો માટી-ધૂળ છે, અજીવ છે. એ કંઈ ચૈતન્યની સત્તામાં પ્રવેશ કર્યા નથી. એવા ચૈતન્યની સત્તાને જેમણે એક પરિણતિરૂપ જ્ઞાનની દશા કોઈ દિ' પ્રગટ કરી નથી. જરાય કરી નથી. એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી. એ શુભની ક્રિયામાં ધર્મ માનનારા અનાદિથી ત્યાગી થયા, સાધુ થયા.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એક ગ્રૈવેયક છે. ચૌદ બ્રહ્માંડ છે એ પુરુષને આકારે છે અને ખાલી ભાગ ચારે કોર અનંત છે. એના વચમાં ડોકના સ્થાનમાં સ્વર્ગના દેવના વિમાન છે. ત્યાં દરેક જીવ 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. મૂળજીભાઈ! અરે..! ભગવાન! તારા નિધાન ચિદાનંદના તાળા તો ખોલ. એ રાગને આત્માને એક માનીને નિધાનને તાળા માર્યા છે. એને એક વાર રાગથી રહિત સમ્યક્ સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા એવી જ્ઞાનચેતના આ પુણ્ય પરિણામના

રાચનારા, માનનારા અભિમાનીઓ પુણ્યના કરનારા, અભિમાન એટલે પુણ્ય મારું, મેં કર્યું, આનાથી લાભ થશે, એ બધા આત્માના જ્ઞાનની દશાને જરીયે સ્પર્શતા નથી, જરીયે અડતા નથી. ત્યારે શું છે?

'**પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી...**' એ તો પુણ્ય.. પુણ્ય.. પુણ્ય.. પુણ્ય.. ઓહોહો..! સમજાણું કાંઈ? એક ડોશી હતી. તે બિચારી પાણી ભરવા ગઈ હતી. પાણી ભરવા. પછી પાણી ભરવા ગઈ હતી એમાં આવ્યો એક બોકડો. બકરો, બકરો. તરસ્યો બહુ. હવે આ માટલી કાઢીને પાવી આને તો બીજી કાઢવી પડે. હળવે દઈને નાખ્યો કૂવામાં અને ઘરે આવીને વહુને કહે, બાઈજી! આમ કેમ આજે ખુશી છો? અરે..! આજ મેં કર્યા પુનડા, એ જાણે મારા મનડા. આજે એવા પુણ્ય કર્યા... કેવા? એ બિચારો બહુ તરસ્યો હતો અને હું પાણી કાઢી શકુ નહિ. નાખ્યો (પાણીમાં). અરે..! પણ એ તો મરી ગયો હશે. પણ મારો ભાવ તો પાણી પાવાનો હતો. તારા ભાવ મૂર્ખાઈ ભરેલા હતા. અને અમારે પુણ્ય થયા, મારા જાણે મનડા.

એમ અજ્ઞાનીઓ શુભભાવમાં પુષ્કળ પુણ્યના ભારથી મસ્ત થઈ ગયેલા, અમે પુણ્ય કર્યા, અમે ધર્મ કર્યો, અમે બીજા કરતા ઘણા સારા કર્યા. મરી જાઈશ હવે, સાંભળને. તારા પુણ્ય પરિણામ દયાના, અહિંસાના, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને વ્રતાદિના એ પુષ્કળ પુણ્યનો ભાર છે એ તો. આહા..હા...! ભાષા પણ ભારે ભાઈ! '**ભારથી મંથર થઈ ગયેલી...**' મંથર એટલે મંદ, જડ, સુસ્ત. સમજાય છે? દાખલો આપે છેને ત્યાં? ખૂબ લાડવા ખાધા હોય ખૂબ. અને પછી ઉનાળાના દિ' હોય, દૂધપાક અને લાડવા બેય ભેગા ખાધા હોય પાછા. સરખાઈનું દૂધપાક.. અમારે એ થયું હતું ને? લક્ષ્મીચંદભાઈ હતા ને? ખંધાર! અમે અહીં ગટકા ગયા હતા ને, ગટકા. દરબારે કર્યું હતું. બે કરો આજ. મહારાજ આવ્યા છેને. દૂધપાક પણ કરો અને લાડવા (કરો). અને લક્ષ્મીચંદભાઈને જરીક કફ હતો. બેય ઊડાવ્યા એ વખતે. દૂધપાક પણ ખાધો અને લાડવા પણ ખાધા. ગટકા ગયા હતા ને, ગટકા નથી અહીં? લખુભાઈ હતા ને ઈ. પણ શરીર એવું કે કાંઈ થયું નહિ પાછું. ચાલતો હતો. એમ દૂધપાક અને લાડવા ખાધા અને ઉનાળાના દિ' હોય. એ તો નિંદ્રા જ આવે, ઝોલા.

એમ અજ્ઞાની પુષ્કળ પુણ્યના ભારથી આળસુ થઈને મિથ્યાત્વમાં પડ્યા છે, કહે છે. નિંદ્રા આવે છે એને રાગની. આહા..હા..! રાગથી જાણે ધરાઈ ગયા છે. પુણ્ય ક્રિયા, પુણ્ય કરીએ છીએ, આવું પાળીએ છીએ. અમે રોટલા ખાતા નથી, આટલા અપવાસ કર્યા, પેટ મળી ગયા છે. કાંઈ કરતા હશુ એમાં કાંઈ ફળશે કે નહિ? ફળશે, રાગ મંદ કર્યો હશે તો પુણ્ય. ધર્મ-બર્મ એમાં છે નહિ. પણ પુણ્યના બોજાના ભારના વજનથી સુસ્ત અને જડ થઈ ગયા છે, કહે છે. આહા..હા..! વાત આકરી બહુ પણ એમાં. હજી તો આત્મા છે કે જડ છે, પરલોક છે એમ માને નહિ એને આવી વાતું (કહેવી). હવે સાંભળને. એ બધું

ત્રિકાળ સત્ય છે. આત્મા અનાદિઅનંત છે, તેની શક્તિઓ છે, તેની દશા છે, વિકાર છે અને સંયોગ છે, બધું છે. એવી માન્યતા પછી આ રાગની ક્રિયાકાંડમાં મશગૂલ થઈને પડ્યા, કહે છે કે સુસ્ત થઈ ગયા. ઓહો..! મંદ થઈ ગયા છે, આત્માની શક્તિમાંથી. એ જડ થઈ ગયા છે, કહે છે. અરે.. ભગવાન! આ અહિંસાના ભાવ, એમાં મગ્ન તે જડ? પ્રભુ! એ ચૈતન્યનો મૂળ સ્વભાવ નથી. કેમકે હોય તો ટળીને પૂર્ણ દશા આનંદની કોઈ દિ' પ્રગટ ન થાય. પૂર્ણાનંદ પ્રગટ થાય ત્યારે રાગનો ભાગ શુભનો પણ રહેતો નથી. માટે રાગમાં મશગૂલ થઈને રહેનારા ચૈતન્યની જાતને ભૂલીને અચેતન જડ જેવા થયા છે. ભારે આકરી વાત, ભાઈ! ચંદુભાઈ!

બાપુ! કહે છે, એ પુષ્કળ પુણ્યના ભારથી. ઘણા પુણ્ય, ખૂબ.. ખૂબ.. ખૂબ.. હમણાં તો નિવૃત્તિ અમે લીધી છે. દુકાનના ધંધા નહિ, બાયડી, છોકરા કાંઈ નહિ. બસ, હવે તો બધા પરોપકારના જ કામ કરીએ છીએ. અને દયા, નિવૃત્તિ બધા કામ.. એવા ભાવમાં પુષ્કળ ભાવમાં સુસ્ત, મંદ, જડ (થઈ ગયા છે). લાડવા ખાઈને જેમ સૂતો હોય નિરાંતે, એમ ઈ રાગમાં સૂઈ ગયો છે. સમજાણું કાંઈ? એને ચૈતન્યની જાગૃતિ નથી. એવા '**ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા,...**' શું થાશે એને? '**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ...**' આ બહુ તો શેઠાઈ મળશે ને કાં તો સ્વર્ગ મળશે. એ ક્લેશ છે ત્યાં. એ સાધનમાં રાગ થાય એ ક્લેશ છે. બહાર ઈન્દ્રાણી મળી ને આ પુણ્ય કર્યા હતા અમે. ઈન્દ્રાણી ન્યાં અમને મળી. ઈન્દ્રાણી મળીને? ક્લેશ.. ક્લેશ.. ક્લેશ. રાગ એ પુણ્યના ફળ ક્લેશ છે. એમાં ક્યાંય શાંતિ અને આનંદ છે નહિ. દેવલોક આદિ શબ્દ છેને? એટલે દેવલોક.. સ્વર્ગ છે, સ્વર્ગ હોં! વસ્તુ છે, હોં! નથી એમ નહિ. ઈ અત્યારે આપણે ક્યાં એ બધું સિદ્ધ કરવા જઈએ. આપણે તો એકલા તત્ત્વની અત્યારે વાત છે. બાકી નરક, સ્વર્ગ આદિ બધી ગતિઓ, એના સિદ્ધાંતો લોજીક, ન્યાય, યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. એમને એમ માનવું એમ નથી.

અહીં કહે છે કે ભગવાન આત્મા એવા શુભભાવમાં મસ્ત થઈ ગયેલો દેવલોક સ્વર્ગ, શેઠાઈ, રાજા આદિ.. આદિમાં એ નાખવું. ખમા, ખમા થાય. પાંચ પાંચ કરોડની ઊપજ. આહા..હા..! સુંવાળા શરીર માખણના. આમ મોજા મખમલના પહેરે તો આમ જાણે ચામડીમાં અંદર લાલ જેવું થઈ જાય. પહેરતા એની કોર નડે ને? કોર. એ કોર રહે ત્યાં લાલપ થઈ જાય. એવા તો પુણ્યના ફળ મળે. ક્લેશ, ક્લેશ. દામોદરભાઈ! શું હશે આ? તમને બધાને સુખિયા કહે છે માણસ. લ્યો વાતું કરે છે. ધૂળમાંય નથી સુખ. કોણ કહે છે? જસાણીને કહેતા હતા એક જણ નહિ? એક આવ્યા હતા ઓલા. એમના વેવાઈ આવ્યા હતા, મોહનભાઈના વેવાઈ. અમારે જસાણી સુખી છે. વાત તો સાચી લાગે છે. આ ગાંડે ગાંડાના વખાણ કરે છે. પૈસાથી સુખી છીએ. એ કો'ક હતું. ભાઈ, ઈ તમારે બોલતા હતા ને. એક ફેરી ન્યાં સોનગઢ આવ્યા હતા. મોહનભાઈ બેઠા હતા. જસાણી અમારા વેવાઈ સુખી છે. સુખની

વ્યાખ્યા શું કરવી? સુખ શબ્દ છે, પણ એની વ્યાખ્યા? પરાધીન સ્વપ્ને સુખ નથી. એ બહારની ચીજોમાં વૃત્તિ જાય છે કે આ સુખી છે, એ પરાધીન વૃત્તિ છે. ક્લેશ છે, ક્લેશ છે. ભાનુભાઈ! આ બધા તમને સુખી કહે ને, એ બધા મૂઢ છે, એમ કહે છે અહીં તો. સાચી વાત હશે?

મુમુક્ષુ :— .. ખરાને.

સમાધાન :— ... સુખી હોય એને સુખી કહે, તો મૂઢ કહેવાય કેમ એને? આ તો સુખી નથી, દુઃખી છે અને સુખી કહે એનું નામ મૂઢ છે. આ પુણ્યના ફળનું વર્ણન ચાલે છે, હોં! કે કાંઈક કરશું પુણ્ય ને, તો કાંઈક ફળ તો આવશે. કાંઈક તો પામશું ને સારું. કહે છે કે સ્વર્ગ ને શેઠાઈ ક્લેશનું કારણ છે. કારણ કે એ પુણ્યભાવ જ આકુળતાનું કારણ છે. એ આકુળતાનું નિમિત્ત પામીને બંધન થયું પુણ્ય પરમાણુ, એનો જ્યારે પાક આવ્યો તો ઢગલા લક્ષ્મીના (થયા). પાંચ પાંચ કરોડ ને દસ દસ કરોડ, આમ જુઓ તો અણધારી દીકરીઓ એવી પાકે, દીકરા એવા પાકે, વેવાઈ એવા મળે સરખાઈના, ચારે કોર વેવાઈ ને વેવલા પણ એવા મળે એને. ઓહો..હો..! બે શબ્દ હોય કે નહિ એકસાથે? ખાટલો-બાટલો, એમ વેવાઈ ને વેવલા. મોહનભાઈ! .. પણ એ બધા વેવાઈ ને વેવલા બધા ધૂળ છે કહે છે. એ તારા સરખાઈ મળ્યા, અમને બધી સરખાઈ છે. એક જણો કહે. બધી દીકરીઓ સારે ઠેકાણે વરી છે. છોકરા સારે ઠેકાણે વર્યા, હવે મરીએ તો સંતોષ છે. મૂરખ છો મૂરખ. આ સંતોષ છે હવે અમારે. હવે અમારે કાંઈ અધૂરું રહ્યું નથી. બધા તારા અધૂરા રહ્યા. હવે સાંભળને. તારી લીલી વાડી બાળીને ચાલ્યો જાય છે. ઘણા એમ કહે, લીલી વાડી રાખીને મરી ગયો હોં ડોસો. ભાનુભાઈ! પૈસા મૂકી ગયો. લીલી વાડી રાખીને (ગયો). બળીને ગયો પણ. સાંભળને! બાળી નાખ્યા એના પુણ્ય લઈને આવ્યો હતો ઈ. એને તું કહે છે કે લીલી વાડી મૂકીને ગયો.

અહીં તો શુભભાવ એના ફળરૂપે સ્વર્ગ અને શેઠાઈ (મળે) એ ક્લેશની પ્રાપ્તિની પરંપરા (છે). પાછી પરંપરા. એકલી નહિ. ત્યાંથી નિકળીને સ્વર્ગમાંથી નિકળીને માણસ થાય તો ક્લેશ. રાજા થાય તો ક્લેશ. નિર્ધનતાની અહીં વાત નથી. એવા '**પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.**' લ્યો આવા શુભના પરિણામમાં ધર્મ માનનારા એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અનંત કાળના સંસારના દરિયામાં ડૂબી રહ્યા છે.

'**કહ્યું પણ છે કે—જેઓ ચરણપરિણામપ્રધાન છે...**' શું કહે છે? જેનામાં શુભભાવની ક્રિયાકાંડના પરિણામ જ મુખ્ય છે એને જેણે ધર્મ માન્યો છે. '**સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે,...**' પણ એ રાગ રહિત ચિદાનંદ સ્વસમય આત્મા શુદ્ધ આનંદકંદના અંતર વેપારથી રહિત છે. એ રાગના વેપારથી સહિત છે. '**તેઓ ચરણપરિણામનો સાર...**' એ શુભ પરિણામમાંથી નીકળીને શુદ્ધતામાં આવવું એ જાણતો નથી. '**જે નિશ્ચયશુદ્ધ (આત્મા)**

**તેને જાણતા નથી.**' આ વ્યવહારની વાત કરી. સમજાણું કાંઈ? વ્યવહારના ગાણા ગાનારા મૂઢ છે એમ કહ્યું. સમજાણું કે નહિ આમાં? ભાનુભાઈ! જેને તમે માનો ને આ મહાવ્રત પાળે છે ને આ કરે છે ને આ કરે છે. કહે છે કે એ ધૂળ છે. આહાહા..! હવે જરી નિશ્ચયની થોડી.. દસ મિનિટ છેને. આ વ્યવહારની વાતું કરી.

'**હવે, જેઓ કેવળનિશ્ચયાવલંબી છે,...**' એકલો આત્મા.. આત્મા.. આત્મા કરનારા પણ આત્માની અંતર દૃષ્ટિ ને અનુભવ નહિ કરીને અને ક્રિયાકાંડના કાળે એને દયા, દાન આદિના પરિણામ શુભ આવે એને કરતો નથી. અમે તો આત્મા છીએ. અમારે શુભ પરિણામ કરવાની જરૂર નથી. એવા નિશ્ચયના ભાન વિનાના અને વ્યવહારના પરિણામને છોડી દઈને મિથ્યાદૃષ્ટિ અશુભભાવમાં જોડાઈ જાય છે એ પણ ચાર ગતિમાં રખડનારા છે. સમજાણું કાંઈ?

ધર્મીને આત્માના ભાનપૂર્વકની શ્રદ્ધા-જ્ઞાનની રમણતામાં એને યોગ્ય શુભભાવ આવે એને બરાબર આચરણમાં મૂકે વ્યવહારથી એમ કહેવામાં આવે. એને જાણે કે આ પુણ્યબંધનું કારણ છે. મારા સ્વભાવમાં એકાગ્રતાનું કારણ નથી. પણ હું નબળો છું દશામાં (એમ) ભાન હોવા છતાં તેથી આવા શુભની પરિણતિ ભૂમિકા અનુસાર દયા, ભક્તિ, દાન, પૂજા ભાવ શુભભાવ આવે. એને ધર્મી પુણ્યબંધનું કારણ જાણે. હેય જાણીને એમાં વર્તે.

આ નિશ્ચયાવલંબી, અમે આત્મા છીએ, આત્મા (છીએ), હવે અમને શુભ પરિણામની જરૂર નથી. સમજાણું કાંઈ? '**નિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા...**' શુભ પરિણામ, જેનો આદર નથી. અને નિશ્ચયને આત્માના ભાનને કર્યું નથી. '**આંખો અર્ધી વિંચેલી રાખી...**' જાણે ધ્યાન કરીએ છીએ આમ. એ પણ જડ છે. એની ભૂમિકા અનુસાર નિશ્ચયના ભાનપૂર્વક અનુભવપૂર્વક એને ભૂમિકા અને મુનિવ્રત આદિ જે છઠ્ઠા ગુણસ્થાનમાં સંતો હોય છે એને આત્મદશાનો અનુભવ હોવા (છતાં), નિર્વિકલ્પનું ભાન હોવા છતાં એને પંચ મહાવ્રતના—અહિંસા, સત્ય, દત્તના પરિણામ આવ્યા વિના રહેતા નથી.

અને અહીં નિશ્ચયનું ભાન નથી અને શુભ પરિણામને કરતો નથી. એટલે એને સરવાળે અશુભમાં જાવું છે. સમજાણું કાંઈ? એ શુભભાવથી નિવર્તેલા એટલે શુભભાવને કરવાના કામી નથી અને નિશ્ચયનો અંતર અનુભવ થયો નથી. '**આંખો અર્ધી મિંચેલી રાખી...**' એક જણો મળ્યો હતો, એક જણો. વાણિયો હતો, હોં! બહુ વાંચેલું. સોળ કલાક મસ્ત રહું છું. વાહ! શું છે? અમારે તો સદા શુદ્ધઉપયોગ જ હોય છે. ગાંડપણું થયું લાગે છે આને. પછી એક વાર તો ત્યાં સુધી મસ્તીએ ચડી ગયેલો કે આ કુંદકુંદાચાર્યની તમે વાતો કરો એ તો મારી પાસે અનેક વાર આવી જાય છે. ઓહો..! પાવર ફાટ્યો લાગે છે આને, કીધું. વાણિયો હતો વાણિયો, હોં! નામ ન લેવાય. સમજાણું કાંઈ? અને ખાઈ-પીને મસ્ત. આમાં આગળ લે છે. જાડા શરીરવાળા લે છે. ઓલી કોર છે. છે ને ઓલીકોર. '**જાડા શરીરને લીધે...**' ઈ જાડા શરીરની વાત નથી. જાડા શરીરવાળા '**ઘી-સાકર-ખીર ખાઈને**

**તૃપ્તિ પામેલા (—ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (—મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા,...'** જાડું શરીર હોય એવા નહિ. પણ જાડા શરીરવાળા જેમ સુસ્ત અને અજ્ઞાનમાં પ્રમાદમાં મસ્ત રહે છે એવી જડતા. નિશ્ચયની દૃષ્ટિનો અનુભવ નથી અને શુભ પરિણામને (જોઈને કહે છે), એ વિકલ્પ, એ વિકલ્પ, એ વિકલ્પ (છે). એમ કરીને શુભને પણ છોડે છે. એ '**જાડા શરીરને લીધે જડતા (—મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા,...'** જડતા ઊપજી હોય એવા. પ્રમાદના પોટલા અંદર જાણે. હોય નહિ કાંઈ હોં! નિર્વિકલ્પ-ફિર્વિકલ્પતા કાંઈ. આમ મંદ કાંઈક દેખાય, બહારની પ્રવૃત્તિમાં (ઉથલપાથલ ન દેખાય). અમે અંદર નિર્વિકલ્પની એકાગ્રતા કરીએ છીએ, અમે આત્માની પરિણતિ શુદ્ધ કરવા માંગીએ છીએ. સમજાણું કાંઈ? એવા નિશ્ચયાભાસી, નિશ્ચયના ભાન વિનાના અને વ્યવહારના શુભ પરિણામ યથાયોગ્ય વિનય, દયા, દાન, સ્વાધ્યાય આદિ જે ભાવ જોઈએ એ કરતો નથી. એને તો અહીંયા પ્રમાદી જડમાં નાખ્યા છે. એ પણ ચાર ગતિમાં રખડનારા છે. સમજાણું કાંઈ?

'**આંખો અર્ધ-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને...'** કલ્પના કરે, કાંઈક પ્રકાશ દેખાય છે ને કાંઈક આમ થાય છે. ધૂળેય નથી, સાંભળને. હજી રાગ અને પુણ્યની ક્રિયા શું, ચૈતન્ય શું, દ્રવ્ય-ગુણ શું, પર્યાય શું, વસ્તુ શું એના જ્યાં જ્ઞાન જ થયા નથી. એને નિશ્ચયમાં આમ ધ્યાન કરીએ ત્યારે અમને આમ દેખાય છે. શું દેખાય છે? બહુ ધોળું ધોળું દેખાય છે. ધોળા તો જડ છે.

એક જણો કહેતો હતો. (સંવત) ૧૯૭૬ની સાલમાં. ૭૬ની સાલમાં. ૪૨ વર્ષ થયા. મહારાજ! હું ધ્યાન કરું ને ત્યાં કર્મના પરમાણુ આમ અંદરથી ધોળા ફરતા દેખાય છે. એક વાત છે. સમજાય છે? ઘણા પરિચયમાં આવેલા હોય ને. ના, માણસ સારો હતો, હોં! નરમ માણસ. આમ ઉદ્ધત કે એમ નહિ. આમ કરું છું ને ત્યારે અંદરમાં ધોળા કર્મના પરમાણુ ખરતા દેખાય છે. કીધું, પરમાણુ દેખાય નહિ એમાં. સમજાણું કાંઈ? અંદર આમ દેખાય છે. બાપા! કાંઈક ભ્રમણામાં ચડી ગયા છે. આ એમ ન હોય. આ તો ૭૬ની વાત છે, હોં! ધ્રાંગધ્રાની. ૪૨ વર્ષ થયા. સમજાણું આમાં? ઘણી જાતના માણસો આવ્યા ને ઘણાની પ્રકૃતિના સ્વભાવ શું છે એ પણ જોવામાં આવ્યા હોય. માથા દીઠ પ્રકૃતિ, બોલણી, પ્રકાર, સ્વભાવ શું. બાપુ! એમ ન હોય. પરમાણુ ઝીણા ખરતા તો અવધિજ્ઞાની જોવે. જેને અવધિજ્ઞાન થયું હોય, આત્મજ્ઞાન ઉપરાંત મર્યાદિત જડને જોવાનું જ્ઞાન. એને અંદરમાં રજકણ જણાય. આવા મતિ અને શ્રુતમાં રજકણ ઝરે એ દેખાય નહિ. આત્માને એવા ભ્રમણામાં કેટલાક ચડ્યા (હોય).

હમણાં એવું આવ્યું ને, આ મહારાજ નિશ્ચયની બહુ વાતું કરે છે. એટલે હવે આપણે કરો ધ્યાન. શેના પણ ધ્યાન? સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શનના ભાન વિના ધ્યાન ત્રણ કાળમાં

હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એક જણાને પૂછ્યું હતું, ત્યાગી બાઈ હતી. નહિ, આદમી હતો. એવો પડિમાધારી નામ ધરાવતો. પ્રભુ નામ હતું એનું. પડિમાધારી. આત્મા કેવો? આત્મા હોય પહેલો રાતો. રાતા લુગડા પહેરેને. આ બ્રહ્મચારી સાત પડિમાવાળા. પછી થાય ધોળો. આ પડિમા લઈને બેઠેલા. અમે પડિમાધારી છીએ અને શ્રાવક છીએ. પહેલો કેવો આત્મા? કે પહેલો રાતો. રાતા લુગડા પહેરેને, બ્રહ્મચારી થાય ને. દિગંબર બ્રહ્મચારી રાતા (લુગડા પહેરે). પછી? પછી હોય ધોળો રાતા લુગડા છોડી દે. એલા પણ રાતો અને ધોળો તો જડની દશા છે. આત્મામાં રાતો અને ધોળું હતું કે દિ'? એ તો અરૂપી ચિદ્દ્ઘન આનંદકંદ છે. એ તને આમ ભાસે કાંઈક એ કલ્પના છે.

એ સ્વમતિએ '**અવલોકીને યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ---જેમ સુખ ઊપજે તેમ---રહે છે),...**' એવા '**ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા,...**' શુભભાવ જે વ્યવહારે દયા, દાન, વ્રત, વિનય જે જોઈએ, સ્વાધ્યાય, એવા ભાવને છોડી દે છે, તિરસ્કાર કરે છે કે નહિ, એ નહિ. નથી થયો નિશ્ચય, નથી થયો શુભ. અશુભમાં આવીને પ્રમાદમાં આવીને નરકમાં કે નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

કહ્યું હતું ને એક ફેરી? એક સાધુ આવ્યો. પહેલા સ્થાનકવાસી હતો, પછી દેરાવાસી થયેલો. પછી ચોમાસુ ન્યાં હતું. પછી આવ્યો. મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું હતું. બસ, નિશ્ચયવંતને હવે માંસ ને દારૂ હોય તો શું પાપ છે એમાં? પાવર ફાટી ગયા લાગે છે આને ઊંધા. નિશ્ચય જેને ભાન થયું, પછી પરસ્ત્રી હો, દારૂ હો, એ તો પરદ્રવ્ય છે. વાત કોણ ના પાડે છે કે પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ખાવાનો ભાવ કરે છે કોણ? માંસ ખાવાનો, દારૂ પીવાનો, (ભાવ કોણ કરે છે?). અમારે નિશ્ચયમાં એ નડે નહિ. મરી જાઈશ પણ. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાતા-દૃષ્ટાના ભાન વિના નિશ્ચય-નિશ્ચય પોકારે અને ઓલા રાગની શુભની ક્રિયાનો (તિરસ્કાર કરે). ગમે તે ખાઈએ, ગમે તે પીએ, પરદ્રવ્ય ક્યાં આત્માને નુકસાન કરે છે? સમયસારમાં કહ્યું છે કે ભોગ ભોગવ. પરદ્રવ્યની શંકા શું કરવા કરે છે? એ ભોગવવાનું કહ્યું નથી. સાંભળને.

કહે છે કે પરદ્રવ્યથી મને નુકસાન થાય, છોડી દે દૃષ્ટિ, જ્ઞાનમાં લાવ. અને પરદ્રવ્યને ભોગવવાની વૃત્તિ એ વિકાર છે, બેકાર છે, આત્માની શાંતિ માટે નથી એમ નક્કી કર. નથી કરતા નિશ્ચયમાં અને નથી આવતા શુભમાં. જોકે શુભમાં આવે તો કંઈ ધર્મ તો છે નહિ. અહીં તો નિશ્ચયાભાસી લુખ્ખાલહ જેવા થઈ ગયા. ભગવાનની ભક્તિ, પૂજા, બહુમાન, વિનય, શાસ્ત્ર સ્વાધ્યાય ક્યાંય પણ વાંચન ચાલે, પ્રશ્ન-ઉત્તર થાય (એમાં) મન પરોવે નહિ. એમ જાણે કે અમે તો બસ અંદર શુદ્ધ પરિણતિમાં જવા માંગીએ છીએ. એકાગ્રતા કરવા માંગીએ છીએ. ધૂળમાંય એકાગ્રતા નથી ત્યાં. સમજાણું કાંઈ?

કહે છે કે ભિન્ન સાધ્યને.. રાગ એ વ્યવહારે સાધન. અભિન્ન ત્રિકાળ શુદ્ધ આત્માનું નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન એ નિશ્ચય સાધન. એમાં વ્યવહારનો તિરસ્કાર કરતાં નિશ્ચયના ભાન વિનાના **'અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા,...'** નિશ્ચય સ્વરૂપ ભગવાન રાગથી ભિન્ન એની દૃષ્ટિનો અનુભવ અને પૂર્ણ સાધ્ય તેનું ધ્યેય, એમ પ્રગટ કરતા નથી અને એકલા વ્યવહારનો તિરસ્કાર કરીને નિશ્ચયના આંગણે આવતો નથી. એ **'અંતરાળમાં જ (—શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ....'** જેવા પડ્યા હોય. કાંઈ અંદર જ્ઞાનમાં કામ થાય નહિ, અંતર એકાગ્રતા થાય નહિ અને શુભ રાગ આવતા કહે, એ નહિ, એ નહિ. એ વિકલ્પ છે. એટલે પ્રમાદ જેવો અશુભભાવ એને વર્તતો હોય છે. એનાથી આત્માને સુગતિ પણ મળશે નહિ અને દુર્ગતિ મળશે. સમજાણું કાંઈ? છે ને ઈ?

**'આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા,...'** એ મૂર્છિત જાણે થઈ ગયો હોય, **'સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા (—ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (—મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારૂણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા,...'** સમ્યક્જ્ઞાનની કળા શું છે એના ભાન વિના મૂઢ થઈ ગયા. શુભભાવનો આદર નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન નહિ. શ્રીમદ્દે કહ્યું છેને ન્યાં? નથી કહ્યું ઓલામાં? પામે નહિ સિદ્ધત્વને.

ઉપાદાનનું નામ લઈ એ જે તજી નિમિત્ત,
પામે નહિ સિદ્ધત્વને રહે ભ્રાંતિમાં સ્થિત.

અમારે હવે દેવ-ગુરુ-શાસ્ત્રનું શું કામ છે? પણ હજી તને ભાનેય નથી. અને દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયના ભાવને છોડી દે, દશા શું તારી થાશે? ન્યાલભાઈ! આ બેયની વાતું છે હોં! બેય તરફની. એટલે કહે છે કે એવા થયેલા **'જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે...'** ચૈતન્યની જાતની શક્તિ તીવ્ર બિડાઈ ગઈ છે. નથી જેને નિશ્ચયનું ભાન, નથી જેને વ્યવહારના રાગમાં પુણ્યબંધમાં આવવું એટલું પણ. તીવ્ર બિડાઈ ગઈ. એ પણ ચાર ગતિમાં રખડનારા છે.

ધર્મીજીવ આત્માના આનંદની શ્રદ્ધા, જ્ઞાનનો વિકાસ કરતો અને એ ભૂમિકા પ્રમાણમાં દયા, દાન, વિનયનો ભાવ લાવતો એ નિશ્ચયને, વ્યવહારને બેયને જાણે છે કે આમ છે. સમજાય છે કાંઈ? નિશ્ચય એકલું છે અને વ્યવહાર ન હોય એમ હોઈ શકે નહિ. કર્તૃત્વબુદ્ધિ નથી. હોય છે. બેની સંધિ કરતો આગળ વધીને એ ક્રિયાકાંડના આડંબરના પરિણામ છોડી સ્વરૂપમાં ઠરીને કેવળજ્ઞાન પામીને મુક્તિએ જાય છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ ૧૨, સોમવાર, તા. ૨૧.૪.૧૯૫૨
ગાથા-૧૦૩, ૧૦૪ પ્રવચન-૧૩

આ ૧૦૩મી ગાથા ચાલે છે. મોક્ષપદને પામે છે એનો ખુલાસો કરે છે. અનાદિ જીવ સંસારમાં અજ્ઞાન અને રાગ-દ્વેષથી રખડે છે. એનો વિવેક જ્ઞાન થતાં, વિવેક જ્ઞાન એટલે એ રાગ-દ્વેષ અને અજ્ઞાન એ તો ક્ષણિક છે, મારું ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ આનંદ છે. મારે અને પરપદાર્થ સાથે કાંઈ પરિણતિની પર્યાય સાથે કાંઈ સંબંધ નથી. મારી જોડે રહેલા પદાર્થોની પણ ક્ષણે ક્ષણે જે પર્યાય ને પરિણતિ થાય છે એનાથી કાંઈ મને લાભ-નુકસાન નથી. મારા સ્વભાવ અને મારા ક્ષેત્રમાં મને જે કંઈ હિતાહિતનું કર્તવ્ય હોય તો મારા સ્વભાવમાં છે. એમ પરથી ભિન્ન પાડી અને વિકારરહિત અને આકુળતારહિત મારું અંદર ચૈતન્ય શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એમ પરથી વિવેક અને વિકારથી વિવેક કરી અને જેવો શક્તિરૂપ સ્વભાવ છે એમાં એકાગ્ર થઈને વ્યક્તરૂપ મોક્ષ કરે છે એને ચતુર્ગતિ રૂપ પરિભ્રમણ દુઃખ હોતું નથી.

દૃષ્ટાંત આપે છે, જુઓ! 'જૈસે પરદ્રવ્ય કે સંબંધ સે જલ તપ્ત હોતા હૈ...' દૃષ્ટાંત છે. જેમ પરદ્રવ્ય રૂપ અગ્નિના સંબંધમાં પાણી પોતાની વર્તમાન લાયકાતની પરિણતિને કારણે તપ્ત નામ ઉષ્ણ થાય છે. સમજાય છે? દૃષ્ટાંત આપ્યો. ભાઈ! જેમ પાણી પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાને કારણે અગ્નિના સંબંધે ઉષ્ણતાને પામે, અગ્નિના સંબંધે આકાશ ઉષ્ણ થતું નથી. સમજાય છે? ત્યાં રહેલો આકાશ, જ્યાં અગ્નિ છે ત્યાં આકાશ છે, અગ્નિ છે ત્યાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ પણ છે. છતાં એ નિમિત્ત ઉષ્ણતા ઉપજાવવામાં નિમિત્ત પણ થઈ શકતું નથી.

એમ પાણી પોતાનો શીતળ સ્વભાવ છે એની વર્તમાન પર્યાયમાં ઉષ્ણતા (થવાની) લાયકાત (છે). એ ઉષ્ણતા વખતે કોઈ ઈન્દ્રિયથી જો એને જોવે તો ત્યાં પાણી ઠંડુ નહિ દેખાય. સમજાય છે કાંઈ? દસ શેર પાણી ઊનું થયું. એને કોઈ એમ કહે ... અનિત્ય ઉષ્ણતા છે. ... તો શીતળતા નહિ જણાય. કેમ કે પાણીનો સ્વભાવ ઈન્દ્રિયગ્રાહ્ય અંતરનો નથી. કોઈ આંખથી નજર કરે તો શીતળતા નહિ દેખાય. એ પાણીને કાન પાસે ખખડાવે તો શીતળતા નહિ જણાય. એ જીભે અડાડે કે પાણી ઠંડુ હશે? એ ઉષ્ણતાને વખતે ઠંડુ નાકથી ન જણાય. તેમ ઉષ્ણતા વખતે એની ઠંડક જીભથી પણ ન જણાય. પાંચ ઈન્દ્રિયથી ન જણાય. મોહનભાઈ! કેમ કે ઠંડો સ્વભાવ છે. એ સ્વભાવ પદાર્થ, પદાર્થ આ પાણી છે માટે સ્વભાવ એનો ઠંડો છે પણ વર્તમાન ઉષ્ણતા છે. એમ ઈન્દ્રિય વિનાનું તર્ક જ્ઞાન નક્કી કરે છે. કહો, સમજાય છે કાંઈ?

એ તાર્કિક અંદર તર્ક ઉઠાવે કે આ પદાર્થ શું છે? આ પદાર્થ શું છે? આ પદાર્થ પાણી

છે. પાણી ઉષ્ણ કેમ? વર્તમાન ઉપાધિ છે ઉષ્ણતાની. નિમિત્તના સંગમાં પાણી વર્તમાન પોતાની લાયકાતથી ઉષ્ણ થયું છે. પણ એનો સ્વભાવ ઉષ્ણ નથી. કઈ રીતે નક્કી કરશે? ત્યારે કે પહેલું પાણી ઠંડુ જોયું હતું માટે. પણ એ તો પાણીનો સ્વભાવ ઠંડો છે એમ નક્કી કર્યું છે એણે. પાણી પદાર્થ ઠંડો છે અને અગ્નિ પદાર્થ ઉષ્ણ છે. એ પાણીના ઠંડા સ્વભાવનો નિર્ણય એ જ્ઞાનસ્વભાવ જ કરી શકે છે. કહો, સમજાય છે કાંઈ? કોઈ બહુ રાગ કરે તોપણ એ નિર્ણય નહિ થાય. ભાઈ! રાગ કરે એમાં પ્રશ્ન એમ આવ્યો કે મનના સંકલ્પમાં ખૂબ રાગમાં જોડાય .... સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિય કાઢીને હવે જરી મન કાઢી નાખીએ છીએ.

પાણીનો ઠંડો સ્વભાવ કોઈ પ્રાણી બહુ રાગ કરે કે ઘણો દ્વેષ કરે કે ઘણી આકુળતા કરે એથી એનો સ્વભાવ જણાઈ જાય એમ ન બને. પણ પાણી એક પદાર્થ છે. અગ્નિથી ભિન્ન પદાર્થ છે. તો પાણીનો સ્વભાવ શીતળ છે. એ ઇન્દ્રિયોથી નહિ અને રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પથી નહિ. કોઈ દયા, દાન, શુભભાવ કરે, શુભભાવ કરે તો પાણીના ઠંડા સ્વભાવનો નિર્ણય થઈ જાય? પાણી પદાર્થ ઠંડો છે એવો ખ્યાલ કરે. ધ્યાન રાખજો, સમજાય છે કાંઈ? પાણી પદાર્થ ઠંડા સ્વભાવવાળો છે એમ ખ્યાલ કરે. ઇન્દ્રિયોથી નહિ, રાગથી નહિ. સંકલ્પ, વિકલ્પથી એનો નિર્ણય ન થાય. નહિતર તો ખૂબ સંકલ્પ, વિકલ્પ રાગવાળા એનો નિર્ણય ખૂબ કરી લે એમ છે નહિ. એક જ્ઞાન જ એનો નિર્ણય કરે છે. હિંમતભાઈ! પાણી ઠંડુ સ્વરૂપ છે. એની ઉષ્ણતા વર્તમાન પોતાની લાયકાતથી છે. અગ્નિ નિમિત્ત છે. ત્રણેનું જેને યથાર્થ જ્ઞાન વર્તે છે તે પાણીના ઠંડા સ્વભાવનો જ્ઞાન વડે નિર્ણય કરે છે. એ પાણી ઉષ્ણતાને છોડીને સ્વકાળ એનો પ્રાપ્ત થતાં શીતળને પ્રાપ્ત થાય છે.

'ઉસી પ્રકાર ભગવત વચનકો અંગીકાર કરકે...' ભગવાન સર્વજ્ઞ આપ્ત પુરુષ. જુઓ! અહીં પાછો શબ્દ 'સમય' લ્યે છે. ભગવાને કહ્યું કે આત્મપદાર્થ છે, આ આત્મપદાર્થ છે. એ વિકાર ત્રિકાળ ન હોઈ શકે. વિકાર તે ક્ષણિક પુણ્ય-પાપ, દયા, દાન, કામ, ક્રોધ એ ક્ષણિક વિકાર છે. એ નિમિત્ત કર્મ છે અને વિકાર થવાની જીવની લાયકાત છે તો કરે છે. અને એ વિકાર ત્રિકાળ સ્વભાવમાં નથી. વિકાર કોઈએ કરાવ્યો નથી અને એ વિકારની પરિણતિ સ્વભાવમાં નથી. એવો નિર્ણય ભગવત વચન અને પોતાના જ્ઞાનમાં આત્મપદાર્થનો એ અર્થસમય આત્મા છે, એનો શબ્દ નિમિત્ત, પદાર્થ અને જ્ઞાનસમયમાં સ્વભાવજ્ઞાન દ્વારા નિર્ણય કરે. અહો..! મારી શાંતિ, મારું સુખ એ મારામાં છે. કારણ કે આપદા અને આકુળતા તો ક્ષણિક છે. એ આત્મસ્વભાવ નથી. એ આત્મસ્વભાવ નથી. એ આત્મસ્વભાવ ઇન્દ્રિયથી નિર્ણય થઈ શકે એમ નથી.

જેમ પાણીનો સ્વભાવ ઠંડો પણ ઇન્દ્રિયથી નિર્ણય થઈ શકે એવો નથી. એમ સંકલ્પ વિકલ્પથી નિર્ણય થઈ શકે એવો નથી. 'ભગવત વચનકો અંગીકાર કરકે જ્ઞાની જીવ...' સમજાય છે? '....કર્મ વિકાર કે આતાપકો નષ્ટ કર...' જડ કર્મ જોડે નિમિત્ત છે. મારી લાયકાત આતાપ

અને આકુળતા થવાની સમયની લાયકાત છે. આતાપ એનું સ્વરૂપ નથી. આત્માનું આતાપ એ (સ્વરૂપ નથી). જેમ પાણીનું ઉષ્ણ સ્વરૂપ નથી. પાણીનું સ્વરૂપ ઠંડુ છે. એમ આતાપ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પની લાગણી પરિણતિ જે વિકાર એ મારો સ્વભાવ નથી, કાયમનો સ્વભાવ નથી. એમ કર્મના વિકારના આતાપને નષ્ટ કરીને. જેમ પાણી ઉષ્ણતાનો નાશ કરીને, એમ જીવ પોતાના સ્વભાવનું જ્ઞાન કરી. શીતળ સ્વરૂપ, શાંત સ્વરૂપ જેની મહત્તા અને મોટપ તો ગાંસડી તું પોતે જ છો. ભગવાન આવા, તીર્થંકરો આવા, સર્વજ્ઞો આવા, સંતો આવા એના જે તું ગાણા ગા છો, એ જે માર્ગે અંતરમાં પેઠા એ માર્ગ તારામાં તારી પાસે છે.

જેટલા અનંતા કેવળીઓ, સંતો, મુનિઓ થયા એ વસ્તુના સ્વભાવને બહિર્મુખથી દૃષ્ટિ છોડી અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિ કરી આતાપ નાશ કરીને શીતળતાની પ્રાપ્તિ કરી છે. આતાપ નામ સંસારનો વિકાર નાશ થઈ, સ્વભાવિક શીતળતા શાંત આનંદ છે એને પ્રગટ કરીને મુક્તપણું પામ્યા છે. એ કોઈ કોઈને કારણે પામતા નથી. કોઈ કારણે પામ્યા નથી અને હું પણ બહારને કારણે પામી શકુ એવું મારું સ્વરૂપ નથી. એમ નક્કી કરવા ભગવતવચનને અંગીકાર કરીને. સ્વચ્છંદીઓના, અજ્ઞાનીઓના, એકાંતીઓના વચન નહિ. સમજાય છે?

ભગવત થઈ ગયા, ભગવાન થઈ ગયા. ક્યાંથી થયા? જે હતા એમાંથી થયા. વિકારનો આતાપ નાશ કરી શાંત શીતળ અંતર્મુખ જોઈ, બહારની કોઈપણ જગતના પદાર્થની જે કંઈ પરિણતિ થતી હોય એની સાથે મારે કંઈ લેવાદેવા નથી. હું સંસારની આતાપમાં પણ એકલો દુઃખી છું અને આતાપનો અભાવ કરવામાં પણ એકલો સ્વતંત્ર છું. મારા એકલા સ્વરૂપમાં કોઈનું બેકલાપણું કોઈ દિ' થયું નથી. ભાઈ! કહો, સમજાય છે? આવું અંતર ભાન કરી અને 'કર્મ વિકાર કે આતાપ કો નષ્ટ કરી આત્મિક શાંતરસ ગર્ભિત સુખકે પાતે હૈં...' પાણીમાં શીતળતા થઈને. એમ આત્મિક શાંત અનાકુળ શાંત ઠર, ઠર, ઠર અંદરમાં. જ્ઞાનસ્વભાવ તે શીતળ શાંત જ છે.

કોઈ પદાર્થનો પરમાણુ હો કે બીજા સર્વજ્ઞ સાથે બેઠા હો, એ કંઈ આત્માની પરિણતિ--પર્યાય સુધારી શકે એવું નથી. અને કોઈ નિંદા કરનારને, શરીરના ખંડ કરનાર જોડે હોય એ આત્માની સ્વપર્યાયને બગાડવા કોઈ સમર્થ નથી. સમજાય છે? અરે..! ચોથો આરો હોય તો આત્માને જ્ઞાન આપી દે એવું નથી. અને ભગવાન સર્વજ્ઞના સમવસરણમાં બેઠો હો, તારી આતાપ પરિણતિ સ્વભાવના અવલંબન વિના કોઈ રીતે ટળે એવી નથી. જેઠાભાઈ! પણ શું કરવું એને? માણસ કહે છે. આ કરવું.

ભગવાન શું છે? ભગવાન ક્યે માર્ગે થયા? ભગવાને ક્યો માર્ગ કહ્યો? અને તે માર્ગ તેના આત્મામાંથી આવ્યો કે બહારથી આવ્યો? પાણીની શીતળતા પાણીમાંથી આવી કે બહારથી આવી? પાણી જે ઉષ્ણ હતું એ મટ્યું, શીતળ થયું. ક્યાંથી આવ્યું? શીતળતાના અંશો વધવા મંડ્યા અને ઉષ્ણતાના અંશો ઘટવા મંડ્યા અને શીતળતા વ્યક્ત બહાર પૂરી આવી. શેમાં

આવી? એની પર્યાયમાં. ક્યાંથી આવી? અંતર શીતળતામાંથી આવી. શું ટળવાથી આવી? ઉષ્ણતા ટળવાથી આવી. ઉષ્ણતાના સહારાથી નહિ.

એમ જે શીતળસ્વરૂપ ભગવાન આત્મા શાંતરસ ગર્ભિત પ્રભુ ચૈતન્ય છે, અનંત ભગવાનોએ પોતાના અંતર શીતળ સ્વભાવ છે એમાંથી સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાનના અંશો પ્રગટ કરી વિકારના અંશોનો વ્યય થઈ અને પૂર્ણ શાંતરસ ગર્ભિત કેવળજ્ઞાન પામ્યા છે. એ માર્ગ ભગવાને કહ્યો એ શાસ્ત્રમાં છે અને તારા પર્યાયમાં, તારી શક્તિમાં એ છે. આમ સમજીને જે કોઈ આત્મિક શાંતરસ ગર્ભિત.. પહેલો નિર્ણય કર કે આખી દુનિયા ડોલે તોય તારા એક તત્ત્વને લાભ-નુકસાન કરવા સમર્થ નથી. સમજાય છે? અને તું જ્યાં ઊભો છો ત્યાં મુનિઓના ગંજ આવીને પડે, કેવળીઓના હોય અને લાખ ક્રોડ દેહરા થાય અને મહાવિદેહમાં જઈને તને મૂકી આપે પણ તારી પરિણતિની શીતળતા કરવામાં તારું વસ્તુસ્વરૂપ સાધન છે. કહો, સમજાય છે?

એ આતાપ જેણે ઉત્પન્ન કર્યો એ આતાપ ટાળવાની તાકાત (રાખે છે). બીજો કોઈ ટાળવા તાકાત આ જગતમાં છે નહિ. એટલે કહે છે કે પહેલું નક્કી કર્યું કે અહો..! આ સ્વભાવ અતીન્દ્રિય છે. ઈન્દ્રિયોથી આત્મસ્વભાવ કોઈ રીતે નિર્ણય ન થાય. પાણીનો સ્વભાવ જેમ કોઈ રીતે ઈન્દ્રિયથી નિર્ણય ન થાય, એમ ભગવાન ચૈતન્યસ્વભાવ, શુદ્ધ સ્વભાવ, દ્રવ્યસ્વભાવ, કાયમી સ્વભાવ હું પોતે છું, હું કોણ છું? એવો કાયમી સ્વભાવ જાણવા માટે અંતરનું જ્ઞાન જ કામ કરે છે. કોઈ રાગ, વિકલ્પ, પુણ્ય, નિમિત્ત સહારો કે સંતોષ આપતું નથી. એમ નિર્ણય કરી, એમ સ્વરૂપમાં સ્થિર થઈ... અહીં તો પૂર્ણ વાત કરે છેને. આત્મિક શાંતરસ ગર્ભિત. શાંત.. શાંત.. શાંત. ચારિત્રની વાત કરી છે, ભેદજ્ઞાન પછી.

આખી દુનિયા ગમે તે હો, શરીરમાં રોગ હો, પરમાણુ પલટે, કર્મના ઉદયનો વિપાક, બહારમાં પ્રતિકૂળ સંયોગ હો. તો પ્રતિકૂળતાથી અંતર પ્રતિકૂળતા નથી. અને બાહ્ય અનુકૂળતા તે અંતર અનુકૂળતા નથી. છે? અને અંતર અનુકૂળતાથી બહાર પ્રતિકૂળતા કે અનુકૂળતા ટળતી નથી. કારણ કે મારી પર્યાયથી મારું પરિણમન પલટે. એમ મારી પર્યાયથી પરની પર્યાય પલટે એવો સ્વભાવ નથી. એમ પરથી ભેદજ્ઞાન કરી સ્વભાવમાં શાંતિનું અવલંબન અંતર લઈ અને શાંતરસ ગર્ભિત સુખને પ્રાપ્ત કરે છે. શાંતરસ એટલે ચારિત્રરસ સહિત એવા આનંદને પામે છે. એનું નામ મુક્ત કહેવાય છે. એનું નામ મુક્તિ છે. મુક્તિ કોઈ બીજી ચીજ નથી. કહો, સમજાય છે કાંઈ? મોહનભાઈ! આમાં તો પૈસા, લક્ષ્મી, આબરુ કાંઈ ન આવ્યું. આવ્યું કે પર એને કારણે ત્યાં ત્યાં ઊભા છે. મારામાં કાંઈ દોરાવાર એક દોરાવાર પણ હઠે એવું નથી. મારે કારણે એ હઠે એવું નથી અને એને કારણે હું એક દોરાવાર પાછો હઠું એવો નથી. હજાર તીર્થંકરો ઊભા હોય, હજાર કેવળીઓ ઊભા હોય.. સમજાય છે? સમવસરણમાં હોઉં કે ગમે ત્યાં હોઉં, મારામાં મારી પર્યાયની પરિણતિનો દોરો ઓછો કરવો વિભાવથી

અને સ્વભાવની ભરતી લાવવી એ મારે આધીન છે. અંતરને આધીન છે. કોઈ બીજું સાધન છે નહિ. ભાઈ! કહો, સમજાય છે કાંઈ?

એટલે કહે છે, આવું જે અંતર ભાન કરે છે અને પછી ઠરે છે અંતરમાં, એ શાંતરસવાળો આનંદસ્વભાવને પામીને મુક્ત થાય છે. ૧૦૩ ગાથા કીધી.

૧૦૪. 'आगे दुःखों को नष्ट करने का क्रम दिखाते हैं.' આ અધિકાર પહેલો પૂરો કરે છે. હવે દુઃખોને નાશ કરવાનો ક્રમ કહે છે. 'जिस क्रम से जीव संसार से रहित होकर मुक्त होता सो दिखाते हैं.' જે ક્રમે કરીને જીવ સંસારથી રહિત થઈ પોતાની આનંદની દશાને પ્રાપ્ત કરે છે એ બતાવે છે.

मुणिऊण एतदट्ठं तदणुगमणुज्जदो णिहदमोहो।
पसमियरागद्दोसो हवदि हदयपरापरो जीवो।।१०४।।

'જો પુરુષ ઈસ ગ્રંથ કે રહસ્ય શુદ્ધાત્મ પદાર્થ કો જાનકર...' લ્યો, છેલ્લો સરવાળો આ અધિકારનો કરે છે. જે કોઈ આત્મા '**एतद् अर्थं**' આ ગ્રંથના રહસ્ય શુદ્ધાત્મ પદાર્થ. રહસ્ય પંચાસ્તિકાયને તો ઘણું સવારમાં પણ કહેવાણું, કાલે પણ કહેવાણું હતું. છ દ્રવ્યો આમ છે. એનો અર્થ જ વીતરાગતા છે. મોહનભાઈ! સવારમાં નહોતા, નહિ? ભાઈ! નહોતા. આમ છ વસ્તુ છે. એનો અર્થ કે વીતરાગતા. વીતરાગ સ્વભાવે સ્વને જાણતા જાણવું એ છ દ્રવ્ય છે એનું ફળ છે. સમજાય છે કાંઈ? સવારે કહ્યું હતું, મહાસત્તા અને અવાંતરસત્તા બધું છે. આમ કેમ નહિ? આને લઈને નહિ અને નહિ એ નહિ. એવો જે સ્વભાવ જાણવો છએનો એમાં આત્મા પોતે આવીને છનું જ્ઞાન કરે છે. જ્ઞાન જાણનાર.. જાણનાર.. જાણનાર.. એ જાણનારની વીતરાગતા એ છ દ્રવ્યને સમજવાનું ફળ છે. અને છ દ્રવ્ય જાણે એટલે વીતરાગતા જ થઈ. પંચાસ્તિકાયના રહસ્યને જાણ્યું. એમ છેને અહીંયા? ભાઈ!

છે પંચાસ્તિકાય. છે કાળ. સૌને કારણે સૌ છે. એમ જ્યાં થયું એટલે એની દશા પરપદાર્થ તરફ ઢળતી હતી એ ખસી અને સ્વ ચૈતન્ય પદાર્થ તરફ વળી. એટલે પંચાસ્તિકાય અને છ દ્રવ્ય છે, એનું રહસ્ય શુદ્ધાત્મ પદાર્થ તરફ વળે છે. સમજાણું કાંઈ?

આ સમય સમયનો ક્રમબદ્ધ પર્યાય થાય છે અને ફરે નહિ, એ કહો તો એ શુદ્ધાત્મ તરફ એનું વલણ થાય છે. પંચાસ્તિકાય અને છ દ્રવ્ય છે એમ કહો તોપણ શુદ્ધાત્મ તરફ વલણ થાય. નહિતર એ છે એમ રહ્યું નથી. સમજાણું કાંઈ? અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ કહ્યો એ પણ વસ્તુ સ્વભાવ તરફ વળે છે—શુદ્ધાત્મા તરફ, ત્યારે એ ભાન થતાં બધું છે, એમ એને નક્કી થાય છે. દ્રવ્યદૃષ્ટિ કહો, શુદ્ધાત્મ પદાર્થનું વલણ એનો અર્થ જ થયો કે બધું છે. એટલે ક્રમબદ્ધ છે, બધું છે અને અવાંતર પણ બધું છે. એક પેટાભેદ પણ છે અને બધું પણ છે. એની દૃષ્ટિ શુદ્ધાત્મ પદાર્થ તરફ વળે છે. તે વિના એ બધું છે એ નક્કી થતું નથી. તો દ્રવ્યદૃષ્ટિ કહો, સમ્યગ્દર્શનનો વિષય કહો, ક્રમબદ્ધ પર્યાય કહો,

મોક્ષમાર્ગ કહો.. સમજાય છે? પર્યાયબુદ્ધિનો અભાવ કહો. છ દ્રવ્ય છે તેમ બરાબર જાણ્યા કહો. અને મહાસત્તા અને અવાંતર સત્તા છે એમ છે એમ માન્યું કહો. એ બધાનું ફળ શુદ્ધાત્મ પદાર્થ રહસ્ય આવે છે.

એથી કહ્યું, '**एतद् अर्थं**' એમ શબ્દ છે. '**एतद्**' એ ગ્રંથના રહસ્યને એટલે શુદ્ધાત્મ પદાર્થને. શુદ્ધાત્મ પદાર્થ. હવે એ બધાનો સાર એક આવે છે. અનેક શાસ્ત્રમાં ગમે તે રીતે વર્ણન કર્યું પણ એનું વલણ એ શુદ્ધાત્મા (છે). કારણ કે પર્યાય છે, વસ્તુ બધી છે તો પર્યાય છે અને વસ્તુ પણ છે. તો એક પર્યાય ઉપર લક્ષ અલ્પ રહે છે અને આખી ચીજ છે એના ઉપર જ્ઞાનનું જોર જાય છે એટલે શુદ્ધાત્મ પદાર્થ એ પંચાસ્તિકાય અને છ દ્રવ્યનું રહસ્ય છે. સમજાય છે કાંઈ? અને શુદ્ધાત્મા શુદ્ધ જ્ઞાયક અનંત છું અને એ પછી તો એની શક્તિઓના અંશોનું માપ છે. અનંત જ્ઞાન છું, અનંત દર્શન છું, અનંત આનંદ છું.. સમજાય છે? એ તો અનંત અપરિમિત અંશો અને સ્વભાવનું માપ છે. પણ અહીં તો છે. એક સમયનો અંશ... બધી ચીજ છો, પંચાસ્તિકાય અને કાળ. એના દ્રવ્ય, ગુણ, પર્યાયથી. આ એક સમયનો પર્યાય વિકાર અને ક્ષયોપશમનો અંશ વગેરે સાથે છે. અને ગુણ અને દ્રવ્ય છે. એમ છે તો એનું વલણ એક સમયનો પર્યાય પણ છે, તો એટલા ઉપર જોર ન જતાં, ક્યાંય જોવુ ન ઠરે એટલે શુદ્ધાત્મ પદાર્થ ઉપર એની દૃષ્ટિ જાય છે. સમજાય છે કાંઈ આમાં?

પંચાસ્તિકાય, છ દ્રવ્ય જે કહો પણ એનું અંતર વલણ ક્યાં ગયું? છે, અંશ તો અંશરૂપે છે. અંશ કંઈ અંશીરૂપે નથી. અંશી અંશીરૂપે રહ્યો. અંશી અંશરૂપે નથી. જે પર્યાય પર્યાયરૂપે છે, વસ્તુ વસ્તુરૂપે છે. એમ જ્યાં આત્માનું પરથી ભેદજ્ઞાન થયું એ આ ગ્રંથનું રહસ્ય છે. એટલે કે જૈનશાસનના શાસ્ત્રનું રહસ્ય છે. એટલે કે છ દ્રવ્ય ને પંચાસ્તિકાયને માન્યાનું એક રહસ્ય છે. એટલે કે મોક્ષમાર્ગ જાણ્યાનું એ રૂપ છે. કહો, સમજાય છે કાંઈ?

આ ગ્રંથના રહસ્યને, એમ શબ્દ છે જુઓ! સમજાણું? '**शास्त्रस्यार्थभूतं**' એમ છેને ટીકામાં? '**शुद्धचैतन्यस्वभावमात्मानं कश्चिज्जीवस्तावज्जानीते**।' એ શું શબ્દ કર્યો છે? '**कश्चिज्जीवस्तावज्ज**' કહો, સમજાય છે કાંઈ? વાત ઈ પાછી, જાણનાર.. જાણનાર.. જાણનાર. આ જ્ઞાતા છે. એ કોઈપણ ચીજ જ્યાં છે ત્યાં તેને રાખીને જાણે છે. પોતામાં રાખીને જાણતો નથી. પોતાને પોતામાં રાખીને જાણે છે. જ્ઞાન થયું, રાગ તો છે ભલે. રાગ-દ્વેષનો વિકાર પણ એક સમયનો છે. એક સમયનો છે તેને ત્રિકાળમાં ખતવતો નથી. ત્રિકાળ છે તેને સમયમાં ખતવતો નથી. પર છે તેને પોતામાં ખતવતો નથી અને પોતાપણું પરને લઈને ખતવતો નથી. આમ આ ગ્રંથનું રહસ્ય 'શુદ્ધાત્મ પદાર્થ કો જાનકર...' સમજાણું? લ્યો, આ પ્રમાણે જાણીને. ત્યારે જાણ્યું કહેવાય. એમાં દૃષ્ટિ જ સ્વભાવ.. સ્વભાવ... પરની સાથેનો મારો સંબંધ નિમિત્ત-નૈમિત્તિક છે. એટલે કે પૃથક્તા છે. એટલે કે ભિન્નતા બતાવે છે. એટલે કે ત્યાં સ્વતંત્રતાનો ઢંઢેરો પીટે છે. નિમિત્ત-નૈમિત્તિક એમ કહે છે કે બધું પ્રત્યક્ષ સ્વતંત્ર

છે. એમ આ પંચાસ્તિકાયના રહસ્યને જાણીને...

આ તો ઘણી વાતો પહેલી આવી હતી. વચ્ચે ઉપાદાન-નિમિત્તની પણ આવી હતીને? વચ્ચે. ઉપાદાન-નિમિત્તની ઘણી આવી હતી. પણ પોતે વચનિકામાં નાખ્યું. હેઠે લખાણમાં. આ એનો સાર. શુદ્ધાત્મા આનંદામ્. અનંતપણું એમ નહિ, અનંતપણું પછી તો શક્તિપણે છું. એક સમયનો નથી અને સામાન્ય આદિ અંત વિનાનો છું. એ હું છું એમાં પછી અનંતતા આવી જાય છે. અનંત જ્ઞાન છું, અનંત દર્શન છું, અનંત આનંદ છું, અનંત વીર્ય છું અને અનંત ચારિત્ર છે.. સમજાય છે? એ તો શક્તિના—સ્વભાવના અંશોના પ્રકાર છે. પણ હું છું. એક સમયનો અંશ છે અને વસ્તુ તે વસ્તુ છે. પર તે પર છે. એટલે હું છું એમાં અનંતતાની પ્રધાનતા ન આવતા, હું છું. છું માત્ર એના પ્રકાર પડ્યા. કે આ તો આદિ વિનાનો, અંત વિનાનો, વર્તમાન સ્વભાવ અનંતી પર્યાયોને પ્રગટ કરનારો. એ તો પછી. પણ અહીં તો શુદ્ધાત્મ પદાર્થ છે. એ વર્તમાન પર્યાય મલિન અને અલ્પજ્ઞ જેટલો નથી. કારણ કે વર્તમાન છે ખરું, જ્ઞાનમાં આવ્યું પ્રમાણ. અંશે વ્યવહારનયથી. અને ત્રિકાળ મારો સ્વભાવ શુદ્ધ છે. એમ જાણીને. આ જાણ્યા વિના ધર્મનું પહેલું પગથિયું શરૂ થતું નથી. આ રીત, આ કળા, આ પ્રકાર, આ ભેદ, આ અંતરનો ભેદ જાણ્યા વિના એની શરૂઆત સત્‌ની, સત્‌ને રસ્તે ચડવાની આ સમજીને પહેલી હા પાડ્યા વિના અંતરમાં જવાનું પગથિયું આવતું નથી. કહો, સમજાણું?

પછી '**तदनुगमनोद्यतः**' 'ઉસી આત્મપદાર્થમેં પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ.' આ વસ્તુ આમ છે. બધું છે, છે તો એનો જાણનાર. કંઈ નથી એમ નહિ, ફેરફાર કરનાર નહિ. એમ જેણે પોતાનો જ્ઞાનસ્વભાવ જાણ્યો તો બધા ખુલાસા થઈ ગયા. આખી દુનિયાના ચક્કર કેમ છે એને ખુલાસો (થઈ ગયો). છે.. છે.. છે અને સૌને લઈને છે. એમ જાણ્યું. 'ઉસી આત્મપદાર્થ મેં પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ.' પછી એના તરફ અંતર વિશેષ જાણવામાં ઉદ્યમી થાય છે. વિશેષ સ્વભાવ જ અંતર્મુખ વળે છે. જ્ઞાનસ્વભાવ જ આ છે. મારી શક્તિનો ભંડાર છે એ જ હું છું. એમ એમાં.. જુઓ!

'**तदनुगमनोद्यतः**' 'ઉસી આત્મપદાર્થ મેં પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ...' અહીં એમ કંઈ કહ્યું નથી કે શુદ્ધાત્મ પદાર્થને જાણતા કર્મ ખસે તો જણાય. સમજાય છે? એ વાતની ક્યાંય ગંધેય લીધી નથી. '**तदनुगमनोद्यतः**' '**तदनुगम, तदनुगम**' આ આત્મા છે, એક સમયનો વિકાર છે, વસ્તુ છે ઈ ત્રિકાળ છે. ત્રિકાળ તે શુદ્ધ છે. શુદ્ધમાં વિકારનો પ્રવેશ નથી. તો '**तदनुगम**' તેને અનુગમન, તેને અનુસરીને 'પ્રવીણ હોને કો ઉદ્યમી...' એને અનુસરીને પ્રવીણ થવાને ઉદ્યમી. શાસ્ત્રને અનુસરીને એ વાત કાઢી નાખી. ભાઈ! પહેલા સાધારણ વાત કરી. આત્મપદાર્થ એમાંથી પ્રકાશ, એનો પ્રકાશ. ચૈતન્ય સ્વ સ્વસંવેદનમાં કેમ આવે? એમ અંતરના ભેદે, અંદરના જ્ઞાનમાં ઊતરવા માંડ્યો. બહારના વલણની ઉપેક્ષા થઈ ગઈ. અને અંતરના

વલણમાં અપેક્ષા થઈ. બહારની ઉપેક્ષા અને અંદરની અપેક્ષા. જુઓ!

'ઉસી આત્મપદાર્થ મેં પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ,...' આવી રીતે ઉદ્યમી થાય છે. પુરુષાર્થ કરે છે. અંતરના જ્ઞાનસ્વભાવ વલણમાં, અંતર્મુખ થવામાં, અંતર્મુખ થવામાં. જુઓ! આ મોક્ષનો માર્ગ, સુખી થવાનો ઉપાય. આ શાંતિ અને સહજ સ્વતંત્ર થવાનો ઉપાય. આ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ. વાતમાં એ આવ્યું કે જ્યારે આત્મ પદાર્થમાં પ્રવિણ થવા માટેનો ઉધમી આ શુદ્ધાત્માને જાણીને. ત્યારે એમાં બધો ન્યાય આવ્યો કે ગુરુ અને શાસ્ત્રે અને દેવે એને એમ કહ્યું... ભાઈ! શું એણે કહ્યું? ગુરુએ એમ કહ્યું, શાસ્ત્રે એમ કહ્યું અને કેવળીએ એમ કહ્યું કે છ પદાર્થમાં, છ દ્રવ્યમાં અને પંચાસ્તિકાયમાં શુદ્ધાત્મ પદાર્થ એના તરફનો પ્રવીણ થા, વલણ કર. એમ શાસ્ત્રે કહ્યું. ગુરુએ પણ કહ્યુ છે, જે કહ્યું તે સમજવા પ્રયત્ન કરે છે. એણે શાસ્ત્રે એમ કહ્યું નથી કે મારી સામે જો. શાસ્ત્રે, ગુરુએ એ કહ્યું નથી કે મારી સામું જો. રાગ થયો એમાં પ્રયત્ન કર. સમજાય છે કાંઈ?

'**तदनुगमनोद्यतः**'. આત્મપદાર્થ જે ત્રિકાળ, એક સમયનો અંશ પર્યાય અને ત્રિકાળ. એના તરફ પર્યાયનું વલણ અંતરમાં કર. એમ શાસ્ત્રએ કહ્યું. એ શાસ્ત્ર કહે કે રાગને કરતાં અંતરમાં જવાય એ શાસ્ત્ર નહિ. જે ગુરુ કહે કે બહિર્ગત વલણથી અંતર્ગતમાં જવાય, એ ગુરુ નહિ. જે દેવ નામ ધરાવીને કહે કે આત્મપદાર્થના અંતર વલણમાં અમે હોઈએ તો તારું વલણ અંતરમાં થાય, તો એ દેવ નહિ. સમજાણું કાંઈ? '**तदनुगमनोद्यतः**'. આનું રહસ્ય. એક વાર વિકલ્પ તને આવ્યો. શ્રવણ તો કર્યું. એ તો વાત સિદ્ધ કરી. શ્રવણ તો કર્યું ને કે આમ છે. ત્યારે રાગ તો છે. એ જાણ્યું શું? પંચાસ્તિકાય છે. અનંત આત્માઓ છે, અનંત પુદ્ગલો છે, આકાશ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને છઠ્ઠું દ્રવ્ય.. અસ્તિકાય છે પાંચ અને ઓલું અસ્તિકાય નથી પણ છઠ્ઠું દ્રવ્ય છે. એમ જે શાસ્ત્રે કહ્યું ત્યારે સાંભળનારને વિકલ્પ તો હતો. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રનો વિકલ્પ હતો ત્યાં સુધી નિમિત્તનું લક્ષ હતું. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું નિમિત્ત છૂટી ગયું છે. આથી વિરુદ્ધ કોઈ કહેતું હોય એવા કુગુરુ, કુશાસ્ત્ર અને કુદેવની માન્યતા છૂટી ગઈ છે. એ વિના આ શ્રવણમાં પણ એ હોઈ શકે નહિ. એ શ્રવણમાં આ રીતે ઊભો છે કે છ દ્રવ્ય છે, પંચાસ્તિકાય છે. છે. એ બધા પોતાને કારણે છે. વિકાર એ પણ પોતાને કારણે છે. એમ જ્યાં એણે શ્રવણ કર્યું, શ્રવણ કર્યા છતાં એનું વજન ક્યાં જાય છે હવે? અંતર્મુખ આત્મા શુદ્ધાત્મા, ત્યાં પ્રવીણ થવાનો પ્રયત્ન કર. અંતર્મુખ પ્રવીણ થવાનો પ્રયત્ન કર. એમ ગુરુએ કહ્યું, શાસ્ત્રે કહ્યું અને દેવે કહ્યું. આમ એ માનવા રૂપેનો વિકલ્પ આવે ખરો. પણ એણે કર્યો ન કહેવાય. એ તો અંતર પુરુષાર્થ જ્યારે કરે ત્યારે ઓલા રાગને વ્યવહારનો આરોપ આવે. નહિતર આરોપ-ફારોપ પણ આવતા નથી.

એટલે કહ્યું કહે કે '**ज्ञात्वा तदनुगमनोद्यतः**' 'ઉસી આત્મપદાર્થ મેં પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ...' પુરુષાર્થ કર. માણસને એમ છે કેટલાકને કે ક્રમબદ્ધપર્યાય થાય એમાં

અમારે શું કરવાનું? પ્રમાદ નહિ થઈ જાયને? ..ભાઈ! ક્રમબદ્ધપર્યાય થાય છે એ તો .. કરે છે અહીંથી. ... દરેક દ્રવ્ય અને પદાર્થની. પણ એનો અર્થ જ એ થયો, સ્વાત્મા તરફનો પુરુષાર્થ એનો રહે ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય કર્યો કહેવાય, નહિતર નિર્ણય કર્યો નથી. ક્રમબદ્ધને માનવું અને એમ કહેવું કે એમાં પુરુષાર્થહીન થઈ જવાય તો? તો એ વસ્તુને સમજતો નથી. હિંમતભાઈ! એમ કહે છે કેટલાક, આ ક્રમબદ્ધ માનીએ અને પુરુષાર્થહીન થઈ જઈએ અને વ્યવહાર નહિ રહે તો? તો એનો અર્થ એ થયો કે ક્રમબદ્ધ જે વસ્તુ છે, સમયે સમયે જેને જે થવાનું તેને તે થવાનું જ છે. એમ જેણે છેનો નિર્ણય કર્યો છે એને અંતર્મુખનો પ્રવીણપણાનો પ્રયત્ન ચૂક્યા વિના કરે છે. ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય યથાર્થ થાય છે. એને પ્રમાદ અને દોષ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. તો તો એવું થયું કે વસ્તુ સ્વભાવની દૃષ્ટિ કરતાં દોષ થાય તો? છે, પણ ક્યારે થવાનું છે? એ થાય, એ પ્રશ્ન છે. '**तदनुगमनोद्यतः**' આત્મપદાર્થમાં એનો પ્રયત્ન રહે છે, યથાર્થ જાણનારને. પણ થવાનું હોય એ થાય પછી ઓલો વ્યવહાર નહિ સચવાય તો? જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ. અને જ્યાં જ્યાં જે યોગ્ય ત્યાં રાગ, એનું નિમિત્ત બરાબર સચવાય નહિ. થવાનું હોય તે થાય, પછી ઓલું નહિ સચવાય તો? ભાઈ! ...

જ્યારે વસ્તુ ક્રમબદ્ધપર્યાય ને છે એમ નક્કી થઈ ગયું ત્યાં વ્યવહાર નહિ રહે એ તો સ્વભાવનો આશ્રય ખોઈ દેશે તો નહિ રહે અને સ્વભાવનો આશ્રય કર્યા વિના તો થવાનું થાય અને ક્રમબદ્ધપર્યાયનો પુરુષાર્થ થતો જ નથી. વીતરાગતા ને અંતર આત્માના અવલંબન વિના થવાનું હોય તે થાય, એનો પુરુષાર્થ યથાર્થ હોઈ શકે જ નહિ. જ્યાં થવાનું થાય ક્રમબદ્ધ ને છે એમ કહેતાં બધું છે, એ તો સ્વભાવ—દ્રવ્યનો પ્રયત્ન રહ્યો. એનો જ્યાં સુધી નબળાઈનો કાળ છે ત્યાં સુધી એને રાગાદિ રહેશે. આમાં વ્યવહાર નહિ રહે તો? એ પ્રશ્નને અવકાશ નથી. ..ભાઈ! પ્રશ્ન આ એક ઉઠે છે માણસને. જો આમ હશે તો પછી માણસને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, આ બધો વ્યવહાર ઊડી જાય તો? એને અનુસરીને રહેવું, એણે શુદ્ધાત્માને અનુસરીને રહેવું નથી. કહો, સમજાય છે કાંઈ?

એટલે કહે છે કે 'ઉસ હી આત્મપદાર્થ મેં પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ, વહ ભેદવિજ્ઞાની જીવ...' લ્યો, એ અંતરમાં પ્રવીણતામાં જ્યાં પડ્યો એ 'નષ્ટ કિયા હૈ દર્શનમોહ જિસને' લ્યો, એટલે ત્યાં ભ્રાંતિનો નાશ થાય છે. કેમ થશે? શું થશે? એ વાત રહેતી નથી. ભારે વાત ભાઈ! અહીં તો હવે કીધું, ભાઈ! ઓલામાં 'જાનકર' અને તેમાં 'પ્રવીણ હોને કો ઉદ્યમી હોતા હૈ, વહ ભેદવિજ્ઞાની જીવ નષ્ટ કિયા હૈ દર્શનમોહ જિસને...' નષ્ટ કિયા નામ નાશ થઈ જાય છે તેને. એનો અર્થ. સ્વભાવ તરફનો જ્યાં પ્રયત્ન થયો એટલે વિભાવની એકતાબુદ્ધિનો, મોહની મિથ્યાદૃષ્ટિ રહેતી નથી. આ એનો ઉપાય છે. બીજો કોઈ એનો ઉપાય નથી. કહો, સમજાણું કાંઈ?

'(नष्ट किया है) दर्शनमोह जिसने...' જડનો નાશ કર્યો એ કંઈ આત્મા કરી શકતો નથી. એમ દર્શનની ભ્રાંતિનો પણ નાશ જીવ કરવા માગે તો કરતો નથી. એ તો આમ ઉદ્યમી જ્યાં અંતરમાં થયો '**तदनुगमनोद्यतः**' સ્વભાવ તરફના પુરુષાર્થમાં જ્યાં રહ્યો એટલે ભ્રાંતિની ઉત્પત્તિ થઈ નહિ. એણે મોહનો નાશ કર્યો—દર્શનમોહનો, એમ કહેવામાં આવે છે. હજી વિધિ પકડવામાં ન આવે, કરવી શું? વિધિ શી રીતે કરવી? કહો, સમજાણું કાંઈ? અહીં તો '**तदनुगमनोद्यतः**' એક ધારાપ્રવાહી પ્રયત્ન વર્તે છે ત્યાં. સમજાણું કાંઈ? સ્વભાવ, એક પર્યાય જેટલો નહિ અને નિમિત્તમાં તો નહિ જ. એમ જ્યાં તત્ અનુગમ પુરુષાર્થ વર્ત્યો ત્યાં દર્શનમોહનો નાશ થયા વિના રહે નહિ. બીજા કોઈ ઉપાયે દર્શનમોહનો નાશ થતો નથી. કહો, સમજાણું? પછી હવે વિશેષ કહે છે.

'शांत होकर विलय गये हैं राग-द्वेष जिसमें से...' પછી તો જે સ્વભાવના અવલંબનથી જે મિથ્યાત્વ અને ભ્રાંતિનો નાશ થાય, એ જ સ્વભાવના અવલંબે શાંતિ પ્રગટવા માંડી. અંતરના ને અંતરના અવલંબે શાંતિ (પ્રગટવા લાગી). બીજો કોઈ ઉપાય નથી કે આટલા વ્રત કરે ને આટલા વિકલ્પ ઉઠે ને આટલા નિમિત્તનું સેવન કરે તો શાંતિ થાય. એ શાંતિ બહારથી આવતી નથી. શાંતિ બહારથી આવતી નથી. શાંતિ એટલે ચારિત્ર. અંતર શાંત.. શાંત થઈને જ્ઞાયકસ્વભાવમાં રહીને, અરે..! આત્મા! તું એકલો છો. એમ જ્યાં નક્કી ભેદવિજ્ઞાને થયું, ક્યે ઠેકાણે તું બેકલો થઈશ હવે? એકલાનું જ્યાં નક્કી કર્યું, ક્યે ઠેકાણે બેકલો લાભ લેવો છે તારે? ક્યે ઠેકાણે? રાગના અવલંબને, નિમિત્તના અવલંબને, ક્ષેત્રના અવલંબને, કોઈ બહારના સત્સમાગમના નિમિત્તને અવલંબે? એકલો જ છે એમ જ્યારે અંતરના પદાર્થને અનુસરીને જ્યાં પુરુષાર્થ થયો, ભ્રાંતિ ટળી, એની શાંતિનું સાધન તો અંતરમાં થવા માંડ્યું. એ ચારિત્ર છે, એનું નામ ચારિત્ર છે.

'शांत होकर...' એકલો હોઉં તોપણ મારી પરિણતિ મારે આધીન. સંયોગમાં અનેકમાં હોઉં તોપણ મારી પરિણતિ—પર્યાય મારે આધીન. કોઈના સમીપમાં હોઉં તો એની પરિણતિનો પર્યાય એને આધીન. કોઈ મારે લઈને કાંઈ થાય ને જાજો બહારમાં આવે તો મને કાંઈ શાંતિ થાય કે જાજી સભા હોય,... સમાગમ એકલાને શી રીતે કરવો? એકલો ચર્ચા કરે એમાં શાંતિ મળે? પોતાનું જ્ઞાન સાંભળનાર જોઈએ, સંભળાવનાર જોઈએ. હિંમતભાઈ! મોહનભાઈ! સાંભળનાર જોઈએ. .. કોઈ સાંભળનાર ... આ તો એકલો. એકલો તો વનમાં.. શું કાંઈક કહે છે? વનમાં ઝાડેય રહેશો નહિ. એમ નથી કહેતા? અહીં તો એકલો, ત્રણે કાળે એકલો. લોકો તો એમ કહે છેને? એકલો તો બાપા, વનમાં ઝાડેય હશો નહિ. ભીખાભાઈ! આ તમારા સંસારના .. આમ કહે છે. અહીં તો કહે છે, ત્રણે કાળે બધા પદાર્થ એકલા છે. એકલામાં શાંતિ છે. બેકલો—બેનો જ્યાં આશ્રય લીધો ત્યાં આકુળતા છે. આશ્રય આપતું નથી કોઈ. કોઈ બેકલો આશ્રય આપતો નથી. પણ અહીં તો કહે છે કે સ્વનું અવલંબન

લેતા પર તરફના રાગનું અનુસરણ ટળી જાય છે. રાગનું અનુસરણ એટલે નિમિત્તના અવલંબન તરફનો આશ્રય ટળી જાય છે.

અને સ્વભાવને આશ્રયે 'વિલય ગયે હૈં રાગ-દ્વેષ જિસમેં સે, નષ્ટ કિયા હૈ પૂર્વ બંધ જિસને...' લ્યો, નષ્ટ થઈ ગયું હવે બંધન. જે ચારિત્રની અસ્થિરતાથી જરીક બંધ થતો હતો ધર્મીને, સ્વરૂપને અનુગત જે પૂર્ણ નહોતો, એને... પૂર્ણ કરવું છેને અહીંયા. 'ઐસા હોકર મોક્ષપદ કા અનુભવી હોતા હૈ.' એ પોતાના પૂર્ણાનંદનો અનુભવી થઈ જાય છે. પૂર્ણ થયો ઈ થયો. એને પછી અવતાર હોતો નથી. કહો, સમજાણું?

'યહ સંસારીજીવ અનાદિ અવિદ્યા કે પ્રભાવ સે...' લ્યો આવ્યું. કોના પ્રભાવથી? કર્મના પ્રભાવથી નહિ. અવિદ્યા. ન વિદ્યમાન રહે તેના ઉપર પ્રીતિ અને વિદ્યમાન ત્રિકાળ રહેનાર પદાર્થ એના પર અપ્રીતિ એટલે અરુચિ. એવું જે અનાદિનું અજ્ઞાન. ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, વસ્તુ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, ચિદાનંદ ધ્રુવ નિત્ય સ્વભાવ એ વિદ્યમાન રહેલું તત્ત્વ છે. ક્ષણે ક્ષણે વિકાર પલટે, સંયોગો પલટ્યા જ કરે એના ઉપર બુદ્ધિ ને અવલંબન ને લાભ, એ અવિદ્યા છે. એ અવિદ્યા, 'અનાદિ અવિદ્યા કે પ્રભાવ સે પરભાવોં મેં આત્મસ્વરૂપ જાનતા થા...' પરભાવો નામ વિકાર અને પુણ્ય-પાપમાં આખું આત્મસ્વરૂપ, આત્મસ્વરૂપ એટલે આખું આત્મતત્ત્વ માનતો હતો. એક સમયની પર્યાયમાં આખું આત્મતત્ત્વ સ્વીકારતો હતો અવિદ્યાને લઈને. અરે..! આ કોણ છે? આ શું છે? હું તે કંઈ એક સમયનો છું? એમ માનતો હતો કે હું એક સમયનો છું. એમ માનતો. .... હું તો એક સમયનો છું કે કાયમનો છું? એ અવિદ્યાના પ્રભાવથી જે આત્મસ્વરૂપ પરભાવોમાં જાણતો હતો,

'અજ્ઞાનિયોં કો રાગ-દ્વેષ ભાવરૂપ...' પરિણમતા હતા. અજ્ઞાની થઈને રાગ-દ્વેષ, અજ્ઞાની થઈને રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો એની વાત છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકારરૂપે થતો હતો. 'જબ કાલલબ્ધિ પાય...' જ્યાં પુરુષાર્થની જાગૃતિ સૂઝી, અહો..! બધું છે તે છે. ક્રમબદ્ધ છે, નિયમબદ્ધ છે, વ્યવસ્થિત છે. કોઈ અવ્યવસ્થિત છે નહિ. એમ જ્યાં પર્યાયમાં ભાન થયું એને કાળલબ્ધિ કહે છે. સ્વદ્રવ્યના સ્વપર્યાયના ભાવને અહીંયા કાળલબ્ધિ કહે છે. એ કાળ નામ સ્વ પુરુષાર્થનો કાળ, એમાં પાંચેય બોલ આવી જાય છે. સમજાય છે? કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ અને કર્મનો અભાવ. એ પાંચેય બોલ એક સમયમાં આવી જાય છે.

જે રાગ-દ્વેષરૂપ થતો હતો, એ 'કાલલબ્ધિ પાયકર સર્વજ્ઞ વીતરાગ કે વચનોં કો ધારણ કરતા હૈ...' કોના વચન? સર્વજ્ઞ વીતરાગ, સર્વજ્ઞ વીતરાગ. જાણનારો તું છો, વીતરાગ તું છો. અમે સર્વજ્ઞ અને વીતરાગ થયા છીએ. ક્યાંથી થયા છીએ? અંતરના સ્વભાવમાંથી થયા છીએ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અપ્રાપ્તની પ્રાપ્તિ નથી. અંદરમાં છે એમાંથી સર્વજ્ઞ અને વીતરગતા આવી છે. એમ જેણે વચનો સાંભળ્યા અને જેને અંતર રુચ્યા (એની) કાળલબ્ધિ પાકી ગઈ. એને કાળલબ્ધિ પાકી એટલે પર્યાય સાખ પાકી હવે. હવે સંસારથી છૂટા થવાના ટાણા

આવ્યા. કેરી પાકે છેને? કેરી. ડિંડલે જ્યારે સરખી. ગળે એટલે ફડાક તૂટી જાય હેઠે. એમ સંસારને ડિંટડે રાગ-દ્વેષ અને અજ્ઞાનમાં ચોંટ્યો છે, સમજાય છે? અખંડ શુદ્ધ ચૈતન્ય છું. ભગવાનના વચનો સર્વજ્ઞ અને વીતરાગના.. સર્વજ્ઞ શક્તિવાળું અને વીતરાગતાનું સ્વરૂપ છે. રાગાદિ તારું સ્વરૂપ નથી. એમ જ્યાં રુચિ થઈ એ કાળલબ્ધિ પાકી, એ પુરુષાર્થ થયો. એ સ્વભાવ હતો એ આવ્યો, એ નિયત હતું તેમ થયું અને કર્મના અભાવરૂપે પરિણમવા લાગ્યો. આનું નામ એક સમયમાં કાળલબ્ધિ અને પાંચ સમવાય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'જબ કાલલબ્ધિ પાય, સર્વજ્ઞ વીતરાગ...' પડ્યો છે એક શબ્દ પડ્યો રહ્યો છે અંદર. 'વીતરાગ કે વચનોં કો અવધારણ કરતા હૈ.' કોણ અવધારણ કરે છે? ધારે છે. ઓલો તો ધારતો નથી. વીતરાગનું વચન જ ધારતો નથી. ઘરનો સ્વચ્છંદ અને કલ્પના જે ધારી એને જ ધારી રાખે છે. સર્વજ્ઞ વીતરાગના વચનોં કો વહ ધારણ કરતા હૈ. ઓહો..! સર્વજ્ઞ જ્ઞાની સર્વના જાણનાર. પૂર્ણ શક્તિ પ્રગટી તો જાણનાર રહ્યા. હું વળી અપૂર્ણ શક્તિવાળો કાંઈક કરનાર થાઉં એમ બને નહિ. પૂર્ણ શક્તિ થઈ, અનંતી શક્તિ ઉઘડી ગઈ. જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય. જાણનાર રહે. કોઈનું કરે? ના. કોઈને આપે? ના. કોઈથી લે? ના. આ જ્ઞાનમૂર્તિ આત્મા કે જેમાંથી સર્વજ્ઞ થાય. વીતરાગ સ્વભાવી આત્મા કે જેમાંથી વીતરાગ થાય. આનંદસ્વરૂપી આત્મા કે જેમાંથી આનંદ પૂર્ણ થાય. વીર્યમૂર્તિ આત્મા તો અનંત વીર્ય જેમાંથી થાય. એમ જેણે અવધારણ કર્યું એને કાળલબ્ધિ પાકી. આમ જેણે અવધારણ કર્યું નથી એની કાળલબ્ધિ પાકી નથી. એને પુરુષાર્થની ખબર નથી, એને સ્વભાવની ખબર નથી, એને નિયતની ખબર નથી, એને કર્મનો અભાવ થતો નથી. કહો, સમજાય છે કાંઈ? જુઓ, આ કાળલબ્ધિનું આવ્યું. ..ભાઈ! આ કાળલબ્ધિનું આવ્યું. ભારે વાત ભાઈ!

'જબ કાલલબ્ધિ પાય સર્વજ્ઞ વીતરાગ કે વચનોં કો અવધારણ કરતા હૈ તબ ઈસકે મિથ્યાત્વ કા નાશ હોતા હૈ.' ત્યારે મિથ્યાત્વનો નાશ (થાય છે). વાત સાંભળવાથી નહિ પાછુ, ધારવાથી. એકલું સાંભળે શબ્દો એમ નહિ. અવધારણ કરે અંદરમાં કે ઓહો..! આ વસ્તુ તો જ્ઞાનસ્વરૂપી વાત, અંતર્મુખની જ વાત કરે છે. બહિર્મુખનું વલણ તે રાગ છે. વીતરાગ એનું અવલંબન લેવાનું કહેતા નથી. જાણવાનું કહે છે કે છે એને જાણ. પણ એનો આશ્રય કરવાનું કહેતા નથી. એમ જેણે ધાર્યું છે, અંતરમાં નક્કી કર્યું છે સ્વભાવ સન્મુખ થઈને, તેના 'મિથ્યાત્વ કા નાશ હોતા હૈ.' એને ભ્રાંતિ રહેતી નથી. કેમ હશે? શું હશે? આ માર્ગ કેમ છે? મારી શાંતિ ક્યાંથી મળે? શું મારે ઘણું કરવું પડે કે જેથી શાંતિ મળે? અનંત કાળમાં આટલા ઉપાય કર્યા નહિ, ઉપાય કર્યા છતાં મળી નહિ ત્યારે કઈ જાતનો ઉપાય હશે? એ કોઈ જાતની ભ્રાંતિ રહેતી નથી.

'ભેદવિજ્ઞાન...' સમજાણું? 'રૂપ સમ્યક્જ્ઞાન જ્યોતિ પ્રગટ હોતી હૈ.' ભેદવિજ્ઞાનરૂપ

સમ્યક્જ્ઞાન જ્યોતિ પ્રગટ હોતી હૈ. સમજાણું? ભેદવિજ્ઞાનરૂપ સમ્યક્જ્ઞાન જ્યોતિ. રાગ નહિ. હોવા છતાં એ મારામાં ત્રિકાળમાં નહિ. એમ. સમય સમયમાં તો છે. શરીરાદિ બધી વસ્તુ છે. 'ભેદવિજ્ઞાનરૂપ સમ્યક્જ્ઞાન જ્યોતિ પ્રગટ હોતી હૈ...' લ્યો, આ સમ્યક્જ્ઞાન જ્યોતિ, સમ્યક્જ્ઞાન જ્યોત. સમસ્વભાવી ચૈતન્યસૂર્ય. આ આત્મા સમસ્વભાવી, જ્ઞાનસ્વભાવી સૂર્ય છે. રાગ, વિકાર એ મારું સ્વરૂપ નથી. એમ જેણે અંતરમાં ભાન કર્યું 'તત્પશ્ચાત્ ચારિત્રમોહ ભી નષ્ટ હોતા હૈ...' તત્પશ્ચાત્. આ સમજ્યા વિના, આ જ્ઞાન વિના કોઈનો ચારિત્રમોહનો નાશ થાય નહિ અને કોઈને અચારિત્ર ટળે નહિ. સમજાણું કાંઈ? સમજ્યા વિના પાધરું ચારિત્ર લેવા માંગે તો? વ્રત ને નિયમ ને પચ્ચખાણ. આ કરો, આ કરો, એ ક્રિયાથી મદદ મળશે. એ તો મૂઢ, કહે છે કે કાંઈ સમજતો નથી. આ ભેદવિજ્ઞાન અંતરમાં પ્રગટ્યા પછી 'ચારિત્રમોહ ભી નષ્ટ હોતા હૈ.' એટલે કે સ્વભાવની જેટલી શાંતિ તરફ અંતરમાં સમાધાન, સમાધાન, સમાધાન સ્વ તરફ વળવા મંડ્યો, સમજાય છે? પછી તો ઈષ્ટ-અનિષ્ટ જરી વૃત્તિઓ થતી, પદાર્થને કારણે નહિ, એ વૃત્તિઓ તૂટવા માંડી. સ્વભાવનું અવલંબન લેતા. યશના ગંજ હોય તોય મને શાંતિ નથી. અને અયશના ડુંગરા હોય તો એનાથી મને અશાંતિ નથી. મારા જ પર્યાયમાં જરી રાગ-દ્વેષની વૃત્તિઓ છે એ અશાંતિનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. દુનિયામાં સંપદાના ગંજ હોય અને પર્યાયમાં રાગ-દ્વેષ હોય, ભેદજ્ઞાન થવા છતાં એ રાગ-દ્વેષ છે એટલી મને વિપદા છે. એ સંપદા નથી. મોહનભાઈ! બહારની સંપદાના ગંજ હોય. આબરુના, કીર્તિના, દુનિયાના ઢગલાના. એ સંપદાની પર્યાય મને કંઈ લાભકર્તા નથી. એ સંપદા ન હોય અને એકલો હોઉં, એકલો હોઉં તો મને કોઈ વિપદાનું કારણ નથી. એમ ક્રમે ક્રમે સ્વભાવની શાંતિનું અવલંબન લઈ અને જેના રાગ-દ્વેષ નષ્ટ થઈ જાય છે.

'તબ સર્વથા સંકલ્પ-વિકલ્પ કે અભાવ સે સ્વરૂપ વિષે એકાગ્રતા સે લીન હોતા હૈ.' પછી શાંતિમાં લીન થતો જાય છે. પણ તારે લઈને લાભ થાય જગતને? થોડી પ્રભાવના કરવી જોઈએ શુભરાગની. વજુભાઈ! ઈ તો કહે છે, પહેલું જ કર્તવ્ય માન્યું છે કે .... શુભભાવથી મારી શાંતિ અટકે છે. પણ આ પ્રભાવના થાય ઘણી, લ્યો. કેટલું જુઓ આમ. કોની પ્રભાવના? પ્ર—વિશેષ ભાવના. અંતરમાં આત્મામાં પ્રભાવના થાતી હશે કે આત્માની બહારમાં થાતી હશે? એટલે અંતર રાગ-દ્વેષના જે અંશો ઉત્પન્ન થતા એ અંતરના સ્વભાવની શાંતિના અવલંબે સર્વથા અભાવ થઈને સ્વરૂપમાં એકાગ્ર અને લીન થાય છે.

'આગામી બંધ કા ભી નિરોધ હો જાતા હૈ.' પછી બંધ થતો નથી. 'પિછલા કર્મબંધ અપના રસ દેકર ખીર જાતા હૈ.' પૂર્વના પરમાણુ ખરી જાય છે. રસ આત્માને નહિ, હોં! આ સંયોગ-ફંયોગ આપીને છૂટી જાય છે. સંયોગ કોઈ આવવાનો, તીર્થંકરને તીર્થંકર ગોત્રનો, બળદેવને બળદેવપણાનો, ચક્રવર્તીને ચક્રવર્તીપણાને, શેઠને શેઠાઈનો રાગ પૂર્વનું પ્રારબ્ધ એવું હોય તો બહાર આવીને છૂટી જાય. એના આત્માને કાંઈ લાભ-નુકસાન કરતું નથી.

'તબ વહી જીવ નિર્બંધ અવસ્થાકો ધારણ પૂર્વક મુક્ત હોકર અનંત કાલ પર્યંત સ્વરૂપ ગુપ્ત અનંત સુખ કા ભોક્તા હોતા હૈ.' લ્યો, આ ક્રમ. સમજાણું? 'વહ જીવ નિર્બંધ અવસ્થા કો ધારણ કર...' સ્વભાવની મુક્ત દશા થઈ એટલે નિર્બંધ દશા થઈ. 'ધારણપૂર્વક મુક્ત હોકર અનંત કાલ પર્યંત ઈસ સ્વરૂપગુપ્ત...' સિદ્ધ શું કરતા હશે? સ્વરૂપગુપ્ત અનંત સુખનો ભોક્તા છે. એ પછી રાગ ને આકુળતાનો જરી અનુભવ સાધકમાં હતો એ ટળી જાય છે. પૂર્ણ આનંદનો અનુભવ (થાય છે). આ સર્વ દુઃખથી મુક્ત થવાનો ક્રમ અને આ એક ઉપાય છે, બીજો ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

આસો સુદ-૧૪, રવિવાર, તા. ૨૬-૧૦-૫૮,
ગાથા--૧૫૯, પ્રવચન-૧૪

આ પંચાસ્તિકાયની મોક્ષમાર્ગના વિસ્તારના કથનમાં ૧૫૯મી ગાથા છે. આમાં શું કહે છે? કે આત્માને જે મોક્ષનો માર્ગ છે,.. આ બાજુથી લ્યો, ૨૩૨થી. બીજો પેરેગ્રાફ. **'આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત, અભિન્નસાધ્યસાધનવાળા નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું.'** એટલે શું કહ્યું? કે આ આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદ ને જ્ઞાનાનંદની મૂર્તિ છે. એનું અંતર અવલંબન લઈને એ નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની રમણતા એવો જે સ્વાભાવિક શક્તિના વિકાસરૂપ નિર્મળ અવસ્થા એને અભિન્નસાધ્યસાધન મોક્ષમાર્ગ કહે છે. એટલે શું?

આ આત્માની પૂર્ણ નિર્મળ દશાનું પ્રગટ થવું એ સાધ્ય મોક્ષ છે. અને એનું સાધન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનો અંતર કંદ છે, એને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની દશા તે પણ નિર્મળ, નિર્વિકારી અવસ્થા છે. અને પૂર્ણ મોક્ષ દશા પણ નિર્વિકારી નિર્મળ મોક્ષ દશા પણ શુદ્ધ પર્યાય છે. એ શુદ્ધ પર્યાય સાધ્ય પ્રગટ કરવા યોગ્ય અને એનું સાધન શુદ્ધ પર્યાય, એ બેય શુદ્ધ છે એ અપેક્ષાએ એક સાધ્યસાધન છે એમ કહેવામાં આવ્યું. અભિન્ન સાધ્યસાધન એટલે એવી નિર્મળ પર્યાય આત્માની મોક્ષની પ્રગટ થાય એનું કારણ પણ સ્વભાવને આશ્રયે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની રમણતા તે બેય અભિન્ન સાધ્ય (છે). નિર્મળ પર્યાય સાધ્ય અને નિર્મળ પર્યાય સાધન. નિશ્ચય મોક્ષમાર્ગ સાધન અને એનું સાધ્ય પૂર્ણ મોક્ષ. એ અપેક્ષાએ એને અભિન્ન સાધ્ય અને સાધન કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? ઝીણું આવ્યું છે આજે બરાબર અહીંયા.

**'અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું...'** ૧૦૭મી ગાથા આપણે લીધી હતી. એમાં જે કહેવામાં આવ્યું હતું કે **'સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...'** જુઓ, અહીં ખુલાસો કર્યો. ત્યાં તો એકલું અભિન્નસાધ્યસાધનત્વાત. એટલે કે ત્યાં આત્માની પૂર્ણ નિર્મળ મોક્ષ દશા પ્રગટવી એનું, અંતરમાં નિર્મળ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કે જેને વ્યવહાર સ્વપરહેતુક રાગને સાધન કહેશે. એના કરતાં આ સ્વહેતુક નિર્મળ પર્યાય છે. માટે તેને અભિન્નસાધ્યાસાધન કહેવામાં આવ્યું છે. ભારે વાત લાંબી. સમજાય છે કાંઈ? ત્યાં સ્વહેતુક ખુલાસનો ન કર્યો હોય. પણ સ્વદ્રવ્ય આશ્રિત છે, શુદ્ધ દ્રવ્યાશ્રિત છે એટલે એમાં એ ખુલાસો આવી ગયો. સમજાય છે કાંઈ આમાં?

એક સેકંડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા પૂર્ણાનંદ અને શાંતરસના કંદથી ભરેલો છે, એવા સ્વભાવમાં જ અંતરમાં અંતર્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા નિર્વિકારી પ્રગટ

થાય, એને શુદ્ધ દ્રવ્ય પરમાત્મદ્રવ્ય આત્માનું એને આશ્રિત પ્રગટ થઈ સ્વહેતુક નિર્વિકારી નિર્મળ પર્યાય કે જેને નિશ્ચય સાચો મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એ નિશ્ચય મોક્ષમાર્ગ નિર્મળ એ નિશ્ચય મોક્ષ નિર્મળ દશાનું સાધન. એ બેય નિર્મળે નિર્મળની વાત કરવામાં આવી. સમજાણું કાંઈ? તેથી તેને એક જાતના સાધ્ય અને સાધન છે એમ કહેવામાં આવે છે. અભિન્ન કહો કે એક જાતના કહો.

૧૦૭માં જે કહ્યું હતું કે સ્વપરહેતુક અવસ્થા. આત્મામાં નિશ્ચય સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા હોવા છતાં અપૂર્ણ જ્યાં ચારિત્રની નિર્મળ દશા મોક્ષમાર્ગી જીવને અંતરમાં ચારિત્ર નિર્મળ ઓછું છે, એથી એને રાગનો વિકલ્પ ઉઠે છે. એ રાગ નવ તત્ત્વની શ્રદ્ધાના ભેદરૂપ રાગ, નવ તત્ત્વ ભગવાને કહેલા જ્ઞાનનો રાગ, અને પંચ મહાવ્રત મુનિને અને અઠ્યાવીસ મૂળગુણ જે મુનિને હોય એનો વ્યવહાર ચારિત્રનો રાગ, એ રાગ સ્વપરહેતુક છે. એટલે? એ રાગનું ઉપાદાન સ્વ આત્મા તો કારણ છે પણ ભેગું કર્મના નિમિત્તની એમાં અપેક્ષા આવે છે. અપેક્ષા આવે એટલે વ્યવહાર અને સ્વ પોતાનું કારણ તે નિશ્ચય ઉપાદાન. એ નિશ્ચય ઉપાદાન અને વ્યવહાર નિમિત્તના કારણે ઉત્પન્ન થતો વિકારી ભાવ, કે આત્મા અખંડ આનંદની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરતો હોવા છતાં અપૂર્ણ ચારિત્રની દશાના સ્થાનની ભૂમિકામાં આવા રાગની ભૂમિકા ત્યાં આવ્યા વિના રહેતી નથી. નરભેરામભાઈ! ભારે ઝીણું આવશે, હોં! આમાં કાંઈ ડહાપણ કરવા જેવું નથી. માંડ માંડ સમજાય એવું છે. સમજાય છે કાંઈ?

એક સમયમાં આમ પ્રભુ આત્મા એની વર્તમાન દશામાં ભલે પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાનના રાગ આવે પણ એ રાગ વિનાનું એનું પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ, જ્ઞાનદળ, આનંદદળ એનો સ્વભાવ છે. એવા સ્વભાવની અંતર્મુખ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ એકલા સ્વહેતુક નિર્મળ નિર્વિકારી દશા છે. એ દશા નિર્મળ પૂર્ણ મોક્ષનું કારણ છે. એમ કહેવું તે એક જાતના સાધ્ય અને સાધન કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ?

અને જ્યાં ૧૦૭મી ગાથામાં કહ્યું ત્યાં સ્વપરહેતુક પર્યાય એટલે રાગ, વિકારી વિકલ્પ ઉત્પન્ન થાય છે. નવ તત્ત્વની શ્રદ્ધાના ભેદવાળો અને નવ તત્ત્વનું જ્ઞાન પરસન્મુખવાળું અને પંચ મહાવ્રત જે મુનિને સત્ય સ્વરૂપ પ્રગટ અને અનુભવ થઈને સ્થિરતામાં અંશે રમતા હોય એને પંચ મહાવ્રત—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહની વૃત્તિની લાગણી જે ઉત્પન્ન થાય એ રાગ છે. એ સ્વપરહેતુક છે. આત્માથી થયો છે અને એની સાથે કર્મનું નિમિત્ત છે. એવા પર્યાય એટલે આસ્રવ, એને ખરેખર તો એ આસ્રવભાવ છે. પણ એ આસ્રવને અહીંયા નિમિત્ત તરીકે ગણીને એને ભિન્ન સાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. સમજાય છે? કહેવામાં આવ્યું હતું ત્યાં. ૧૦૭મી ગાથામાં.

નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. પણ છે રાગ. નવ તત્ત્વનું જ્ઞાન સમ્યક્ સાચી દૃષ્ટિ,

ને સાચા જ્ઞાનની ભૂમિકામાં એ છે તો નવ તત્ત્વનું જ્ઞાન વ્યવહારે રાગ, એમ સ્વરૂપની રમણતા થતાં વ્યવહાર રાગ બાકી રહી ગયો પંચ મહાવ્રતનો છે તો આસ્રવ, પણ ભિન્ન સાધ્યસાધન તરીકે ગણીને એટલે કે મોક્ષનું સ્વરૂપ તો પૂર્ણ પ્રગટ થાય એ તો સાધ્ય નિર્મળ અને નિર્વિકાર છે. પણ એનાથી ભિન્ન, નિર્મળથી ભિન્ન રાગની ઉત્પત્તિ, પંચ મહાવ્રતના રાગાંશ આદિની થઈ, એ નિર્મળ પર્યાયનો મોક્ષ એનાથી ભિન્ન એવો રાગ એને મોક્ષનું સાધન કહેવું એ વ્યવહારથી કહેવામાં ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ આમાં? સત્ય માર્ગ.. કભી સત્ય તો સુના હી નહીં.

અનંત કાળ અનંત અવતાર થયા પણ સત્ય પંથ શું છે અને સત્યનો રાહ કેમ આત્માને પ્રાપ્ત થાય એ વાત સત્યના રસ્તાની સાંભળી નથી. અને સાંભળેલી એને કહીએ કે એ વસ્તુનું સ્વરૂપ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, પૂર્ણાનંદ આનંદનો કંદ એક એક આત્મા છે એની શ્રદ્ધા, જ્ઞાન કરે તો સાંભળ્યું કહેવામાં આવે, નહિતર સાંભળ્યું કહેવામાં આવતું નથી. સમજાય છે કાંઈ?

૧૦૭માં ભિન્ન સાધ્ય. આત્માની મોક્ષની શક્તિરૂપ જે આનંદ પૂર્ણ પડ્યો છે આત્મામાં, પીપરના દાણામાં ચોસઠ પહોરી ચરપરાઈ—તીખાશ જેમ ભરી છે એ જેમ બહારમાં આવે ત્યારે ચોસઠ પહોરી પ્રગટ થાય એ પૂરી પ્રગટી કહેવાય. એમ આત્મામાં પૂર્ણ આનંદ અને જ્ઞાન પડેલો છે. એની એકાગ્રતા દ્વારા પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય તેને મોક્ષ કહેવામાં આવે છે. એવા મોક્ષની નિર્મળ દશામાં આત્માના સ્વભાવને અવલંબે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જે થાય એ તો એક જાતનું સાધન ગણીને એને અભિન્ન અને એક જાતનું સાધ્ય સાધન કહ્યું. પણ વ્યવહારનયને ભિન્ન સાધ્યસાધન કહ્યું. નિશ્ચય નિર્મળ દશા મોક્ષની અને મલિન રાગ, વ્યવહાર એને સાધન કહ્યું. વ્યવહારથી કહેવામાં આવ્યું. એ વ્યવહારથી કહેવામાં આવ્યું. જુઓ!

'**ભિન્નસાધ્યસાધનવાળા...**' સાધ્ય અને સાધન ભાવવાળા. ભિન્ન સાધ્ય એટલે નિર્મળ દશાનો ભાવ પૂર્ણ મોક્ષનો અને સાધન એટલે રાગરૂપી સ્વપરહેતુક શુભરાગ. એ શુભરાગભાવવાળા વ્યવહારનયને આશ્રયે, વ્યવહારનય એટલે વર્તમાન જ્ઞાન કરવાલાયક એવો એક વિષય, આત્મામાં રાગની ઉત્પત્તિ પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે એવો ભાગ હોય છે. એને નિર્મળનું સાધન વ્યવહારથી કહેવામાં, ઉપચારથી કહેવામાં આવ્યું છે. ખરેખર એ સાધન નથી. ખરેખર સાધન તો નિર્મળ પૂર્ણ દશા પ્રગટવામાં આત્મા અખંડ આનંદસ્વરૂપ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જ એનું ખરું સાધન છે. સમજાય છે કાંઈ? એ સાધનની ભૂમિકામાં રહેલો શુભરાગ, એને પણ સાધ્ય નિર્મળનું વ્યવહાર સાધન તરીકે ગણીને વ્યવહારનયે તેને પ્રરૂપવામાં આવ્યું છે. એ ભિન્નસાધ્યસાધન વ્યવહારનયથી છે. ભિન્નસાધ્યસાધન વ્યવહારનયથી છે, ઉપચારથી છે, આરોપથી છે. નિમિત્તમાત્રનું જ્ઞાન કરાવવા તેને આરોપિત સાધન કહેવામાં આવ્યું છે

અને આત્મા અંતર અખંડાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવનો પિંડ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા નિર્વિકારી થવી એને એક જાતની નિર્મળતાનું કારણ ગણીને અભિન્ન સાધ્યસાધન કહ્યું છે. આ વાત સમજાય છે કાંઈ?

**'આમાં...'** આમાં નિશ્ચયથી એક જાતના સાધ્યસાધન અને વ્યવહારથી ભિન્ન જાતના સાધ્યસાધન એમ જે કહેવામાં આવ્યું એમાં **'પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી,...'** કારણ કે એક બાજુ કહ્યું કે ભિન્નસાધ્યસાધન, એક બાજુ કહ્યું કે અભિન્નસાધ્યસાધન. એ તો બેનો વિરોધ લાગે. ઉપલક દૃષ્ટિએ ઉપરથી જોનારને, અરે..! આત્માની શક્તિમાં આનંદ પૂર્ણ પડ્યો છે એને અંતરની મોક્ષદશા નિર્મળતા દ્વારા પ્રગટ થાય તે અમને સમજાય. એને વળી સાધન કહેવું સાધ્યનું, સાધ્ય નામ મોક્ષ. અને રાગના વિકલ્પને નવ તત્ત્વ ભગવાન સર્વજ્ઞદેવે ત્રિલોકનાથ પરમાત્માએ એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એમાં નવની વ્યાખ્યા જે ભગવાન સર્વજ્ઞના મુખે આવી, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એવા નવની પર સન્મુખની ભેદવાળી રાગની શ્રદ્ધા, એ નવનું જ્ઞાન રાગવાળું જ્ઞાન અને પંચ મહાવ્રત ભાવલિંગી સંત દિગંબર હોય છે, જંગલમાં વસતા હોય છે. વનવાસી હોય છે, અંતરમાં આત્મધ્યાન, જ્ઞાન, શ્રદ્ધા પ્રગટ થયેલી અને ત્રણ કષાયનો નાશ થઈ, અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય ત્રણ પ્રકારના કષાયનો અભાવ થઈને જેને લીનતા પ્રગટી છે. એક સંજ્વલનનો રાગ-દ્વેષનો કષાય રહ્યો છે. એમાં સંજ્વલનના રાગની ઉત્પત્તિમાં આ નવ તત્ત્વની શ્રદ્ધા, નવનું જ્ઞાન અને પંચ મહાવ્રતના પરિણામ તેને સંજ્વલન જરી રાગનો ભાગ છે, એને પણ નિર્મળ સાધ્યનું સાધન કહેવામાં આવ્યું તો કહે છે, પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી.

**'કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક...'** સોનું એ નિશ્ચય અને સોના પત્થર, આવે છેને સુવર્ણપાષાણ? સોનાનો પત્થર. પત્થરમાં જેમાં સોનું રહેલું હોય. એકલું સોનું જુદું અને જે સુવર્ણ પત્થરવાળો હોય એવો પાષાણ એની માફક. સુવર્ણ તે નિશ્ચય છે અને સુવર્ણપાષાણની પેઠે વ્યવહાર છે. **'સાધ્ય-સાધનપણું છે;...'** સુવર્ણ તે સાધ્ય છે, ઓલું સોનું પ્રગટ કરવું ઈ અને સોનાનો પથરો તે વ્યવહાર સાધન છે. સોનાને પ્રગટ કરવા માટે. **'તેથી જ...'** એ વ્યવહાર. **'તેથી જ પારમેશ્વરી (—જિનભગવાનની)...'** સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ તીર્થંકર પ્રભુ જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં પરમેશ્વર પૂર્ણ પ્રગટ થયું છે. જેને એક શરીરમાત્ર અરિહંત હોય ત્યારે હોય છે. બીજું કાંઈ હોતું નથી. અને દેહ છૂટ્યા પછી સિદ્ધ ભગવાન થઈ જાય એને શરીર પણ રહેતું નથી. એવા જૈન પરમેશ્વરી જિન ભગવાન વીતરાગ મહિમાવાળી દશાવંત પરમાત્મા, એની **'તીર્થપ્રવર્તના...'** તીર્થપ્રવર્તના. તીર્થ નીચે કર્યું છે. 'માર્ગ (અર્થાત્ મોક્ષમાર્ગ), ઉપાય (અર્થાત્ મોક્ષનો ઉપાય), ઉપદેશ, શાસન' શિખામણ. એવા તીર્થની પ્રવર્તના **'બંને નયોને આધીન છે.'** અહીં વજન

છે હવે. બન્ને નયોને આધીન તીર્થપ્રવર્તના છે. નિશ્ચયનય અને વ્યવહારનય. અભિન્ન સાધ્યસાધન તે નિશ્ચય, ભિન્ન સાધ્યસાધન તે વ્યવહાર. બેય નયને આધીન ભગવાનની તીર્થ પ્રવર્તના ભગવાને ફરમાવી છે.

હવે એનો ખુલાસો. પહેલા ચોગડો, નોટમાં. 'જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા...' નિશ્ચય અને વ્યવહાર દ્વારા નિરૂપણ નામ કથન હોય છે. '**ત્યાં, નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ કથન કરવામાં આવે છે...**' નિશ્ચય યથાર્થ. આત્મા પૂર્ણ નિર્મળ આનંદની દશા, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવી પ્રગટ દશા કરે એમાં કારણ આત્માના અવલંબનથી શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ મોક્ષનું સાધન છે, મોક્ષનો ઉપાય છે, મોક્ષનો માર્ગ છે, મોક્ષનું કારણ છે એ સત્યાર્થ છે. એ સાચી વાત છે. એ સત્યાર્થ કથન છે. સમજાય છે કાંઈ?

'**અને વ્યવહારનય દ્વારા...**' નિર્મળ મોક્ષની પર્યાય આત્માની... એ રાગને સાધન કહ્યું છે એવું જે વ્યવહારનય દ્વારા કહ્યું એ અભૂતાર્થ ઉપચરિત કથન કરવામાં આવ્યું છે. એ અભૂતાર્થ, અભૂતાર્થ. ઓલામાં સત્યાર્થ નાખ્યું હતું. આમાં અભૂતાર્થ એટલે કે અસત્યાર્થ. અસત્યાર્થ ઉપચરિત કથન કરવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ રાગ જે મોક્ષનું કારણ અને સાધન કહ્યું એ અસત્યાર્થથી કથન કરવામાં આવ્યું છે. વ્યવહારનયથી અસત્યાર્થ કથન કરવામાં આવ્યું છે. વ્યવહારનય કહે છે કે એ સાધન (છે), નિશ્ચય કહે છે કે નહિ, એ સાધન નથી. છતાં એ અન્યથા કથન વ્યવહારનું છે કે એ સાધન છે. તો કહે છે, અસત્યાર્થથી કહેવામાં આવ્યું છે. એ ખરેખર સાધન નથી. ખરેખર સાધન રાગ (નથી). દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વનું જ્ઞાન અને પંચ મહાવ્રતનો રાગ ખરેખર મોક્ષનું સાધન નથી. નથી તેને કહે તેને વ્યવહાર કહેવામાં આવે છે.

હવે એનો ખુલાસો. 'પ્રશ્ન :— સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ;...' સાચું જ કથન કરવું જોઈએ. નિરૂપણ નિરૂપણ શબ્દ વાપર્યો છે બધેય. પણ કાંઈક હશે ને નિરૂપણમાં. સત્યાર્થ કથન કરવું જોઈએ એને ઠેકાણે સત્યાર્થ નિરૂપણ કરવું જોઈએ. ઓલું નિરૂપણ આવે છેને ન્યાં ટોડરમલમાં. બે નયોનું... નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે—કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ બે પ્રકારે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે. સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ એને પકડીને જ્ઞાન કરીને રમણતા કરવી એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. પણ એનું નિરૂપણ બે પ્રકારે છે. એક વ્યવહારથી, નિમિત્તથી, ઉપચારથી. ત્રણેય એક. એક યથાર્થથી, વાસ્તવિક રીતે, ભૂતાર્થથી એ નિશ્ચય. કહે છે, પ્રશ્નકારના મુખમાં પ્રશ્ન મૂકીને હિંમતભાઈએ ખુલાસો વિસ્તારથી એને સમજાવવા કર્યો છે. બીજેથી લઈને, હોં! ઘરનું કર્યું છે એમ નહિ.

'સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ;...' પ્રશ્નકારના મુખમાં પ્રશ્ન મૂકીને પૂછ્યું. 'અભૂતાર્થ

ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?' અભૂતાર્થ, અસત્યાર્થ, ઉપચાર, જૂઠું. જૂઠું નિરૂપણ શા માટે કરવામાં આવે છે? લ્યો, એમ પ્રશ્ન (કર્યો). સમજાય છે કાંઈ?

'**ઉત્તર :— જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય...**' સિંહ, સિંહ. ક્યા કહતે હૈં? શેર. સિંહ. '**સિંહનું સ્વરૂપ યથાર્થ સીધું...**' એમ પાછું. યથાર્થ સીધું 'સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા...' સિંહના સ્વરૂપના આરોપિત, અસત્યાર્થ નિરૂપણ દ્વારા 'બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા...' બિલાડી એટલે મિંદડી. મિંદડી કહે છેને? શું કહે છે? બિલ્લી. સિંહનું સ્વરૂપ સીધું યથાર્થ જાણી ન શકે એને મિંદડી દ્વારા સિંહનું સ્વરૂપ બતાવાય કે જુઓ! આ ચાઠાવાળી, આવું મોઢું આમ આમ, થાપ મારે. હશે એવા મિંદડીમાં લખણ—લક્ષણો. આમ .. કાઢે, આમ આંખ કરે. એવો સિંહ હોય. મિંદડી સિંહ નથી. એ તો સિંહને સમજાવવામાં અસત્યાર્થ કથનથી મિંદડીને લક્ષમાં લઈને, બિલાડી—બિલ્લી, સિંહના સ્વરૂપને ઓળખાવે છે.

સિંહ (જાણતો) ન હોય તેને મિંદડીના સ્વરૂપના બિલાડીના સ્વરૂપના કથન દ્વારા. મિંદડીના સ્વરૂપના કથન દ્વારા 'સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે,...' સિંહના વ્યાજબી સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. છોકરાને ન કહે? બાપા! સિંહ કેવો જે તમે જોઈ આવ્યા? જો, આ મિંદડી છેને. આમ કરે, ઉંદરને મારવા આમ ઘુરકાય છે, ઘુરકાય. આંખ્યું આમ કરે છે ને આમ કરે છે. ઝપટ મારે, એવો સિંહ હોય. હવે એ છોકરો એને સિંહ સમજી લ્યે તો શું કહેવાય? મૂર્ખ કહેવાય મૂર્ખ. એ તો મિંદડી દ્વારા બતાવવું છે સિંહનું સ્વરૂપ. મિંદડી દેખાડવી નથી. એ બિલાડી દ્વારા તો સિંહનું સ્વરૂપ જણાવવું છે. 'બિલાડીના સ્વરૂપના નિરૂપણ કથન દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે,...' લઈ જવામાં આવે છે. આ દૃષ્ટાંત થયો.

'તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય...' જેને વસ્તુ નામ પદાર્થ, આત્મા, મોક્ષનો માર્ગ, મોક્ષ. યથાર્થ સ્વરૂપ  સીધું સમજાતું ન હોય તેને વસ્તુના સ્વરૂપના, વસ્તુના પદાર્થના સ્વરૂપના. પદાર્થમાં તો મોક્ષ પણ પદાર્થ આવે અને મોક્ષમાર્ગ પણ પદાર્થ આવે. એના સ્વરૂપના 'ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે.' દોરી એટલે? લઈ જવામાં. મિંદડીના લક્ષ દ્વારા, સિંહ આવો હોય, એ ઉપર નજર કરાવવા મિંદડીનો દૃષ્ટાંત દેવામાં આવે છે. એક વાત.

બીજી વાત. હજી બીજી વાત પાછી. 'વળી લાંબા કથનને બદલે...' લાંબુ કથન કરવું પડે. એનો દાખલો આપશે નીચે, હોં! લાંબુ કથન કરવું. લાંબુને શું કહે છે? વિસ્તાર. બહુ વિસ્તાર કથનને બદલે 'સંક્ષિપ્ત કથન કરવા માટે પણ...' ટૂંકું કથન કરવા માટે પણ 'વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.' કહો, સમજાણું કાંઈ? 'અહીં એટલું લક્ષમાં રાખવા યોગ્ય છે કે—જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની...' મિંદડીના સ્વરૂપને

જ સિંહનું સ્વરૂપ માની મિંદડીને **'બિલાડીને સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.'** આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો દાખલો આપ્યો છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ(કૃત) જેની આ ટીકા ચાલે છે, ગુજરાતીમાં. સંસ્કૃત ટીકા છે. એ અમૃતચંદ્રાચાર્ય મહારાજનું બનાવેલું પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે. એમાં આ દાખલો છે.

**'તેમ જે પુરુષ...'** મિંદડીના સ્વરૂપ દ્વારા સિંહના સ્વરૂપને ઓળખાવતાં મિંદડીને સિંહ માની લે તે ઉપદેશને લાયક નથી. બીજે લઈ જવા, દોરી જવા એ વાત કહેવામાં આવી હતી. એને ઠેકાણે એને જ પકડીને બેસી જાય તો એ ઉપદેશને લાયક નથી. **'તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ...'** ઉપચારિત, આરોપિત વ્યવહારિત કથનને જ **'સત્યાર્થ નિરૂપણ માની...'** સાચું નિરૂપણ માની. એ વ્યવહારે પણ સાચું છે અને નિશ્ચયે પણ સાચું છે એમ **'માની વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે...'** મિંદડીને સિંહ માને, એમ ઉપચારિત કથનને જ સાચું માને **'તે તો ઉપદેશને જ યોગ્ય નથી.'** જુઓને! અમથુંય ઘરમાં છોકરો લાકડું લઈને રમતો હોય. ઘોડો કહે છેને ઘોડો. છોકરો (કહે), આ મારો ઘોડો. લાકડી હાથમાં રાખે. એનો બાપ પણ એમ કહે, ઉતાવળથી એનો બાપ કેરી લઈને આવ્યો હોય, અધ મણ, અને ઓલા છોકરાને ઉંબરામાં, ઉંબરો હોય છેને ઘરનો? એમાં ઊભો હોય. એને એ પણ કહે, તારો ઘોડો આઘો રાખ. કારણ કે એને હૃદયમાં ઘોળાય છે, ઘોડો, ઘોડો, ઘોડો, ઘોડો—અશ્વ. એટલે ઈ એકદમ પકડી લ્યે. ઝટ ખસી જાય.

એમ બોલવામાં આવે પણ એ લાકડાને જ ઘોડો કોઈ માની લ્યે કે તમે કહેતા હતા ને? પણ અમે શું કહેતા હતા? તારા હૃદયમાં એમ ઘોળાયા કરતું હતું કે આ લાકડી એ ઘોડો, લાકડી ઘોડો. હું એ વખતે કહેવા જાઉં કે લાકડી તારી આઘી રાખ. તું લક્ષમાં પણ ન લે. કારણ કે ઘોળાય છે ઘોડો. એટલે તને ઉંબરામાંથી દૂર ખસેડવા એને એમ કહે કે તારો ઘોડો આઘો રાખ. એટલે અમે ઘોડો કીધું માટે ઘોડો છે એમ માની લે તો એ બાળક મૂરખ કહેવાય. એ સાચી સમજણવાળો કહેવાય નહિ.

એમ પદાર્થને—વસ્તુને, સ્વને, પરને, મોક્ષમાર્ગને, બંધમાર્ગને જેવું જેનું જે સ્વરૂપ છે, તેનું તેને સમજાવવામાં સીધું, સીધું સમજવામાં ન આવે તો એને ઉપચારિત, આરોપિત કથન દ્વારા તે પદાર્થના સ્વરૂપ તરફ લઈ જવા, દોરી જવા આરોપિત કથન કરવામાં આવે. પણ એ આરોપિતને જ સાચું માની લે તો એ ઉપદેશને લાયક નથી. કહો, બરાબર છે? ભેદ પાડીને વાત કરે તો પકડે ઓલો ભેદને. આત્મા જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે. પણ ન્યાં જ્ઞાન, દર્શન, આનંદ જુદા ક્યાં છે? ત્યાં તો એકમેક છે. સાકરના ગાંગડામાં જેમ સફેદાઈ અને ધોળાઈ એકસાથે પડી છે. પણ ખાતો હોય ત્યારે કહે કે આ સફેદાઈ એ સાકર. તમે નહોતા કહેતા ક્રમે ક્રમે? સફેદાઈ ને ગળપણ ને સુંવાળપ ને... માટે એમાં ક્રમે ક્રમે ગુણ રહ્યા હશે? ઈ સમજાવવાની ભેદની વિધિ અભેદને સમજાવવા માટે છે. એમ ન પકડતાં

ભેદને પકડી લ્યે કે આમાં ક્રમે ક્રમે ગુણ છે. એમ માની લે તો એ સાંભળવાને પણ લાયક નથી. સમજાય છે કાંઈ?

'અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે.' દાખલો—દૃષ્ટાંત. 'સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે...' સાધ્ય અને સાધન. અહીં સાતમા ગુણસ્થાનને સાધ્ય કહેશે અને છઠ્ઠા ગુણસ્થાનને સાધન (કહેશે) દાખલામાં. સાધ્ય-સાધન વિષેનું સાચું નિરૂપણ એમ છે કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતી...' દાખલો મુનિનો લીધો છે. મુનિ સાચા સંત એવા હોય છે કે જેને આત્મા આનંદનું ભાન અને એ ઉપરાંત સ્થિરતાની રમણતા (થઈ હોય) અને બાહ્યમાં તદ્દન નગ્ન દશા, દિગંબર દશા હોય છે. એવા 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુદ્ધિ...' આંશિક નિર્મળતા. એ 'સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' છઠ્ઠી ભૂમિકા મુનિની હોય છે, વિકલ્પ ઉઠે ત્યારે. અને જે નિર્વિકલ્પ અંદર જે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા છઠ્ઠાની અમુક વર્તે છે એ નિર્વિકલ્પ સાતમા ગુણસ્થાને જે ઉપયોગ આમ જામી જાય અંદરમાં, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન ત્રણનો ભેદ પણ જ્યાં રહે નહિ. એવા સાતમા ગુણસ્થાને અપ્રમત્ત દશા... મુનિને તો છઠ્ઠું અને સાતમું, છઠ્ઠું ને સાતમું હજારો વાર આવે. સાચા સંત અને મુનિ મોક્ષના સાધક જેને કહેવામાં આવે, ઉગ્ર ચારિત્રના પાળનારા અંતર સ્વરૂપની રમણતાવાળા અને અઠ્યાવીસ મૂળગુણ જેને રાગરૂપે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં હોય. એકવાર આહાર, અચેલપણે રહેવું, ઊભા ઊભા આહાર, સામાયિક વગેરે. ભગવાનની સ્તુતિ વગેરેના વિકલ્પો હોય છે. એવા છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકાવાળો જીવ, જેને આત્માને અવલંબે કંઈક આંશિક નિર્મળતા પ્રગટી છે. સાતમું ગુણસ્થાન એટલે આગળ જઈને સ્થિર થઈ ગયો આત્મામાં એવી નિર્વિકલ્પ.. ઓલામાં જરી ભેદ હતો હજી રાગ, પણ એ શુદ્ધિ જે છે—નિર્વિકલ્પ શુદ્ધિ, અવિકારી શુદ્ધિ છઠ્ઠાની હતી. એ નિર્વિકલ્પ અભેદ આત્માની શુદ્ધિ સાતમે તરત આવી એવી શુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિ. શુદ્ધ પરિણતિ એટલે શુદ્ધ અવિકારી દશા. એનું છઠ્ઠા ગુણસ્થાનમાં અંશે નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થઈ છે. રમણતા અંશે છે. શ્રદ્ધા-જ્ઞાન તો બરાબર છે. એ સાધન કહેવામાં આવે છે. શું કીધું?

આત્માનું જ્ઞાન અને ભાન થાય કે હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છું. એવી ભૂમિકાને ચોથું ગુણસ્થાન સમ્યગ્દૃષ્ટિનું કહે છે. એ તો ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. એ ઉપરાંત પંચમ ગુણસ્થાન જે શ્રાવકને (હોય), વાડાવાળાની વાત નથી, અંતર આનંદના સ્વરૂપના ભાનપૂર્વકની અંશે લીનતા એને પંચમ ગુણસ્થાન શ્રાવક કહેવામાં આવે છે. એથી આગળ જતાં સ્વરૂપમાં વિશેષ રમણતા (થાય) એને છઠ્ઠું ગુણસ્થાન મુનિનું, સાધુનું કહેવામાં આવે છે. એવા છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ એ સાતમા નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે એમ કહેવામાં આવે એ ખરેખર છે. સમજાણું કાંઈ?

આમ પ્રથમ શુદ્ધિ પ્રગટી છે. એ શુદ્ધિ વિશેષ શુદ્ધિ સાતમા ગુણસ્થાનની છે, એ શુદ્ધિનું

આ સાધન છે એ વ્યાજબી છે. એ કથન બરાબર છે. ભીખાભાઈ! છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ સાતમાનું કારણ છે. અહીં સાધકની પર્યાય લેવી છેને. દ્રવ્યનું અવલંબન કેમ છે એ તો આશ્રય વધારે લ્યે ત્યારે સાતમું પ્રગટ થાય છે. પણ છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિને આમ છઠ્ઠી ભૂમિકા છે. ચૌદ ગુણસ્થાન છે. જેમ મેડી ચડવામાં દાદરાના ચૌદ પગથિયા હોય છે, એમ આત્માની પૂર્ણ મોક્ષ દશા થવામાં એને ચૌદ ભૂમિકા હોય છે. એમાં ચોથી ભૂમિકાથી ધર્મની શરૂઆત થાય છે.

આત્મા એક સ્વરૂપી ચિદાનંદ અખંડ આનંદનો કંદ છે. અને પૂર્ણ શુદ્ધ છે એવી અંતર્મુખ થઈ પ્રતીતિ અનુભવમાં થવી ત્યારથી એને સમ્યગ્દર્શનની શરૂઆત થાય. પછી આગળ જતાં શ્રાવક અંશે ... વિકલ્પ રહે એ વાત વ્યવહારમાં જાય. અને આગળ જતા છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિને વિશેષ નિર્મળ દશા હોય તે વિશેષ નિર્મળ દશા સાતમામાં વિશેષ નિર્મળ દશાનું સાધન. સાતમાની છઠ્ઠા કરતાં વિશેષ નિર્મળ દશા છે. એનું છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ દશા સાધન એ વ્યાજબી છે. એ સત્યાર્થ છે, એ ભૂતાર્થ છે, એ વ્યાજબી છે.

'હવે, છઠ્ઠા ગુણસ્થાને કેવી અને કેટલી શુદ્ધિ હોય છે...' બહુ સરસ વાત છે આ. મુનિને છઠ્ઠા ગુણસ્થાને કેવી શુદ્ધિ હોય, કેવી અને કેટલી નિર્મળતા હોય 'એ વાતનો પણ સાથે ખ્યાલ કરાવવો હોય તો, વિસ્તારથી એમ નિરૂપણ કરાય...' વિસ્તારથી એમ કથન કરાય. શું કીધું? છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળતા સાતમા ગુણસ્થાનની વિશેષ નિર્મળતાનું સાધન. એટલી વાત. હવે છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળતા કેટલી અને કેવી હોય એમ જ્યારે જણાવવું હોય તો એ વાતનો ખ્યાલ કરાવવો હોય તો વિસ્તારથી એમ કથન થાય. વિસ્તારથી હોં! સંક્ષેપથી પછી કહેશે.

'જે શુદ્ધિના સદ્‌ભાવમાં...' આત્માને જ્યાં આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્માની અવિકારી કેટલીક શુદ્ધ પરિણતિ છઠ્ઠે ગુણસ્થાને પ્રગટી છે એ ભૂમિકાને લાયક, એને ખ્યાલ અપાવવો હોય તો એ શુદ્ધિની હયાતીમાં છઠ્ઠા ગુણસ્થાનમાં નિર્મળ દશાની ભૂમિકામાં, છઠ્ઠાની હયાતી 'સદ્‌ભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના...' છઠ્ઠા ગુણસ્થાને મુનિની ચારિત્રદશામાં એની સાથે સાથે મહાવ્રત—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે. એક વાર આહાર, અચેલપણું રહેવું વગેરે. એવા જે શુભરાગના વિકલ્પો, શુભ વિકલ્પો એટલે શુભરાગ. હઠ વિના. હઠ વિના એટલે? એ કાળે એ ભૂમિકામાં એ પ્રકારનો જ રાગ આવે. એને છઠ્ઠા ગુણસ્થાનવાળાને વસ્ત્રનો, પાત્રનો, એને માટે બનાવેલા આહારનો એવો વિકલ્પ એ ભૂમિકામાં હોય જ નહિ. એવો રાગ એને હોય નહિ. સમજાય છે કાંઈ? ગુરુનું સ્વરૂપ ચારિત્રવંતનું એ સાંભળ્યું નહિ અને સમજ્યું પણ નહિ. નરભેરામભાઈ! સંઘના અગ્રેસર કહેવાય. સંઘના મોવડી. પાટના પાયાના સેવનાર. ખબર ન હોય શું મુનિ કહેવાય અને કોને..?

અહીં કહે છે, શુદ્ધિના સદ્‌ભાવમાં. શું કીધું? જેમ કેસર લાવવામાં ડબ્બો જ નિમિત્ત

હોય. એને લાવવામાં કોથળો ન હોય, થેલો ન હોય. એમ આ છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ દશા આત્માની પ્રગટી—ચારિત્ર, એના સદ્‌ભાવમાં રાગ કઈ જાતનો હોય, કે મહાવ્રત આદિ શુભરાગ હઠ વિના (હોય). હઠ નહિ. અરે..! અમારે આ કરવું પડે છે. આ અહિંસાનો વિકલ્પ લાવવો પડે છે, અમારે આવી અહિંસા પાળવી પડે છે. અમારે આમ સત્ય બોલવું પડે છે. બોલવાની ક્રિયા તો જડની. પણ એવો વિકલ્પ લાવવો પડે છે એવું હોતું નથી. બ્રહ્મચર્ય પાળવાનો ભાવ સહેજે ત્યાં છે, હઠ વિના વિકલ્પ ઉઠે છે. નવ કોટિએ નવ વાડે બ્રહ્મચર્યના ભાવમાં એવો રાગાંશ ઉત્પન્ન થાય છે. રાગાંશ.

એવા '**શુભવિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે...**' સહજપણાનો અર્થ. એ રાગ કાંઈ સ્વાભાવિક નથી. રાગ તો વિકાર છે. રાગ તો વિભાવ છે. પણ સહજપણે એ ભૂમિકામાં એવા જ રાગ હોય છે માટે એને સહજપણે વર્તતા હોય એમ કહેવામાં આવ્યું છે. ભારે ઝીણી વાત ભાઈ!

મુમુક્ષુ :—..

ઉત્તર :- હા, શુદ્ધિ બતાવવા માટે વિસ્તારનું કથન. સમજાણું કાંઈ?

આત્મામાં મુનિદશા જેને પ્રગટે, ભાવલિંગ ચારિત્રદશા જેને પ્રગટેલું હોય એની ભૂમિકામાં કઈ જાતનો રાગ હોય? હઠ વિનાનો હોય, સહેજે પ્રવર્તતો હોય. એવું એ 'છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે...' કહો, સમજાણું કાંઈ? શું કીધું? છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળતા એવી છે કે એને પંચ મહાવ્રતાદિનો રાગ સહેજે હઠ વિના ઉત્પન્ન થાય છે. એમ બતાવવું છે. પણ કહે છે કે 'છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે...' ખરેખર તો આમ છે. સાતમા ગુણસ્થાનની નિર્મળ દશા એનું સાધન આ. પણ છઠ્ઠાની શુદ્ધિમાં રહેલો શુભરાગ આવી જાતનો જ હોય છે. એ સિવાય બીજી જાતનો હોય નહિ. એવું લાંબુ લાંબુ કથન કરવાને બદલે આવા લાંબા કથનને બદલે એમ કહેવામાં આવે કે છઠ્ઠે ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે. શું કીધું?

કહે છે કે કહેવું છે તો એ કે છઠ્ઠા ગુણસ્થાનમાં નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ સાતમાની ઉગ્ર શુદ્ધિનું સાધન (છે). પણ એ શુદ્ધિની ભૂમિકા કેવી હોય અને એ શુદ્ધિની સાથે રાગની ઉત્પત્તિની જાત કેવી હોય એ જાતને બતાવીને એ જાત આ જાત બતાવીને, બતાવવું છે તો ઓલી શુદ્ધિ નિર્મળ છઠ્ઠાની શુદ્ધિ સાતમાનું સાધન. પણ એની ભૂમિકામાં આવી જાતના રાગ હોય અને બીજી જાતના રાગ ન હોય. એ નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું એવું નિમિત્તપણાનું વાસ્તવિક જ્ઞાન કરાવવા વિકલ્પ જે હઠ વિના છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય આવ્યો એને સાધન કહેવું એ ઉપચાર સાધન છે. ઓહો..! શું કહ્યું સમજાણું કાંઈ?

મુમુક્ષુ :—

ઉત્તર :— એ શુદ્ધિ આવી જાતની હોય અને એ શુદ્ધિ જ સાતમાનું કારણ છે. પણ એ શુદ્ધિની ભૂમિકામાં રાગની મર્યાદા જ એ પ્રકારની હોય. એ દ્વારા શુદ્ધિનું જ્ઞાન કરાવીને એ રાગને સાતમા ગુણસ્થાનનું સાધન આરોપિત કરવામાં આવ્યું છે. ખૂબી છે એમાં. કેટલાક એમ કહે કે અમને તો સાધુપણું પ્રગટ્યું છે, હવે અમને ગમે એવા રાગ આવે અને ગમે એવી દેહની ક્રિયાઓ થાય. એ વસ્તુને સમજતા નથી. સમજાય છે કાંઈ?

કહેવું છે તો છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ સાતમાનું કારણ. પણ એ શુદ્ધિની મર્યાદાની જાત જણાવવા કે આવી શુદ્ધિ જ્યાં હોય ત્યાં આવા જ પંચ મહાવ્રતના, અહિંસા, સત્ય, દત્તના, અચેલપણાના રાગ હોય. કોઈ એમ કહે કે અમને વસ્ત્ર, પાત્રને રાખવાનો રાગ આવે અને એ અમારું કોમળ સાધુપણું છે. (એ) મૂઢ અને મિથ્યાદષ્ટિ છે. એ વસ્તુને સમજતા નથી. સમજાય છે કાંઈ? ત્યારે તમે કહો છેને, પંચ મહાવ્રત—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. અચેલપણું આદિ રાગ એને સાધન કહો છોને? પણ એ સાધન કહેવાનો અમારો હેતુ શું છે? કે એ ભૂમિકાની નિર્મળતા ખરેખર તો સાતમાનું સાધન છે. પણ એ શુદ્ધિની હદમાં છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળતાની ભૂમિકાની મર્યાદામાં પંચ મહાવ્રત ને અચેલપણું આદિના શુભ રાગની મર્યાદા ઉઠે છે. હઠ વિના એ ગુણસ્થાનમાં એવો જ રાગ આવે. એ ગુણસ્થાને એવો રાગ ન આવે કે સ્ત્રી સેવું. પાંચ-પચાસ હજાર (રૂપિયા) રાખું, વૃદ્ધાવસ્થા થશે તો (કામ આવશે). એવો રાગ આવે તો સમજવું કે ગુણસ્થાન છઠ્ઠું એને નથી અને માની લ્યે તો એ મિથ્યાદષ્ટિ છે. એમ કહેવા માંગે છે.

જેને નિર્મળતા ઘણી પ્રગટી છે. એ સાતમાની ઘણીનું સાધન છે. છતાં એ નિર્મળતાને ઓળખાવવા કે આવી નિર્મળતા જેને છઠ્ઠી ભૂમિકા ગુણસ્થાનમાં પ્રગટી હોય એને તો આ જાતના રાગ હોય. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અચેલ આદિ. અને ભગવાને કહેલી વિધિ વ્યવહારની-સામાયિક, ચઉવિસંત્તુ, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્ચખાણ વગેરે. એવી જાતની ભૂમિકામાં આવો રાગ હોય. એ રાગની જાતથી બીજો અધિક અને મંદ બીજી જાત ન હોય. કેમકે શુદ્ધિના પ્રમાણમાં એને અશુદ્ધિનો અંશ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એમ એ કહે કે અમને તો મુનિપણું છે પણ અમારે વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ એ કોમળ સાધુપણું છે. તો કહે છે કે મૂઢ છો. તને છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિની ખબર નથી અને એ ભૂમિકામાં આવતા રાગની હદ અને મર્યાદા કેવી છે એની પણ તને ખબર નથી. અને આસ્રવતત્ત્વની હદ કેટલી તેની ખબર નથી. સંવર, નિર્જરાની હદ છઠ્ઠે કેટલી હોય એની ખબર નથી. અને એ સંવર, નિર્જરાની આવી હદ જેને પ્રગટી હોય એને આવો જ રાગ હોય અને એ સંવર, નિર્જરા જ મોક્ષનું કારણ છે. અથવા સાતમાની ભૂમિકાનું કારણ છે. પણ એની શુદ્ધિમાં કોઈ ગડબડ કરી દે. અમને શુદ્ધિ ઘણી પ્રગટી છઠ્ઠાની પણ રાગ તો હજી અમારે સ્ત્રી સેવનનો, માંસ ખાવાનો, દારૂ પીવાનો, અમારે માટે આહાર કરેલા લેવાનો,

વસ્ત્ર ઓઢવાનો, પાત્રમાં આહાર લેવાનો અમને રાગ આવે છે. તો કહે છે કે એ રાગ બતાવે છે કે ત્યાં છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ છે નહિ. છે જ નહિ. શુદ્ધિ જ નથી. અને એને માને છે તો ત્યાં મિથ્યાત્વ ભૂમિકા છે. સમજાય છે કાંઈ આમાં? ભારે ઝીણી વાત ભાઈ! જુઓ! કેટલો ખુલાસો કર્યો છે, હિંમતભાઈએ. હિંમતભાઈને કહીએ તો શરમાય છે. એ તો કહે, શાસ્ત્રમાં છે એવું મેળવીને લખ્યું છે. મેળવણી ઠીક ઠીક કરી છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? મહેન્દ્રભાઈ!

માણસ હોય ને, નહોતું કહ્યું? એક બાવાનો દાખલો આપ્યો હતો. બાવો બેઠો હતો અંધ. એક શિકારી નિકળ્યો. એ..અંધ! અંધ કીધું. ઓલાએ પરખી લીધું કે આ કોઈ શિકારી લાગે છે. બીજો આવ્યો કહે, અરે..! અંધ બાબા! આ કોઈ એનાથી મોટો લાગે છે. વળી ત્રીજો આવ્યો, કહે, કેમ સુરદાસ! ઠીક આ દિવાન લાગે છે. ક્યોં સુરદાસબાબા! આ રાજા લાગે છે. ઓલી એની ખાનદાની પ્રમાણે તેને વિકલ્પ અને તેની ભાષા હોય છે. ખાનદાન માણસની હદ પ્રમાણે એની ભાષા હોય છે. સમજાય છે કાંઈ? તોછડી હદની હોતી નથી.

એમ છઠ્ઠા ગુણસ્થાનની ખાનદાની જેને પ્રગટી છે, આત્મા શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના ચારિત્રની ખાનદાની પ્રગટી છે ત્યાં તો એ અહિંસા, સત્યના વિકલ્પની હદની જ ઉત્પત્તિ થાય. એને બીજી હોય નહિ. એ એમ બતાવે છે કે આને છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ અંદરમાં આવી જાતની હોય છે. એ બતાવવા આવું વ્યવહાર અને નિમિત્તનું સાધન કહ્યું છે. સમજાય છે કાંઈ? દાખલો સમજાય નહિ. દાખલાથી તો આપણે સિદ્ધાંત સિદ્ધ કરવો છેને. ઈ વાત આવી હતી. ઓલો તો આંધળો હતો. બિચારાને ખબર નહિ. ચાલ્યા જાય ને, એમ ઓલા બોલતા જાય. રાજા નિકળ્યો તો કહે, સુરદાસ બાબાજી! યહાં સે લશ્કર નિકલા થા? હા, રાજાસાહેબ! ઓલો કાંઈ બોલ્યો નહોતો. હા રાજાસાહેબ. પહેલો બોલ્યો હતો કે એ અંધ, ઓ અંધા. યહાં સે લશ્કર નિકલા થા? હા, પોલીસ સાહેબ. ભાષા ઉપરથી કીધું. એની મર્યાદા, ખાનદાન માણસો હોય છે એ ખાનદાનની મર્યાદા જુદી જાતની હોય. સમજાય છે? ખાનદાન કોને કહે છે સમજાય છે? હિન્દી મેં ખાનદાન કિસકો કહતે હૈં? ખાનદાન કહતે હૈં? કુલવાન, કુલવાલા. કુલવાની.

એમ આત્માની સમ્યગ્દર્શનની ખાનદાની પ્રગટતા એની ભૂમિકામાં કઈ જાતનો રાગ હોય? એને માંસ ખાવાનો, દારૂ પીવાનો કે એવો રાગ હોય નહિ. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને શ્રદ્ધવાનો રાગ એને હોય જ નહિ. એટલી એની ખાનદાની સમ્યક્‌માં પ્રગટી છે. આગળ જતા પાંચમાની ખાનદાની વિશેષ શુદ્ધિ પ્રગટી છે તેને તીવ્ર રાગ જે પ્રકારના પહેલા હતા એ ટળી ગયા છે. મંદ રાગની એને મર્યાદા હોય છે. સમજાય છે? શાંતિનો રસ વિશેષ અંદર પ્રગટેલો. એટલે એને અશાંતિનો રાગ આવે પણ તે એની મર્યાદા પૂરતો આવે. છઠ્ઠા ગુણસ્થાનની જ્યાં મુનિની મર્યાદા પ્રગટ થઈ (ત્યાં) અકષાય દશા અને સ્થિર અને શાંતિ પ્રગટી. એની

ભૂમિકામાં તો પાતળો રાગ, રાગ છે. કેવો પાતળો? કે અહિંસા, કોઈને દુઃખ ન થાય, સત્ય બોલું, શાસ્ત્ર લખું, ઉપદેશ કરું. એની એવી મર્યાદા પૂરતો રાગ, એ રાગની મર્યાદા ઓલી શુદ્ધિ બતાવવા માટે કહેવું છે કે આવી શુદ્ધિમાં આવો રાગ હોય. સમજાય છે કાંઈ? અમથો રાગ હોય અને શુદ્ધિ ન હોય એની અહીં વાત નથી. અહીં તો તેથી સહજ કીધું છે ને ઓલામાં? હઠમાં જાય છે. સાધારણ કોઈની પ્રકૃતિમાં જ રાગ મંદ હોય અને અમુક હોય, એ સહજપણે રાગ નથી. જેને સ્વભાવની દૃષ્ટિપૂર્વક સ્થિરતા પ્રગટ થઈ છે એને સહજપણે સ્વાભાવિક એટલે, એટલે કે એ ભૂમિકામાં આવવા લાયક હઠ અને આગ્રહ વિના, ખેદ વિના (આવે). અરેરે..! અમારે અહિંસા પાળવી પડે છે. એમ નહિ. સમજાય છે? અજ્ઞાનીને પંચ મહાવ્રતના વિકલ્પ અજ્ઞાનીને હોય એ વ્યવહાર નથી, એ સહજ નથી, એ તો હઠવાળા છે. એટલે એ વ્યવહાર પણ એને લાગુ પડતો નથી. સમજાય છે કાંઈ?

'આવા...' શું આવા? કે લાંબા કથનને બદલે. છઠ્ઠા ગુણસ્થાનની આવી શુદ્ધિ હોય એમાં આવા વિકલ્પો હોય એવું છઠ્ઠું ગુણસ્થાન સાતમાનું કારણ હોય. એવા લાંબા કથનને બદલે છઠ્ઠા ગુણસ્થાનની આવી શુદ્ધિ હોય કે આવા રાગ હોય, એવું છઠ્ઠું ગુણસ્થાન સાતમાનું કારણ છે. એવું લાંબુ કહેવાને બદલે... સમજાણું? 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે,' તો સાતમે ગુણસ્થાને તો વધારે નિર્મળ પર્યાય પ્રગટી અને છઠ્ઠાનો રાગ તો મલિન છે. મલિનને નિર્મળનું સાધન કહેવું એ ટૂંકું કથન કરવા માટે કહ્યું છે. નહિતર કહેવું તો છે છઠ્ઠાની શુદ્ધિ સાતમાનું કારણ છે. પણ એ શુદ્ધિની ભૂમિકાની હદમાં રાગ આવો હોય એ દ્વારા બતાવીને શુભરાગ જ પોતે જાણે સાતમાનું કારણ હોય એમ ઉપચારથી નિરૂપણ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે રામજીભાઈએ કહ્યું હતું કે આ ઉતારી લ્યો. હેઠે કર્યો છે પેરેગ્રાફ સારો. શું કહેવાય ઈ? નોટ. ફૂટનોટ. બહુ સરસ, બહુ સરસ. એ વખતે વિચાર ઘોલનને બરાબર કરી આમ .. દીધું છે. ભેગાભેગું કાલે ભાઈએ એમ પણ કીધું, હવે આ અષ્ટપાહુડનું કાંઈક કરો. ચાર કર્યા ભેગા પાંચમું. લોભ કાંઈ મારે વાણિયાને. કહો, સમજાણું કાંઈ?

આવા ઉપચરિત કથનમાં, આરોપિત કથનમાં. જેમ ઓલી મિંદડીને સિંહ બતાવ્યો એમ. 'એમ અર્થ તારવવો જોઈએ...' આવા આરોપિત કથનમાંથી એવો ભાવ તારવવો જોઈએ, એવો ન્યાય તારવવો જોઈએ, એવો અર્થ ખેંચી લેવો જોઈએ કે 'મહાવ્રતાદિના શુભ વિકલ્પો નહિ...' છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય જે રાગ તે નહિ. તે સાતમાનું ખરું કારણ નહિ. 'પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી...' કોની? છઠ્ઠા ગુણસ્થાનની. સમજાય છે કાંઈ? આ છઠ્ઠી દશા હોય મુનિને એને આવા જ રાગ હોય એમ તેમના દ્વારા, ઓલા રાગ દ્વારા સૂચવવા—જણાવવા ધારેલી 'છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ...' છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય નિર્મળ એ 'ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' એમ એમાંથી અર્થ તારવવો. એમ

એમાંથી ભાવ તારવવો. કહેવામાં એમ આવ્યું કે એ શુભરાગ છઠ્ઠાને યોગ્ય સહજ હઠ વિનાનો આવ્યો એ સાતમાનું કારણ. પણ ઓલી છઠ્ઠાની શુદ્ધિમાં આવો જ હોય એ બતાવવા માટે આ વાત કરી છે. સાધન તો ખરેખર આ છે. પણ એની શુદ્ધિમાં આવી જાતની મર્યાદા હોય. એ મર્યાદાને આનું કારણ કહ્યું સાતમાનું (એનો) અર્થ તારવવો કે એને મર્યાદાવાળા રાગથી સૂચવાયેલી છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ એ સાતમાનું સાધન છે. એમ એમાંથી અર્થ તારવવો જોઈએ. તો વાસ્તવિક સમજણ અને વાસ્તવિક એની ઓળખાણ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

...
ગાથા--૧૬૦, પ્રવચન-૧૫

નોંધ : (૩૫:૦૦ મિનિટ પછી અવાજ ડબલ છે).

આ પંચાસ્તિકાય, એની ૧૬૦મી ગાથા છે. આ મોક્ષમાર્ગના વિસ્તારનું કથન છે. એમાં આ ગાથા વ્યવહાર મોક્ષમાર્ગનું કથન છે. વ્યવહાર શું કહેવાય એ બધું આવશે એમાં.

**धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं।**
**चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति।।१६०।।**

નીચે હરિગીત.

**ધર્માદિની શ્રદ્ધા સુદગ, પૂર્વાંગબોધ સુબોધ છે,**
**તપમાંહી ચેષ્ટા ચરણ—એ વ્યવહારમુક્તિમાર્ગ છે. ૧૬૦**

'**ટીકા :— નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે,...**' એટલે કે નિશ્ચય નામ આત્મા શુદ્ધ આનંદ પવિત્રસ્વરૂપ છે સ્વભાવથી. એની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સાચો, નિશ્ચય નામ સાચો મોક્ષનો માર્ગ. એક સેકંડના અસંખ્ય ભાગમાં આમ આત્મા અંતરની શક્તિનું સત્ત્વ પૂર્ણ આનંદ ને શુદ્ધ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એવું એનું એકરૂપ સ્વરૂપ અભેદની દૃષ્ટિ કરીને શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના ચારિત્ર ભાગ અને જ્ઞાન ભાગ સ્વભાવને અવલંબે પ્રગટ કરવા, એને સાચો મોક્ષનો માર્ગ કહે છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિનું તે કારણ ખરો ઉપાય છે. એવો નિશ્ચયમોક્ષમાર્ગ.

મોક્ષ નામ પૂર્ણ પવિત્રતા પ્રગટ કરવી એ મોક્ષ. અને એનો માર્ગ નામ ઉપાય નામ કારણ અને નિશ્ચય નામ યથાર્થ, એવો જે આત્માના સ્વભાવની સન્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના સ્વભાવની સિદ્ધિ એ જ મોક્ષનું ખરેખર તો કારણ છે. પણ એના સાધન તરીકે અર્થાત્ વ્યવહાર સાધન તરીકે. નિશ્ચય સાધન તો પોતાનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? નિશ્ચય સાધન તો પોતાનો શુદ્ધ, પવિત્ર આનંદસ્વભાવ છે. એ જ અંતરમાં એકાગ્રતા થઈને સાધન કરવું એ જ નિશ્ચય સાચું, વ્યાજબી, યથાર્થ સાધન છે. પણ તેને નિશ્ચય મોક્ષમાર્ગના સાધન નામ વ્યવહાર સાધન તરીકે. એટલો શબ્દ ત્યાં લેવો. પરમાર્થ સાધન તરીકે નહિ.

વ્યવહાર નામ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાની ભૂમિકામાં એની ભૂમિકાના વિરુદ્ધવાળો, વિરુદ્ધવાળા કુદેવ, કુગુરુની કુશાસ્ત્રની શ્રદ્ધાનો અભાવ અને નવ તત્ત્વ ભગવાન

સર્વજ્ઞે કહ્યા એનાથી વિપરીત શ્રદ્ધાનો અભાવ અને એનાથી અવિપરીત વ્યવહારશ્રદ્ધા અને અવિપરીત વ્યવહારુ જ્ઞાન અને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિના શુભ વિકલ્પો નામ રાગ, એને નિશ્ચય મોક્ષમાર્ગના વ્યવહાર સાધન તરીકે આરોપથી કથન કરવામાં આવ્યું છે. ભારે ઝીણી વાત, ભાઈ!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ અંતરમાં સત્ત્વરૂપે-શક્તિરૂપે—સ્વભાવરૂપે અંતરની સૃષ્ટિ સ્વભાવમાં શુદ્ધતા પૂર્ણતા પડી છે એની પ્રતીત, અંતર્મુખ જ્ઞાન અને રમણતા એક જ પૂર્ણાનંદની પ્રાપ્તિનો ઉપાય અને માર્ગ છે. પણ તે માર્ગની પૂર્ણતા ચારિત્રની સ્વરૂપની રમણતા અંતર્મુખ પૂર્ણ ન હોય ત્યારે ધર્મીજીવને એ નિશ્ચય સ્વભાવના નિશ્ચય સાધનના કાળમાં વ્યવહાર સાધન તરીકે સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર અને નવ તત્ત્વો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, આસ્રવ એટલે પુણ્ય-પાપના બે ભાવ ભેગા થઈને તેને મલિન ભાવ કહેવામાં આવે છે. આસ્રવ એટલે નવા રજકણોનું કારણ. સંવર એટલે એ મલિનને અંશે રોકવા, નિર્જરા નામ નિર્મળતાની વૃદ્ધિ, મોક્ષ નામ પૂર્ણ નિર્મળની શુદ્ધિ. અને બંધ નામ આત્માનો ત્રિકાળી પવિત્ર સ્વભાવ એ વિકારમાં અટકતો તેને ભાવબંધ કહેવામાં આવે છે. એવા નવ તત્ત્વને ભેદરૂપ અનેકરૂપ શ્રદ્ધામાં રાગના અંશમાં લેવા એને, અને એ નવ તત્ત્વનું શાસ્ત્ર પ્રમાણે વ્યવહારુ સમ્યક્જ્ઞાન થવું એને અને શાસ્ત્ર વ્યવહારની આજ્ઞા જે સંતોને પંચ મહાવ્રત હોય, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવો વિકલ્પ રાગાંશ જે ઉઠે એને વ્યવહાર સાધન તરીકે, ચારિત્ર તરીકે નિશ્ચય મોક્ષમાર્ગ સ્વભાવની સન્મુખનો સાધતો હોય એને આવો રાગ આ જાતનો આવે એને નિશ્ચય મોક્ષમાર્ગના, સાચા મોક્ષમાર્ગમાં આરોપિત વ્યવહાર નિમિત્ત તરીકે સાધન કહેવામાં આવ્યું છે. આ કાંઈક વાત બીજી છે, વૈદ્યરાજ! એ વૈદુ બીજી જાતનું છે. પણ એકદમ જરી પકડાય એવું નથી. રતિભાઈ! આ સમજવું પડશે, હોં! હીરા-માણેકમાં કાંઈ ચાલે એવું નથી. કેમ બેચરભાઈ!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં આમ પૂર્ણ સત્ત્વ જો અંદર શુદ્ધ ને આનંદ ન હોય તો બહારમાં એની દશામાં, એની હાલતમાં ક્યાંથી આવશે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદરમાં શુદ્ધતા પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનની પરિપૂર્ણતા સ્વભાવમાં ન હોય તો એની વર્તમાન હાલતમાં—દશામાં—અવસ્થામાં ક્યાંથી બહારથી આવશે? અંદરમાંથી તે પ્રાપ્ત થાય છે. અંદરના સ્વભાવમાં..

દાખલો કાલે નહોતો આપ્યો? પીપરનો. એ તો હજારો વાર દાખલો આપીએ છીએ. પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ જો ન હોય તો એની વર્તમાન હાલતમાં—દશામાં--અવસ્થામાં ક્યાંથી આવશે? કાંઈ બહારથી આવે એવી નથી. શક્તિમાંથી વ્યક્તતા—પ્રગટતા થાય તેને અવસ્થા કહે છે. અને શક્તિરૂપ સત્ત્વને પદાર્થના સત્ત્વને દ્રવ્ય અને પદાર્થ ખરેખર કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે, જે કોઈ આત્મા અંતર સ્વભાવની અભિમુખ થઈને. અભિમુખ અંતર. એની અભિમુખ શક્તિના સત્ત્વના સામર્થ્યને પ્રતીતમાં લઈને સ્વ જ્ઞાન વડે તે આત્માના અંતર પૂર્ણ સ્વભાવને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને અને તે સ્વરૂપમાં રમણતા, ચરવું, રમવું, જમવું એને ચારિત્ર કહે છે. એવું સમ્યગ્દર્શન—સ્વભાવની પ્રતીતિ, સમ્યક્જ્ઞાન—સ્વભાવનું જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સાચું ચારિત્ર સત્ ચારિત્ર એ સ્વભાવમાં લીનતારૂપ એકાગ્રતા. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સાચો મોક્ષનો માર્ગ નામ ઉપાય છે. એના સાધન તરીકે, એના વ્યવહાર સાધન તરીકે, ઈ સાધનમાં વ્યવહાર શબ્દ લેવો. ખરેખર સાધન તો અંતરમાં છે. પણ એના વ્યવહાર સાધન તરીકે '**પૂર્વોદિષ્ટ (૧૦૭મી ગાથામાં ઉલ્લેખવામાં આવેલા)...**' ૧૦૭મી ગાથા આપણે કહેવાઈ ગઈ છે. '**વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.**' વ્યવહાર નામ ઉપચારિત. છૂટતો આત્મા બંધનથી છૂટવાના અંતર પંથે પડતો એને એ ભૂમિકામાં પૂર્ણ રમણતા ચારિત્રની ન હોય એવા કાળમાં એને આ રાગનો વિકલ્પ, નવ તત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વ્યવહારે અશુભ છૂટીને શુભમાં આવે એવા દર્શન, જ્ઞાન, ચારિત્રને વ્યવહારમોક્ષમાર્ગ, નિમિત્ત મોક્ષમાર્ગ, ઉપચારિત મોક્ષમાર્ગ કહીને એને નિશ્ચય મોક્ષમાર્ગનું સાધન વ્યવહારે કહેવામાં આવ્યું છે. ખરેખર નહિ. સમજાય છે કાંઈ? એ વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે, કથન છે.

હવે આ બાજુ. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.**' દેખો! આ મોક્ષમાર્ગ નિશ્ચય, સાચો, સમ્યક્, સત્ય. જેવું પૂર્ણ સ્વરૂપ સત્ય છે અંતરમાં એની અંતર્મુખ થઈને પ્રતીત તે સમ્યગ્દર્શન—સત્ય દર્શન છે. એ સમ્યક્જ્ઞાન. આત્મા જ્ઞાને પરિપૂર્ણ સ્વભાવમાં છે, એનું સમ્યક્ નામ સાચું જ્ઞાન, પૂર્ણ જ્ઞાનના વલણવાળું અંતરના ઝુકાવવાળું સ્વસંવેદન જ્ઞાનની વર્તમાન દશાને ત્રિકાળ જ્ઞાનમાં એકાગ્ર કરીને જે વેદનજ્ઞાનનો અંશ પ્રગટ થાય તેને સાચું જ્ઞાન, સમ્યક્જ્ઞાન, સત્ય જ્ઞાન કહેવામાં આવે છે. સમ્યક્ચારિત્ર. એ સમ્યક્ ત્રણેને લાગુ પડે છે. સમ્યક્ચારિત્ર. સત્ય ચારિત્ર, સાચું ચારિત્ર, નિશ્ચય ચારિત્ર, યથાર્થ ચારિત્ર. એટલે? એક સેકંડના અસંખ્ય ભાગમાં જે આત્મા શુદ્ધ પરિપૂર્ણ સત્ત્વરૂપે પ્રતીત અને જ્ઞાનમાં લીધો હતો તેને સ્વભાવ સન્મુખ થઈને સાચી રમણતા, સ્વરૂપમાં લીનતા, સ્વરૂપમાં ચરવું, શાંતિ પડી છે અંતરમાં પૂર્ણ એ શાંતિમાં એકાગ્રતાની રમણતા થવી એને સમ્યક્—સાચું ચારિત્ર કહેવામાં આવે છે. બધી વ્યાખ્યા જુદી છે આ, વૈદ્યરાજ! આ દુનિયા માને છે કે ક્રિયાકાંડ ને ધૂળ કાંડ ને આ કાંડ ને એ બધું આ નિશ્ચય—સાચામાં આવતું નથી. એ તો વિકલ્પ ઉઠે આ જાતનો તેની અનુકૂળતાવાળો. રાગની મંદતાવાળો. તીવ્રતાના રાગના અભાવવાળો, તે ભૂમિકાને યોગ્યવાળો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞ પરમાત્મા કોણ છે? ગુરુ નિર્ગ્રંથ મુનિ દિગંબર સંત કેવા હોય છે, એનું ચારિત્ર અંતરમાં કેવું હોય છે, અને શાસ્ત્ર સ્વપણે વસ્તુ છે અને પરપણે નથી, સમ્યક્પણે શ્રદ્ધાય છે આત્મા, વ્યવહારે રાગપણે એને યથાર્થપણે શ્રદ્ધવામાં આવતો નથી. એવી જે અનેકાંત શાસ્ત્રની પદ્ધતિ કથનો તેને સાચા શાસ્ત્રો કહે છે.

એવા દેવ-ગુરુ અને શાસ્ત્રની, એણે કહેલા નવ પદાર્થની શ્રદ્ધા, જ્ઞાન અને વ્યવહારુ પંચ મહાવ્રત, પંચ મહાવ્રત એટલે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. એ પણ વિકલ્પનું ઉત્થાન છે, રાગ છે, પુણ્યબંધનું કારણ છે. એને એ ભૂમિકાને યોગ્ય રાગની મંદતા દેખીને એને નિશ્ચય સાચો મોક્ષમાર્ગ જે પહેલો કહ્યો એનું એને નિમિત્ત સાધન તરીકે કહીને વ્યવહાર સાધન વ્યવહારને કહ્યું છે. કહો, સમજાય છે કાંઈ?

'ત્યાં,...' ત્યાં એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. સાચો, સત્ય. હવે એમાં '(છ) **દ્રવ્યરૂપ...**' છ દ્રવ્ય. કાલે બપોરે કહ્યા હતા તે. છ વસ્તુ જગતની અંદર છે. યુક્તિથી, આગમથી, જ્ઞાનથી એ વાત સિદ્ધ થઈ શકે છે. એવા છ પદાર્થો '**અને (નવ) પદાર્થરૂપ...**' છ દ્રવ્યો અને નવ પદાર્થ. નવ પદાર્થ કહ્યા એ. આ છ દ્રવ્ય ક્યા કહ્યા? શું કહ્યું? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુ અરૂપી, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ત્રણ અરૂપી. એ છ જાતના દ્રવ્યો અનાદિ જગતના સ્વભાવરૂપે છે. જગતના સ્વભાવરૂપે આ વસ્તુ છે. એ છ દ્રવ્ય અને એના ભેદ નવ. જીવ હું છું, જડ તે અજીવ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની વિકલ્પ વૃત્તિ ઉઠે તે પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના તે પાપ છે. એ પુણ્ય અને પાપ બેય મલિન પરિણામ છે. તેને એકરૂપે ગણતા આ-સ્રવ-મર્યાદાએ સ્રવવું. જે પરિણામથી નવા આવરણો આવે એવો આસ્રવ. એ બંધ. એ સ્વભાવ વિકારમાં અટક્યો છે એને બંધ કહે છે. અને સંવર. સ્વભાવ શુદ્ધતાની એકાગ્રતા થઈને શુદ્ધિના અંશની ઉત્પત્તિ થતાં અશુદ્ધતાનું રોકાઈ જવું એને સંવર કહે છે. નિર્જરા—અશુદ્ધતા છૂટીને શુદ્ધતાની વૃદ્ધિ શક્તિના અવલંબને થવી તે ભાવને નિર્જરા કહે છે. અને મોક્ષ—આત્માની શક્તિમાં પૂર્ણ શુદ્ધતા છે એની વ્યક્તતામાં પ્રગટતામાં પૂર્ણ શુદ્ધતા થાય તેને મોક્ષ કહે છે.

એવા નવના ભેદો.. છેને? '**(નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે...**' કોના? '**એવાં ધર્માદિના...**' છ દ્રવ્યના. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્‌ગલ. એના ધર્માદિના નવ ભેદો છે. એ '**તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ...**' આ રાગવાળો ભાવ છે. લ્યો, તત્ત્વાર્થશ્રદ્ધાન ભાષા તો આવી બરાબર ઓલા જેવી. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. અહીં કહે છે, નિશ્ચય સ્વભાવ સત્યને જે અંશે સ્પર્શ્યો છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં એટલે એક સમયમાં એટલે કાળના નાનામાં નાના ભાગમાં પૂર્ણ શુદ્ધ સત્ આનંદકંદ પડ્યો છે વસ્તુ તરીકે સ્વભાવ, એને અંતરમાં સ્પર્શ્યો છે. વેદતો હોય, જાણતો હોય, રમતો હોય. એવી શુદ્ધિની પ્રગટતા જેને અંશે પણ થઈ હોય એની ભૂમિકામાં આવા ધર્માદિના પેટાભેદરૂપ નવ તત્ત્વો એની શ્રદ્ધા એને શુભરાગ અને શુભ વિકલ્પ કહેવામાં આવે છે. એને વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. વ્યવહારશ્રદ્ધા ખરેખર તો બંધનું કારણ છે. એને અહીંયા બંધના જ કારણને વ્યવહાર સાધન તરીકે ઉપચાર કરીને મોક્ષનો માર્ગ વ્યવહારે છે એમ કહેવામાં આવ્યું છે.

સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! દુનિયામાં ચાલે નહિ, નિશાળે મળે નહિ. જાદવજીભાઈ! નિશાળમાં મળે આ ભણતર? દુકાને વેપારમાં ન હોય આ.

પ્રભુ આત્મા,.. આમ પરમાણુ આ દેહના રજકણોની માટીમાં પારરૂપ અંદર જુદો છે. સત્ત્વ જેની શાંતિ છે, સ્વભાવ જેનો આનંદ છે, શુદ્ધતા જેની મૂળ શક્તિ છે. એની પ્રતીત અને જ્ઞાન ને વેદનને સ્પર્શતો આત્મા, સ્પર્શતો આત્મા—વેદતો આત્મા—અનુભવતો આત્મા--એની પૂર્ણ ચારિત્રની રમણતા પૂર્ણ ન થઈ હોય ત્યાં સુધી આવા નવ તત્ત્વના શ્રદ્ધાનો રાગ વ્યવહાર તરીકે સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**(—ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થપ્રતીતિરૂપ ભાવ)**...' વાસ્તવિક તત્ત્વ જે છે તેની શ્રદ્ધારૂપ ભાવ. '**જેનો સ્વભાવ છે**...' કોનો? વ્યવહારનો સમ્યક્નો. '**જેનો સ્વભાવ છે એવો 'શ્રદ્ધાન' નામનો ભાવવિશેષ**...' શ્રદ્ધાન નામની પર્યાય—હાલત વિશેષ, શ્રદ્ધાન નામની દશા વિશેષ તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આ વ્યવહાર સમકિત કહ્યું. ઓલું તો માથે મથાળું બાંધ્યું છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મૂળ માર્ગ. એ તો વ્યાજબી યથાર્થ મોક્ષમાર્ગ છે.

હવે એની કથનની પદ્ધતિ બે પ્રકારની છે. એમાંથી પહેલા વ્યવહાર મોક્ષમાર્ગની કથન પદ્ધતિ કેવી છે અને એનું સ્વરૂપ શું છે એ અહીંયા વર્ણવવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભારે અટપટી વાત, ભાઈ! જગતના આ તત્ત્વો અને એમાં આ ચૈતન્ય જ્ઞાયક, જ્ઞાયક જ્ઞાતા-દ્રષ્ટા, જાણનાર-દેખનાર સ્વભાવનો પિંડ પ્રભુ, એના ભાન વિના વિપરીત માન્યતા-છ દ્રવ્યથી વિપરીત, નવથી વિપરીત એની તો અહીંયા વાતેય નથી. અને સ્વભાવના ભાન વિના એકલા વ્યવહારશ્રદ્ધા નવ તત્ત્વની સાચી એની અહીં વ્યાખ્યા નથી. શું કીધું?

જેને આત્મા શું વસ્તુ છે એની પણ ખબર નથી અને છ પદાર્થો, નવ પદાર્થ શું છે એની ખબર નથી અને વિપરીત માને છે એની તો અહીં વાત છે નહિ. હવે આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં આમ ચૈતન્યજ્યોત જ્ઞાયકની મૂર્તિ છે. એમ અંતર સ્પર્શ્યા વિના એકલા નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ એની અહીં વાત નથી. અહીં તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપની પૂર્ણતાનો પિંડ છે એમ અભિમુખ અંતર... જેમ બહિર્મુખ દૃષ્ટિ છે, સ્વભાવ છે એનો પૂર્ણ પણ વર્તમાન દશામાં એની બહિર્મુખ અનાદિની દૃષ્ટિ છે. આ શરીર ને વાણી ને મન ને આ ને તે, કેમકે ઇન્દ્રિયથી જોતો બહિર્મુખ જોવે છે, એની એકલી પ્રતીતિ બહિર્મુખ પદાર્થની એને તો અહીંયા વ્યવહાર પણ ગણવામાં આવ્યો નથી. સમજાય છે કાંઈ?

અંતર્મુખ સ્વભાવની શ્રદ્ધા ને જ્ઞાન ને ચારિત્ર નામ રમણતાના સ્પર્શિત ભાવની ભૂમિકામાં નવ તત્ત્વનું વ્યવહારુ ભેદરૂપ (જ્ઞાન). ઓલા ત્રણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર સ્વભાવમાં અભેદરૂપ છે, અભેદરૂપ છે, એકરૂપ છે. ત્યારે આ નવ તત્ત્વની શ્રદ્ધા અનેકરૂપ ભેદરૂપ છે. એને વ્યવહાર સમકિત નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ સ્વભાવને સ્પર્શિત કરેલો એવા જીવને આવા નવ તત્ત્વની શ્રદ્ધા

હોય, એના રાગના ભાગને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. ઓલા નિશ્ચયનો એને આરોપ અપાય છે. સમજાય છે કાંઈ? ચોખાની ગુણ ચાર મણ અને અઢી શેરની તોળાય, એ ચોખામાં ગુણ પણ અઢી શેરની ભેગી તોળાય છે. છતાં રાંધવામાં અઢી શેર ખૂટે તો કોથળો બફાય નહિ. ચોખા બાફવામાં કામ આવે. સમજાય છે કાંઈ? બફાય સમજો છો? શું કહે છે? પકાના. ચોખાની ગુણ આવે છેને? ચાર મણ અઢી શેર (એમ બોલે). એ તો કોથળા છૂટ્ટા હોય, હોં! અને એનો ભાવ એ રીતે બાંધ્યો હોય, ભાવ એ રીતે બાંધ્યો હોય. ચાર મણ અઢી શેર થઈ રહ્યા છે. ચાર મણ થઈ રહ્યા છે. અઢી શેર લાવો કોથળો. લાવ પકવીએ. કોથળા પાકતા હશે? કોથળો તો એક નિમિત્ત તરીકે ચોખામાં તોળાઈ ગયો ભેગો. પણ એ ખરેખર ચોખા નથી.

એમ આત્મા પરમાનંદ અને શુદ્ધ સ્વભાવની મૂર્તિ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ તો ચોખાનો તોલ છે. ચોખાનો તોલ છે, સ્વચ્છતાનો તોલ છે, નિર્મળતાનો તોલ, નિર્મળ સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા છે. પણ સાથે નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ ભેગો વ્યવહાર મોક્ષમાર્ગ કહેવાય છે એ કોથળા તરીકે ભેગું કીધું છે. એ સાચો મોક્ષમાર્ગ છે નહિ. સમજાય છે કાંઈ? એક વાત. એક વાત થઈને આ? નિશ્ચય સમ્યક્ ચૈતન્યસ્વરૂપ આનંદ, આનંદરસ, અતીન્દ્રિય આનંદરસ. આ ઇન્દ્રિયોના ઝુકાવ તરફનો વિષયોના ભોગનો રાગ એ તો આકુળતા દુઃખરૂપ રાગ છે. પણ એ રાગની પાછળ અંતર અનાકુળ આનંદકંદ રસ પડ્યો છે, એની પ્રતીત અને એનું જ્ઞાન અને રમણતા તે યથાર્થ માર્ગ અને મુક્તિનો ઉપાય છે. એની જોડે જોડે રાગ ભાગ હજી કચાશ રહી જાય છે, પૂર્ણ રમણતા નથી માટે. અહીં ચારિત્રને મોક્ષમાર્ગ વર્ણવીને અપૂર્ણ ચારિત્રનો ભાગ એને વ્યવહાર મોક્ષમાર્ગ વર્ણન કરવું છે. સમજાય છે કાંઈ? એ સમજાય છે અહીં અમારે સાબડે મધ્યમાં સમજાય છે? પહેલા જૂનામાં એમ બોલાતું ને? એકબીજા બોલે ત્યારે વચ્ચે કાંઈક વિસામો હોય ને? વિસામો. વાક્યનો વિસામો. સાબડે મધ્યે એમ કહેતા. સાહેબને ભલી મતિ થાય જે એમ અમારે ઉમરાળામાં અમારા વડીલો વૃદ્ધ હતા, મોસાળા, બહુ વૃદ્ધ ઘણા વૃદ્ધ. ઈ એમ કહેતા, સાબડે મધ્યે. મામા! તમે શું કહો છો? એનો અર્થ, સાહેબને ભલી મતિ થાય જે. એવું કહેવામાં આવતું. એ વચનોનો વિસામો છે. એમ સમજાય છે? એ વચનનો વિસામો છે.

અનંત કાળથી એક સેકંડમાત્ર પણ વાસ્તવિક સ્પર્શ ચૈતન્યનો એક સમયનો પૂર્ણ પૂર્ણ પૂર્ણ પ્રભુ એની ધીરજથી, એની અંતરમાં જઈને એકાગ્રતાની સમ્યક્ સ્પર્શના દર્શનની થઈ એ નિશ્ચય સમ્યગ્દર્શન. નિશ્ચય સાચી પ્રતીત. પણ એની ભૂમિકામાં ચારિત્રની કમીને લઈને નવ તત્ત્વના રાગની વ્યવહારશ્રદ્ધારૂપ રાગ જે આવે એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. કોથળો પણ ચોખામાં તોળાઈ જાય છે. પણ ખરેખર એ સમકિત છે નહિ. સમજાય છે કાંઈ?

હવે બીજી વાત જ્ઞાનની. '**તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્ભાવમાં...**' ઈ વ્યવહારુ નવ તત્ત્વની શ્રધ્ધા રાખીને વ્યવહારમાં વર્તમાનમાં રાગના અંશમાં નવ તત્ત્વના શ્રદ્ધાનનો ભાવ રાખીને એની હયાતીમાં '**અંગપૂર્વગત પદાર્થોનું...**' અંગપૂર્વગત. સર્વજ્ઞ ભગવાન પૂર્ણ પરમાત્મદશા જેને ત્રિકાળ જ્ઞાન થઈ ગયું અને વીતરાગ વિજ્ઞાન જેની દશા પૂર્ણ થઈ એના મુખમાંથી શાસ્ત્રો નીકળ્યા એ શાસ્ત્રને અંગ અને પૂર્વગત કહેવામાં આવે છે. એ અંગ છે બાર પ્રકારના. એ બારના અંગમાં પૂર્વ નામ ઘણું અખૂટ જ્ઞાન જેમાં છે એવા જ્ઞાનની શૈલીના પદ્ધતિના શાસ્ત્રને પૂર્વ કહેવામાં આવે છે. એ અંગપૂર્વગત એમાં કહેલા '**પદાર્થોનું અવબોધન (—જાણવું)...**' એ વ્યવહાર જ્ઞાન છે. નિશ્ચય તો જ્ઞાયક ચૈતન્ય આમ ચૈતન્યની ગાંગડી છે, ચૈતન્યમૂર્તિ છે, મીઠાની ગાંગડી એકલી ખારથી ભરેલી છે, એમ ભગવાન આત્મા એકલો જ્ઞાનના સ્વરસથી ભરેલો છે. એવા જ્ઞાનનું જ્ઞાન, પુણ્ય-પાપના રાગના વિકલ્પનો આશ્રય છોડીને એકલા સમ્યક્ સ્વભાવનું જ્ઞાન એ સાચું જ્ઞાન, એ જ્ઞાનની ભૂમિકામાં ચારિત્રની પૂર્ણતા ન હોય ત્યારે આવા નવ તત્ત્વ સંબંધીનું જ્ઞાન એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાની બિલકુલ પૂર્વગત અને અંગગત ને દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા માનતો નથી એની તો અહીંયા વાતેય નથી. તેમ કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રને, નવ તત્ત્વને વ્યવહારે સાચા માને પણ નિશ્ચય સ્વભાવનું ભાન નથી જેને એની પણ અહીંયા વાત નથી. અહીં તો માલ તોળાય ભેગો કોથળો તોળાય. એકલા કોથળા બારદાન તોળાય એની અહીં વાત નથી. બારદાનના હોય છેને? વિટલા, વિટલા મોટા હોય છે. એકલા, ચોખા-બોખા કાંઈ ન મળે. આ તો ચોખાવાળો કોથળો. કોથળો સમજો છો? બારદાન હોય છેને? બારદાન—ઠેલા. એની વાત (છે). એકલા ઠેલા નહિ અને કાંઈ ઠેલા નથી અને અમથી કોથળીઓ ફાટલી ફૂટલી હોય એની પણ વાત નથી. અહીં તો ચોખા ભેગા કોથળો તોળાય, બારદાન, એને અહીંયા વ્યવહારની ગણતરી કહેવામાં આવે છે.

એમ એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ પરમાત્માએ જેવો આત્મા (જોયો), સર્વજ્ઞ થયા ક્યાંથી? અંદરમાં સર્વજ્ઞપદ સ્વભાવમાં પડ્યું છે એના અવલંબે પ્રાપ્તની પ્રાપ્તિ થઈ એની દશામાં સર્વજ્ઞ થયા છે. એવી સર્વજ્ઞશક્તિની પ્રતીતિપૂર્વક, એ તો નિશ્ચય, એ તો સાચું પણ એની ભૂમિકામાં ચારિત્રની રમણતાની અપૂર્ણતાને લઈને જ્યાં સુધી શાસ્ત્રે કહેલા નવ તત્ત્વના બોધ તરફનો ઝુકાવ રહે છે એવા રાગમિશ્રિત શાસ્ત્રના જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બે (વાત થઈ). '**(—જાણવું) તે જ્ઞાન;...**' જ્ઞાન એટલે વ્યવહાર, વ્યવહાર એટલે ઉપચાર, ઉપચાર એટલે નિમિત્ત.

ત્રીજું. '**આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલા...**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં જેને પૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટાપણું પ્રગટ થઈ ગયું, પરમાત્મદશા જેને પૂર્ણ

થઈ ગઈ એવા ભગવાનના મુખમાં ઈચ્છા વિના, વિકલ્પ વિના, રાગ વિના વાણી વાણીને કારણે પૂર્વના વિકલ્પ જે હતા રાગ, એથી પરમાણુનો બંધ થયેલો એનો ધ્વનિ સર્વજ્ઞ થયા ને છૂટ્યો. એમાં જે કહેલા સાધુઓના આચાર એનું જેમાં વર્ણન છે એવા આચાર આદિ. આચારંગ, સૂત્રકૃતાંગ, ઉપાસકાધ્યયન શાસ્ત્ર એવા શાસ્ત્રોના ભિન્ન ભિન્ન નામ છે. શાસ્ત્રોમાં વર્ણન જે જાતનું હોય એ જાતનું તે શાસ્ત્રનું નામ હોય છે. એવા '**આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા (–-પ્રવર્તન) તે ચારિત્ર;...**' શું કહે છે? આત્મા શુદ્ધ ચારિત્રને પ્રગટ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે એવું અંતરમાં સત્ત્વ પડ્યું છે એવા ભાન વિના અને એકલા દેવ-ગુરુ-શાસ્ત્રની વિપરીત માન્યતાવાળો જે કંઈ બાહ્યની કોઈ દયા, દાનની ક્રિયા કરે એને તો અહીંયા વ્યવહારચારિત્ર પણ કહેવામાં આવ્યું નથી. સમજાય છે કાંઈ? હવે નિશ્ચયના ભાન વિના એકલા વ્યવહાર પંચ મહાવ્રત પાળે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. નગ્ન થઈને જંગલમાં રહે પણ આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદનો અંતર તરફનો સ્પર્શ—વેદન નથી. અંતર તરફના વાસ્તવિક સ્વભાવના ઝુકાવથી પ્રગટેલું સ્થિરતારૂપ ચારિત્ર નથી. એને એવા પંચ મહાવ્રતના ભાવને વ્યવહાર ચારિત્ર પણ કહેવામાં આવતું નથી. સમજાય છે કાંઈ? પણ જેને આત્મા સ્વરૂપે શું છે એવું ભાન છે, ભાનમાં જ્ઞેય વર્તે છે આત્મા પૂર્ણ એવું, એમાં રમણતાની શાંતિ ને આનંદ પણ વર્તે છે, અતીન્દ્રિય. અતીન્દ્રિય આનંદ પૂરો થાય તો તો પરમાત્મદશા થઈ જાય. એની મુક્તિ થઈ જાય. પછી એને અવતાર-બવતાર ન હોય. પણ પૂર્ણ દશા નથી થઈ ત્યાં સુધી એને આત્માના સ્પર્શની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, ચરવું, રમવું હોવા છતાં પૂર્ણતાની રમણતાના અભાવના કાળમાં શાસ્ત્રે વિહિત કહેલા વ્યવહાર (હોય છે). કોઈ જીવને ન મારવો, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, સ્વ-પરસ્ત્રી વિષય ન લેવો નવ નવ પ્રકારે. મન, વચન ને કાયાએ કરવું, કરાવવું અને અનુમોદવું—સંમત થવું. એથી છૂટી ગયો હોય અને અંતરના સ્વભાવની રમણતાની ભૂમિકામાં એવો પંચ મહાવ્રતનો શુભરાગ આવે એને.. જુઓ!

'**કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારો...**' એ મુનિ દિગંબર હોય છે, સંત હોય છે, જંગલમાં વસતા હોય છે. એ વિના મુનિપણું કોઈ દિ' હોઈ શકે નહિ. અંતરના આત્માના ભૂમિકા, આત્માના અવલંબનમાંથી ઊભી થયેલી દશા, એમાં રમતા ચારિત્રવંત સંતને વ્યવહારે આચારોની '**સમસ્ત સમુદાયરૂપ...**' વિધિ કહી છેને? બાર પ્રકારના તપ ને ચારિત્ર ને મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ એવો વ્યવહાર ઘણો હોય છે. એવા '**તપમાં...**' તપ કહો કે ચારિત્ર કહો. જુઓ! અહીંયા તપ કહો કે ચારિત્ર કહો. '**તપમાં ચેષ્ટા...**' એ પંચ મહાવ્રત આદિ સમિતિ, ગુપ્તિ, જોઈને ચાલવું, મન અશુભથી ગોપવવું એવા ચારિત્રભાવમાં ચેષ્ટા અથવા એવી તપસ્યા મુનિપણાની દશામાં વ્યવહાર પ્રવર્તન. વ્યવહાર પ્રવર્તન એટલે રાગાંશનું ઉત્પન્ન

થવું. દેહની ક્રિયા નહિ, જડ નહિ, આ તો માટી છે. માટીની ક્રિયા માટીમાં ભળે છે. આત્માની સાથે એને સંબંધ છે નહિ. અંદરનો જે શુભરાગ અંશ પ્રગટ થાય તેને વ્યવહાર ચારિત્ર કહે છે. સમ્યક્ ચારિત્રવંતને પંચ મહાવ્રત આદિના જે સમિતિ, ગુપ્તિ આચાર શાસ્ત્રમાં .. મુનિને સમસ્ત સમુદાય આચાર શુભ રાગાંશ ઉઠે એને વ્યવહાર ચારિત્ર કહે છે. કહો, સમજાણું કાંઈ?

પહેલી વ્યવહાર શ્રદ્ધા, બીજું વ્યવહારુ જ્ઞાન અને ત્રીજું વ્યવહારુ ચારિત્ર. વ્યવહારુ એટલે આ લૌકિકની વ્યવહારની અહીં વાત નથી ... એના તાળઝોળની વાત છે કે આત્મા પોતાના સ્વભાવની ભૂમિકા જોઈ લીધી અને એમાં રમણતા કંઈક કરતો હોય, એની રાગની મંદતાની હદ કેટલી અને કેમ હોય એની વાત ચાલે છે. એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની માન્યતાનો રાગ ન હોય. કુદેવે કહેલા શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન પણ હોય એમ માનતો ન હોય. અને પંચ મહાવ્રતના પરિણામ અહિંસા આદિના છોડીને એકલા અવ્રત અને હિંસા આદિના ભાવ હોય એને વ્યવહાર કહેવામાં આવતો નથી.

(૩૫:૦૦ મિનિટ પછી અવાજ ડબલ છે).

જેઠ વદ-૧૨, ગુરુવાર, તા. ૧૯.૬.૧૯૫૨
ગાથા-૧૭૨, પ્રવચન-૧૬

પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથા. સર્વ શાસ્ત્ર અને ... એમ આ ગાથામાં કહેશે. વીતરાગ સર્વજ્ઞના મુખથી નિકળેલી દિવ્યધ્વનિ અને એમાંથી થયેલા જે ગણધરદેવે રચેલા શાસ્ત્રો એ બધા શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. વીતરાગભાવ એટલે? ગમે તે વાત ચાર અનુયોગમાં કરતા હોય, દ્રવ્યાનુયોગમાં, ચરણાનુયોગમાં, ધર્મકથાનુયોગમાં.. સમજાય છે? ચરણાનુયોગમાં અને કરણાનુયોગમાં, પણ ચારેનો સાર વીતરાગતા છે. એટલે કે બધું જાણીને આ ચૈતન્ય... સાર છે.

શાસ્ત્રમાં ધર્મીજીવને પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી પંચ પરમેષ્ઠી ભગવાન આદિ પ્રત્યે એને ભક્તિનો રાગ આવે. રાગ થાય પણ એ ધર્મરાગ પણ વીતરાગદષ્ટિની અપેક્ષાએ હેય-છાંડવાયોગ્ય છે. કેમકે રાગ છે તે વિકાર છે. પંચ મહાવ્રત આદિનો રાગ કે પંચ પરમેષ્ઠી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, પ્રવચન—જ્ઞાનાદિની ભક્તિ એ પ્રત્યેનો થતો રાગ એ પણ શાસ્ત્રનું તાત્પર્ય નથી. રાગ છોડવા જેવો છે અને જ્ઞાતા ચૈતન્યમૂર્તિ આત્મા વીતરાગ છું એવા અંતર સ્વભાવની દૃષ્ટિ કરીને વીતરાગતા પ્રગટ કરવી એ સાર છે. એથી કહે છે.

'જો કોઈ મોક્ષ કા અભિલાષી મહાજન હૈ...' મહાજન નામ મહાપુરુષ કોઈ હો. મોક્ષનો અભિલાષી—અહીંથી ઉપાડ્યું છે. જેને આત્મામાં અંતર્મુખ શાંતિ અને આનંદ અંતરમાં પડી છે શક્તિરૂપે, એની જેને પ્રગટ પરમ શુદ્ધતા પ્રગટ કરવાનો જે કામી છે. સંસાર ને પુણ્ય-પાપની જેને ઈચ્છા અને અભિલાષ નથી. અને આત્મા જ્ઞાન ને દર્શન ને આનંદ મારું સ્વરૂપ છે એવી અંતર પ્રતીતિ કરીને પરમ પવિત્રતા પ્રગટ કરવાનો કામી છે, એવા મહાજનને કહે છે, હે મહાજન! મહાજન એટલે આ જગતના મહાજન તરીકેનો સવાલ નથી. મહાજન નામ મહાપુરુષ. હે વિરલ મહાપુરુષ! તને જો મોક્ષનો અભિલાષ હોય, આ શરીર-વાણી-મન, કર્મથી છૂટવું હોય, સંસારના પરિભ્રમણ દુઃખદાયક ભાવથી છૂટવું હોય, આત્માના આનંદની પરિપૂર્ણ દશાની અવસ્થાને પ્રાપ્ત કરવી હોય 'સો પ્રથમ હી વિષયરાગ કા ત્યાગી હો.' શું કહે છે? સમ્યગ્દર્શન તો છે. મુનિપણાની વાતો છે. સમ્યગ્દર્શન છે. આત્મા જ્ઞાન, દર્શન અને આનંદસ્વરૂપ છે. પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધના વિકલ્પ ઉઠે છે એ વિકાર છે. શરીર, વાણી, કર્મ એ પર છે. મારું અંતર સ્વરૂપ શાંતિનું નિધાન વીતરાગસ્વભાવની ખાણ છે એ ચૈતન્યદ્રવ્ય છે. એવી પ્રતીત, અનુભવ સમ્યગ્દર્શન થયું છે.

એને કહે છે, હે મોક્ષના અભિલાષી મહાજન! 'સો પ્રથમ હી વિષયરાગ કા ત્યાગી હો.' સમ્યગ્દર્શન હોવા છતાં, આત્માનું ભાન હોવા છતાં વિષયનો રાગ જે અશુભ—હિંસા,

જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એવો જે પાપરાગ છે એણે આત્માના જ્ઞાનના ભાનપૂર્વક પાપરાગ પહેલો છોડવો. દલીચંદભાઈ! સમજાય છે? અહીં તો મુનિપણાની વાત લ્યે છે. ચારિત્ર એ મુક્તિનો માર્ગ છે મુખ્ય. એટલે ચારિત્ર એ સ્વરૂપની અંતર રમણતા છે. આત્મા પહેલા જ્ઞાન, દર્શન અને આનંદનું ભાન થતાં પૂર્ણ પવિત્રતાનો જે અભિલાષી જીવ છે એને કહે છે, હે મહાજન! આ જગતની અંદર અનંત સંસારના પરિભ્રમણથી છૂટવું હોય તો પ્રથમ વિષયરાગનો ત્યાગી થા. સમ્યગ્દર્શન તો છે. હિંમતભાઈ! એની વાત છે. સમજ્યા?

આત્મા કા જ્ઞાન તો હૈ. આત્મા જ્ઞાતા હૂં, શુદ્ધ હૂં, પવિત્ર હૂં. અશુદ્ધ રાગ-દ્વેષ વિકલ્પ, પુણ્ય-પાપ હોતા હૈ વહ વિકાર હૈ. શરીરાદિ ક્રિયા જડ કી હૈ, મેરી નહીં. મૈં તો શુદ્ધ ચૈતન્ય હૂં. જ્ઞાતા હૂં, દષ્ટા હૂં, સાક્ષી છું, આનંદ છું. એવી અંતરમાં શ્રદ્ધા અને જ્ઞાન થયું છે. એને કહે છે કે હે મહાજન! પ્રથમ વિષયરાગનો ત્યાગ કર. એટલે કે સ્વરૂપમાં લીન થઈને સ્વરૂપ આત્માનું જ્ઞાન, દર્શન, આનંદ જે સ્વરૂપ છે એમાં પ્રયત્ન કરીને લીન થઈને, પાંચે ઇન્દ્રિયના વિષયો તરફના અશુભરાગને છોડ પહેલા. સમજાય છે કાંઈ? પહેલું તો સમ્યગ્દર્શન છે એમ કબુલ કરીને જ આ વાત લીધી છે. કેમકે મોક્ષનો અભિલાષી લીધો છે. હિંમતભાઈ! સમજાય છે?

મોક્ષ જેને જોઈએ છે, જેને પુણ્ય-પાપના ભાવ થાય એ જોઈતા નથી, રુચિ નથી. શરીરની રુચિ નહિ, સ્વર્ગના સુખની રુચિ નહિ. પુણ્યના ભાવ થાય દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના એ થાય ખરા પણ એમાંથી ફળ લેવાની રુચિ નથી. સમજ મેં આતા હૈ? મૈં જ્ઞાન હૂં, આનંદ હૂં, મેરી શક્તિ—સ્વભાવ હૈ. મેરી નબળાઈ મેં કમજોરી સે મેરે મેં જો શુભભાવ હોતા હૈ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા કા શુભભાવ હો, પરંતુ જિસકી શુભભાવ કી ભી રુચિ હઠ ગઈ હૈ ઔર શુભ કા ફલ સ્વર્ગ મેં મિલના વહ ભી રુચિ હઠ ગઈ હૈ. સ્વર્ગ ક્યા? સ્વર્ગ અનંત બાર મિલા. રાગ અને શેઠાઈ પણ અનંત વાર મળી. મારું સ્વરૂપ શાંત, આનંદ છે. મને પરમ અનાકુળ શાંતિ મારે જોઈએ છે. એવી જેને અનાકુળ શાંતિની સ્વભાવમાં પ્રતીતિ થઈ છે. આત્માના અંતરમાં નિર્વિકલ્પ પ્રતીત અને શ્રદ્ધા થઈ છે. પણ ગૃહસ્થાશ્રમ છોડ્યો નથી એને કહે છે કે હે મહાજન! પહેલો આત્માના ભાનપૂર્વક પંચેન્દ્રિયના વિષયો પ્રત્યેનો રાગ છોડ. પહેલો ધર્મરાગ નહિ છૂટે એમ કહે છે. ધર્મરાગ એટલે? આત્માનું જ્ઞાન અને ભાન હોવા છતાં પ્રથમ પંચ પરમેષ્ઠીની ભક્તિ, વીતરાગદેવની ભક્તિ, અરિહંત, સિદ્ધ પ્રતિમા, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની, સાચા સંતનું બહુમાન એ રાગ પહેલો નહિ ઘટે.

પહેલો રાગ તો ચૈતન્ય તરફની પ્રતીત પછી વિષયના તીવ્ર રાગ જે અશુભ છે એને સ્વભાવની એકાગ્રતા દ્વારા એ રાગને પહેલો ઘટાડ. ભાનુભાઈ! સમજાય છે કાંઈ? જુઓ, આ માથે આવ્યું હતું ને? 'ધર્મરાગ ભી હેય જાનના.' એની સાથે સંધિ છે. ધર્મરાગ તો ધર્મીને આત્માનું ભાન છે, વીતરાગતા ન થાય ત્યાં સુધી પંચ પરમેષ્ઠી પ્રત્યે પ્રીતિ, રુચિ,

ભક્તિ, શ્રદ્ધા, બહુમાન, પ્રભાવના એવો ભાવ થયા વિના રહેતો નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રેમાળ વૃત્તિ થયા વિના રહેતી નથી. પણ કહે છે કે પહેલી નહિ છૂટે ઈ. પહેલો તો તીવ્ર વિષય કષાય ને જે મમતા—મોહ તીવ્ર છે એને સ્વરૂપની દૃષ્ટિનો વિષય જે સ્વરૂપ કર્યો છે એમાં એકાગ્ર થઈને વિષયની તીવ્રતાને ઘટાડ. સમજાય છે? એ તો ઉપદેશના વાક્યો છે.

ખરેખર તો પ્રયત્ન તો સ્વભાવનો જ થઈ શકે છે. પ્રયત્ન કંઈ પરવસ્તુ છોડવાનો થઈ શકતો નથી. કેમકે પરવસ્તુ તો આત્મામાં અભાવસ્વરૂપ છે. તેમ આત્મામાં થતા વિકારને છોડું એ પણ પ્રયત્ન હોઈ શકે નહિ. સ્વભાવ જ્ઞાન છું, આનંદ છું, દૃષ્ટા છું, જ્ઞાયક છું એવું ભાન કરીને જ્ઞાનમાં પ્રયત્ન કરી શકાય છે. જેથી વિષયની રાગની વૃત્તિ ઉત્પન્ન થતી નથી. એ રીતે વિષયના રાગનો ત્યાગ કર એમ કહેવામાં આવ્યું છે.

અહીં તો હવે છેલ્લો સાર લ્યે છે આખો. જૈનદર્શનનો સાર શું છે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાની દેવાધિદેવ એમને જે કેવળજ્ઞાનમાં ભાસ્યું, વાણી દ્વારા આવ્યું અને એ દ્વારા શાસ્ત્ર જે રચાણા અને શાસ્ત્રનું તાત્પર્ય શું છે? માખણ માખણ. સમજ મેં આતા હૈ? સમજ મેં આતા હૈ ન? શાસ્ત્ર કા માખણ ક્યા હૈ? માખણ સમજતે હો ન? ક્યા કહતે હૈં? મકખન કહતે હૈં, મકખન. શાસ્ત્ર કા મકખન—તાત્પર્ય—સાર ક્યા હૈ? કિ સાર તો આત્મા પરપદાર્થ સે ઔર રાગ સે હટકર સ્વરૂપ કી પ્રતીતિ મેં લીનતા કરે, વહ વીતરાગતા શાસ્ત્ર કા સાર હૈ. રાગ આતા હૈ વહ શાસ્ત્ર કા સાર નહીં. ધર્મરાગ આતા તો હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર, ભક્તિ, પ્રભાવના શુભરાગ આવે. બહારની ક્રિયા તો જડની થવાની હોય તો થાય. પણ ધર્મીજીવને કહે છે કે ભાઈ! પ્રથમ ધર્મરાગ નહિ ઘટે, પ્રથમ વિષયરાગ ઘટાડ. પાંચ ઈન્દ્રિયના વિષયો કુટુંબ-કબીલા પ્રત્યેની તીવ્ર આસક્તિ, રળવા આદિ ભોગ પ્રત્યેની જે લાગણી, સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં, હું સુખરૂપ આનંદરૂપ આત્મા છું એવી દૃષ્ટિ હોવા છતાં ધર્મીને જે વિષયભોગ, લડાઈ કે કષાય જે વિષયનો થાય છે, એને ઘટાડ એમ પહેલો ઉપદેશ કરે છે. કહો, સમજાય છે કાંઈ?

એ ઘટાડવાનો ઉપાય પણ કહ્યો કે ઉપાય તો આત્મા પોતાના જ્ઞાનસ્વભાવ શુદ્ધ સ્વભાવ પ્રત્યે જ ઉદ્યમ કરી શકે છે. એ ઉદ્યમ કરતાં વિષયનો રાગ, વિષયની તૃષ્ણા ઓછી થાય છે. 'અત્યંત વીતરાગ હોઈકર...' પછી કહ્યું. પછી અત્યંત વીતરાગ. ઓલો ધર્મરાગ જે છે એને છોડીને. પહેલા વિષયરાગ છોડ, પછી ધર્મરાગ (છોડ). પંચ પરમેષ્ઠી પ્રત્યે, સાધર્મી પ્રત્યે, સાચા સંત, દેવ, ગુરુ, ભગવાનની પ્રતિમા એ વગેરે પ્રત્યે જે રાગ—ધર્મરાગ શુભ છે એ પણ સ્વભાવના પ્રયત્ન દ્વારા છોડ. 'અત્યંત વીતરાગ હોઈકર સંસારસમુદ્ર કે પાર જાઓ...' ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, હે જીવો! આવા વીતરાગભાવ અંદર પ્રગટ કરી સંસારસમુદ્રને પાર જાઓ. સંસારસમુદ્ર તરી જાઓ. નહિતર સંસારસમુદ્રમાં ક્યાંય સુખ છે નહિ. જુઓ! સંસારસમુદ્રને પાર જાઓ. એમ ભગવાન અમૃતચંદ્રાચાર્ય આદેશ અથવા ઉપદેશના વાક્યો કરે છે.

હવે સંસારની વ્યાખ્યા કરે છે. સંસાર કેવો છે? સંસાર કોઈ બાયડી, છોકરા, કુટુંબમાં નથી સમાયેલો. સંસાર આત્માની પર્યાયમાં વિકારભાવ છે ઈ સંસાર છે. હવે એ સંસાર કેવો છે એને કહે છે. હે જીવો! સંસારસમુદ્રને પાર પામો. સંસારમાં ચોર્યાશીના અવતારમાં ક્યાંય સુખ છે નહિ. શેઠાઈમાં નથી, પટેલાઈમાં નથી, મોટપમાં નથી, દેવમાં નથી, ઈન્દ્રપદમાં નથી. ..ભાઈ! કેમ હશે? શેઠાઈમાં સુખ નથી? આ બધા પૂછે છે તમને સૌ. જ્યાં હોય ત્યાં મોટરું આવે, સામે પૂછે, લ્યો. સુખ હશે કે નહિ? હેરાન થવાના રસ્તા છે બધા. સુખ ધૂળમાંય નથી. મોહનભાઈ! રાગ છે, રાગ છે. જ્યાં ત્યાં હેરાન (થાય છે). આ ઠેકાણે આવો ને અહીં મિટિંગ ભરાણી છે ને આ ઠેકાણે બેસો. હેરાન.. હેરાન થવાના રસ્તા છે. એ.. મોહનભાઈ! છે કે નહિ?

અહીં તો કહે છે, ભાઈ! એ તીવ્ર રાગ તો પહેલા સ્વભાવની દૃષ્ટિ કરીને છોડ. ધર્માનુરાગ પહેલો નહિ છૂટે. ધર્માનુરાગ તો સ્વભાવમાં લીનતા વિશેષ થતાં રાગ છૂટી જશે. જેથી વીતરાગ થઈને સંસારનો પાર પમાશે. હવે કહે છે, સંસાર કેવો છે? 'જો સંસારસમુદ્ર નાના પ્રકાર કે સુખ-દુઃખરૂપી કલ્લોલો દ્વારા આકુલવ્યાકુલ હૈ.' જુઓ! સંસાર, આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ નિત્યાનંદ છે એને ચૂકીને જે વિકાર, પુણ્ય-પાપ, કામ, ક્રોધ, દયા, દાન આ અનુકૂળ, પ્રતિકૂળમાં હરખ-શોકની કલ્પના, પચ્ચીસ લાખ મળ્યા ને હરખ. એ હરખ સુખની કલ્પના એ દુઃખ છે. કેમ શેઠ? પચ્ચીસ લાખ મળ્યા, પચાસ લાખ મળ્યા, એક કરોડ મળ્યા. કોને મળે? ભગવાન! એ તો જડ પદાર્થ છે. એનો હરખ એ સુખની કલ્પનારૂપી કલ્લોલો દ્વારા, કલ્લોલ ઉઠે છે. પાણીમાં જેમ કલ્લોલ ઉઠે એમ કલ્પના ઉઠે છે કે અહો..! આ વર્ષમાં અમે ફાવ્યા. ભગવાન! ફાવ્યા કોને કહેવાય? આ વર્ષમાં અમે મંદી થઈ તો ફાવ્યા નહિ. બેય કલ્પનાઓ આકુળ-વ્યાકુળની દુઃખદાયક છે. બરાબર હશે? અભી એક ક્રોડ પૈદા કિયા ને મંદી હો તો પાંચ-દસ લાખ જાયે તો અરે..! આવે તો પાલવે, ગયા પાલવે નહિ. સમજે? આતા હૈ તો ઠીક પરંતુ જાતા હૈ તો બરાબર (નહીં), ગડબડ હો જાતી હૈ.

ભગવાન આચાર્ય કહે છે, સંસારસમુદ્ર એટલે વિકારનો પર્યાય, વિકારનો પર્યાય, વિકારની અવસ્થા 'નાના પ્રકાર કે...' અનેક પ્રકારના 'સુખ-દુઃખરૂપી કલ્લોલો દ્વારા...' જેમ દરિયામાં કલ્લોલ ઉઠે છે, એમ તારો શાંત સ્વભાવ દરિયો અનાકુળ આનંદ એમાં કલ્લોલ, કલ્પનાના કલ્લોલ ઉઠે છે. દીકરો થયો, વારસો રહેશે. મકાન થયું, રહેવાને કામ આવશે. દાગીના થયા, ઘરનો દાગીનો થયો. લુગડાં થયા અથવા પાંચ વર્ષ, દસ વર્ષનું અનાજ કોઠીએ પડ્યું છે, બે વર્ષ વાંધો નથી. એ કલ્પના, કલ્પના, કલ્પના. એ સુખની કલ્પના આકુળતાની છે. પ્રતિકૂળતા આવી એ દુઃખની કલ્પના પણ આકુળતા છે. ..ભાઈ! બેય આકુળતા હશે? આ દસ દસ લાખ પેદા થાય અને ખુશી થાય એ આકુળતા? બેચરભાઈ! જુઓ! અહીં તો બેય વાત કરે છે.

સંસારસમુદ્ર અનેક પ્રકારના સુખ-દુઃખરૂપી કલ્લોલો દ્વારા આકુળ-વ્યાકુળ છે. આકુળ છે, આકુળ. સખ નથી ક્યાંય. આવે તોય સખ નથી અને જાય તોય સખ નથી. સખ તો આત્માના અંતર સમાધાન જ્ઞાન ને આનંદ શુદ્ધમાં છે. આત્માના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને શ્રદ્ધીને એમાં સમાધાન કરે તો સુખ છે. બહારમાં સુખ છે નહિ. જુઓને, અહીં તો સંસારસમુદ્રમાં મોટા રાજાઓ અને દેવ હોય, એને પણ સુખ-દુઃખની કલ્પનાની કલ્લોલો ઉઠે છે, આમ તરંગ ઉઠે છે. દરિયામાં જેમ મોટા તરંગ ઉઠે એમ વિકારની પર્યાય, પુણ્યની, પાપની કલ્લોલો, કલ્લોલ, કલ્લોલની કલ્પના એ આકુળ-વ્યાકુળ સંસાર છે. સંસારમાં ક્યાંય સુખ છે નહિ. દેવમાં નથી, શેઠાઈમાં નથી, મોટાઈમાં નથી, પટલાઈમાં નથી, અમલદારીમાં નથી. પાંચ-પાંચ હજારનો પગાર મહિને હોય તો એમાં સુખ છે નહિ. બળતરા છે બળતરા. ઈ ચીજો બળતરા નહિ. આમ કલ્પના થઈ. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. દર્શન, આનંદસ્વરૂપ છે. ત્રિકાળ એનું મૂળ નિત્ય સ્વરૂપ છે. આનંદ નિત્ય. ઓલો કલ્પના કરે, હમણાં અમને બાદશાહી છે. હમણાં અમને છ-છ મહિનાથી ક્યાંય સખ છે નહિ. પાંચ વર્ષથી અમને ઠેકાણે પડતું નથી. એ કલ્પના એ દુઃખ. અને પચ્ચીસ વર્ષથી હમણા અમને કાંઈક સરખાઈ આવી. એ બળતરા અને દુઃખ. બેચરભાઈ! સણોસરા કેવું દુઃખ હશે? કલ્પના. ન્યાં વેપાર નાનો હોય તો ઈ જાતની કલ્પના, મોટો હોય તો કલ્પના. બેય કલ્પનાઓ. મોહનભાઈ! રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ.

એકવાર ઓળખાણ તો કર કે ઈ રાગ ને દ્વેષ કલ્પનાઓ વૃત્તિઓ ઉઠે છે એ વિકાર છે. મારું ત્રિકાળ સ્વરૂપ તો જ્ઞાન અને આનંદ છે. એની દૃષ્ટિ કર અને એની રુચિ કર. અને કલ્પના છે એ દુઃખદાયક છે એની પહેલી પ્રતીત કર તો તે સ્વરૂપની લીનતા કરીને કલ્પના તોડવાનો અવસર અને અવકાશ આવશે. પણ જેને મળ્યા જ કરે.. એ તો સમ્યગ્દૃષ્ટિ છે એટલે કલ્પનામાં સુખ તો માનતો નથી. એની વાત ચાલે છે. ઉસકી બાત ચલતી હૈ. જો કલ્પના મેં સુખ માનતા હૈ વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકી તો યહાં બાત હી નહીં કરતે હૈં. પરન્તુ કલ્પના ઉઠતી હૈ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ યા હરખ, દુઃખની એ કલ્પના સુખરૂપ નથી. મારો સ્વભાવ જ્ઞાન અને આનંદ સુખરૂપ છે. એવી પ્રતીત અને શ્રદ્ધા થઈ છે તેને કહે છે.

હે આત્મા! સંસારરૂપી સમુદ્રને પાર જા. ક્યાંય શાંતિ નથી. સંસારને કાંઠે ક્યાંય શાંતિ નથી. તરીને પાર જા. કેવો છે સંસાર? શું કરવા પાર પામવો? ઈ સુખ-દુઃખરૂપી કલ્લોલો ઉઠે છે, કલ્પના ઉઠે છે. બધી કલ્પના. આનું મેં કર્યું, આનું મેં ન કર્યું, આટલું કુટુંબ જાળવ્યું, આટલું મેં જાળવ્યું નહિ. બધો અજ્ઞાનીનો મિથ્યાભાવ છે. જ્ઞાનીને પણ જે કલ્પના ઉઠી એ અસ્થિરતારૂપી .. ભાવ છે. સમજ્યા? અજ્ઞાનીને તો હું કરી દઉં છું, હું કરી શકુ છું. એ મિથ્યાદૃષ્ટિનો ભાવ એ તો પરસન્મુખ છે અને આત્માના જ્ઞાતા-દૃષ્ટા સન્મુખ એનો ભાવ નથી. એને તો અહીંયા કહેતાય નથી.

તું જો મોક્ષનો અભિલાષી થયો (હોય), સંસારથી થાક્યો હોય. લહેર લાગતી હોય તો એને તો મારો ઉપદેશ લાગુ પડે એવો નથી. બરાબર હશે આ? પણ આ આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ (સ્વરૂપ છે). સિદ્ધ જેટલા થયા એ આત્મામાંથી થયા છે. જેટલા અરિહંતો, સિદ્ધો થયા એ આત્માના અંતર શક્તિના સામર્થ્યમાંથી .. પ્રગટ કરીને પર્યાય પ્રગટ કરી છે. એમ આત્માના ત્રિકાળ શુદ્ધ વીતરાગી સ્વભાવ છે અંતર એની પ્રતીત અને જ્ઞાન થયું હોય તો તને કહીએ છીએ કે સંસારસમુદ્રની આસક્તિ કલ્લોલ, સુખ-દુઃખ કલ્પનાઓ છે. ભાન તો છે પણ વિશેષ ઉપદેશ કરે છે.

'કર્મરૂપ વડવાગ્નિકર બહુત હી ભય કો ઉપજાતા અતિ દુસ્તર હૈ...' અહો! એવા પૂર્વના પુણ્ય-પાપ આદિ બાંધેલા હોય છે જીવોએ. કહે છે કે કર્મરૂપી વડવાગ્નિ. હોય છેને દરિયામાં? વડવાગ્નિ નથી થાતી? પાણીને શોષી નાખે. એમ કર્મનું નિમિત્ત અને ભાવકર્મની કલ્પના. જડ કર્મના કારણે સંયોગો મળે એમાં સળગતી અગ્નિ. એમાં કલ્પના કરે કે અહો! અમારે હમણાં ઠીક છે, ન ઠીક છે. વડવાગ્નિથી પાણી શોષાઈ જાય છે. દરિયા કા પાની હોતા હૈ ન? વડવાગ્નિ હો તો શોષ લેતા હૈ. એમ ચૈતન્ય ભગવાન શાંત જ્ઞાનાનંદ મૂર્તિ અનાકુળ જેવા સિદ્ધ ભગવાન એવો અંદર શક્તિરૂપ સ્વભાવ છે. એની પ્રતીત કર્યા છતાં અસ્થિરતાની આકુળતામાં શાંતિનું જળ શોષાઈ જાય છે. સમજ મેં આતા હૈ? કહો, સમજાય છે કાંઈ આમાં? મનસુખભાઈ! શું હશે? આ સખ નથી બહારમાં?

'વડવાગ્નિકર બહુત હી ભય કો ઉપજાતા હૈ...' પાણીમાં અગ્નિ. કહે છેને? જળમાં લા. જળમાં લા લાગી. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત છે. એમાં પર્યાયમાં—અવસ્થામાં જેટલી કલ્પનાઓ કર્મના નિમિત્તે જોડાતા પોતાની દશામાં જે વિકારો થાય એ આત્માની શાંતિને શોષી નાખે છે. શોષાઈ જાય છે, લુંટાઈ જાય છે. તારા સ્વભાવની પહેલી પ્રતીત તો કર કે સ્વરૂપ કેવું છે અને કઈ રીતે શાંતિ મળે. 'વડવાગ્નિકર બહુત હી ભય કો ઉપજાતા અતિ દુસ્તર હૈ.' પાણીમાં લા. એમ ચૈતન્યદરિયો જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુ સ્વરૂપે 'સિદ્ધ સમાન સદા પદ મેરો' મારું સ્વરૂપ અંદર સિદ્ધ સમાન નિર્મળ નિત્ય છે. એની પર્યાયમાં જેટલો આ વિકાર થાય છે (એ) 'ભયંકર ભય કો ઉપજાતા દુસ્તર હૈ...' એ વિકારને તરવું દુસ્તર છે. ઘણો ઉગ્ર પુરુષાર્થ માગે છે. એક તો દરિયો એમાં વડવાગ્નિ. એમાં કાંઠે જાવું. એમ અનાદિનો સંસાર, એમાં કલ્પના ને કર્મના સંયોગોનું પ્રતિકૂળ વડવાગ્નિનું સળગવું, એનાથી પાર પામવું એ સ્વભાવના અંતર ભાન અને અંતર લીનતા વિના પાર પામી શકાય નહિ. કહો, સમજાય છે કાંઈ?

'ઐસે સંસાર કે પાર જાકર પરમ મુક્ત અવસ્થા...' એવા સંસારસમુદ્રને પાર પામીને અંતર સ્વભાવ જ્ઞાયક છે તેમાં લીન થઈને પરમ મુક્ત અવસ્થા—પરમ મુક્ત દશા એવા 'અમૃતસમુદ્ર મેં મગ્ન હોઈકર...' અમૃતસમુદ્ર ભગવાન છે અંદર. ચૈતન્યસ્વભાવમાં શાંતિ અને અમૃત પડ્યું

છે. એ અમૃતસાગરનો જે પર્યાય ડોલતો પરિણતિ થતી એમાં મગ્ન થઈ જા. 'તત્કાલ હી મોક્ષપદ કો પાતે હૈં.' લ્યો, ઈ સંસારનો પાર પામી અમૃતસાગર ભગવાન. અમૃતસાગર ભગવાન. કહે છે નહિ? દરિયામાં વિષ્ણુ, કૃષ્ણ આમ બિરાજે છે. ઈ આ વિષ્ણુ, બીજા કોઈ નહિ. જ્ઞાનાનંદ ચૈતન્ય અમૃતસ્વરૂપ એનું નિત્ય આનંદ સ્વરૂપ છે. એમાં ભગવાન આત્મા પોતે બિરાજી રહ્યો છે. આ ક્ષણિક વિકાર જે થાય છે એ કહે છે કે સંસાર છે. માટે સ્વભાવની દૃષ્ટિ કરી અને સંસારનો પાર પામી જા. લ્યો.

'મુક્ત અવસ્થારૂપ અમૃતસમુદ્ર મેં મગ્ન હોઈકર...' અમૃતસમુદ્ર. સમજાણું? આત્માનો કાયમી સ્વભાવ. વિકાર જે ક્ષણિક છે એની દૃષ્ટિ છોડી અને કાયમી અસલ અંતર સત્ત્વ જે ભર્યું છે એ અમૃતસાગરનું ભરેલું સ્વરૂપ છે. એમાં મગ્ન થઈને 'તત્કાલ મોક્ષપદ કો પ્રાપ્ત હો.' વાર ન લગાડ, કહે છે. 'તત્કાલ હી મોક્ષપદ કો પાતે હૈં.' આવી જે અંતર દૃષ્ટિ કરીને વીતરાગતા અંતર લીન કરે છે તે અલ્પ કાળમાં મૂક્તિને પામે છે. 'બહુત વિસ્તાર કહાં તક કિયા જાય?' ભગવાન આચાર્ય કહે છે, '**अलं विस्तरेण**' છેને? છે. '**अलं विस्तरेण। स्वस्ति साक्षात्**' કહે છે, જુઓ! 'બહુત વિસ્તાર કહાં તક કિયા જાય?'

'સાક્ષાત્ મોક્ષમાર્ગ કા પ્રધાન કારણ હૈ.' સાક્ષાત્ આત્મા અંદર ચિદાનંદ છે એનો જે મોક્ષનો માર્ગ પ્રધાન કારણ છે, મોક્ષમાર્ગ કા મુખ્ય કારણ. 'સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય હૈ ઐસા જો વીતરાગભાવ સો હી જયવંત હો.' સ્વસ્તિ. એ સ્વસ્તિ કર્યું છે. સ્વસ્તિ એટલે જયવંત હો! અહો! આત્મા અંતર્મુખ થઈ, રાગ પુણ્ય કલ્પના અને નિમિત્તની દૃષ્ટિ છોડી સ્વભાવની દૃષ્ટિ અંતર કરીને અંતર વીતરાગ થાય એ વીતરાગ માર્ગ જયવંત વર્તો. એ વીતરાગભાવ જયવંત વર્તો. ગયા કાળે પણ એ વીતરાગભાવે મુક્તિ પામ્યા છે, અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં પામે તોપણ આ ભાવે પામે છે. અને અનંત ભવિષ્યમાં થશે તે આત્માના અંતર શક્તિ—સ્વભાવના સામર્થ્યને ઉકેલતો, અંતર સ્વભાવ જ્ઞાન, દર્શન અને આનંદની શક્તિરૂપ પિંડને ઉકેલતો પર્યાય પ્રગટ કરતો વીતરાગી ભાવથી તે મુક્તિ પામે છે.

માટે કહે છે, સાક્ષાત્ મોક્ષમાર્ગ કા પ્રધાન કારણ હૈ, સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય હૈ. ચારોં અનુયોગ કા તાત્પર્ય. દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગ. બધાનું તાત્પર્ય વીતરાગભાવ છે. ક્યાંક પુણ્ય બતાવ્યું હોય તો પુણ્ય આદરણીય હૈ ઐસા હૈ નહીં. ધર્મકથાનુયોગ મેં તો ઐસા બતાયા હૈ કિ ઐસા પુણ્ય સે સુખી હોતા હૈ, પાપ સે દુઃખી હોતા હૈ. કથાનુયોગ મેં ઐસા આયે. પરંતુ ઉસકા સાર પુણ્ય-પાપ રહિત તેરા નિર્મલ વીતરાગ સ્વભાવ હૈ. એની દૃષ્ટિ કરીને વીતરાગ દશા પ્રગટ કરવી સર્વે શાસ્ત્રોનો સાર છે. કોઈ શાસ્ત્ર અનેક પ્રકારે વીતરાગના શાસ્ત્રો કહેતા હોય. વીતરાગના શાસ્ત્ર. એ સિવાય શાસ્ત્ર સાચા હોઈ શકે નહિ. સર્વજ્ઞના મુખથી નિકળેલી વાણી અને પરંપરાએ જે આવેલી એનો સાર એકલો વીતરાગભાવ. ભલે રાગ આવે, પુણ્ય આવે, શુભભાવ હોય. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના

વિકલ્પો, લાગણી મુનિને પણ હોય તો એ શાસ્ત્રનું તાત્પર્ય નથી. માખણ નથી શાસ્ત્રનું. માખણ તો અંદર જ્ઞાનમાં ડોલીને લીન થઈ જા. એ જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાકાર દૃષ્ટિ કરીને લીન થા તે વીતરાગ શાસ્ત્રોનો સાર છે. સમજ મેં આતા હૈ? રાગ સાર નહીં. રાગ આતા હૈ જરૂર. વહ તો બતાતે હૈં. ધર્મરાગ નીચલી દશા મેં આતા હૈ જરૂર. પરંતુ સાર નહીં. સાર તો... સાર કહતે હૈં ન? લકડી મેં ભી બીચ મેં સાર આતા હૈ. કસ આતા હૈ કસ? સત્ત્વ લકડી કા આતા હૈ ન? સાર સાર. ઐસે આત્મા મેં શરીર, વાણી, મન તો નહીં, કર્મ નહીં, પુણ્ય-પાપ કી કલ્પના હોતી હૈ, દયા, દાન કા (ભાવ) વહ ભી નહીં. અંતર શુદ્ધ વીતરાગ સ્વભાવ કી પ્રતીત, જ્ઞાન ઔર રમણતા, વીતરાગતા સર્વ શાસ્ત્ર કા સાર હૈ. વીતરાગના ચારેય અનુયોગમાં કોઈ ઠેકાણે રાગને, પુણ્યને ઉપાદેય કહ્યું હોય તો વ્યવહારથી કહ્યું હોય. પરમાર્થે તો આત્માનો વીતરાગ સ્વભાવ તે આદરણીય છે. એ સિવાય ઉપાદેય અંગીકાર કરવા જેવો કોઈ ભાવ વીતરાગ માર્ગમાં હોઈ શકે નહિ. બીજા તો કોઈ વખતે વળી ... કહે, કોઈક લડવાનું કહે. અહીં તો કહે છે, જુઓ ભાઈ, અશુભરાગ ટળતાં શુભરાગ આવે તો ખરો. વીતરાગ ન થાય ત્યાં સુધી. છતાં એ રાગ ઉપાદેય નામ આદરણીય અને અંગીકાર કરવા જેવો નિશ્ચયથી નથી. નિશ્ચયથી તો જ્ઞાતા-દૃષ્ટામાં લીનતા કરવી એ શાસ્ત્રોનો સાર છે. જુઓ! આ સમજવા જેવી વાત છે. કેટલાક કહે છે, વ્યવહારે ધર્મ થાય, નિશ્ચયથી ધર્મ થાય ને ફલાણાથી ધર્મ થાય. નિમિત્તથી ધર્મ થાય કે વ્યવહાર કરતા કરતા ધર્મ થાય એ વીતરાગનો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ?

'સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય...' સમસ્ત નામ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથની વાણી નિકળી અને પરંપરાએ સંતોએ ઝીલી અને જે સંતો ભાવલિંગી થયા એમણે શાસ્ત્રો, આ સમયસાર, પ્રવચનસાર આદિ અને ષટ્ખંડાગમ આદિ બનાવ્યા. ષટ્ખંડાગમ વગેરે શાસ્ત્રોનો સાર વીતરાગભાવ (છે). પરથી ઉપેક્ષા અને સ્વ ચૈતન્યમૂર્તિ તરફની અપેક્ષા. કહો, સમજાય છે કાંઈ? ... વ્યવહાર આતા હૈ તો બતાતે હૈં. બતાયેગા, અભી ભી બતાયેગા. વ્યવહાર આતા હૈ, પરંતુ વહ ઉપાદેય નહીં હૈ. અંગીકાર કરને જૈસા તો સ્વભાવ...સ્વભાવ (હૈ). જિતના રાગ હૈ ઉતના દુઃખદાયક હૈ. અશુભ રાગ તો દુઃખદાયક હૈ હી. વિષયભોગ વાસના વહ તો પાપ પરિણામ દુઃખદાયક હૈ હી. પરંતુ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કરુણા, કોમળતા આદિના ભાવ એ પણ દુઃખદાયક છે એમ ન સમજે તો એની મિથ્યાદૃષ્ટિ કોઈ દિ' ટળતી નથી. સમજાય છે? રાગ છેને રાગ. વિકલ્પ રાગ છેને? પર તરફનું વલણ તે રાગ છે. એ રાગ તે આકુળતા છે. પહેલી કીધી હતી. જો આત્માનો સ્વભાવ હોય તો કોઈ દિ' સિદ્ધમાંથી ટળે નહિ. તો પરમાત્મા પણ દયા પાળવા ઊતરે ઉપરથી. એમ છે નહિ. ભારે વાત ભાઈ!

અહીં કહે છે, સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો જેટલા હોય. હજાર, લાખ, ક્રોડ, અબજ ગમે તે હો, એનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. પહેલી દૃષ્ટિ પણ આત્મદ્રવ્યની કરાવે કે આત્મા ધ્રુવ

છે એની દૃષ્ટિ કર. જ્ઞાન પણ આત્માનું કરાવે અને વીતરાગતા પણ ચારિત્ર પણ આત્માનું કરાવે. વચમાં આ રાગાદિ આવે એનું જ્ઞાન કરાવે. નિમિત્ત પણ એને સમજાવે, પણ એ આદરણીય છે અને એનાથી કલ્યાણ થશે એમ સર્વજ્ઞની વાણી ચાર અનુયોગમાં ક્યાંય કહેતી નથી. કહો, સમજાય છે કાંઈ?

સ્વયંસિદ્ધ ભગવાન ચૈતન્યજ્યોત વસ્તુ છે. ચૈતન્ય સમસ્વભાવી સૂર્ય, ચૈતન્યસૂર્ય છે આત્મા. એના સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ જ સર્વ શાસ્ત્રનો સાર અને તાત્પર્ય છે. કહો, સમજાય છે કાંઈ? ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, સો હી જયવંત હો. વિકલ્પ તો ઉઠ્યો છે શાસ્ત્ર લખવા વખતે. અમૃતચંદ્રાચાર્ય ભાવ સંત મુનિ હતા. ભાવલિંગી છઠ્ઠા ગુણસ્થાને બિરાજતા જંગલમાં આત્મજ્ઞાનમાં, આનંદમાં ઝુલતા હતા. પણ લખવા ટાણે વિકલ્પ ઉઠ્યો છે. કહે છે કે રાગનો જય ન હો, સ્વભાવ તરફની સ્થિરતાનો જય હો. સમજ્યા? શાસ્ત્ર તો લખ્યા ને? શાસ્ત્ર તો જડની પર્યાય થાય છે. જંગલમાં તાડપત્રમાં અક્ષર (લખે) એ જડની પર્યાય થાય છે, પરદ્રવ્યની. આત્મા એનો કર્તા-હર્તા છે જ નહિ. વિકલ્પ ઉઠ્યો હતો, અહો! શાસ્ત્રનું તાત્પર્ય હું કહું. વીતરાગભાવ રાગ ને પુણ્ય-પાપ રહિત સ્વભાવ તરફની દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર તે વીતરાગભાવ તે શાસ્ત્રનું તાત્પર્ય છે. પણ એવો વિકલ્પ ઉઠ્યો છે શુભરાગ, એમાં લખાય છે ક્રિયા જડની, શુભરાગ વખતે પણ કહે છે કે જયવંત હો વીતરાગભાવ! એ રાગ તુટીને સ્વરૂપમાં સ્થિર થાઉં તે જયવંત હો. રાગ સદાય રહેજો, શાસ્ત્ર હું લખું અને પર તરફ મારું વલણ રહેજો, એ જયવંત હશો નહિ. રાગ મને હશો નહિ. .... જગતથી બધું ઊંધું. કહો, સમજાણું કાંઈ? જગતથી ઊંધું છે.

જુઓ! અહીંયા આ મુનિ છે, સંત છે, દ્રવ્યે નગ્ન દશા છે, ભાવે આત્મામાં ત્રણ કષાયનો નાશ થઈ સ્વરૂપને અવલંબે નિર્ગ્રંથ દશા પ્રગટી છે. વિકલ્પ ઉઠ્યો છે. કુંદકુંદાચાર્યે શ્લોક કર્યા એની ટીકા કરે છે, આમ ટીકા થાય છે. જડની પર્યાય જડથી થાય છે. આત્માથી સળી આદિ હોય કે કાણા પડતા હોય તાડપત્રમાં અક્ષરના એ જડથી થાય છે. મૈં ઉસકા કર્તા નહીં, મેરે સે વહ પર્યાય હોતી નહીં. વહ તો પરપદાર્થ કી વર્તમાન વર્તતી દશા સે હોતા હૈ, મેરે સે નહીં. મેરે મેં રાગ હોતા હૈ, મૈં કહતા હૂં કિ શાસ્ત્ર કા તાત્પર્ય યહ હૈ. મેરી દૃષ્ટિ તો સ્વભાવ તરફ છૂટતી નહીં.

કહતે હૈં કિ જયવંત હો વીતરાગભાવ! શાસ્ત્રનું તાત્પર્ય, શાસ્ત્ર લખવાનો રાગ એ પણ શાસ્ત્રનું તાત્પર્ય નથી. ભારે વાત ભાઈ! સમજાણું? મોહનભાઈ! તો સંસારના આ ચોપડા લખવાનું તાત્પર્ય શું હશે? સંસારના નામા લખવા ને મિંઢવવા (મેળવવા) ને વ્યાજ ઉપજાવવાના. પૈસા આવ્યા એને પાછા ખાતે નાખવા ને કાંધા કરવા ને એના બધા સરખા કરવા ને.. એ બધો ક્યો રાગ હશે? અશુભરાગ હશે? શેઠ! ક્યો હશે ઈ? એ તો અશુભ રાગ છે. એ તો હેય છે, છાંડવા યોગ્ય છે. પણ આ શુભરાગ શાસ્ત્ર રચવાનો ઉત્પન્ન થયો. કુંદકુંદાચાર્યને

પણ આ શાસ્ત્ર રચવાનો શુભરાગ ઉત્પન્ન થયો. જયવંત હો વીતરાગભાવ! આ રાગ પર તરફનું વલણ થાય તેનો જય ન હો, પણ પરાજય હો. સ્વભાવમાં લીન થઈ જઉં એ મારી ઘડી વીતરાગતાની છે. ભાન તો હજી, વીતરાગનું ભાન છે, દૃષ્ટિ છે, ચારિત્ર છે. પણ જેટલો છઠ્ઠે ગુણસ્થાને રાગ થાય છે, કહે છે કે એ નહિ. જયવંત અવિનાશી રહેવાવાળું સ્વયં તત્ત્વ હો તો આત્માના અવલંબે વીતરાગભાવ તે જયવંત હો. પર તરફનો રાગ તેને જયવંત હો નહિ. એવો અર્થ એમાં અસ્તિમાં નાસ્તિ આવી જાય છે. કહો, સમજાય છે કાંઈ?

'સિદ્ધાંતોં મેં...' હવે કહે છે. સિદ્ધાંત નામ સર્વજ્ઞ ભગવાને કહેલા શાસ્ત્રોને વિષે. સિદ્ધાંત નામ જિનવાણી સર્વજ્ઞે કહેલી સિદ્ધ છે. એમાં શંકા—સંદેહ છે નહિ. વીતરાગ ત્રિલોકનાથના પરમાત્માના મુખે નિકળેલી વાણી. જે મહા સંતો મુનિઓ જંગલમાં વિચરતા સંતો દિગંબરો, એમણે પરંપરાએ જે વાણીને જાળવી રાખી એ સિદ્ધાંત છે, નિશ્ચય છે, ત્રણ કાળમાં ઈન્દ્રો, નરેન્દ્ર કોઈ ફેરવવાને સમર્થ છે નહિ. એને સિદ્ધાંત કહે છે. સિદ્ધ થઈ ગયેલી વાત. ચોક્કસ થઈ ગયેલી વાત, સંદેહ રહિત થઈ ગયેલી વાત. વિપરીત રહિત વાત. આમ હશે કે તેમ હશે? એવા પણ અનધ્યવસાય રહિત. વાત! એવા ભાવને સિદ્ધાંત કહે છે. એ સિદ્ધાંતે 'દો પ્રકાર કા તાત્પર્ય દિખાયા હૈ.' ભગવાન ત્રિલોકનાથના શાસ્ત્રમાં સંતો મુનિઓએ સિદ્ધાંત બે પ્રકારના તાત્પર્ય, તાત્પર્ય—સાર દેખાડ્યો છે.

એક સૂત્રતાત્પર્ય, એક શાસ્ત્રતાત્પર્ય. એક સૂત્રતાત્પર્ય, એક શાસ્ત્રતાત્પર્ય. 'જો પરંપરા સૂત્રરૂપ સે ચલા આયા હો સો તો સૂત્રતાત્પર્ય હૈ.' જુઓ! આ વાત કરે છે. સર્વજ્ઞ ભગવાનની મુખથી વાણી નિકળી. ગણધરોએ રચી, સંતોએ ઝીલી, કરતાં કરતાં કરતાં કુંદકુંદાચાર્ય આદિ, અમૃતચંદ્રાચાર્ય આદિ મહામુનિઓ થયા એ પરંપરાએ જે ભાવ ચાલ્યા આવ્યા અને રચના શાસ્ત્રની થઈ. 'પરંપરા સૂત્રરૂપ સે ચલા આયા સો સૂત્રતાત્પર્ય.' વચ્ચે સંધિ તૂટી જાય અને કોઈ કલ્પના કરે તો એને સૂત્રતાત્પર્ય પણ કહેતા નથી.

બીજી વાત કે જે સૂત્ર રૂપે વાણી ચાલી આવી છે એનો ગાથા દીઠ અર્થ કરવો, ભાવ સમજાવવો એનું નામ સૂત્રતાત્પર્ય. આ ગાથામાં શું કહે છે? વિકાર કરતા જીવને (કર્મ) નું નિમિત્ત છે. વિકાર તો તું કર તો થાય છે. વિકાર ત્રિકાળમાં નથી. માટે વિકાર છૂટી શકે છે. એમ આ ગાથાના સૂત્રનો સાર છે. એમ જે ગાથા દીઠ જે જે ભાવ આવતો હોય, તે તે ગાથાનો તે તે પ્રકારનો ભાવ તે ઠેકાણે સમજાવવો એનું નામ સૂત્રતાત્પર્ય. પણ એ સૂત્રતાત્પર્ય પરંપરાથી ચાલ્યું આવે છે. ...ભાઈ! એ સૂત્ર લીધું છે, હોં! બીજા સૂત્ર નહિ. સમજાણું? આમ તો **'सूत्रतात्पर्यं प्रतिसूत्रमेव प्रतिपादितम्'** મૂળમાં એમ લીધું છે. જે પરંપરાથી વીતરાગે કહેલા શાસ્ત્રો ચાલ્યા આવે છે, એના ગાથા દીઠ **'प्रतिसूत्रमेव प्रतिपादितम्'** એ ગાથા દીઠ. ગાથામાં શું કહેવું છે, એનો અર્થ તે તે ગાથાએ સમજાવ્યો

હોય છે. એનું નામ સૂત્રતાત્પર્ય. આ ગાથામાં કહેવાનો આ આશય છે, આ ગાથામાં કહેવાનો આ આશય છે. આ ગાથામાં આ કહેવાનો આશય છે. એ ગાથા દીઠના ભાવાર્થને સમજાવવો એ સૂત્ર તાત્પર્ય.

'ઔર સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય વીતરાગભાવ હૈ.' કરણાનુયોગમાં, કરણાનુયોગમાં જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય, ઐસા આતા હૈ ન? ઉસકા તાત્પર્ય? આત્મા જ્ઞાન સે હીણા હોતા હૈ ઉસમેં કર્મ નિમિત્ત હૈ. એ ગાથાનું તાત્પર્ય છે. એ સૂત્રની ગાથાનું તાત્પર્ય છે. કાંઈ જ્ઞાનાવરણીય કર્મ આત્માને રોકે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને રોકે એ સૂત્રનું તાત્પર્ય હોઈ શકે નહિ. જ્યાં જ્યાં અધિકાર જે આવ્યો હોય, ત્યાં ત્યાં સ્વતંત્ર આત્માની પર્યાય ને નિમિત્તતા ને વિકાર ને ત્રિકાળ, એ શું શું સ્વરૂપ છે એને ત્યાં ત્યાં સૂત્ર દીઠ જે બતાવ્યું હોય, એને સૂત્રતાત્પર્ય કહે છે. સમજ મેં આતા હૈ?

આપણે ૫૩મી ગાથામાં આવી ગયું ને, ૫૩મી ગાથામાં આવ્યું. સમ્યગ્દર્શન પામનારને વીતરાગની વાણી બાહ્ય ઉપચારથી નિમિત્ત છે અને અભ્યંતર અંતર હેતુ રૂપે બાહ્ય ધર્માત્મા સમકિતી (એ) સમકિત પામનારને બાહ્ય હોવા છતાં ઉપચારથી અંતર હેતુ તેને કહેવામાં આવે છે. એ સૂત્ર એટલે ગાથા દીઠ જે ભાવ કહેવો એ સૂત્ર તાત્પર્ય છે. સમજાય છે કાંઈ? એમ જેટલી ગાથાઓ જ્યાં જ્યાં આવે એનો સાર કહેવો કે આ ગાથામાં આ કહેવું છે, આ ગાથામાં આ કહેવું છે. અહીં નહોતું આવ્યું આપણે? સ્વામી કાર્તિકેયમાં. '...' એ ગાથા આવી હતી. ક્યાં પુદ્‌ગલમાં અપૂર્વ શક્તિ દેખાય છે કે જે આત્માના કેવળજ્ઞાનને પણ જે ઘાત કરી નાખે છે. ઐસા આયા થા, સ્વામી કાર્તિકેય મેં. ઉસ દિન વહ પંડિત આયે થે બરાબર. ... પુદ્‌ગલની શક્તિ કેવળજ્ઞાનાવરણીય કે આત્માના કેવળજ્ઞાનની પર્યાયનો, અનંત ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો આત્માનો જ્ઞાનપર્યાય એ પુદ્‌ગલશક્તિથી હણાઈ જાય છે. ઐસા આયા થા. ઉસકા તાત્પર્ય ક્યા? એ તો પુદ્‌ગલની નિમિત્તતામાં ઉત્કૃષ્ટ પર્યાયપણે પરિણમતા પરમાણુઓની પર્યાય બતાવવાનું તાત્પર્ય છે. એ કંઈ આત્માના જ્ઞાનને હણી નાખે છે એમ બતાવવાનું તાત્પર્ય ત્યાં છે નહિ. સમજમેં આતા હૈં? ક્યા કથન શાસ્ત્ર મેં નિમિત્ત સે આતા હૈ, ન સમજે. સમજાણું? દો ગાથા આયી થી. નિમિત્તને પ્રધાન હેતુ કહ્યો હતો. કઈ અપેક્ષાએ?

જો પર પ્રાણી કો સુખ-દુઃખ કા નિમિત્ત હોતા હૈ, દૂસરા ઉપકાર નિમિત્ત, એ નિમિત્ત કરતાં એ પ્રાણી જે સુખી-દુઃખી થાય છે એનું પુણ્ય-પાપ તે પ્રધાન નિમિત્ત છે. બીજો પ્રાણી એને નિમિત્ત થાય છે એ પ્રધાન હેતુ નથી. પણ જે પ્રાણી સુખ-દુઃખનો સંયોગ પામે છે એના પૂર્વના પુણ્ય-પાપ તે નિમિત્ત હેતુ છે. એ નિમિત્ત કહેવું. બીજા એને સુખ-દુઃખ આપી શકે છે એના કરતાં, એના પુણ્ય-પાપ તે સુખ-દુઃખ નિમિતરૂપે પ્રધાન છે. ત્યાં માણસ કહે, જુઓ, આ નિમિત્ત પ્રધાન આવ્યું. પ્રધાન હેતુએ ખતાવે. પ્રધાન હેતુ. આવ્યું

હતું ને? એક જીવ બીજા જીવને ઉપકાર કરે. એ ઉપકાર કરે ઈ પ્રધાન હેતુ નથી. પણ ઉપકાર કરનારનું નિમિત્તનું પ્રધાનપણું ન લેતા જેને સુખ-દુઃખનો સંયોગ મળે છે એને પૂર્વના પુણ્ય-પાપને કારણે મળે છે. એ નિમિત્ત પ્રધાન હેતુ એને છે. દેનાર કરતાં, નિમિત્ત થનાર કરતાં કર્મ એનું નિમિત્ત છે એ બતાવવું હતું. કર્મ પ્રધાન હેતુ છે અને ઉપાદાન ગૌણ હેતુ છે એમ ત્યાં કહેવું નહોતું. ગાથા દીઠ વાત કરવી એના સૂત્રની એનું નામ સૂત્ર તાત્પર્ય છે. કહો, સમજાય છે કાંઈ?

'ઔર સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય વીતરાગભાવ હૈ.' લ્યો, એ ગાથામાં એમ કહ્યું, ઓલામાં પ્રધાન નિમિત્ત કહ્યું બીજાને. એક જીવ બીજા જીવને ઉપકાર કરે એમાં બહુ લીધું છે. સ્ત્રી ભરથારને ઉપકાર કરે, ભરથાર સ્ત્રીને ઉપકાર કરે. શેઠ નોકરને ઉપકાર કરે, નોકર શેઠને ઉપકાર કરે. એ બધું લીધું છે. ઉપકાર શબ્દે જ્યાં જ્યાં કાર્ય થતું હોય ત્યાં નિમિત્ત છે તેને ઉપકાર કહેવામાં આવે છે. પણ કહે છે કે એ ઉપકાર-કુપકાર કોઈ કરી શકતું નથી. એના પુણ્ય-પાપને લઈને થાય છે એમ કહ્યું ત્યાં. એનો સાર શાસ્ત્રનો એ છે કે જે તને કલ્પના થાય છે કે પુણ્ય-પાપના નિમિત્તે આ મને થયું, કલ્પના છોડ. નિમિત્તની દૃષ્ટિ છોડ. અને સ્વભાવની દૃષ્ટિ કરીને સ્વભાવની સ્થિરતા કર. એ બધા શાસ્ત્રનું માખણ અને સાર છે. સમજ મેં આતા હૈ? ગાથા મેં કુછ ભી કહા હો, ઉસમેં ક્યા હૈ? ગાથા દીઠ ગાથા કા સૂત્ર તાત્પર્ય હૈ.

'સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય વીતરાગભાવ હૈ.' ગમે ત્યાં ગમે તે કથન આવ્યું હોય. જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું. કહતે હૈં કિ જ્ઞાનપર્યાય તેરી હીણી હોતી હૈ તેરા પુરુષાર્થ સે. તો કર્મ નિમિત્ત હૈ. ઈતના જ્ઞાન (કરવાયા). પીછે, હીણી હોતી હૈ વહ સ્વભાવ કી દૃષ્ટિ સે હીણી કો નાશ કર. ઉસકા તાત્પર્ય વીતરાગભાવ હૈ. હીણી બતાને કા પ્રયોજન નહીં હૈ. હીણી પર્યાય હોતી હૈ. હીણી સમજે? ઓછી હોતી હૈ ન? કમ કમ. જ્ઞાન કી પર્યાય કમ હોતી હૈ વહ અપને પુરુષાર્થ સે હોતી હૈ, કર્મ જ્ઞાનાવરણીય નિમિત્ત હૈ. વહ બતાને કા તાત્પર્ય ક્યા? તેરા જ્ઞાતા-દૃષ્ટા ત્રિકાલ સ્વભાવ હૈ ઉસકી રુચિ કર, ઠર, કેવલ હો જાયેગા. હીણી પર્યાય નહિ રહે અને કર્મનું નિમિત્ત પણ નહિ રહે. બધા શાસ્ત્રનો સાર ભગવાન આત્માના સ્વભાવ તરફની રુચિ, જ્ઞાન અને રમણતા એ બધા શાસ્ત્રનો સાર છે. ક્યાંય પણ રાગ અટકે અને જ્ઞાનની હીણી અવસ્થા અટકે, આત્માના વીર્યની—બળની ક્યાંય અટકે, પોતાના પુરુષાર્થથી અટકે એમ જે કહ્યું હોય અને નિમિત્તથી અટકે એમ કહેલું હોય તો સમજવું કે ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પોતાના પુરુષાર્થથી અટકે ત્યાં જણાવ્યું કે ત્યાં પર્યાય હીણી તારા ઊંધા પુરુષાર્થથી થઈ એનું જ્ઞાન કરાવ્યું છે.

હવે સાર? હીણી અવસ્થા છોડ અને સ્વભાવની દૃષ્ટિ કર. જ્ઞાયક સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ એક સમયમાં પરિપૂર્ણ મારો સ્વભાવ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ સર્વ શાસ્ત્રનો સાર છે. આમાંથી આડુંઅવળું કરે તો એ શાસ્ત્રને સમજતો નથી. ઐસા માખણ આયા હૈ,

શેઠ! કહો, સમજાય છે કાંઈ?

ભગવાને કહેલા દ્રવ્યાનુયોગ સમયસાર વગેરે, કરણાનુયોગ ગોમ્મટસાર વગેરે, ચરણાનુયોગ રત્નકરંડ શ્રાવકાચાર વગેરે. ધર્મકથાનુયોગ—આદિપુરાણ વગેરે. એ ચારેય અનુયોગને વિષે ભગવાનના શાસ્ત્રમાં આત્મા તરફ ઝુકી જા એ સાર કહ્યો છે. વર્તમાન પર્યાય, વર્તમાન પુણ્ય-પાપ, વર્તમાન નિમિત્તનો સંયોગ તેની રુચિ છોડ, પરાન્મુખ થા. અને સ્વભાવની સન્મુખ થા. એ સર્વ શાસ્ત્રનો સાર છે. મુનિઓને વચ્ચે કહ્યું, મુનિઓને પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે. અચેલ છે, આમ છે, તેમ છે. નગ્નદશા દેહની થઈ જાય છે, બધું વર્ણવ્યું ભલે ગમે એટલું, કહે છે. એનો સાર તો આત્માને કેવલ્યદશા પામીને વીતરાગ થાય અને એનું કારણ વીતરાગભાવ થાય સ્વભાવના આશ્રયે. એ તાત્પર્ય છે. રાગ બતાવ્યો, હીણી પર્યાય બતાવી, નિમિત્ત બતાવ્યું, બધું જ્ઞાન કરવા માટે છે. સમજાણું કાંઈ આમાં?

'સમસ્ત શાસ્ત્રોં કા તાત્પર્ય તો વીતરાગભાવ હૈ.' વહ તુમકો નુકસાન કરતે હૈં, ઐસા શાસ્ત્ર મેં આતા હૈ. આયે, વ્યવહાર સે આયે. તત્ત્વાર્થસૂત્ર મેં નહીં આતા હૈ? તત્ત્વાર્થસૂત્ર મેં ભી આતા હૈ. જીવ જીવ કો ઉપકાર કરે. જડ કા આત્મા મેં ઉપકાર હૈ ઐસા આતા હૈ, લો. ક્યા હોતા હૈ? આત્મા મરે. મરતા હૈ ન? શરીર છોડતા હૈ. તો પુદ્‌ગલ કા ઉપકાર હુઆ. ક્યોં? કિ આયુષ્ય પૂરા હુઆ ઔર કોઈ મરને કી ઈચ્છા કરતા હૈ. આપણે છૂટીએ તો સારું. આ મરી જાયને? અફીણ ખાઈને કે.. અફીણ મિલા તો ખુશી હોતા હૈ. વહ પુદ્‌ગલ કા ઉપકાર. એ તો કલ્પના ... એને ઉપકાર કહેવાય છે. એનો સાર શું છે? કે નિમિત્ત એ પર છે, ઉપકારની કલ્પના એ પર છે અને સ્વભાવ જ્ઞાનાનંદમાં એ કલ્પના પણ નથી અને નિમિત્ત પણ નથી. એવી દૃષ્ટિ કરીને વીતરાગપણે ઠરવું એ સર્વ શાસ્ત્રનો સાર અને તાત્પર્ય છે. ગમે એ શાસ્ત્રની ચર્ચા કરો, ગમે તે શાસ્ત્રનો વાદવિવાદ હો, ગમે તે શાસ્ત્રના તર્ક ને ન્યાય ને દલીલ હો. પણ જે દલીલ અને ન્યાયમાં વસ્તુ સ્વભાવ શુદ્ધ દ્રવ્ય છે એના તરફ ઝુકવાનું નિકળે તો તાત્પર્ય છે. ક્યાંય અટકવા ન દે ... તે શાસ્ત્રને સમજતો નથી. દલીચંદભાઈ! વાત સમજાય છે કાંઈ? લાખ કરોડ તર્ક કરો, ગમે એવા વિકલ્પ ઉઠાઓ, જ્ઞાનના તરંગ, જાળ, શાસ્ત્રની વાંચનની ગમે એવી વાચણી કરો. વાચણી કરો, વાચણી આપો, લ્યો, દ્યો, ગમે એ વાંચન સ્વાધ્યાય કરો.

'સર્વ કા સાર ઐસા આના ચાહિયે મૈં આત્મા એક સમય મેં પરિપૂર્ણ દ્રવ્ય સ્વભાવ હૂં, ઈસ સ્વભાવ કી અપેક્ષા કરકે ઉસમેં રુચિ, જ્ઞાન ઔર રમણતા ઔર પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ છોડના વહ સર્વ શાસ્ત્ર કા સાર હૈ.' આ સાર જો ન કાઢે અને આડુંઅવળું ભરડે તો એ શાસ્ત્રને સમજતો નથી. એ ગમે એવા તર્ક કરે અને ગમે એવી યુક્તિઓ કાઢે એ બધા કુતર્ક અને કુયુક્તિ છે. કહો, સમજાય છે કાંઈ આમાં? ..ભાઈ! આ બધા શાસ્ત્રોમાં આટલું આટલું કહ્યું, આમ કરવું, જોઈને ચાલવું, ઐસા આતા હૈ ન? ધોંસરા પ્રમાણે મુનિ

કો દેખકે ચાલના. ... પણ તાત્પર્ય ક્યા? વહ જડ કી પર્યાય પરસન્મુખ હોને કા ઉસમેં તાત્પર્ય હૈ? રાગ કરને કા તાત્પર્ય હૈ? રાગ આ જાતા હૈ તો તીવ્ર રાગ ન હો ઉસકો બતાના હૈ. તીવ્ર રાગ ન હો, તીવ્ર પ્રમાદ ન હો, ચલતે સમય તીવ્ર પ્રમાદ પર્યાય મેં ન હો વહ બતાના હૈ. રાગ ઔર વિકાર કા અભાવ બતાને કા તાત્પર્ય હૈ. અભાવ બતાને ભોજનકા તાત્પર્ય હૈ.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પંચ મહાવ્રત ગમે તે લો, અચેલ વગેરે, એક વખત ભોજન ઊભા ઊભા (લેવું), ક્રિયાકાંડની વાત કહેવાય વગેરે ગમે તેટલી શાસ્ત્રમાં, ક્રિયાકાંડના ગમે એટલા પ્રકાર હો, પણ એનું શાસ્ત્રનું તાત્પર્ય શું? પર તરફથી ઉપેક્ષા કરીને વર્તમાન વિકાર થાય તેની પણ ઉપેક્ષા એટલે એનાથી ઉદાસ થા અને વર્તમાન ત્રિકાળ ધ્રુવ સ્વભાવ ચૈતન્ય નિત્યાનંદ છે એની સન્મુખતા કરવી એ સર્વ શાસ્ત્રનો સાર છે. એ સન્મુખતા ન સમજે અને આત્માથી વિમુખતાની ક્યાંક વાત રાગ, વિકાર હોય એને સમજાવે અને એ વિમુખતાનો આદર કરીને ... જુઓ, અહીં કહ્યું છે, લ્યો, અહીં ધર્મરાગ કરવાનો કહ્યો છે, વ્યવહારને સાધન કહ્યું છે. વહ આ ગયા. રાગ કો સાધન ઔર નિશ્ચય સાધ્ય. તાત્પર્ય ક્યા? તાત્પર્ય તો વીતરાગભાવ મેં લીન હોના વહ તાત્પર્ય હૈ. તો રાગ કો નિમિત્તરૂપ સાધન કહા જાતા હૈ. બડી ગડબડ હો ગઈ વર્તમાન મેં. ઐસી ગડબડ... પંડિતો ઐસા લઠ લેતે હૈં. ઝઘડા.. ઝઘડા.. ઝઘડા.

ચૈતન્ય વાસ્તવિક પદાર્થને સમજ્યા વિના અનંત કાળથી ક્યાંય સંસારનો આરો આવ્યો નહિ. તેથી તો કહ્યું, ભગવાન! તને મોક્ષની અભિલાષા છે? ઇચ્છા છે? કે કોઈ મતાર્થી છો? કે કોઈ કામાર્થી છો? સમજાય છે? કે કોઈ પૈસાનો અર્થી છે? ત્રણ હોય તો અમે તને કહેતા નથી. વિષયનો અર્થી, પૈસાનો અર્થી અને પુણ્યનો અર્થી (હોય તો) એ મોક્ષનો અર્થી નથી. કેમકે જુઓ કહે છે.

'ધર્મરાગ અંશ કર કિસી કાલ પુણ્યક્રિયા મેં રુચિ કરતા હૈ.' કોઈ કહે કિ ક્યા કરે? હમેં તો દર્શનમોહ કા ઐસા ઉદય આતા હૈ તો હમેં પુણ્ય મેં ધર્મરુચિ હો હી જાતી હૈ. ઐસા હૈ નહિ. અપની વિપરીત અભિપ્રાય દૃષ્ટિ સે પુણ્ય મેં રુચિ ઉસકો હોતી હૈ. પુણ્ય ધર્મ હૈ, ઉસસે ધર્મ હો જાયેગા, ક્રમે-ક્રમે હો જાયેગા. વ્રત લો. સાધન કરો, ભાઈ સાધન કરો, સાધન કરો ઔર સાધન સે ફિર સાધ્ય હો જાયેગા. વહ સાધન હૈ નહીં. સાધન હૈ નહીં. કષાય કા સાધન હૈ. રાગ કા સાધન કરતા હૈ. સાધન તો સ્વભાવ કા સાધન પ્રગટ હુઆ પીછે રાગ આયા ઉસકો વ્યવહારસાધન કા આરોપ આતા હૈ. ઉસકી તો ખબર ભી નહીં. રાગ તો પર સે કરાયા, પર સે કરાયા. પર સે કરાયા તો રુચિ ભી પર સે કરાઈ. રાગ મેં ધર્મ મનાયા વહ પર સે. ઔર પુણ્ય હુઆ ભી પર સે. ઐસી ચીજ હૈ નહીં. અજ્ઞાની ઉસમેં મશગુલ ચૌબીસ ઘંટે. ઐસા કિયા, ઐસા ખાયા, ઐસા પીયા.

ધર્મરાગ કે અંશ કર કોઈ કાલ મેં. કોઈ કાલ મેં કેમ કહે છે? એને ક્રમે ક્રમે જુદી જુદી જાતનો રાગ અજ્ઞાનીને થાય છે. ધર્મીને એકરૂપ ભાવ હોય છે. એક જ્ઞાયક છું એની એકતા છૂટતી નથી. હું જ્ઞાયક છું એની એકતાની મુખ્યતા છૂટતી નથી. સમય સમય નિર્મળતાના

અનેક અંશો આવવા છતાં અનેક અંશોની મુખ્યતા નથી. સ્વભાવ જ્ઞાયક તરફની એકતાની મુખ્યતા છે. એથી એને કોઈ કાળે રાગાદિ જુદી જુદી જાતનો આવે છે. છતાં એની મુખ્યતા નથી. મિથ્યાદષ્ટિને કિસી કાલ—કોઈ કાળે પુણ્યમાં ધર્મ માને, કોઈ કાળે પઠન-પાઠનમાં ધર્મ માને, કોઈ કાળે છ દ્રવ્યના વિકલ્પના વિચારમાં ધર્મ માને, કોઈ કાળે વ્રત, તપસ્યામાં ધર્મ માને. એમ વિવિધ પ્રકારના મિથ્યા અભિપ્રાય ક્ષણે ક્ષણે જુદો જુદો થાય છે. કહો, સમજાય છે કાંઈ?

'કિસી કાલ મેં...' સંયોગ અને રાગમાં એકત્વબુદ્ધિ કરે માટે દુઃખી થાય છે. તો જે વિપરીત અભિપ્રાયથી દુઃખી થયો એ વિપરીત અભિપ્રાય છોડે તો સુખી થાય. દૂસરા કહે કિ હમ ઉસકા દુઃખ છુડા દે, દુઃખી કી અનુકંપા કરે, પર કી હમ દયા પાલતે હૈં. વહ મિથ્યાદષ્ટિ કા લક્ષણ હૈ. સમજે? ... ક્યોંકિ અપને મેં રાગ આતા હૈ વહ કોઈ પર કે કારણ સે તો આતા નહિ. કર્મ કે કારણ સે નહિ ઔર નિમિત્ત કે કારણ સે ભી નહિ. તો કહતે હૈં, મિથ્યાદષ્ટિ કા લક્ષણ કિસી કાલ મેં દયા, અનુકંપા. ઓહો..! જાણે દયા-અનુકંપા વર્તતી હૈ. દુનિયાની દયા બહુ આવે છે આને. દુનિયાની દયા. એની દયા નથી આવતી.

મૈં જ્ઞાયક હૂં. મેરે મેં રાગ આયા વહ ભી મેરી હિંસા હૈ. વહ પર કે કારણ સે આયા નહિ ઔર પર કો દુઃખમુક્ત કરને કી તીન કાલ તીન લોક મેં કિસી કી તાકત નહિ હૈ. ક્યોંકિ જિસને દુઃખ ઉત્પન્ન કિયા હૈ ઉસમેં દુઃખ ટાલને કી શક્તિ હૈ. મેરે મેં હૈ નહીં. દુઃખ તો આનંદ કી ઊલટી અવસ્થા હૈ, આનંદ કી ઊલટી અવસ્થા દુઃખ. તો એના આનંદની ઊલટી અવસ્થા કરીને એ દુઃખી થાય છે. તો એ તો આનંદની રુચિ કરે તો દુઃખથી મુક્ત થાય. પર ને દુઃખમુક્ત કરવાનો મારો આધાર છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ કહે છે કે અજ્ઞાની આત્માના જ્ઞાન વિના કોઈ પરની દયા પાળુ, દયા પાળુ, અનુકંપા કરું એવી બુદ્ધિ કરીને મિથ્યાત્વભાવને સેવે છે. આ જરી સૂક્ષ્મ બાત હૈ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હાં. ઔર પર કી પર્યાય મૈં બદલ દૂં. પર કી પર્યાય મૈં બદલ દૂં. પર કી પર્યાય વહ બદલ સકતા હૈ. દૂસરા કોઈ પર કી પર્યાય બદલ સકતા નહીં. તો વ્યવહારાભાસી એકલો મિથ્યાદષ્ટિ વ્યવહાર ક્રિયાકાંડમાં ધર્મ માનનાર, આત્મા જ્ઞાતા-દષ્ટા છે એનું ભાન નથી. વહ કિસી કાલ દયાવંત હોતા હૈ. પર કો દેખકર, ભૈયા! મુજે દયા આ ગયી પર કે કારણ સે. પર કે કારણ સે દયા આયી યા તેરે પ્રમાદ સે આયી? ઉસકા ભી જિસકો વિવેક નહિ, વહ મિથ્યાદષ્ટિ કા વ્યવહારાભાસ હૈ. ભલે ઉસકો દયા આતી હો, અનુકંપા આતી હો, સબ મિથ્યાત્વ મેં જાતા હૈ. પંડિતજી! વ્યવહારાભાસ કી બાત ચલતી હૈ.

'કિસી કાલ મેં દયા...' કિસી કાલ મેં. કોઈ વખતે વળી વૈરાગ્ય બતાવે. પછી આવશે.

કોઈ કાળે વળી દયા બતાવે. પણ ભગવંત! તારું જ્ઞાયકસ્વરૂપ છે. તારી વર્તમાન થતી પર્યાય ઉપર પણ તારી રુચિ ન હોવી જોઈએ. રુચિ તો સ્વભાવ ધ્રુવ ઉપર હોવી જોઈએ. એને ઠેકાણે પરની પર્યાય ફેરવવાનો વિચાર અને એને દેખીને મને અનુકંપા આવે છે. વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છો. તને સ્વરૂપની ખબર નથી. ... મિથ્યાદષ્ટિ હૈ. સમજ મેં આતા હૈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દયા આત્મા કી. આત્મા જ્ઞાયકસ્વરૂપ અખંડ અનંત ગુણ કા પિંડ હૈ. ઔર રાગ ક્ષણિક ઉપાધિ મેરે ત્રિકાલ સ્વભાવ મેં નહીં હૈ. મેરે ધ્રુવ સ્વભાવ મેં નહીં હૈ. ઐસા અભિપ્રાય કરના વહ અપની દયા હૈ ઔર સ્વરૂપ મેં સ્થિરતા કરના વહ અપની દયા હૈ. પર કી દયા તો કોઈ કર સકતા નહીં, તીન કાલ મેં. પરપદાર્થ સ્વતંત્ર હૈ. જો પદાર્થ હૈ ઉસકા વર્તમાન, ઉસકા વર્તમાન ઉસકે કારણ સે હૈ. જો હૈ ઉસકા વર્તમાન ઉસકે કારણ સે હૈ. તો વહ વર્તમાન મેરે કારણ સે બદલ દૂં, ઉસકો પલટ દૂં, વહ મિથ્યાબુદ્ધિ હૈ. ..ભાઈ! કહો, સમજાય છે કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહે છે કે જૈનમાં વાડામાં રહ્યા ત્યાગી નામ ધરાવનારા, વ્રતી નામ ધરાવનારા પણ મિથ્યાદષ્ટિને ખબર નથી કે આ અનુકંપા હું કોની કરું છું. અનુકંપા મારી ચાલી જાય અને પરની અનુકંપા કરું છું તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. કેમ કે સ્વતંત્ર પરપદાર્થ છે. એ દુઃખી થાય કે સુખી થાય તેના અભિપ્રાય અને ચારિત્ર ને અચારિત્રને કારણે છે. દુઃખી થાય તો મિથ્યા અભિપ્રાય અચારિત્રને કારણે. સુખી થાય તો સમ્યક્ અભિપ્રાય અને ચારિત્રને કારણે. કાંઈ બહારને કારણે કોઈ સુખી-દુઃખી ત્રણ કાળમાં થતું નથી. પણ અજ્ઞાનીને ભાસ થાય છે કે આહા..હા..! આ માણસ સંયોગથી દુઃખી છે. આવો સંયોગ એટલે દુઃખી છે. એનો અભિપ્રાય જ મિથ્યા છે. ક્ષુધા લાગી તો આ દુઃખી છે, તૃષા લાગી તો આ દુઃખી છે. સમજાય છે? એ વાત જ જૂઠી છે. ક્ષુધા, તૃષા તો જડની પર્યાય છે. એ જડની પર્યાયને લઈને એ દુઃખી છે એમ કલ્પના કરવી એ મિથ્યા અભિપ્રાય છે. ફૂલચંદજી! છોટેલાલજી!

મૂલ વિષય વહ હૈ, વિષય વસ્તુ વહી હૈ. જો ક્ષુધા, તૃષા લગતી હૈ વહ તો જડ કી પર્યાય હૈ, વહ તો મિટ્ટી કી, પુદ્‌ગલ કી હૈ. આત્મા કો જડ કી પર્યાય સે દુઃખ હુઆ પર કો ઐસા માનના હી વિપરીત અભિપ્રાય હૈ. ઔર ફિર અનુકંપા કરના વહ મિથ્યાત્વ સહિત દયા કા રાગભાવ મિથ્યાત્વ—ઝહર સહિત રાગ હૈ. મિથ્યા અભિપ્રાય સહિત શુભ પરિણામ હૈ. ભગવાન જિસકો વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિ કહતે હૈં. એને વીતરાગ શું કહે છે એની એને ખબર નથી. તત્ત્વો છ દ્રવ્ય સ્વતંત્ર છે. નવ તત્ત્વ જેમ પૃથક્ છે એમ છ દ્રવ્ય, છ દ્રવ્ય (જુદા જુદા છે). તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને લઈને નહિ અને એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને લઈને હોય તો છ દ્રવ્ય પૃથક્ રહેતા નથી. નવ જેમ પૃથક્ છે એમ છ પૃથક્ છે. છએ છ પોતાને કારણે પોતાની પર્યાય-કાર્ય કરી રહ્યા છે. એને ઠેકાણે પરદ્રવ્યની પર્યાય

મારાથી થાય અને એ પર્યાય દેખીને મને પર્યાય થાય તો એના અસ્તિત્વને લઈને અનુકંપાનું અસ્તિત્વ આવ્યું. એ દુઃખી પ્રાણીના અસ્તિત્વની પર્યાયને લઈને અનુકંપાના રાગનું અસ્તિત્વ આવ્યું. તો પરના અસ્તિત્વને લઈને આ અસ્તિત્વ, એ એકત્વબુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે. કહો, સમજાય છે કાંઈ?

વ્યવહારાવલંબી અજ્ઞાની કો ખબર નહિ હૈ કિ મૈં જ્ઞાયક હૂં. પર કી પર્યાય પર સે (હોતી હૈ). મેરે મેં રાગ આયા વહ તો મેરી કમજોરી સે. મેરે બલ કે સાધન કી અપેક્ષા કર મૈં સ્વભાવ સે સબલ હૂં, રાગ આયા હૈ વહ સબલ કી અપેક્ષા સે નહિ નિર્બલતા સે આયા હૈ. પર સે આયા નહીં. અજ્ઞાની પર સે અનુકંપા આયી ઐસા માન લેતા હૈ. ક્યા કરું, ઐસા-ઐસા પ્રસંગ બન જાતા હૈ તો મેરા પરિણામ ઠીક નહીં રહતા. મૈં અનુકંપા મેં જુડ જાતા હૂં. ઐસા હી સંયોગ આતા હૈ. તો સંયોગ કે કારણ સે હુઆ ઉસકો ભગવાન કહતે હૈં, મિથ્યાદર્શન કે કારણ અનુકંપા હુઈ. છોટેલાલજી! વસ્તુ કા તો ઐસા સ્વભાવ હૈ.

ત્રણ કાળ ત્રણ લોકની અંદર જે વસ્તુ છે એ આ પ્રમાણે છે. એ કોઈના ઘરની કોઈ તીર્થંકર સિવાય કરવા માંગે અજ્ઞાની, એ કંઈ વસ્તુનો ફેરફાર થાય નહિ. મોહનભાઈ! અહીં ભગવાન સર્વજ્ઞદેવનો આશય કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય કહે છે, આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદના ભાન વિના એકલી અનુકંપા પરને લઈને થાય એમ માને છે એ મિથ્યાદર્શનના અભિપ્રાયથી માની રહ્યો છે. એને વ્યવહાર અને નિશ્ચયના વિવેકની ખબર નથી. નિમિત્ત અને વ્યવહારના વિવેકની ખબર નથી, દુઃખીનું અસ્તિત્વ નિમિત્ત છે, અનુકંપાનું અસ્તિત્વ મારામાં છે. એ નિમિત્તને લઈને અનુકંપા થઈ છે નહિ. એનો જેને વિવેક નથી એને અનુકંપાના રાગ અને સ્વભાવ વચ્ચે વિવેક છે જ નહિ. સમજાય છે કાંઈ? એને પરથી વિવેક ભિન્નતાની ખબર નથી એને સ્વમાં થયેલા રાગથી ચૈતન્ય ભિન્ન છે એવા વિવેકની એને ખબર હોઈ શકે જ નહિ. એટલે એને 'વ્યવહારભાસી' ભગવાન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

'કિસી કાલ મેં દયાવંત હોતે હૈં ઔર કિસી કાલ મેં અનેક વિકલ્પ કો ઉપજાતા હૈ.' શાસ્ત્ર ભણતર આદિ વિકલ્પ કર્યા કરે. હું પ્રભાવના કરું, હું બીજાને ધર્મ પમાડું, હવે બીજાને ધર્મ પામવાને આમ થાય.. પણ ધર્મ પામે, ન પામે એ તો એની પર્યાયની લાયકાત હશે તે દિ' પામશે. તારી તાકાત નથી. તારા અધ્યવસાયનું એ કાર્ય છે કે પર ધર્મ પામી જાય?

મુમુક્ષુ :— વિચાર તો કરેને.

ઉત્તર :— ઈ જ કહે છે, વિચાર તેં કોનો કર્યો છે? મને વિકલ્પ આવ્યો છે એ પણ મારો દોષ છે. તો દોષને કારણે બીજો ધર્મ પામી જાય, એ વિચારની એકતા તે મિથ્યાબુદ્ધિ છે. હજી તો પોતાને વિકલ્પ આવ્યો એ પણ દોષ છે. તો દોષથી કોઈ ધર્મ પામી જાય, બીજાને આત્માનું જ્ઞાન વિકલ્પથી થાય એ ત્રણ કાળમાં બનતું નથી. જરી વાત તો ઊંડી અને ગૂઢ છે. સ્પષ્ટ હૈ, પ્રગટ હૈ, વ્યક્ત હૈ, ચોખ્ખી હૈ. ત્રણ કાળ ત્રણ લોકમાં સર્વજ્ઞે

કહેલું તત્ત્વ જ આ છે. આજ માને, કાલ માને, પછી માને, ગમે ત્યારે માને. વસ્તુસ્થિતિ આ છે. ઉસમેં ફેરફાર તીન કાલ તીન લોક મેં હોતા નહીં.

ભગવાન કહે છે, અજ્ઞાની અનેક વિકલ્પો કરે છે કે આને કરું. પણ તું કોણ છો એનો પુરુષાર્થ છોડી દઈને જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે, અંતરની રુચિનો પ્રયત્ન મૂકીને એકલો પરને સમજાવું એવા જે રાગની લાગણીઓની કલંકિત વૃત્તિ એનાથી બીજાને ધર્મ થશે, એ માન્યતા અનેક વિકલ્પોં કો ઉપજાતા હૈ. પર મેં તો કુછ કરતા નહીં, પરંતુ અપને પરિણામ મેં મિથ્યા અભિપ્રાય કરતા હૈ. બંધોવા, મોકખોવા આવે છેને? પરનો બંધ કે મુક્તિ કંઈ તારા અધ્યવસાયને આધારે નથી. એ તો એની યોગ્યતાને આધારે છે. તું અધ્યવસાય કર અને ઓલો જો વીતરાગ ન થાય તો એની મુક્તિ નહિ થાય. તું અધ્યવસાય કર અને ઓલો સરાગપણું ન કરે તો એ નહિ બંધાય. એના પરિણામે તે બંધાય અને એના પરિણામે તે મુક્તિ પામે. એને ઠેકાણે એને આમ કરી દઉં, એને આમ કરી દઉં. ઐસા કહતે હૈં કિ, આપ કા કલ્યાણ હો ઐસા મુજે બહુત વિકલ્પ આતા હૈ. ક્યા હૈ? સુખી કરું, તુમકો દુઃખી કરું, અથવા તુમકો ઠીક (કરું). તુમ્હારા કલ્યાણ હો જાયે ઐસા અજ્ઞાની વ્યવહાર કા માત્ર વિકલ્પ કરતા હૈ. નિમિત્તથી મારું વિકલ્પપણું—રાગપણું જુદું છે. એટલો વિવેક જેને પરથી ન આવ્યો એને રાગ ક્ષણિકથી નિત્યાનંદ સ્વભાવ સન્મુખ થતાં રાગ પણ ભિન્ન છે, એનો વિવેક એને આવતો નથી. માટે ભગવાન અમૃતચંદ્રાચાર્ય છે કે વ્યવહારભાસી છે. એને નિશ્ચય સ્વભાવ શું છે એની એને ખબર નથી. કહો, સમજાય છે?

'કિસી કાલ મેં કુછ આચરણ કરતા હૈ.' આચરણ કરે. જ્ઞાનનું, દર્શનનું, ચારિત્રનું. ઐસા આચરણ કરો, ઐસા આચરણ કરો. બરાબર આહાર શુદ્ધિ કરો, પાની શુદ્ધિ કરો, જૈસા-જૈસા આહાર... અન્ન ઉપર.. કહતે હૈં ન? જૈસા અન્ન ઐસા મન. ઔર જૈસા પાની ઐસી વાણી. પાણીને અને વાણીને શું છે? વાણી જડ છે, પાણી ભિન્ન છે. અન્ન ભિન્ન છે, તારો પર્યાય ભિન્ન છે. આહાર નિર્દોષ હોય તો આત્માના પરિણામ સુધરી જાય-બડા મિથ્યાદષ્ટિ હૈ. કડક તો બાત હૈ, હાં! દુલીચંદજી! કડક બાત હૈ. કડક નહિ, સત્ય હૈ, યથાર્થ હૈ. વહી યથાર્થ હૈ. કોઈ કાલ મેં અજ્ઞાની આત્મા ઐસા આચરણ કરો, ઐસા આચરણ કરો, ઐસા આચરણ કરો. જ્ઞાન કા, દર્શન કા, ચારિત્ર કા વિકલ્પ કા. ઐસા આચરણ કરકે વહાં રુક જાતે હૈં. પરંતુ મૈં જ્ઞાયક હૂં ઐસા વિવેક કરતે નહીં.

'કિસી કાલ દર્શન કે આચરણ નિમિત્ત સમતાભાવ ધારણ કરતે હૈં...' જુઓ! સમ આતા હૈ ન? સમ. સમતા રાખો ભાઈ! સમતા રાખો. ભાઈ! ભગવાન કા માર્ગ સમતા હૈ. પણ સમતા તે આત્માના ભાન વિનાની સમતા જ જૂઠી છે. આત્મા જ્ઞાયક છે એ વિનાની કષાયની મંદતા અભવીને પણ એવી સમતા આવે છે. અભવી પણ શરીરના ખંડ ખંડ કરો, શુક્લલેશ્યા સે ઉસકો ક્રોધ નહિ આતા. દ્રવ્યલિંગ કે શરીર કા ખંડ ખંડ કરો, પરંતુ ઉસકી દૃષ્ટિ પર

ઉપર હૈ. અભ્યંતર કુછ વ્યવહાર કા પક્ષ ઉસકો રહ જાતા હૈ. અનાદિ દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ અભવી યા ભવી, ઉસમેં વ્યવહાર કા પક્ષ ઊંડે ઊંડે ઊંડે રાગ, નિમિત્ત અનુકૂલ હો તો આત્મસ્વભાવ પ્રાપ્ત હોગા ઐસા વ્યવહાર કા મિથ્યાત્વ કા પક્ષ રહ જાતા હૈ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હાં. સ્વભાવ કી દૃષ્ટિ નહીં હુઈ. તો કહતે હૈં કિ 'કિસી કાલ દર્શન કે આચરણ નિમિત્ત સમતા...' શાંતિ. પણ એ પણ વિકલ્પ—રાગ છે એ કંઈ આત્માનો સ્વભાવ નથી. આ સમતા એ રાગ છે. રાગ કી બાત ચલતી હૈ. સમતા તો જ્ઞાયક મેં રહના. સમકિતી કો તો કોઈ ક્રોધ ભી આતા હૈ. લડાઈ કે ભાવ મેં ભી હોતા હૈ. તબ ભી દૃષ્ટિ ભિન્ન હૈ. રાગ સે ભિન્ન ઔર ક્રિયા સે (ભિન્ન હૈ). તો લડાઈ ક્યોં કરતે હૈં? કૌન કરતા હૈ લડાઈ? સાંભળ તો ખરો. લડાઈ કે વક્ત ભી સમકિતી કી સંયોગ પર દૃષ્ટિ નહિ હૈ, રાગ પર દૃષ્ટિ નહિ હૈ, પર્યાય પર દૃષ્ટિ નહિ હૈ, સ્વભાવ પર સે દૃષ્ટિ હટતી નહિ.

સ્વભાવ ધ્રુવ ધ્રુવ નિત્યાનંદ સ્વભાવ જ્ઞાયક ભગવાન છું. એવી દૃષ્ટિ લડાઈ વખતે પણ સમકિતીની છૂટતી નથી. અહીં કહે છે કે અજ્ઞાની સમતા રાખે છે. સમતા. પર્યાયબુદ્ધિમાં મેં ઘણો ક્રોધ ઓછો કર્યો, ભાઈ! પહેલા કરતાં મેં ક્રોધ ઓછો કર્યો, હોં! મારી પ્રકૃતિ હમણાં પલટી છે. પોતેને પોતે કહે. મારી પ્રકૃતિ હમણા સુધરી છે. પહેલા મારો સ્વભાવ કડક હતો, કઠણ હતો. હમણા મેં સુધાર્યો છે. શી રીતે પણ સુધાર્યો? રાગ મંદ કર્યો એમાં સુધર્યો? એને જ ધર્મ માની બેઠો છે. ધર્મ એ રાગના ભાન, રાગથી પૃથક્સ્વરૂપ છે. એ ચૈતન્ય દ્રવ્યસ્વભાવને કારણે જ રાગ છૂટો પડે છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ અને લીનતા વિના રાગ કોઈ દિ' ત્રણ કાળમાં છૂટે નહિ. સ્વભાવની અંતર રુચિ વિના ત્રણ કાળ ત્રણ લોકમાં વિકાર અને દર્શનમોહ જાય નહિ. એવી દૃષ્ટિની જેને ખબર નથી. સમતા કરો, કષાય મંદ કરો, ઉપશાંત થાઓ, ઉપશાંત થાઓ, ઉપશાંત થાઓ. પ્રકૃતિ ધીરી બનાવો. પ્રકૃતિ નામ રાગ ધીરો બનાવો. પ્રકૃતિ ધીરી બનાવો યા સ્વભાવ મેં કુછ પ્રયત્ન કરો? ઉસકી ખબર નહિ ઔર ધીરી કરો પ્રકૃતિ, શાંત કરો. બે-પાંચ ગાળ્યું કોઈ દે તો સહન કરો. ઉસમેં ક્યા હૈ સહન કરના?

મૈં આત્મા હૂં. સહન કરને કી ચીજ હી મેરે મેં નહિ હૈ. મૈં તો જ્ઞાતા-દૃષ્ટા હૂં. રાગ કી મંદતા આયી વહ ભી મેરા અપરાધ હૈ. પર કે કારણ સે વહ ભી રાગ મંદ હોતા નહિ. સમતા કરતે હૈં કિ બડી સમતા કી, ભાઈ! સમતા હશે તો ક્રમે ક્રમે કોઈ દિ' ધર્મ પામશે. એ વાત સાચી નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ડોકમાં સર્પ નાખ્યો અને સમતા રાખે તોય કાંઈ નથી, અહીં તો કહે છે. અહીં તો સ્વભાવમાં રાગનો સર્પ ખોસી ઘાલ્યો છે. રાગ કા સર્પ ઘુસા દિયા હૈ ઔર પર

સે રાગ હોતા હૈ ઐસા મિથ્યાત્વ કા સર્પ ઘુસા દિયા હૈ. વહ ઝહર નિકાલે નહિ તો શાંતિ કભી નહિ આતી. ઝહર તો પર સે મેરે મેં વિકાર હોતા હૈ ઔર પુણ્ય સે મેરે મેં ધર્મ હોતા હૈ. વહ બડા સર્પ, ઝહર હૈ. મિથ્યા અભિપ્રાય કા બડા ઝહર હૈ. સ્વભાવ કી તો ખબર નહિ, નિમિત્ત કો જુટાઓ. વહ કહતે હૈં, દેખો!

સમતાભાવ રાખો, ભાઈ! અથવા સારી સમતાવાળા પાસે આપણે જઈને તો સમતા મળે, શાંતિ કાંઈક મળે. એવો શાસ્ત્રમાં લેખ પણ આવે. પ્રવચનસાર મેં આતા હૈ. સચ્ચે સત્સંગ સે. વહ તો નિમિત્ત કા કથન હૈ. સચ્ચે સત્સંગ કે પાસ જાયે તો. વહ તો ઉસકી યોગ્યતા બતાતે હૈં. સચ્ચે સત્સંગ સે મિલતી નહિ. મિલતી તો હૈ ઉસકી પર્યાય મેં સે. પરંતુ ઉસકી યોગ્યતા બતાતે હૈં. તો યહ કહતા હૈ, સમતા રાખો, ભાઈ! આપણે સાચા સમાગમમાં રહો. પણ સમતા કઈ જાતની? સમતા તો શુક્લલેશ્યા અભવીને અનંત વાર થઈ. ક્રોધ મંદ. બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવવા આવે તો બ્રહ્મચર્યથી મિથ્યાદૃષ્ટિ ચળે નહિ. દેવી, દૂસરે દેવલોક કી દેવી આયે તો ચલાયમાન ન હો. ઐસા તો શુભભાવ જિસકા થા. ઔર અહિંસા. ભિક્ષા લેને કો જાયે. એક થોડા ભી અંતરાય મેં સે એક કોઈ દોષ દિખે તો આહાર લે નહિ. ઐસી કષાય કી મંદતા થી. વહ કોઈ ચીજ નહિ હૈ, વહ કોઈ ચીજ નહિ હૈ.

જ્ઞાયક, જ્ઞાયક જ્ઞાયકસ્વભાવ એક સમય મેં પરિપૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ સે ભરા હુઆ, ઐસા અવ્યક્ત દ્રવ્ય. જિસકો વ્યક્ત રાગાદિ કે વિવેક કી ખબર નહિ ઉસકા અવ્યક્ત દ્રવ્યસ્વભાવ જ્ઞાયક કારણશુદ્ધ જીવ પરમાત્મા હું છું. એવી દૃષ્ટિ જેને નથી. એ રાગાદિથી એકાંત ધર્મ માની બેઠો છે. કહો, સમજ્યા? ધર્મ કહાં રખા, ઉસકો ખ્યાલ નહિ. લોગ તત્ત્વદૃષ્ટિ બિના જલ્દબાજી બહુત કરતે હૈં, બહુત જલ્દબાજી કરતે હૈં. ઐસા લે લો, ઐસી પડિમા લે લો, ઐસા શાંત કરો, ત્યાગ કરો, વ્રત લે લો, બ્રહ્મચર્ય લે લો. ક્યા? પણ શું છે? બ્રહ્માનંદ પ્રભુ ચૈતન્ય છે એની દૃષ્ટિ વિના તારું બ્રહ્મચર્ય ક્યાંથી આવશે? કહાં સે બ્રહ્મચર્ય આયેગા? બ્રહ્મચર્ય નામ બ્રહ્માનંદ એક સમય મેં ભગવાન સહજાનંદમૂર્તિ પરિપૂર્ણ છું. એક રાગ આયા વહ ભી મેરા સ્વરૂપ નહિ. પર કા તો મેરે મેં અભાવ હૈ. ઐસી દૃષ્ટિ જમી નહિ, કહાં સે બ્રહ્મચર્ય આયેગા? ઉપર સે આયેગા? શરીર કી ક્રિયા ન હુયી વિષય કી તો બ્રહ્મચર્ય હો ગયા? તો શરીર કી ક્રિયા ન હુઈ વિષય કી. શરીર કી ક્રિયા ન હુઈ તો બ્રહ્મચર્ય આ ગયા? જડ કી પર્યાય પ્રવૃત્તિ ન હુઈ તો બ્રહ્મચર્ય કી પ્રવૃત્તિ આ ગઈ તેરે મેં? કહાં સે આયા? ઉપશમભાવ હૈ. આપણે બ્રહ્મચારી છીએ. આપણને કોઈ સાથે નહિ. સ્ત્રીથી ડરે, સ્ત્રીથી ભાગે. ..ભાઈ! કહે છે કે એ નહિ.

જ્ઞાયક ચૈતન્યની જેને સ્વભાવ રુચિ થઈ નથી અને પરદ્રવ્યથી ડરે છે, પરદ્રવ્યથી ડરે છે. ભગવાને નવ વાડ કીધીને પુરુષને? નવ વાડ કહી છેને. વહ તો સ્વભાવ તરફ સે ઉદ્યમ

કરાને કો કહા હૈ. પરદ્રવ્ય સે તેરે કો રાગ હોતા હૈ ઐસા કહને કો વહ બાત નહિ હૈ. ભાગો ભાઈ! આહાર ઐસા ખાયે નહિ. તીવ્ર આહાર હો તો .. કી વૃત્તિ હો જાયેગી, તીવ્ર આહાર હોગા તો વિષય કી વાસના હો જાયેગી. સબ મિથ્યાબુદ્ધિ હૈ. કથન તો બહુત આતે હૈં શાસ્ત્ર મેં. આ મિથ્યાબુદ્ધિ અજ્ઞાનીને પરદ્રવ્ય ઉપરથી રુચિ ખસતી નથી. પછી કોઈ કાળે સમતાભાવ ધારણ કરે. આ કોઈ કાળમાં પ્રગટ દશા ધારણ કરે. પ્રગટ દશાનો અર્થ કદાચિત્ ... વૈરાગ્ય. ..ભાઈ! વૈરાગ્ય છે, સંવેગ છે. સંવેગ. એવી વાત કરે સંવેગની. ઓહો..હો..! આપણે તો ભાઈ મોક્ષ જવાની ઇચ્છા છે. આપણે કંઈ ઇચ્છા છે નહિ. એવો સંવેગ આમ બતાવે. પણ એ મિથ્યાદષ્ટિ વ્યવહારાભાસી છે. પરમાં જ બધું માની બેઠો છે. પરના ત્યાગ ગ્રહણમાં આ ત્યાગો અને આ છોડો. એવી દષ્ટિવાળો પરમાં જ સર્વસ્વ માને છે તેને મિથ્યાદષ્ટિ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

'કિસી કાલ મેં પ્રગટ દશા...' પ્રગટ એટલે આમ વૈરાગ્ય દેખાતો હોય. ઓહો..! શાંતમૂર્તિ. કષાય શાંત છે. ઉસમેં ક્યા આયા? વહ સંવેગ સ્વભાવ કી દષ્ટિ બિના, સમ્યક્ અનુભવ કી દષ્ટિ બિના ઔર સ્વભાવ કી દશા બિના ઉસ વૈરાગ્ય કો ભગવાન યથાર્થ વૈરાગ્ય કહતે નહિ. તો વૈરાગ્ય આભાસી હૈ. વૈરાગ્ય નહિ. 'કિસી કાલ મેં આસ્તિક્ય ભાવ કો ધારણ કરતા હૈ.' કોઈ કાળે કહે, ભગવાને છ દ્રવ્ય કહ્યા એ બરાબર છે. ભગવાને કહે ઈ સત્ય છે. પણ ભગવાન કહે ઈ સત્ય. પણ તારું સત્ છે ઈ ખબર પડી છે કે નહિ? ભગવાન કહે તો ભગવાન પાસે રહ્યું. સર્વજ્ઞે દીઠું ત્રણ કાળમાં ફરે નહિ. પણ એ ફરે નહિ પણ તારું જ્ઞાન કોઈ દિ' ત્રણ કાળમાં ફરે નહિ. એવી જ્ઞાનની રુચિ થઈ છે કે નહિ? મેરા જ્ઞાન હી જ્ઞાતા હૈ. કુછ ફેરફાર કરને કી મેરી તાકત નહિ હૈ. મેરા જ્ઞાનસ્વભાવ જાનને વાલા હૈ.

જિસ પ્રકાર જિસ સમય જો પ્રકાર કા રાગ, દ્વેષ, ક્રોધ, માન જો પ્રકાર કા આયેગા, ઉસ પ્રકાર કા જ્ઞાન કી પર્યાય મેં સ્વપરપ્રકાશ વિકાસ હોતા હૈ. જ્ઞાતા મૈં હું, ઐસી દષ્ટિ કરકે જિસ પ્રકાર જ્ઞાન મેં સ્વપરપ્રકાશ જ્ઞાન હુઆ, ઉસી પ્રકાર કા રાગ કા ભાન હોતા હૈ. રાગ આયા તો જ્ઞાન નહિ હુઆ. અપને જ્ઞાનગુણ સે સ્વપરપ્રકાશક જ્ઞાન કી પર્યાય ખીલ જાતી હૈ. ઉસકે કારણ સે રાગ કા જ્ઞાન હોતા હૈ. રાગ કે કારણ સે નહિ, નિમિત્ત કે કારણ સે નહિ. ઐસી જ્ઞાનગુણ કી જિસને... જ્ઞાતા જૈસે સર્વજ્ઞ પરિપૂર્ણ હૈં, મૈં અલ્પજ્ઞ હું પર્યાય મેં. સ્વભાવ મેં સર્વજ્ઞ હું. ઐસી દષ્ટિ નહિ વહ બાહર મેં સે આસ્તિક્યતા બતાતે હૈં, પરંતુ અંતર આસ્તિક નહિ. સ્વભાવની આસ્તિક્યતા એને છે નહિ. એ બહારની છ દ્રવ્યની, ભગવાનની આસ્થા એ તો રાગ છે. પરદ્રવ્યની આસ્થા રાખવી એ તો શુભભાવ છે. એ કંઈ સ્વભાવભાવ નથી. વ્યવહારાવલંબી એકલો પરમાં જ આસ્તિક્યતા માની રહ્યો છે.

'શુભોપયોગ પ્રવૃત્તિ સે શંકા...' સમકિતના આચાર હતાને? આઠ આચાર. ભગવાન કે માર્ગ મેં શંકા નહિ કરની. શંકા નહિ કરની પરંતુ શંકા નહિ કરની વહ તો રાગ કા ભાવ

હૈ, વહ કહીં સ્વભાવ નહિ હૈ. ઉસમેં સબ માન લેતે હૈં.

મુમુક્ષુ :— ... તો શંકા હી નહિ હોવે.

ઉત્તર :— ... તો બડા મિથ્યાત્વ હો ગયા. વહ તો બરાબર હૈ. ભગવાન ક્યા કહતે હૈં, ષટ્ દ્રવ્ય ક્યા, ગુણ ક્યા, પર્યાય ક્યા. વહ સમજના નહિ. સમજે નહિ ઉસકો શંકા ભી નહિ હોતી. એટલે પૂરેપૂરો મૂઢમાં પડ્યો છે. મૂઢતા મેં હૈ. સમજે નહિ તો શંકા ભી ન કરે. 'શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢ દશા આદિ ભાવોં કે .. સાવધાન હોકર પ્રવર્તે...' જુઓ! સાવધાન. પર મેં સાવધાન ઐસા શબ્દ વાપર્યા. પર મેં સાવધાન. શંકા ન હો. અન્યમતિ કી ઇચ્છા ન હો. વિચિકિત્સા. મુનિ આદિ કો દેખકર દુગંછા ન હો. ઔર મૂઢદૃષ્ટિ ન હો. વહ તો રાગ હૈ, વહ તો વિકલ્પ કા ઉત્થાન હૈ. સમકિતના આઠ આચાર જે વ્યવહાર છે એ તો વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. ઉત્થાન ઈ સ્વભાવમાં નથી. અને વૃત્તિ ઉઠે છે એ તો વિકાર છે. વહ વૃત્તિ કા ઉત્થાન હોતા હૈ. ઉત્થાન વહ તો રાગ હૈ. જ્ઞાયક હૈ ઉસમેં વિષય પલટતા ... જ્ઞાનસ્વરૂપ હૈ. આશંકા નહિ કરની. વહ વિકલ્પ હૈ. ઉસમેં જ્ઞાન એકરૂપ નહિ રહતા. ઔર ઉસમેં હી ધર્મ માન લેના વહ મિથ્યાદૃષ્ટિ હૈ.

તબ કોઈ કહે, શાસ્ત્ર મેં આતા હૈ ન? સુનો. ઐસા પ્રશ્ન હૈ. ણમો અરિહંતાણંમાં અંજન ચોર. રત્નકરંડ શ્રાવકાચાર મેં આતા હૈ, સુનો! શંકા ન કી તો અનુક્રમ સે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર લિયા. તુમ તો ના કહતે હો કિ ઐસા વ્યવહાર અનંત બાર કિયા. છોટેલાલજી! ક્યા હૈ? સ્વામી સમંતભદ્રાચાર્ય ને... અંજન ચોર કો સમકિત તો નહિ થા, સમકિત નહિ થા. નિશ્ચય સમકિત નહિ થા તો વ્યવહાર સમકિત કા ભી ઠિકાના નહિ થા. એક શંકા નહિ કરી. તો ઉસકો નિઃશંક મેં ડાલકર સમકિત યા મોક્ષ હોગા ઐસા કહ દિયા હૈ ચરણાનુયોગ મેં. નહિ હૈ? યહાં તો ના કહતે હૈં. અનંત બૈર નૌંવી ગ્રૈવેયક ગયા. સર્વજ્ઞની વાણી અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો. ઉસમેં શંકા નહિ. પર મેં શંકા નહિ. સ્વભાવ કા ભાન નહિ. તભી તો અનાદિ મિથ્યાદૃષ્ટિ રહ ગયા ઔર અંજન ચોરને શંકા ન કી તો સમકિત હો ગયા. યે ક્યા વિરોધ હો ગયા? ફૂલચંદજી! વહ પૂછતે થે. ભજન મંડલી આયી થી ન? ભજન મંડલી અજમેર સે આતી હૈ ન? અજમેર સે આયી થી. મૂલચંદજી નાચતે હૈં. તો સોભાગ્યભાઈ હૈ. .. બરાબર ભક્તિ કરતે-કરતે પૂછા. કહા, ભાઈ! યહ ભક્તિ તો શુભરાગ હૈ. તુમ સમજો કિ ઇસ રાગ મેં સે ધર્મ હોતા હૈ, ઐસા માન લો તો સ્વભાવ કો સમજને કા અવસર હી નહિ રહતા. મહારાજ! અંજન ચોર ને નવકાર મેં શંકા નહિ કી તો તિર ગયા. સમંતભદ્રાચાર્ય કે રત્નકરંડશ્રાવકાચાર મેં આતા હૈ.

યહાં કહતે હૈં કિ અનંત બૈર ભગવાન કે વચન મેં શંકા નહિ કી. ઉસને તો નવકાર મેં નહીં કી. યહાં તો કહતે હૈં, વ્યવહારાભાસ વાલા ગ્યારહ અંગ બરાબર પઢા, નવ પૂર્વ પઢા. ઉસમેં શંકા નહિ કી. સ્વભાવનું ભાન નથી એટલું. યે દો મેં તો વિરોધ આયા. વિરોધ

નહિ હૈ. સાંભળો! ચરણાનુયોગ કે કથન મેં ભવિષ્ય મેં જો સમ્યગ્દર્શન ઉસકો હુઆ ઉસકા વર્તમાન મેં આરોપ કરકે ઐસા કહા હૈ. જિસકો સમ્યગ્દર્શન હુઆ હૈ ઉસકો શંકા નહિ કી ઐસા આરોપ કિયા હૈ. ઐસી નિઃશંકતા તો અનંત બાર કી હૈ. વહ કોઈ નવીન ચીજ નહિ હૈ. સમજ મેં આયા?

ફિર સે. યહાં કહતે હૈં કિ શંકા નહિ કરની વહ કહીં આત્મા કા ધર્મ નહિ હૈ. વહ તો શુભરાગ હૈ. ઉસસે કલ્યાણ-ફલ્યાણ હોતા નહિ. તો વહાં ક્યોં કહા અંજન ચોર ને શંકા નહિ તો ઉસકો સમકિતી કહ દિયા? ઐસા નહિ હૈ. વહ તો જો જીવને સમકિત પ્રાપ્ત કર લિયા આત્મા સે, ભવિષ્ય મેં આત્મા કે અવલંબન સે જો સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા ઉસકા પૂર્વ કા નિઃશંક મેં આરોપ કરકે ચરણાનુયોગ મેં કથન હૈ. સમજ મેં આયા? યહાં કહતે હૈં, દુલીચંદજી! સમજે?

યહાં કહતે હૈં, શંકા ન કરે ભગવાનના માર્ગમાં. તોપણ શુભ વૃત્તિ કલંકિત મિથ્યાદષ્ટિ છે. એમાં ધર્મ માની બેઠો છે અને ન્યાં કહ્યું કે નિઃશંક થયો. મોક્ષ ગયો અંજન ચોર. આટલો બધો વિરોધ? ... બે શાસ્ત્રોમાં? ઐસા હૈ નહિ, વિરોધ હૈ નહિ. ભગવાન સર્વજ્ઞ ને જિસને દેખા ઔર શાસ્ત્ર મેં લિખા કિ વહ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરેગા આત્મા કે અવલંબન સે ભવિષ્ય મેં. આત્મા કા અવલંબન લેકર પ્રાપ્ત કર લિયા. ઉસને પૂર્વ મેં જો નિઃશંકતા કી થી ઉસમેં આરોપ દે દિયા. પરંતુ જો સમ્યગ્દર્શન આત્મા સે પ્રાપ્ત નહિ કરતે, સહજ સ્વભાવ કે અવલંબન સે વહ પૂર્વ મેં ચાહે જિતની શંકા ટાલે, નિઃશંક હો, ઉસકી ગિનતી નહીં હોતી. સમજ મેં આયા? ભારે ગડબડ કરે ભાઈ માણસ. ચરણાનુયોગ મેં ઐસા કહા હૈ. ભઈ, ચરણાયનુયોગ ને દ્રવ્યાનુયોગમાં વિરોધ છે?

દ્રવ્યાનુયોગ મેં તો યહાં કહતે હૈં, અનાદિઅનંત કાલ મેં નૌંવી ગ્રૈવેયક અનંત બાર ગયા, વ્યવહારાભાસી શંકા બિલકુલ નહિ થી. દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા થી. નવ તત્ત્વ કી વ્યવહાર શ્રદ્ધા બરાબર થી. બંધ અધિકાર મેં આતા હૈ. અભવી આદિ કો નવ તત્ત્વ કી બરાબર શ્રદ્ધા હોતી હૈ. પૃથક્ પૃથક્ પૃથક્ યહાં વર્તમાન મેં તો પૃથક્ કા ઠિકાના નહિ. ઉસકો તો નવ કી પૃથક્ પૃથક્ શ્રદ્ધા બરાબર થી. પરંતુ એક ચીજ મૈં અખંડાનંદ જ્ઞાયક હું. અપને સ્વભાવ કે પ્રયત્ન સે હી મુક્તિ હોતી હૈ ઔર રાગ કા પૃથક્ કરના વહ મેરે સ્વરૂપ મેં હૈ નહિ. ઐસી અંતર દષ્ટિ હુઈ નહિ. ઐસી અંતર દષ્ટિ કરી નહિ. તો ઉસને શંકા, કંખા (કાંક્ષા) ચાહે જિતની ન કી, ઉસકી કોઈ ગિનતી હુઈ નહિ.

ઔર જિસને આત્મજ્ઞાન કિયા. જિતને દષ્ટાંત લિયે હૈં શાસ્ત્ર મેં—ચરણાનુયોગ મેં, આઠ આચાર કે ઈત્યાદિ, વહ સબ ભવિષ્ય મેં આત્મજ્ઞાન પ્રાપ્ત કિયા થા. ઉસકી પૂર્વ કી નિઃશંકતા મેં આરોપ કરકે કથન કિયા હૈ. પરંતુ ઈસ નિઃશંકતા સે ભવિષ્ય મેં આત્મજ્ઞાન પ્રાપ્ત કિયા ઐસા નહિ હૈ. સમજાય છે કાંઈ? ... સમજ મેં આયા? સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર

મેં આતા હૈ. બહુત દૃષ્ટાંત આતે હૈં. લાતે હૈં, બહુત તકરાર કરતે હૈં. ભાઈ! શાંત થાઓ, શાંત થાઓ. વહ સબ ક્યા હૈ, કિસ અપેક્ષા સે કથન હૈ? વહ ચરણાનુયોગ કા કથન તત્ત્વજ્ઞાન ભવિષ્ય મેં હો ગયા ઉસકા દૃષ્ટાંત હૈ. વર્તમાન મેં શંકા ન કરી ઔર ભવિષ્ય મેં સમકિત ન પામ્યો, ઈસસે નહિ, સ્વભાવ સે, સ્વભાવ કા અવલંબન લેકર સમકિત પ્રાપ્ત નહિ કિયા, ઉસકી પૂર્વ કી નિઃશંકતા મીંડા—શૂન્ય હૈ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વહ ઉપચાર કિયા. નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા ઉસમેં વ્યવહાર મેં આરોપ કિયા. ઔર વ્યવહાર સમ્યગ્દર્શન કે અંશ મેં પૂરે વ્યવહાર કા આરોપ કિયા. સમજ મેં આતા હૈ? .. સમજ મેં આતા હૈ? રત્નકરંડ શ્રાવકાચાર મેં આતા હૈ, ઉસકા ... તુમ તો વ્યવહાર સે કુછ ધર્મ નહિ (ઐસા કહતે હો). તો અંજન ચોરને વ્યવહાર કિયા.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હાં. આઠ પ્રસિદ્ધ હુએ હૈ. નિઃશંક મેં, નિઃકાંક્ષ મેં. ઉસમેં વ્યવહાર કરને કા લાભ હુઆ કિ નહિ? ઔર તુમ કહતે હો કિ વ્યવહાર સે લાભ નહિ હૈ. એકાંત હો જાતા હૈ. કિસી કો નિશ્ચય સે લાભ હો, કિસી કો વ્યવહાર સે હો. ઐસા અનેકાંત કરો, અજ્ઞાની ઐસા કહતે હૈં. જૂઠ હૈ સબ. વસ્તુ કો સમજતે નહિ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વહ આરોપ ક્યારે કહેવાય કિ ભવિષ્ય મેં ઉસને પ્રાપ્ત કર લિયા થા. ઉસકા દૃષ્ટાંત હૈ. ઈસ કારણ સે નહિ. ભવિષ્ય મેં જ્ઞાન પકડ લિયા આત્માસે, પૂર્વે નિઃશંકતા રખી ઉસ કારણ સે નહિ. જ્ઞાનસ્વભાવ. મૈં જ્ઞાયક હું. રાગ ભી નહિ, નિમિત્ત ભી નહિ. ઐસે જ્ઞાન પકડ લિયા ઈસ કારણ સે સમકિત પ્રાપ્ત કિયા થા. તો ઉસ જીવ કા દૃષ્ટાંત પૂર્વ કા લેકર દિયા.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ... વહ અપને કારણ સે, વર્તમાન કારણસે પૂર્વ કે કારણ સે નહિ. પૂર્વ મેં નિઃશંકતા કી થી તો ઉસ કારણ સે ભવિષ્ય મેં સમ્યગ્દર્શન હુઆ ઐસા નહિ હૈ, ઐસા હૈ નહિ. પર્યાય કી સ્વતંત્રતા તો હૈ, પરંતુ ઐસી નિઃશંકતા તો નૌંવી ગ્રૈવેયક ગયા તબ અનંત બાર હુયી. વહ આરોપ નહિ આતા. આરોપ તો જિસકો સ્વભાવ કી દૃષ્ટિ સે .. ભવિષ્ય મેં હુઈ ઉસકા ભૂતકાલ મેં આરોપ દિયા. વહ નિઃશંકતા પ્રાપ્ત કરકે સમકિત કી પ્રાપ્તિ કી. ઐસા આરોપ કરકે કથન હૈ. બાદ મેં આરોપ દિયા. ઐસા એક ભી દૃષ્ટાંત લાવો શાસ્ત્ર મેં કિ ભવિષ્ય મેં સમકિત પ્રાપ્ત નહિ કિયા હો ઔર ઉસકા વર્તમાન મેં દૃષ્ટાંત દિયા હો. ઐસા હો સકે હી નહિ. નૌંવી ગ્રૈવેયક અનંત બાર ગયા. શંકા, કંખા.. કહ્યું નહિ?

'શંકા, કંખા, વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ આદિ ભાવોં કો .. સાવધાન હોકર પ્રવર્તે.' અનંત

બાર પ્રવર્તા. તો ક્યોં આરોપ નહિ આયા ઉસકો? કહાં સે આયે જૂઠા? જ્ઞાયક ચૈતન્ય અહો..! શુદ્ધ વસ્તુ નિર્મળ વિકાર વિનાની છે. ઔર વિકાર ક્ષણિક હૈ. વહ મેરી પર્યાય મેં મેરા અપરાધ હૈ. નિમિત્ત સે ઉપાધિ, નિમિત્ત સે ઉપાધિ હુઈ ઐસા આરોપ કરકે સમજ લેતે હૈં. નિમિત્ત સે ઉપાધિ હુઈ ઐસા આરોપ કરકે સમજ લે. ઉપાધિ નિમિત્ત સે હુઈ હી નહીં હૈ. પરંતુ ઉપાધિ છોડને કો (કહા). ક્યોંકિ ઉપાધિ કા એક અંશ હૈ. મેરા ત્રિકાલ તો નિરુપાધિ સ્વભાવ હૈ. નિરુપાધિ સ્વભાવ કા જોર દેને કો ઉપાધિ નિમિત્ત સે હુઈ હૈ, મેરી નહિ. ઐસા વિવેક જિસને કિયા ઉસે પૂર્વ કા નિઃશંક કા આરોપ આયા કિ નિઃશંક થા તો તર ગયા. સમજાય છે કાંઈ? ઈ આઠેય બોલમાં એમ લઈ લેવું. નિઃકાંક્ષ. ઈચ્છા ન કરી. દાખલા આવે છેને? અંજન, દૂસરા ક્યા આતા હૈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હાં, વહ. વારિષેણ (મુનિ) ઉન સબ કા ઐસા સમજના. ઈસ કારણ સે કિસીને સમકિત પ્રાપ્ત નહિ કિયા હૈ. અપની વર્તમાન સમય મેં જો ચૈતન્ય કો પકડને કી લાયકાત સે પકડ લિયા, ઉસમેં શાસ્ત્ર ને પૂર્વ કા આરોપ દિયા. વહ ચરણાનુયોગ કી કથન કી પદ્ધતિ હૈ. એ ચરણાનુયોગની કથનની પદ્ધતિ છે. જે પામી ગયો એને પૂર્વનો આરોપ આપે એવી પદ્ધતિ છે. પણ વર્તમાનને કારણે ભવિષ્યમાં પામશે એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ.

પર્યાય તો સ્વતંત્ર તો ઠીક, પણ યહાં તો દૂસરી બાત હૈ. શંકા, કંખા તો અનંત બાર છોડી. તો ક્યોં ભવિષ્ય મેં સમકિત નહિ પ્રાપ્ત કિયા? ઈસ કારણ સે યદિ પ્રાપ્ત હોતા હો તો. પ્રાપ્ત તો જબ-જબ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતા હૈ તો દ્રવ્યસ્વભાવ અખંડાનંદ પરિપૂર્ણ કે લક્ષ્ય સે હી પ્રાપ્ત કરતા હૈ. તીન કાલ મેં કોઈ જીવ પર્યાય કે અવલંબન સે, રાગ કે અવલંબન સે, નિમિત્ત કે અવલંબન સે કોઈ પ્રાપ્ત નહિ કરતા. વહ સિદ્ધાંત તો અકાટ્ય હૈ. કહો, સમજાય છે કાંઈ? આઠ દાખલા શાસ્ત્રમાં આપ્યા. એમ જ્યાં જ્યાં આવે ત્યાં એ આપે સૌના. ફલાણાને આમ થયું, ફલાણાને આમ થયું. પ્રભાવના કરી ફલાણાએ, રાણીએ પ્રભાવના કરી, આણે આમ કર્યું. એ તો રાગના અંશની મંદતા થઈ એનાથી ભવિષ્યમાં લાભ થયો એમ ત્રણ કાળમાં નથી. ચરણાનુયોગનું કથન કહેવાનો એ આશય જ નથી. ભવિષ્યમાં પામેલ છે એનો અહીં ભૂતમાં આરોપ કરીને કથન કર્યું છે. એ ચરણાનુયોગની પદ્ધતિની રીત છે. નહિતર તો સિદ્ધાંત બે થઈ જાય કે સમકિત કોઈ દ્રવ્યને આશ્રયે પામે અને કોઈ રાગ મંદ કરે, શંકા ન કરે, કાંક્ષા ન કરે, મૂઢતા ન કરે એવો શુભભાવ કરે તોપણ ભવિષ્યમાં ક્રમે ક્રમે પામી જાય. તો બે સિદ્ધાંત થઈ ગયા. એક નિયમ રહ્યો નહિ. એમ હોઈ શકે નહિ. એમ ત્રણ કાળમાં છે નહિ.

એટલે અહીંયા ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સાંભળ ભાઈ શાંતિથી. અને એકલી

શંકા ટાળે પર તરફની, કાંક્ષા ન કરે, વિચિકિત્સા—મુનિઓને દેખીને દુગંછા ન કરે અને અમૂઢતા રાખે અજૈનમાં કે જૈન સિવાય બીજામાં મૂઢતા ન કરે એટલા રાગમાત્રથી તો અમે એને વ્યવહારાભાસ કહીએ છીએ. વ્યવહારાભાસ કહીએ છીએ. અને એને કારણે ત્રણ કાળમાં કોઈ પરંપરાથી પણ જીવને ધર્મ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાય છે કાંઈ? ચરણાનુયોગની પદ્ધતિની રીત ન સમજે, આશય ન સમજે. પછી પેલા ડૉક્ટર કહે, મહારાજ! અંજન ચોરે જુઓ આવી નિઃશંકતા કરી. રસ્સી કાટ દી ન. તો ઉસસે લાભ હુઆ. હમ તો બહુત ભક્તિ કરતે હૈં. ભૈયા! સાંભળો, સાંભળો, સાંભળો. સબ અનુયોગ મેં સબ અનુયોગ કા સાર તો વીતરાગતા હૈ. તો ચારોં અનુયોગ કા સાર શાસ્ત્ર તાત્પર્ય તો વીતરાગતા હૈ. આત્મદ્રવ્ય વહી વીતરાગસ્વરૂપ હૈ. તો દ્રવ્ય કી દૃષ્ટિ જિસકો નહિ ઉસકા પૂર્વ કા આરોપ આતા હૈ કહાં સે? અનંત બૈર કિયા. નૌંવી ગ્રૈવેયક ગયા તો અનંત બૈર કિયા. વહ આયા ન છ ઢાલા મેં?

'અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો, આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો'. કહાં સે? યહ કહતે હૈ ઐસા વ્યવહારાભાસ તો અનંત બાર હો ગયા. નૌંવી ગ્રૈવેયક ક્યા પહલી બાર ગયા હૈ? અનંત બૈર મુનિ હુઆ, અનંત બૈર મનુષ્ય હુઆ, અનંત બૈર ત્યાગી, વ્રતધારી, ક્રિયાકાંડ અનંત બાર હો ગયા, એક બાર નહિ. અનંત બાર હુઆ ઉસસે સમકિત પ્રાપ્ત નહિ કિયા. ઔર વહ એક બાર નિઃશંક હુઆ તો સમકિત પ્રાપ્ત કર લિયા, વિરુદ્ધ તત્ત્વ હૈ. એમ છે નહિ. ભગવાનના માર્ગમાં વિરોધ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. એણે કઈ કથનની અપેક્ષાએ કહ્યું છે એને સમજવું જોઈએ. બડી ગડબડ મચી હૈ. ઐસી ગડબડ મચા દી. ફિર ક્યા હુઆ?

અપની તાકત નહિ ઔર બહુત વ્રતાદિ લે લેતે હૈં. ફિર ઉસકા પોષણ કરને કો, દૃઢ કરને કો ઐસી દૃષ્ટિ હો જાતી હૈ, શાસ્ત્ર મેં પઢને સે. અપના પોષણ કરને કી દૃષ્ટિ હો જાતી હૈ. દેખો, ઉસમેં યહ આયા, દેખો! ઉસમેં વહ આયા. વ્રત મેં ભી દૃષ્ટાંત આતા હૈ. અહિંસાવ્રત, દત્તવ્રત, સત્યવ્રત, બ્રહ્મચર્યવ્રત. ઉસકા ભી દૃષ્ટાંત આતા હૈ પાંચોં કા. પરંતુ ઉસ વ્રત સે નહિ. વ્રત તો આસ્રવ હૈ. વ્રત તો પુણ્યાસ્રવ હૈ. પુણ્યાસ્રવ કરતે-કરતે ધર્મ હો જાયેગા? તીન કાલ મેં નહિ. પરંતુ પહલે કિયા, ભવિષ્ય મેં પ્રાપ્ત કિયા તો શાસ્ત્રને દૃષ્ટાંત ક્યોં દિયે? પાંચ વ્રત કા પાંચ દૃષ્ટાંત. આતા હૈ ન? ઉસમેં આતા હૈ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. ભાઈ! એ બીજી રીત છે, ભગવાન! શાંત થા. આગ્રહ છોડીને સત્યને સત્ય જો.

એ તો જીવ ભવિષ્યમાં સ્વરૂપની પ્રતીત કરીને ચારિત્ર રમણતા સ્વભાવના અવલંબને કર્યું એનો દાખલો (આપીને કહ્યું કે) પૂર્વે આ વ્રત પાળ્યું માટે થયું. એ વખતે વ્રતેય ક્યાં છે? સમકિત વિનાના વ્રત કેવા? સમજાય છે? ભીલે માંસ ન ખાધું. વહ ભીલ આતા હૈ ન ભીલ? ભીલે માંસ ન ખાધું તો શ્રેણિક રાજા કા જીવ.. માંસ ન ખાયા. ફિર દેવલોક

મેં ગયા. બાદમેં ઐસા હુઆ. ક્યા હુઆ? અનંત બૈર નૌંવી ગ્રૈવેયક મેં પંચ મહાવ્રત, અઠાઈસ મૂલગુણ કા વિકલ્પ ઉઠાયા મિથ્યાદૃષ્ટિને, ઉસસે કુછ ન હુઆ. માંસ ન ખાયા ઉસમેં શ્રેણિક રાજા (હુઆ), ઔર ઉસમેં સે સમકિત પ્રાપ્ત કર લેતા હૈ. અજ્ઞાની વસ્તુની દૃષ્ટિ વિપરીત માને છે અને વિપરીત પ્રરૂપે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ તો ભવિષ્યમાં સમ્યગ્દર્શન પામવાની તૈયારી હતી. પૂર્વને કારણે નહિ. વર્તમાન પુરુષાર્થ, નવો પુરુષાર્થ કર્યો હતો ત્યારે પૂર્વનું કહ્યું કે જો, આનાથી આમ છે અને આનાથી આમ છે. એક ફૂલની પૂજા. ભગવાન પાસે દેડકો ગયો. આતા હૈ ન સબ? સબ હૈ દૃષ્ટાંત. દૃષ્ટાંત મેં ક્યા હૈ? સમજના ચાહિયે ન. ઉસકો ઐસા હો ગયા.

અનંત બૈર ફૂલપૂજા ભગવાન કી કરી. અનંત બૈર માંસ નહિ ખાયા, નિર્દોષ પૈંસ્તાલીસ, સૈંતાલીસ, તીસ અંતરાયદોષ રહિત આહાર લિયા. ઐસા શુભરાગ કિયા. ઉસસે કુછ નહિ હુઆ (ઔર) ઐસે એક મેં સે હો જાયેગા? તો શાસ્ત્ર વિરુદ્ધ હૈ? એક શાસ્ત્ર મેં કુછ, દૂસરે શાસ્ત્ર મેં કુછ? ઐસા હૈ? ઐસા કભી હૈ નહીં. સબ શાસ્ત્ર યથાર્થ કહતે હૈં. કથન કી પદ્ધતિ ક્યા હૈ વહ સમજની ચાહિયે.

ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, અહો..! અનાદિનો અજ્ઞાની જીવ જ્ઞાયકને પકડ્યા વિના, રુચિ કર્યા વિના એકલો શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદૃષ્ટિને ઉત્થાપવા માટે શુભભાવમાં જોડાઈ જાય છે. વ્યવહારાભાસી છે. એને એ વ્યવહારથી નિશ્ચય ત્રણ કાળમાં આવતો નથી. કહો, સમજાણું કાંઈ? 'મૂઢ આદિ .. ભાવોં મેં...' બરાબર આમ મુંઝાય નહિ. સબ કી અન્ય મતિ કી બહુત પ્રશંસા હો, બડી કીર્તિ હો, ઓહો..! અપને ત્યાગી હુએ ઔર અપની ઈતની ઈજ્જત નહિ. ભલે મુંઝાય નહિ પણ શુભરાગ છે. વહ તો શુભ વિકલ્પ હૈ. નિર્વિકલ્પ જ્ઞાયક હૈ. ઐસે સ્વભાવ કી રુચિ બિના રાગ કો વ્યવહારાભાસ કહ દિયા હૈ. ઉસસે આત્મા કો કુછ લાભ નહિ. દૃષ્ટિ પર ઉપર હૈ. આત્માના સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી. કહો, સમજાય છે? આ શેનો અધિકાર ચાલે છે?

ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે મિથ્યાદૃષ્ટિ એકાંત વ્યવહારથી ધર્મ માની રહ્યા છે, એ વ્યવહારાભાસી છે. એ વ્યવહારનય એને લાગુ પડતી નથી. કથન પણ એવા આવે. સબ વ્રત્તિ કો ઈકઠ્ઠી કરકે સુનાયે તો. વ્રત્તિ સંમેલન કરકે યહાં યદિ સુનાયે તો હાય.. હાય..! યે તો યહ કહતે હૈં. ઉત્સાહ કિસકો આયેગા? વહ તો ઉત્સાહપ્રેરક હોતા હૈ. એકદમ કોઈ સાત પડિમા, કોઈ દસ પડિમા, કોઈ ગ્યાહર પડિમા લો.. લો. શું લ્યે? ધૂળ લ્યે પણ? કહાં સે આયેગી? લો. મેરે પાસ તો કુછ આયા નહિ. આયે કહાં સે? લેકિન વહ એક ઉભરા હૈ, ઉભરા. ઉભરા સમજતે હો? દૂધ કા ઉભરા નહિ આતા હૈ? ઉફાન. દૂધ કા ઉફાન આતા હૈ ન? દૂધ મેં ઐસા એક ઉફાન આ જાતા હૈ જગત મેં. પરંતુ ચૈતન્ય ક્યા

હૈ? મુજે ક્યા હુઆ? મૈં કિતના કર સકું? મેરી તાકત કિતની? વિચારને કા અવસર ઉસકો મિલતા નહિ.

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહા સંત મુનિ થે. ઉસને ટીકા બનાયી હૈ. વીતરાગ તાત્પર્ય બતાયે ઉસકી ટીકા હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય કહે, સર્વ જૈનશાસનનો સાર વીતરાગતા છે. ક્યારે? આ વ્યવહારાભાસીને વીતરાગતાની ખબર નથી. વ્યવહારની ક્રિયાકાંડમાં જ એકલો ધર્મ માની બેઠા છે. અને ઉભરો ઉત્સાહ આવી જાય તો, લઈ લ્યો, આમ લઈ લ્યો. કહાં સે લે લો? બાહર સે આતા હૈ? સ્વભાવ જ્ઞાયક હૂં, ઉસકી અભી જડ તો જમી નહિ. મૈં સ્વભાવ ક્યા હૂં? રાગ ક્યા હૈ? રાગ વિકાર મેં ભી ક્ષણ-ક્ષણ મેં.. ભૈયા! કર્મ ઐસા આ ગયા, ઐસા ઉદય મેરે મેં આ ગયા. જો આ ગયા વહ તો આ ગયા કર્મ કે કારણ સે. અભી કર્મ કે કારણ સે તો વિકાર માનતે હૈં. ઉસે આત્મા કે કારણ સે સમકિત માનના તો દૂર રહ ગયા. જયચંદભાઈ!

એટલે ભગવાન આચાર્ય કહે છે કે ભાઈ! ચાર બોલ જે સમકિતના—શંકા ન કરે, કાંક્ષા ન કરે, મૂઢતા ન સેવે અને દુગંછા ન કરે એ શુભભાવ છે. એમાં સાવધાન થઈને પ્રવર્તે. સાવધાન એટલે? એ શુભભાવમાં જ સાવધાની છે, પર્યાયમાં સાવધાની છે, રાગમાં સાવધાની છે. સ્વભાવમાં સાવધાનીની એને ખબર નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ... એક પડા રહા. મુખ્ય એક પડા રહા, શૂન્ય લગાયે.

'કેવલ વ્યવહારનય રૂપી ઉપબૃહણ...' એકલું ઉપબૃહણ ભાઈ! વધારો, વધારો. શુભભાવ વધારો. કરતે રહો ભૈયા, એક દિન પાર હો જાયેગા. ક્યા કરતે રહે? ક્યા ધૂલ કરતે રહે? એક દિન પાર હો જાઓગે. સ્વભાવ જૈસા હૈ ઐસા જ્ઞાન મેં ન પકડો તો ક્યા? લાખ, ક્રોડ, અનંત બાર રાગ કરો, વિકલ્પ ઉઠાઓ, ઉસસે કુછ આત્મા કા જ્ઞાન હોતા નહિ. તો કહતે હૈં કિ 'કેવલ વ્યવહારનય રૂપી ઉપબૃહણ...' ગુણની વૃદ્ધિ કરો, ગુણનો વધારો કરો. ગુણ, પણ હજી ગુણી કા તો ભાન નહિ હૈ. કિસકા વધારા કરના? શુભભાવ? શુભભાવ પકડ લો. ઐસા શુભભાવ પકડો કિ જિસસે... ક્યા? શુભભાવ તો એક સમય હૈ. એક સમય કી પર્યાય હૈ. ભલે ઉપયોગ મેં અસંખ્ય સમય મેં આતા હૈ. ઉપયોગ મેં. પરંતુ વહ તો એક સમય કી પર્યાય હૈ. તો શુભ કો ક્યા પકડના? સ્વભાવ કો પકડના કિ શુભ કો પકડના? વહ તો એક સમય કી પર્યાય હૈ.

કહતે હૈં કિ 'વ્યવહારનય રૂપ ઉપબૃહણ...' વધારો, ગુણને વધારો. 'સ્થિતિકરણ...' અપને મેં રાગ હોતા હૈ. સ્થિતિકરણ કરો. સ્થિતિકરણ કિસકો કહતે હૈં ઉસકી ભી ખબર નહિ. મિથ્યાદૃષ્ટિ હો ઉસકો ઉસમેં સ્થિર કરના વહ સ્થિતિકરણ હૈ? વહ ધર્મ નહિ પ્રાપ્ત કિયા. વહ તો ધર્મ અપને સમ્યગ્દર્શન મેં ભાન હોકર સ્થિર ન હો તો રાગ આતા હૈ. ઉસકો વ્યવહાર

સ્થિતિકરણ કહતે હૈં. ઔર પર કી પર્યાય મેં સ્થિર હો વહ તો ઉસકે કારણ સે હોતા હૈ, અપને કારણ સે નહિ. તો સ્થિતિકરણ મેં ભી ઐસા માન લેતે હૈં કિ હમ પર કા સ્થિતિકરણ કરતે હૈં. ભૈયા! પરંતુ તેરે સ્વરૂપ કી દૃષ્ટિ કી તો ખબર નહિ. વહ સ્થિતિકરણ કે રાગ મેં ધર્મ માન લેતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. વિશેષ કહેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૫, રવિવાર, તા. ૨૩-૩-૧૯૬૯
ગાથા—૧૬૩, પ્રવચન-૨૧ (વેબસાઈટ પ્રમાણે ૮૦૮)

આ એક પંચાસ્તિકાય નામનું શાસ્ત્ર છે. એની ૧૬૩ ગાથા.

**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि।**
**इदि तं जाणदि भविओ अभवियसत्तो ण सद्दहदि।।१६३।।**

**જાણે-જુએ છે સર્વ તેથી સૌખ્ય-અનુભવ મુક્તને;**
**—આ ભાવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.**

શું કહેવા માંગે છે? અર્થમાં આવશે. આત્મા પૂર્ણ સર્વજ્ઞ અને પૂર્ણ આનંદસ્વભાવ છે. એની શક્તિની વ્યક્તતા નામ પ્રગટતા પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ જેને થાય એને જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદનો પૂર્ણ અનુભવ હોય. એવું જ આત્માનું દ્રવ્યસ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ (છે). એવો જ એનો આશ્રય કરીને પ્રગટ થતી પર્યાય નામ વર્તમાન દશામાં પૂર્ણ જ્ઞાન થતાં તેને પૂર્ણ આનંદનો અનુભવ હોય છે. એવી વાતને જે શ્રદ્ધે છે તે ભવ્ય પ્રાણી છે. યોગ્ય છે, અનુભવથી શ્રદ્ધે છે એમ કહેવું છે અહીં.

એક સમયમાં જીવનો જ્ઞાનસ્વભાવ જે વસ્તુસ્વભાવ છે એ સ્વભાવને મર્યાદા—હદ શું હોય? બેહદ જેનો જ્ઞાન અને દર્શન એનો સ્વભાવ છે. એવો જ સ્વભાવ અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે ભગવાન આત્માનો સ્વભાવ છે. એવો સ્વભાવ છે, ઈ છે એમ અનુભવ કરીને જેને અંદર પ્રગટ થયો છે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ, એવી અસ્તિની શ્રદ્ધા ભવ્ય પ્રાણીને હોય છે. અભવ્ય નામ જે સમજવાને લાયક નથી પર્યાયમાં. વસ્તુએ સરખા છે. વર્તમાન દશામાં એવી પૂર્ણ આનંદ અને જ્ઞાનની અવસ્થા એક સમયમાં સર્વજ્ઞ પરમાત્મા આત્માને થાય છે. થાય છે, હોય છે, અસ્તિ છે. એવું જેને અંતરમાં જ્ઞાન થાય તેને અંતર સર્વજ્ઞ આત્મસ્વભાવી, સર્વદર્શિસ્વભાવી અને આનંદસ્વભાવીનો અનુભવ થતાં તેને સર્વજ્ઞની પ્રતીત અને આનંદનો સાથે અનુભવ થાય છે. ત્યારે એને સર્વજ્ઞને આનંદ પૂર્ણ છે એવી અસ્તિ જગતમાં છે એવી એને પ્રતીત અનુભવ થતાં થાય છે. ૧૬૩મી ... કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આ દેહમાં બિરાજમાન તત્ત્વ છે. અસ્તિ સત્તા છે. અને એ સત્તા હોવાપણે જે સત્ છે એનું સત્ત્વ, સત્‌નું સત્ત્વ હોવાપણે અખંડ જ્ઞાન અને એક અખંડ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન અને આનંદ સામર્થ્ય પણ શક્તિરૂપે તેનું પૂર્ણ છે. અને એવું પૂર્ણ જ્ઞાન અને આનંદ હોવાથી જેણે અંતરનો આશ્રય કરી અને શક્તિની વ્યક્તતા પ્રગટ દશામાં પૂર્ણ જ્ઞાન સાથે અતીન્દ્રિય સુખ થયું છે એવા પરમાત્માને શ્રદ્ધનારો ભવ્ય જીવ હોય છે. સમજાય છે કાંઈ? આ ભાષા તરીકેની વાત નથી હોં! ભાવ તરીકેની વાત છે. એ વાત

અહીંયા જરી કહે છે, જુઓ! પહેલો શબ્દાર્થ અન્વયાર્થ કરીએ.

**'અન્વયાર્થ :— જેથી (આત્મા મુક્ત થતાં)...'** આત્માની પૂર્ણ આનંદદશા પ્રગટ થવી અને પૂર્ણ જ્ઞાનદશા પ્રગટ થવી તેનું નામ મુક્તદશા કહેવામાં આવે છે. **'(આત્મા મુક્ત થતાં)...'** 'सर्व विजानाति' **'સર્વને જાણે છે અને દેખે છે,...'** કોઈ એને જાણવું અને દેખવું પરિમિત અને હદવાળું એને રહેતું નથી. બધું બેહદ જાણે છે. એવો ભગવાન આત્મા એક સમયની દશામાં પૂર્ણ જાણવું અને પૂર્ણ દેખવું એવો જ એનો સ્વભાવ છે. **'તેથી તે સૌખ્યને અનુભવે છે;...'** શું કહે છે? ભગવાન આત્મા એના હોવાપણામાં જ્ઞાન અને આનંદ જેનો પૂર્ણ સ્વભાવ છે, તેની પ્રાપ્તિ જેને શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ દશા અંતર અનુભવથી આશ્રયથી કરી છે એ આનંદને અનુભવે છે. સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય આનંદનું વેદન પરમાત્માને અથવા આત્માની પૂર્ણ દશામાં હોય છે.

**'આમ ભવ્ય જીવ જાણે છે,...'** જેને પોતાની લાયકાત સર્વજ્ઞ, સર્વદર્શિ પૂર્ણાનંદ પરમાત્મા છે એ આનંદને અનુભવે છે એમ જેને પ્રતીત થાય, ક્યારે? કોને? કેમ? ભવ્યને. એટલે? જે દશા પ્રગટ થઈ એ દશા સ્વભાવમાંથી આવી છે અને એ સ્વભાવ મારો અંતર સર્વજ્ઞ, સર્વદર્શિ અને પૂર્ણ આનંદ છે. એવા હોવાપણાના અંતર આશ્રયના અવલંબનમાં જાય છે ત્યારે તેને પૂર્ણ સર્વજ્ઞ, સર્વદર્શિ અને પૂર્ણ આનંદની પ્રગટતા જેને છે એની એને પોતાની પ્રગટતામાં ભાન થાય છે. સમજાય છે કાંઈ? અહીં તો વિશેષ વિષય પ્રતિબધ્ધની વ્યાખ્યા... આ તો ઉપરથી શબ્દાર્થ થાય છે.

**'ટીકા :— આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.'** શું કહે છે? બધા આત્માઓ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ મુક્તસ્વરૂપ છે એનું, એની મુક્તિની પર્યાયની અહીં પ્રતીત કરવી એ બધા કરી શકે એમ છે નહિ. એવી જે જીવની જાત... છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? **'મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ...'** બધા જીવો 'સર્વ જીવ છે સિદ્ધસમ' એ વસ્તુસ્થિતિએ બરાબર છે. પણ પ્રગટરૂપે બધા કરી શકે એવી આત્માની યોગ્યતા અને અયોગ્યતા એવા બે પ્રકાર જીવના છે. સમજાણું કાંઈ? હવે એનો અર્થ કરે છે. ...

**'ખરેખર સૌખ્યનું કારણ...'** અતીન્દ્રિય આનંદ ભગવાન આત્માના પૂર્ણ આનંદની દશાનું કારણ... જેનો સ્વભાવ હોવાપણે સ્વભાવ જ્ઞાન અને આનંદની જાતથી પૂરો પ્રભુ છે આત્મા એની દશાની સુખની દશાનું કારણ, પૂર્ણ આનંદની દશાનું કારણ **'સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** શું કહે છે? ધીમેથી સમજવાની વાત છે. અહીં તો ઝીણી વાત માંગે છે. ચુનીભાઈ અને રતિભાઈ છે ખરાને. કહો, સમજાણું કાંઈ? ... અમારે ૧૬૩ સાંભળવી છે.

પ્રભુ શું કહે છે? ખરેખર પૂર્ણ આનંદની દશાની પ્રાપ્તિ આત્મામાં થવી એનું કારણ

**'સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** આ એક શબ્દ પડ્યો છે. સ્વભાવની વિરુદ્ધતાનો અભાવ એ પૂર્ણ આનંદનું કારણ છે. એટલે શું કહે છે? **'સૌખ્યનું કારણ...'** ભગવાન આત્મા આનંદસ્વરૂપ તો છે. પણ એની દશામાં પૂર્ણ આનંદના સુખનું કારણ સ્વભાવની વિરુદ્ધતાનો અભાવ છે. સ્વભાવની વિપરીતતાના ઊલટાનો અભાવ છે. શું કહે છે સમજાય છે? અટપટું હતુ ત્યારે પૂછતા હશેને? નહિતર તો શું કરવા પૂછે? ..ભાઈ!

પર્યાયમાં.. પર્યાય એટલે આત્માની આનંદ, જ્ઞાન આદિ દશામાં સ્વભાવની વિરુદ્ધતાનો અભાવ છે. જે સ્વભાવ જ્ઞાન અને આનંદ પૂર્ણ છે એનાથી વિરુદ્ધ ભાવનો એમાં અભાવ છે. એને અતીન્દ્રિય આનંદ જ્ઞાન સાથે પ્રગટ થાય છે. હળવે હળવે અર્થ કરશે, હોં! ધીમે ધીમે. ... કહે છે, ખરેખર આનંદનું કારણ. પ્રગટ આનંદના કારણની વાત છે, હોં! શક્તિરૂપે તો આનંદસ્વરૂપ જ છે પ્રભુ. ભગવાન આત્મા અસ્તિપણે તો આનંદમૂર્તિ છે. એનો આનંદ પરમાં છે નહિ. સમજાણું કાંઈ? એમાં વિષયાનંદ ને ભોગાનંદ ને વૃતિઆનંદ તે આનંદ તે આનંદ નથી. ભગવાન! એ તો દુઃખ—ઝેર છે. સમજાય છે કાંઈ?

આનંદ તો ભગવાન આત્માનો સચ્ચિદાનંદ સત્ શાશ્વત આનંદ અને જ્ઞાન એનું સ્વરૂપ છે. એની પ્રગટતામાં આનંદના કારણમાં પ્રતિકૂળતાના અભાવને કારણે તે પ્રગટ આનંદ થાય છે. હવે સ્વભાવની પ્રતિકૂળતા એટલે શું? સ્વભાવની પ્રતિકૂળતા, વિરુદ્ધતા, ઊલટાઈ એટલે શું? સમજાણું કાંઈ? ધીમેથી સમજાય એવું છે, હોં! ન સમજાય એવી વાત નથી. **'આત્માનો 'સ્વભાવ' ખરેખર...'** સ્વભાવના પ્રતિકૂળતાનો અભાવ. હવે એનો સ્વભાવ શું છે એની વ્યાખ્યા કરે છે. ભગવાન આત્મા દેહમાં બિરાજમાન પ્રભુ પ્રત્યેક—દરેક આત્મા. એનો સ્વભાવ તો ખરેખર દેખવું અને જાણવું છે. રાગનું કરવું, રાગનું છોડવું, પોતા સિવાયના પર પદાર્થનું કાંઈ પણ પલટાવવું કે એને મદદ કરીને કંઈક સહાય કરીને પરમાં કાંઈક પોતાથી થાય એવો એનો સ્વભાવ નથી.

ભગવાન આત્મા દશિ, જ્ઞાન સ્વભાવ છે એનો. જાણવું અને દેખવું એનું સ્વ.. સ્વ.. સ્વ પોતાનો ભાવ છે. અને **'તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** આ પ્રતિકૂળતાની વ્યાખ્યા. એટલે શું? **'તે બન્નેને...'** ભગવાન આત્મા જ્ઞાન અને દર્શન જેનો સ્વભાવ છે. સ્વભાવ વસ્તુ છે. વસ્તુ છે, પદાર્થ છે તો એનો સ્વભાવ જાણવું, દેખવું ત્રિકાળી એનો સ્વભાવ છે. હવે એ સ્વભાવનું પ્રગટવું એના પ્રતિકૂળતાનો અભાવ છે. હવે એ સ્વભાવની પ્રતિકૂળતા એટલે શું? **'તે બન્નેને વિષયપ્રતિબંધ...'** 'વિષયમાં રૂકાવટ અર્થાત્ મર્યાદિતપણું'. એટલે શું કહે છે? ભગવાન આત્મા.. જ્ઞાનપર્યાય છે, એની દર્શનપર્યાય છે, એનો મર્યાદિત વિષય જે છે, જાણવા-દેખવાનો વિષય મર્યાદિત થોડો છે તેથી તેની વિષય જાણવાની પર્યાય ત્યાં રોકાઈ ગઈ છે. એટલે?

**'બન્ને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** શું કીધું? ભગવાન આત્મા.. જ્ઞાન

અને દર્શન તો તેનો ત્રિકાળી સ્વભાવ છે અને પર્યાયમાં પૂર્ણ જાણવું એવો એનો સ્વભાવ છે. એ જાણવામાં મર્યાદિત વિષય ઉત્પન્ન થાય છે, થોડો વિષય રહે છે એ સ્વભાવની પ્રતિકૂળતા છે, કહે છે. એટલે શું? કે ભગવાન આત્મા પોતાનો જ્ઞાન અને દર્શન જે સ્વભાવસ્વરૂપ છે એનો આશ્રય પૂર્ણ કર્યો નથી. એ એને સ્વભાવની પૂર્ણતાના પ્રગટતાનો અભાવ છે. આશ્રય કર્યો નથી એમ કહે છે. વિષય તો એમ છે. ..ભાઈ! ...

કહે છે, એમાં કેટલા સિદ્ધાંત સિદ્ધ કરે છે. વસ્તુ પોતે ભગવાન આત્મા જ્ઞાન, દર્શનસ્વરૂપ છે. સ્વભાવ જ એનો અખંડ છે માટે તેના જ્ઞાન, દર્શન અખંડ છે, અભેદ છે, એકરૂપ છે. એની દશામાં અખંડતા, અભેદતા, પૂર્ણ જ્ઞાન-દર્શન પ્રગટ થવા જોઈએ, એવા પૂર્ણ સ્વભાવમાં આનંદ આવવો જોઈએ. એવા પૂર્ણ સ્વભાવમાં આનંદમાં સ્વભાવમાં પ્રતિકૂળતાનો અભાવ. પ્રતિકૂળતા એટલે? બેને જાણવા-દેખવાની મર્યાદામાં રોકાઈ ગઈ છે દશા. મર્યાદિતમાં રોકાઈ ગઈ છે. એટલે? જેને જાણવું-દેખવું એવો ભગવાન આત્માનો સ્વભાવ છે એવો પૂર્ણ આશ્રય એણે કર્યો નથી. સમજાય છે કાંઈ? આ વાત સર્વજ્ઞ સિવાય કોઈ સ્થાનમાં એ વાત હોઈ શકે નહિ. દ્રવ્ય, ગુણ અને પર્યાય. પર્યાયમાં રૂકાવટનું કારણ કોણ અને ખિલવવાનું કારણ કોણ? સમજાય છે કાંઈ?

અરે..! દેહ છૂટી જશે. આ રજકણ માટી ધૂળ છે, ભાઈ! એ આત્માના થઈને વસીને નથી રહ્યા. એ રજકણ તો રજકણના થઈને રહ્યા છે, અજીવ થઈને રહ્યા છે. વાણી અજીવ થઈને રહી છે... રાગ રાગ થઈને રહ્યો, આત્મા થઈને રાગ રહ્યો નથી. પણ કહે છે કે એના વિષયમાં જાણવાની ઓછપ છે, એને જાણવા-દેખવાની વિષયમાં ઓછપ છે, મર્યાદા છે એ એને અનંત આનંદ પ્રાપ્ત થવામાં રૂકાવટ છે. એટલે? ૧૭૦માં આવે છેને? ભાઈ! પ્રભુશક્તિ પૂર્ણ ખીલી નથી માટે. ૧૭૦માં આવે છે, આમાં પંચાસ્તિકાયમાં. પંચાસ્તિકાય, ૧૭૦ છેને? **'પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...'** **'પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી, પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે...'** ૧૭૦ ગાથા. છે? પીંજણ, પીંજણ હોય છે ને? પીંજણ આ રૂની. **'પીંજણને ચોંટલે રૂ'ના ન્યાયે...'** એટલે? જેણે આત્મામાં પ્રભુત્વશક્તિ પૂર્ણ છે એવી જેણે પ્રગટ કરી નથી, પ્રગટ કરી નથી એને નવ તત્ત્વ અને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ રહી જાય છે. સમજાણું કાંઈ? એ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર. ખોટા છે એની તો વાતેય નથી. આહા..હા..! ભાઈ! તારા રસ્તા નિરાળા પ્રભુ!

કહે છે, કે પીંજણમાં જેમ ઓલો દોરો હોય છેને? શું કહેવાય ઈ? ... રૂને આમ આમ કરે ઈ. .. કહેવાય છે. ... રૂ ચોંટી જાય. એમ આત્મામાં, ભગવાન આત્મા પૂર્ણાનંદ શક્તિનો ભંડાર પૂર્ણ પ્રભુશક્તિનો ભંડાર છે. પણ જેની શકિત અને સ્વભાવ છે એને અપૂર્ણતા અને મર્યાદા કેમ હોઈ શકે? જેનો સ્વભાવ જ ભગવાન જ્ઞાન અને આનંદ ને વસ્તુ પૂર્ણ છે.

પ્રભુત્વશક્તિ પૂર્ણ છે દરેક ગુણની. એ પૂર્ણ શક્તિને જેણે પોતાના પુરુષાર્થથી પ્રગટ કરી નથી એને કારણે વચમાં નવ તત્ત્વ ને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધામાં રૂકાવટ એને થાય છે. ..ભાઈ! સમજાય છે કાંઈ? ધીમેથી સમજવું, બાપા! વખત ચાલ્યા જાય છે. આહા..! આ મનુષ્યનો દેહ એનો એક એક સમય ચાલ્યો જાય છે. જે કરવાનું છે એ ન કરે, શું કરશે? ચાલ્યો જશે ભાઈ! આ બધું વિખાઈ જશે એ ક્યાં એનું હતું તે રહે? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા પૂરામાં પ્રભુશક્તિ પરમાત્મશક્તિ પરમેશ્વરશક્તિ પૂરી પડી છે. એનો આશ્રય એને ઓછો છે જેથી તેણે પ્રભુશક્તિને પૂર્ણ પ્રગટ કરી નથી. ભાઈ! ૧૭૦માં એ છે. ન્યાય આખો લીધો છે. એને વચમાં.. શું કહે છે? છેને? ... નવ પદાર્થની શ્રદ્ધાનો વિકલ્પ રહે છે. ભગવાને કહેલા નવ, હોં! આહા..હા..! ૧૭૦ પાઠ. '**सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स।**' છેને? આહાહા..! '**સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે...**' આહાહા..! સાચા સર્વજ્ઞ ત્રણ લોકના નાથ પરમેશ્વર પરમાત્મા, જેને એક સમયમાં પૂર્ણ જ્ઞાન, આનંદ પ્રગટ થયો છે. એના પ્રત્યે પણ જેનું હજી વલણ રહી જાય છે એણે પ્રભુત્વશક્તિનો વિકાસ કર્યો નથી માટે. સમજાય છે કાંઈ? આહાહા..! છે? ઉપરોક્ત રીતે. જોયું! ભગવાન કહેલા સર્વજ્ઞ પરમેશ્વરના મુખમાંથી દિવ્યધ્વનિ આવી. એવા સૂત્રો પ્રત્યે જીવને શ્રદ્ધા રહે છે '**એને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર) છે.**' એનો અર્થ પછી આચાર્યે કર્યો. ભાઈ! તારામાં પરમેશ્વરતા પૂર્ણ છેને પ્રભુ! એનો આશ્રય તેં પૂર્ણ કર્યો નથી અને એ પ્રભુત્વશક્તિનો પૂર્ણ વિકાસ નથી માટે તારી નવ પદાર્થમાં, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના વલણમાં વિકલ્પની શ્રદ્ધા રહી જાય છે. સમજાય છે કાંઈ? ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રની વાત જ ક્યાં છે. એ તો મિથ્યાત્વભાવ છે.

જેને આવા સર્વજ્ઞદેવ પરમાત્મા જેને એક સમયમાં પૂર્ણ જ્ઞાન અને આનંદ પ્રગટ થયા છે, એવો જ આત્માનો સ્વભાવ છે. એવા પ્રગટ થયેલા પરમાત્માઓ અનંત થયા છે. એવા પરમેશ્વરો અને એમના કહેલા શાસ્ત્રો અને એમના કહેલા તત્ત્વો. ત્રણે આવ્યાને ભાઈ એમાં? આહાહા! ભગવાન! સાક્ષાત્ ભગવાન તરીકે કહે છે હોં પ્રભુ ભગવાન છે, ભાઈ! એ પ્રભુ છે. એની એને ખબર નથી. એની એને કિંમત નથી. પરની કિંમત કરનારો પોતાની કિંમત કરતો નથી.

કહે છે, ભગવાન! તારી પ્રભુત્વશક્તિનો પૂર્ણ વિકાસ નથીને એથી તારું રોકાવું થઈ ગયું છે. હવે ન્યાં એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરમાં એ કથન વીતરાગમાં હોય. મોઢા સામો કોળિયો કોને ખરાબ લાગે? અમને પૂજો, અમને માનો, અમારા તરફ જુઓ તો તમને લાભ થાશે. ભગવાન કહે છે, ભાઈ! તારામાં ક્યાં કચાશ અને અપૂર્ણતા અને અધુરાશ છે કે જેથી પરનો આશ્રય લેવાના વિકલ્પ થાય તેને? સમજાય છે કાંઈ? સમજાય એવું છે હોં! આત્મામાં... બાલબચ્ચાના શરીરમાં ભગવાન વસે છે એ તો એવોને

એવો છે. એ નથી થયો શરીરપણે, નથી થયો કર્મપણે, નથી થયો રાગપણે અને અલ્પ પર્યાયપણે થાય એ પણ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ પ્રભુત્વશક્તિમાં.. ઓલા પીંજણમાં જેમ થોડું રૂ રહી જાય છેને. ભગવાન આત્મા.. એણે સ્વઆશ્રય પૂર્ણ કર્યો એમ કહે છે. સ્વઆશ્રય પૂર્ણ પ્રગટ કર્યો નથી માટે રૂનું પીંજણ જેમ રહી જાય છે એમ એને નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ રહી જાય છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પ્રત્યેની ભક્તિ આદિની શ્રદ્ધાનો વિકલ્પદશા, એ વિકલ્પ એને કારણે રહે છે. કર્મને કારણે રહે છે એમ નથી કહ્યું આમાં. એને ચારિત્રમોહનો ઉદય છે માટે આ રહે છે એમ નહિ. ભગવાન! એમ નથી. સમજાણું કાંઈ? તારી પ્રભુત્વશક્તિના પૂર્ણ સામર્થ્યના આશ્રય વિના એ ભાવ રહી જાય છે. કહો, સમજાય છે કાંઈ?

આ તો અસ્તિત્વ ત્રિકાળ પરમસત્ય છે. જગતમાં અનેક પ્રકારે અત્યારે ખોટા ચાલે છે. બહારના વિષયાનંદી જીવોને, બહારની પ્રીતિવાળા જીવોને પ્રેમ લાગે છે, એમાં મોહ. અરે.. ભગવાન! તારામાં એક શુભ વિકલ્પ ઉઠે આ દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ પદાર્થનો, કહે છે કે એ ઝેર છે, રાગ છે. તારી પ્રભુત્વશક્તિ રોકાઈ ગઈ છે માટે આ થયું છે. વિકાસ નથી કર્યો માટે આ થયું છે. આહાહા..! એ અશુભ ભાવની તો વાત શું કરવી. વિષયમાં આનંદ છે, પરમાં આનંદ છે. ભગવાન! એ તો મહા ઝેરદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, અહીં રૂકાવટ કેમ થઈ? પ્રભુત્વશક્તિ પોતાનો સ્વભાવ પૂર્ણ જે પ્રગટ કરવો જોઈએ એ પ્રગટ કરતો નથી માટે તેને આ જાતના નવ પદાર્થ અને શાસ્ત્રની—સાચા શાસ્ત્રની, સાચા કહેલા નવ પદાર્થના ભેદની શ્રદ્ધાનો રાગ રહી જાય છે. એણે શક્તિનો વિકાસ પૂર્ણ કર્યો નથી માટે. કર્મને કારણે નહીં.

એમ અહીં કહે છે '**બન્ને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.**' હવે આપણે અહીં ચાલતા વિષયમાં. એટલે શું કહે છે? વાત એમ કરે છે. વાત બીજી છે અંદરમાં. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની પૂર્ણ દશાની પર્યાયમાં અથવા જ્ઞાન અને દર્શનની વાત છે આમાં, ઓલો અનંત આનંદ સાથે લેવો છેને. જ્ઞાન અને દર્શનની પૂર્ણ વિષય પર્યાય નથી તો એ થોડામાં રોકાઈ ગયો છે. પૂર્ણ નથી. એટલે કે એને જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માનો જે પૂર્ણ આશ્રય કરવો જોઈએ એટલો આશ્રય કર્યો નથી. તેથી એને જ્ઞાન, દર્શનની વિષયની પ્રતિબદ્ધતા રોકાઈ ગઈ છે. થોડામાં એના જ્ઞાન, દર્શન કામ કરે છે. અમર્યાદિત કામ કરતા નથી.

ફરીને. મહા સિદ્ધાંતો છે આ, મહા સિદ્ધાંત. વસ્તુના સ્વરૂપની સ્થિતિ જ આવી છે. એ કોઈએ કરી નથી. છે તેમ જાણી છે અને સાંભળી છે—કહી છે. કહે છે, ભગવાન! તારો સ્વભાવ તો જાણવું-દેખવું છેને. અને જાણવું-દેખવું એ તો દશામાં પૂર્ણ પ્રગટ થવું જોઈએ. જાણવું-દેખવું એ પૂર્ણ થવું જોઈએ. જેવો પૂર્ણ સ્વભાવ છે એવી દશામાં પૂર્ણતા.. પૂર્ણતા, સર્વજ્ઞતા, સર્વદર્શિતા આવવી જોઈએ. એવું નથી એનું કારણ વિષયનો પ્રતિબંધ છે.

**'બન્ને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** એટલે? જાણવા-દેખવાની મર્યાદા રહી ગઈ છે. પૂર્ણ અમર્યાદિત દશા થઈ નથી. મર્યાદિત કેમ રહી છે? કે ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદનો વિષય જે પૂર્ણ છે એ પૂર્ણ આશ્રય કર્યો નથી. સમજાય છે કાંઈ? ઝીણું પડે પણ બાપુ! વસ્તુ તો આ છે, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આવા મનુષ્યદેહના કાળે આવું સમજશે નહિ કરે તો પ્રભુ ક્યારે કરશે ઈ? બાકી બધા તો ... અનંત વાર કર્યા છે. સમજાણું કાંઈ?

કહે છે, ... આવે છેને? દલપતરામનું આવતું અમારે. અમે ભણતા ત્યારે. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી,' દલપતરામ હતા ને? દલપતરામ. દૌલતરામ તો આપણા છ ઢાળાવાળા. દલપતરામે એ વખતે એ બનાવ્યું. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ.' એવું આવતું પહેલા, ભાઈ! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી' તું પ્રભુ છોને. ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છો. તારી પ્રભુતા તો ત્યારે થઈ કહેવાય કે 'મુજરો..' મુજરો એટલે મારી વિનંતી. 'મુજ રોગ લે હરિ' સ્વનો આશ્રય કરીને અજ્ઞાન અને રાગ-દ્વેષ હણાઈ જાય એ મુજરો આત્માએ લીધો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, એ આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ (છે). શું એનો પુણ્ય-પાપ કરવાનો સ્વભાવ છે? ભાઈ! વ્યવહાર કરવાનો સ્વભાવ છે? હજી તો લોકો એમ કહે છે, વ્યવહાર કરે તો નિશ્ચય થાય. અરે.. ભગવાન! સાંભળ પ્રભુ! બહુ મોટી ગુંચવણમાં પડ્યો છો. એનું સ્વરૂપ તો જાણવું-દેખવું જ છે. વ્યવહારના જેટલા વિકલ્પો આવે એને કરવો કે ટાળવો એ એના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? એવી સત્તાવાળું આ તત્ત્વ ભગવાન આત્મા છે. હોવાવાળો ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાન, જ્ઞાન અને દર્શન સ્વભાવ જ એનો છે. એની દશામાં વર્તમાન પ્રગટમાં પૂર્ણતાનો અભાવ છે, કેમ? કે તેના જ્ઞાન અને દર્શનના વિષયમાં મર્યાદિત વિષય થઈ ગયો છે. અમર્યાદિત વિષય છે નહિ. અને અમર્યાદિત નથી એનું કારણ? સમજાય છે કાંઈ? કે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અખંડાનંદ છે એનો પૂર્ણ આશ્રય નથી લીધો એટલે પૂર્ણ પર્યાય પ્રગટ થઈ નથી. એટલે એને પૂર્ણ વિષય પ્રગટ થયો નથી. સમજાય છે કાંઈ? આ વળી આવી ધર્મકથા કેવી? એ.. ...ભાઈ! ... આપે છેને ઓલામાં? ... સમજાણું? આ પીવાનું તો પ્રભુ તારામાં છે, કહે છે. આહાહા..! એ સિવાય વિકલ્પમાં પણ નથી અને એની એક સમયની પર્યાયમાં પૂર્ણ પર્યાય પ્રગટે તોપણ એ પર્યાયનું સામર્થ્ય પ્રગટવાનું કારણ તો દ્રવ્ય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રભુત્વશક્તિ છેને એનામાં? ગુણ છેને? આપણે ૪૭ આવી ગયા છે. પ્રભુત્વ નામનો ગુણ છે. અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન. જેની વર્તમાન પર્યાયમાં જેનો ગુણ પ્રભુત્વ છે ભગવાન આ દેહમાં રહેલો પ્રભુ, એ પ્રભુત્વગુણનું સ્વરૂપ અને સામર્થ્ય શું છે? અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભે તેને પ્રભુત્વશક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ કહે

છેને, વિકલ્પ છોડો, રાગ છોડો. પણ શું છોડવું? છોડવું કોના આશ્રયે? એ ચીજ છે કોઈ? અહીં તો વિષયની મર્યાદા જે છે એને ટાળવી કઈ રીતે? એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? રાગ ઘટાડો, રાગ તોડો. પણ કોને આશ્રયે? કઈ ચીજના આશ્રયે? હોવાપણાની સત્તા શું છે એની? એથી સિદ્ધ કરે છે.

ભગવાન! તું સત્ છેને. અને સત્ છે એનું સત્ત્વ, સત્‌નું તત્ત્વ છે કે નહિ? તત્ત્વપણું છે કે નહિ? તો એના પણામાં તો જ્ઞાન, દર્શનની પૂર્ણતા એ એનું પણું છે. સમજાણું કાંઈ? એ પૂર્ણ પરમાત્મા સ્વભાવથી ભરેલો એનો આશ્રય પૂર્ણ કર્યો નથી માટે તેના જ્ઞાન, દર્શનમાં મર્યાદિત રૂકાવટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આ ભારે. આવો વિષય ભગવાન! તારા માટે ઝીણો હોય? પ્રભુ! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને હસ્તામલવત તરીકે જાણે એવો નાથ ચૈતન્યપ્રભુ છે અંદર. એને ઓછપ કહેતા એને કલંક લાગે છે. અહીં ઈ કહે છે. આહાહા..!

ભગવાન! કહે છે કે તારા જ્ઞાન અને દર્શનની દશામાં વિષય નામ જાણવાની હદ થઈ ગઈ છે, મર્યાદિત જાણવું રહી ગયું, મર્યાદિત દેખવું (રહી ગયું છે). એ રૂકાવટ છે પૂર્ણ દશા પ્રગટ થવામાં. સમજાણું કાંઈ? આવો માર્ગ કેવો હશે? ભાઈ! માર્ગ તો આ જ છે, પ્રભુ! આહાહા..! જુઓને! જુવાન જુવાન ચાલ્યા જાય છે. ૩૦-૩૦ વર્ષના, ૩૫ વર્ષના ચાલ્યા જાય છે. એક રજકણ કામ કરે નહિ એનું ધાર્યું. એ સ્વતંત્ર પદાર્થ છે. એ તારે આધારે ક્યાં છે? તારામાં રહ્યો છે ઈ? ઈ સ્વતંત્રતા તો ત્યારે માની કહેવાય કે એનાથી ભિન્ન પડીને પોતાની સત્તા પૂર્ણ છે એમ માને ત્યારે. સમજાણું કાંઈ? અને મારી દશામાં પૂર્ણતા નથી, જાણવા-દેખવાની દશા મર્યાદિત છે તેથી તેનો જાણવાનો વિષય પણ મર્યાદિત થોડો થઈ ગયો છે. એનું કારણ '**વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા'** છે.' ભાષા એમ કરી છે, ભાઈ! '**વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા'** છે.' ... ભગવાન! તારું સ્વરૂપ તો પ્રભુ ચૈતન્યમૂર્તિ જ્ઞાનજ્યોતિ છેને. જ્ઞાન અને દર્શનના સ્વભાવનો ભંડાર અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે (છે). એવો જ પૂર્ણ પ્રગટ ન થાય એમાં તારા પૂર્ણ વસ્તુના આશ્રયનો અભાવ છે. એમ કહે છે. ચંદુભાઈ! એમ છે એમાં ઈ. પાધરું પૂછ્યું હતું તમે. ... કહો, સમજાણું આમાં?

કહે છે, ખરેખર આનંદનું કારણ તો સ્વભાવની વિરુદ્ધતાનો અભાવ. એ પહેલું કહ્યું છે. હવે સ્વભાવ શું છે? '**આત્માનો 'સ્વભાવ' ખરેખર દશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન)** છે.' એ પ્રવચનસારમાં ૬૧-૬૨માં ... ઉતાર્યું છે. પ્રવચનસારમાં આ જ બોલ છે. ૬૧-૬૨ ગાથા. જ્ઞાન અધિકાર. સમજાણું કાંઈ? એટલે ભવિ-અભવિ બોલ લીધા છે. ભવિ શ્રદ્ધે અને અભવિ ન શ્રદ્ધે ઈ આ જ વાત છે. ૬૧-૬૨માં લીધી છે. પ્રવચનસાર. ભગવાન કુંદકુંદાચાર્ય એમનું રચેલુ પ્રવચનસાર એમાં ૬૧-૬૨. સમજાણું કાંઈ?

કહે છે, થોડું ભલે સમજે પણ સાચું સમજે ને તો એનો રસ્તો નિકળે. ઘણા પલાખા સમજી જાય. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો અનંત વાર. અગિયાર અંગ અને નવ પૂર્વ એને ભગવાન જ્ઞાન કહેતા નથી. સમજાય છે કાંઈ? જે આત્માના ઉપયોગમાં દેવ-ગુરુ-શાસ્ત્રની વાણીના અવલંબે જે જ્ઞાન પ્રગટે તેને ભગવાન જ્ઞાન કહેતા જ નથી. તેને આત્માનો ઉપયોગ કહેતા જ નથી. શું કીધું સમજાણું કાંઈ? આત્મા તેનો ઉપયોગ જાણવું-દેખવું. દૃષ્ટિ વિપરીત છે ને? જાણવું-દેખવું જે ઉપયોગ એ ઉપયોગમાં જ્ઞેયોના અવલંબને જેટલો અંદર ઉઘાડ થાય એ જ્ઞાન જ નહિ, અજ્ઞાન છે. કેમકે જે જ્ઞાન હોય એની સાથે આનંદ આવવો જોઈએ. જ્ઞાન, દર્શનની પરિપૂર્ણતામાં આનંદ આવે એમ કહે છે. સમજાણું કાંઈ? ધીરે ધીરે સમજાય એવું છે, હોં! ન સમજાય એવું નથી. આવા મનુષ્યદેહની અંદરમાં આવો કાળ મળ્યો, આવી જોગવાઈ સત્યની સાંભળવા જેવી મળી. તે ટાણે નહિ સમજે તો કે દિ' સમજશે? સમજાણું? ઓલા ... આવ્યા હતાને? શેઠ ત્યાંના. ઈંદોરવાળા. રાજકુમારસિંહ ત્યાં આવ્યા હતા. ... છેલ્લું વ્યાખ્યાન થયું. મેં કીધું, કાંઈ સમજાય છે? ... અહીં નહિ સમજે ત્યારે પછી ક્યાં સમજશે? એમ ... આઠ હજાર .. ગામ ત્રણ હજારનું. ચૌદ હજાર માણસ બહારનું. ... સાંભળતા હતા. શું કહે છે આ? બાપુ! આ સત્ય છે, ભાઈ! આ સંપ્રદાયની રીત નથી. આ તો સ્વભાવની રીત છે. સમજાણું કાંઈ? મોટો કાગળ હતો. મેં તો થોડો વાંચ્યો. ... અમારાથી ક્યાં થયું છે? એમ થયું ત્યાં થયું, થવાનું થયું. ... માટે એમ થયું છે ત્યાં? આહાહા..! ઈ બિચારાને એમ કે ... એમાં આવી જાહોજહાલી. આટલું આટલું માણસ અને ... ઓહો..! બાપુ! કોઈનો શુભ વિકલ્પ છે માટે ત્યાં થાય છે એમ છે નહિ.

અહીં તો કહે છે, શુભ વિકલ્પ તો નહિ... આહાહા..! એ તો વિરુદ્ધ છે પણ જ્ઞાન અને દર્શનની પર્યાયમાં પૂર્ણ વિકાસ નથી તે તેનો વિરોધ છે. આહાહા..! ભગવાન! તું તો પરિપૂર્ણ છોને. એક ફેરી વડોદરામાં નાટક આવ્યું હતું. અનુસૂયાનું નાટક આવેલું. નર્મદા. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૫-૬૬ની. એ ઘોડિયામાં છોકરાને સુવડાવે છે. પછી એની મા... 'શુદ્ધોસિ, બુદ્ધોસિ, બ્રહ્માસી' એવું બોલતા હતા. ૬૫-૬૬ની વાત છે. વડોદરામાં નાટક હતું. એ વખતે તો વૈરાગ્યના નાટક (આવતા). અત્યારે તો આ બધું ફિલ્મ-બિલ્મ ચાલી નીકળ્યું છે 'શુદ્ધોસિ, બુદ્ધોસિ, બ્રહ્માસી'. શુદ્ધ છો, બુદ્ધ છો પ્રભુ! બાળકને એની મા ... મોસાળે ગયો હતો ને ખારેકું ભરીને લાવ્યો. આવું વિકારે ને વિષય ... વૈરારગ્યના નાટક ... સુવડાવતીને ... આટલા દોહરા નાટકમાં... ને આવું ગાય. સમજાણું?

અહીં કહે છે કે બાપા! જ્ઞાન અને દર્શનથી પરિપૂર્ણ ભરેલો ભગવાન તું છો. અને પર્યાયમાં પરિપૂર્ણતા દશામાં વ્યક્તતા નથી એનું કારણ.. આહાહા..! જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયનો ઉદય છે માટે આ પરિપૂર્ણતા નથી એમ કીધું છે નહિ. આહાહા..! કઈ શૈલીએ વાત કરી છે! તારી પ્રભુતા પૂર્ણ પ્રગટ નથી થઈ અને તારા જાણવા-દેખવાની દશા

મર્યાદિત છે અને એનો વિષય પણ મર્યાદિત છે. લોકાલોક ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જાણે એવું તો અનંતપણે પરિણમવું એવો તો જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે. શેનું જાણવું એ પછી પ્રશ્ન. વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જ્ઞાનરૂપ પરિણમન થઈ જાય એવું તો એનું સ્વરૂપ છે. પરિણમન થઈ ગયું એવું. અનંતને અનંતરૂપે જાણવાનું પરિણમન થઈ ગયું. કેમ નથી?

'**તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.**' આ એનો અર્થ છે. ચંદુભાઈ! આહાહા..! જાણવા-દેખવાની દશા પરિપૂર્ણ હોવી જોઈએ. કેમકે પરિપૂર્ણ સ્વભાવ છે તો વ્યક્તપણું પરિપૂર્ણ હોવું જોઈએ. પરિપૂર્ણ નથી એનું કારણ કે વિષયમાં મર્યાદિત રૂકાવટ થઈ ગઈ છે. વિષયપ્રતિબંધનો અર્થ એ ... વિષયમાં રૂકાવટ, મર્યાદિતપણું. (દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે). અર્થ તો અહીંથી લીધો છે. ના એમ છે. તે દિ' અર્થ કર્યો હતો. ન્યાં કહ્યો હતો. તમારું આવ્યું ને આજ? આવો અર્થ છે આમાં. આહાહા..! ભાઈ! તેં તારો પ્રભુત્વસ્વભાવનો પૂર્ણ આશ્રય કર્યો નથી એ પૂર્ણતા પ્રગટ થવામાં પ્રતિકૂળતા રૂકાવટ છે. સમજાણું કાંઈ? અર્થ તો જેમ હોય એમ સમજવો જોઈએ ને. સમજાણું કાંઈ? એ વર્તમાન આખા વાંધા ઉઠ્યા છેને અત્યારે. અર્થના અનર્થ. જે કંઈ વસ્તુ શાસ્ત્રને કહેવી છે અથવા કહેનારના અભિપ્રાયમાં જે હતું એવો અર્થ ન કરે તો એ તો અર્થના અનર્થ થાય. સમજાણું?

દાખલો આવ્યો હતોને? હમણાં આવ્યું હતુંને? એક સાસુએ વહુને કહ્યું. એંઠું નાખવું હોયને? એંઠુ. વહુને કહ્યું કે, સારો માણસ દેખીને નાખજે. સારો માણસ દેખીને નાખજે એનો અર્થ શું કર્યો એણે? કે સારો માણસ આવે તો નાખો એના ઉપર. સાસુએ કહ્યું વહુને, માણસને દેખીને એંઠું નાખજે. માણસ દેખીને નાખજે. થોડી વાર ઊભી રહી. દસ મિનિટ પાંચ-સાત મિનિટ માણસ નીકળે નહિ ત્યાં લગી ઉભી રહી, સાસુને એમ, કેમ હજી આવી નહિ. કેમ ઊભી છો? તમે કીધું નથી કે માણસ દેખીને નાખજે. પણ માણસ દેખીને નાખજે એટલે? માણસ હોય ત્યારે નાખીશ નહિ એવો એનો અર્થ છે. માણસ દેખીને નાખજે એટલે માણસ ઉપર નાખજે એમ કીધું હતું? ત્યારે ત્રણ અર્થ આવ્યા હતાને. એક એવો અર્થ આવ્યો હતો અને બીજો અર્થ આવ્યો હતો. ... આવ્યો હતો.

કન્યા હતી એને પરણાવી. ...પેટીને સાચવીને લઈ જજે. બેનને ઘરે. શ્રાવણ મહિનાનો વખત. પેટી સાચવીને લઈ જજે. એ.. રતિભાઈ! પેટી ઉપાડીને નિકળ્યો ત્યાં... હવે? પેટી ઉઘાડી. પેટી ન પલળે માટે અંદરથી પાંચસો-હજારનો સાડલો હતો ઈ એને વીંટ્યો. પેટીને સાચવીને લઈ જવી હતીને? મૂરખ. પેટી સાચવીને લઈ જવાનો અર્થ શું છે? ઓલો પાંચસોનો સાડલો કાઢી, વીંટી અને પેટી સાચવી. પેટી સાચવી નાખી. તમે કહેતા હતા. પણ સાચવીનો અર્થ શું? એઈ..! આ વિષયપ્રતિબંધતા. સમજાણું કાંઈ? એનો અર્થ કે પેટીને .. લઈ જજે.

એ તો કપડા એમાંથી કાઢીને વીંટી. પેટી સરખી કરી.

ત્રીજો એક કણબી હતો, કણબી. દાણા વાવતો હતો. કોઈએ પૂછ્યું, ભાઈ! શું વાવો છો? આઘો જા. અમારે નથી કહેવું. નહિ તું કહે તો ઉગશે ત્યારે કહેશે ઈ. ઓલો કહે છે. તું ન કહે તો ઉગશે ત્યારે કહેશે. ત્યારે કહે છે, ભગવાન કરે ને વરસાદ ન વરસે અને ન ઉગે તો સારું. પણ શું કરે છે તું આ? ..ભાઈ! વાવ્યું ન ઉગે. ઊંધા બોલે. ... પણ તું નહિ કરે તો ઉગશે ત્યારે અમને ખબર પડશે કે શું વાવ્યું છે. ભગવાન કરે ને ન ઉગે, વરસાદ ન આવે. પણ કોને શું કહે છે તું આ? આવાને આવા મૂર્ખાઈ ભરેલા શાસ્ત્રના અર્થ કરે. સમજાણું કાંઈ? આવે છેને ઓલામાં? દેવચંદજીમાં આવે છે. 'જાતિઅંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ, મિથ્યાદષ્ટિ તેથી રે આકરો, કરે અર્થના રે અનર્થ.' જે હેતુ છે, જે સિદ્ધ કરવું છે સત્ય સ્વતંત્ર એવો અર્થ ન સમજે અને ઊંધાઈ કરે, બાપુ! તારી ઊંધાઈ તને નડશે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે પરમાત્મા, સંતો કહે તે પરમાત્મા કહે કે આત્મા કહે, બધી એક જ વાત છે. આત્મા થઈને આત્મા કહે છે. કહે છે કે તારા જાણવા-દેખવાની દશામાં અલ્પતા કેમ? એનો વિષય થોડો કેમ? એનો વિષય થોડો એટલે અહીં જાણવું-દેખવું એમ થયુંને? પાઠ એવો છે—વિષયપ્રતિબંધ. વિષયનો પ્રતિબંધ. શબ્દ તો એવો છે લ્યો. એ.. ચંદુભાઈ! આનો પ્રતિબંધનો અર્થ કે અહીં જે વિષય થોડો છે ઈ તેં અહીં વિષય પૂર્ણ કર્યો નથી. થોડો આશ્રય કર્યો, પૂર્ણ કર્યો નથી માટે આ પ્રતિકૂળતા રહી ગઈ છે. આહાહા..! કર્મનું નામેય અહીં તો નથી આપ્યું. આહાહા..! ભાઈ! પરદ્રવ્ય તને શું કરે? પરદ્રવ્ય પરદ્રવ્યપણે રહ્યું છે. તને અડ્યું પણ નથી. તું એને અડ્યો પણ નથી ત્રણ કાળમાં કર્મને, પરને. ભાઈ! તારા અસ્તિત્વમાં એનું અસ્તિત્વ કેમ એક સમયની દશામાં આવે? દ્રવ્ય-ગુણમાં તો ન આવે, દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળી વસ્તુ છે એમાં તો ન આવે, પણ પ્રગટ પર્યાયમાં પરનું અસ્તિત્વ કેમ આવે? પરના અસ્તિત્વનો પર્યાયના અસ્તિત્વમાં એનો અભાવ છે. ત્યારે કહે છે, પૂર્ણતા કેમ નથી? વિષયનો પ્રતિબંધ છે. એટલે કે એનો મર્યાદિત વિષય છે. એટલે કે મર્યાદિત જ્ઞાન છે. વિષયપ્રતિબંધ આમ લીધો છે. જ્ઞાન મર્યાદિત છે. એટલે કે દ્રવ્યનો એણે મર્યાદિત આશ્રય લીધો છે. અમર્યાદ આશ્રય પૂરો કર્યો નથી. આહાહા..! ... સમજાણું કાંઈ?

પ્રભુ! તેં તારી પ્રભુતાની પૂર્ણતા પડી છેને નાથ! એનો આશ્રય પૂર્ણ કર્યો નથી, હોં! એને લઈને આ મર્યાદિત વિષય અને એને જાણવાનું જ્ઞાન ઓછું રહી ગયું છે એમ કહે છે. સમજાય છે કાંઈ? જુઓ! ત્રણ ટૂકડામાં તો કેટલું નાખ્યું! '**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.**' પૂર્ણાનંદ દશા આત્માને થાય એવા ભાવમાં પ્રતિકૂળતાનો અભાવ તે પૂર્ણાનંદનું કારણ છે. અને તે આત્માનો સ્વભાવ ખરેખર જાણવું-દેખવું છે. આહાહા..! બધું કાઢી નાખ્યું. જાણવા-દેખવા સિવાયની કોઈ ચીજ જ તારી નથી.

સમજાય છે કાંઈ? અને તે બન્નેને એટલે જાણવા-દેખવા બન્નેને વિષયપ્રતિબંધ હોવો. જાણવા-દેખવાનો વિષયપ્રતિબંધ હોવો એમ કહ્યું છે. જોવાનો વિષય થોડો રહેવો. એટલે કે જાણવા-દેખવાની દશા થોડી રહી. એટલે કે જાણનાર-દેખનારનો આશ્રય પૂર્ણ ન રહેવો. સમજાય છે કાંઈ? આ બધું સમજવું પડશે, હોં! રતિભાઈ! બહારમાં ધૂળેય નથી. ખબર નથી પડી? ઓલું કાંઈક થયું હતું, નહિ? પડી રહ્યાં'તા મહિનો-મહિનો. આ તો જડ છે, ભગવાન! માટી છે, ભાઈ! રજકણે રજકણ સ્વતંત્ર પરિણમવાને લાયક છે. તારો એમાં એક જરીયે અધિકાર નથી. આહાહા..!

અરે..! ભગવાન! તારા પૂર્ણ આનંદમાં કારણ કોણ? પૂર્ણ આનંદનું કારણ પ્રતિકૂળતાનો અભાવ. સ્વભાવમાં પ્રતિકૂળતાનો અભાવ. સ્વભાવ જાણવું અને દેખવું. એ સ્વભાવ વિષયનો પ્રતિબંધ પ્રતિકૂળતાનું કારણ છે. એટલે કે ભગવાન આત્માએ પોતાનો વિષય કે ધ્યેય પૂર્ણ કર્યું નથી. પૂર્ણ કર્યું નથી માટે વિષયને જાણવાની દશા અલ્પ રહી ગઈ છે અને જાણવાનો વિષય થોડો રહી ગયો છે. આહાહા..! કેટલી વાત કરે છે સ્વતંત્રતાની. એક સમયની પર્યાયમાં સ્વઆશ્રય પૂર્ણ કર ત્યારે પૂર્ણ થઈશ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ મોક્ષમાં શું છે હવે એ વાત કરશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૬, સોમવાર, તા. ૨૪.૩.૧૯૬૯
ગાથા-૧૬૩, પ્રવચન-૨૨ (વેબસાઈટ પ્રમાણે-૮૦૯)

પંચાસ્તિકાય, ૧૬૩ ગાથા. કહે છે કે સંસારી આત્મામાં અંદર, જે અનંત આત્માઓ છે સત્તાપણે, હોવાપણે એમાં બધા કંઈ મોક્ષને માટે લાયક છે એમ નથી. ઈ બતાવે છે. મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ છે. કેમ?

**'ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** જે ભગવાન આત્મા એકલો જાણવા અને દેખવાના સ્વભાવવાળું એ તત્ત્વ છે. એવા સ્વભાવને પ્રતિકૂળતા, એનો અભાવ એ આનંદનું કારણ છે. અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. એટલે? આત્માનો સ્વભાવ ખરેખર દર્શન અને જ્ઞાન છે. ભગવાન આત્મા દૃષ્ટા અને જ્ઞાતા એ એનો સ્વભાવ છે. એ સ્વભાવને વિષયપ્રતિબંધ હોવો તે પ્રતિકૂળતા છે. એટલે? એનું જાણવું-દેખવું પૂરું હોવું જોઈએ, પૂર્ણ જાણવું-દેખવું હોવું જોઈએ. તો એને અતીન્દ્રિય સુખ હોય. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એ પરનો કર્તા છે કે પરમાં છે એ તો વસ્તુ નથી. એ પુણ્ય-પાપના વિકલ્પો રાગ છે એનો કર્તા છે, ભોક્તા છે કે રાગમાં આત્મા છે એમ નથી. આત્મા એટલે કે જાણવાના-દેખવાના સ્વભાવની મૂર્તિ પ્રભુ. જ્ઞ-સ્વભાવ અને દૃષ્ટસ્વભાવ એવો જે ભગવાન આત્મા એના સ્વભાવની પરિપૂર્ણતાની પ્રાપ્તિમાં એની મર્યાદિત વિષયનો ભાવ હોવાથી પૂર્ણ જ્ઞાન, દર્શનની પ્રાપ્તિનો એને અભાવ છે તેથી તેને અતીન્દ્રિય આનંદનો પણ અભાવ છે. **'તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** એટલે કે એક ન્યાયે જ્યાં ઓછુ જાણવું-દેખવું છે ત્યાં વિશેષ જાણવાની આકાંક્ષા અને ન જણાય તો દ્વેષ (થાય) એવી ભાવ ઉત્પત્તિ થાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ જાણવું અને દેખવું એ એની શક્તિ છે અને એ એની પર્યાયમાં પરિપૂર્ણતા થવી તે તેનો સ્વભાવ છે. એવું ન થતા જાણવા-દેખવાની હદવાળી રૂકાવટ થઈ જવી, વિષય એનો જાણવાનો થોડો રહેવો જેથી કરીને એને વિશેષ જાણવા માટે વિકલ્પ ઉત્પન્ન થાય, ન જણાય કંઈ વિશેષ ત્યારે કલુષિત અને અણગમો ઉત્પન્ન થાય એવી વૃત્તિ ઊભી થાય છે એણે આત્માનો પૂર્ણ આશ્રય લીધો નથી. સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદ મૂર્તિ પ્રભુ એવો જે જ્ઞસ્વભાવ અને આનંદસ્વભાવ એનો એણે આશ્રય નામ શરણ લીધું નહિ. જો પૂર્ણ આશ્રય અને શરણ લ્યે તો અલ્પ જ્ઞાન-દર્શનમાં વિષયની મર્યાદા રહે નહિ અને એમાં જાણવાની આકાંક્ષા અને દ્વેષ છે એ ભાવ પણ એને રહે નહિ. એટલે એ પ્રતિકૂળતાનો અભાવ થવો એ અતીન્દ્રિય આનંદનું પરિપૂર્ણ જ્ઞાન અને દર્શન તે કારણ છે. સમજાય છે

કાંઈ?

'**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી...**' મોક્ષ એટલે કે ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનનો પિંડ ચૈતન્યબિંબ છે. પરિપૂર્ણ જેનો જાણવું-દેખવું સ્વભાવ, સ્વભાવ, સ્વરૂપ, સત્ સત્‌નું સત્ત્વ છે, એવો જે હોવાપણે છે એની પ્રગટતા થાય પૂર્ણ જ્ઞાન અને દર્શન દશાની એને મોક્ષ કહે છે. અટકાવથી રોકાયેલું જ્ઞાન તેને છૂટીને પૂર્ણ વિકાસવાળું જ્ઞાન અને દર્શન થાય એને મોક્ષ કહે છે. એ મોક્ષ '**ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી...**' વજન ત્યાં છે. '**તેનો અભાવ હોય છે...**' કોનો? પ્રતિકૂળતા જાણવા-દેખવાની મર્યાદાવાળું જે જ્ઞાન વિષય જેનો થોડો છે એવી જે દશા એને મોક્ષમાં આત્મા બધું જાણે દેખે એવું હોવાને કારણે વિષયની મર્યાદા જે અલ્પતા હતી તેનો તેને અભાવ થાય છે. ભારે વાત ભાઈ! ઘણી વાત સિદ્ધ કરે છે એમાં.

પર્યાયમાં—અવસ્થામાં—દશામાં ભગવાન આત્મા પરિપૂર્ણ દર્શન, જ્ઞાનસ્વભાવી વસ્તુ હોવા છતાં દશામાં જેની શક્તિની વ્યક્તતા પરિપૂર્ણ પ્રગટ નથી તેથી તેને વિષયને જાણવાની મર્યાદા હદવાળું તે જ્ઞાન રોકાઈ ગયેલું છે અને એને લઈને અતીન્દ્રિય આનંદના કારણનો જે ભાવ એનો એને અભાવ છે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દેખવું એનો એને અભાવ છે. અલ્પ જાણવું અને દેખવું એ પ્રતિકૂળતા છે. આમાં તો આ ક્રિયા કરવી તો આ થાય એવું કાંઈ નથી આવતું આમાં. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આત્મા એટલે? જાણવા-દેખવાના સ્વભાવની મૂર્તિ. આ તો બધું પર છે, માટી છે.

અહીં તો કહે છે, મર્યાદિત જેનું જ્ઞાન છે તેની પણ રુચિ રહે, એને અવિનાશીની રુચિ નથી રહેતી. સમજાય છે કાંઈ? ભગવાન અવિનાશી જ્ઞાન, દર્શન પરિપૂર્ણ પ્રભુ એની જેને રુચિ છે એને અલ્પ જ્ઞાન-દર્શનની મર્યાદાવાળા જ્ઞાનની રુચિ એને હોતી નથી. રાગની રુચિ તો નહિ, ભાઈ! આ તો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરનો આત્માનો માર્ગ છે. આહાહા..! નિરાધાર અશરણ છે ઈ. ગલુડીયાની જેમ અળસિયા મરે, માણસો મરે આત્માના ભાન વિના. એ કાંઈ નિશ્ચિંત છે? એ કાંઈ એણે જય કર્યો છે? અજ્ઞાનનું મૃત્યુ એણે કર્યું છે? અજ્ઞાનનું અને રાગ-દ્વેષનું મૃત્યુ કરીને જ્ઞાનની વીતરાગપર્યાયની પ્રાપ્તિ થવી તેનું નામ સત્ સમાધિ મૃત્યુ છે. ઈ કોને આવશે? પહેલેથી જેને સંયોગની રુચિ છૂટી ગઈ છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, તેની રુચિનો જ્યાં અભાવ છે. વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપનો તેનો પણ જ્યાં દૃષ્ટિમાં અભાવ છે. જ્ઞાન અને દર્શનની દશાની અલ્પતા છે તેની પણ રુચિનો જેને અભાવ છે. આહાહા..!

વસ્તુ મોંઘી પડે પણ વસ્તુ તો આ છે. સમજાય છે? અને જે રીતે વસ્તુ છે એ રીતે એના ખ્યાલમાં ન આવે અને વિપરીત આવે તો એ તો મિથ્યાત્વભાવ છે. અને એ મિથ્યાત્વભાવમાં અનંત જન્મ-મરણ કરવાની તાકાત છે. નિગોદના, એકેન્દ્રિય આદિના ભવ

કરવાની મિથ્યાત્વમાં તાકાત છે. એ મિથ્યાત્વનો ત્યાગ પહેલો ત્યાગ. ત્યાગ કહે છેને? ત્યાગ કરો. શેનો પણ? છેને. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ પાંચ બંધના કારણો છે. એમાંથી પહેલો મિથ્યાત્વનો ત્યાગ થાય ત્યારે એને આત્માના સ્વભાવની પરિપૂર્ણતાના આદર અને અનુભવની દૃષ્ટિ થાય. હજી જેને મિથ્યાત્વનો ત્યાગ નથી એને બાહ્યના ત્યાગ થયા અને એ વ્રતધારી છે એમ માનવું એ દૃષ્ટિની મિથ્યા દશા છે, વિપરીત દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા.. અરે..! બેહદ જેનો સ્વભાવ, બેહદ જેની દૃષ્ટિ અને જ્ઞાન ને દર્શન. એવી શક્તિની બેહદતા અપરિમિતતા પ્રગટ નથી એને હદવાળું જ્ઞાન વિષયવાળું, થોડી મર્યાદાવાળું અને ત્યાં જો અટક્યો છે અને એટલો જ જો એણે માન્યો છે તો એને આત્માના અવિનાશી સ્વભાવની દૃષ્ટિ નથી. એ તો નાશવાનની દૃષ્ટિ થઈ. અલ્પ જ્ઞાનનો ઉઘાડ અને અલ્પ દર્શનનો ઉઘાડ, એની રુચિ એ તો સ્વભાવના પરિપૂર્ણનો એને અનાદર થયો. આહાહા..! અહીંયા થોડું જ્યાં જાણવું થાય ત્યાં એને એમ થઈ જાય કે આહા..! આપણે ઘણું જાણ્યું. ભગવાન! બાપુ! વસ્તુની વસ્તુગતે જ્ઞાન અને ભાન થયા વિના એની જેટલી રુચિ રાગમાં અને અલ્પજ્ઞમાં રહે, એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વના કારણે એની જ્ઞાનની મર્યાદિત દશા ટળતી નથી. સમજાય છે કાંઈ?

જ્યારે ભગવાન આત્મા અંતર્મુખ પ્રભુ આત્મા છે એને જોવે છે, દૃષ્ટિ કરે છે. અવિનાશી ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ થતાં નાશવાન મર્યાદિત જ્ઞાન અને રાગની રુચિ એની ટળી જાય છે. સમજાય છે કાંઈ? એનું નામ પ્રથમમાં મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનું ગ્રહણ થવું. એ દશા જ્યાં નથી એમાં જે કાંઈ કરવામાં આવે એ બધું મિથ્યાત્વની ભૂમિકામાં મિથ્યાત્વને ઘૂંટે છે. એમાં કાંઈ આત્માને જરીયે લાભ નથી પણ અનંતો અલાભ છે. ચંદુભાઈ! ભારે ઝીણું, ભાઈ! અરે..! પણ હજી ગોત્યો જડે નહિ એને કહે છે કે મોટો ઈ. ગોત્યો જડે નહિ કેમ પણ? સમજાણું કાંઈ? જ્યાં છે ત્યાં ગોતવો જોઈએને. જ્યાં નથી ત્યાં ગોતે તો? સમજાય છે?

ઓલો દાખલો નહોતો આપ્યો? ડોશીનો. એક ડોશી હતી તો એની સોઈ ખોવાણી અંધારે. અંધારે સોઈ ખોવાણી. ગોતતા ન જડી. અંજવાળે ગોતવા ગઈ. ન્યાં જડતી નથી. ખોવાઈ અંધારે, ગોતવા ગઈ અંજવાળે. કોઈ પૂછે છે, બા! શું કરો છો? સોઈ ગોતીએ છીએ. ક્યાં ખોવાણી? અંધારે. અહીં (કેમ) ગોતો છો? પણ અંધારે જડતી નથી. જ્યાં ખોવાણી છે ત્યાં જડતી નથી તો અહીં ગોતુ છું. પણ અહીં હાથ ન આવે. જ્યાં ખોવાણી ત્યાં ગોતો તો હાથ આવે. ચંદુભાઈ! ગોતવાનો પ્રયત્ન તો છે એનો. પણ જ્યાં નથી ત્યાં ગોતે અને ખોવાણી ત્યાં ગોતતો નથી એની તો એને ખબર નથી.

એમ પુણ્ય અને પાપ ને અલ્પ જ્ઞાનમાં ખોવાઈ ગયો છે દૃષ્ટિની રુચિમાં. જ્યાં ત્યાં

ગોત્યા કરે છે કે આમાંથી મને કાંઈક લાભ થશે. ખોવાણો છે મિથ્યાશ્રદ્ધામાં. પરિપૂર્ણ પ્રભુ. અનંત જ્ઞાન અને દર્શનનો ધરનાર એવો ભગવાન, તેની વિપરીત માન્યતાથી ખોવાઈ ગયો છે ઈ. તો એની વિપરીત માન્યતા ટાળીને સ્વભાવને શોધવો જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે, એનો સ્વભાવ તો પરિપૂર્ણ જાણવું-દેખવું છે. એ મોક્ષ છે. એમ કીધુંને? '**મોક્ષમાં ખરેખર...**' મોક્ષની વ્યાખ્યા કરી. મોક્ષ એટલે કાંઈ લટકવું કે કાંઈ આમ થવું એમ નહિ. મોક્ષ એટલે ભગવાન આત્મા... જેમ લિંડીપીપરમાં ચોસઠ પહોરી તીખા રસ અને લીલો રંગ છે એવો એને પ્રગટપણે શક્તિમાંથી વ્યક્તપણે પૂર્ણ રંગ અને રસ પ્રગટ થાય, રંગ અને રસ પ્રગટ થાય એ પીપરની દશાની પરિપૂર્ણતા છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા, જેમ એનામાં ચોસઠ પહોરો તીખો રસ અને લીલો રંગ પૂરેપૂરો પડ્યો છે, એમ ભગવાન આત્મામાં દેખવું અને જાણવું જેની બેહદ અપરિમિત શક્તિનું સત્ત્વ તેમાં અપરિમિત દશા પડી છે—શક્તિ પડી છે. એની વ્યક્તતા ત્યાં એકાગ્ર થઈને પ્રગટ જ્યાં દશા થઈ ત્યાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની પોતાની પર્યાયનું અનંતુ પરિણમન થઈ ગયું.

એવું જે '**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી...**' કંઈ હવે જાણવું બાકી રહ્યું નહિ. જાણવું-દેખવું બાકી રહ્યું નહિ. પરિપૂર્ણ જાણવું-દેખવું થઈ જાય છે. એનું નામ મોક્ષ. અને ત્યાં અતીન્દ્રિય આનંદ હોય છે. પૂર્ણ જાણવું-દેખવું ત્યાં અતીન્દ્રિય આનંદ છે. ઓછું જાણવું-દેખવું ત્યાં તો દુઃખ છે. વિકલ્પ ઉઠે, આકાંક્ષા ઉઠે છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા '**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી...**' મોક્ષની એક વ્યાખ્યા થઈ આ જાતની, જુઓ! શ્રીમદ્‌માં એમ કહ્યું,

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

પરમાત્માની વાણીમાં નિર્ગ્રંથ, જે રાગમાંથી નીકળી ગયા છે અને અસ્થિરતામાંથી નીકળી ગયા છે. એટલે જેની દૃષ્ટિ પરિપૂર્ણ થઈ ગઈ છે અને સ્થિરતા પરિપૂર્ણ વીતરાગ થઈ ગઈ છે. એવા પરમાત્માની વાણીમાં જે આવ્યું એવી દશા જેને પ્રગટ પૂર્ણ થઈ એ મોક્ષ. શુદ્ધ જેવી શક્તિ જ્ઞાન અને દર્શનની પરિપૂર્ણ છે. એની શક્તિની પૂર્ણતા પૂર્ણનો આશ્રય લઈને પ્રભુ પરિપૂર્ણ છે, પ્રભુ પરિપૂર્ણ અખંડ પ્રતાપથી સ્વતંત્ર શોભાયમાન પરમાત્મા પોતે છે. ઈશ્વરનો અંશ નથી. સમજાય છે કાંઈ? એને એમ છે, કટકો હોઉં કોઈ પૂર્ણ પરમાત્માનો. કટકો એક ભાગ. એક ભાગ નથી ભગવાન! તું પરિપૂર્ણ ભગવાન છો. આહા..!

ભગનો અર્થ થાય છે જ્ઞાન અને આનંદની લક્ષ્મી. ભગનો અર્થ થાય છે જ્ઞાન અને આનંદની લક્ષ્મી. વાન એટલે વાળો, રૂપ. જેનું જ્ઞાન અને આનંદ રૂપ છે એને અહીં ભગવાન

કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું મોંઘુ બહુ. કંઈ કરવાનું હોય તો ... અહીં તો કહે છે, કરવાની જેટલી બુદ્ધિ થાય કર્તૃત્વ એ બધો મિથ્યાત્વભાવ છે. આ પણ કરવાનું તો છે. આ કરવાનું છે જ્ઞાન, દર્શન અને આનંદ. એવી જે દશા પૂર્ણ થઈ, સર્વને જાણવું દેખવું. ઓહોહો..! એ તે એક સમયની દશામાં સેકંડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા સર્વને જાણે-દેખે કેવી પ્રતીતિ, કેવડી પ્રતીતિ, કેવડો આત્મા! દ્રવ્ય-ગુણે તો પરિપૂર્ણ પણ પર્યાયમાં સર્વને જાણે-દેખે એવો જે આત્મા થાય એને '**તેનો અભાવ હોય છે...**' કોનો? પ્રતિબંધ અલ્પ મર્યાદા વિષયની હતી એનો એને અભાવ થઈ જાય છે. અલ્પજ્ઞાનનો અભાવ થઈ સર્વજ્ઞ જ્ઞાન થાય છે. પર્યાયના પણ પ્રકાર પાડ્યા આવા. દ્રવ્યે અને ગુણે પરિપૂર્ણ છે. વસ્તુ ભગવાન આત્મા શક્તિવાન અને શક્તિએ પરિપૂર્ણ છે. શક્તિવાન અને શક્તિ એટલે ગુણ અને શક્તિવાન એટલે દ્રવ્ય. પરિપૂર્ણ છે પણ એની પર્યાયમાં અલ્પજ્ઞતા જે હતી એ પરિપૂર્ણતાનો આશ્રય પરિપૂર્ણ લીધો એટલે પર્યાયમાં પણ જેવી શક્તિ પરિપૂર્ણ છે એવી અવસ્થામાં એક સમયમાં પરિપૂર્ણ થઈ ગયો છે. આવો આત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને, પરને ન જાણે પણ પોતાની પર્યાય એવડી થઈ છે એ અનંત જેટલું દ્રવ્યનું સ્વરૂપ ગુણનું અને લોકાલોકનું એ રીતે જેની દશામાં સર્વ જાણવું-દેખવું પરિણમી ગયું છે. સમજાણું કાંઈ?

આત્મા મોક્ષમાં.. આ મોક્ષની વ્યાખ્યા કરી ભાઈ! આહાહા..! કોઈને વળી મોક્ષમાં વાંધો ઉઠતા હોયને. મોક્ષમાં શું હશે? મોક્ષમાં એટલે શું? ભગવાન! અલ્પ વિષય અને રાગમાં અટકતી હતી દશા એ પૂર્ણ દશા થઈને રાગનો અભાવ અને સર્વજ્ઞશક્તિની વ્યક્તતા પૂર્ણ થઈ ગઈ એનું નામ મોક્ષ. આહાહા..! અરે..! એની એને મોટપ, એની પ્રભુતા એને ભાસતી નથી. પૂર્ણ સ્વભાવની મોટપ અને અધિકાઈ સિવાય ક્યાંય પણ જો એણે મોટપ અને અધિકાઈ માની, સ્વભાવના અનાદરનું મિથ્યાત્વનું મોટું સ્વભાવનું ખૂન છે. મોટી હિંસા છે એમ કહે છે. આહાહા..! આ એને ખ્યાલમાં નથી આવતું. કોઈ જીવ મરે અને આ બચાવ્યું ને આ કર્યું. ધૂળેય નથી. બચે જીવ એને કારણે. તારાથી કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ધીમે ધીમે ઓગાળવા જેવી વાત છે. ઝીણી પડે પણ.. અહીં તો કહે છે, ખરેખર મોક્ષમાં પૂર્ણ જાણવું-દેખવું થઈ જાય છે. એથી એને અપૂર્ણ જાણવા-દેખવામાં જે આંકાક્ષા આદિ થતી એ અપૂર્ણ જાણવું-દેખવું રહ્યું નહિ અને રાગ-દ્વેષ પણ રહ્યા નહિ. સમજાણું કાંઈ? કહે છે, '**સર્વને જાણતો અને દેખતો હોવાથી...**' એમ. આ કારણે. કારણ આપ્યું. '**સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે.**' તેનો એટલે? વિષયની પ્રતિબંધતા એ જે પ્રતિકૂળતા એનો ત્યાં અભાવ હોય છે. એ ભગવાન આત્મા... આ તો વસ્તુ સિદ્ધ થઈ ગયેલી છે. સર્વજ્ઞથી સિદ્ધ છે, અનુભવમાં આવી શકે એવી છે. યુક્તિથી સિદ્ધ કરે છે અને આગમથી તે બતાવે છે.

કહે છે, સર્વને જાણવું-દેખવું મોક્ષમાં, એથી ઓછું જાણવા-દેખવાનો ત્યાં અભાવ થઈ ગયો. રૂકાવટ જે વિષયમાં હતી એ સર્વ જાણવું-દેખવું થઈ ગયું. ત્યાં રૂકાવટનો અભાવ થઈ ગયો. '(**મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય છે**).' આ તો ખુલાસો કર્યો છે કૌંસમાં. '**તેથી તેનો અભાવ જેનું કારણ છે...**' છેને એકડો? કોનું કારણ? સુખની વ્યાખ્યા છે. 'પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.' પારમાર્થિક સુખનું કારણ. પરમાનંદ મૂર્તિ પ્રભુ આત્મા, જેવો નિત્યાનંદ પ્રભુ છે એવી દશામાં અતીન્દ્રિય આનંદનું પરિપૂર્ણ પ્રગટ થઈ જવું એના કારણરૂપે વિષયની મર્યાદાનો રૂકાવટ તેનો અભાવ તે કારણ છે. ભાષા ટૂંકી કરી. 'પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.' છેને? નોટમાં છે. તેનો અભાવ થવો. કર્મનો અભાવ થવો એમ કાંઈ નથી લીધું આમાં. ઓલો એમ કહે છેને? તમે એમ લ્યો કે કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીયનો અભાવ થાય તેથી કેવળજ્ઞાનને સર્વ જાણવું-દેખવું થાય એમ લ્યો. તમે કહો છો કે આમ આત્મા પોતાના કેવળજ્ઞાન, દર્શનને પામે ત્યારે એને કારણે કેવળજ્ઞાન, દર્શનને જે આવરણ છે એ એને કારણે એની દશાની યોગ્યતાથી ટળી જાય છે. ટળી જાય છે એટલે જે કર્મરૂપી અવસ્થા હતી એની બીજે સમયે અકર્મ અવસ્થા થાય છે. એ આને કારણે નહિ. અને એમાં કર્મ અવસ્થા હતી માટે રોકાયેલો હતો અને અભાવ થયો અકર્મ (થયું) માટે અહીં જ્ઞાન ખીલ્યું છે એમ નહિ. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ? શું કહ્યું?

'**તેનો અભાવ હોય છે...**' તેનો અભાવ તેનું કારણ. ભાઈ! એમ કીધું. છે? તેનો અભાવ એટલે પારમાર્થિક ભગવાન આનંદસ્વરૂપ વ્યક્ત પ્રગટ દશા થવી તે સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ તેનું કારણ છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનાવરણીય અને કેવળદર્શનાવરણીયનો અભાવ એ આ અતીન્દ્રિય આનંદનું કારણ છે એમ નથી લીધું. અરે..! અર્થ એવા કરે પંડિતો. ભાઈ! એમ ન હોય. તારી સ્વતંત્રતા લૂંટાય છે. અવળામાં પણ તું સ્વતંત્ર છો અને સવળામાં પણ તું સ્વતંત્ર છો. પરને લઈને તારે કાંઈ સંબંધ નથી, પ્રભુ! કર્મ કર્મની પર્યાયપણે પરિણમે, તું તારી પર્યાયપણે પરિણમે એમાં એકબીજાને કાંઈ (નથી). એકબીજામાં તો અભાવ છે. સમજાણું કાંઈ? અહીં આપણે કહે, આપણે તો કર્મને માનનારા છીએ. કર્મ આપણને રોકે અને કર્મ ટળે તો આત્માને લાભ થાય. એમ કોણે કહ્યું? પ્રભુ! એમ માનનારો છે એમ કોણે કહ્યું? અહીં તો આત્મા આનંદ અને જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ છે એને માનનારા છે એમ કહે. અને એવી દશા પ્રગટ કરતો નથી તેથી આનો અભાવ થતો નથી. તેથી પરિપૂર્ણતા એને પ્રગટ થતી નથી. ચંદુભાઈ!

અરે.. ભગવાન! શરીરમાં આબાળગોપાળમાં પ્રભુ બિરાજે છે, હોં બધા. આહાહા..! તું શરીરને ન જો. તને પણ શરીર પણે ન જો, રાગ પણે ન જો, અલ્પજ્ઞતા પણે ન જો. તો બીજાના આત્મામાં પણ એનું શરીર ને રાગ ને અલ્પજ્ઞતા એને ન જો. એ ભગવાન

છે, પરિપૂર્ણ પ્રભુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, મોક્ષમાં તેનો અભાવ એટલે કે જાણવા-દેખવાની મર્યાદા જે રૂકાવટ હતી એનો અભાવ જેનું કારણ છે. જેનું એટલે? '**એવા અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.**' આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિસુખમાં'. ભગવાન આત્મા અનાદિથી દુઃખની દશામાં છે. પરલક્ષી વૃત્તિઓ, બહિરાત્મબુદ્ધિ, અલ્પજ્ઞ, રાગ અને નિમિત્તને પોતાનું માનવું, સર્વજ્ઞસ્વભાવી પોતાને ભૂલી જવું એવી જે દુઃખની દશામાં રખડી રહ્યો, રખડી રહ્યો છે, કોઈ એને શરણ નથી. એમાં શરણભૂત ભગવાન આત્મા પરિપૂર્ણ જ્ઞાન, દર્શનનો કંદ પ્રભુ છે એનું શરણ લેતાં, કહે છે કે જ્યાં પરિપૂર્ણતા પ્રગટ થઈ ગઈ છે, જ્ઞાન અને દર્શન, એમાં રુકાવટના અભાવને કારણે એ અભાવ જેનું કારણ છે '**એવા અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની...**' લ્યો, આ સુખની વ્યાખ્યા કરી. ઈન્દ્રિયમાં સુખ, વિષયમાં સુખ, એ બધું દુઃખ અને ઝેર છે. સમજાણું કાંઈ?

માણસ કહે છેને, ભઈ અમને સ્ત્રીઓમાં પ્રેમ આવે. એટલો એકબીજાનો પ્રેમ આવે તો અંદરમાં આત્માને આનંદ આવે. ભગવાન! શું કહે છે તું આ? સમજાય છે કાંઈ? એકબીજાની અર્પણતા આવે. એકબીજા ભૂલી જાય કે હું અને તું જુદા છીએ એમ ભૂલી જાય. એવા પ્રેમમાં જે આનંદ આવે. અરે.. ભગવાન! એ આનંદ નથી, ભાઈ! એ તો ઝેર, ઝેર, ઝેર છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**તેનો અભાવ જેનું કારણ છે એવા અનાકુળતાલક્ષણ પારમાર્થિક સુખ મોક્ષમાં...**' જુઓ! પરિપૂર્ણ જાણવું-દેખવું હોવાથી ત્યાંથી લીધું છે. તેનો અભાવ એટલે અલ્પજ્ઞ અને મર્યાદિત જ્ઞાનનો અભાવ છે. તેથી તેનો અભાવ જેનું કારણ છે એવું અનાકુળતા લક્ષણવાળું પરમાર્થસુખ એની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે. એ આનંદની અચલિત-ચળે નહિ એવી અનુભવ જ્ઞાન પરમાત્માની દશા હોય છે. મોક્ષદશામાં ચળે નહિ એવી અનુભૂતિ આનંદની પરિપૂર્ણતા હોય છે. જાણવું અને દેખવું પૂર્ણ થઈ ગયું. અને ત્યાં અલ્પજ્ઞાન મર્યાદિત ન રહ્યું. એનો અભાવ થઈ ગયો. એથી પારમાર્થિક અનાકુળ લક્ષણવાળું સુખ એની અનુભૂતિ ત્યાં અચલિત હોય છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ મોક્ષમાં સમય સમયમાં અનંતો હોય છે. લ્યો, આને મોક્ષ કહે, મોક્ષ. આત્મા અને એનો અનુભવ એ તો બે થઈ ગયા. બે છે એમ કહે છે. વસ્તુ ત્રિકાળ અને એની પરિપૂર્ણ શક્તિનો વિકાસ જ્યાં જ્ઞાન, દર્શનનો થયો ત્યાં અતીન્દ્રિય આનંદનો અનુભવ તે ક્ષણે તેને પરિપૂર્ણ થાય છે. અનુભવ પર્યાયનો હોય છે, અનુભવ દ્રવ્ય-ગુણનો હોતો નથી. જુઓ! આ ત્રણ સિદ્ધ કરે છે—દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ વાત સર્વજ્ઞ સિવાય વસ્તુની સ્થિતિની આવી મર્યાદા બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઉપરટપકે લાગે.

પાણી હોય તળાવનું આમ. કાંઠેથી આમ બધે સરખું લાગે. પણ એનું ઊંડું માપ કરવા

જાઓ તો કાંઠાના પાણી અને મધ્યના પાણીમાં મોટા આંતરા (હોય છે). સમજાય છે કાંઈ? એમ પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જેની શક્તિની .. એવા દેવ, એવા દેવની વાણી એમાં એ આવ્યું, પરિપૂર્ણ એનું સ્વરૂપ. એવી વાત બીજે હોઈ શકે નહિ. બીજાની સાથે મેળવવા જાય. અત્યારે સમન્વયનો બહુ છે ધંધો. સમન્વય સમન્વય બધાને સારા લગાડવા. બાપુ! સમન્વય કોની સાથે થાય? ખોટું અને સાચું છે. છેની અપેક્ષાએ સમન્વય ખરો. પણ બેય સાચા છે એ અપેક્ષાએ સમન્વય નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો એક સમયની દશામાં પર્યાય પલટીને અપૂર્ણતા હતી તે પૂર્ણ થઈ ગઈ જ્ઞાન, દર્શનની તેથી તેના મર્યાદિત વિષયના કારણનો અભાવ હોવાથી અનાકુળ લક્ષણ પારમાર્થિક સુખનો તેને અચલિત અનુભવ હોય છે. એને મોક્ષ કહે છે. '**આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે,...**' હવે આમાં આવ્યું મોટું. '**આ પ્રમાણે ભવ્ય જીવ જ...**' પાછું એમ. 'જ' નાખ્યો છે. ભવ્ય એટલે એકલો ભવ્ય એમ નહિ. '**ભાવથી જાણે છે,...**' એમ ભાષા છેને. ભાઈ! એક સમયમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન એવું થવાથી જેને અનંત પારમાર્થિક આનંદની સુખની દશા છે. એને મોક્ષદશા કહીએ. તેવી અનુભૂતિની મોક્ષદશાને ભવ્ય જ ભાવથી જાણે છે. ત્રણ શબ્દ લેશે. સમજાય છે? જાણે છે. '**તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે;...**' સમજાણું કાંઈ? શું કહે છે? ભવ્ય જીવ સમ્યગ્દર્શનની લાયકાતથી જ્યાં પ્રગટ દશા થઈ છે. સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ આત્મા શક્તિએ પ્રગટ પડ્યો છે પરમાત્મા. ચોસઠ પહોરી પીપરની પેઠે.

એમ ચોસઠ નામ રૂપિયે રૂપિયો સોળ આના પરિપૂર્ણ... પીપરનું કદ નાનું અને રંગે કાળી એમ ન જોવું. સમજાય છે કાંઈ? ધોળી ગાયનું દૂધ તો મીઠું હોય અને કાળી ગાયનું પણ મીઠું હોય. દૂધમાં કાંઈ ફેર પડે છે? કે કાળી ગાયના દૂધમાં કાંઈ ફેર અને ધોળી ગાયના દૂધમાં મીઠાશ વધારે. એમ હશે? એમ કાળી પીપર રંગે માટે તેમાં રસની પરિપૂર્ણતા નથી અને રંગે અને રસે પરિપૂર્ણતા નથી એમ છે નહિ. ભલે કાળી હો. સમજાણું કાંઈ? અને કદે નાની હો. કદે નાની છેને? કદ તો આવડું છે. આહા..! એમ કદે નાનો ભગવાન શરીર પ્રમાણે અને પુણ્ય-પાપના કાળા મેલ જેવી દશા ભલે હોય એની, વસ્તુમાં એ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આવા મોક્ષની શ્રદ્ધા કોને હોય છે? કે મિથ્યાત્વથી મુકાય અને સમકિત થાય એને શ્રદ્ધા હોય છે એમ કહે છે. ભાઈ! આહાહા..! જેને અંતર ભગવાન આત્મા પરિપૂર્ણ શક્તિનો પ્રકાશ જેને પરિપૂર્ણ થયો એવું જ્ઞાન, દર્શન અને અનંત આનંદવાળી દશા એની શ્રદ્ધા સમકિતીને હોય છે એમ કહે છે. ભવ્યમાં પણ સમકિતી. ભવ્ય નામ લાયક અને યોગ્ય. જેને આત્મા ભગવાન... ભલે ગૃહસ્થાશ્રમમાં હો, રાજપાટમાં હો. રાજપાટમાં હો એમ કહેવું એમ પણ નથી. સમ્યગ્દષ્ટિ રાજપાટમાં નથી, રાગમાં નથી, અલ્પજ્ઞતામાં નથી. આહાહા..! સમજાણું

કાંઈ? પણ બહારથી સંયોગને દેખીને એમ કહે, આને આ રાજ છે, આને આ બાયડી છે, આને આ છોકરા છે, આને આ છે. બાપુ! એને કાંઈ નથી. ઈ તો પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એમાં રહેલો છે. અલ્પજ્ઞમાં રહેવું એ પણ એની સ્થિતિ નથી. ભગવાન પરિપૂર્ણ ચૈતન્ય આનંદ અને જ્ઞાનનો કંદ છે.

અરે..! એકેન્દ્રિય નિગોદમાંથી નીકળી માંડ માણસ થયો. એમાં વળી આ ઝંઝટ, એવા ઝઘડા. એક તો સંસારની પ્રવૃત્તિ આડે નિવૃત્તિ નહિ. એમાંથી છૂટે તો ધર્મને બહાને કદાગ્રહ અને ઊલટી શ્રદ્ધાઓ. આહા..! અરે.. ભગવાન! શું કરે બાપુ? કાળ ચાલ્યા જાય છે, ભાઈ! એ સમય સમયનો કિંમતી કાળ છે આ.

કહે છે, આવી પૂર્ણ જ્ઞાન અને દર્શનની પ્રગટતા અને તેની સાથે અનંત આનંદનો અનુભવ અચલિત દશા, એવી મોક્ષની શ્રદ્ધા કોને હોય છે? ભવ્ય જીવને હોય છે. ભવ્ય જીવ જ. પણ ભાવથી હોં! ધારણા કરે એમ નહિ. માટે 'ભાવથી' શબ્દ લીધો છે. છે અંદર? છેને? 'અનંત સુખને ભવ્ય જીવ જાણે છે, ઉપાદેયપણે...' જુઓ! જયસેનાચાર્યના ત્રણેય બોલ લીધા. ત્રણ બોલ લીધા છે. 'અનંત સુખને ભવ્ય જીવ જાણે છે,...' એટલે? આત્મા અતીન્દ્રિય આનંદ છે એનો અનુભવ હોય છે સમકિતીને. એટલે આનંદ છે, આ દુઃખ નહિ, વિકલ્પ નહિ. પરિપૂર્ણ પ્રભુ છું એવો એને સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ હોય છે. એથી આત્મા અનંત આનંદમય છે એવું એ જાણે છે, એવું એ 'શ્રદ્ધે છે...' જુઓ! ત્રણ બોલ લ્યે છે. 'જાણે છે, ઉપાદેયપણે શ્રદ્ધે છે...' મારો આત્મા અનંત આનંદની મૂર્તિ કંદ નિત્યાનંદ પ્રભુ છે. એમ આ અંગીકાર કરવાલાયક છે એમ એ શ્રદ્ધે છે. સમકિતી પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર આદિ અને બહારની ક્રિયા મારી છે અને હું કરું છું એવું એને હોતું નથી. સમજાણું કાંઈ? ત્રીજી વાત 'પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.' ભાઈ! ચારિત્ર લીધું પાછું અહીં. ત્રણે લીધું. નીચે નીચે નોટ છેને એમાં.

લાયક પ્રાણી એને કહીએ, જેમાં આનંદ અને જ્ઞાન એવો પરિપૂર્ણ પ્રભુ આત્માનો સ્વભાવ છે એને સ્પર્શ્યો છે દૃષ્ટિએ. એણે આ અતીન્દ્રિય આનંદમય છે એમ જાણ્યું છે. અતીન્દ્રિય આનંદમય અંગીકાર કરવાલાયક આ છે એમ શ્રદ્ધ્યું છે અને એની શક્તિની વ્યક્તતાની ગુણસ્થાનની દશા પ્રમાણે એને આનંદનો ઉપાદેયપણે અનુભવ ચારિત્રમાં આનંદનો અનુભવ પણ હોય છે. કહો, આમાં ભાઈ ચોથાવાળો આવતો હશે કે નહિ? વાંધા ઉઠાવે છેને ઘણા. .. ન લ્યે, પ્રભુ! અત્યારે કકળાટ ન હોય. ભાઈ! આહા..! ભગવાન આત્મા.. હજી એને ચોથે ગુણસ્થાને કેવી દશા હોય એના વાંધા.

અરે.. પ્રભુ! સમ્યગ્દર્શન એટલે શું? અનંત ગુણનો પિંડ આત્મા. શક્તિ એક એક અનંત સામર્થ્યવાળી. એવી અનંત શક્તિનો રસકંદ એ પ્રભુ એના સન્મુખ થઈને પ્રતીત થતાં જેટલા ગુણોની શક્તિની સંખ્યા ગણતરીએ છે એ બધાનો અંશ વ્યક્તપણે પર્યાયમાં પ્રગટ ન થાય

તો તેની દ્રવ્યદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ નથી. સમજાણું કાંઈ? લક્ષમાં તો લ્યે વાતને. ઝંઝટ છોડી દે બધી. દુનિયાના વાદ ને વિવાદ ને ઝઘડા. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.'

ભગવાન આત્મા...! કહે છે કે આવા મોક્ષની પર્યાયની શ્રદ્ધા કોને હોય છે? એમ કહે છે. આહા..! અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાની પ્રતીતિ કરવી. પણ ન્યાં કરવી છેને. સર્વજ્ઞસ્વભાવમાં પ્રતીતિ કરવી છે? સ્વભાવ તો ત્રિકાળ છે. અલ્પજ્ઞમાં સર્વજ્ઞની શ્રદ્ધા, અલ્પજ્ઞમાં પૂર્ણ આનંદની શ્રદ્ધા અને અલ્પજ્ઞમાં સર્વદર્શિની શ્રદ્ધા. એ અલ્પજ્ઞનો ભાવ ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શિ સ્વભાવ તરફ જ્યારે ઢળે છે ત્યારે તેને સર્વજ્ઞ અને સર્વદર્શિ અનંત આનંદમય છે એવી મોક્ષની શ્રદ્ધા ત્યારે એને થાય છે. જેનો એક અંશ સ્વાદમાં આવ્યો છે. બીજ ઉગી છે એ બધું બતાવે છે. ચંદ્રની બીજ છે એ આખાને બતાવે છે, બીજ બીજને બતાવે છે અને આડ કેટલી રહી એને પણ બતાવે છે. એમ ભગવાન આત્મા.. આહાહા..! ભારે વાતું ભાઈ! પણ અમારે આ બધું કરવું. અમારે બાયડી, છોકરા, કુટુંબ, ધંધા કરવા કે આ કરવું? કોનું કરી શકે?

પ્રભુ! આંખની પાંપણ ફેરવી શકતો નથી. આહાહા..! શ્વાસ પણ તારો સગો નથી, એમ નથી કહેતા લોકો? છેલ્લી ઘડીએ કહે છે એ કરતાં પહેલેથી કરને, છેલ્લે કહે છે ઈ કરતાં. આમ શ્વાસ ચાલે. ખ્યાલેય આવી જાય કે નાભિથી શ્વાસે સ્થાન છોડ્યું. આપણે નહોતું આવ્યું? શ્વાસનું ઘર છૂટી ગયું. આ દેહ જ્યારે છૂટી જાય છેને? છેલ્લો કાળ હોય ત્યારે અહીં શ્વાસ ચાલે. એ ક્રિયાની ખબર પડે કે આ શ્વાસ નાભિથી જરી દોરાવાર આઘો હેઠે જાતો નથી. ખ્યાલ આવવા છતાં નહિ મૂકી શક. કારણ કે એ તારી ક્રિયા નથી. શ્વાસ જ્યાં હેઠેથી ઊંચો થયો એક દોરાવાર એને હેઠે મૂકવાની ક્રિયા તારી નહિ, તો કઈ ક્રિયા તારી હવે માનવી છે તારે? આહાહા..! આમ અમે બોલ્યા ને આમ અમે સમજાવ્યું ને આમ અમે કહ્યું. અરે..! ભગવાન! શું તું કહે છો આ? ભાઈ! શ્વાસ તારો સગો નથી એ તો સાધારણ આપણા દેશમાં ચાલે છે. એની વ્યાખ્યા શું? એ શ્વાસની ક્રિયા તારા અધિકારની નથી. તારે કારણે થતી નથી અને તારે કારણે અટકતી નથી અને તારે કારણે અંદર શ્વાસ ઊંચો ચાલતો નથી. આહાહા..! રતિભાઈ! શું હશે ત્યારે આ બધા સંચા ચલાવે છેને? અરે.. ભગવાન! તું જો તો ખરો ભાઈ! ઈ એને લઈને ચાલે છે કે તારે લઈને ચાલે છે? શ્વાસ પણ શ્વાસને લઈને ચાલે છે, તારે લઈને નહિ. અને શ્વાસ હેઠે ગયો અને ઊંચો થયો એ ઊંચો એને કારણે રહ્યો, તારે કારણે હેઠે આવતો નથી. અરે..! આવી ક્રિયા પણ તારા અધિકારની વાત નથી. એને આખી દુનિયાનો માથે ભાર ઉપાડવો છે. ડૉક્ટર! ... હેઠેથી ઊંચો કરો, ખેંચો. કોણ ખેંચે? આહાહા..! અરે.. ભગવાન! રજકણે રજકણ શ્વાસના (સ્વતંત્ર છે). અનંત રજકણનો પિંડ શ્વાસ છે. એ અનંત રજકણની પર્યાય એક એક પરમાણુની એને કારણે થાય,

ઊંચે જાય, હેઠે આવે. ભગવાન આત્માનો અધિકાર એમાં છે નહિ.

એવો ભગવાન શ્વાસથી ભિન્ન, રાગથી ભિન્ન અને અલ્પજ્ઞમાં પૂર્ણ જ્ઞાનની શ્રદ્ધા જેને કરવી છે, મોક્ષની શ્રદ્ધા જેને પરમાત્મા આવા હોય, મારી મોક્ષદશા થાય ત્યારે પણ આવો હું હોઉં એવી એને શ્રદ્ધા કરવી છે એ '**ભાવથી જાણે છે,...**' કહે છે. આત્મા જ્ઞાનાનંદ છે એને રાગના વિકલ્પથી અને શ્વાસની ક્રિયાથી ભિન્ન પાડી અને આત્માને સ્વસંવેદન તરીકે આત્મા પોતે સ્વ નામ પોતાથી સં નામ પ્રત્યક્ષપણે. સ્વ નામ પોતાથી સ્વસંવેદન. જાણવાની વ્યાખ્યા કહી હોં ઈ. '**ભાવથી જાણે છે**' એની વ્યાખ્યા આટલી છે. .. છેને, ભાઈ! ભાવથી એટલે અંતર દશાથી જાણે છે. આત્મા જ્ઞાનથી જ્ઞાનને જાણે છે અંદરમાં. વિકલ્પ ને રાગ ને નિમિત્તથી નહિ. એવો શ્રદ્ધે છે કે આ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એનો સ્વાદ આવ્યો છે તેથી આખો આત્મા અતીન્દ્રિય આનંદ છે, એ સ્વાદના અંશે—નમૂને આખો આત્મા અતીન્દ્રિય છે એમ શ્રદ્ધામાં આવે છે. ભારે ઝીણું આવ્યું પાછું. ભાઈ! આ કરવું પડશે. કરવું પડશે એટલે? શું કરીએ એમ નહિ. વસ્તુની જાત જ આવી છેને પ્રભુ! આહા..! એને પહેલી શ્રદ્ધામાં તો પાકો કરે. આ રીતે અનુભવ થાય ત્યારે તેને આત્મા જાણ્યો અને શ્રદ્ધ્યો કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી...**' અંતર વેદનથી ગુણસ્થાનના પ્રમાણમાં. ગુણસ્થાન એટલે? જેવી આત્માની શક્તિ પરિપૂર્ણ છે એનું ભાન થયું અને પછી પણ શક્તિમાં વિશેષ એકાગ્ર થઈને વિશેષ સ્થિરતા થઈ એવી સ્થિરતાના અંશો ચોથે, પાંચમે, છઠ્ઠી ભૂમિકા દશાઓ છે. પગથિયા જેમ નિસરણી ચડવાના હોય છે, એમ શુદ્ધતાના અંશોની વૃદ્ધિની દશાના પગથિયા છે. કહે છે કે તે તે ગુણસ્થાન એટલે દશાને યોગ્ય ત્યાં ત્યાં તે તે પ્રકારના અતીન્દ્રિય આનંદનો એને અનુભવ હોય છે. આહાહા..! ધર્મ એવો નથી કે ધર્મ અમે કરીએ છીએ પણ અમને આનંદ આવતો નથી. એમ હોય નહિ, ભાઈ! અમને અધર્મ ટળ્યો છે પણ અમને ધર્મ થયો નથી. એમ ન હોય. અમને દુઃખ ટળ્યું છે પણ આનંદ આવતો નથી. એમ ન હોય. દુઃખનો વ્યય, આનંદની ઉત્પત્તિ અને ત્રિકાળી ધ્રુવનું શરણ—આશ્રય એક સમયમાં હોય છે. આહાહા..! ભારે વાતું ભાઈ! ભગવાન ભારે છેને, મોટો છેને કેવડો, જુઓને! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને સોઈમાં લઈ લ્યે એવડો મોટો છે.

સર્વને જાણે, દેખે. બસ, સર્વચક્ષુ. સર્વચક્ષુ ભગવાન આત્મા. એવા પરમાત્માને અચલિત અનંત આનંદ હોય છે. એવી શ્રદ્ધા અને જાણવું કોણ કરે છે? '**ભવ્ય જીવ જ ભાવથી જાણે છે,...**' બહુ નાખ્યું એમાં. અંતર દશા દ્વારા દશાવાનને ઓળખીને જાણે છે, એમ કહે છે. રસ્તો આ છે, ભાઈ! બીજો રસ્તો કોઈ કહેતા હોય તો એ બધા ઘરના સ્વચ્છંદના છે. સમજાણું કાંઈ? કષાયને દુઃખ જાણે. કષાયનું દુઃખ એને લાગતું નથી. કેમ? કે જે આનંદસ્વરૂપ છે એનું માહાત્મ્ય એને દૃષ્ટિમાં આવતું નથી. કોની સાથે મિંઢવે (સરખાવે) કે કષાય દુઃખરૂપ

છે? આત્મા આનંદરૂપ છે? કષાયમાં તો પુણ્ય અને પાપ બેય વિકલ્પોમાં કષાય કહેવાય છે. એવી અગ્નિ ભઠ્ઠી પુણ્ય-પાપની તેની રુચિ છોડી, જેણે ભગવાન શીતળ છાયા, આનંદ કલ્પતરુ વૃક્ષ છે આત્મા, એને અંતર શરણે એમાં આરૂઢ થઈને અંતરમાં આત્માને જાણે છે એ ભવ્ય જ જાણી શકે છે, અભવ્ય જાણી શકતા નથી. અભવ્ય શબ્દે જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી પણ એ અભવ્ય છે. આવે છેને પ્રવચનસારમાં? ભાઈ! ભવિ એને શ્રદ્ધે છે. પ્રવચનસાર. .... હિંમતભાઈએ... ૬૧માં ઈ છે, જુઓ! '**સુખનું કારણ સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે.**' આ પ્રવચનસારની ૬૧ ગાથા. સુખનું કારણ—અતીન્દ્રિય આનંદના સુખનું કારણ '**સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે.**' આ ૬૧મી ગાથા. '**આત્માનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે; (કેવળદશામાં) તેમના (—દર્શનજ્ઞાનના) પ્રતિઘાતનો અભાવ છે,...**' કેવળજ્ઞાનમાં તેમના પ્રતિઘાતનો અભાવ છે. '**કારણ કે દર્શન લોકાલોકમાં વિસ્તૃત હોવાથી...**' દર્શન છે એ લોકાલોકને જાણવાની શક્તિની પ્રગટતા થઈ હોવાથી '**જ્ઞાન પદાર્થોના પારને પામેલું હોવાથી તેઓ (દર્શન-જ્ઞાન) સ્વચ્છંદપણે...**' જુઓ! અહીં સ્વચ્છંદ શબ્દ વાપર્યો છે. સ્વતંત્રતાના અર્થમાં અહીં સ્વચ્છંદપણું વાપર્યું છે. પોતાની દશા પૂર્ણાનંદને આશ્રયે જ્યાં પૂર્ણ જ્ઞાન અને દર્શન થયું, કહે છે કે સ્વચ્છંતાથી, સ્વચ્છંદપણે હવે એટલે '**(—સ્વતંત્રતાથી, અંકુશ વગર, કોઈથી દબાયા વિના) ખીલેલાં છે.**' જેમ કળી ખીલી જાય છે એમ ભગવાન શક્તિરૂપે જ્ઞાન અને દર્શન હતું એ વર્તમાન દશામાં તે કળી જ્ઞાન-દર્શનની ખીલી જાય છે. આહાહા..! એના ગાણા પણ સાંભળ્યા નથી એણે.

'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું ગુણધામા'. એની પર્યાયમાં આવો આત્મા છે એમ ગુણધામનું રટણ કરવું. કહે છે, જેને આવી દશા પ્રગટ છે '**(દર્શનજ્ઞાનરૂપ સ્વભાવના પ્રતિઘાતનો અભાવ છે) તેથી સ્વભાવના પ્રતિઘાતનો અભાવ જેનું કારણ છે...**' આમાં એ આવ્યું, જુઓ! '**એવું સુખ અભેદવિવક્ષામાં...**' અભેદકથનમાં જ્ઞાન છે. જ્ઞાન અને આનંદ બે એક છે એ હિસાબે. કેવળનું સુખ છે. સમજાય છે? ૬૨માં એમ કહ્યું છે. અરે..! '**મોહનીયાદિકર્મજાળવાળાઓને સ્વભાવપ્રતિઘાતને લીધે...**' એ ૬૨માં આવે છે '**અને આકુળપણાને લીધે સુખાભાસ...**' અજ્ઞાનીને સુખાભાસ છે. અમે પૈસાવાળા છીએ, નિરોગી છીએ, અમે ભોગમાં આનંદ લઈએ છીએ. દુઃખ, દુઃખ અને દુઃખ—ઝેર છે. એવા (સુખાભાસને) '**સુખ' કહેવાની અપારમાર્થિક રૂઢિ છે,...**' આ જુઓ! સુખી એમ કહે છે એ તો અપારમાર્થિક-મૂઢની રૂઢિ છે.


મુમુક્ષુ :— ..

ઉત્તર :— મોટી સંખ્યા અનાદિની. નિગોદની મિથ્યાદૃષ્ટિની સંખ્યા મોટી અનાદિની હોય છે. એથી કરીને મોટા થઈ ગયા ઈ? સંખ્યા ઝાઝી માટે મોટા થઈ ગયા? ભાવે મોટા તેને મોટા કહેવામાં આવે છે.

કહે છે, **'કેવળીભગવંતોને, સ્વભાવપ્રતિઘાતના અભાવને લીધે અને અનાકુળપણાને લીધે સુખના યથોક્ત કારણનો અને લક્ષણનો સદ્‌ભાવ હોવાથી,...'** અહીંયા અભાવ કીધો. પૂર્ણ આનંદ પ્રગટ્યો હોવાથી **'પારમાર્થિક સુખ છે—એમ શ્રદ્ધવાયોગ્ય છે. જેમને આવું શ્રદ્ધાન નથી, તેઓ—મોક્ષસુખરૂપી સુધાપાનથી દૂરવર્તી અભવ્યો... '** છે. આહાહા..! ભારે વાત ભાઈ! ભગવાન પરિપૂર્ણ પરમાત્મદશા થાય ત્યારે પરિપૂર્ણ આનંદ છે, પરિપૂર્ણ જ્ઞાન અને દર્શન છે. એવી શ્રદ્ધા સુધાપાનથી, મોક્ષરૂપી સુધાપાન, અમૃતનું પીણું છે ઈ. એનાથી દૂરવર્તી છે **'મૃગતૃષ્ણાના જળસમૂહને જ દેખે (—અનુભવે) છે;...'** મૃગતૃષ્ણાના જળસમૂહને. ખારેલી જમીનમાં સૂર્યના કિરણ પડતા જે દેખાય છે, એમ અજ્ઞાનીઓ શુભ-અશુભભાવમાં સુખી છીએ એમ અજ્ઞાની મૂઢ મૃગતૃષ્ણાના જળમાં જાણે પાણીમાં છીએ એમ માને છે. **'જેઓ તે વચનનો હમણાં જ સ્વીકાર (—શ્રદ્ધા) કરે છે તેઓ—શિવશ્રીનાં (—મોક્ષલક્ષ્મીનાં) ભાજન—આસન્નભવ્યો છે,...'** શિવશ્રી—મોક્ષરૂપી લક્ષ્મી એના ભાજન છે. આસન્નભવ્ય છે. **'જેઓ આગળ ઉપર સ્વીકાર કરશે તેઓ દૂરભવ્યો છે.'** હમણાં સ્વીકાર કરશે તે આસન્નભવ્ય છે. પછી કરશે તે દૂરભવ્ય છે, બિલકુલ નહિ કરે તે અભવ્ય છે.

એ અહીં કહે છે, **'ભવ્ય જીવ જ ભાવથી જાણે છે,...'** જેને પૂર્ણ આનંદની દશા પ્રગટી એવા મોક્ષની શ્રદ્ધા, એનો નમૂનો જેને આત્માના દ્રવ્યને આશ્રયે પ્રગટ્યો છે એ મોક્ષને બરાબર જાણે અને શ્રદ્ધે છે. એ સિવાય અભવીને અંતર્મુખ થયા વિના તે દશાને મોક્ષની શું સ્થિતિ છે એમ જાણતા નથી. **'તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે;...'** આવું જાણનાર મોક્ષમાર્ગને લાયક છે. **'અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધતો નથી, તેથી તે મોક્ષમાર્ગને અયોગ્ય જ છે.'** અભવ્ય એ માનતો નથી. માટે મોક્ષના માર્ગની શ્રદ્ધા સન્મુખ થવાને એ લાયક નથી. જે સ્વભાવ સન્મુખ થઈને માને છે એ મોક્ષમાર્ગને માટે લાયક છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
મુંબઈ